ચોથી શ્રેણી

પુસ્તક–૭૨

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦
ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે,
થી
તા.૧૩મી માર્ચ ૨૦૨૦
ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૭૨ **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૧૧મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૫૦ |
| અધ્યક્ષશ્રીના નિર્ણયો (પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે) | ૧૫૧ | ૧૫૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ–૧૧૬) | ૧૫૩ | ૧૫૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૫૮ | ૧૮૩ |
| અડધા કલાકની ચર્ચા | ૧૮૪ | ૧૮૮ |
| **તા.૧૨ માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૮૯ | ૨૦૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૧ | ૨૮૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ | ૨૮૬ | ૩૦૩ |
| બિનસરકારી વિધેયકો | ૩૦૪ | ૩૨૧ |
| **તા.૧૩મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૨૨ | ૩૩૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૫ | ૪૫૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૫૪ | ૪૮૩ |

ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

## ગુજરાત વિધાનસભા

## બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

## સભાગૃહ બપોરના ૧૨ –૦૦ વાગ્યે મળ્યું.

## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### વડોદરા મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી

*૨૫૦૩૦ **શ્રી જીતેન્દ્ર સુખડિઆ** (સયાજીગંજ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ યુનિવર્સિટી મારફત ડીગ્રીઓ આપવામાં આવે છે? | (૨) ૧. ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>૨. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી. |

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને ઓપન યુનિવર્સિટી દ્વારા કઇ કઇ ડીગ્રીઓ આપવામાં આવે છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા કેદીઓએ તેનો લાભ લીધો છે. મારો બીજો પ્રશ્ન એ છે કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સ્થિતિ હાલક ડોલક થઇ ગઇ છે તો ગૃહ મંત્રીશ્રી મને એ જણાવવા કૃપા કરે કે ગુજરાતમાં શું સ્થિતિ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, મધ્યપ્રદેશમાં કોંગ્રેસના કાંગરા ખરવા મંડયા છે. માનનીય વિરજીભાઇ, શ્રી નીતિનભાઇનું કહેતા હતાને, શ્રી નીતિનભાઇ તો શું અમારો એક નાનો કાર્યકર્તા પણ તમારે ત્યાં આવવા માટે તૈયાર નથી, કારણ કે અમારો નેતા અને અમારી પાર્ટી મજબુત છે. તમે લોકો હવાતિયાં ન મારો, તમારા પગ નીચેથી ધરતી ખસવા મંડી છે. તમારી કોંગ્રેસની બેઠકમાં નેતા બદલવાના જે ધુંમાડા નિકળે છે એ આખું ગામ જાણે છે. તમારા ત્યાં કેટલા ફેન્સીંગ પર બેઠા છે ને એ તો હમણાં સમય પર ખબર પડશે. માનનીય અધ્યક્ષશ્રી, હું ડંકાની ચોટ પર કહું છું કે, શ્રી વિજયભાઇ રૂપાણી અમારા મુખ્યમંત્રીશ્રી છે અને રહેવાના છે, તમારાથી અમારો કોઇ વાળ વાંકો થઇ શકવાનો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે જવાબ આપો. (અંતરાય)તમને બોલવા દઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબની ડીગ્રી આપવામાં આવે છે. એમાં બેચરલ ઓફ પ્રિપેરેટરી પ્રોગ્રામ, સર્ટિફિકેટ ઇન ફુડ એન્ડ ન્યૂટ્રિશિયન, પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઇન ગાંધી એન્ડ થિસિસ, સર્ટિફિકેટ ઇન બેચરલ ઓફ આર્ટસ, સર્ટિફિકેટ ઇન હ્યુમન રાઇટસ, સર્ટિફિકેટ ઇન ટુરિઝમ સ્ટડી, માસ્ટર ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન, પોસ્ટ ગ્રેજયુએટ આમ જુદી જુદી અઢાર પ્રકારની ડીગ્રીઓ આપવામાં આવે છે.

માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રમાણે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનવર્સિટી અને ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની અંદર બે વર્ષમાં કુલ –૬૧૦ વત્તા ડો.બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં ૩૦૧ એમ કુલ ૯૧૧ લોકોએ આ યુનિવર્સિટીની અંદર અભ્યાસ કરવા માટેનો લાભ લીધો છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્નનો જવાબ આવી ગયો છે, છતાંયે યુનિવર્સિટી દ્વારા કેદીઓને ડીગ્રીઓ આપવામાં આવે છે, એ હકીકત સાચી હોય તો કઇ સંસ્થાઓ દ્વારા આ તાલીમ આપવામાં આવે છે અને કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ ડો.બાબા સાહેબ ઓપન યુનિવર્સિટી અને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી આ બે ઓપન યુનિવર્સિટીઓમાં જેમણે પોતે અભ્યાસક્રમની અંદર આગળ વધવું હોય એ લોકો આ અંગેનો લાભ લે છે.

### સુજલામ સુફલામ જળઅભિયાન યોજના

*૨૪૯૯૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) વર્ષ ૨૦૧૮માં ૭૬ તળાવો |

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જળઅભિયાન યોજના હેઠળ, આણંદ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, | વર્ષ ૨૦૧૯માં ૧૭૯ તળાવો |
| (૨) આ તળાવો ઊંડા કરવાની કામગીરીથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૨) ૪૫.૭૫ એમ.સી.એફ.ટી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૩) વર્ષ ૨૦૧૮માં રૂ.૩.૫૦ લાખ<br>વર્ષ ૨૦૧૯માં રૂ.૯૪.૯૮ લાખ |

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હોળી અને ધુડેટીના તહેવાર પત્યા અને માર્ચ મહિનાના એન્ડીંગ તરફ જઇ રહ્યા છીએ અને ઉનાળાની શરૂઆત થઇ ગઇ છે...

અધ્યક્ષશ્રી : અને વિશ્વ મહિલા દિવસ ગયો એ પણ ભેગું બોલોને.

શ્રી મહેશકુમાર ક. રાવલ : છતાં પણ ગુજરાતમાં કયાંય પાણીની અછત હોય તેવું દેખાતું નથી, તેનું મુખ્ય કારણ કેન્દ્ર સરકારની જળ સે નળ યોજનાથી પ્રધાનમંત્રી સાહેબે ખૂબ સારી કામગીરી કરી તેને અભિનંદન. સાથે સાથે ગુજરાત સરકારની ખાસ કરીને શ્રી રૂપાણી સાહેબની જળ સંચય અભિયાન યોજના બદલ રાજય સરકારને પણ અભિનંદન અને આ સૂજલામ સૂફલામ યોજના અંતર્ગત મારે ત્યાં ગુજરાત સરકારના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ પોતે મારા વતનમાં તળાવ ખોદેલું તેના માટે થઇને એમને પણ અભિનંદન, મારો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ યોજના હેઠળ આણંદ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, આ તળાવો ઉંડા કરવાથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો અને તેની પાછળ વર્ષ વાર કેટલો ખર્ચ થયો તે હું જાણવા માગું છું.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં આણંદમાં ૧૮ તળાવ, ઉમરેઠમાં ૧૯ તળાવ, બોરસદમાં ૧૬ તળાવ, આંકલાવમાં ૫ તળાવ, પેટલાદમાં ૯ તળાવ, સોજીત્રામાં ૨ તળાવ, તારાપુરમાં ૪ તળાવ, ખંભાતમાં ૩ તળાવ એમ કુલ મળીને ૭૬ તળાવો ઉંડા ઉતારવાની કામગીરી થઇ છે. વર્ષ ૨૦૧૯માં આણંદમાં ૫૧ તળાવ, ઉમેરઠમાં ૩૬ તળાવ, બોરસદમાં ૧૨ તળાવ, આંકલાવમાં ૧૨ તળાવ, પેટલાદમાં ૩૩ તળાવ, સોજીત્રામાં ૧૪ તળાવ, તારાપુરમાં ૧૧ તળાવ, ખંભાતમાં ૧૦ તળાવ એમ કુલ ૧૭૯ તળાવો ઉંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી. આના કારણે જળ સંગ્રહમાં કેટલો વધારો થયો તે જણાવું તો આણંદમાં ૨૧.૭૦ લાખ ઘન ફૂટ જેટલો સંગ્રહ શક્તિમાં વધારો થયો, ઉમરેઠમાં જે તળાવો ઉંડા કર્યા તેનાથી ૧૭.૯૯ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો, એ જ રીતે બોરસદની અંદર ૧૧.૭૧ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો, એ જ રીતે આંકલાવમાં ૫.૧૫ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો, પેટલાદમાં ૯ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો. સોજીત્રામાં ૩.૩૦ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો, તારાપુરમાં ૨ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો, ખંભાતમાં ૦.૮૦ લાખ ઘન ફૂટનો સંગ્રહ શક્તિમાં વધારો થયો. એ જ રીતે વર્ષ ૨૦૧૯માં આણંદમાં ૧૨૩.૧૫ લાખ ઘન ફૂટ, ઉમરેઠામાં ૩૭.૭૧ લાખ ઘન ફૂટ, બોરસદમાં ૭૦.૯૨ લાખ ઘન ફૂટ, આંકલાવમાં ૧૨૫.૧૬ લાખ ઘનફૂટ, પેટલાદમાં ૨૧.૨૦ લાખ ઘન ફૂટ, સોજીત્રામાં ૨.૩૧ લાખ ઘન ફૂટ, તારાપુરમાં ૧.૧૧ લાખ ઘન ફૂટ અને ખંભાતમાં ૧.૩૧ લાખ ઘન ફૂટ, એમ કરીને કુલ ૩૮૫.૮૭ લાખ ઘન ફૂટ, અને બન્ને વર્ષનો સરવાળો કરીએ તો આણંદમાં ૧૪૪.૮૫ લાખ ઘન ફૂટ, અને ઉમરેઠામાં ૫૫.૭૦ લાખ ઘન ફૂટ, બોરસદમાં ૮૨.૬૩ લાખ ઘન ફૂટ અને આંકલાવમાં ૧૩૩.૩૧ લાખ ઘન ફૂટ, પેટલાદમાં ૩૦.૨૦ લાખ ઘન ફૂટ, સોજીત્રામાં ૫.૬૧ લાખ ઘન ફૂટ, તારાપુરમાં ૩.૧૧ લાખ ઘન ફૂટ, ખંભાતમાં ૨.૧૧ લાખ ઘન ફૂટ. આમ બન્ને વર્ષનો સરવાળો કરીએ તો ૪૫૭.૫૩ લાખ ઘન ફૂટ પાણીનો સંગ્રહ થયો અને તેની પાછળ ૯૮.૪૮ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એ ખાસ પૂછવું છે કે, જે તળાવો આપણે ખોદીએ છીએ એની પાછળ ખર્ચ તો કરીએ, પણ તેની પાછળ જે નાડો આવે છે જે ગ્રીન ઘાસ છે, એનાથી આખું તળાવનું પાણી ગ્રીન થઇ જાય છે. જયારે આ તળાવ ખોદીએ ત્યારે એ ઘાસ જે છે તેને બાળી નાખીએ તો ફરી એનો ઉપદ્રવ ન થાય, અને અમારું મહિ કેનાલનું જે નેટવર્કીંગ છે એમાં આપણે આ જે તળાવો ખોદીએ છીએ તે આ નેટવર્કીંગ સાથે જોડીને એ તળાવો ભરવા માગો છો કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજેન્દ્રસિંહે ખૂબ સુંદર સૂચન કર્યું છે અને આવતા દિવસોમાં જરૂરથી વિચારીશું. આમ તો મોટા ભાગે કાંપ કાઢીને તળાવ ચોખ્ખા કરવાની કામગીરી દર વર્ષે સરકાર કરતી જ હોય છે પણ એમનું સૂચન છે એ ધ્યાનમાં લઇશું.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પેટલાદ અને સોજીત્રા તાલુકામાં તળાવો કોના દ્વારા ખોદવામાં આવ્યા અને એની પાછળ કેટલો ખર્ચ થયો? (શ્રી સી. જે. ચાવડા બેઠા બેઠા ગબ્બરસિંહ આવ્યા એવું બોલતાં)

અધ્યક્ષશ્રી : તમે બધા સાંભળવાના થયા લાગો છો! ના બોલશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપની રજા લઇને કહું છું વારંવાર મને કહે છે. આ લોકો પેલા શિયાળની જેમ ઊંટની જીભ કયારે પડે એની રાહ જોઇ રહ્યા છે. માનનીય અમિતભાઇ, માનનીય ભરતભાઇ, વારંવાર નિવેદનો કરે છે. બધા

કોંગ્રેસવાળા એવું વિચારી રહ્યા છે કે શ્રી નીતિનભાઇને આમ કરીએ તેમ કરીએ અને આવા દિવાસ્વપ્નો જોવાનું બંધ કરે. આ શ્રી નીતિનભાઇ ભાજપમાં જન્મ્યા છે અને ભાજપમાં જ મરવાના છે. કોઇ આવા ખોટા સ્વપ્નો જોશો નહિ. હું તે દિવસે બોલ્યો હતો, હું અધુરું રાખું છું, વિપક્ષનું માન રાખવા ચોખવટ નહોતી કરી. ઉમિયા માતાના પ્રસંગમાં બોલ્યો હતો કે એક બાજુ બધા અને એક બાજુ હું એકલો છું એ વિધાનસભા માટે બોલ્યો હતો. તમારા બધા માટે બોલ્યો છું. તમારે બધાએ હરખાઇ જવાની જરૂર નથી. આખા દેશમાં કોંગ્રેસ તૂટી રહી છે અને કોઇ આમ જાય છે અને કોઇ આમ જાય છે. ભાગમભાગ મચી છે. તમે તમારું ઘર બચાવો એ સળગ્યું છે, તમારું ઘર લૂંટાય છે એ બચાવવાનું કામ કરો, અમારી ચિંતા ન કરશો. આ શ્રી નીતિનભાઇ બધાની ચિંતા કરે છે. શ્રી વિજયભાઇના નેતૃત્વમાં અમારી સરકાર આખા ગુજરાતની ચિંતા કરે છે. તમે અમારી ચિંતામાં આવી ગયા.

**કચ્છ જિલ્લામાં નાના, મોટા, મધ્યમ ડેમ અને ચેકડેમ**

*૨૫૫૯૮ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર નાના, મોટા, મધ્યમ ડેમ અને ચેકડેમ કેટલા બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૫૧ મોટા તથા ૯૯ નાના ચેકડેમો બનાવવામાં આવ્યા. તથા છેલ્લા બે વર્ષમાં મોટા ડેમો, મધ્યમ ડેમો તથા નાના ડેમો બનાવવામાં આવેલ નથી. તાલુકાવાર પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગત પત્રકમાં સામેલ છે. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો, | (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૮માં રૂ.૧૧૪૮.૭૭૮ લાખ તથા વર્ષ ૨૦૧૯માં રૂ.૫૮૯.૮૬૫ લાખ એમ કુલ રૂ.૧૭૩૮.૬૪૩ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા કામ બાકી છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૫૧ મોટા ચેકડેમ તથા ૯૯ નાના ચેકડેમની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તથા ભુજ તાલુકામાં ૩(ત્રણ) મોટા ચેકડેમ, મુન્દ્રા તાલુકામાં ૧ (એક) તથા માંડવી તાલુકામાં ૫(પાંચ) મોટા ચેકડેમના કામ પ્રગતિ હેઠળ છે. |
| (૪) બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રગતિ હેઠળના ૯(નવ) મોટા ચેકડેમના કામો વર્ષ ૨૦૨૦ માં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી એક પણ નવો ચેકડેમ બન્યો નથી. આ વખતે આયોજનમાં લેવામાં આવે. જે ડેમોની પેટા કેનાલો છે એ અત્યાર સુધી રિપેર નથી થઇ એના કારણે ખેડૂતોને પાણીની તકલીફ ચોમાસા અને શિયાળામાં પડી છે તો આ વખતે કેનાલો રિપેર થાય. બીજો પ્રશ્ન એ છે કે જે માટીના ડેમો બનેલા છે એ તૂટી ગયા છે. કોઇ રૂપિયા ૫૦ લાખ કે કરોડ રૂપિયાના છે એ રિપેર થઇ જાય તો નવા ન બનાવવા પડે અને ઓછી રકમમાં થઇ જાય તેમ છે. બીજા સિમેન્ટના ડેમો કરોડો રૂપિયામાં બનાવેલા છે એ કયાંકને કયાંક તૂટી ગયા છે તો એ ઓછા ખર્ચે રિપેર થાય તો પાણીનો સંગ્રહ થઇ શકે તેમ છે. અમારા કચ્છમાં ખૂબ ખનીજ છે એ ખનીજ નીકળતા ત્યાં મોટા ડેમો થઇ ગયા છે એ પૂરવામાં ન આવે. કારણ કે પાંચ કરોડમાં ન થાય તેવા ડેમો થઇ શકે તેમ છે. તો ખાસ મારી વિનંતી છે બે વર્ષથી ડેમો નથી થયા એ આ વખતે થાય અને મેં રજૂઆત કરી છે એનો નિકાલ થાય તેવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પદ્યુમનસિંહજીનો પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. રાજય સરકારે લાખો ચેકડેમો બનાવ્યા છે જે ભૂતકાળમાં હજારોમાં નહોતા બન્યા. પણ સાથે સાથે એ ચેકડેમો પણ આપણી મિલકત છે. જે બાંધકામ થયેલ હોય એ કોઇ વખતે ભારે પૂર આવે કે વધુ વરસાદ આવે એના લીધે નુકસાન થાય એની આજુબાજુના માટી પાળા હોય એ ધોવાય જાય. વચ્ચેનો ચેકડેમ હોય એ પણ જો કદાચ વધુ ભારે વરસાદ આવે તો એને નુકસાન થાય એ સ્વાભાવિક છે અને સાચું છે. એટલા માટે અમે દર વર્ષે સિંચાઇ વિભાગના બજેટમાં અને સુજલામ સુફલામમાં જોગવાઇ કરીએ છીએ. અમારું આખા રાજય માટે આયોજન છે કે એને સમૃદ્ધ બનાવવું એના અંતર્ગત જૂના ચેકડેમોને રિપેરીંગ કરવાનું કામ પણ હાથ ઉપર લઇએ છીએ. બજેટમાં પણ જૂના ચેકડેમો રિપેર કરવાનું કામ અમે લઇએ છીએ. માનનીય પદ્યુમનસિંહજીએ જે પ્રશ્ન પૂછયો છે એ એમના તાલુકા પૂરતી માહિતી આપું તો અબડાસા તાલુકાની વાત કરું. એમણે કહ્યું કે મોટા ચેકડેમ તૂટી ગયા છે એ રિપેર કરવા જરૂરી છે. એમની વાત સાથે સહમત છું. મિલકત હોય એ વપરાય નહિ તો એ યોગ્ય ન કહેવાય, ચેકડેમો પાણી ભરવા માટે બનાવ્યા છે અને થોડું નાનું લીકેજ હોય અને પાણી ના ભરાય તો કરોડ રૂપિયાના ચેકડેમની કોઇ કિંમત રહેતી નથી અને એટલા માટે જ હું એમની સાથે સંમત છું. એટલે જ અબડાસામાં જે ચોવીસ મોટા ચેકડેમ છે, નાના પણ ચેકડેમ છે, એ બધાને આખા કચ્છ જિલ્લાની દૃષ્ટિએ કહીએ તો બધા જ તાલુકાના કુલ એકાવન મોટા ચેકડેમ છે. આ બધાને રિપેર કરવાનું કામ અમે હાથ ધર્યું છે અને ધરવાના છીએ. તમારા ધ્યાન ઉપર પણ જો હજુ કોઇ જગ્યાએ ક્યાંય કસર રહી જતી હોય, જરૂરિયાત બાકી રહી જતી હોય તો ચોક્કસ તમે અમારું ધ્યાન દોરજો. તમારો જે ચેકડેમ તમારા વિસ્તારનો, બધા જ માનનીય સભ્યશ્રીઓને હું કહું છું કે, ચેકડેમોમાં ક્યાંય પણ કોઇ માટી, પાળો બનાવવાનો બાકી હોય, પૂરાણ કરવાની જરૂર હોય,

ચેકડેમ હોય એના કરતાં ઉંચો ઉપાડવાની જરૂર હોય તો અમારું ધ્યાન દોરજો. આપણી મિલકત છે, પ્રજાના પૈસે બનેલી મિલકત છે એને જાળવવાની આપણી બધાની જવાબદારી છે અને જળ સંચય એ અમારી સરકારનું મોટું લક્ષ્ય છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નાનું રણ આવેલું છે ત્યાં રણ સરોવર નામની યોજના આકાર લઇ રહી છે. તો સરકારશ્રી આ બાબતમાં કાંઇ આગળ વધવા માગે છે કે કેમ? અને કોઇ ઇન્વેસ્ટિગેશન થયું છે કે કેમ? ચાલુ વર્ષના બજેટમાં એ માટે કોઇ રકમ ફાળવી છે? અને એનો અભ્યાસ આગળ વધ્યો છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને ગુજરાતના ખૂબ જાણીતા લોક સેવક અને ઉદ્યોગપતિ મોરબીના શ્રી ઓ.આર. પટેલ સાહેબ, કે જેમણે વર્ષ ૧૯૯૮માં જયારે અમે જળ સંચય અભિયાનની શરૂઆત કરી એ પછી શ્રી મોદી સાહેબ વખતે પણ એને ખૂબ મોટો વેગ આપ્યો. એ વખતે ગુજરાતની અનેક સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓએ ચેકડેમોમાં એ વખતે ૬૦-૪૦ અને પછી ૮૦-૨૦ એ પ્રમાણેની યોજના આપણે શરૂ કરેલી. આજે શ્રી ઓ.આર.પટેલ સાહેબ તો આપણી વચ્ચે નથી, સ્વર્ગવાસી થયા છે. પણ હું એમને યાદ કરીને કહું છું કે, એમણે પણ ખૂબ મોટો સહયોગ મોરબી, રાજકોટ અને જામનગર જિલ્લામાં ચેકડેમો બનાવવા માટે એમના ફાઉન્ડેશન તરફથી, એમના ટ્રસ્ટ તરફથી સહયોગ આપેલો. હજ્જારો ચેક ડેમો આપણે બનાવ્યા, એ બધું આપણે કરેલું છે.

હવે આપણે બધા જ જાણીએ છીએ કે, સૂરજબારી પુલ ઉપરથી આપણે કચ્છ જઇએ તો વિશાળ દરિયા જેવું કહેવાય એવું ખારા પાણીનું એક મોટું સરોવર છે. એ છેક કચ્છ સુધી પ્રસરેલું છે. મોરબીથી શરૂ કરીને કચ્છનો હજ્જારો હેકટરનો વિસ્તાર એમાં ડૂબાણ હેઠળ છે. આ જ શ્રી ઓ.આર.પટેલના દિકરા તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય વડાપ્રધાનશ્રીને ડેટા સાથે રજૂઆત કરવામાં આવેલી કે, અહીંયાં જો એક ડેમ બનાવવામાં આવે તો આ ખારા પાણીની જગ્યાએ મીઠું પાણી કચ્છ અને ખાસ કરીને મોરબી જિલ્લો અને માળિયા વગેરે વિસ્તારો માટે ઉપલબ્ધ થાય. એટલે હમણાં જ મુખ્યમંત્રીશ્રીએ સિંચાઇ વિભાગ સાથે એની એક મિટિંગ લીધી, એન.જી.ઓ. સાથે પરામર્શ કર્યો અને અત્યારે એની નીચે કેટલી ખારાશ છે? કારણ કે, સેંકડો વર્ષોથી આ ખારું પાણી ત્યાં ભરેલું છે. દરિયાના ખારા પાણીની ત્યાં ભરતી આવે છે અને પર્યાવરણના પણ પ્રશ્નો છે, અનેક જાતના અલભ્ય પક્ષીઓ પણ ત્યાં છે એનું પણ ધ્યાન રાખવું પડે. આ બધા પાસાઓની ચર્ચા કરી, અભ્યાસ કરી અને સરકારને રિપોર્ટ આપવા માટે એક કમિટિ બનાવવામાં આવી છે. એટલે ખારું પાણી મીઠું થાય અને મીઠાશ જળવાઇ રહે, નીચેની ખારાશ મીઠા પાણીને ખારું ના કરી દે એવું જો વાજબી રીતે થતું હશે, કાયમી રીતે થતું હશે તો પ્રોજેક્ટ સરકાર આગળ વધારશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વર્ષ ૧૯૯૮થી જળ સંચય યોજના ચાલુ થઇ, એના પછી કચ્છના લોકોને પીવાનું પાણી મળી રહે એ માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. સરકાર એવું કહી રહી છે કે, અમે કરી રહ્યા છીએ. તો જે રીતે જવાબમાં એવું લખ્યું છે કે, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ એકાવન મોટા અને ઓગણીસ નાના ચેકડેમો બનેલા છે. સરકારને ખાલી એટલું પૂછવું છે કે, જળ સંચય યોજના વર્ષ ૧૯૯૮માં ચાલુ થયા પછી રાજ્ય સરકાર દ્વારા કચ્છના લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે કોઇ મોટા ડેમ, મધ્યમ ડેમ કે નાના ડેમ બનાવવાની યોજનાનો આમાં કેમ સમાવેશ નથી? બીજું, આમાં છેલ્લા બે વર્ષની અંદર જે ખર્ચ બતાવવામાં આવ્યો છે તેમાં ફક્ત ૯ મોટા ચેકડોમો બનાવવાનું કર્યું છે. નાના ચેકડેમ બનાવવાનું પ્રોવિઝન કરવામાં આવ્યું નથી. તો છેલ્લા બે વર્ષમાં નાના ચેકડેમ કયા કારણોસર બનાવવામાં આવ્યા નથી? સરકારે જળ સંચય યોજના નીચે મોટા ડેમ, નાના ડેમ કે મધ્યમ ડેમ બનાવવાની વિચારણા નથી કરી તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ તો ખૂબ અભ્યાસુ ધારાસભ્ય છે. મને તેમની વિદ્વત્તા પ્રત્યે માન છે. એ પ્રશ્ન તમે જોઇ લો શ્રી શૈલેષભાઇ, પાછલા બે વર્ષમાં કેટલા ચેકડેમ બનાવ્યા એવું માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે. એટલે આ ૫૧ ચેકડેમ બનાવ્યા, ૯૯ નાના ચેકડેમ બનાવ્યા એ ફક્ત બે વર્ષમાં બનાવ્યા છે. વર્ષ ૧૯૯૮થી અમે જે પ્રક્રિયા ચાલુ કરી અને મેં કહ્યું તેમ લાખો ચેકડેમ બનાવ્યા. સાહેબ, સમયની મર્યાદા છે. નહીં તો કેટલા તાલુકાને આપણે ડાર્ક ઝોન જાહેર કરવા પડ્યા હતા. નીચે ફ્લોરાઇડવાળું પાણી મળતું હતું. વીજળીનો વપરાશ વધી ગયેલો હતો. ઉત્તર ગુજરાત સહિત મોટા ભાગના વિસ્તારમાં પાણીના તળ નીચે જતા રહ્યા હતા. એટલે ડાર્ક ઝોન કરવો પડ્યો હતો. નવા ટ્યૂબવેલની મંજૂરી નહોતી મળતી. એવા સમયે અમે આ જળસંચય અભિયાન, સુજલામ-સુફલામ, સૌની યોજના આ બધું શરૂ કર્યું. ધીમે ધીમે પાણી નીચે ઉતરવા માંડ્યું અને તેના કારણે ખારાશ પણ અટકી. પાણીના તળ પણ ઉંચા આવ્યા. ખેડૂતોની ખેતી પણ સારી થઇ. પીવાનું પાણી પણ પ્રમાણમાં મીઠું મળવા માંડ્યું. એમાં કચ્છ પણ આવી ગયું. કચ્છમાં પણ હું અગાઉ વારંવાર ગયેલો છું અને અનેક મોટા ચેકડેમો બનાવેલા છે. તેના ઉદ્‌ઘાટન, ખાતમુહૂર્ત પણ કર્યા છે અને કચ્છના ધારાસભ્યોને પૂછી લો. અત્યારે સેંકડો ચેકડેમથી કચ્છમાં પાણી બચે છે. સંગ્રહ થાય છે. જમીનમાં ઉતરે છે. બીજું, આપ બધા કહો છો, નવી સિંચાઇ યોજનાઓ કેમ બનાવવામાં આવતી નથી, તો તક મળી છે તો ગૃહના ધ્યાન ઉપર હું મૂકવા માગું છું કે હવે ટેકનિકલ રીતે વાયેબલ હોય, ફિઝીબલ હોય એવો મોટો ડેમ બનાવવાની, મધ્યમ સિંચાઇ યોજના બનાવવાની કોઇ પણ જગ્યા ગુજરાતમાં આજે ક્યાંય ઉપલબ્ધ નથી. જે બનાવવા પાત્ર હતી, પહેલાં બની. અમે આવ્યા પછી પણ બની એટલે હવે

નવા મોટા ડેમો બનાવવા, નવા મધ્યમ કક્ષાના એટલે કે ૧૦ હજાર હેક્ટર કરતા વધુ સિંચાઇ આપી શકે એવા ડેમો બનાવવા એવી સાઇટો ફિઝીબલી હવે આપણને ઉપલબ્ધ નથી. એટલે નવા મોટા ડેમો નથી બનતા, મધ્યમ ડેમો નથી બનતા. પણ હજારો નવા ચેકડેમ બનાવીએ છીએ. હજારો તળાવ ઉંડા કરીએ છીએ. કેનાલોના કાંસ સાફ કરીએ છીએ અને મોટા પ્રમાણમાં ભૂગર્ભમાં પાણી ઉતરે એ કામ અમારી સરકાર કરે છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે તેઓ રણ સરોવરની બાબતમાં વિચારણા કરી રહ્યા છે. આ જે રણ સરોવર છે એ કચ્છનું નાનું રણ એ વિસ્તારમાં આવેલું છે અને મોટા ભાગનો વિસ્તાર અમારા વિસ્તારમાં આવે છે. ત્યાં સમગ્ર વિસ્તારની અંદર જે મીઠાના અગરિયાઓ છે એ લોકો આનો પ્રચંડ વિરોધ કરી રહ્યા છે. એ લોકોમાં એનો ખૂબ આક્રોશ છે. સૂરજબારીમાં ચેકડેમ બનાવવામાં આવે અને જે પાણી ભરાય તેનાથી અત્યંત ખારું પાણી ખેતીલાયક જમીનની અંદર નીચેથી પ્રસરી જાય તો બહુ મોટી બરબાદી થાય એટલે તેના માટે કંઇ પણ વિચારણા કરતાં એ વિસ્તારના જે અગરિયાઓ છે તેને જો વિશ્વાસમાં લઇને જો આગળ કાર્યવાહી કરવામાં આવશે તો સારું થશે. અન્યથા ત્યાંનો અમારો આ સળગતો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : આવી ગયું. તમારું સૂચન છે. આમાં કશો જવાબ ન હોઇ શકે. એ પોતે જ જવાબ આપી રહ્યા છે. પ્રશ્ન ક્રમાંક–૪.

**જામનગર જિલ્લામાં સેવા–સેતુ કાર્યક્રમ**

*૨૫૧૩૮ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૩૭ |
| (૨) આ કાર્યક્રમમાં કેટલા તાલુકા આવરી લેવામાં આવ્યા, | (૨) ૬ |
| (૩) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૩) ૫૭ |
| (૪) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૪) ૩૧,૦૮૭ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૫) ૩૧,૦૮૭ |

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સેવાસેતુ કાર્યક્રમ નાના માણસો, ગરીબ માણસો માટે ખૂબ જ ઉપયોગી છે. સરકારની જુદી જુદી ૫૭ જેટલી સેવાઓ લોકોને ઘરઆંગણે મળી રહે, સ્થળ ઉપર જ તેના પ્રશ્નોનો નિકાલ થાય તેના માટે લાગતા વળગતા અધિકારીઓ હાજર રહી અને પ્રશ્નનો નિકાલ કરે છે.

જેનાથી લોકોની શકિત અને સમય બધું બચે છે અને લોકોને ખૂબ ઉપયોગી એવો કાર્યક્રમ દાખલ કરવા માટે રાજયના સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન સીધો છે કે મારા જામનગર અને જોડીયા તાલુકામાં વર્ષ ૨૦૧૯ના કેલેન્ડર વર્ષમાં કેટલા ગામોમાં આ કાર્યક્રમ થયો? એમાં કેટલી અરજીઓ આવી અને કેટલાનો નિકાલ થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇએ કહ્યું એ પ્રમાણે આ સેવાસેતુ કાર્યક્રમ એ અમારી સરકારનો પ્રજાલક્ષી કાર્યક્રમ છે. પ્રજાને નીત નવી નવી જરૂરિયાતો ઉભી થતી હોય છે. આ ગૃહમાં ઘણા એમ કહે છે કે ૨૫ વર્ષથી તમારી સરકાર છે તોય હજી પ્રશ્નો કેમ આવે છે? તો સાહેબ, ગઇ સાલ જન્મ્યો હોય એને જન્મનો દાખલો લેવો હોય તો અમારે સેવા સેતુ કરવો પડે કે ના કરવો પડે? કોઇ બે વર્ષ પહેલાં મૃત્યુ પામ્યું હોય તો મૃત્યુનો દાખલો લેવા આવે તો દાખલો આપવો પડે કે ના આપવો પડે? કોઇ નવું બાળક સ્કૂલમાં દાખલ થતું હોય અને જાતિ અંગેનો દાખલો લેવા આવે તો જાતિનો દાખલો આપવો પડે કે ના આપવો પડે? કોઇ આવકનો દાખલો લેવા આવે શ્રી શૈલેષભાઇ, તો આવકનો દાખલો આપવો પડે કે નહીં? પહેલા આપતા હતા. તમારી સરકારો વખતે તો એક નાનો દાખલો લેવો હોય તો પણ બધાને કંઇકનો કંઇક પ્રસાદ આપવો પડતો હતો. અમે ધારાસભ્ય રહેલા છીએ, કાર્યકર રહેલા છીએ, લોકોના ચંપલના તળીયા ઘસાઇ જતા હતા ત્યારે એક દાખલો મળતો હતો. કેટલુંય ખવડાવવું પીવડાવવું પડે, કેટલીયે વાર ચા–પાણી કરાવે ત્યારે તમારી સરકારમાં દાખલો મળતો હતો. આ તો અમારી ભા.જ.પ.ની સરકાર છે કે લોકોના ઘરે જઇ, અમે મંડપ બાંધી અને લોકોને સામેથી બોલાવીએ, ત્યાં જ અરજી કરાવવાની, ત્યાં જ નિર્ણય કરવાનો અને ત્યાં જ વ્યકિતને બાવન જેટલી સેવાઓ જે અમે ઉપલબ્ધ કરાવીએ છીએ એ સેવાઓના ત્યાંને ત્યાં જ દાખલા આપીએ છીએ. મા વાત્સલ્યનું કાર્ડ, સાહેબ, એમના વખતમાં તો મા પણ નહોતી અને વાત્સલય પણ નહોતું પછી કાર્ડ તો કયાંથી હોય? એટલે તમને આવી બધી કલ્પના ના આવે, અમે તો નવું ઉભું કરીએ છીએ અને નવું આપીએ છીએ એટલે અમારા પ્રત્યે લોકોને બહુ પ્રેમ અને વિશ્વાસ છે એટલે અમારે નવું નવું આપે જવું પડે છે. અમે આધુનિક રીતે કામ કરીએ છીએ. માનનીય રાઘવજીભાઇના વિસ્તાર ધ્રોળમાં ૩૫ કાર્યક્રમો કરવામાં આવ્યા છે અને બધા જ નાગરિકોને જરૂરિયાત પ્રમાણેના જે દસ્તાવેજ જોઇએ, પૂરાવા જોઇએ, રેકર્ડ જોઇએ જે સરકારી સાધનિક સાહિત્ય

જોઇએ એ બધું એ જ દિવસે ત્યાં એના હાથો હાથ આપવામાં આવે છે. કોઇ નાગરિકને જૂની સરકારોની જેમ ધક્કા ખાવા દેતા નથી.

**ગાંધીનગર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

*૨૫૧૫૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૪૯.૯૩ લાખ |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ખાણ ખનિજ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવતા ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ શું છે? ચાલુ વર્ષે આ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે તથા ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ માટે ગ્રાન્ટ ફાળવણીની પદ્ધતિ શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજ વિભાગ, ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ દ્વારા જે વિસ્તારની અંદર ખાણ ખનિજનું ઉત્પાદન થતું હોય ત્યાં કોઇ રોડ રસ્તાના, વીજળીના, કે સ્કૂલના વિષય આવતા હોય ત્યાં ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ ફાળવે છે અને ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ ફાળવવા માટે આ વર્ષે ૨૦૧૯–૨૦માં કુલ રૂપિયા ૧૪ કરોડ ૭૫ લાખની બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રોસેસની વાત કરી એની અંદર જો રોડ રસ્તાના કામ બહુ ખરાબ થઇ ગયા હોય કે કોઇ એવો વિષય હોય તો ત્યાંના જે જીઓલોજીસ્ટ છે એ આ વિસ્તારને આઇડેન્ટીફાઇ કરે છે. આઇડેન્ટીફાઇ કરીને આર. એન્ડ બી.ને મોકલી આપે છે. આર.એન્ડ બી. એના એસ્ટીમેટ કાઢે છે કે આ રોડ રસ્તાને કરવા માટે આ પ્રમાણે આટલો ખર્ચો થશે. પછી એ ડીસ્ટ્રીકટ જીઓલોજીસ્ટ અહીંયા કમિશનર, ગાંધીનગરને મોકલી આપે છે. કમિશનર, ગાંધીનગર, જેટલી દરખાસ્તો આખા ગુજરાતમાંથી આવી હોય એ બધી દરખાસ્તોનો અભ્યાસ કરે છે અને બજેટની જોગવાઇ પ્રમાણે મંજૂરી આપે છે. મંજૂરી મળે પછી આર.એન્ડ બી.ને કામ સોંપવામાં આવે છે અને આર.એન્ડ બી.ની જે પ્રક્રિયા છે એ પ્રમાણે એ કામ હાથમાં લેવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં ગૌણ ખનિજોની કેટલી લીઝો આવેલી છે અને છેલ્લા બે વર્ષમાં તેમાંથી કેટલું ઉત્પાદન થયું તેમજ રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઇ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૫૨ લીઝો આવેલી છે. એમાં વર્ષ ૨૦૧૮માં કુલ ૪૭ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું છે અને વર્ષ ૨૦૧૯માં ૬૩ લાખ મેટ્રિક ટન એટલે કે ઉત્પાદન વધ્યું છે. છેલ્લા બે વર્ષમાં કુલ રૂપિયા ૧૦૨ કરોડની આવક થઇ છે.

**રાજ્યમાં એસીબી દ્વારા અધિકારી/કર્મચારી તેમજ વચેટીયા વિરુધ્ધ ગુનાઓ**

*૨૫૦૪૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં એસીબી દ્વારા વર્ગ–૧, ૨, ૩ અને ૪ ના અધિકારી/કર્મચારી તેમજ વચેટીયા વિરુધ્ધ કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા ? | ૨૫૫ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે ગુજરાતનો વહીવટ પારદર્શક છે અને શ્રી વિજયભાઇની સરકાર જ્યારે ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતની નો ટોલરન્સની નીતિ સાથે જ્યારે અમલ કરવા જઇ રહી છે ત્યારે સરકારની આ અંગેની પ્રતિબદ્ધતા શું છે? જે ૨૫૫ કેસો કર્મચારીઓ અને અધિકારીઓ સામે એ.સી.બી. દ્વારા કરવામાં આવ્યા છે એમાં વચેટિયાઓ કેટલા છે? વચેટિયાઓને આરોપી બનાવવામાં આવે છે કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલની સરકાર પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા એમ ચાર સ્તંભો ઉપર ચાલતી આ સરકાર છે. અમે અમારા રાજ્યપાલશ્રીના પ્રવચનમાં અને બજેટના પ્રવચનમાં પણ નાણામંત્રીશ્રીએ આનો ઉલ્લેખ કર્યો છે. હમણાં ઇન્ડિયા કરપ્શન સરવે ૨૦૧૯માં આખા દેશના તમામ રાજ્યોનો જે સરવે આવ્યો એમાં સૌથી ઓછામાં ઓછો ક્યાંય ભ્રષ્ટાચાર થતો હોય તો એમાં ગુજરાતનો પ્રથમ નંબર છે. આ માત્ર કહેવા ખાતર નથી કરતાં. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વહીવટમાં પણ સરળીકરણ કરીને ભ્રષ્ટાચાર અંકુશમાં લાવવા માટેની પ્રતિબદ્ધતા છે. એન.એ.ની ઓનલાઇન પ્રક્રિયા, બાંધકામમાં નકશા

વગેરેમાં ભ્રષ્ટાચાર રોકવા, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, આર.ટી.ઓ. અને પોલીસની ચેકપોસ્ટ નાબૂદ, આમ, વહીવટમાં પણ આમૂલ પરિવર્તન કરીને ભ્રષ્ટાચારને નાથવાના પ્રયત્નો કર્યા છે. એન્ટી કરપ્શન બ્યૂરોને ૯ ડી.વાય.એસ.પી., ૭૬ પોલીસ ઇન્સ્પેકટર, ૧૮૨ જેટલા કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ આપ્યા. હવે એને ટેકનોલોજીકલ સપોર્ટ આપવો છે. એને લેયર્ડ વોઇસ એનાલિસિસ, સસ્પેકટેડ ડિટેકશન અને ડી.એન.એ. પ્રોફાઇલના માધ્યમથી પણ ગુના ચકાસવામાં આવે છે. રેવન્યૂમાં કરપ્શન થતું હોય, લો માં થતું હોય કે ફાયનાન્સમાં થતું હોય તો કેવી રીતે થાય એના માટે આપણે સબ્જેક્ટના એક્સપર્ટ આપ્યા છે. ૭૦ જેટલા સ્પેશિયલ પી.પી. આપ્યા છે. ૧૨ પેરવી ઓફિસર આપ્યા છે અને કન્વીકશન રેટ, પહેલા સજા થતી ન હતી એમાં પણ વધારો કર્યો છે. કેસોની સંખ્યામાં વધારો કર્યો છે. ૧૦૬૪ નંબર ફોનના માધ્યમથી ઘણા પ્રકારની માહિતી આવે છે અને ડીસપ્રપોસનેટ એસેટના રૂપિયા ૨૭ કરોડના ગુના દાખલ કર્યા છે. આ ઉપરાંત કેટલાક એવું સમજે છે કે વચેટિયા હોય તો એ ગુનેગાર નથી બનતા. આ સરકારે વર્ગ–૧ થી વર્ગ–૪ના આરોપીઓની ધરપકડ કરી છે એમાં ૧૪૪ જેટલા વચેટિયાઓની પણ ધરપકડ કરી છે. સરકારી તિજોરીમાંથી અથવા અધિકારી તરીકે લાભ લઇને કોઇ અધિકારી જો સરકારની તિજોરી લૂંટવા માટેનો પ્રયત્ન કરશે, અરજદારને પૈસા લઇને હેરાન કરવા માટેનો જો પ્રયત્ન કરશે તો એને એ.સી.બી. મારફત જેલમાં પહોંચાડવા માટે આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો અને સરકાર દ્વારા વારંવાર આ ગૃહમાં કહેવામાં આવે છે કે અમે સત્તામાં આવ્યા પછી વચેટિયાઓને સંપૂર્ણપણે નાબૂદ કર્યા છે. આ જવાબમાં માનનીય મંત્રી સ્વીકાર કરે છે કે વચેટિયાઓની ધરપકડ કરવામાં આવી છે. એક બાજુ વચેટિયાઓને નાબૂદ કર્યા છે અને બીજી બાજુ વચેટિયાઓ છે એ સરકાર સ્વીકારે છે.

અધ્યક્ષશ્રી : જે નવા ઊભા થયા એને નાબૂદ કર્યા એમ કહે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ વહીવટીતંત્રની અંદર તમામ ડિપાર્ટમેન્ટની અંદર નીચેથી ઉપર સુધી પૈસા આપ્યા સિવાય કામ થતું નથી આ હકીકત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછે છે. આપણે પણ બોલીએ છીએ તો બોલવા દેવા પડે. શ્રી પુંજાભાઇ બોલો. શાંતિ રાખો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ કેસો છે એ ઓછા છે ત્યારે વ્યાપક પ્રમાણમાં એ.સી.બી. દ્વારા તમારા તંત્રની વ્યવસ્થિત રીતે *(xxx) કરીને તમામ નાની મોટી ઓફિસની અંદર ભ્રષ્ટાચાર થાય છે એ સંપૂર્ણપણે નાબૂદ થાય અને કડક રીતે કાર્યવાહી કરીને ભવિષ્યમાં બીજીવાર ના કરે એ પ્રકારની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇના પ્રશ્નને હું હકારાત્મક રીતે લઉં છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સૌથી વધારે અમારા હોમ ડિપાર્ટમેન્ટના કોઇ એક ભાગને મહત્વ આપ્યું હોય તો એ રાજ્યના એન્ટીકરપ્શન બ્યુરોને આપ્યું છે. તમારા દ્વારા કે અમારા દ્વારા આખા વહીવટી તંત્રમાં કોઇપણ પ્રજાનો એક રૂપિયો ખાતું હોય તો અમે કોઇપણ હિસાબે ચલાવી લેવા માગતા નથી. વર્ષ ૨૦૧૪ની સાપેક્ષમાં અત્યારે રાજ્યની અંદર કેસોના પ્રમાણની અંદર વધારો થયો છે. લગભગ ૪૦૦ જેટલા કેસો થયા છે. કોઇ કર્મચારી કે અધિકારી આના આધાર ઉપર જો પૈસા ભેગા કરે તો એને ડીસપ્રપોસનેટ એસેટ્સના માધ્યમથી આપણે સૌ જાણીએ છીએ કે, જી.એલ.ડી.સી.નો કેસ છે કે અન્ય કેસ છે એ તમામે તમામ કેસોની અંદર અમારી કટિબદ્ધતા છે કે આ ભ્રષ્ટાચારનો રોગ છેક સુધી વ્યાપેલો છે એમાંથી બહાર નીકળવા માટેનો અમારો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ છે. એમાં એમ કોઇ પણ હિસાબે કોઇ સમાધાન કરવા માગતા નથી અને આમાં શ્રી પુંજાભાઇ, અમે હજી છીએ એના કરતા વધારે અસરકારકતાથી કામ કરવાના છીએ.

અધ્યક્ષશ્રી : દંડકશ્રી, આપે હકારાત્મક જોયું એટલે પૂછવા દેવું પડે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત ખાલી એટલું જ પૂછવા માગું છું કે, આખા ગુજરાતમાં સામાન્ય માણસને રેશનકાર્ડ કઢાવવાથી શરૂ કરીને કોઇ પણ સરકારી સેવા વિના મૂલ્યે મળતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી નીતિનભાઇ કહેતા હતા કે ચંપલા ઘસાઇ ગયા. તે દિવસે ચંપલનો વેત હતો અત્યારે બૂટના તળિયા છોલાય જાય તો પણ શ્રી નીતિનભાઇ કામ નથી થતા. આ ૧૪૪ વચેટિયા પકડાણા પણ સાહેબ, બધાય ૨૬ આપણા મિનિસ્ટરોના વિભાગ છે, ૪૩ પ્રભાગ છે, ૧૯૨ બોર્ડ, નિગમ, કોર્પોરેશન બધેય મળતિયાઓનો મેળાવડો છે. મળતિયાઓ માલ ખાય જાય પછી આ વચેટિયાઓ અટવાય જાય એટલે માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે, આ ૧૪૪ વચેટિયા તો પકડાણા પણ મળતિયાઓ જે માલ ખાઇને બારોબાર મજા કરે છે એને જેલમાં પૂરવા માટે સરકારનું કાંઇ આયોજન છે કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ મળતિયા કે વચેટિયા કોઇની દલાલી કરવા માટે આ સરકાર બેઠી નથી એને પકડી પકડીને જેલના હવાલે કરવા માટે આ સરકાર બેઠી છે અને મારે એમને થોડિક વિગતો આપવી છે કે, રાજ્યમાં વર્ષ ૨૦૧૫માં પહેલા એવું હતું કે, એન્ટીકરપ્શનનો ગુના થાય એટલે પછી એને સજા થાય છે કે શું એ નક્કી નહીં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને કન્વીકશન રેટ વર્ષ ૨૦૧૫માં ૨૦ ટકા હતો. આજે વર્ષ ૨૦૨૦ની અંદર એનો કન્વીકશન રેટ ૪૩ ટકા જેટલો છે અને જેણે આ પૈસા પોતાની તિજોરીમાં તથા અન્ય રીતે રોકાણો કરેલા છે એમાં રૂપિયા ૨૭ કરોડ જેટલી અપ્રમાણસર મિલકતના કેસ કર્યા છે અને ક્યાંક ક્યાંક એવું હતું કે, જ્યાં સરકારની યોજનાઓમાં ખોટી રીતે દુરુપયોગ કરવા માટેનું પ્લાનિંગ હતું એમાં પણ રૂપિયા ૭૩ કરોડની અપ્રમાણસર મિલકતો મેળવવામાં રાજ્યનું એન્ટીકરપ્શન બ્યુરો સફળ થયું છે. હું ફરીથી રિપીટ કરું છું કે, પારદર્શકતા અને ભ્રષ્ટાચાર સામેની લડાઇ એ અમે ગુજરાતની સાડા છ કરોડની પ્રજા માટે અવિરતપણે ચાલુ રાખીશું. આગામી દિવસોમાં જેમ માનનીય ધારાસભ્યશ્રી દ્વારા કહેવામાં આવ્યું કે, મેન પાવરમાં પણ વધારો કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ અમે જે હમણાં નવ, સાડા નવ હજાર જેટલી એલ.આર.ડી.ની ભરતી કરી એમાં આ બધા આંદોલન કરતા હતા પણ મુખ્યમંત્રીશ્રીએ અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી ગઇકાલે મોડી રાત્રે નિર્ણય અને એનું પરિણામ જાહેર કર્યું અને સુપર ન્યૂમરીના કારણે ૫૪૭૦ એલ.આર.ડી.ની વધારાની મહિલાઓ એટલે કે ૨૩૭૩ એલ.આર.ડી.ની બહેનોને એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., જનરલ બધી જ બહેનોને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી લેવાનું કામ કર્યું. હવે અમારી સ્ટ્રેન્થની અંદર વધારો થયો છે. મેન પાવરમાં વધારો થયો છે. અમે આ કટિબદ્ધતામાં કોઇ હિસાબે કચાશ રાખવા માગતા નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એન્ટી કરપ્શનના કેસમાં જે અધિકારીઓ/ કર્મચારીઓ પકડાય છે અને ભારત સરકારે એ લોકોના પાસપોર્ટ કબજે લેવા, નવા આપવાના નહીં અને અપાઇ ગયા હોય તો કબજે લેવા એવો કાયદામાં સુધારો થયો છે એનો અમલ ગુજરાતમાં કરવા માગો છો કે કેમ? અને કરવામાં આવ્યો હોય તો કેટલા લોકોના પાસપોર્ટ જપ્ત કર્યા?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર સામેના કાયદા સામેની ઝુંબેશમાં કેન્દ્ર સરકારનો કાયદો અથવા તો પ્રજામાંથી આવેલા હકારાત્મક સૂચનો હશે એ તમામે તમામ વસ્તુનું રાજય સરકાર ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાથવા માટે સંપૂર્ણપણે અમલ કરવા માટે કટિબદ્ધ છે. પાસપોર્ટના સંદર્ભમાં કેન્દ્ર સરકારના કાયદાને આધિન જો આપણે કામ કરી શકતા હોઇશું તો રાજય સરકાર એ કરવા માટે તૈયાર છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે કરપ્શન પકડવા માટે એન્ટીકરપ્શનની ટીમ તો બનાવી છે પણ એન્ટીકરપ્શનની ટીમની અંદર કરપ્ટેડ અધિકારીઓ કયાંક હોય તો એને રોકવા માટેના શું પ્રયત્નો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે અત્યારે એન્ટીકરપ્શન જેમ મેં કહ્યું કે મુખ્યમંત્રીશ્રી દ્વારા અગ્રિમતા કોઇ એક હોમ ડિપાર્ટમેન્ટમાં આપવામાં આવી હોય તો એન્ટીકરપ્શનને આપવામાં આવી છે. અમારા એન્ટીકરપ્શનની અંદર જે પણ પોલીસ ઇન્સ્પેકટરો અથવા ડીવાયએસપીઓ જયારે અમે સિલેકટ કરતા હોઇએ છીએ અથવા રાજયના ડીજીપી દ્વારા જયારે અમને મળે છે તો એની ઇન્ટીગ્રીટી અને બાકીના બધા પાર્ટથી આ સિસ્ટમની અંદર કોઇ આવું ન થાય એની સંપૂર્ણપણે ચિંતા કરવામાં આવે છે. કયાંક કયાંક એ સિસ્ટમની અંદર કચાશ રહી ગઇ હોય અને આવા કોઇ અંદર આવી ગયા હોય તો એને પરત મોકલવા માટે પણ અમે ઓપન માઇન્ડેડલી રાજયના ડીજીપી અને સરકાર કામ કરી રહી છે.

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

*૨૫૬૩૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કાર, બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે, | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને | (૩) |

| **જિલ્લો** | **ધરપકડ કરી** | **ધરપકડ કરવાની બાકી** |
|---|---|---|
| અરવલ્લી | ૨૫ | ૦૨ |
| સાબરકાંઠા | ૯૩ | ૦૨ |

| | |
|---|---|
| (૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) આરોપીના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ કરી ગુનેગારોની કોલ ડીટેઈલની તપાસ કરાવી પકડી પાડવા |

ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

અંગેની કાર્યવાહી ચાલુ છે.

**પત્રક–૧**

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** | **બળાત્કારના પ્રયાસ** | **સામૂહિક બળાત્કારના પ્રયાસ** |
| અરવલ્લી | ૧૬ | ૦૧ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૨૨ | ૦૧ | ૦૦ | ૦૦ |

| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** | **બળાત્કારના પ્રયાસ** | **સામૂહિક બળાત્કારના પ્રયાસ** |
| અરવલ્લી | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૩૧ | ૦૨ | ૦૦ | ૦૦ |

**પત્રક–૨**

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮ | | |
|---|---|---|
| **જિલ્લો** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| અરવલ્લી | ૦૦ | ૧૭ |
| સાબરકાંઠા | ૦૧ | ૧૨ |

| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | | |
|---|---|---|
| **જિલ્લો** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| અરવલ્લી | ૦૦ | ૦૭ |
| સાબરકાંઠા | ૦૦ | ૧૧ |

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અરવલ્લી જિલ્લામાં બળાત્કારના કુલ કેટલા કેસો હતા? એમાં કઇ કઇ કલમો લગાવી? કેટલા કેસો કરવામાં આવ્યા? અને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જે ઇસમો છે એમની ધરપકડ કરવાની છે એ બાકી રહેવાના કારણો કયા? અને કેટલા સમયમાં ધરપકડ કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં મૂળ કલમો ઉપરાંતની ૩૭૬(૧) ૩૭૬(ડી, એ,) ૩૭૬ની આનુષાંગિક કલમો લગાડવામાં આવી છે. એમણે જે બીજો પ્રશ્ન પૂછયો કે કુલ અરવલ્લી અને સાબરકાંઠાના ૧૧૮ આરોપીઓ હતા એમાંથી ૪ આરોપીઓની ધરપકડ બાકી છે. એમાં માલપુર પોલીસ સ્ટેશનમાં એક આરોપી બાકી હતો એ ૩૦ મી તારીખે પકડાઇ ગયો છે. ભિલોડાના પોલીસ સ્ટેશનમાં હતો એ આરોપી એટલા માટે નથી પકડાઇ શકયો કે એ બહેન માનસિક રીતે અસ્થિર હતી જેના કારણે એ કોઇ વર્ણન નથી આપી શકી. તલોદ પોલીસ સ્ટેશનના સંદર્ભમાં હાઇકોર્ટ દ્વારા નો કોરોસીવ એકશન્સનું કહેવામાં આવ્યું છે અને ખેરત પોલીસ સ્ટેશનની અંદર અત્યાર સુધી ન પકડાવાને કારણે કલમ–૭૦ હેઠળ એનું ધરપકડ વોરન્ટ મેળવી અને પ્રક્રિયા કરવાની શરૂ કરી હતી અમે સેશન્સની અંદર પણ અપીલ કરી છે. આમ રાજયની અંદર જયાં પણ આ પ્રમાણેની બળાત્કારની ઘટના થાય તો રાજય સરકાર પૂરી કટિબદ્ધતાથી બળાત્કારના આરોપીઓને પકડે, જેલના હવાલે કરે અને એને કન્વીકશન થાય ત્યાં સુધી અમે આખે. આખી ઘટનાનું ફોલોઅપ કરીએ છીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લાં ૨ વર્ષમાં ભારત સરકારે બળાત્કારના બનાવો રોકવા માટે કાયદામાં શું સુધારા કર્યા છે? અગાઉ સજાની જોગવાઇ શું હતી? સુધારા કર્યા બાદ જોગવાઇ શું છે? બીજો પ્રશ્ન ગાભાઇ પોલીસ સ્ટેશનની હદમાં ઢુંઢર ખાતે બનેલ હિચકારી બનાવમાં શાં પગલાં લેવામાં આવ્યાં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહે કહ્યું કે કાયદામાં શું સુધારા કરવામાં આવ્યા? માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જુલાઇ ૨૦૧૮માં કાયદામાં કડક અને અસરકારકતા ઉભી કરાય તે માટે મૂળ કાયદા હતા એમાં એમેન્ડમેન્ટ કર્યું. એમેન્ડમેન્ટમાં ૩૭૬(૧) બળાત્કારના ગુનાની સજા ૭ વર્ષથી ઓછી નહિ અને આજીવન કેદની હતી એ ૧૦ વર્ષથી ઓછી નહિ અને આજીવન કેદ સુધીની કરી. ૩૭૬(૩) એટલે ૧૬ વર્ષથી ઓછી ઉંમરની બાળકી હોય તો ૨૦ વર્ષથી ઓછી નહિ અને આજીવન કેદની સજા કરી. ૩૭૬ (એ)(બી) એટલે ૧૨ વર્ષથી ઓછી ઉંમરની સગીરા ઉપર બળાત્કારની સજા અગાઉ આ કલમ નહોતી, પરંતુ ૨૦ વર્ષથી ઓછી નહિ અને આજીવન કેદ સુધીની સજા આમાં ફરમાવી છે. ૩૭૬(ડી)(એ) માં ૧૬ વર્ષથી ઓછી ઉંમરની સગીરા ઉપર ગેંગ રેપ હોય તો આજીવન કેદ સુધીની અને ૩૭૬(ડી)(બી) એટલે ૧૨ વર્ષથી ઓછી ઉંમરની સગીરા હોય તો પણ તેને આજીવન કેદની સજા ફરમાવી છે. આમ આજીવન કેદ અને કેટલાકની અંદર ફાંસીની સજા કરી છે. એમ આપણે જોઇએ તો સમગ્ર દેશમાં આ પ્રમાણેની ઘટનાઓ બને છે, એને કાયદાના

માધ્યમથી આવું કરવાવાળા લોકોને ફાંસીના માંચડા સુધી લટકાવવા માટે કાયદામાં સુધારા કર્યા છે. એ આધાર ઉપર કામ કરી રહ્યાં છીએ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન બનાસકાંઠા જિલ્લાનો છે. ૨ તારીખે ૪ વર્ષની નાની કુમળી બાળકી ઉપર સામૂહિક બળાત્કાર થયો છે. મેં મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ બહુ સકારાત્મક રીતે મારી સામે જ અધિકારીઓને સૂચના આપી હતી કે આરોપીઓ તાત્કાલિક પકડાવવા જોઇએ. હજુ આરીપીઓ પકડાયા નથી. મારી એટલી વિનંતી છે કે બાળકી અનાથ છે. રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર રહે છે. તો આપના રાહત ફંડમાંથી સહાય આપો એવી એક ખાસ વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : કાયદા હેઠળ સહાય મળતી હોય છે. કોઇ ન હોય તો એના વાલી નીમવા પડે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુરના એક કેસમાં મુખ્યમંત્રીશ્રીએ ત્યાંના ડી.આઇ.જી., એસ.પી., બધા જ લોકોને સૂચના આપી છે. અમારી રાજ્ય કક્ષાની કમિટિ મોનીટરિંગ કરે છે. એ કરવાવાળા દિશામાં વધારાની ટીમો અને બાકીના પૂરાવા એકત્ર કરી એને પકડવા માટેની કાર્યવાહી ગતિમાં ચાલી રહી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૨ વર્ષના સમયગાળા દરમ્યાન બળાત્કારના દાખલ થયેલ કેટલા કેસોમાં ઝડપથી સજા આપવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ રાજ્ય સરકાર નવા એમેન્ડમેન્ટ એક્ટના આધાર ઉપર જો કોઇ ગુનો કરે તો કન્વિક્ટ કરવા માટે કટિબદ્ધ છીએ. એના માટે સમયસર ચાર્જશીટ થાય.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા નેતા કયારનાય હાથ ઉંચો કરે છે. મેં ઘણા બધાને પૂછવા દીધું. આપે હમણાં હાથ ઉંચો કર્યો. પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે કેસીસ છે એમાં હું સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ પ્રમાણેના બળાત્કારના કિસ્સા થાય તો એ કિસ્સામાં રાજ્યના એડિશનલ ચીફ સેક્રેટરી હોમ, રાજ્યના ડીજીપી, રાજ્યના હોમ સેક્રેટરી આ બધાની એક કમિટિ બનાવવામાં આવી છે. દર ૧૫ દિવસે આ પ્રમાણેની તમામ ઘટનાનો રિવ્યુ કરે છે. જેમાં સમયસર ચાર્જશીટ થઇ છે કે નથી થઇ? ફોરેન્સિક સાયન્સના રિપોર્ટ આવ્યા છે કે નથી આવતા? કશુંક ખૂટે છે કે શું? જેથી કરીને સમયગાળામાં એને કન્વિક્ટ કરી શકાય. અઠવા પોલીસ લાઇનમાં ૧૨ વર્ષની બાળકી ઉપર બળાત્કારનો ગુનો થયો હતો. એમાં ૮ માસની અંદર આરોપીને ગુનો ચલાવડાવીને ૨૦ વર્ષની કેદની સજા અપાવી હતી. ડીંડોલીમાં ૫ વર્ષની બાળકી ઉપર કેસ થયો હતો. એની અંદર એ છેલ્લા શ્વાસ સુધી જીવે ત્યાં સુધીનું કન્વિક્શન કરાવ્યું હતું. લીંબાયતમાં ૩ વર્ષની દીકરી ઉપર બળાત્કાર કર્યો હતો એને ફાંસીની સજા કોર્ટ દ્વારા આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : જવાબમાં આપે આપ્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને ખાલી એટલું પૂછવા માગું છું કે, આ દેશની સંસ્કૃતિએ સ્ત્રીને શક્તિનું રૂપ આપ્યું છે. આ ગરવા ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૨૭૨૩ જેટલી દીકરીઓ ઉપર બળાત્કાર યા તો સામૂહિક બળાત્કારના પ્રયાસ થયા છે. દિ ઉગે ને ગુજરાતમાં દરરોજ ત્રણ–ચાર દીકરી પીંખાય તે આપણા સૌના માટે ખૂબ દર્દનાક બીના છે. આ અરવલ્લી અને સાબરકાંઠાના જે આંકડા સામે આવ્યા છે તેમાં સરકારે સ્વીકાર્યું છે કે, કુલ ૮૦ બનાવો બન્યા છે. આ ૮૦ પૈકી કુલ ૪૮ બનાવ એવા છે કે, જેમાં નાબાલિક દીકરીઓ પીંખાણી છે. કયાંક બે દીકરીના બાપ તરીકે મને પણ ચિંતા થાય છે કે આ ગુજરાતમાં આપણી દીકરી સલામત રહેશે કે કેમ? આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ સાબરકાંઠા અને અરવલ્લીની અંદર કુલ ૮૦ પૈકી કુલ ૪૮ નાબાલિક દીકરીઓ ઉપર બળાત્કાર થયા છે. તો માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે તો તેમનો આભાર માનીશ કે, ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૨૭૨૩ બળાત્કારના બનાવ બન્યા છે તે પૈકી ૧૮ વર્ષ કરતાં નીચી વયની કેટલી દીકરીઓ ઉપર બળાત્કારના બનાવ બન્યા છે?

અધ્યક્ષશ્રી : આખા ગુજરાતનું કયાંથી પૂછી શકાય? ચિંતાનો વિષય બરાબર છે અને તે ચોક્કસ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જે વિષય મૂક્યો છે તેમાં ગુજરાતે ગભરાવવાની કે ચિંતા કરવાની જરૂર એટલા માટે નથી કે આખા દેશના જે બળાત્કારના ગુનાનો ક્રાઇમ રેટ હોય તેમાં ગુજરાતનો ક્રાઇમ રેટ તે માત્ર ૧.૭ ટકા છે અને ભારતનો ક્રાઇમ રેટ ૫.૨ ટકા છે. આખા દેશના કુલ ૩૪ રાજ્યો જોઇએ તો તેમાં આપણો ૩૧મો નંબર આવે છે. રાજ્યમાં બળાત્કારની એકપણ ઘટના બને તે અમે હરગીજ ચલાવી લેવા માગતા નથી. તેના માટે મેં અગાઉ કહ્યું તેમ રાજ્યમાં ઉચ્ચ કક્ષાએ આનું મોનિટરીંગ કરવામાં આવે છે. તેમણે બીજી વાત કરી કે નાબાલિક બાળકીઓ ઉપર બળાત્કાર થાય છે. ૧૬–૧૭ અને ૧૮ વર્ષની દીકરીઓ અને દીકરાઓ પ્રેમ પ્રસંગના કારણે ઘરેથી નીકળી જાય છે અને જયારે તેની ફરિયાદ કરવામાં આવે છે તો તેની અંદર બળાત્કારનો ઉલ્લેખ થાય છે.

અધ્યક્ષશ્રી : આ જ ચિંતાનો વિષય છે. સમાજ માટે આ જ ચિંતાનો વિષય છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હા, એટલા માટે હું માનનીય વિપક્ષના નેતાને કહું છું કે, અમે કોઇપણ પ્રકારનો ગુનો આવે તેને નોંધીએ છીએ, તેની ઉંમર પ્રમાણે નોંધીએ છીએ. પરંતુ તે નાબાલિક જયારે કોઇ દીકરા સાથે

નીકળી જાય છે અને પરત આવે છે ત્યારે તેઓની વચ્ચે લગ્ન થયા હોય કે સમાધાન થઇ ગયું હોય છે. એટલે આ પ્રકારના આંકડા વાસ્તવિક નથી. ગુજરાત બળાત્કારીઓની નગરી નથી. ગુજરાત સંપૂર્ણ રીતે સલામત છે તેની આપને ખાતરી આપું છું.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને આમ તો આ આપણા સૌની ચિંતાનો વિષય છે. કડક કાયદાઓ બનાવ્યા છે તેવું માનનીય મંત્રીશ્રી કહે છે, બોલવામાં પણ માનનીય ગૃહ મંત્રીશ્રી ખૂબ જ કડક છે. ફકત કાયદાઓ કડક બનાવીએ પણ અમલીકરણમાં જો આપણે કયાંકને કયાંક ઢીલાશ રાખીશું તો જરૂર જણાયે આવા માણસો પકડાતા નથી. અમારા જિલ્લામાં ૮૦ બનાવ બન્યા છે તે ખૂબ ચિંતાનો વિષય છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે કેસોમાં આરોપીઓ પકડયા છે તેમાં કેટલા કેસોમાં શિક્ષા થઇ છે? કારણ કે મોટા ભાગના લોકો છૂટી જાય છે. તો આવા શિક્ષા થઇ હોય તેવા કોઇ કેસ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કેસો હાલ કોર્ટની અંદર ચાલી રહ્યા છે. કેટલાક કેસોની અંદર સમાધાન થયેલા છે. કેટલાક કેસોની અંદર હાઇકોર્ટના નો–કોરોસીવ એકશન્સના સંદર્ભમાં આવ્યું છે. મેં કહ્યું તેમ આનું સંપૂર્ણપણે હાઇલેવલે રીવ્યુ કરીએ છીએ. હું ડોકટર જોષીયારાજી આપને ખાતરી આપું છું કે, આ સરકાર દીકરીઓ પ્રત્યે સંવેદનશીલ છે, અમે કોઇપણ લુઝનેશ નહીં ચલાવીએ અને તપાસ કરવાવાળા અધિકારી પણ ઢીલાશ દાખવશે તો તે અધિકારી સામે પગલાં લેવા માટે રાજય સરકારની સંપૂર્ણ તૈયારી છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અરવલ્લી જિલ્લાના મોડાસાની અંદર એક દલિત દીકરી સાથે સામૂહિક બળાત્કારની ઘટના ઘટી હતી તેના તમામ આરોપીઓ પકડાઇ ગયા છે કે નથી પકડાયા અને તે તપાસ હાલ કઇ સ્થિતિએ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મોડાસાના તાલુકાની અંદર એક આ જે ઘટના બની અને એ ઘટનાના સંદર્ભમાં પહેલા દિવસથી જ રાજય સરકાર પૂરેપૂરી સંવેદનશીલતાના આધાર ઉપર કામ કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩જી તારીખે અમને જાણ થઇ અને પછી એ દીકરીનો મૃતદેહ મળ્યો પછી સમયસર જે અપેક્ષા હતી એ પ્રમાણે અમે એફ.આઇ.આર. કરી ત્યાર પછી જે ત્રણ આરોપીઓ હતા એ ત્રણે આરોપીઓની ધરપકડ કરી અને એ ધરપકડ કર્યા પછી એ મૃતદેહનું જે પોસ્ટમોર્ટમ કર્યું એ પાંચ ડોકટરોની પેનલ દ્વારા કર્યું એની વિડીયોગ્રાફી કરી પરંતુ કેટલાક લોકો આ ઘટનાને વિસ્તૃત સ્વરૂપ આપીને સરકારને બદનામ કરવા માટેનો પ્રયત્ન કરતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સામે ચાલીને આ ઘટનામાં કોઇ કચાસ ન રહે એ માટે એસ.આઇ.ટી.ની નિમણૂક કરી અને એસ.આઇ.ટી.ની અંદર ડી.આઇ.જી.(ક્રાઇમ), એસ.પી. અને ડી.વાય.એસ.પી. તથા વધારાના ઓફીસરો મૂકયા એ ઓફીસરોને આખે આખી ઘટનાની તપાસ કરવા માટેનું કામ સોંપ્યું અને આમાં જે કુલ ત્રણ આરોપીઓ હતા એ ત્રણે આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મારો એક પ્રશ્ન છે. સામાન્ય રીતે અધ્યક્ષે નહીં પૂછવું જોઇએ પણ કારણ કે, આ ખૂબ ચિંતાનો વિષય છે અને મને લાગે છે કે આ બે જિલ્લામાં જે ૭૬ કિસ્સા બન્યા એ ૭૬ કિસ્સામાં પ્રેમ પ્રકરણના કિસ્સા કેટલા? ભલે જવાબ અત્યારે ન હોય તો મને રેકર્ડ પર પછી આપજો અને બીજું, ૨૫ વરસની ઉંમરથી નીચેની ઉંમરના આરોપી કેટલા? આ બંને સવાલોનો જવાબ પછી મને આપજો.

**જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એકટ**

*૨૫૬૮૦ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે, | (૧) તા.૦૧–૧૨–૨૦૧૯થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગુનાઓ નોંધાયા, | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એકટ હેઠળ દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં તો કોઇ ઇસમ ઉપર આ કલમનો અમલ કરવામાં આવ્યો નથી પણ ગુજરાતમાં કેટલા વ્યકિતની આ કલમ હેઠળ ધરપકડ થઇ છે? અને આ એકટની વિગતો શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આ એકટ નીચે એનું અમલીકરણ ભલે જામનગરમાં હજુ સુધી ન થયું હોય પરંતુ આ એકટનો ગુનો અમદાવાદમાં દાખલ કર્યો છે અને એ ગુનાની એકટ નીચે એક

અતારાંકિત પ્રશ્નો

વિશાલ ગોસ્વામી સામે કુલ ૫૧ ગુના હતા અને એ ૩૦ સાગારીતોના માધ્યમથી ઉઘરાણીનું નેટવર્ક ચલાવતો હતો આ ઉપરાંત ખૂન, ખૂનની કોશિશ, ધાડ, લૂટ, ચોરી, બળજબરી એવા ૨૯ ગુના કરેલ હતા અને અન્ય રાજયમાં પણ એણે ગુના કરેલ હતા. એમ એના સાત આરોપીઓ સાથે ગુજરાતની અંદર ગુજસીટોકનો કાયદો આવ્યા પછી એ કાયદાનું અમલીકરણ કર્યું છે. એવો એક બીજો ગુનો અમરેલી જિલ્લામાં પરમ દિવસે રાત્રે નોંધ્યો છે. એમ ગુજરાતમાં આ ઘટનાઓ બની છે એ ઘટનાના સંદર્ભમાં કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેમ આ કાયદો બનાવવો પડ્યો? એના સંદર્ભમાં એવું છે કે જ્યારે સ્વ. અટલબિહારી વાજપેયજી જ્યારે દેશના પ્રધાનમંત્રી હતા ત્યારે એમણે દલ સે બડા દેશ હોતા હે અને આતંકવાદીઓની ગોળીઓનો શિકાર ભારતના નાગરિક બને એ કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતા ન હતા. ભારત અને પાકિસ્તાનના યુદ્ધ કરતા વધારે લોકો આતંકવાદીઓની ગોળીઓનો શિકાર બન્યા હતા એટલે એમણે પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર પોટાનો કાયદો બનાવ્યો હતો પરંતુ વર્ષ ૨૦૦૪માં યુ.પી.એ.ની સરકારે શ્રીમતી સોનિયા ગાંધીના ઇશારે આતંકવાદીઓ પ્રત્યે સોફ્ટ ટાર્ગેટ કરીને આ કાયદો રદ કર્યો હતો એના માટે ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૪માં આ કાયદો કર્યો, વર્ષ ૨૦૦૯માં ફરી લાવ્યા, વર્ષ ૨૦૧૫માં ગુજરાત વિધાનસભામાં ફરી આ કાયદો લાવવામાં આવ્યો અને જેવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ કેન્દ્રના ગૃહ મંત્રી બન્યા કે તરત જ આ કાયદાને મંજૂરી આપી. ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કાંઠો છે, ગુજરાત સમૃદ્ધ છે અને કોઇ પણ આતંકવાદી ગુજરાતની ધરતી ઉપર કોઇ નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરતીને ભીંજવવા માગે તો ગુજરાતની સરકાર હરગીઝ ચલાવી લેવા માગતી નથી એટલા માટે અમે આ કાયદો લાવ્યા છીએ અને આ કાયદાનું આગામી દિવસોમાં જો કોઇ આતંકવાદી અથવા કોઇ પણ વ્યક્તિ રાષ્ટ્ર વિરોધી કામ કરશે તો એને પકડી પકડીને જેલના હવાલે કરવાનું કામ આ સરકાર કરશે અને અમે કોઇ પણ સંજોગોમાં ગુનાખોરી ચલાવી લેવાના નથી.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ યોજનાઓ**

૨૭૭૫૫ **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ માટે કઈ યોજનાઓ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) સામેલ *પત્રક–૧ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ દ્વારા જિલ્લાવાર અને તાલુકાવાર કેટલા હેક્ટર સિંચાઈનો લાભ આપવામાં આવ્યો, અને | (૨) સામેલ *પત્રક–૧ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ તાલુકાવાર અને જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) સામેલ *પત્રક–૧ મુજબ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સૌની યોજના પૅકેજ–૧ માં ટેન્ડર રદ કરવા બાબત**

૨૫૭૫૨ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સૌની યોજના પેકેજ–૧ માં પહેલા ટેન્ડર ક્યારે બહાર પડાયું, | (૧) સૌની યોજના લીંક–૨, પેકેજ–૧ નું ટેન્ડર સૌ પ્રથમ વાર જુન–૨૦૧૩ બહાર પડાયુ. |
| (૨) ઉક્ત ટેન્ડર રદ કરી તેના અંદાજમાં કેટલો વધારો કરાયો, | (૨) ઉક્ત ટેન્ડરના અંદાજમાં રૂ. ૭૨.૨૩ કરોડનો વધારો કરાયો. |
| (૩) ઉક્ત વધારો કરાયા બાદ કેટલા ટકા ઉંચા ભાવે ટેન્ડર મંજૂર કરાયા, અને | (૩) આ ટેન્ડર ૧૨.૯૬% ઉંચા ભાવે મંજૂર કરાયુ. |
| (૪) અંદાજમાં વધારો કરવાના શા કારણો છે? | (૪) પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા એસ.ઓ.આર. માં સુધારો થવાથી અંદાજમાં વધારો થયેલ. |

**કચ્છ જિલ્લામાં મરામત કરેલા ચેકડેમો**

૨૫૧૦૭ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કચ્છ જિલ્લામાં કેટલા ચેકડેમો મરામત કરવામાં આવ્યા,

(૨) મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કેટલી જળસંગ્રહ શક્તિ અને લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧૮ (તાલુકાવાર પત્રક સામેલ છે.) ચેકડેમો મરામત કરવામાં આવ્યા.

(૨) મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે કુલ ૩૦૮.૧૧ લાખનો ખર્ચ થયો. (તાલુકાવાર પત્રક સામેલ છે.)

(૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કુલ ૧૧૯.૭૦ એમ.સી.એફ.ટી જળસંગ્રહ શક્તિ અને કુલ ૭૭૪.૦૦ હેક્ટર લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે. (તાલુકાવાર પત્રક સામેલ છે.)

**પત્રક**

| અનું. નં. | જિલ્લો | તાલુકો | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ દરમ્યાન | | | | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ દરમ્યાન | | | | તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ કુલ (તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૯) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | કચ્છ | ભુજ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ |
| ૨ | કચ્છ | ભુજ (PID) | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ |
| ૩ | કચ્છ | અંજાર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | કચ્છ | મુન્દ્રા | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | કચ્છ | અબડાસા | ૨ | ૪.૪૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૩ | ૩૬.૩૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૫ | ૪૦.૮૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | કચ્છ | માંડવી | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | કચ્છ | નખત્રાણા | ૧૪૨ | ૧૫૮.૧૩ | ૭૧.૦૦ | ૪૦૩.૦૦ | ૯ | ૧૪.૫૬ | ૪.૫૦ | ૩૭.૦૦ | ૧૫૧ | ૧૭૨.૬૯ | ૭૫.૫૦ | ૪૪૦.૦૦ |
| ૮ | કચ્છ | લખપત (PID) | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ |
| ૯ | કચ્છ | લખપત (PID) | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ |
| ૧૦ | કચ્છ | ભચાઉ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ |
| ૧૧ | કચ્છ | રાપર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | **કુલઃ** | **૨૦૩** | **૨૫૨.૪૬** | **૧૧૦.૪૫** | **૬૭૭.૦૦** | **૧૫** | **૫૫.૬૫** | **૯.૨૫** | **૯૭.૦૦** | **૨૧૮** | **૩૦૮.૧૧** | **૧૧૯.૭૦** | **૭૭૪.૦૦** |

## દારૂની નવી પરમીટ મેળવવા અને રીન્યૂ માટે અરજી

૨૫૭૩૨ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ દારૂની નવી પરમીટો મેળવવા અને રીન્યૂ માટે અરજી ફી પેટે કેટલી રકમ વસૂલવામાં આવે છે, અને

(૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, તેમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૦-૧૦-૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ GG/85/2018/VDR/10/2017/654/E-1 થી અરજી ફી વસૂલવામાં આવતી નથી.

## દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૦૦૬ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કુલ-૨૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) ૩.૧૬૪.૫૬ લાખ

---------

## કચ્છ જિલ્લામાં મરામત કરેલા ચેકડેમો

૨૫૧૦૮ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કચ્છ જિલ્લામાં કેટલા ચેકડેમો મરામત કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧૮ (તાલુકાવાર પત્રક સામેલ છે.) ચેકડેમો મરામત કરવામાં આવ્યા. |
| (૨) મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને | (૨) મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે કુલ ૩૦૮.૧૧ લાખનો ખર્ચ થયો. (તાલુકાવાર પત્રક સામેલ છે.) |
| (૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કેટલી જળસંગ્રહ શક્તિ અને લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે? | (૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કુલ ૧૧૯.૭૦ એમ.સી.એફ.ટી જળસંગ્રહ શક્તિ અને કુલ ૭૭૪.૦૦ હેક્ટર લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે. (તાલુકાવાર પત્રક સામેલ છે.) |

**પત્રક**

| અનું. નં. | જિલ્લો | તાલુકો | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ દરમ્યાન | | | | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ દરમ્યાન | | | | તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ કુલ (તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૯) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફ્ટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | કચ્છ | ભુજ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ |
| ૨ | કચ્છ | ભુજ (PID) | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ |
| ૩ | કચ્છ | અંજાર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | કચ્છ | મુન્દ્રા | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | કચ્છ | અબડાસા | ૨ | ૪.૪૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૩ | ૩૬.૩૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૫ | ૪૦.૮૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | કચ્છ | માંડવી | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | કચ્છ | નખત્રાણા | ૧૪૨ | ૧૫૮.૧૩ | ૭૧.૦૦ | ૪૦૩.૦૦ | ૯ | ૧૪.૫૬ | ૪.૫૦ | ૩૭.૦૦ | ૧૫૧ | ૧૭૨.૬૯ | ૭૫.૫૦ | ૪૪૦.૦૦ |
| ૮ | કચ્છ | લખપત (PID) | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ |
| ૯ | કચ્છ | લખપત (PID) | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ |
| ૧૦ | કચ્છ | ભચાઉ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ |
| ૧૧ | કચ્છ | રાપર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | **કુલઃ** | **૨૦૩** | **૨૫૨.૪૬** | **૧૧૦.૪૫** | **૬૭૭.૦૦** | **૧૫** | **૫૫.૬૫** | **૯.૨૫** | **૯૭.૦૦** | **૨૧૮** | **૩૦૮.૧૧** | **૧૧૯.૭૦** | **૭૭૪.૦૦** |

---------

## અમૃત યોજના હેઠળ અમદાવાદ શહેરને ફાળવેલ રકમ

૨૫૧૧૫ **શ્રી રાકેશ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરને અમૃત યોજના હેઠળ કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,

(૨) તે માટે કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરને અમૃત યોજના હેઠળ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે. **(રૂ. કરોડમાં)**

| **વર્ષ** | ૨૦૧૮ | ૨૦૧૯ | **કુલ** |
|---|---|---|---|
| ફાળવેલ રકમ | ૯.૪૪ | ૧૪૪.૪૪ | ૧૫૩.૮૮ |

(૨) અમદાવાદ શહેર માટે અમૃત યોજના હેઠળ અલગ અલગ સ્ટેટ એન્યૂલ એક્શન પ્લાન અંતર્ગત નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| **SAAP** | **પ્રોજેક્ટની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨ |
| ૨૦૧૬-૧૭ | ૫ |
| ૨૦૧૭-૨૦ | ૨૦ |
| **કુલ પ્રોજેક્ટની સંખ્યા** | **૨૭** |

(૩) ઉક્ત મંજૂર કરેલ કુલ ૨૭ કામોમાંથી ૧૩ કામો પૂર્ણ થયેલ છે, ૧૩ કામો પ્રગતિ હેઠળ છે; અને ૧ કામ હાલમાં

ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

---------

**સૌની યોજનામાં થયેલ ખર્ચ**

૨૫૭૦૫ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સૌની યોજનામાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧)<br>• વર્ષ ૨૦૧૮ માં રૂ.૩૮૦૭.૮૮૮૭ કરોડનો ખર્ચ<br>• વર્ષ ૨૦૧૯ માં રૂ.૩૩૩૨.૫૦૭૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કયા જળાશયમાં કેટલું પાણી ભરવામાં આવ્યું, અને | (૨) તે અન્વયે વર્ષવાર જળાશયોમાં ભરવામાં આવેલ પાણીનાં જથ્થાની વિગત (એમ.સી.એફ.ટી.માં) નીચે મુજબ છે. |

| ક્રમ | જળાશયનું નામ | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|---|
| ૧ | મચ્છુ–૨ | ૧૨૨ | ૦ |
| ૨ | આજી–૩ | ૦ | ૬૨૮ |
| ૩ | રણજીતસાગર | ૦ | ૨૫૧ |
| ૪ | મચ્છુ–૧ | ૦ | ૧૨૪૫ |
| ૫ | આજી–૧ | ૧૨૮૮ | ૧૬૦૪ |
| ૬ | ન્યારી–૧ | ૦ | ૭૨૭ |
| ૭ | ભાદર–૧ | ૦ | ૯૪૨ |
| ૮ | વેરી | ૦ | ૧૬૩ |
| ૯ | ત્રિવેણી ઠાંગા | ૦ | ૩ |
| ૧૦ | આંકડીયા | ૫૯ | ૧૬૨ |
| ૧૧ | ગોમા | ૧૫ | ૫૦૬ |
| ૧૨ | કાનિયાડ | ૩૯ | ૯૩ |
| ૧૩ | કૃષ્ણસાગર | ૫૮ | ૧૧૫ |
| ૧૪ | ભીમદાડ | ૨૧ | ૨૬૧ |
| ૧૫ | ચાંચકા | ૦ | ૩૨ |
| ૧૬ | વાસલ | ૦ | ૩૮ |
| ૧૭ | સુખભાદર | ૦ | ૧૧૦ |
| ૧૮ | માલપરા | ૦ | ૩ |
| ૧૯ | કાળુભાર | ૦ | ૨૪૩ |
| ૨૦ | રંઘોળા | ૦ | ૫૧૪ |
| ૨૧ | હનોલ | ૦ | ૧૨૫ |
| ૨૨ | રાજાવાળ | ૦ | ૨૦ |
| ૨૩ | ખારો | ૦ | ૧ |
| ૨૪ | શેત્રુંજી | ૦ | ૧૪૯૫ |
| ૨૫ | ચેકડેમ/તળાવો | ૧૫૭૧ | ૧૬૩૫ |
| | **કુલ** | **૩૧૭૩** | **૧૦૯૧૬** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો? | (૩) સૌની યોજનાનો ખર્ચ બજેટના વર્ષ ૨૦૧૮–૧૯ ડીમાન્ડ નં.૬૬, મેજર હેડ ૪૭૦૧–૭૧–૦૫૨–૦૧ હેઠળ ઉધારવામાં આવ્યો. |

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૭૫૫ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી વડોદરા જિલ્લામાં ૧૯૦૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૧૩૩૯.૭૨ કરોડનું મૂડી રોકાણ તથા છોટાઉદેપુર જિલ્લામાં ૩૦ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૩૬.૯૮ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી વડોદરા જિલ્લામાં ૧૪૬૩ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૩૭૭૬.૯૪ કરોડનું મૂડી રોકાણ તથા છોટાઉદેપુર જિલ્લામાં ૧૮ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૭.૨૪ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે?

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં વડોદરા જિલ્લામાં ૧૭૭૦ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૩૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા છોટાઉદેપુર જિલ્લામાં ૧૯ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં વડોદરા જિલ્લામાં ૨૦૧ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૨૬૨ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા છોટાઉદેપુર જિલ્લામાં ૧૨ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૬ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પુર સંરક્ષણ દિવાલના કામો**

૨૫૦૮૧ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પુર સંરક્ષણ દિવાલના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | મંજૂર થયેલ કામો |
|---|---|
| જૂનાગઢ | ૧૬ |
| ગીર સોમનાથ | ૨ |

(૨) કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) હાલ કોઈ કામ પૂર્ણ થયેલ નથી.

(૩) આ કામો હાથ ધરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) હાલ કોઈ ખર્ચ થયેલ નથી.

---------

**પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલનું કામ**

૨૫૬૨૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સુજલામ-સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલનું કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલું કામ બાકી છે,

(૧) આયોજન હેઠળની કુલ ૪૪.૧૭૦ કિ.મી.ની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ઉક્ત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો, અને

(૨) ઉક્ત મૂળ કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૭ પહેલાં પૂર્ણ થયેલ હોઈ છેલ્લા બે વર્ષના ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવાનું આયોજન**

૨૫૧૨૭ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૯–૨૦માં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન છે, | (૧) ૧૧૪ તળાવો |
| (૨) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, તેની પાછળ કેટલો ખર્ચ થયો, | (૨) ૧૧૪ તળાવો ઊંડા કરવામાં આવ્યા રૂ.૨૧૬.૦૮ લાખનો ખર્ચ થયો. |
| (૩) ઉક્ત સ્થિતિએ આયોજન પૈકી કેટલા તળાવો ઊંડા કરવાના બાકી છે, અને | (૩) શૂન્ય |
| (૪) તેની પાછળ કેટલો ખર્ચ થશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી**

૨૫૦૩૨ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ યુનિવર્સિટી મારફત ડીગ્રીઓ આપવામાં આવે છે? | (૨) ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી. |

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં હથિયાર/પરવાના**

૨૫૭૧૯ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હથિયાર પરવાનો ધરાવતા કેટલા વ્યક્તિઓએ સ્વરક્ષણ માટે ફાયરીંગ કર્યું,

(૧)

| જિલ્લા | તા.૦૧–૦૧–૧૮ થી ૩૧–૧૨–૧૯ |
|---|---|
| ભાવનગર | ૨(બે) વ્યક્તિઓએ ફાયરીંગ કરેલ છે. |
| બોટાદ | કોઈ બનાવ બનેલ નથી. |

(૨) તે અન્વયે કેટલા વ્યક્તિઓ ઘાયલ થયા અને કેટલા વ્યક્તિઓનું મૃત્યુ થયું, અને

(૨)

| | |
|---|---|
| ભાવનગર | હવામાં ફાયરીંગ થયેલ હોઈ કોઈ વ્યક્તિ ઘાયલ થયેલ નથી કે મૃત્યુ પામેલ નથી. |
| બોટાદ | શૂન્ય |

(૩) સ્વરક્ષણ માટે આપેલ હથિયારમાંથી ફાયરીંગ કરવા બદલ આવા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩)

| | |
|---|---|
| ભાવનગર | બે ગુન્હાઓમાં ૩ ઈસમોની અટક કરી ગુન્હા રજીસ્ટર કરી નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. |
| બોટાદ | શૂન્ય |

---------

**દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૬૮૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કાર અને બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | | |
|---|---|---|
| જિલ્લા | બળાત્કાર | સામૂહિક બળાત્કારના પ્રયાસ |
| દેવભૂમિ દ્વારકા | ૨૩ | ૦ |
| પોરબંદર | ૧૧ | ૦ |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| **જિલ્લા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર ના પ્રયાસ** |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦ |
| પોરબંદર | ૧૩ | ૦ |

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૨)

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | | |
|---|---|---|
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ૧૫ |
| પોરબંદર | ૦ | ૧૦ |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| દેવભૂમિ દ્વારકા | ૦ | ૦૯ |
| પોરબંદર | ૦ | ૧૦ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧ ઈસમની ધરપકડ કરવાની બાકી છે.

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) બાકી ઈસમની ધરપકડ કરવા સી.આર.પી.સી. ૭૦ મુજબનું વોરંટ મેળવીને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં હજ સમિતિની રચના**

૨૪૮૭૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં હજ સમિતિની રચના થયેલ છે કે કેમ,

(૧) ના, જી

(૨) જો ના, તો તેના કારણો શું છે, અને

(૨) હજ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે, અને

(૩) ઉક્ત હજ સમિતિની રચના ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાથી.

**આણંદ જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન યોજના**

૨૪૯૯૬ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જળઅભિયાન યોજના હેઠળ, આણંદ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૧) વર્ષ ૨૦૧૮માં ૭૬ તળાવો
વર્ષ ૨૦૧૯માં ૧૭૯ તળાવો

(૨) આ તળાવો ઊંડા કરવાની કામગીરીથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને

(૨) ૪૫.૭૫ એમ.સી.એફ.ટી.

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો?

(૩) વર્ષ ૨૦૧૮માં રૂ.૩.૫૦ લાખ
વર્ષ ૨૦૧૯માં રૂ.૯૪.૯૮ લાખ

---------

**ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન યોજના**

૨૪૯૯૨ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જળઅભિયાન યોજના

(૧) વર્ષ ૨૦૧૮માં ૨૭૨ તળાવો
વર્ષ ૨૦૧૯માં ૧૩૧ તળાવો

હેઠળ, ખેડા જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

| | |
|---|---|
| (૨) આ તળાવો ઊંડા કરવાની કામગીરીથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૨) ૭૯.૯૫ એમ.સી.એફ.ટી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૩) વર્ષ ૨૦૧૮માં રૂ.૨૬.૨૭ લાખ<br>વર્ષ ૨૦૧૯માં રૂ.૧૫.૩૬ લાખ |

---------

**અમદાવાદ શહેરમાં સાયન્સ સીટી રોડ પર સરદાર આવાસ યોજના**

૨૫૬૫૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સાયન્સ સીટી રોડ પર સરદાર આવાસ યોજનાના બાવન (૫૨) જેટલા પરિવારોને હાઈકોર્ટના આદેશ બાદ ટીપી ૪૧માં પ્લોટ ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) આ બાબત સબજ્યુડીશ હોઈ ટી.પી.૪૧ માં કોઈ પરિવારને પ્લોટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ પ્લોટનો કબજો કેટલા પરિવારોને ઉક્ત સ્થિતિએ સોંપવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા પરિવારોને કબજો સોંપવાનો બાકી છે અને તે ક્યાં સુધીમાં સોંપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સ્પીનીંગ એકમોમાં મૂડી રોકાણ**

૨૫૦૬૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ અંતર્ગત કેટલાં સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૧ (એક) |
| (૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧,૨૦૯.૭૬ લાખ |
| (૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે? | (૩) ૧,૩૯,૨૦૦ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૨૫૦૨૦ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૦૨ બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૩૮૮.૯૯ લાખ. |

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૬૯૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭ માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી જૂનાગઢ જિલ્લામાં ૨૦૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૫૪૬.૪૨ કરોડનું મૂડી રોકાણ તથા પોરબંદર જિલ્લામાં ૧૬૯ પ્રોજેક્ટ્સ દ્વારા |

| | |
|---|---|
| | રૂ.૫૦૨.૦૨ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી જૂનાગઢ જિલ્લામાં ૨૩૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૮૮.૯૨ કરોડનું મૂડી રોકાણ તથા પોરબંદર જિલ્લામાં ૧૬૩ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૬૧.૦૫ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. |
| (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે? | (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં જૂનાગઢ જિલ્લામાં ૧૮૧ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૦ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા પોરબંદર જિલ્લામાં ૧૪૮ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં જૂનાગઢ જિલ્લામાં ૭૮ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૫૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા પોરબંદર જિલ્લામાં ૧૧૫ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૪૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે |

---------

## આણંદ જિલ્લામાં નવી જીઆઈડીસી

૨૫૭૨૫ **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં નવી જીઆઈડીસી સ્થાપવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળી, | (૧) એકપણ નહીં. |
| (૨) મળેલ દરખાસ્તો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યાં સુધીમાં આણંદ જિલ્લામાં નવી જીઆઈડીસી કાર્યરત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## એસીબી તંત્ર દ્વારા અપ્રમાણસર મિલકતના કેસો

૨૫૦૪૯ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારના એસીબી તંત્ર દ્વારા અપ્રમાણસર મિલકતને લગતા કેટલા કેસો શોધવામાં આવ્યા, અને | (૧) કુલ-૧૮ કેસો |
| (૨) ઉક્ત કેસોને આધારે કેટલી અપ્રમાણસર મિલકત મળી આવેલ છે? | (૨) રૂ. ૨૭,૮૦,૭૮,૩૫૮/- |

---------

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૦૦૪ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં ગાંધીનગર જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૩૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૨૯૧.૪૩ લાખ |

---------

અતારાંકિત પ્રશ્નો

**અમૃત યોજના હેઠળ વડોદરા શહેરને ફાળવેલ રકમ**

૨૫૧૧૮ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરને અમૃત યોજના હેઠળ કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,

(૨) તે માટે કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરને અમૃત યોજના હેઠળ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે. (રૂ. કરોડમાં)

| **વર્ષ** | ૨૦૧૮ | ૨૦૧૯ | **કુલ** |
|---|---|---|---|
| ફાળવેલ રકમ | ૩૯.૧૦ | ૭૬.૮૪ | ૧૧૫.૯૪ |

(૨) વડોદરા શહેર માટે અમૃત યોજના હેઠળ અલગ અલગ સ્ટેટ એન્યૂલ એક્શન પ્લાન અંતર્ગત નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| **SAAP** | **પ્રોજેક્ટની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨ |
| ૨૦૧૬-૧૭ | ૮ |
| ૨૦૧૭-૨૦ | ૯ |
| **કુલ પ્રોજેક્ટની સંખ્યા** | **૧૯** |

(૩) ઉક્ત મંજૂર કરેલ કુલ ૧૯ કામોમાંથી ૧૦ કામો પૂર્ણ થયેલ છે, ૯ કામો પ્રગતિ હેઠળ છે.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત**

૨૫૭૧૫ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને

(૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) જિ.ભાવનગરઃ- કુલ રૂ. ૨૯૮.૯૮ લાખ
જિ. અમરેલીઃ- વસૂલાત બાકી નથી.

(૨) જિ.ભાવનગરઃ- મે. યીસ્ટ આલ્કોહોલ એન્જા લી. ભાવનગર પાસે બાકી લેણી રકમ રેવન્યૂરાહે વસૂલ કરવા મામલતદારશ્રી પાલિતાણા દ્વારા ગામ નમૂના નંબર ૬ હક્ક પત્રકમાં કાચી નોંધ પાડવામાં આવેલ છે.
જિ. અમરેલીઃ- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડાંગ અને વલસાડ જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૭૭૨ **શ્રી મંગળભાઇ ગાવિત** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ખાણ-ખનિજની રોયલ્ટીની આવકમાંથી ડાંગ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કયા

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ ડાંગ અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છેઃ

| **ક્રમ** | **સમયગાળો** | **ડાંગમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** | **વલસાડમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | શૂન્ય | ૧૮૦.૦૦ |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ | શૂન્ય | ૧૦૩.૨૦ |
| | **કુલ** | **શૂન્ય** | **૨૮૩.૨૦** |

(૨) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ

હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

છેલ્લા બે વર્ષમાં કોઈપણ ખર્ચ કરવામાં આવેલ નથી.
વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચની વિગત | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | શિક્ષણ | એમ્બોઝ શૈક્ષણિક ચાર્ટ, અંગ્રેજી કોચીંગ કલાસ, સ્માર્ટ કલાસ | ૧૦૦.૦૦ |
| | | કૌશલ્ય વિકાસ | કડિયાકામની તાલીમ, સિવણકામની તાલીમ, | ૪૦.૦૦ |
| | | મહિલા અને બાળકલ્યાણ | ક્રિડાંગણના સાધનોની સુવધા | ૪૦.૦૦ |
| | | | **કુલ** | **૧૮૦.૦૦** |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | શિક્ષણ | સ્માર્ટ કલાસ, સી.સી.ટી.વી. કેમેરા, અંગ્રેજી કોચીંગ કલાસ, સાયન્સ લેબ, કમ્પાઉન્ડ વોલનું બાંધકામ, આંગણવાડી બાંધકામ | ૮૬.૨૦ |
| | | મહિલા અને બાળકલ્યાણ | ટેકવિન્ડો તાલીમ | ૧૭.૦૦ |
| | | | **કુલ** | **૧૦૩.૨૦** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૨૮૩.૨૦** |

---------

**આણંદ જિલ્લામાં દરિયાના પાણીની વધતી ખારાશ અટકાવવા બાબત**

૨૫૭૨૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં દરિયાના પાણીથી જમીનમાં ખારાશ આગળ વધતી અટકાવવા માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા કામો માટે કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

(૧) કામ અગાઉના વર્ષોમાં પૂર્ણ થયેલ હોવાથી કોઇ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લાના ગામોને સિંચાઇનું પાણી પૂરું પાડવા બાબત**

૨૫૬૦૭ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને સિંચાઇનું પાણી આપવામાં આવે છે,

**જવાબ**

(૧) તાલુકાવાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | સિંચાઇ લાભ મેળવતા ગામો |
|---|---|---|
| ૧ | દાંતીવાડા | ૧૭ |
| ૨ | પાલનપુર | ૫૫ |

| | | |
|---|---|---|
| ૩ | ડીસા | ૧૧૧ |
| ૪ | કાંકરેજ | ૮૪ |
| ૫ | વડગામ | ૪૭ |
| ૬ | ભાભર | ૫૩ |
| ૭ | દિયોદર | ૧૯ |
| ૮ | વાવ | ૭૦ |
| ૯ | સુઇગામ | ૪૪ |
| ૧૦ | થરાદ | ૫૧ |
| ૧૧ | અમીરગઢ | ૩૫ |
| ૧૨ | દાંતા | ૭૮ |
| ૧૩ | લાખણી | ૧૪ |
| ૧૪ | ધાનેરા | ૧૯ |
| | **કુલ** | **૬૯૭** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોને સિંચાઇનું પાણી પૂરું પાડવાનું બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોમાં ક્યાં સુધીમાં સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવશે?

(૨) અને (૩) બાકી રહેતા ગામોમાં ચેકડેમ, આડબંધ, પાતાળકૂવાઓ, કૂવાઓ તળાવો ઉંડા કરી, પાઇપલાઇનોથી તળાવો ભરી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળે છે. તેમજ તાંત્રિક રીતે શક્ય હોય તે સ્થળોએ જરૂરી મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરી, નાણાંકીય જોગવાઇ થયેથી ચેકડેમ, આડબંધ, તળાવો ઉંડા કરી સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

---------

**અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં એફએસઆરયુ પ્રોજેક્ટને મંજૂરી**

૨૫૭૧૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા એફએસઆરયુ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કયા પ્રોજેક્ટ સમય મર્યાદમાં પૂર્ણ થયા, અને

(૩) સમય મર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ ન કરનાર કયા પ્રોજેક્ટ સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં ભાંકોદર ખાતે એક એફએસઆરયુ પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત પ્રોજેક્ટ પૂર્ણ થવાની સમય મર્યાદા હજી બાકી હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં પાઇપલાઇન મારફતે રાંધણગેસ**

૨૫૦૭૭ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં પાઇપલાઇન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં ગેસ પાઇપલાઇન દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સુરત જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તાર)માં ૫,૬૨,૦૦૦ થી વધુ ઘરોમાં પાઇપલાઇન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સુરત જિલ્લામાં ગેસ પાઇપલાઇન દ્વારા સુરત, પલસાણા, માંગરોળ, ઓલપાડ, માંડવી, કામરેજ, ચોર્યાસી, તથા બારડોલી તાલુકાઓને આવરી લીધેલ છે.

---------

**ગાંધીનગર અને સુરત શહેરમાં એફ.એસ.આઇ. વધારાની દરખાસ્તો**

૨૫૩૮૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને સુરત શહેરમાં શહેરવાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો-૧૯૭૬ ની કલમ ૨૯(૧) હેઠળ જુદી જુદી નગર રચના યોજનાઓમાં એફ.એસ.આઇ. વધારી વધુ માળ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી દરખાસ્તો આવી,

**જવાબ**

(૧)

| **શહેર** | **તા.૧-૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** |
|---|---|---|
| ગાંધીનગર | શૂન્ય | શૂન્ય |
| સુરત | શૂન્ય | શૂન્ય |
| **કુલ** | **શૂન્ય** | **શૂન્ય** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કયા શહેરની કેટલી દરખાસ્ત મંજૂર કરવામાં આવી, અને

(૨) શૂન્ય

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો, કેટલા સમયથી કયા કારણોસર પડતર છે?

(૩) શૂન્ય.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૭૭૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી નવસારી અને વલસાડ જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી નવસારી જિલ્લામાં ૧૦૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૭૨.૪૫ કરોડનું મૂડી રોકાણ તથા વલસાડ જિલ્લામાં ૫૨૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૨૩૪.૮૨ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી નવસારી જિલ્લામાં ૧૦૯ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૯.૨૪ કરોડનું મૂડી રોકાણ તથા વલસાડ જિલ્લામાં ૩૦૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૯૧૫.૭૬ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે?

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં નવસારી જિલ્લામાં ૮૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૦ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા વલસાડ જિલ્લામાં ૪૦૫ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૨૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં નવસારી જિલ્લામાં ૨૯ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૮૦ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા વલસાડ જિલ્લામાં ૧૫૦ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૫૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૭૩૭ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી ખેડા અને મહિસાગર જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ખેડા જિલ્લામાં ૨૦૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૪૦૩.૪૫ કરોડનું મૂડી

રોકાણ તથા મહિસાગર જિલ્લામાં ૩૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૯૩.૭૯ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૯ માં મંજૂર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી ખેડા જિલ્લામાં ૧૩૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૭૯.૯૨ કરોડનું મૂડી રોકાણ તથા મહિસાગર જિલ્લામાં ૧૮ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૫.૨૦ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

| | |
|---|---|
| (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે? | (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭ માં ખેડા જિલ્લામાં ૧૭૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૫ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા મહિસાગર જિલ્લામાં ૨૭ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૯ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૯ માં ખેડા જિલ્લામાં ૮૮ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૪૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા મહિસાગર જિલ્લામાં ૨ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૬ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. |

---------

## સીપુ નદીમાંથી પાણી લીફ્ટ કરી લુણી નદીમાં નાખવા બાબત

૨૫૬૧૦ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સીપુ નદીમાંથી પાણી લીફ્ટ કરી લુણી નદીમાં (બાપલાથી ધાનેરા) નાખવા માટેની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) ખૂબ ઓછા વરસાદને કારણે છેલ્લે સીપુ ડેમમાં ૨૦૧૫ અને ૨૦૧૭માં પાણીની આવક થઈ હતી. સદર ડેમના નિર્ધારીત કરેલ કમાન્ડ વિસ્તારમાં પણ પાણી પૂરું પાડી શકાતું ન હોવાથી લુણી નદીમાં લીફ્ટ કરીને પાણી આપી શકાય તેમ નથી. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમરેલી જિલ્લામાં રેતી અને કંકર પેટે વસૂલ કરેલ રોયલ્ટી

૨૭૩૦૧ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૨૦૧૮–૧૯ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી, | (૧) રૂ.૧૦૪.૧૧ લાખ |
| (૨) તે પૈકી કેટલી રકમ ઉક્ત જિલ્લાને ચૂકવવામાં આવી, અને | (૨) રૂ.૧૦૪.૧૧ લાખ |
| (૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૦૦૨ **શ્રી કાંતિભાઇ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં પોલીસ | (૧) કુલ–૨૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |

રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ.૧૬૪.૫૬ લાખ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૨૫૫૯૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગના બિન-રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ-૦૨ બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ.૩૮૮.૯૯ લાખ.

---------

**કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૨૫૦૧૨ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કુલ-૬ બિન-રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) રૂ.૧૮૮.૩૬ લાખ.

---------

**દાહોદ અને વડોદરા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૭૪૩ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કારના પ્રયાસ** |
| દાહોદ | ૪૩ | ૦૦ |
| વડોદરા શહેર | ૨૪ | ૦૦ |
| વડોદરા ગ્રામ્ય | ૨૫ | ૦૦ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કારના પ્રયાસ** |
| દાહોદ | ૩૩ | ૦૦ |
| વડોદરા શહેર | ૫૨ | ૦૦ |
| વડોદરા ગ્રામ્ય | ૩૭ | ૦૧ |

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૨) પત્રક-૨ મુજબ

**પત્રક-૨**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | |
|---|---|
| **જિલ્લા** | **૬ થી ૧૮ વર્ષ** |
| દાહોદ | ૨૧ |

| | |
|---|---|
| વડોદરા શહેર | ૧૩ |
| વડોદરા ગ્રામ્ય | ૨૧ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | |
| **જિલ્લા** | **૬ થી ૧૮ વર્ષ** |
| દાહોદ | ૧૬ |
| વડોદરા શહેર | ૨૭ |
| વડોદરા ગ્રામ્ય | ૩૧ |

(ઉપરોક્ત જિલ્લાઓમાં ૦ થી ૫ વર્ષની એક પણ બાળાનો સમાવેશ થતો નથી)

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| જિલ્લા | ધરપકડ બાકી |
|---|---|
| દાહોદ | ૨૧ |
| વડોદરા શહેર | ૧૩ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ |

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના કોલ ડીટઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૬૯૦ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કાર, બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૧) તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮

| જિલ્લા | બળાત્કાર | સામૂહિક બળાત્કાર |
|---|---|---|
| જૂનાગઢ | ૨૯ | ૦૧ |
| ગીર-સોમનાથ | ૧૫ | ૦૧ |

તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯

| જિલ્લા | બળાત્કાર | સામૂહિક બળાત્કાર |
|---|---|---|
| જૂનાગઢ | ૩૩ | ૦૨ |
| ગીર-સોમનાથ | ૩૩ | ૦૧ |

(ઉક્ત જિલ્લાઓમાં બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસનો એકપણ બનાવ બનેલ નથી.)

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૨)

તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮

| જિલ્લા | ૬ થી ૧૮ વર્ષ |
|---|---|
| જૂનાગઢ | ૧૩ |
| ગીર-સોમનાથ | ૦૮ |

તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯

| જિલ્લા | ૬ થી ૧૮ વર્ષ |
|---|---|
| જૂનાગઢ | ૧૧ |
| ગીર-સોમનાથ | ૨૧ |

(ઉક્ત જિલ્લાઓમાં ૦ થી ૫ વર્ષની બાળાઓનો એકપણ બનાવ બનેલ નથી.)

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| જિલ્લા | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|

| | | |
|---|---|---|
| જૂનાગઢ | ૧૦૦ | ૦૧ |
| ગીર-સોમનાથ | ૬૬ | ૦૪ |

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના કોલ ડીટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરેલ છે.

---------

**નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો**

૨૫૦૯૬ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા નવસારી જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તાર) માં કુલ ૧૯ સીએનજી સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા નવસારી, જલાલપોર, ગણદેવી, ચિખલી તથા ખેરગામ તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જમીન પર ગેરકાયદેસર બાંધકામ**

૨૭૨૯૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ૧૪મી ગુ.વિ.સ.ના ચોથા સત્રમાં તા.૧૭-૭-૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૮૬૯૫ (અગ્રતા-૧૫૧) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મોજે સદરપુર સર્વે નં.૮૫ પૈકીની શરતભંગવાળી જમીન પર ગેરકાયદેસર બાંધકામ ઉભા કરનાર જવાબદારો સામે કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી, બનાસકાંઠા દ્વારા તા.૦૨-૦૫-૨૦૧૮ના પત્રથી નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગરને જણાવેલ તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૦ ની સ્થિતિએ જવાબદારો સામે નિયામકશ્રી, નગરપાલિકા દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) હાલ સદરહુ બાબત સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદ સમક્ષ અર્ધન્યાયિક કાર્યવાહી સંદર્ભે પડતર છે.

---------

**ખેડા જિલ્લાના અંબાવ ગામે બનાવટી નોટો છાપવા બાબતે ધરપકડ**

૨૬૪૪૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના અંબાવ ગામે બંધાય રહેલા સ્વામીનારાયણ મંદિરમાં બનાવટી નોટો છપાતી હોવાની હકીકત સાચી છે,

(૨) જો હા તો, તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે આ સંબંધમાં કેટલી રકમની બનાવટી નોટો કબજે કરી, અને

(૩) આ સંદર્ભમાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે અને શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂપિયાઃ- ૫૦,૦૦,૦૦૦/- ની રકમની કુલ. ૨૫૦૦/- નોટો.

(૩) રાજ્ય પોલીસ દ્વારા પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આગળની તપાસ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (N.I.A) એ તા.૧૮-૧૨-૨૦૧૯થી સંભાળી લીધેલ છે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૬૧૬ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ. પૈકી બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૨૩૪ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૬૪૬.૩૫ કરોડનું મૂડી રોકાણ તથા કચ્છ જિલ્લામાં ૪૫૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૯૫૧૮.૫૪ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૨૨૭ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૨૩.૨૯ કરોડનું મૂડી રોકાણ તથા કચ્છ જિલ્લામાં ૨૯૭ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૩૨૯.૧૧ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. |
| (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે? | (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં બનાસકાંઠા જિલ્લામાં ૨૧૭ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૭ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા કચ્છ જિલ્લામાં ૪૨૩ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯માં બનાસકાંઠા જિલ્લામાં ૨૦૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા કચ્છ જિલ્લામાં ૨૭૨ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૫ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. |

---------

### અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૦૨૬ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણીનગર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં અમદાવાદ શહેરમાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૨૮૮ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂ.૫૮૭૪.૬૪ લાખ. |

---------

### મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો

૨૫૦૦૭ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૦૪ બિન-રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૧૩૯.૫૦ લાખ. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ખનીજ ચોરી

૨૫૬૧૩ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ | (૧) હા, જી. |

તાલુકામાં માટી, રેતી, કપચી, માર્બલ, પથ્થર વગેરેની ખનીજ ચોરી થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા કિસ્સાઓ નોંધાયા,

(૨)

| તાલુકો | કિસ્સાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | વર્ષ– ૨૦૧૮ | વર્ષ– ૨૦૧૯ | કુલ |
| દાંતા | ૧૧ | ૧૩ | ૨૪ |
| અમીરગઢ | ૧૬ | ૦૭ | ૨૩ |

(૩) તે અન્વયે ગેરકાયદેસર ખનન કરતા ઈસમો સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ગેરકાયદેસર ખનન અટકે તે માટે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) ગેરકાયદેસર ખનન કરતાં ઈસમો સામે દંડકીય વસૂલાત કરવામાં આવેલ છે.

(૪) ખનિજ ચોરી અટકાવવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) રાજ્યમાં ગેરકાયદેસર ખનન/વહન/સંગ્રહને રોકવા ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમો બનાવી ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાંથી પસાર થતી નદીઓમાં સાદી રેતી ખનીજના બિન અધિકૃત ખનન/વહનને રોકવા/અંકુશમાં રાખવા માટે ડ્રોન સર્વેલન્સ સીસ્ટમના માધ્યમથી ચાંપતી નજર રાખવામાં આવે છે.

(૩) લીઝમાંથી ખનિજનું વહન કરતા તમામ વાહનોમાં રોયલ્ટી પાસ સાથે ફરજીયાત વજન કાંટા ચીઠ્ઠી રાખવાનું પ્રાવધાન કરવામાં આવેલ છે.

(૪) ખનિજના ખનન/વહન/સંગ્રહ સાથે સંકળાયેલ તમામ સાધનો/વાહનોમાં રજીસ્ટ્રેશન કરવાની જોગવાઇ અમલમાં મુકવામાં આવેલ છે.

(૫) રાજ્યના નાગરીકોને રાજ્યના અંતર્ગત વિસ્તારોમાંથી ગેરકાયદેસર ખનન/વહન/સંગ્રહની ફરીયાદ કરવા માટે (CGM GUJARAT) મોબાઈલ એપ્લીકેશન બનાવવામાં આવેલ છે તેમજ ગાંધીનગર ખાતે ૨૪*૭ કન્ટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

૨૫૬૪૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કાર, બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૧) પત્રક–૧

**પત્રક–૧**

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા | બળાત્કાર | સામૂહિક બળાત્કાર | બળાત્કારના પ્રયાસ | સામૂહિક બળાત્કારના પ્રયાસ |
| ગાંધીનગર | ૧૮ | ૦૧ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | ૨૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | | | |
| જિલ્લા | બળાત્કાર | સામૂહિક બળાત્કાર | બળાત્કારના પ્રયાસ | સામૂહિક બળાત્કારના પ્રયાસ |
| ગાંધીનગર | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | ૧૬ | ૦૨ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી

(૨) પત્રક–૨

૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

**પત્રક–૨**

| **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| ગાંધીનગર | ૦૦ | ૦૭ |
| મહેસાણા | ૦૧ | ૦૯ |
| **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | |
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| ગાંધીનગર | ૦૦ | ૦૨ |
| મહેસાણા | ૦૦ | ૦૯ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
|---|---|---|
| ગાંધીનગર | ૨૮ | ૦૧ |
| મહેસાણા | ૪૭ | ૦૧ |

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તથા ગુનેગારોના મોબાઈલ નંબરની કોલ ડીટેઈલની તપાસની તજવીજ કરાવી આરોપીને ત્વરિત પકડી પાડવા અંગેની કાર્યવાહી ચાલુ છે, જ્યારે ૧ આરોપીને પકડવા ઉપર હાઈકોર્ટનો સ્ટે

---------

## જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં પુર સંરક્ષણ દિવાલના કામો

૨૫૦૮૦ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં પુર સંરક્ષણ દિવાલના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) આ કામો હાથ ધરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **મંજૂર થયેલ કામો** |
|---|---|
| જૂનાગઢ | ૧૬ |
| ગીર સોમનાથ | ૨ |

(૨) હાલ કોઇ કામ પૂર્ણ થયેલ નથી.

(૩) હાલ કોઇ ખર્ચ થયેલ નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અન્વયે તળાવો ઉંડા કરવા બાબત

૨૫૬૯૪ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સુજલામ–સુફલામ યોજના અન્વયે તળાવો ઉંડા કરવા માટે કેટલી દરખાસ્ત સરકારને મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સુજલામ–સુફલામ યોજના અન્વયે તળાવો ઉંડા કરવા નીચે મુજબની માંગણીઓ મળેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **તળાવોની સંખ્યા– વર્ષ: ૨૦૧૮** | **તળાવોની સંખ્યા– વર્ષ: ૨૦૧૯** |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૧ | ૭ |
| ૨ | વંથલી | ૮ | ૬ |
| ૩ | માણાવદર | ૧૧ | ૪ |
| ૪ | માંગરોળ | ૫ | ૪ |
| ૫ | માળીયા | ૭ | ૩ |
| ૬ | કેશોદ | ૭ | ૪ |
| ૭ | વિસાવદર | ૫ | – |
| ૮ | મેંદરડા | ૨ | – |
| ૯ | ભેંસાણ | ૨ | ૧ |
| | **કુલ..** | **૫૮** | **૨૯** |

(૨) ઉક્ત દરખાસ્ત અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ઉપરોક્ત દરખાસ્ત અન્વયે તમામ તળાવો ઉંડા કરવામાં આવ્યા.

(૩)

| વર્ષ | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| ખર્ચ (રૂ.) | ૧૫,૬૩,૩૭૮.૦૦ | રૂ.૧૭,૬૭,૨૦૮.૦૦ |

---------

**છોટાઉદેપુર અને વડોદરા શહેર/જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૭૦૬૭ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને વડોદરા શહેર/જિલ્લામાં જિલ્લાવાર મહિલાઓ પર બળાત્કાર, સામૂહિક બળાત્કાર, બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) પત્રક-૩ મુજબ

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના કોલ ડીટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **શહેર (જિલ્લાનું મુખ્ય મથક) / જિલ્લા (મુખ્ય મથક સિવાય)** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| છોટાઉદેપુર શહેર | ૦૨ | ૦૦ |
| છોટાઉદેપુર જિલ્લો | ૧૪ | ૦૦ |
| વડોદરા શહેર | ૨૩ | ૦૧ |
| વડોદરા ગ્રામ્ય | ૨૫ | ૦૦ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **શહેર (જિલ્લાનું મુખ્ય મથક) / જિલ્લા (મુખ્ય મથક સિવાય)** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| છોટાઉદેપુર શહેર | ૦૪ | ૦૦ |
| છોટાઉદેપુર જિલ્લો | ૧૪ | ૦૦ |
| વડોદરા શહેર | ૫૦ | ૦૨ |
| વડોદરા ગ્રામ્ય | ૩૭ | ૦૧ |

(બળાત્કારનો પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસનો કોઈ બનાવ નોંધાયેલ નથી.)

**પત્રક-૨**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **શહેર (જિલ્લાનું મુખ્ય મથક) / જિલ્લા (મુખ્ય મથક સિવાય)** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૧ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૧ | ૦૮ |
| વડોદરા શહેર | ૦૦ | ૧૩ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૨૧ |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| **શહેર (જિલ્લાનું મુખ્ય મથક) / જિલ્લા (મુખ્ય મથક સિવાય)** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૨ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૧૧ |
| વડોદરા શહેર | ૦૦ | ૨૭ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૩૧ |

**પત્રક-૩**

| શહેર (જિલ્લાનું મુખ્ય મથક) / જિલ્લા (મુખ્ય મથક સિવાય) | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| છોટાઉદેપુર શહેર | ૦૨ | ૦૪ |
| છોટાઉદેપુર જિલ્લો | ૧૪ | ૨૧ |
| વડોદરા શહેર | ૧૦૯ | ૧૩ |
| વડોદરા ગ્રામ્ય | ૯૫ | ૦૦ |

## મહિસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકાના ઓથવાડ ખાતે લીઝની તપાસ

૨૫૭૪૦ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ઓથવાડ ખાતે કેટલી ક્વોરી (લીઝ) ચાલે છે,

(૨) ઉક્ત લીઝવાર ક્યારે કેટલા સમય માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કઈ લીઝની ક્યારે તપાસ કરવામાં આવી, અને

(૪) તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી અને તે અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) ૩૬ ક્વોરી લીઝ

(૨) ઉક્ત લીઝો સરકારશ્રીના નિયમોનુસાર પ્રથમ ૧૦ વર્ષની મુદત માટે સરકારી તથા ખાનગી જમીનમાં મંજૂર કરવામાં આવેલ છે તથા તા.૨૪-૦૫-૨૦૧૭ થી જી.એમ.એમ.સી.આર-૨૦૧૭ નિયમો અમલમાં આવતા બ્લેકટ્રેપ ખનીજની સરકારી જમીનોમાં મંજૂર કરવામાં આવેલ ક્વોરીલીઝો તા.૩૧-૦૩-૨૦૩૦ સુધી અને ખાનગી જમીનોમાં મંજૂર કરવામાં આવેલ ક્વોરીલીઝો તા.૩૧-૦૩-૨૦૩૫ સુધી એકસટેન્શન કરવાની નિયમોમાં જોગવાઈ છે. જેની કાર્યવાહી ચાલુમાં છે. (પત્રક-૧ સામેલ છે)

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ક્વોરીલીઝની સ્થળ તપાસ કરવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

(૩) ભુસ્તરશાસ્ત્રીશ્રીની કચેરી, રાજકોટ અને ફ્લાઈંગ સ્કવોર્ડ, રાજકોટની સંયુકત ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેમજ ભાદર-૨ ડેમની હદમાં ગેરકાયદેસર ખનન અટકાવવા ભુસ્તરશાસ્ત્રીશ્રી રાજકોટની કચેરીની ટીમ દ્વારા અવાર નવાર ચેકીંગની કામગીરી કરવામાં આવે છે.

---------

### ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૦૦૩ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં ગાંધીનગર જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કુલ-૩૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) રૂ.૨૯૧.૪૩ લાખ.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૭૦૦ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાણ–ખનિજની રોયલ્ટીની આવકમાંથી ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | ગીર સોમનાથમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | જૂનાગઢમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/ ૨૦૧૮ | ૬૨૧૦.૨૩ | ૩૩૧.૦૧ |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/ ૨૦૧૯ | ૧૭૧૮.૧૨ | શૂન્ય |
| | **કુલ** | **૭૯૨૮.૩૫** | **૩૩૧.૦૧** |

(૨) ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
| | | મહિલા અને બાળ કલ્યાણ | મોર્ડન આંગણવાડી, સ્વબચાવની તાલીમ | ૨૩૭૩.૧૨ |
| | | પીવાના પાણીના કામો | સમ્પ, વોટર પાઈપ લાઈન સિસ્ટમ, ઓવરહેડ વોટર સ્ટૉરેજ સીસ્ટમ, પંપ હાઉસ, પંપિંગ મશીનરી | ૧૦.૪૩ |
| | | આરોગ્ય | છત છાપરું (ડોમ) | ૧.૨૮ |
| | | શિક્ષણ | રમતગમતના સાધનો | ૮૫૪.૫૨ |
| | | | **કુલ** | **૩૨૩૯.૩૫** |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
| | | પીવાના પાણીના કામો | પાણીની પાઈપ લાઈન સિસ્ટમ, ઓવરહેડ વોટર સ્ટૉરેજ સીસ્ટમ અને કુવો | ૧૬૫.૬૫ |
| | | શિક્ષણ | રમતગમતના સાધનો, કુમાર શૌચાલય અને કન્યા શૌચાલય | ૧૬૪.૭૧ |
| | | મહિલા અને બાળ કલ્યાણ | સ્વબચાવની તાલીમ | ૧૫૦.૫૬ |
| | | | **કુલ** | **૪૮૦.૯૨** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૩૭૨૦.૨૭** |

જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ** |

| | | | | |
|---|---|---|---|---|
| | દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | | | **(રૂ.લાખમાં)** |
| | | પીવાના પાણીના પુરવઠા હેતુ | આર.સી.સી. ઉંચી ટાંકી તથા સમ્પ, જમીન તળ ટાંકી | ૮૦.૨૮ |
| | | | **કુલ** | **૮૦.૨૮** |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | પીવાના પાણીના પુરવઠા હેતુ | આર.સી.સી. ઉંચી ટાંકી તથા સમ્પ, જમીન તળ ટાંકી | ૭૫.૬૪ |
| | | શિક્ષણ | નવા કલાસ રૂમ બનાવવા, બોર તથા આનુસંગીક સાધનો, મધ્યાહન ભોજન શેડ, શૌચાલય | ૨૧.૬૫ |
| | | | **કુલ** | **૯૭.૨૯** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૧૭૭.૫૭** |

---------

## સુરત જિલ્લામાં સ્પીનીંગ એકમોમાં મૂડી રોકાણ

૨૫૦૭૪ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૧૨ અંતર્ગત કેટલા સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૩ (ત્રણ). |
| (૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૨,૧૮૫.૭૧ લાખ. |
| (૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે ? | (૩) ૭૫,૨૬૪ |

---------

## સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ

૨૫૬૫૮ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૧૯ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૦૬૦.૭૭ કરોડનું મૂડી રોકાણ તથા બોટાદ જિલ્લામાં ૪૦ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૫૯.૮૫ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૧૩ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૬૦.૭૮ કરોડનું મૂડી રોકાણ તથા બોટાદ જિલ્લામાં ૨૫ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૫.૬૯ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. |
| (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે? | (૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૦૪ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૫ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા બોટાદ જિલ્લામાં ૩૯ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૩૩ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૮૦ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા બોટાદ જિલ્લામાં ૧૭ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. |

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૫૦૨૪ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં અરવલ્લી જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૩૩ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૭૧૯.૯૮ લાખ. |

---------

**અરવલ્લી જિલ્લામાં મોટા ચેકડેમો**

૨૫૧૨૮ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને | (૧) તાલુકોઃ મેઘરજ–૦૧ (એક) ચેકડેમ. |
| (૨) તે પેટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂપિયા ૬૦.૯૩ લાખ. |

---------

**આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૭૨૬ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યૂઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન ક્યા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી, | (૨), (૩) અને (૪) આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને | |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ? | |

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૫૦૦૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં ગાંધીનગર જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૩૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૨૯૧.૪૩ લાખ. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૬૩૮ **ડો.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખાણ– | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ |

ખનિજની રોયલ્ટીની આવકમાંથી ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

હેઠળ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છેઃ

| ક્રમ | સમયગાળો | ગાંધીનગરમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | મહેસાણામાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | ૨૨૧.૯૪ | ૧૬૨.૮૬ |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૮૦.૪૪ | ૩૭૭.૧૧ |
| | **કુલ** | **૩૦૨.૩૮** | **૫૩૯.૯૭** |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કયા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વીગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | ખર્ચની અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | પીવાના પાણીનો પુરવઠો | પ્રવાહી ડોઝિંગ સિસ્ટમની ખરીદી, પીવાના પાણીની પાઇપલાઇનનું કામ | ૩.૨૯ |
| | | પર્યાવરણ બચાવ અને પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં | સંરક્ષણ દીવાલનું કામ | ૮.૪૭ |
| | | શિક્ષણ | શૈક્ષણિક સાધનો, લાઇબ્રેરી અને શાળાનું બાંધકામ | ૮.૯૦ |
| | | | **કુલ** | **૨૦.૬૬** |
| ૨. | તા.૧/૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | પીવાના પાણીનો પુરવઠો | પ્રવાહી ડોઝિંગ સિસ્ટમની ખરીદી, પીવાના પાણીની પાઇપલાઇનનું કામ | ૮.૮૨ |
| | | પર્યાવરણ બચાવ અને પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં | સંરક્ષણ દીવાલનું કામ | ૧૩.૯૭ |
| | | શિક્ષણ | શૈક્ષણિક સાધનો, લાઇબ્રેરી અને શાળાનું બાંધકામ | ૬.૯૮ |
| | | સ્વચ્છતા | ઘન કચરાના નિકાલની વ્યવસ્થા | ૯.૮૭ |
| | | ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ સુવિધા | રસ્તાનું બાંધકામ | ૩૯.૯૬ |
| | | | **કુલ** | **૭૯.૬૦** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૧૦૦.૨૬** |

મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો |
|---|---|---|

<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th colspan="3">ખર્ચ અંગેની વિગતો</th></tr>
<tr><td>૧.</td><td>તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ</td><td colspan="3">મહેસાણા જિલ્લામાં સદર સમયગાળા દરમિયાન કોઈ પણ ખર્ચ કરવામાં આવેલ નથી.</td></tr>
<tr><td rowspan="5">૨.</td><td rowspan="5">તા.૧/૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ</td><td>સેક્ટર</td><td>કામનો પ્રકાર</td><td>ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)</td></tr>
<tr><td>પીવાનું પાણી</td><td>આર.ઓ.પ્લાન્ટ વીથ કુલીંગ</td><td>૧૦.૫૦</td></tr>
<tr><td>સ્વચ્છતા</td><td>બ્લોક શૌચાલય, ગટર લાઈન</td><td>૩.૦૦</td></tr>
<tr><td>મહિલા અને બાળ કલ્યાણ</td><td>આઈ.સી.ડી.એસ. ઘટક માટે બાળકોને રમવાના રમકડા, રસોડાના વાસણો, એલ.ઈ.ડી બલ્બ, પ્લાસ્ટિક ખુરશી, આર.ઓ. સિસ્ટમ વગેરે</td><td>૦.૫૦</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૧૪.૦૦</td></tr>
<tr><td colspan="4">વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ</td><td>૧૪.૦૦</td></tr>
</table>

---------

**સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ**

૨૫૦૬૨ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૧,૦૨,૦૩૧.૬૩ લાખ |

---------

**વલસાડ જિલ્લામાં પાઈપ લાઈન મારફતે રાંધણ ગેસ**

૨૫૦૮૯ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં પાઈપ લાઈન મારફતે રાંધણ ગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં) ૧,૦૩,૭૦૦ થી વધુ ઘરોમાં પાઈપલાઈન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં ગેસ પાઈપ લાઈન દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લામાં ગેસ પાઈપ લાઈન દ્વારા વલસાડ, પારડી, ઉમરગામ, વાપી તથા ધરમપુર તાલુકાઓને આવરી લીધેલ છે. |

---------

**દારૂની નવી પરમીટ મેળવવા અને રીન્યૂ માટે અરજી**

૨૫૭૪૯ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દારૂની નવી પરમીટો મેળવવા અને રીન્યૂ માટે અરજી ફી પેટે કેટલી રકમ વસૂલવામાં આવે છે, અને | (૧) અને (૨) તા.૦૭–૦૩–૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ GG/10/2019/NSD/132013/181/E-1 થી અરજી ફી વસૂલવામાં આવતી નથી. |
| (૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, તેમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવેલ છે? | |

### કચ્છ જિલ્લામાં મરામત કરેલા ચેકડેમો

૨૫૧૦૬ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કચ્છ જિલ્લામાં કેટલા ચેકડેમો મરામત કરવામાં આવ્યા,

(૨) મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે તાલુકાવાર કેટલો ખર્ચ થયો,અને

(૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કેટલી જળસંગ્રહ શક્તિ અને લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧૮ (તાલુકાવાર પત્રક સામેલ છે.) ચેકડેમો મરામત કરવામાં આવ્યા,

(૨)મરામત કરવામાં આવેલ ચેકડેમો માટે કુલ ૩૦૮.૧૧ લાખનો ખર્ચ થયો.(તાલુકાવાર પત્રક સામેલ છે.)

(૩) આ મરામત થયેલા ચેકડેમોને કારણે કુલ ૧૧૯.૭૦ એમ.સી.એફ.ટી જળસંગ્રહ શક્તિ અને કુલ ૭૭૪.૦૦ હેક્ટર લાભિત વિસ્તારમાં વધારો થયેલ છે. (તાલુકાવાર પત્રક સામેલ છે.)

## કચ્છ જિલ્લામાં ચેકડેમોની મરામત

| અનું. નં. | જિલ્લો | તાલુકો | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ દરમ્યાન | | | | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ દરમ્યાન | | | | તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ કુલ (તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૯) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) | મરામત થયેલ ચેકડેમની સંખ્યા | મરામત કામનો થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પુનઃ સ્થાપિત થયેલ જળસંગ્રહ શક્તિ (એમસીએફટી) | પુનઃ સ્થાપિત થયેલ લાભિત વિસ્તાર (હેક્ટર) |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** | **૧૫** |
| ૧ | કચ્છ | ભુજ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫ | ૫.૧૨ | ૧૬.૬૫ | ૧૫૨.૦૦ |
| ૨ | કચ્છ | ભુજ (PID) | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૬.૮૭ | ૦.૫૦ | ૧૦.૦૦ |
| ૩ | કચ્છ | અંજાર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | કચ્છ | મુન્દ્રા | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | કચ્છ | અબડાસા | ૨ | ૪.૪૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૩ | ૩૬.૩૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૫ | ૪૦.૮૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | કચ્છ | માંડવી | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | કચ્છ | નખત્રાણા | ૧૪૨ | ૧૫૮.૧૩ | ૭૧.૦૦ | ૪૦૩.૦૦ | ૯ | ૧૪.૫૬ | ૪.૫૦ | ૩૭.૦૦ | ૧૫૧ | ૧૭૨.૬૯ | ૭૫.૫૦ | ૪૪૦.૦૦ |
| ૮ | કચ્છ | લખપત (PID) | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૨ | ૭૨.૯૨ | ૨૨.૦૦ | ૧૦૫.૦૦ |
| ૯ | કચ્છ | લખપત (PID) | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૪.૯૩ | ૦.૩૦ | ૭.૦૦ |
| ૧૦ | કચ્છ | ભચાઉ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ | ૧ | ૧.૪૫ | ૪.૭૫ | ૬૦.૦૦ |
| ૧૧ | કચ્છ | રાપર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | **કુલ:** | **૨૦૩** | **૨૫૨.૪૬** | **૧૧૦.૪૫** | **૬૭૭.૦૦** | **૧૫** | **૫૫.૬૫** | **૯.૨૫** | **૯૭.૦૦** | **૨૧૮** | **૩૦૮.૧૧** | **૧૧૯.૭૦** | **૭૭૪.૦૦** |

---------

### કચ્છ જિલ્લામાં તાલુકાવાર બંધારાના કામો

૨૫૦૯૮ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા બંધારાના કામો મંજૂર થયા તે પૈકી કયા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ મંજૂર થયેલા બંધારાઓના કામો કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ભુજ તાલુકાનાં કાંઢવાંઢ બંધારાના કામને મંજૂરી મળેલ છે.

(૨) કાંઢવાંઢ બંધારાનું વર્કઓર્ડર અપાઈ ગયેલ છે. કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે.

(૩) હાલની સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી. હવે પછી ખર્ચ થશે.

---------

### દાહોદ જિલ્લાના કતવારા ખાતે આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન

૨૫૭૪૭ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના કતવારા ખાતે આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન મંજૂર

**જવાબ**

(૧) હા, જી, પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે.

કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની કામગીરી કયા તબક્કે છે, અને

(૩) કેટલા ખર્ચે ક્યાં સુધીમાં કામ પૂર્ણ કરી નાગરિકો માટે પોલીસ સ્ટેશન ખુલ્લું મૂકવામાં આવશે?

(૨) અને (૩) તા.૧૪-૦૨-૨૦૧૪ થી કતવારા પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં નાગરિકોની સુવિધા માટે કાર્યરત છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવાનું આયોજન**

૨૫૧૨૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૯-૨૦માં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન છે,

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, તેની પાછળ કેટલો ખર્ચ થયો,

(૩) ઉક્ત સ્થિતિએ આયોજન પૈકી કેટલા તળાવો ઊંડા કરવાના બાકી છે, અને

(૪) તેની પાછળ કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) ૧૧૪ તળાવો

(૨) ૧૧૪ તળાવો ઊંડા કરવામાં આવ્યા રૂ.૨૧૬.૦૮ લાખનો ખર્ચ થયો.

(૩) શૂન્ય

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૫૦૨૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય પોલીસ હાઊસીંગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં અમદાવાદ શહેરમાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ-૨૮૮ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ.૫૮૭૪.૬૪ લાખ

---------

**આણંદ અને વલસાડ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૭૨૯ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કાર, બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

**જવાબ**

(૧) **પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| આણંદ | ૧૯ | ૦૦ |
| વલસાડ | ૧૪ | ૦૩ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| આણંદ | ૧૩ | ૦૦ |
| વલસાડ | ૧૯ | ૦૨ |
| (બળાત્કારના પ્રયાસ અને સામૂહિક બળાત્કારના પ્રયાસનો એક પણ બનાવ નોંધાયેલ નથી.) | | |

(૨) **પત્રક-૨**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | |
|---|---|
| **જિલ્લા** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| આણંદ | ૦૭ |
| વલસાડ | ૦૮ |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | |
|---|---|
| **જિલ્લા** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| આણંદ | ૦૭ |
| વલસાડ | ૧૧ |
| (૦૫ થી ૧૧ વર્ષની એક પણ બાળાનો સમાવેશ થતો નથી.) | |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| જિલ્લા | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| આણંદ | ૪૪ | ૦૧ |
| વલસાડ | ૨૫ | ૦૩ |

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) નામ.હાઈકોર્ટનો સ્ટે હોવાથી ધરપકડ કરેલ નથી.

---------

## મહેસાણા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

૨૫૬૨૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર અને સામૂહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૧) પત્રક-૧ **પત્રક**

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | | |
|---|---|---|
| **તાલુકા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| મહેસાણા | ૦૪ | ૦૧ |
| જોટાણા | ૦૨ | ૦૦ |
| બહુચરાજી | ૦૧ | ૦૦ |
| કડી | ૦૪ | ૦૦ |
| વિસનગર | ૦૩ | ૦૦ |
| વિજાપુર | ૦૦ | ૦૦ |
| ખેરાલુ | ૦૦ | ૦૦ |
| ઊંઝા | ૦૨ | ૦૦ |
| વડનગર | ૦૪ | ૦૦ |
| સતલાસણા | ૦૦ | ૦૦ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **તાલુકા** | **બળાત્કાર** | **સામૂહિક બળાત્કાર** |
| મહેસાણા | ૦૬ | ૦૦ |
| જોટાણા | ૦૨ | ૦૦ |
| બહુચરાજી | ૦૧ | ૦૦ |
| કડી | ૦૧ | ૦૨ |
| વિસનગર | ૦૦ | ૦૦ |
| વિજાપુર | ૦૧ | ૦૦ |
| ખેરાલુ | ૦૧ | ૦૦ |
| ઊંઝા | ૦૨ | ૦૦ |
| વડનગર | ૦૨ | ૦૦ |
| સતલાસણા | ૦૦ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|
| ૪૭ | ૦૧ |

(૩) બાકી ઇસમોની ધરપકડ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩) નામ. હાઈકોર્ટનો સ્ટે હોવાથી ૦૧ આરોપીની ધરપકડ કરવાની બાકી છે.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત**

૨૫૬૮૪ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને | (૧) જિ. જામનગર :– કુલ રૂ.૧૮૬.૫૨ લાખ<br>જિ. દેવભૂમિ દ્વારકા :– વસૂલાત બાકી નથી. |
| (૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) જિ. જામનગરઃ– થર્મલ પાવર સ્ટેશન, સિક્કા જામનગર પાસે બાકી લેણી રકમ રેવન્યૂરાહે વસૂલ કરવા બોજો દાખલ કરવામાં આવેલ છે.<br>જિ. દેવભૂમિ દ્વારકા :– પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં સ્પીનીંગ એકમોમાં મૂડી રોકાણ**

૨૫૦૭૫ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ અંતર્ગત કેટલાં સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૩ (ત્રણ) |
| (૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૨,૧૮૫.૭૧ લાખ |
| (૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે? | (૩) ૭૫,૨૬૪ |

---------

**મહિસાગર જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલથી પાણી આપવાની કામગીરી**

૨૫૧૧૦ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ખારવા કોતરમાં સુજલામ સુફલામ કેનાલથી પાણી આપવાની કામગીરી કયા તબક્કે છે, | (૧) ખારવા કોતરમાં સુજલામ સુફલામ કેનાલથી પાણી આપવા માટે એસ્કેપ તથા લીંક ચેનલની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજનામાં કેટલા તળાવો જોડવામાં આવેલ છે, અને | (૨) ૮ (આઠ) |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂપિયા ૨૧૦ લાખ |

---------

**વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૨૫૧૭૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૩૪ અરજીઓ |
| (૨) તે અન્વયે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ.૧૯,૬૮,૭૩,૮૦૮.૦૦ |

---------

**પાટણ જિલ્લામાં રેતી અને કંકર પેટે વસૂલ કરેલ રોયલ્ટી**

૨૭૨૯૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં | (૧) રૂ.૪૩૦.૧૬ લાખ |

૨૦૧૮-૧૯ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી,

(૨) તે પૈકી કેટલી રકમ ઉક્ત જિલ્લાને ચૂકવવામાં આવી, અને

(૨) શૂન્ય

(૩) બાકીની રકમ ક્યા સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

---------

**અમદાવાદ અને નવસારી જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૬૪૩ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | |
|---|---|
| **જિલ્લા** | **બળાત્કાર** |
| અમદાવાદ શહેર | ૧૮૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૯ |
| નવસારી | ૧૦ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | |
| **જિલ્લા** | **બળાત્કાર** |
| અમદાવાદ શહેર | ૨૫૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૫૦ |
| નવસારી | ૧૫ |

સામૂહિક બળાત્કારના પ્રયાસનો એક પણ બનાવ નોંધાયેલ નથી.

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લાવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૨)

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| અમદાવાદ શહેર | ૦૧ | ૧૩૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૨ | ૪૪ |
| નવસારી | ૦૦ | ૦૫ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૦૬ થી ૧૮ વર્ષ** |
| અમદાવાદ શહેર | ૦૨ | ૧૬૯ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૧ | ૪૫ |
| નવસારી | ૦૦ | ૧૦ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| **જિલ્લા** | **ધરપકડ બાકી** |
|---|---|
| અમદાવાદ શહેર | ૨૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૩ |
| નવસારી | ૦૧ |

(૪) બાકી ઇસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) ૦૯ આરોપીની ધરપકડ પર નામ.કોર્ટનો મનાઈ હુકમ છે, અન્ય આરોપીના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ કરી ગુનેગારોની કોલ ડીટેઈલ તપાસની તજવીજ કરાવી પકડી પાડવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

**લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી**

૨૫૦૩૩ **શ્રી વિનોદભાઇ મોરડીયા** (કતારગામ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ યુનિવર્સિટી મારફત ડીગ્રીઓ આપવામાં આવે છે? | (૨) ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી |

---------

**ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન યોજના**

૨૪૯૯૩ **શ્રી જીજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જળઅભિયાન યોજના હેઠળ, ખેડા જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૮માં ૨૭૨ તળાવો<br>વર્ષ ૨૦૧૯માં ૧૩૧ તળાવો |
| (૨) આ તળાવો ઊંડા કરવાની કામગીરી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૨) ૭૯.૯૫ એમ.સી.એફ.ટી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૩) વર્ષ ૨૦૧૮માં રૂ.૨૬.૨૭ લાખ<br>વર્ષ ૨૦૧૯માં રૂ.૧૫.૩૬ લાખ |

---------

**મોરબી શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૨૫૬૬૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૪૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરી, | (૨) (see table below) |

| પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ઘટક | અરજીઓ મંજૂર કરી | અરજીઓ નામંજૂર કરી |
|---|---|---|
| એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ (એ.એચ.પી) ઘટક | ૬૮૦ | ૧૫૧૬ |
| લાભાર્થીની આગેવાનીમાં બાંધકામ (બી.એલ.સી.) ઘટક | ૩૧૧ | ૩૫ |
| **કુલ..** | **૯૯૧** | **૧૫૫૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) મંજૂર અરજીઓ પૈકી કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા, અને | (૩) એ.એચ.પી. ઘટક હેઠળ બે વર્ષ અગાઉ આવાસોનું નિર્માણ કરી દેવામાં આવેલ હતુ. આ આવાસો મંજૂર અરજીઓ અન્વયે કુલ ૬૮૦ લાભાર્થીઓને છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલ છે. જ્યારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈપણ નવા મકાનો બનાવવામાં આવેલ નથી અને બી.એલ.સી. ઘટક અંતર્ગત ૩૧૧ મંજૂર અરજીઓમાં આવાસોનું બાંધકામ લાભાર્થીઓ દ્વારા જાતે જ કરાતું હોઇ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. |
| (૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં | (૪) લાભાર્થીની આગેવાનીમાં બાંધકામ |

| | |
|---|---|
| આવશે? | (બી.એલ.સી.) ઘટક હેઠળનાં બાકી રહેલ ૩૧૧ મકાનોનું બાંધકામ લાભાર્થી દ્વારા જાતે જ કરાતું હોઇ હાલની સ્થિતિએ આ મકાનો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. |

---------

**ધોલેરા કાર્ગો એરપોર્ટની કામગીરી**

૨૩૬૨૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ધોલેરા કાર્ગો એરપોર્ટની કામગીરી કયા તબકકે છે, | (૧) ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટને સંરક્ષણ મંત્રાલય (MoD) દ્વારા ‘‘નો ઓબ્જેક્શન’’, ઉડ્ડયન મંત્રાલય (MoCA)માંથી ‘‘સાઇટ મંજૂરી’’ અને ‘‘સૈદ્ધાંતિક મંજૂરી’’ તેમજ પર્યાવરણ વિભાગમાંથી ‘‘પર્યાવરણ મંજૂરી’’ મળેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રાથમિક અંદાજ મુજબ ધોલેરા એરપોર્ટ વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં પૂર્ણ થનાર છે. |
| (૩) ઉક્ત કામગીરી કઈ એજન્સીને સોંપવામા આવેલ છે, અને | (૩) એંજીનીયરિંગ કંસલ્ટંટની નિયુક્તિની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. એંજીનીયરિંગ કંસલ્ટંટની કામગીરી બાદ ધોલેરા EPC કોંટ્રાક્ટરની નિયુક્તિ કરવામાં આવનાર છે. |
| (૪) ઉક્ત એરપોર્ટ માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે? | (૪) ધોલેરા એરપોર્ટ માટે કોઈ જમીન સંપાદિત કરેલ નથી. |

---------

**પંચમહાલના શહેરા ખાતે જીઆઇડીસી સ્થાપવાની કામગીરી**

૨૬૦૧૪ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલના શહેરા ખાતે જીઆઈડીસી સ્થાપવાની માંગણી કયારે મળેલ છે, | (૧) ના જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલી જમીન સંપાદન કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જી.આઈ.ડી.સી. સ્થાપવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાંસુજલામ સુફલામ જળઅભિયાન યોજના**

૨૪૯૯૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જળઅભિયાન યોજના હેઠળ, ખેડા જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૮માં ૨૭૨ તળાવો<br>વર્ષ ૨૦૧૯માં ૧૩૧ તળાવો |
| (૨) આ તળાવો ઊંડા કરવાની કામગીરીથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૨) ૭૯.૯૫ એમ.સી.એફ.ટી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૩) વર્ષ ૨૦૧૮માં રૂ.૨૬.૨૭ લાખ<br>વર્ષ ૨૦૧૯માં રૂ.૧૫.૩૬ લાખ |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક એકમોની લીઝોમાં ખનીજ ચોરી**

૨૪૭૪૨ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર-સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક એકમોની લીઝોમાં ખનીજ ચોરી અંગે કેટલો દંડ કરવામાં આવ્યો, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર-સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક એકમોની લીઝોમાં ખનીજ ચોરી અંગે કોઈ દંડ કરવામાં આવેલ નથી. |

(૨) તે અન્વયે કેટલા ઔદ્યોગિક એકમ પાસેથી કેટલી રકમની વસૂલાત કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ વસૂલાત ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ટેક્સટાઇલ ક્ષેત્રમાં સ્થપાતા નવા યુનિટોને પાવર સબસિડી**

૨૫૦૬૫ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ-પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય ટેક્સટાઇલ ક્ષેત્રમાં સ્થપાતા નવા યુનિટોને પાવર સબસિડી આપવાની કોઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલાં એકમોની અરજી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા એકમોને પાવર ટેરીફ સબસિડીની કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા. જી, તા.૧૦-૦૧-૨૦૧૯ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ નવી ટેક્સટાઇલ પોલિસી હેઠળ પાવર ટેરીફ સહાય આપવામાં આવે છે.

(૨) કોઈ એકમને મંજૂરી અપાયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમૃત યોજના હેઠળ વડોદરા શહેરને ફાળવેલ રકમ**

૨૫૧૨૦ **શ્રી જીતેન્દ્ર સુખડિઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરને અમૃત યોજના હેઠળ કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,

(૨) તે માટે કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરને અમૃત યોજના હેઠળ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

**(રૂ. કરોડમાં)**

| **વર્ષ** | ૨૦૧૮ | ૨૦૧૯ | **કુલ** |
|---|---|---|---|
| **ફાળવેલ રકમ** | ૩૯.૧૦ | ૭૬.૮૪ | ૧૧૫.૯૪ |

(૨) વડોદરા શહેર માટે અમૃત યોજના હેઠળ અલગ અલગ સ્ટેટ એન્યૂલ એક્શન પ્લાન અંતર્ગત નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| **SAAP** | **પ્રોજેક્ટની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨ |
| ૨૦૧૬-૧૭ | ૮ |
| ૨૦૧૭-૨૦ | ૯ |
| **કુલ પ્રોજેક્ટની સંખ્યા** | **૧૯** |

(૩) ઉક્ત મંજૂર કરેલ કુલ ૧૯ કામોમાંથી ૧૦ કામો પૂર્ણ થયેલ છે, ૯ કામો પ્રગતિ હેઠળ છે.

---------

**કચ્છ જિલ્લામાં પંચાયતને વિકાસના કામો માટે મંજૂર રકમ**

૨૫૬૦૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લા પંચાયતને વિકાસના કામો કરવા માટે ખાણ ખનીજ વિભાગે વર્ષવાર કેટલી રકમ ક્યારે મંજૂર કરી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લા પંચાયતને વિકાસના કામો કરવા ખાણ ખનિજ વિભાગ દ્વારા અલગથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવતી નથી. પરંતુ રેતી, કંકર અને ગ્રેવલની રોયલ્ટી/ડેડરેન્ટની થયેલ આવક સામે ગ્રાન્ટ ઈન એઈડ ની રકમ નીચે મુજબ મંજૂર કરવાની થતી હતી.

| **ક્રમ** | **મંજૂર કર્યાની તારીખ** | **રકમ મંજૂર કરવા પાત્ર** | **મંજૂર કરેલ રકમ** |
|---|---|---|---|

| | | વર્ષ | (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૩૧-૦૭-૨૦૧૮ | ૨૦૧૬-૧૭ | ૪૭૮.૮૭ |
| ૨ | ૦૫-૧૨-૨૦૧૮ | ૨૦૧૭-૧૮ | ૫૧૯.૦૭ |
| ૩ | - | ૨૦૧૮-૧૯ | શૂન્ય |
| | | કુલ | ૯૯૭.૯૪ |

(૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨)

| ક્રમ | ગ્રાન્ટ ફાળવણી વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૭૨૪.૦૫ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૭૩.૮૯ |
| | કુલ | ૯૯૭.૯૪ |

---------

**જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૫૫૯૨ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં જામનગર જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ-૬૦ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ.૯૯૩.૮૨ લાખ.

---------

**વલસાડ જિલ્લામાં પાઈપ લાઈન મારફતે રાંધણગેસ**

૨૫૦૯૪ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં પાઈપ લાઈન મારફતે રાંધણ ગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં ગેસ પાઈપ લાઈન દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં) ૧,૦૩,૭૦૦ થી વધુ ઘરોમાં પાઈપ લાઈન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લામાં ગેસ પાઈપ લાઈન દ્વારા વલસાડ, પારડી, ઉમરગામ, વાપી તથા ધરમપુર તાલુકાઓને આવરી લીધેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૬૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯ માં થયેલ એમ.ઓ.યુ. પૈકી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૪૨ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૧૨૮૮.૩૮ કરોડનું મૂડી રોકાણ તથા સાબરકાંઠા જિલ્લામાં ૨૨૧ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૫૫૦.૭૪ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯માં

મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૩૦ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૭૦.૩૨ કરોડનું મૂડી રોકાણ તથા સાબરકાંઠા જિલ્લામાં ૨૧૭ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૧૧.૫૮ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે?

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭ માં અરવલ્લી જિલ્લામાં ૧૨૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૬ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા સાબરકાંઠા જિલ્લામાં ૨૦૩ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૧૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૯ માં અરવલ્લી જિલ્લામાં ૬૮ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૬૨ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા સાબરકાંઠા જિલ્લામાં ૧૭૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૪૧ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

---------

**જામનગર અને ભરૂચ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

૨૫૬૮૧ **શ્રી પ્રવિણભાઇ મુસડિયા** (કાલાવાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર, સામૂહિક બળાત્કારના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૧) **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮**

| **જિલ્લા** | **બળાત્કાર** |
|---|---|
| જામનગર | ૩૦ |
| ભરૂચ | ૨૫ |

**તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯**

| **જિલ્લા** | **બળાત્કાર** |
|---|---|
| જામનગર | ૨૬ |
| ભરૂચ | ૨૪ |

ઉક્ત જિલ્લાઓમાં સામૂહિક બળાત્કારના પ્રયાસનો એકપણ બનાવ બનેલ નથી.

(૨) ઉક્ત બનાવો પૈકી વર્ષવાર, જિલ્લવાર ૦ થી ૫ વર્ષની અને ૬ થી ૧૮ વર્ષની કેટલી બાળાઓનો સમાવેશ થાય છે,

(૨) **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮**

| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
|---|---|---|
| જામનગર | ૦ | ૨૫ |
| ભરૂચ | ૧ | ૧૯ |

**તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯**

| **જિલ્લા** | **૦ થી ૫ વર્ષ** | **૬ થી ૧૮ વર્ષ** |
|---|---|---|
| જામનગર | ૦ | ૨૩ |
| ભરૂચ | ૨ | ૨૦ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) જામનગર જિલ્લામાં કોઈ ઈસમની ધરપકડ કરવાની બાકી નથી. જ્યારે ભરૂચ જિલ્લામાં ૦૬ ઈસમોની ધરપકડ કરવાની બાકી છે.

(૪) બાકી ઈસમોની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

(૪) આરોપીઓના રહેણાક સરનામે, મિત્ર વર્તુળ, સગા સંબંધિત તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓની કોલ ડીટઈલ મેળવી તપાસ કરાવેલ છે. આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં દેશી અને વિદેશી દારૂ પકડવા બાબત**

૨૭૭૫૬ **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલો દેશી અને વિદેશી દારૂ પકડવામાં આવ્યો, અને | (૧) પત્રક મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લાઓમાં રાજસ્થાન બોર્ડરથી દારૂની હેરાફેરી અટકાવવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેર–ફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે. |

નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા–ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન–૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.

**પત્રક**

| **વર્ષ** | **તાલુકો** | **દેશી દારૂ (લીટરમાં)** | **વિદેશી દારૂ (બોટલમાં)** |
|---|---|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૮ થી તા.૩૧–૦૧–૨૦૧૯ | મોડાસા | ૧૪૧૬ | ૨૭૨૬૭ |
| | મેઘરજ | ૪૬૯ | ૧૮૦૮૯ |
| | માલપુર | ૨૮૫ | ૫૩૮૩ |
| | ધનસુરા | ૧૦૫૫ | ૬૫૫૩ |
| | બાયડ | ૩૦૪૦ | ૩૦૯૧ |
| | ભિલોડા | ૩૮૭ | ૩૪૪૧૩૦ |
| | હિંમતનગર | ૭૧૭૬ | ૩૭૭૭૨ |
| | પ્રાંતિજ | ૧૭૫૭ | ૪૦૩૩ |
| | તલોદ | ૨૧૩૪ | ૧૩૯૨૬ |
| | ઈડર | ૪૫૬૨ | ૧૩૮૨૧ |
| | વડાલી | ૨૪૭૫ | ૧૧૪૪૫ |

| | | | |
|---|---|---|---|
| | ખેડબ્રહ્મા | ૩૧૩૪ | ૩૪૫૧૬ |
| | પોશીના | ૧૦૦ | ૯૬૩ |
| | વિજયનગર | ૩૨૨૪ | ૧૧૮૧૧ |
| તા.૦૧-૦૨-૨૦૧૯ થી તા.૩૧-૦૧-૨૦૨૦ | મોડાસા | ૧૯૫૩ | ૧૨૦૮૮ |
| | મેઘરજ | ૬૪૭ | ૧૬૪૭૯ |
| | માલપુર | ૪૧૨ | ૩૬૬૩ |
| | ધનસુરા | ૧૦૯૭ | ૧૯૯૬ |
| | બાયડ | ૧૨૭૫ | ૫૦૦૭ |
| | ભિલોડા | ૯૮૫ | ૧૬૪૦૯૬ |
| | હિંમતનગર | ૧૭૬૧ | ૩૦૬૭૪ |
| | પ્રાંતિજ | ૧૧૮૯ | ૧૧૮૫૯ |
| | તલોદ | ૬૯૯ | ૬૧૮૭ |
| | ઇડર | ૩૪૦૮ | ૭૮૨૬ |
| | વડાલી | ૮૩૧ | ૭૦૨૦ |
| | ખેડબ્રહ્મા | ૧૦૯૨ | ૧૯૨૩૬ |
| | પોશીના | ૨૩૮ | ૧૭૨૧ |
| | વિજયનગર | ૭૭૫ | ૪૧૨૫ |

-------

## સુખી સિંચાઈ યોજનામાં ગામોની જમીન સંપાદન

૨૫૭૫૩ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનામાં કેટલા ગામોની કેટલી જમીન સંપાદન થયેલી છે, તેમાંથી કેટલા હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવરી લીધી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોની કેટલી જમીનમાં હાલ સિંચાઈનો લાભ મળે છે, અને

(૩) કેટલી જમીન સિંચાઈથી વંચિત રહે છે, વંચિત રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧) ૨૫ ગામોની ૩૭૦૮ હેક્ટર જમીન સંપાદન થયેલી છે. સુખી સિંચાઈ યોજના હેઠળ ૨૦૭૦૧ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવરી લીધી છે.

(૨) ૧૨૫ ગામોની ૧૦૦૦૦ હેક્ટર જમીનમાં હાલ વહેણ સિંચાઈનો લાભ મળે છે.

(૩) ૧૦૭૦૧ હેક્ટર, પરંતુ
છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લાના સિંચાઈથી વંચિત ઉક્ત વિસ્તારમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ કોતરો તેમજ નાની-મોટી નદીઓ ઉપર બનાવવામાં આવેલ નાના-મોટા ચેકડેમો થકી થતાં જળસંગ્રહને કારણે આજુબાજુના વિસ્તારમાં પાણીના સ્તર ઉંચા આવવાથી સિંચાઈનો પરોક્ષ લાભ મળે છે. ઉપરાંત સુખી સિંચાઈ યોજનાના સમગ્ર નહેર માળખાનું રિ-મોડેલીંગ કરવાનું આયોજન છે.
સિંચાઈથી વંચિત રહેવાના કારણોમાં મુખ્યત્વે પાક પદ્ધતિ બદલાતાં વધારે પાણીનો વપરાશ, ખેડૂતો દ્વારા જરૂરિયાત કરતાં વધુ પાણીનો ઉપયોગ અને સુખી સિંચાઈ યોજનાનું જૂનું નહેર માળખું.

---------

## કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો

૨૫૫૮૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કચ્છ જિલ્લામાં પોલીસ બિન-રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કુલ-૦૬ બિન-રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) રૂ. ૧૮૮.૩૬ લાખ.

**ખેડા અને ભરૂચ જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝીમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ દાખલ**

૨૫૭૩૩ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે, | (૧) તા.૦૧–૧૨–૨૦૧૯થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં ખેડા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગુનાઓ નોંધાયા, | (૨) શૂન્ય. |
| (૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ**

૨૫૧૪૧ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૫૭ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૮૦,૬૨૨ |
| (૪)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૪) ૮૦,૬૨૨ |

**ભુસ્તર વિજ્ઞાન અને કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે વર્ગ–૩ની મંજૂર જગ્યાઓ**

૨૫૧૫૧ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે સર્વેયર,
(વર્ગ–૩)ની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **સંવર્ગ/વર્ગ** | **મંજૂર થયેલ જગ્યા** |
|---|---|
| સર્વેયર, વર્ગ–૩ | ૪૫ |

(૨)

| **સંવર્ગ/વર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| સર્વેયર, વર્ગ–૩ | ૨૦ | ૨૫ |

(૩) સર્વેયર, વર્ગ–૩ સંવર્ગની ૨૫ ખાલી જગ્યાઓની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પસંદગી પ્રક્રિયા હેઠળ છે.

---------

**વડોદરા અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત**

૨૫૭૫૬ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુસર અપાતા પાણીના દર પેટે વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને | (૧) જિ.વડોદરાઃ– રૂ.૩૭.૮૦ કરોડ<br>જિ. પંચમહાલમાં ઔદ્યોગિક હેતુસર પાણી અપાતું ના હોઈ વસૂલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર | (૨) ઔદ્યોગિક એકમો સામે કરેલ કાર્યવાહી નીચે મુજબ છે. |

કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

| જિલ્લો | ઔદ્યોગિક એકમનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| વડોદરા | રીલાયન્સ ઈન્ડ. લિ. (આઈપીસીએલ) | પીવાના પાણીના દર અંગે મતભેદ હોઈ કંપની દ્વારા નામ. હાઈકોર્ટમાં કેસ નં.૧૬૩૯૬/૨૦૧૬ દાખલ કરેલ છે. જે સુનાવણી હેઠળ છે. |
| | ગુજરાત રીફાઈનરી (આઈઓસીએલ) | પીવાના પાણીના દર અંગે મતભેદ હોઈ કંપની દ્વારા નામ. હાઈકોર્ટમાં કેસ નં.૫૩૭૧/૨૦૦૬ દાખલ કરેલ છે. જે સુનાવણી હેઠળ છે. |
| | જી.આઈ.ડી.સી., સાવલી | નોટીસ આપેલ છે. |

---------

**દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૫૫૮૦ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૨૪ રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૧૬૪.૫૬ લાખ. |

---------

**પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલના કામ બાબત**

૨૬૨૮૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સુજલામ-સુફલામ સ્પ્રેડીંગ કેનાલમું કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલું કામ બાકી છે, | (૧) આયોજન હેઠળની કુલ ૪૪.૧૭૦ કિ.મી.ની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો, અને | (૨) ઉક્ત મૂળ કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૭ પહેલાં પૂર્ણ થયેલ હોઈ છેલ્લા બે વર્ષના ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૨૫૧૫૩ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૪૯.૯૩ લાખ |

---------

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ**

૨૫૦૬૩ **શ્રી હર્ષ સંઘવી** (મજૂરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧,૦૨,૦૩૧.૬૩ લાખ |

---------

**દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૬૮૭ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખાણ–ખનિજની રોયલ્ટીની આવકમાંથી દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | દેવભૂમિ દ્વારકામાં ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | જામનગરમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/ ૨૦૧૮ | ૮૯.૧ | ૨૮૦.૩૬ |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/ ૨૦૧૯ | ૪૯૯.૮ | ૧૮.૮૦ |
| | **કુલ** | **૫૮૮.૯** | **૨૯૯.૧૬** |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
| | | શિક્ષણના કામો | પ્રાથમિક શાળામાં રમત ગમત અને અંગ કસરતના સાધનો પૂરા પાડવાનુ કામ | ૪૯.૯૯ |
| | | | **કુલ** | **૪૯.૯૯** |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
| | | ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ | સી.સી.રોડ | ૧૪.૯૪ |
| | | | **કુલ** | **૧૪.૯૪** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૬૪.૯૩** |

જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૮થી | **સેકટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં** |

| | | | | |
|---|---|---|---|---|
| | તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | | | **આવેલ રકમ (રૂ.લાખમાં)** |
| | | કૌશલ્ય વિકાસ | લેગ્વેંજ લેબનું કામ અને સ્માર્ટ કલાસનું કામ | ૫૦.૭૨ |
| | | શિક્ષણ | પ્રાથમિક શાળામાં બાલા મોડેલનું કામ | ૨૨.૦૦ |
| | | ઉર્જા અને વોટરશેડ વિકાસ | ગામમાં સોલાર લાઇટનું કામ અને ગ્રામ પંચાયતમાં સોલાર રૂફટોપનું કામ | ૧૧૦.૮૧ |
| | | પીવાના પાણીના કામો | પાણીનો સંપ, પાઇપલાઇન, મશીનરી, વગેરેનું કામ | ૫૩.૪૫ |
| | | | **કુલ** | **૨૩૬.૯૮** |
| ૨ | તા.૦૧/૦૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | પીવાના પાણીના કામો | પ્રાથમિક શાળામાં ટેરાફીલ ટેન્કનું કામ | ૧૮.૦૦ |
| | | | **કુલ** | **૧૮.૦૦** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૨૫૪.૯૮** |

---------

**અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં બાળકો અને મહિલાઓ ગુમ થવાના બનાવો**

૨૫૬૪૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં જિલ્લાવાર બાળકો અને મહિલાઓ ગુમ થવાના કેટલા બનાવો નોંધાયા,

| રાજકોટ મધ્યસ્થ જેલ<br>જિલ્લોઃ રાજકોટ | ૧૪–૦૩–૨૦૧૮<br>૨૬–૧૨–૨૦૧૮<br>૩૧–૦૫–૨૦૧૯<br>૧૦–૧૨–૨૦૧૯ |
| પોરબંદર જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થતિ થતો નથી.

(૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૬–૩–૨૦૧૮ તથા તા.૧૭–૨–૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૨૫૧૬૬ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા–શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૨૧૨.૧૩ લાખ.

---------

**નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો**

૨૫૦૮૮ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા નવસારી જિલ્લા (પીએનજીઆરબી, નવી

તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તાર) માં કુલ ૧૯ સીએનજી સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા નવસારી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા નવસારી, જલાલપોર, ગણદેવી, ચિખલી, તથા ખેરગામ તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**અરવલ્લી અને નર્મદા જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ**

૨૫૬૩૬ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે, | (૧) તા.૦૧–૧૨–૨૦૧૯થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં અરવલ્લી અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગુનાઓ નોંધાયા, | (૨) શૂન્ય. |
| (૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્પીનીંગ એકમોમાં મૂડી રોકાણ**

૨૫૦૭૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ અંતર્ગત કેટલા સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૪ (ચાર) |
| (૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૩૨,૧૪૩.૫૪ લાખ |
| (૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે ? | (૩) ૯૧,૭૪૮ |

---------

**તાપી અને ડાંગ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત**

૨૫૭૭૧ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને | (૧) જિ.તાપીઃ– રૂ.૧૭૧૭.૯૮ લાખ<br>જિ. ડાંગમાં ઔદ્યોગિક હેતુસર પાણી આપવામાં આવતું ન હોઈ વસૂલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઔદ્યોગિક એકમો સામે કરેલ કાર્યવાહી નીચે મુજબ છે. |

| જિલ્લો | ઔદ્યોગિક એકમનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| તાપી | જે. કે. પેપર લિ. સોનગઢ | ગામ નમુનો નંબર ૬–હકપત્રકમાં તથા સંસ્થાની જમીનના ૭/૧૨માં બોજા પાડવા અંગેની કાચી નોંધ કરવામાં આવેલ છે. |
| | ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી, ખુસાલપૂરા, વ્યારા | |

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

૨૫૧૫૦ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૬૪ અરજીઓ |
| (૨) તે અન્વયે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ. ૧૩,૩૫,૭૨,૯૪૭.૭૮ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવાનું આયોજન**

૨૫૧૨૫ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૯–૨૦માં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન છે, | (૧) ૧૧૪ તળાવો |
| (૨) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, તેની પાછળ કેટલો ખર્ચ થયો, | (૨) ૧૧૪ તળાવો ઊંડા કરવામાં આવ્યા. રૂ.૨૧૬.૦૮ લાખનો ખર્ચ થયો. |
| (૩) ઉક્ત સ્થિતિએ આયોજન પૈકી કેટલા તળાવો ઊંડા કરવાના બાકી છે, અને | (૩) શૂન્ય |
| (૪) તેની પાછળ કેટલો ખર્ચ થશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત અને તાપી જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૭૬૫ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખાણ–ખનીજની રોયલ્ટીની આવકમાંથી સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છેઃ

| ક્રમ | સમયગાળો | સુરતમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | તાપીમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | ૯૧.૩૩ | ૧૧૦.૦૦ |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૫૪૭.૮૮ | ૬૮.૫૭ |
| | **કુલ** | **૬૩૯.૨૧** | **૧૭૮.૫૭** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કયા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૨) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગત | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ(રૂ. લાખમાં)** |
| | | આરોગ્ય | બાળકોના આરોગ્ય માટે હેલ્થના સાધનો | ૧૩૫.૦૦ |
| | | પીવાનું પાણી | પાણીની સુવિધા | ૩૪.૩૬ |
| | | | પાણીની ટાંકી | ૨૫.૩૮ |
| | | | બોર વિથ મોટર | ૩.૫૬ |

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગત | | |
|---|---|---|---|---|
| | | | બોરવીથ હેન્ડપમ્પ | ૨.૨૫ |
| | | ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ | કમ્પાઉન્ડ વોલ | ૬.૯૭ |
| | | | ગરનાળા | ૦.૭૫ |
| | | | પેવર બ્લોક | ૧૦૦.૮૪ |
| | | | આંગણવાડી ફ્લોરિંગ કામ | ૦.૭૫ |
| | | | રોડ | ૫૨.૪૭ |
| | | | સંરક્ષણ દિવાલ | ૨.૨૫ |
| | | | સ્ટ્રીટ લાઈટ | ૧૬.૦૫ |
| | | શિક્ષણ | ઓરડા | ૩.૭૫ |
| | | | કમ્પાઉન્ડ વોલ | ૩.૭૫ |
| | | | પતરાનો શેડ | ૯.૦૦ |
| | | | પેવર બ્લોક | ૫૦.૧૧ |
| | | | સ્માર્ટ રૂમ | ૧૦૨.૨૨ |
| | | | ચેકવોલ | ૨.૬૨ |
| | | કૌશલ્ય વિકાસ | કડીયાકામ, હોટેલ મેનેજમેંટ, સિવણની ટ્રેનીંગ કામો | ૯૦.૭૫ |
| | | સ્વચ્છતા | ગટર લાઈન | ૪૯.૪૩ |
| | | | શૌચાલય | ૩.૩૭ |
| | | | **કુલ** | **૬૯૫.૬૩** |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | આરોગ્ય | બાળકોના આરોગ્ય માટે હેલ્થના સાધનો | ૪૫.૦૦ |
| | | પીવાનું પાણી | R.O | ૩૭.૭૦ |
| | | | પાણીની સુવિધા | ૧.૫૧ |
| | | | બોરવીથ હેન્ડપમ્પ | ૩.૨૫ |
| | | | બોર વિથ મોટર | ૦.૧૨ |
| | | ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ | કમ્પાઉન્ડ વોલ | ૨.૩૩ |
| | | | ગરનાળા | ૦.૨૫ |
| | | | પેવર બ્લોક | ૪૪.૫૨ |
| | | | આંગણવાડી ફ્લોરિંગ કામ | ૦.૨૫ |
| | | | રોડ | ૨૭.૭૦ |
| | | | સંરક્ષણ દિવાલ | ૦.૭૫ |
| | | | સ્ટ્રીટ લાઈટ | ૩.૨૫ |
| | | શિક્ષણ | ઓરડા | ૧.૨૫ |
| | | | કમ્પાઉન્ડ વોલ | ૧.૧૮ |
| | | | ટોયલેટ બ્લોક | ૧૮.૩૪ |
| | | | પતરાનો શેડ | ૨.૮૨ |
| | | | પેવર બ્લોક | ૧૩.૧૫ |
| | | | લાયબ્રેરી કબાટ | ૧૪.૧૦ |
| | | | સ્માર્ટરૂમ | ૩૩.૮૩ |
| | | | ચેકવોલ | ૦.૩૮ |
| | | કૌશલ્ય વિકાસ | કડીયાકામ, હોટેલ મેનેજમેંટ, સિવણની ટ્રેનીંગ કામો | ૩૦.૨૪ |
| | | સ્વચ્છતા | ગટર લાઈન | ૧૫.૪૫ |
| | | | શૌચાલય | ૧.૧૩ |
| | | | **કુલ** | **૨૯૮.૫૦** |
| | | | **વર્ષઃ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૯૯૪.૧૩** |

તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગત | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | સિંચાઈ | ચેક ડેમ કમ કોઝ વે નું કામ, તળાવનું બાંધકામ | ૧૧૦.૦૦ |
| | | | **કુલ** | **૧૧૦.૦૦** |
| ૨ | તા.૧/૧/૨૦૧૯થી | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ** |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગત | | |
|---|---|---|---|---|
| | | | | (રૂ. લાખમાં) |
| | તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | ઉર્જા અને વોટરશેડ વિકાસ | સોલાર એનર્જી વોટરપંપ | ૪૩.૯૨ |
| | | શિક્ષણ | સ્માર્ટ કલાસનું કામ | ૨૪.૬૫ |
| | | | કુલ | ૬૮.૫૭ |
| | | | વર્ષઃ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ | ૧૭૮.૫૭ |

---------

**લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી**

૨૫૫૭૬ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં ઓપન યુનિવર્સિટી મારફત કેદીઓને ડીગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો કઈ યુનિવર્સિટી મારફત ડીગ્રીઓ આપવામાં આવે છે? | (૨) ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી. |

---------

**પાટણ અને કચ્છ જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૬૨૧ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બૅરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને કચ્છ જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી. જેલ મેન્યૂઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| ગળપાદર જિલ્લા જેલ કચ્છ જિલ્લો | – |
| પાટણ જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

(૩) ગળપાદર જિલ્લા જેલમાં વહીવટી કારણોસર નિરીક્ષણ થઈ શકેલ નથી.

(૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઈન્સપેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬–૦૩–૨૦૧૮ તથા તા.૧૭–૦૨–૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૬૬૩ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બૅરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન

**જવાબ**

(૧) હા, જી. જેલ મેન્યૂઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| ભાવનગર જિલ્લા જેલ | ૨૭–૧૨–૨૦૧૯ |

કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

| | |
|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) ભાવનગર જિલ્લા જેલમાં વર્ષ ૨૦૧૮માં વહીવટી કારણોસર નિરીક્ષણ થઇ શકેલ નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

(૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૮ તથા તા.૧૭-૦૨-૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**ખેડા અને વડોદરા જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૭૩૬ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બૅરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને વડોદરા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| નડીયાદ જિલ્લા જેલ | ૦૮-૦૪-૧૯,<br>૧૯-૧૧-૧૯ |
| વડોદરા મધ્યસ્થ જેલ | ૨૮-૦૨-૧૮,<br>૧૬-૦૩-૧૮,<br>૦૩-૦૪-૧૮,<br>૦૪-૧૨-૧૮,<br>૨૨-૧૦-૧૯,<br>૨૧-૧૨-૧૯ |

નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

(૩) નડીયાદ જિલ્લા જેલમાં વર્ષ ૨૦૧૮માં વહીવટી કારણોસર નિરીક્ષણ થઇ શકેલ નથી.

(૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૮ તથા તા.૧૭-૦૨-૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પૅટે બાકી વસૂલાત**

૨૫૬૩૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપતિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પૅટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને

(૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક હેતુસર પાણી આપવામાં આવતું ના હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૨૫૧૭૯ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં MSME માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝસ એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૨૩૪ અરજીઓ |
| (૨) તે અન્વયે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ.૮૬,૫૯,૦૭,૫૯૬.૦૯ |

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો

૨૫૫૮૮ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ બિન-રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૦૧ બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૨૧૮.૦૯ લાખ |

---------

## ભાવનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ

૨૫૧૩૯ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૫૭ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૮૦,૬૨૨ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૪) ૮૦,૬૨૨ |

---------

## મોરબી અને પોરબંદર જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ

૨૫૬૭૫ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે, | (૧) તા. ૦૧-૧૨-૨૦૧૯થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં મોરબી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગુનાઓ નોંધાયા, | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રેતી ચોરી

૨૫૬૭૮ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રેતી ચોરી અટકાવવા કેટલી તપાસ કરવામાં આવી, | (૧) નીચેના કોષ્ટક મુજબ |
| (૨) ઉક્ત તપાસ અન્વયે કેવી ગેરરીતિ થતી હોવાનું સામે આવ્યું, અને | (૨) બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહની ગેરરીતિ થતી હોવાનું સામે આવ્યું. |
| (૩) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો? | (૩) રૂ.૫૩૯.૮૭ લાખ |

(૧)

| અનુ. | તાલુકો | કરેલ તપાસની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | ઉપલેટા | ૮૭ |
| ૨ | જામકંડોરણા | ૦૨ |
| ૩ | જેતપુર | ૧૬ |
| ૪ | કોટડાસાંગાણી | ૦૫ |
| ૫ | ધોરાજી | ૬૭ |
| ૬ | રાજકોટ | ૮૭ |
| ૭ | વીંછીયા | ૦૭ |
| ૮ | પડધરી | ૧૧ |
| ૯ | ગોંડલ | ૧૧ |
| ૧૦ | લોધીકા | ૦૯ |
| ૧૧ | જશદણ | ૦૮ |
| | **કુલ** | **૩૧૦** |

---------

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર બંધારાના કામો**

૨૫૦૯૭ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા બંધારાના કામો મંજૂર થયા તે પૈકી કયા કામો હાથ ધરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ભુજ તાલુકાનાં કાંઢવાંઢ બંધારાના કામને મંજૂરી મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ મંજૂર થયેલા બંધારાઓના કામો કયા તબક્કે છે, અને | (૨) કાંઢવાંઢ બંધારાનું વર્કઓર્ડર અપાઈ ગયેલ છે. કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) હાલની સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી. હવે પછી ખર્ચ થશે. |

---------

**ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૭૦૨ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યૂઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી, | (૨) નીચેના કોષ્ટક મુજબ. નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી. |
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે | (૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત |

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
| --- | --- |
| જૂનાગઢ જિલ્લા જેલ | ૦૧-૦૫-૨૦૧૮<br>૦૨-૦૫-૨૦૧૮<br>૨૭-૧૨-૨૦૧૯ |
| ગીર-સોમનાથ જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

નિરીક્ષણ થાય તે માટે જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૮ તથા તા.૧૭-૦૨-૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૬૬૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ખાણ-ખનીજની રોયલ્ટીની આવકમાંથી સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છેઃ

| ક્રમ | સમયગાળો | સુરેન્દ્રનગરમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | બોટાદમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | ૪૭૮.૬૯ | ૭૪.૪૦ |
| ૨. | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૨૫૧.૭૭ | ૩૩.૦૦ |
| | **કુલ** | **૭૩૦.૪૬** | **૧૦૭.૪૦** |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કયા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વીગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | ખર્ચની અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | શિક્ષણ | પેવર બ્લોકનું કામ | ૧૪.૯૧ |
| | | ભૌતિક આંતર માળખાકીય | કોઝવે, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોકનું કામ, સ્નાનઘાટ તથા અવેડા, સી.સી. રોડ | ૪૬.૩૬ |
| | | સિંચાઈ | પુર સંરક્ષણ દિવાલ | ૯.૭૫ |
| | | | **કુલ** | **૭૧.૦૨** |
| ૨. | તા.૧/૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | પીવાના પાણીના હેતુ | ભૂગર્ભ ટાંકાની વ્યવસ્થા, પાઈપલાઈન, ભૂગર્ભ સંપ, બુસ્ટીંગસંપ | ૫૭.૭૭ |
| | | શિક્ષણ | સરકારી શાળામાં બેન્ચીસ, કોમ્પ્યુટર, પ્રિન્ટર ઓલ ઈન વન તથા ગ્રીન બોર્ડ આપવાનું કામ, પ્રાથમિક શાળામાં સ્માર્ટ ક્લાસરૂમ, પેવર બ્લોકનું કામ | ૮૩.૯૫ |
| | | ભૌતિક સુવિધાઓ | કોઝવે, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોકનું કામ, બહેનો માટે સ્નાનઘાટ તથા અવેડા, સી.સી. રોડ, નાળુ બનાવવાનું કામ | ૧૦૮.૫૮ |
| | | સ્વચ્છતા હેતુ | પ્રાથમિક શાળામાં શૌચાલય | ૧૪.૬૮ |
| | | ઉર્જા અને વોટરશેડ વિકાસ | સોલાર લાઈટ | ૪.૭૩ |
| | | સિંચાઈ | પુર સંરક્ષણ દિવાલ | ૨.૯૯ |
| | | | **કુલ** | **૨૭૨.૭૦** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૩૪૩.૭૨** |

બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | શિક્ષણ | જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું કામ, મધ્યાહન ભોજન શેડ | ૧૭.૬૦ |
| | | પીવાના પાણી હેતુ | પીવાના પાણીની પાઈપલાઈન | ૦.૭૯ |

| ક્રમ | વર્ષ | ખર્ચ અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| | | સ્વચ્છતા | અંડરગ્રાઉન્ડ ગટરનું કામ | ૨.૯૯ |
| | | ભૌતિક સુવિધા | પેવર બ્લોકનું કામ, સી.સી. રોડ | ૫.૯૩ |
| | | | **કુલ** | **૨૭.૩૧** |
| ૨. | તા.૧/૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | શિક્ષણ | જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું કામ, મધ્યાહન ભોજન શેડ | ૧૧.૬૮ |
| | | સ્વચ્છતા | અંડરગ્રાઉન્ડ ગટરનું કામ | ૬.૯૮ |
| | | પીવાના પાણી હેતુ | પાઈપ લાઈનનું કામ | ૧.૯૨ |
| | | ભૌતિક સુવિધા | પેવર બ્લોકનું કામ, સી.સી. રોડનું કામ | ૧૩.૮૨ |
| | | આરોગ્ય સંભાળ | આંગણવાડી ફરતે કંપાઉન્ડ વોલનું કામ | ૧.૬૩ |
| | | | **કુલ** | **૩૬.૦૩** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૬૩.૩૪** |

---------

## ખેડા જિલ્લામાં સેવા-સેતુ કાર્યક્રમ

૨૫૧૪૭ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૬૧ |
| (૨) આ કાર્યક્રમમાં કેટલા તાલુકા આવરી લેવામાં આવ્યા, | (૨) ૧૦ |
| (૩) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૩) ૫૭ |
| (૪) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૪) ૮૭,૧૮૪ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૫) ૮૭,૧૮૪ |

---------

## અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૨૫૫૯૩ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં અરવલ્લી જિલ્લામાં પોલીસ રહેણાકના કુલ કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૩૩ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૭૧૯.૯૮ લાખ |

## આણંદ અને દાહોદ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત

૨૫૭૨૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે આણંદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને | (૧) જિ. આણંદ- રૂ.૩૦.૦૪ કરોડ<br>જિ. દાહોદ- રૂ. ૧૦૫.૩૯ કરોડ |
| (૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઈ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઔદ્યોગિક એકમો સામે કરેલ કાર્યવાહી નીચે મુજબ છે. |

| જિલ્લો | ઔદ્યોગિક એકમનું નામ | બાકી લ્હેણા માટે કરેલ કાર્યવાહી |
|---|---|---|
| આણંદ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી | નોટીસ આપેલ છે. |

| | | |
|---|---|---|
| | કોર્પોરેશન લિ., ધુવારણ | |
| દાહોદ | વેસ્ટર્ન રેલ્વે, દાહોદ | વેસ્ટર્ન રેલ્વે દ્વારા પાણીના દરોનું ચુકવણું ન કરવા અંગે વર્ષ ૨૦૧૧માં કોમર્શીયલ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૨૫૧૫૪ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૪૯.૯૩ લાખ |

---------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે રકમની ફાળવણી**

૨૫૭૫૧ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખાણ–ખનીજની રોયલ્ટીની આવકમાંથી દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વેલ્ફેર પ્રોગ્રામ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડીએમએફ હેઠળ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છેઃ

| ક્રમ | સમયગાળો | દાહોદમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | પંચમહાલમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ | ૫૬.૮૦ | ૨૪૩.૧૦ |
| ૨. | તા.૧/૧/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૯૫.૫૯ | ૧૫.૪૯ |
| | **કુલ** | **૧૫૨.૩૯** | **૨૫૮.૫૯** |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કયા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પણ ખર્ચ કરવામાં આવેલ નથી.

પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વીગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | ખર્ચની અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| ૧. | તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | મહિલા અને બાળ કલ્યાણ | આંગણવાડીનું બાંધકામ | ૧૪૮.૫૫ |
| | | પીવાના પાણીના કામો | હેન્ડપંપ, બોર મોટર, મીની મોટર વર્ક્સ, મોટર | ૧૨.૮૧ |
| | | | **કુલ** | **૧૬૧.૩૬** |
| ૨. | તા.૧/૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ | **સેક્ટર** | **કામનો પ્રકાર** | **ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** |
| | | પીવાના પાણીના | હેન્ડપંપ, બોર મોટર, મીની મોટર વર્ક્સ, મોટર | ૨.૦૭ |

| ક્રમ | વર્ષ | ખર્ચની અંગેની વિગતો | | |
|---|---|---|---|---|
| | દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ | કામો | | |
| | | સ્વચ્છતા | આંગણવાડીમાં શૌચાલય, ગટર | ૧૫.૨૦ |
| | | શિક્ષણ | રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ, વોલફીટેડ સિરામિક ટાઈલ્સ | ૧૫.૪૯ |
| | | | **કુલ** | **૩૨.૭૬** |
| | | | **વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં થયેલ કુલ ખર્ચ** | **૧૯૪.૧૨** |

---------

**ભુસ્તર વિજ્ઞાન અને કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે વર્ગ–૩ની મંજૂર જગ્યાઓ**

૨૫૧૫૨ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે સર્વેયર, (વર્ગ–૩) ની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| સંવર્ગ/વર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| સર્વેયર, વર્ગ–૩ | ૪૫ |

(૨)

| સંવર્ગ/વર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| સર્વેયર, વર્ગ–૩ | ૨૦ | ૨૫ |

(૩) સર્વેયર, વર્ગ–૩ સંવર્ગની ૨૫ ખાલી જગ્યાઓની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પસંદગી પ્રક્રિયા હેઠળ છે.

---------

**આણંદ અને જામનગર જિલ્લામાં ઉદ્યોગોએ કરેલ મૂડી રોકાણ**

૨૫૭૩૧ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સને ૨૦૧૭ અને ૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ. પૈકી આણંદ અને જામનગર જિલ્લામાં કેટલા ઉદ્યોગોએ કેટલું મૂડી રોકાણ કર્યું, અને

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉદ્યોગો કાર્યરત થયા અને કેટલા કાર્યરત થવાના બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી આણંદ જિલ્લામાં ૩૯૦ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૩૭૧.૮૧ કરોડનું મૂડી રોકાણ તથા જામનગર જિલ્લામાં ૬૦૫ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૩૨૯૯.૫૧ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૯માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી આણંદ જિલ્લામાં ૧૩૯ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૨૦.૨૬ કરોડનું મૂડી રોકાણ તથા જામનગર જિલ્લામાં ૮૦૮ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ.૪૪૯.૬૭ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

(૨) ઉક્ત મૂડી રોકાણ પૈકી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૭માં આણંદ જિલ્લામાં ૩૬૨ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા જામનગર જિલ્લામાં ૫૭૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૨૯ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૯માં આણંદ જિલ્લામાં ૪૬ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૯૩ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે તથા જામનગર જિલ્લામાં

૨૨૧ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે અને ૫૮૭ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

----------

**અમદાવાદ અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૨૫૬૪૫ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યૂઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી. જેલ મેન્યૂઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન) રૂલ્સ ૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૦–૦૧–૧૮,<br>૦૭–૦૩–૧૮,<br>૦૮–૦૩–૧૮,<br>૦૪–૦૪–૧૮,<br>૧૯–૦૪–૧૮,<br>૨૭–૦૫–૧૮,<br>૧૬–૦૭–૧૮,<br>૧૫–૦૯–૧૮<br>૩૦–૧૨–૧૮,<br>૨૧–૦૪–૧૯,<br>૨૨–૦૪–૧૯,<br>૨૫–૦૪–૧૯,<br>૨૪–૦૫–૧૯,<br>૨૮–૦૫–૧૯,<br>૩૧–૦૫–૧૯,<br>૧૨–૦૬–૧૯,<br>૨૫–૦૭–૧૯,<br>૦૨–૧૦–૧૯ |
| દેવભૂમિ–દ્વારકા જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમ્યાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જેલ મેન્યૂઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬–૦૩–૨૦૧૮ તથા તા.૧૭–૦૨–૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

**સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ**

૨૫૧૩૪ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ટેક્સટાઇલ ક્ષેત્રે મૂડી રોકાણ ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૪૧

(૨) રૂ.૧,૦૨,૦૩૧.૬૩ લાખ

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ**

૨૫૬૬૯ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે, | (૧) તા.૦૧–૧૨–૨૦૧૯થી અલમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગુનાઓ નોંધાયા, | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણી પેટે બાકી વસૂલાત**

૨૫૬૫૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જળાશયો અને નદીઓમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની વસૂલાત બાકી છે, અને | (૧) જિ.: અમદાવાદ : કોઈ વસૂલાત બાકી નથી. જિ.: બોટાદ : ઔદ્યોગિક હેતુસર પાણી આપવામાં આવતું ના હોઈ બાકી વસૂલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત રકમ ઔદ્યોગિક એકમો ભરપાઇ ન કરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પંચમહાલ જિલ્લામાં દારૂ અંગે દરોડા**

૨૬૦૧૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં દેશી/વિદેશી દારૂ અને કેફી દ્રવ્યો અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) અને તે અન્વયે તાલુકાવાર કેટલો જથ્થો પકડાયો, અને | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) તે પૈકી કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની બાકી છે? | (૩) |

| ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|
| ૯૮૬૯ | ૧૬૫ |

**પત્રક–૧**

| તાલુકા | દેશી દારૂ | વિદેશી દારૂ | કેફી દ્રવ્યો | | |
|---|---|---|---|---|---|
| | | | અફીણના ડોડવા | ગાંજો | નશીલી દવા |
| ગોધરા | ૨૩૩૬ | ૪૪૮ | ૦ | ૧ | ૩ |
| શહેરા | ૭૧૯ | ૧૩૭ | ૧ | ૧ | ૦ |
| મોરવા | ૬૪૪ | ૧૭૦ | ૦ | ૧ | ૦ |
| હાલોલ | ૧૬૬૫ | ૨૭૪ | ૦ | ૨ | ૦ |
| કાલોલ | ૧૦૮૪ | ૨૦૧ | ૦ | ૧ | ૦ |
| ઘોઘંબા | ૫૬૭ | ૩૮૯ | ૦ | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૩૧૮ | ૬૫ | ૦ | ૦ | ૦ |

**પત્રક–૨**

| તાલુકા | દેશી દારૂ (લિટર) | વિદેશી દારૂ (બોટલ) | કેફી દ્રવ્યો | | |
|---|---|---|---|---|---|
| | | | અફીણના ડોડવા (કિ.ગ્રા.) | ગાંજો(કિ.ગ્રા.) | નશીલી દવા |

| તાલુકા | દેશી દારૂ (લિટર) | વિદેશી દારૂ (બોટલ) | કેફી દ્રવ્યો | | |
|---|---|---|---|---|---|
| | | | અફીણના ડોડવા (કિ.ગ્રા.) | ગાંજો(કિ.ગ્રા.) | નશીલી દવા |
| ગોધરા | ૯૨૫૬ | ૮૧૩૫૧ | ૦ | ૬૩૪ ગ્રામ | ૨૧૪૦૦૦ મીલી |
| શહેરા | ૨૦૩૩ | ૨૩૩૭૮ | ૩૫૦ કિલો ગ્રામ | ૪૩૫ ગ્રામ | ૦ |
| મોરવા | ૨૦૩૨ | ૬૧૮૩૨ | ૦ | ૨૨ કિલો ૩૪૦ ગ્રામ | ૦ |
| હાલોલ | ૫૯૪૭ | ૯૯૦૮૫ | ૦ | ૨ કિલો ૬૯૬ ગ્રામ | ૦ |
| કાલોલ | ૩૯૧૪ | ૧૦૩૫૯૫ | ૦ | ૫ કિલો ૧૦૦ ગ્રામ | ૦ |
| ઘોઘંબા | ૧૦૮૮ | ૧૦૮૯૯૩ | ૦ | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૧૦૯૬ | ૧૨૩૦૫ | ૦ | ૦ | ૦ |

**ગીરગઢડા તાલુકામાં ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી**

૨૭૫૦૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ગીર-સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના પીછવી તળાવમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી થતી હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ખનીજ ચોરી પકડવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | પકડાયેલ ખનિજ ચોરી (મે.ટન) |
|---|---|
| તા.૦૧-૦૨-૨૦૧૮ થી તા.૩૧-૦૧-૨૦૧૯ | ૭૨૭૩.૯૧ |
| તા.૦૧-૦૨-૨૦૧૯ થી તા.૩૧-૦૧-૨૦૨૦ | ૧૨૪.૭૦ |

(૩) કોઈ ઈસમની ધરપકડ કરવામાં આવેલ નથી. ૦૬ ઈસમોને ૩૦.૬૦ લાખની દંડકીય વસૂલાત કરવા માટે કારણ દર્શક નોટીસો પાઠવવામાં આવેલ છે અને ૦૧ કેસમાં ૦.૫૦ લાખની ખનીજ ચોરી બદલ પોલીસ ફરીયાદ આપેલ છે.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**ગૃહમંત્રીશ્રીએ કરેલ નિવેદનો અંગે.**

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. પ્રશ્નોત્તરી સમયમાં માનનીય મંત્રીશ્રી કોઇ જવાબ આપે તો એ પૂરાવાના આધારે, સરકારી રેકર્ડના આધારે જવાબો અપાતા હોય છે, આ કોઇ પબ્લિક મિટિંગ નથી કે આપણે હાથ ઉંચા કરી કરીને જેમ ફાવે એમ બોલીએ.

અધ્યક્ષશ્રી : ના ના, આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું, માનનીય ગૃહમંત્રીશ્રીએ એમ કહ્યું કે શ્રીમતી સોનિયા ગાંધીના ઈશારે આ કરવામાં આવ્યું હતું. મારી માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી એ છે કે,(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર પૂરો થવા દો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જો એ બાબતના કોઇ પૂરાવા એમની પાસે હોય તો ગૃહમંત્રીશ્રી એ રજૂ કરે નહિ તો ગૃહમાં આવી બેફામ નિવેદનબાજી કરવા બદલ એમને ઠપકો આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે એ માન્ય રાખું છું. એના કોઇ પૂરાવા હોય તો રજૂ કરજો.

## અધ્યક્ષશ્રીના નિર્ણયો

### પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે

અધ્યક્ષશ્રી : મારે બે જાહેરાત કરવાની છે, બે નિર્ણય જાહેર કરવાના છે. બે પોઇન્ટ ઓફ ઓર્ડર પહેલાં હતા એ સંબંધમાં.

(૧) તારીખ ૦૨-૦૩-૨૦૨૦ની પ્રશ્નોત્તરી બાદ માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી (રાજ્યકક્ષા) શ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં મેં નિર્ણય કર્યો છે તે નિર્ણય હું વાંચું છું.

તારીખ ૦૨-૦૩-૨૦૨૦ના રોજ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પ્રશ્ન ક્રમાંક-૨૪૭૦૩ (અગ્રતાક્રમ-૨) વલસાડ અને નવસારી જિલ્લામાં શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ સંબંધિત વિષયના પ્રશ્નની ચર્ચામાં પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર અને વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી દ્વારા એ જ દિવસની પ્રશ્નોત્તરીમાં રજૂ થયેલ, પરંતુ પાછળની અગ્રતા ધરાવતા સરખા વિષયના પ્રશ્નોના જવાબને કલબ કરીને આંકડા રજૂ કરવામાં આવતા માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન અગ્રતા ક્રમ પ્રમાણે પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી હોય છે. અગ્રતાક્રમ- ૨ (બે) પરના પ્રશ્નને અગ્રતા ક્રમાંક-૧૪૫ નંબરના પ્રશ્ન સાથે કલબ કરીને સભ્ય પ્રશ્ન પૂછે, એ બાબત અયોગ્ય છે. એવી આપની રજૂઆત હતી.

આ મુદ્દાના સમર્થનમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, દરેક પ્રશ્નનો હાર્દ તેનો ભૌગોલિક વિસ્તાર અને પ્રશ્ન પૂછવાનો હેતુ જુદો જુદો હોઇ શકે. તેથી મૂળ પ્રશ્નમાં રજૂ થયેલ માહિતીના સંદર્ભમાં જ પૂરક પ્રશ્ન પૂછી શકાય. સંસદીય બાબતોના મંત્રીશ્રી માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં રજૂઆત કરી હતી.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે જણાવ્યું હતું કે, આજની પ્રશ્નોત્તરીમાં આ વિષયને લગતા જુદા જુદા જિલ્લાના પ્રશ્નો તથા લેખિત જવાબો રજૂ થયા છે, જે આંકડાઓને સમરાઇઝ કરીને આ બાબત રજૂ કરવામાં આવેલ છે. આ આંકડા સરકારે પ્રસિદ્ધ કર્યા છે, તેમાં સરકારને કોઇ વાંધો હોવો જોઇએ નહિ. સભ્ય શ્રી પુંજાભાઇ વંશે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર બાબતે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. આ સંબંધમાં મારો નિર્ણય હું પછીથી જાહેર કરીશ તેમ મેં તત્સમયે જાહેર કર્યું હતું.

વિધાનસભાની સુસ્થાપિત પરંપરા અનુસાર પ્રશ્નકાળ દરમિયાન બે કે તેથી વધુ પ્રશ્નોની એક સાથે વિચારણા હાથ ધરવામાં આવતી નથી તે વાત સાચી છે આથી માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાની આટલી રજૂઆત પૂરતો હું સંમત થાઉં છું.

તે દિવસની ગૃહની કાર્યવાહી તથા નિયમો, પ્રણાલિઓનો અભ્યાસ કરતાં મને લાગે છે કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી જીતુભાઇ ચૌધરી અને શ્રી શૈલેષભાઇ પરમારે તારીખ ૦૨-૦૩-૨૦૨૦ના રોજની પ્રશ્નોત્તરીમાં રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં પકડવામાં આવેલ ગૌમાંસ અંગે પ્રશ્નોના જવાબમાંથી માહિતી સમરાઇઝ કરીને આંકડા રજૂ કર્યા હતા. આ આંકડાઓ એ જ દિવસની પ્રશ્નોત્તરીના હતા. વધુમાં ઉક્ત સભ્યશ્રીઓએ પાછળની અગ્રતા ધરાવતા પ્રશ્નની બાબતમાં કોઇ પેટા પ્રશ્ન કર્યો ન હતો. પરંતુ કેટલું ગૌમાંસ પકડાયું તેનો સરવાળો કરીને પૂર્વ ભૂમિકા બાંધેલ. વધુમાં પ્રશ્નોત્તરીના સમય દરમિયાન માનનીય સભ્યશ્રીઓ જે પ્રશ્ન પૂછતા હોય છે, તે માટે તેઓ ઘણીવાર સરકારના પ્રસિદ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને પૂર્વ ભૂમિકા બાંધતા હોય છે. માનનીય સભ્યશ્રી પ્રશ્ન પૂછવા માટે જે આંકડા/સાહિત્યનો સંદર્ભ ટાંકે તેની સચ્ચાઇની જવાબદારી વ્યક્તિગત રીતે સભ્યશ્રીની હોય છે.

વિધાનસભામાં રજૂ થયેલ પ્રશ્નો તથા વિધાનસભામાં મેજ ઉપર મૂકાયેલા અહેવાલો કે દસ્તાવેજોની માહિતીને જાહેર અને અધિકૃત ગણવામાં આવતી હોવાથી, ગૃહમાં સભ્યો ચર્ચા દરમિયાન એ માહિતીનો ઉપયોગ કરે છે અને તેમ કરવામાં કાંઇ ખોટું પણ નથી. તેથી પ્રશ્નોત્તરીની યાદીમાં રજૂ થયેલ માહિતીના આધારે પૂરક પ્રશ્ન પૂછવાથી બે કે તેથી વધુ પ્રશ્નોની એકી સાથે વિચારણા હાથ ધરી છે તેમ કહી શકાય નહીં.

આ તબક્કે એ બાબત તરફ ધ્યાન દોરવાનું કે વિરોધપક્ષના ત્રણ સભ્યશ્રી દ્વારા સરખા વિષયના પ્રશ્નના આંકડાઓ સમરાઇઝ કરીને જ માહિતી આપવામાં આવી તે આંકડા એ જ દિવસની પ્રશ્નોત્તરી જે તમામ વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓને તથા પત્રકારોને પણ બેઠક શરૂ થતાં પહેલા આપવામાં આવે છે તેના આંકડા હતા અને સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા છે. માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્નના સ્કોપ બહાર કોઇ પ્રશ્ન પૂછેલ ન હતાં આથી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું. (અંતરાય)

પ્લીઝ, આમાં કોઇ કોમેન્ટ ના હોઇ શકે.

(૨) તા.૨-૩-૨૦૨૦ની પ્રશ્નોત્તરી બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી દ્વારા ઉઠાવવામાં આવેલ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં મારો નિર્ણયઃ

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## અધ્યક્ષશ્રીના નિર્ણયો(પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે)

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીઓ તા.૨-૩-૨૦૨૦ની પ્રશ્નોત્તરી બાદ સભ્યશ્રી હિંમતસિંહ પટેલના અમદાવાદ અને અમરેલી જિલ્લામાં જી.આઇ.ડી.સી. સંબંધેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૪૨૭૫ (અગ્રતા ક્રમ-૨૦૦)ના જવાબમાં, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. સંબંધેના શ્રી વિમલભાઇ ચુડાસમાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૪૩૫૩ ( અગ્રતા ક્રમ-૨૫૧)ના જવાબમાં તથા ૧૪મી વિધાનસભાના ચોથા સત્રમાં ચોથી અતારાંકિત યાદીમાં આ જ વિષયને લગતા પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા હોવાનું જણાવી તે સંબંધમાં નિયમ-૯૨ અન્વયે અડધા કલાકની સૂચના દાખલ કરવા પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરેલ હતો.

ઉકત પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે વિપક્ષના નેતાશ્રી દ્વારા ઉઠાવવામાં આવેલ મુદ્દો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. તદુપરાંત રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગૃહની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી નિયમ-૯૨ અન્વયે અડધા કલાકની ચર્ચા આપી શકાય નહિં અને તે કારણે વિપક્ષના નેતાએ ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો અપ્રસ્તુત છે. આ સંબંધમાં મારો નિર્ણય હું પછીથી જાહેર કરીશ તેમ મેં તત્સમયે જણાવ્યું હતું.

આ બાબતમાં મેં તાઃ૨-૩-૨૦૨૦ના દિવસની પ્રશ્નોત્તરીની આખી કાર્યવાહી, વિધાનસભાના નિયમો, પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો તથા પોઇન્ટ ઓફ ઓર્ડર એટલે શું તે સંબંધે અર્સ્કીન લિખિત "પાર્લામેન્ટરી પ્રેકટીસ," કોલ અને શકધરની "પ્રેકિટસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ, " નોર્મન વિલ્ડીંગ અને ફિલીપ લોન્ડીની "એન્સાઇકલોપિડિયા ઓફ પાર્લામેન્ટ "અબ્રાહમ અને હોટ્રીની "પાર્લામેન્ટરી ડિક્શનરી" વગેરે પુસ્તકોનો મેં ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. આ અભ્યાસને અંતે મને લાગે છે કે, " પોઇન્ટ ઓફ ઓર્ડરનો" ચોક્કસ શું અર્થ થાય તે મારે ગૃહને જણાવવું જોઇએ.

The meaning of point of order from encyclopedia of parliament by Noraman wilding and Philip Laundy (4th addition (page no. 565) " A point of order is the breach of order or transgression of written or unwritten law of the house, which the chair (speaker) has not perceived.Any member of the parliament can and should bring to the speaker's immediate notice any such instance and he may also ask for the guidance and assistance of the chair regarding any obscurities in procedure." A member is entitled in such cases only, to interrupt a debate by raising and saying, "on a point of order Mr. Speaker and then to lay the point in question concisely before him."A member speaking on a point of order must simply direct attention to the point complained of, and submit it to the decision of the speaker.

According to practice and procedure of parliament by M.N.Kaul and S.L.Shakdher" A point of order is the breach of order or transgression of any law of the house written or unwritten, which the chair has failed to perceive and he may also seek the guidance and assistance of the chair in respect of any obscurities in procedure. A point of order should therefore relate to the interpretation or enforcement of the rules of procedure and conduct of business in the house or convention or such article of the constitution as regulate the business of the house and must raise a question which is within the cognizance of the speaker. The test of whether a point raised is a point of order or not is not whether the chair can give any relief but whether it involves such interpretation or enforcement of the rules etc. and whether it raises a point which the speaker alone can decide. A point of order, when raised, has the effect of suspendingthe procedure before the house. It can be raised only in relation to the business before the house at the moment. The term "business before the house"means business included in the list of business for the day. If it relates to maintenance of order in or arrangement of business before the house , the speaker may permit it to be raised during the interval between the termination of one item of business and the commencement of another item of business.

આમ વિષય નિષ્ણાતોના મત અનુસાર ગૃહની કાર્યવાહી ગૃહના લેખિત કે અલેખિત નિયમો પ્રસ્થાપિત નિર્ણયો અનુસાર ન ચાલે ત્યારે કાર્યવાહી ઓર્ડરમાં થઇ રહી નથી એમ માનવામાં આવે છે અને તે કારણે ગૃહની કાર્યવાહીને ઓર્ડરમાં લાવવી જરૂરી બને છે. આ માટે ગૃહના કોઇ પણ સભ્ય " ગૃહની કાર્યવાહીને ઓર્ડરમાં લાવવા માટે " પોતાના સ્થાને ઉભા થઇ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને કાર્યવાહીને ઓર્ડરમાં લાવવા અધ્યક્ષનું ધ્યાન દોરવાની પ્રક્રિયાને ''પોઇન્ટ ઓફ ઓર્ડર '' કહે છે. પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૭૭માં વિગતવાર જોગવાઇ કરવામાં આવી છે. તદ્ નુસાર પોઇન્ટ ઓફ ઓર્ડર, હંમેશાં જે તે સમયે ગૃહ સમક્ષ ચાલતા કામકાજ સંબંધમાં જ ઉપસ્થિત કરી શકાય, I repeat second time. પોઇન્ટ ઓફ ઓર્ડર હંમેશાં જે તે સમયે ગૃહ સમક્ષ ચાલતા કામકાજ સંબંધમાં જ ઉપસ્થિત કરી શકાય અને તે ઉપસ્થિત કરતી વખતે બંધારણ, વિધાનસભાના નિયમો કે પ્રસ્થાપિત ''કઇ પ્રણાલિનો ભંગ થઇ રહ્યો છે તે

બાબત સંક્ષિપ્તમાં '' અધ્યક્ષના ધ્યાન પર લાવવાની રહે છે. ટૂંકમાં, પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમ-૪૭માં જણાવેલ મર્યાદાઓને આધિન તત્સમયે ગૃહ સમક્ષ ચાલતા કામકાજ સંબંધમાં જ ઉપસ્થિત કરી શકાય. નિયમ-૪૭ મુજબ પોઇન્ટ ઓફ ઓર્ડર ગૃહ સમક્ષ ચાલતા કામકાજ સંબંધમાં ઉઠાવી શકાતો હોવાથી દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બાબત જયાં સુધી ગૃહ સમક્ષ વિચારણા માટે આવે નહીં ત્યાં સુધી ઉઠાવી શકાતો નથી. દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બાબતો સિવાયની કોઇ બાબત પર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય તો તે બાબતમાં સભ્યએ અગાઉથી મને લેખિતમાં રજૂઆત કરવી જોઇએ અને લેખિતમાં રજૂઆત મળ્યા બાદ હું તે સંબંધે પરવાનગી આપું ત્યારબાદ જ મુદ્દો ઉઠાવી શકાય. જો પોઇન્ટ ઓફ ઓર્ડર સભાગૃહ સમક્ષના કામકાજની ગોઠવણને લગતો હોય તો તત્સમયે સભાગૃહ સમક્ષ ચાલી રહેલ કામકાજની તે બાબત પૂરી થાય અને નવી બાબત શરૂ થાય તેની વચ્ચેના ગાળા દરમ્યાન તે બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવાની પરવાનગી આપી શકાય. આગળ જણાવ્યા પ્રમાણે ''પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતી વખતે કયા નિયમ કે પ્રણાલીનો ભંગ થયો છે તે જણાવવું જોઇએ. '' તે સિવાયની બીજી કોઇ પણ અપ્રસ્તુત બાબતો જણાવી શકાય નહીં. કોઇ સભ્ય જે તે સમયે વકતવ્ય આપી રહેલા બીજા સભ્ય પાસે માહિતી કે સ્પષ્ટતા મેળવવા કે પોતાની પરિસ્થિતિ સમજાવવા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકે નહીં. આમ પોઇન્ટ ઓફ ઓર્ડર, પ્રસ્તાવ, વિધેયક, ધ્યાન દોરતી સૂચના કે મેજ પર મૂકવાના કાગળો સંબંધે જે તે બાબત ગૃહ સમક્ષ આવે નહીં કે તે સંબંધેનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજૂ થાય નહીં ત્યાં સુધી ઉઠાવી શકાતો નથી.

આ સંજોગોમાં માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીના સમાન વિષય પરના પ્રશ્નોના જવાબોમાં રહેલી વિસંગતતા અંગે અડધા કલાકની ચર્ચા આપવા માટે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. વિધાનસભાના નિયમોના નિયમ-૯૨ અન્વયે અડધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની જોગવાઇ કરવામાં આવેલી છે, જે પોઇન્ટ ઓફ ઓર્ડર દ્વારા ઉપસ્થિત કરી શકાય નહીં. સભાગૃહનો સમય ખૂબ જ અમૂલ્ય છે. સભાગૃહની એક- એક મિનિટનો સમય રાજયના પ્રજાજનોના હિત અને સુખાકારી અને પ્રજા કલ્યાણના કાર્યો માટે વપરાય તે ઇચ્છનીય છે. જેથી સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ વિધાનસભાના નિયમો, પ્રણાલિઓ અને સભાગૃહમાં જે તે સમયે ચાલતી કાર્યવાહીથી જ્ઞાત હોય તે ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં સભાગૃહનો અમૂલ્ય સમય વેડફાય નહીં તેથી સર્વે સભ્યશ્રીઓને પોઇન્ટ ઓફ ઓર્ડર કયારે ઉઠાવી શકાય તેની વિગતવાર માહિતી આપવાનો મેં પ્રયત્ન કર્યો છે, જે તમામ સભ્યશ્રીઓ ધ્યાનમાં રાખશે તેવી અપેક્ષા રાખું છું.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર વિધાનસભાના નિયમો, સુસ્થાપિત થયેલ પ્રણાલિઓ તથા પોઇન્ટ ઓફ ઓર્ડર એટલે શું તે સંબંધે મેં આગળ જણાવેલી હકીકતના સંદર્ભમાં સ્વીકારી શકાય તેમ ન હોવાથી તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હું આથી નામંજૂર કરું છું.

હું સચિવશ્રીને સૂચના આપું છું કે આ બન્ને હુકમની કોપીઓ તમામ ધારાસભ્યશ્રીઓના અભ્યાસ માટે પીજીઅન બોકસમાં મૂકવામાં આવે.

શ્રી નીતિનભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ખૂબ વિગતવાર ઓર્ડર કર્યા છે એ અમારા ૧૮૨ સર્વ સભ્યોને ખૂબ ઉપયોગી છે, આવનારા સમયમાં પણ ખૂબ ઉપયોગી થશે. આટલી વિશદ્ છણાવટ કરી નિર્ણય આપવા બદલ અમારા સૌ વતી આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : થેન્ક યુ.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ગુજરાત રાજયમાં કોરોના વાયરસ ન ફેલાય તે માટે રાજય સરકારે લીધેલા પગલાં અંગે

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવા વિનંતી કરું છું.

''તાજેતરમાં વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસે હાહાકાર મચાવેલ છે. સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીમાં ત્રણ હજાર કરતાં વધારે લોકોના મૃત્યુ થયા છે ત્યારે વિશ્વના અનેક દેશોમાં આ વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે ત્યારે ભારત દેશે અનેક દેશોના પ્રવાસીઓના વિઝા રદ કરેલ છે. તેમ છતાં નવા ૬ દર્દીઓમાં આ વાયરસ હકારાત્મક જોવા મળેલ છે. તેમજ ૪૮ કલાકામાં નવા ૧૦ શંકાસ્પદ કેસો જોવા મળેલ છે ત્યારે ગુજરાત રાજયમાં આ કોરોના વાયરસ ન ફેલાય તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં.''

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસના રોગની પરિસ્થિતિથી ગૃહને પ્રથમ માહિતગાર કરતાં જણાવવાનું કે આ રોગની શરૂઆત તા.૧૪/૦૧/૨૦૨૦ના રોજ ચીનના વુહાન પ્રાંતથી શરૂ થયેલ છે. ત્યારથી તા.૧૦/૦૩/૨૦૨૦ની સ્થિતિએ સમગ્ર વિશ્વમાં કુલ ૧૦૦થી વધુ દેશોમાં ૧,૧૩,૭૦૨ કેસ અને ૪,૦૧૨ મરણ નોંધાયેલ છે. ભારતમાં તા.૧૦/૦૩/૨૦૨૦ સુધીમાં કુલ-૫૦ કેસ નોંધાયેલ છે જે પૈકી એક પણ મૃત્યુ થયેલ નથી. ગુજરાતમાં અત્યાર સુધી આ રોગનો એક પણ પોઝીટીવ કેસ નોંધાયેલ નથી.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

કોરોના વાયરસ દ્વારા શરદી સળેખમથી માંડી શ્વાચ્છોશ્વાસની તકલીફ, ન્યૂમોનિયા સુધીની ગંભીર બિમારી થતી હોય છે. આ વાયરસ દ્વારા અગાઉ સાર્સ નામક બિમારી પણ ફેલાયેલ હતી. હાલમાં જોવા મળેલ નોવેલ કોરોના વાયરસ અગાઉ મનુષ્યમાં જોવા મળેલ નથી.

કોરોના વાયરસ એ પ્રાણીઓમાંથી મનુષ્યમાં ફેલાતો વાયરસ છે. ઘણા કોરોના વાયરસ જે પ્રાણીઓમાં ફેલાઇ રહેલ છે તે મનુષ્યમાં હજુ સુધી ફેલાતા નથી. હાલમાં જોવા મળેલ કોરોના વાયરસ સૌ પ્રથમ ચીનના વુહાન અને હુબેઇ પ્રાંતમાંથી ફેલાયેલ છે. આ વાયરસ દરિયાઇ ખોરાક અને અન્ય પ્રાણીઓના ખોરાકમાંથી મનુષ્યમાં ફેલાયેલ હોવાનું મનાય છે પરંતુ હજુ સુધી આ બાબતને સ્પષ્ટ સમર્થન મળેલ નથી અને તે બાદ મનુષ્યથી મનુષ્યમાં ફેલાયેલ હોવાનું મનાય છે. સૌ પ્રથમ ચીનમાં જોવા મળેલ આ વાયરસ હાલની પરિસ્થિતિએ ૧૦૦થી વધુ દેશોમાં ફેલાયેલ છે.

આ વાયરસના મુખ્ય લક્ષણોમાં શરદી, ઉધરસ, તાવ આવવો, માથું દુખવું અને શ્વાચ્છોશ્વાસની તકલીફ હોવાનું જોવા મળેલ છે. આ વાયરસનો ફેલાવો ચેપી વ્યકિત કે વસ્તુના સંસર્ગમાં આવવાથી થાય છે. આ વાયરસથી બચવા માટે લોકોએ અસરગ્રસ્ત દેશોની મૂલાકાત ટાળવી, વારંવાર સાબુથી હાથ ધોવા, હસ્તધૂનનને બદલે નમસ્કારથી અભિવાદન કરવું. ઉધરસ કે છીંક ખાતી વખતે મોં અને નાક રૂમાલ વડે ઢાંકવું, જાહેરમાં થુંકવું નહિ, વ્યકિતગત સ્વચ્છતા જાળવવી, ભીડભાડવાળી જગ્યાએ ન જવું જેવા ઉપાયો કરવા અને જો રોગના કોઇ લક્ષણ જણાય તો તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી જરૂરી સારવાર લેવી જરૂરી છે.

વિશ્વના અનેક દેશોમાં ફેલાતા આ વાયરસને ધ્યાને લઇ ભારત સરકાર અને રાજય સરકાર સતત કાર્યશીલ અને સતર્ક છે અને આ માટે ભારત સરકારના સીધા માર્ગદર્શન હેઠળ રાજય સરકારે તુર્તજ રોગ અટકાયત અને નિયંત્રણ માટેના વિવિધ પગલાં હાથ ધરેલ છે.

આ રોગનાં અટકાયત માટે વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા નિયત કરેલ માર્ગદર્શિકા અને ભલામણની અમલવારી કરવામાં આવી રહી છે.

રાજયમાં કોઇપણ પ્રકારના રોગચાળા અટકાવવા અને નિયંત્રણ કરવા જાહેર આરોગ્ય, મેડીસીન, માઇક્રોબાયોલોજી, પ્રિવેન્ટીવ એન્ડ સોશિયલ મેડીસીનના ૮થી ૧૦ નિષ્ણાંત સભ્યોની સ્ટેટ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે.જે સંપૂર્ણ રાજયમાં તમામ રોગચાળાઓ અંગેની પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી કાર્યવાહી કરે છે. જે આ રોગની પણ સમીક્ષા કરી જરૂરી કાર્યવાહી કરી રહી છે.

**સર્વેલન્સ અને મોનીટરીંગ**

કોરોના વાયરસનો ફેલાવો રાજયમાં ન થાય તે માટે સર્વેલન્સ અને મોનીટરીંગની કામગીરી હાથ ધરવામાં આવે છે.

આજ રોજ સુધી રાજયમાં કુલ **૨૨૩૧** મુસાફરો કોરોનાગ્રસ્ત દેશમાંથી આવેલ છે, જે પૈકી **૧૨૦૭** પ્રવાસીઓએ ૨૮ દિવસનો ઓબ્ઝર્વેશન પિરિયડ પૂર્ણ કરેલ છે જે તમામ મુસાફરોની તબિયત સારી છે. આરોગ્ય વિભાગ દ્વારા આ મુસાફરોનું દૈનિક ધોરણે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. રાજયમાં અત્યાર સુધી કુલ શંકાસ્પદ ૫૬ કેસના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૫૬ એટલે કે તમામના પરિણામ નેગેટીવ આવેલ છે.

અમદાવાદ અને સુરત એરપોર્ટ ખાતે ભારત સરકારશ્રીની ગાઇડલાઇન અનુસાર ચીન, સાઉથ કોરિયા, જાપાન, થાઇલેન્ડ, મલેશિયા, ઇન્ડોનેશિયા, ઇટલી, ઈરાન, નેપાલ, વિએતનામ, હોંગકોંગ, સિંગાપુર ખાતેથી ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં આવનાર પેસેન્જરનું એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ કરવામાં આવે છે. તેમજ તેનું સેલ્ફ ડીકલેરેશન ફોર્મ ભરાવવામાં આવે છે. જેની વિગતો સંબંધિત જિલ્લા/કોર્પોરેશનને મોકલી આ પેસેન્જરનું ૨૮ દિવસ માટે ફોલોઅપ કરવામાં આવે છે.

રાજયમાં સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ–૨ અને સુરત એરપોર્ટ ખાતે કોરોના વાયરસ માટે સ્ક્રીનીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

અમદાવાદ અને સુરત એરપોર્ટ પર આવતાં મુસાફરોનું સ્ક્રીનીંગ કરવા માટે ૮ તબીબી અધિકારી અને ૨૧ પેરામેડીકલ સ્ટાફ સહિતની ૮ મેડીકલ ટીમ તથા થર્મલ સ્કેનર, પી.પી.ઈ. કીટ, એન–૯૫ માસ્ક અને એડવાન્સ લાઇફ સપોર્ટ એમ્બ્યુલન્સ ૧૦૮ તૈયાર રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત, અમદાવાદ એરપોર્ટ ખાતે ટર્મિનલ–૧ તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર પણ હેલ્થ એલર્ટ ડિસ્પ્લે કરવામાં આવેલ છે.

રાજ્યના તમામ બંદરો ખાતે પણ કોરોના વાયરસ અંગે સ્ક્રીનીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આજ દિન સુધી કુલ ૫૫ શીપમાં ૨,૩૬૬ જેટલા વ્યકિતઓનું સ્કીનીંગ કરવામાં આવેલ છે. જેમાં મોટાભાગે ક્રુ મેમ્બરનો સમાવેશ થાય છે.

ભારત સરકારશ્રીની સૂચનાથી નિષ્ણાતોની ટીમ દ્વારા, દેશના ૧૪ એરપોર્ટ ખાતેની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહેલ છે. જે અન્વયે, નેશનલ સેન્ટર ફોર ડીસીઝ કન્ટ્રોલ (NCDC), દિલ્હી અને વી.એમ.સી.સી. મેડીકલ કોલેજ, દિલ્હીનાં નિષ્ણાંતોની એક ટીમ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ, અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ, અમદાવાદની

પણ મૂલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવેલ છે અને રાજ્ય કક્ષાએ ચાલી રહેલ તૈયારીઓની સમીક્ષા કરી માર્ગદર્શન પૂરું પાડી, કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ છે.

આરોગ્ય કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર અને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગર ખાતે કોરોના વાયરસ રોગચાળા અંગે કન્ટ્રોલ રૂમ શરુ કરવામાં આવેલ છે.

**સારવાર અને નિદાન**

રાજ્યમાં સારવાર અને નિદાન માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે જેમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવેલ છે. જેમાં ૨૯ આઇસોલેશન બેડ તેમજ ૨૯ વેન્ટીલેટર સહીત અદ્યતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરુ કરવામાં આવેલ છે.

રાજ્યની અન્ય મેડીકલ કોલેજ અને ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં વેન્ટીલેટર સહિતના અદ્યતન સાધનોની સુવિધા ધરાવતા આઇસોલેશન વોર્ડ શરુ કરવામાં આવેલ છે. હાલ રાજ્યમાં કુલ ૫૭૬ આઈસોલેશન બેડ અને ૨૦૪ વેન્ટીલેટર ઉપલબ્ધ છે.

રાજ્યમાં વિવિધ હોસ્પિટલોમાં પર્સનલ પ્રોટેક્ટીવ કીટ (પી.પી.ઈ. કીટ)–૨૪, ૫૫૫, એન–૯૫ માસ્કનો– ૩૯,૦૪૧, ટ્રીપલ લેયર માસ્કનો– ૮,૯૨,૩૦૦ તથા ગ્લવ્ઝનો – ૨૧,૨૫,૬૦૦ જેટલો જથ્થો ઉપલબ્ધ છે. આમ, રાજ્યમાં લોજીસ્ટીકની હાલ કોઈ અછત જણાતી નથી. ઉપરાંત વધારાના જથ્થાની ખરીદીના આદેશો કરેલ છે.

રાજ્યની બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ અને એમ.પી.શાહ મેડીકલ કોલેજ જામનગર ખાતે કોરોના વાયરસના લેબૉરેટરી પરીક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જયાં તા.૧૦/૦૩/૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ ખાતે ૧૨૦ અને જામનગર ખાતે ૧૫૦ વ્યકિતઓના સેમ્પલ લઈ શકાય તેટલી કીટો ઉપલબ્ધ છે અને જો વધુ જરૂરિયાત જણાય તો જરૂરી કીટો ભારત સરકારના ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ (ICMR) દ્વારા પૂરી પાડવામાં આવે છે. શંકાસ્પદ કેસના ગળાના અને નાકના સ્વોબના સેમ્પલ લઈને આ રોગની તપાસણી કરવામાં આવે છે. આ ચકાસણીનો રીપોર્ટ ૨૪ કલાકની અંદર આપી દેવામાં આવે છે. રાજયમાં અત્યાર સુધી લેવામાં આવેલ ૫૬ ટેસ્ટના રીપોર્ટ નેગેટીવ આવેલ છે. એટલે કે કોઇ પણ કેસમાં કોરોના વાયરસનો રોગ જોવા મળેલ નથી. વધુમાં, રાજ્યમાં જરૂર પડે સુરત, રાજકોટ અને વડોદરા ખાતે કોરોના વાયરસના ટેસ્ટીંગ માટેની સુવિધા ઉભી કરવામાં આવશે.

રાજ્યની ઈન્ટેન્સીવ કેર યુનીટ(આઈ.સી.યુ.)ની સુવિધા ધરાવતી પ્રાઈવેટ હોસ્પિટલોને કોરોના વાયરસની સારવાર અંગે સુવિધા ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવેલ છે.

**તાલીમ**

રાજ્યમાં તમામ જિલ્લા/કોર્પોરેશનમાં રાજ્યના સિનિયર તબીબ દ્વારા ઈન્ડિયન મેડીકલ એસોસીએશન (આઈ.એમ.એ.) સાથે ૬૧ જેટલી બેઠકો કરી ૩,૭૦૦થી વધુ ખાનગી તબીબોને કોરોના વાયરસ માટે તાલીમ આપેલ છે.

કોરોના વાયરસ અંગે જન–જાગૃતિ માટે એફ.એમ. રેડિયોમાં જિંગલ તથા પ્રાદેશિક ન્યૂઝ ચેનલોમાં વિડીયો સ્પોટ/જાહેરાત પ્રસારિત કરવામાં આવે છે અને સ્ક્રોલ પ્રદર્શીત કરવામાં આવે છે.

પ્રાથિમક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને વ્યકિતગત સ્વચ્છતા, હાથ ધોવાની સાચી રીત અંગે માહિતગાર કરવામાં આવેલ છે.

રાજ્યના તમામ લોકોને આ રોગ અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે રાજ્ય કક્ષાએથી ૨૪ કલાક હેલ્પલાઈન નં. ૧૦૪ (ટોલ ફ્રી) શરુ કરેલ છે.

આમ, રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર સરકાર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને આ રોગનો ફેલાવો અટકે અને જરૂરિયાત પ્રમાણે અસરગ્રસ્ત દર્દીઓને યોગ્ય સારવાર મળે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોકત સઘન પ્રયાસોને લઈને આજની સ્થિતિએ આપણા રાજયમાં એક પણ પોઝીટીવ કેસ નોંધાયેલ નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વની અંદર કોવીડ ૧૯ એટલે કે કોરોના વાયરસે હાહાકાર મચાવેલ છે અને સમગ્ર વિશ્વને કયારેય આ પ્રકારનું વિચલીત કર્યું હોય તેવું યાદ આવતું નથી. બીજા વિશ્વયુદ્ધ પછી સમગ્ર વિશ્વ આજે એક પ્રકારનું યુદ્ધ લડી રહ્યું છે. કરોડો લોકો આજે બંધકની સ્થિતિમાં ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં મિડલીસ્ટ રેસ્પારેટી સીન્ડ્રોમ કોરોના વાયરસ એટલે કે મેટ સી. ઓ. વી. જાણમાં આવેલું જેનું આજનું સ્વરુપ કોવીડ–૧૯ તરીકે ઓળખાય છે. આ લક્ષણોની શરૂઆતનો સેવનનો ગાળો પાંચ દિવસનો હોય છે અને લગભગ સાડા અગિયાર દિવસ પછી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા બાદ આ વાયરસના લક્ષણો દેખાવાનું ચાલુ થાય છે. વર્ષ ૨૦૧૯માં ચાઇનાના વુહાન પ્રદેશમાં પ્રથમ વખત આ વાયરસે દેખા દીધી અને હાલ માત્ર ચાઇનાની અંદર ૮૦,૦૦૦ કરતા વધારે કોરોના વાયરસગ્રસ્ત લોકો છે અને વિશ્વમાં ૪૨૦૦ કરતા વધારે લોકો આ વાયરસના રોગથી મૃત્યુ પામ્યા છે. જેમાં માત્ર એકલા ચાઇનામાં ૩૧૫૮ લોકો, જયારે ઇટાલી બીજા નંબરનો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે તેમાં ૪૩૬ લોકો અને ત્યારબાદ ઈરાન ત્રીજા નંબરનું સૌથી અસરગ્રસ્ત રાજય છે. ઇંગ્લેન્ડના સ્વાસ્થ્યમંત્રી પણ કોરોના વાયરસથી અસરગ્રસ્ત છે અને ઇંગ્લેન્ડમાં મનોહર કૃષ્ણ પ્રભુ નામના ભારતીય મૂળના નાગરિકનું આ કોરોના વાયરસથી મૃત્યુ થયું છે. ત્યારે ઇટાલીમાં ૬ કરોડ કરતા વધારે લોકોને એક પ્રકારે બંધક બનાવી અને તેના ઉપર નિયંત્રણ મૂકી દેવામાં આવ્યું છે. ભારતમાં કેરળ રાજય છે એમાં સૌ

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

પ્રથમ આ કોરોના વાયરસગ્રસ્ત લોકો જોવા મળ્યા અને ત્યારથી આજની તારીખ સુધી કહીએ તો ભારતમાં ૬૨ જેટલા કોરોના વાયરસ પોઝીટીવ કેસ થયા છે. ગુજરાતમાં પણ ઘણા બધા સસ્પેકટેડ હતા પરંતુ સદભાગ્યે એક પણ કેસ પોઝીટીવ જોવા મળ્યો નથી અને ભારતમાં એક પણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી એ પણ આપણું સદભાગ્ય છે. આ સંદર્ભે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ગુજરાતમાં હાલ કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે? ખાસ કરીને એરપોર્ટ ઉપર જોવામાં આવે છે કે ખૂબ સાદા વસ્ત્રોની અંદર એના જે કર્મચારીઓ છે એ થર્મલ ટેમ્પરેચર માપતા હોય છે. કોઇ ડ્રેસ પ્રોટોકોલ મેઇન્ટેન કરવામાં આવતો નથી, ખાસ કરીને બસ સ્ટેશન, રેલવે સ્ટેશન ઉપર આ પ્રકારની બિલકુલ વ્યવસ્થા જોવામાં આવતી નથી. જિલ્લા કક્ષાએ હમણાં જ હું અમારા સુરેન્દ્રનગર જિલ્લાની ગાંધી હોસ્પિટલ, અમારી સિવિલ હોસ્પિટલ છે ત્યાં ગયો હતો અને આઇસોલેશન વોર્ડની પણ મૂલાકાત લીધી હતી. પણ જે પ્રકારની આ વાયરસની ગંભીરતા છે, જે પ્રકારે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચ્યો છે એ પ્રકારની વ્યવસ્થા હજુ ગુજરાતમાં જોવા મળતી નથી અને ખાસ કરીને અમદાવાદ, રાજકોટ, સુરત જેવા શહેરોનો જે ઝૂંપડપટ્ટી વિસ્તાર છે એમાં જો આ વાયરસનો એક વખત ફેલાવો થઇ ગયો તો એને કોઇ કાળે કાબૂમાં લઇ શકાશે નહીં. એટલે ખાસ કરીને મારું સૂચન પણ છે અને આપના માધ્યમથી પૂછવા પણ માગું છું કે જયારે સમગ્ર વિશ્વ આજે એક મેડિકલ પ્રોટોકોલની ઇમરજન્સી સ્થિતિમાં આવી ગયું હોય તો ગુજરાતની અંદર જે ખાસ કરીને સિનેમા ગૃહો છે, મોટા મોટા મોલ્સ છે અને જયાં સૌથી વધુ માનવ મેદની એકઠી થતી હોય તેવી તમામ જગ્યાઓ ઉપર વીસથી પચ્ચીસ દિવસનો પ્રતિબંધ મૂકી એને બંધ કરી અને સમગ્ર રાજયની અંદર એક સબળ મેડિકલ પ્રોટોકોલ લાગુ કરી અને એ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવા માગે છે કે કેમ એ ઉપર એમનું નિવેદન આપવાની કૃપા કરવા હું એમને વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નૌશાદભાઇ, માનનીય દુષ્યંતભાઇ, માનનીય પ્રદિપભાઇ અને માનનીય સભ્યશ્રી સીમાબેન મોહિલે આખા દેશની જનતાની લાગણી છે એ ગુજરાતની ૬ કરોડ ૩૦ લાખની જનતાની લાગણી છે એ વ્યકત કરવા માટે નિયમ ૧૧૬ નીચે નોટિસ આપી છે એ ખૂબ જ સમયોચિત છે.

આપણે બધા જાણીએ છીએ કે નાનામાં નાનું ગામડું હોય કે મોટું શહેર હોય કે મિડિયા હોય કે ટી.વી. ચેનલ હોય કે પેપર હોય આ બધી જ જગ્યાએ એક જ વિષયની ચર્ચા સમગ્ર વિશ્વમાં કોરોના વાઇરસની થઇ રહી છે આ ખૂબ જ ગંભીર બાબત છે વિષય પણ મોટો છે. ખૂબ ચિંતાજનક જોખમ, પ્રજાના આરોગ્યની સલામતી ખતરારૂપ કોરોના વાઇરસ છે એવું આપણે બધા જ જાણીએ છીએ. ચીનમાંથી આની શરૂઆત થઇ છે અને આખા વિશ્વમાં એ ફેલાઇ ચૂકયો છે. સદ્ નસીબે ભારત દેશમાં અને આપણા ગુજરાતમાં એને દાખલ થતો અટકાવવામાં મોટા પાયે સફળ થયા છીએ. ભારતના કેટલાક રાજયોમાં ખાસ કરીને કેરાલા વગેરેમાં આના પોઝિટિવ કેસો માલુમ પડ્યા છે. અમે આને લગતી સાત પાનાની સંપૂર્ણ વિગતો આપી છે એ ગૃહના તમામ સભ્યશ્રીઓ તથા મિડિયા મારફતે પ્રજાની જાણકારી માટે આપી છે. આપણા રાજયમાં અત્યારે જે કેસો આવ્યા છે એમાં એરપોર્ટ ઉપર સ્ક્રીનીંગ કરીએ છીએ. ભારત સરકારની ગાઇડ લાઇન છે એ પ્રમાણે ઇન્ટરનેશનલ ફલાઇટમાં જે પ્રવાસીઓ ભારતમાં અથવા ગુજરાતમાં દાખલ થાય છે એમનું પણ આપણે એરપોર્ટ ઉપર સક્રીનીંગ કરીએ છીએ. આપણે ત્યાં ગુજરાતમાં જુદી જુદી ફલાઇટો આવતી હોય છે એમાં ખાસ કરીને ઇન્ટરનેશનલ ફલાઇટો અમદાવાદ અને સુરત એરપોર્ટ ઉપર આવે છે. આ બંને એરપોર્ટ ઉપર શરૂઆતથી જ આપણને જે માહિતી મળી કારણ કે ભારત અને ગુજરાત એમાં પણ ખાસ કરીને ભારતમાં ગુજરાત વિશેષ કરીને આપણા ગુજરાતીઓ ટુરિસ્ટ તરીકે અનેક દેશોમાં ફરતા હોય છે. ગુજરાતના વેપારીઓ, ઉદ્યોગપતિઓ, બિઝનેશમેનો જુદા જુદા દેશોમાં અને ખાસ કરીને ચીનના સતત સંપર્કમાં હોય છે. કોઇપણ સમયે ત્યાં જાવ તો બે થી પાંચ હજાર ગુજરાતના લોકો ચીનમાં ઉપલબ્ધ હોય છે. ચીન સાથેનો આપણો બિઝનેશ અને ટુરિસ્ટ વ્યવહાર છે. એ સિવાય દક્ષિણ આફ્રિકા હોય કે બીજા દેશોમાં જવાનું હોય અત્યારે ઇટાલીનો સમાવેશ થઇ ચૂકયો છે. આવા દેશોમાંથી ઇન્ટરનેશનલ ફલાઇટમાં પ્રવાસીઓ આવે છે એને ચકાસવાની વ્યવસ્થા આપણે કરેલી છે. પ્રાથમિક રીતે એના શરીરમાં તાવ હોય, ખાંસી હોય કે ઉધરસ હોય કે ગળામાં સોજો છે કે કેમ એની પ્રાથમિક તપાસ કરવામાં આવે છે. ખાસ કરીને એરપોર્ટ ઉપર જ એમ લાગે કે આ દર્દી છે એને સુપરવિઝન કે દેખરેખની જરૂર છે તો આપણે તરત જ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે જગ્યાએ આઇસોલેટેડ વોર્ડ બનાવેલા છે એની પૂરેપૂરી માહિતી આપી છે એ પ્રમાણે બધી જ જગ્યાએ વ્યવસ્થા ઉભી કરી દીધી છે. પરંતુ સદનસીબે હજી એક પણ પોઝિટિવ કેસ પ્રાપ્ત થયો નથી. જેટલા લોકો આવ્યા એની ચકાસણી કરીએ છીએ અને શરૂઆતમાં આપણે ત્યાં લેબોરેટરીની વ્યવસ્થા નહોતી એ પણ ઉભી કરી દીધી છે અને લગભગ દસથી બાર કલાકમાં જેનો ટેસ્ટ લીધો હોય એ દર્દી પોઝેટિવ છે કે નેગેટિવ એનું રિઝલ્ટ આપણને મળતું હોય છે. એટલે બધા જ નેગેટિવ રિઝલ્ટ આપણને પ્રાપ્ત થયા છે. આ બહુ જ શરૂઆતમાં ચીનમાં પણ આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ જે મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરવા માટે આ શહેરોમાં જ હતા. મારે આભાર માનવો છે આ તકે આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇનો, ગૃહ મંત્રીશ્રી અમિતભાઇનો અને વિદેશ મંત્રીશ્રી જયશંકરજીનો કે, જે આપણા જ ગુજરાતના સંસદ સભ્ય છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા આપણે ધ્યાન દોર્યું કે, અમારા વિદ્યાર્થીઓ ત્યાં છે. તો એ બધા વિદ્યાર્થીઓને વહેલી તકે અહીંયાં પાછા લાવવાની વ્યવસ્થા કરી આપો તો એ પણ કરી આપી. હમણાં જ બે દિવસ પહેલાં જ આપણે જોયું કે, ઇરાનમાંથી પણ જે ગુજરાતીઓ અથવા ભારતીયો ફસાયા છે એમને પણ પાછા લાવવા માટે ઇન્ડિયન એરફોર્સના એક પ્લેન દ્વારા ગઇ કાલે જ એમને પાછા લાવ્યા અને એમને આઇસોલેશનમાં રાખવામાં આવ્યા છે. એટલે એરપોર્ટ ઉપર જ એની ચકાસણી થાય.

ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી નૌશાદભાઇએ જે વાત કરી, એટલો મોટો હાઉ બનાવી દેવાની પણ અત્યારના તબક્કે કોઇ જરૂરિયાત નથી. ચીન પણ આટલો મોટો દેશ છે, દોઢસો કરોડની વસ્તી ધરાવતો, તો ચીનમાં પણ પાંચ-સાત શહેરો જે અસરગ્રસ્ત છે એને જ બધી રીતે બ્લોક કરી દીધા છે. બાકી આખા ચીનમાં બીજો બધો જ વ્યવહાર જેમ કે, ધંધા, રોજગાર, શિક્ષણ એ બધું યથાવત ચાલુ છે. આપણે ત્યાં દેશમાં ભારત સરકારની એકદમ જાગૃકતાથી આરોગ્ય મંત્રાલયના ડો. હર્ષ વર્ધન સતત મોનિટરિંગ કરી રહ્યા છે. ભારત સરકારના મુખ્ય સચિવશ્રીએ પણ દરેક રાજ્યોના મુખ્ય સચિવો સાથે, આરોગ્ય સચિવો સાથે સતત વિડિયો કોન્ફરન્સથી સંકલન જાળવી રાખ્યું છે. આપણને કીટ આપી દીધી છે. એ કીટ દ્વારા મેં કહ્યું એમ દસથી બાર કલાકમાં એ દર્દીનો રિપોર્ટ આપણે મેળવીએ છીએ અને એ જો પોઝેટિવ હોય તો જ આ આઇસોલેશન વોર્ડ વગેરે વ્યવસ્થાનો આપણે ઉપયોગ કરવાનો થાય છે પણ હજુ સુધી કોઇ વ્યવસ્થા આપણે કરવી પડી નથી. જે હોટેલો મોટી છે જયાં આગળ પરદેશથી આવેલા લોકો મોટા પ્રમાણમાં ઉતરે છે એવી હોટેલોમાં પણ આપણે સ્ક્રીનીંગની વ્યવસ્થા ચાલુ કરી દીધી છે. એટલે જ્યાં શક્ય છે, પરદેશથી આવેલા લોકો છે અથવા પરદેશી લોકો છે અથવા ભારતીય પરદેશથી ધંધા માટે, ફરવા માટે, અભ્યાસ માટે કે કોઇ પણ કામ માટે પરદેશમાં ગયા હોય તો ત્યાંથી જો પાછા આવે તો એનું સ્ક્રીનીંગ દેશના બધા એર પોર્ટો ઉપર થાય છે. આપણે ત્યાં સીધી ફ્લાઇટ જે ઇન્ટરનેશનલ આવે છે એની ચકાસણી આપણે અત્યારે કરીએ છીએ.

તાજેતરમાં યુરોપના અને કેટલાક દેશોમાં ઇરાન સહિતના આમાં મોટા પ્રમાણમાં ફેલાવો જણાઇ આવ્યો છે. એટલે ગઇ કાલે જ ભારત સરકારે નવી એડવાઇઝરી, માર્ગદર્શક રેખા જે જાહેર કરી છે એ પ્રમાણે હવે જર્મની, ફ્રાન્સ અને સ્પેન આ ત્રણ દેશોમાંથી આવનારા વિદેશીઓ અથવા ભારતીયો જે ત્યાંથી આવ્યા હશે અને ભારતના કે ગુજરાતના એરપોર્ટ ઉપર ઉતરશે તો એનું સ્ક્રીનીંગ પણ આપણે કરીએ છીએ. આપણે બધી જ રીતે એની જાગૃકતા, એની છણાવટ, એનો રિવ્યુ, સતત મોનિટરિંગ, એનું ફોલો અપ બધું જ આરોગ્ય વિભાગ દ્વારા ભારત સરકારના સંકલનથી કરી રહ્યા છીએ. અને આ મિનિટ સુધી તો આપણે સદનસીબ છીએ કે, હજુ ગુજરાતમાં કોઇ પણ કેસ કોરોના વાયરસનો પોઝેટિવ એ આવ્યો નથી. છતાં આપણે જાગૃત છીએ, વિદ્યાર્થીઓને અને સ્કૂલોમાં માર્ગદર્શન આપ્યું છે. હાથ ધોવા, દિવસમાં વારંવાર ધોવા અથવા કોઇને નમસ્તે કરીને હવે સ્વાગત કરવું. શેક હેન્ડ ના કરવા. આ પશ્ચિમની પ્રણાલી છે શેક હેન્ડ કરવાની. આ લોકોને જે શેક હેન્ડ કરતા હોય તો શક્ય છે કે, એ વાયરસ આવી શકે, તો નમસ્તે કરીએ. આપણે પણ બધા એક બીજાને નમસ્તે કરીએ તો હું માનું છું કે, શ્રી બળદેવજી અને શ્રી લલીતભાઇ અહીંથી જ મને નમસ્તે કરે છે સાહેબ, એટલે મને કહે કે દૂર રહો. હું એ કહું છું કે, તમનેય નમસ્તે. આપણે બધા એક બીજાને જાળવીએ, સહકાર આપીએ. બસ સ્ટેશનો હોય, રેલવે સ્ટેશનો હોય, માનનીય અધ્યક્ષશ્રી, આપણો ગીચ વસ્તીવાળો દેશ છે.

અધ્યક્ષશ્રી : દિલથી મળીએ, હાથથી નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દિલથી મળીએ પણ કોઇને એમ લાગે કે મને બોલાવ્યો નહીં અને મારી સામે ન જોયું. તેના કરતા નમસ્કાર કરી દઇએ એટલે સારું લાગે કે મારા ઉપર ધ્યાન ગયું. આ આપણો વિવેક પણ છે. ભારતીય સંસ્કૃતિમાં તો નમસ્તે જ છે. હમણાં આપણે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ કર્યો હતો. એટલે આ બધું આપણે કરીએ જ છીએ. એટલે આને ગંભીરતાથી અમે લઇએ છીએ. છતાં આપના કોઇ સૂચનો હોય, ક્યાંય કોઇ શંકાસ્પદ બાબત લાગે, શરદી સળેખમ વધારે પડતું હોય, કોઇને તાવ હોય, પરિવારમાં કોઇને વધારે હોય તો ચોક્કસ ધ્યાન દોરજો. જે દર્દીઓ આવ્યા, નેગેટીવ છે. છતાં તેના ઘરે અત્યારે આરોગ્ય વિભાગે ફોલોઅપ ચાલુ રાખ્યું છે. મેડિકલી એમ કહેવાય છે કે ૧૪ દિવસ સુધી એની દેખરેખ રાખવી જરૂરી છે. ૧૪ દિવસ સુધી તેને કોઇ જાતનું ઇન્ફેક્શન ન થયું હોય તો પછી એ કોઇ રીતે જોખમી રહેતા નથી એવું મેડિકલ સાયન્સ કહે છે. એ રીતે આપણે જેનું પણ સ્ક્રીનીંગ કર્યું છે, નેગેટીવ આવ્યા છે છતાં પણ અથવા શંકાસ્પદ જણાય એવા બધા કેસોમાં ૧૪ દિવસ સુધી આપણે ફોલોઅપ કરીએ છીએ. એટલે બધાને પ્રચાર-પ્રસાર કરવા, કોઇ ખોટી ગભરાહટ ઉભી ન થાય, કોઇ ખોટો હાહાકાર ન થાય, કોઇ આપણી વ્યવસ્થાનો દુરુપયોગ ન કરી જાય એ બધી જ રીતે સરકાર કાળજી રાખી રહી છે. આપ સૌ પણ એમાં સહયોગ આપો એવી આપના મારફત સૌ માનનીય સભ્યશ્રીઓને અમારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ, કંઇ પૂછવું છે? માનનીય પ્રદિપભાઇ પરમાર, કંઇ પૂછવું છે? માનનીય સીમાબેન, આપને? કંઇ ખાસ સૂચન હોય.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને એક સૂચન અને એક સવાલ પૂછવા માગું છું. સવાલ એ છે કે આપણે પ્લેનથી આવતા લોકોનું સ્ક્રીનીંગ કરીએ છીએ પણ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લો. એમાં વિશાળ પ્રમાણમાં વહાણવટા સાથે સંકળાયેલા લોકો છે અને આખા વિશ્વની સાથે એમનો વેપાર છે. દરિયાઇ માર્ગે વિદેશથી એટલા બધા લોકો આવે છે એમના માટે આપણી પાસે કોઇ વ્યવસ્થા છે કે નહીં? કારણ કે એક તો અનએજ્યુકેટેડ છે. વિશ્વના વિવિધ દેશોમાં જાય છે અને ત્યાંથી આવે છે એટલે કોઇ પણ જાતની કેર પણ નથી કરતા. એટલે આ એક સવાલ છે અને સૂચન પણ છે કે હમણાં જામનગરમાં કલેક્ટરશ્રીએ ડિફેન્સની ત્રણે પાંખો મિલિટરી, એરફોર્સ અને નેવી એમના વડાઓને પણ મિટિંગમાં બોલાવ્યા. એનાથી એટલો બધો હાહાકાર થઇ ગયો. મને ઘણાં બધા લોકોએ પૂછ્યું કે શ્રી વિક્રમભાઇ, આટલું બધું વિકરાળ સ્વરૂપ જામનગરમાં, કારણ કે જામનગરમાં એક શંકાસ્પદ કેસ આવ્યો. છાપાઓની હેડલાઇન બની. તેના પછી કલેક્ટરશ્રીએ સારા માટે પોઝિટીવલી મિટિંગ કરી હશે. હું એમાં કોઇ ઓબ્જેકશન નથી લેતો. પણ પબ્લિકમાં એક જાતનો ખોટો

હાઉ પેદા થાય છે કે શું ભયંકર રોગચાળો આવી રહ્યો છે અને આના માટે શું કરવું જોઇએ? તો આ એક સૂચન અને એક સવાલ છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપશે તો આનંદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિક્રમભાઇને મારી વિનંતી છે કે મેં જે અહેવાલ રજૂ કર્યો તેનું પાના નં.૪ આપ જોઇ લો. તેમાં આપણે સ્પષ્ટ કર્યું છે. તમારી વાત સાચી છે. બાય ફ્લાઇટ પણ આવે, બંદર ઉપર પણ આવે. ગુજરાત ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. એટલે આપણે ત્યાં પોર્ટ પણ મોટા પ્રમાણમાં છે. એટલે અમારા જવાબમાં અમે લખ્યું જ છે કે રાજ્યના તમામ બંદરો ખાતે આપણે જેમ એરપોર્ટ ઉપર સ્ક્રીનીંગ હોય તેમ બહારથી કોઇ પોર્ટ મારફત આવે, સ્ટીમરો મારફત આવે તેના ક્રુ હોય, જે વહાણવટામાં જતાં-આવતાં હોય તેની પણ કોરોના વાઇરસની તપાસણી કરીએ છીએ. અત્યાર સુધી ૨૩૬૬ જેટલા વ્યક્તિઓ બહારથી ક્રુ મારફત પેસેન્જર તરીકે જે પોર્ટ ઉપર આવ્યા છે, ગુજરાતમાં દરિયાઇ માર્ગે આવ્યા છે તેમનું આપણે સ્ક્રીનીંગ કર્યું છે અને એ પ્રથા ચાલુ છે. બીજું, આપે કહ્યું હાહાકાર ન થાય. શ્રી નૌશાદભાઇએ તો એવી માગણી કરી કે બધું જ બંધ કરી દો. થિયેટરો, એસ.ટી. સ્ટેન્ડ, મોલ, રેલ્વે સ્ટેશન આ બધું વ્યવહારિક રીતે શક્ય નથી. હજુ કહું છું કે એ સ્થિતિ ભગવાન આપણે ત્યાં નથી લાવ્યા. આપણે તેનાથી સાવચેત જરૂર છીએ, પણ નાગરિકોમાં એવી કોઇ ગભરાહટ ઉભી કરવાની પણ જરૂરિયાત નથી. કે જેથી આખા રાજયનું બધું તંત્ર ખોરવાઇ જાય, બિનજરૂરી ઉહાપોહ થાય, બિનજરૂરી ગભરાટ થાય એવું પણ ના જ કરવું જોઇએ એ સરકાર તરીકે અમારી આપને બધાને વિનંતી છે. જે કંઇ કરવાપાત્ર હશે એ બધું સરકાર કરશે, આરોગ્ય વિભાગ કરશે, ભારત સરકાર કરે છે અને જેને પણ કંઇ લાગે તો ચોકકસ અમારું ધ્યાન દોરજો, અમે ફોલોઅપ કરીશું.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના (સાતમા)અહેવાલની રજૂઆત

શ્રી રાઘવજીભાઇ પટેલ (સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી રાઘવજીભાઇ પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) :** માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું. આપણા વડવાઓની એક કહેવત કહી કે, '' જેના રાજા વેપારી, એની પ્રજા ભીખારી'' આ વાત મારે એટલા માટે કહેવી પડી કે ફકત અને ફકત ઔડામાં સમાવિષ્ટ કલોલ તાલુકાના મારા ૩૭ ગામની વાત કરું તો ૧,૮૯,૬૪૮ વીઘા જમીન આવેલી છે. ૨૪,૨૯૦ વીઘા જમીન એ ગૌચર અને ખરાબાની આવેલી છે. ૪૦ ટકા કપાત અને ખરાબાની જમીન ગણીએ તો એક લાખ વીઘાથી વધુ જમીનની માલિક સરકાર થવાની છે. આ જમીનની આજની કિંમત ગણવા જઇએ તો હું માનું છું ત્યાં સુધી એક લાખ અને વીસ હજાર કરોડ રૂપિયા જેટલી કિંમત થઇ રહી છે. વારંવાર આ રજૂઆત મેં ગૃહ સમક્ષ કરેલી છે કે જેટલી જરૂરિયાત પૂરતા ગામડાઓ હોય એટલા ગામડાઓ રાખો, ખેડૂતોની જમીનો ૪૦ ટકા કપાતના નામે ગૌચરની જમીનના નામે સરકાર વેપાર ના કરે એવી હું વિનંતી કરું છું અને એ અંગે હું સરકારનું ધ્યાન પણ દોરું છું. ઓ.એન.જી.સી.ની જેમ આ ગુજરાત સરકારે જી.એસ.પી.સી. કંપની બનાવી હતી, બનાવ્યા પછી આજ દિન સુધી ગુજરાત સરકારે એમાં જમીનમાંથી ઓઇલ અને કુદરતી ગેસ કાઢવા માટે રૂપિયા ૩૦ હજાર કરોડ જેટલો ખર્ચ કર્યો, રૂપિયા ૩૦હજાર કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં લગભગ હું માનું છું ત્યાં સુધી સો કે બસ્સો કરોડ રૂપિયા જેટલો આપણને ગેસ કે ઓઇલ મળ્યું નથી. આ પૈસા પાણીમાં ગયા? હોલમાં ગયા કે કયાં ગયા એ આજ દિન સુધી ખબર પડી હોય એવું મને લાગતું નથી. વાઇબ્રંટ ગુજરાતમાં ઘણા બધા ઉદ્યોગકારો ઘણા વર્ષોથી આવે છે. મૂડી રોકાણની વાતો કરે છે, એમ.ઓ.યુ. કરે છે. મને હવે ખબર પડી કે ગુજરાતમાં ઉદ્યોગપતિઓ કેમ આવે છે? રૂપિયા ૫૦હજારની શરૂ થયેલી કંપની એક વર્ષની અંદર ૮૦ કરોડ રૂપિયા કમાઇ જતી હોય તો સમગ્ર ભારત દેશના તમામે તમામ ઉદ્યોગપતિઓ જાણે કે રૂપિયા ૫૦૦૦૦માંથી આપણે રૂપિયા ૮૦ કરોડ કરી નાખીશું એમ વિચારીને કદાચ આવતી હોય એવું મને લાગે છે. વારંવાર મેં એક વાત પર આ ગૃહનું ધ્યાન દોર્યું છે કે ગુજરાતના એક અધિકારી દ્વારા આપણા કેરળના કોચી બંદરે માહિતી મુજબ ૨ હજાર કરોડના ખર્ચે એક બંદર વિકસાવવામાં આવ્યું છે. ગુજરાતના પૈસા કેરળના કોચી બંદરે જાય એવું ન થાય અને એની તપાસ થાય તો એ ગુજરાતના પૈસા ગુજરાતમાં પરત આવે એવું પ્રથમ દૃષ્ટિએ જણાઇ રહ્યું છે. ઘણી બધી વાતો આ સરકાર કહી રહી છે. ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતમાં ભ્રષ્ટાચાર થતો નથી. મેટ્રો રેલ પ્રોજેક્ટ શરૂ થાય એ પહેલા એનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો હતો અને એક આઇ.એ.એસ. અધિકારી જેલમાં ગયા હતા. આ રાજ્યમાં રોજગારીની તકો ઉભી થતી નથી. ગુજરાતના તમામ યુવાનો રોજગારી અને નોકરી માટે પછી એ ૩ હજાર તલાટીઓની જગ્યાઓ પડતી હોય તો ૯ લાખ અરજીઓ આવતી હોય, ૩ હજાર

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

કારકુનની જગ્યા પડતી હોય તો ૧૦ લાખ અરજીઓ આવતી હોય અને ૪ હજાર એલ.આર.ડી.ની ભરતી માટેની જગ્યા પડતી હોય ત્યારે ૧૨ લાખ જેટલી અરજીઓ આવતી હોય તો આને શું ગુજરાતની અંદર યુવાનોની બેરોજગારી ન કહી શકાય? શું કરવાથી ગુજરાતમાં બેરોજગારી ઓછી છે એ કહેવા માટે આ તમામ જગ્યાઓ ભરવા માટે ધોરણ–૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ અરજી કરી શકતા નથી. એ વિદ્યાર્થીઓને બંધ કરીને આવી તમામ જગ્યાઓ ઉપર ગ્રેજ્યુએટનું ધોરણ લાવી દઇને ગુજરાતની અંદર બેરોજગારોની સંખ્યા ઓછી દેખાય એ માટે આ સરકારે વારંવાર પ્રયત્નો કર્યા છે. હમણાં જ અમારા ગૃહમંત્રી એલ.આર.ડી.ની પરીક્ષા અને ભરતીની વાત કરી રહ્યા હતા અને શાબાશી મેળવતા હતા. મારે કહેવું છે કે તા.૧–૮–૨૦૧૮નો ઠરાવ જ્યારે અમલમાં આવ્યો છે ત્યારે એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ની ૪૯ ટકા અનામત રહેવાની છે. અભિનંદન આપીશ હાર્દિક પટેલને કે સમગ્ર ગુજરાત રાજ્યની અંદર અનામતની વાત લઇને નીકળ્યા ત્યારે સરકારે એ વાતને કબૂલ કરી અને ૧૦ ટકા ઇ.બી.સી. આપવાનું નક્કી કર્યું છે. ૧૦ ટકા ઇ.બી.સી. નહીં પણ ૨૦ ટકા ઇ.બી.સી. આપો એના માટે અમે પણ એક બિન સરકારી વિધેયક લાવ્યા હતા. કોંગ્રેસના અમારા એજન્ડામાં પણ હતું. ક્યારેય કોઇ સમાજ સાથે કોઇ વાંધો હોઇ શકે નહીં. પરંતુ તા.૧–૮–૨૦૧૮નો બંધ બારણાનો ઠરાવ થયો એના કારણે ૪૯ ટકા ધરાવતા તમામ મોટા સમાજોને, ૮૦ ટકા સમાજોને આ ૪૯ ટકામાં સિમિત થવું પડશે અને ૨૦ ટકા ધરાવતા સમાજોને ૫૧ ટકામાં લાભો મળવાના છે. કોઇ માને કે ન માને ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. તમામ સમાજોનો લાભ લઇ ભા.જ.પ. શાસનમાં બેઠો છે. અમારું કહેવું છે કે, કમનસીબી અમારી છે કે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના ધારાસભ્યો પોતાના સમાજ માટે વાત કરી શકતા નથી. એટલા માટે અમારી રજૂઆત ધ્યાને લઇ એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ને જનરલમાં ક્યાંય નુકસાન ન થાય અને ઇ.બી.સી. સાથે તમામ સમાજને ગુજરાતમાં અનામતના લાભો મળે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ આ સરકારનો કમાઉ દીકરો કહી શકાય એવું ખાતું છે. મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં ઘણા ઉદ્યોગો દ્વારા પ્રદૂષણનો રાફડો ફાટ્યો છે. કમનસીબે મારા વિસ્તારમાં સાંતેજ ખાતે શાહ એલોયઝ નામની કંપની આવેલી છે. ત્યાં લોખંડની ભઠ્ઠી સળગતી હોય એમાં બે–ચાર મજૂરો પડી જાય તો એને કાઢવા જઇ શકાતું નથી. એ ઓગળી પણ જાય છે તો એની ફરિયાદો થતી નથી. એ ઓફિસની અંદર એક–બે ઓફિસો આવેલી છે. એક ઓફિસની અંદર શ્રી નરેન્દ્રભાઇ મોદીની સાથે ચા પીતો ફોટો, બાજુની ઓફિસમાં શ્રી અમિતભાઇ શાહની સાથે ચા પીતા ફોટા મૂકેલા હોઇ વારંવાર ફરિયાદો કરવામાં આવે ત્યારે અધિકારીઓ ઓફિસની અંદર ફોટા જોઇને પાછા વળી જતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ગામની અંદર પોલીસ સ્ટેશન પણ આવેલું છે. હું દિલથી વાત કહી રહ્યો છું. એ વિસ્તારનું પ્રતિનિધિત્વ શ્રી નીતિનભાઇએ પણ કરેલું છે અને હું પણ ત્યાં કરી રહ્યો છું. સાહેબ, સવારે અને સાંજે એ ગામની તમે મૂલાકાત લો તો ગોટે ગોટા એ ગામની અંદર ઉડતા હોય છે ત્યારે રોગચાળો ના ફાટી નીકળે તેની ચિંતા કરવા માટે વાત કરવા જઇ રહ્યો છું. એક ફેકટરીની પાસે ૯ વિઘાનું તળાવ આવેલું છે. એ તળાવમાં આજે તમે જોવા જાવ તો લોખંડના ગઠા નાંખી નાંખીને ૧૦૦ ફૂટ ઊંચો ઢગલો કરવામાં આવેલો છે એ ૧૦૦ ફૂટના ઢગલાથી એ તળાવ આખું પુરાઇ ગયું છે. એક બાજુ સરકાર કહે છે કે, અમે તળાવો ઊંડા કરીએ છીએ, તળાવો અને ચેકડેમો ઊંડા કરીને પાણીના તળ ઉંચા લાવવાની વાતો કરતી આ સરકારને અમારા સાંતેજની અંદર સાયલોજની અંદર ૯ વિઘા જમીનમાં આવેલો ૧૦૦ ફૂટ ઉંચો ઢગલો છે એ દેખાતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એ ગામની અંદર પોલીસ સ્ટેશન છે. કોઇની પાસે લાઇસન્સ ના હોય તો એ સ્કૂટર કે સાધનને ઊભું રાખીને તેને મોટો મોટો દંડ આપવામાં આવે છે. કોઇએ દારૂનો કેસ કર્યો હોય અને દારૂના બે–ત્રણ કેસ થાય એટલે એના ઉપર પાસાનો કાયદો લાગુ કરવામાં આવે છે. ૧૦ –૧૦ વિઘા જમીન હોય, ૪૫–૪૫ હજાર એકર વિઘા જમીન કોઇ ઉદ્યોગ ગૃહે રોકી હોય, સરકારી જમીન દબાવી હોય તો એના ઉપર પાસાનો કાયદો કેમ લાગુ કરવામાં આવતો નથી?

માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે મારા કલોલ અને કડી વિસ્તારના બે–ચાર ગામડાઓની વાત કરું તો શ્રી નીતિનભાઇ ત્યાં કેમિકલ ફેકટરીઓ ઘણી વધારે આવેલી છે. કેમિકલની ફેકટરીઓવાળા રિચાર્જ બોર કરીને કેમિકલયુક્ત પાણી જમીનમાં ઉતારી દે છે જેનાથી ખેડૂતોને નુકસાન થાય છે એ નુકસાન અટકાવો એવી વિનંતી હું આપને કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારનો વાંક કાઢતો નથી, મેં સરકારનું વારંવાર ધ્યાન દોર્યું છે. રિસરવે જમીનોમાં આજે અમે કહીએ છીએ કે, એમાં સરકારનો વાંક નથી પણ રૂપિયા ૪૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ લઇ ગુજરાત બહારની કંપનીએ રિસરવે ખોટી રીતે કરીને ખેડૂતોને અંદરો અંદર ઝઘડા કરાવી ખેડૂતોને મામલતદાર અને કલેક્ટર સુધીના ધક્કા ખવડાવીને કંપની ગાયબ થઇ ગઇ એ કંપની ઉપર કેમ પગલાં લેવાતાં નથી? માનનીય અધ્યક્ષશ્રી, પાંજરાપોળની જમીન હોય, ગૌશાળાની જમીન હોય આવી કિંમતી જમીનો મારા વિસ્તારની અંદર છે એની વાત કરું તો એ ઉનાલી હોય, વાયણા હોય કે અટાણા હોય કે મુલસાણા હોય ૨૫૦૦ વિઘા જમીન અમુક બે–ચાર બિલ્ડરોને લાભ કરાવવા માટે ગૌચરની જમીનોમાં બાંધછોડ કરીને, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : જમીનમાં તમામ ફેરફાર કરીને ૩–૪ બિલ્ડરોને એન.એ. કરી આપીને કેટલો મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે એની તપાસ કરવામાં આવે. થેંક યુ.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય વિવેકભાઇ પટેલ.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપના પછી સૌ પ્રથમ વખત રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું ઐતિહાસિક અને વિક્રમ બજેટ લઇને માનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને આઠમીવાર બજેટ રજૂ કરનાર નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજી વિભાગ પર મારા વિચારો વ્યક્ત કરું છું. ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબને મારે યાદ કરવા છે અને તેમના સાયન્સ માટેના શબ્દો કહેવા છે. Science is a beautiful gift to humanity. We should not disturb it. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ માટે બજેટની અંદર રૂપિયા ૪૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત ઇન્ફરમેટિક લિમિટેડ જી.આઇ.એલ. વિષે કહેવું છે. ડિજિટલ ગુજરાત અને ડિજિટલ ઇન્ડિયાના ભાગરૂપે રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને સાયન્સ ટેકનોલોજી એન્ડ ટેકનોલોજી વિભાગનો આંતરિક વહીવટ સુપેરે ચાલે અને નાગરિકોને રાજ્ય સરકારની સેવાઓ ઝડપથી મળે. તે માટે માળખાગત તેમજ અન્ય સુવિધા ઉભી કરેલી છે. ભારતનું સૌથી પહેલું ઉભું કરેલું સ્ટેટ ડેટા સેન્ટર છે આપણી પાસે અને જીસ્વાનની વાત કરું તો ભારતનું સૌથી મોટું આઇ.પી. આધારિત નેટવર્ક છે અને ૬૫૦૦થી વધારે સરકારી કચેરીઓને જીસ્વાન કનેકટીવીટીથી જોડવામાં આવેલી છે. રાજયના નાગરિકોને એક જ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિકલક્ષી સેવાઓ ઘેર બેઠા મળી રહે તે માટે ડીઝીટલ ગુજરાત પોર્ટલ પણ આપણી પાસે છે. સરકારી વહીવટ પારદર્શી અને ઝડપી બનાવવા માટે પીપીડીએસ, સ્વાગત, સાથી, ઓજસ જેવી એપ્લીકેશન અમલમાં છે. ગુજરાત રાજયની પ્રત્યેક ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાઇબર કનેકટીવીટીથી જોડવા માટે કુલ ૩૩૦૦૦ કિલોમીટર ઓએફસી પાથરવામાં આવશે અને તેમાંથી અત્યાર સુધીની વાત કરું તો ૨૪૦૦૦ કિલોમીટર ઓએફસી પાથરી દીધેલ છે એટલે ૫૫૨૪ ગ્રામ પંચાયત લીંક થયેલ છે. બાળકોમાં બાળપણથી જ સાયન્ટીફીક માઇન્ડ ડેવલપ થાય તે માટે ગુજરાત સાયન્સ સીટીની સ્થાપના કરવામાં આવી છે. પ્રથમ તબકકાની અંદર ૧૦ જેટલા પેવેલીયન વિકસાવવામાં આવ્યા. એમાં ડીટેઇલમાં જતો નથી પરંતુ તે પછી અત્યારે પ્રથમ તબકકામાં જે અમુક પેવેલીયન હતા એમાં નવીનીકરણનું કામ પણ ચાલુ છે અને બીજા તબકકાની જો વાત કરું તો સાયન્સ સીટી હરણફાળ ભરી રહ્યું છે અને ૩ થીમ બેઝ એટલે કે વિશ્વ કક્ષાની ૩ થીમ બેઝ ગેલેરીઓ વિકસાવવામાં આવી રહી છે. રૂપિયા ૧૨૬ કરોડના ખર્ચે રોબોટીકસ ગેલેરી, રૂપિયા ૨૫૭ કરોડના ખર્ચે એક્ટીવીટી ગેલેરી, રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે એસ્ટ્રોનોમી ગેલેરી વિકસાવવામાં આવી રહી છે અને આ માટે બજેટમાં રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ કરેલી છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે સાયન્સ સીટીની સ્થાપના પછી અત્યાર સુધીમાં ૯૬ લાખ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ મુલાકાત લીધી છે. આપણું ગુજરાત વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે પણ અગ્રેસર થવા જઇ રહ્યું છે. તે માટે ગુજકોર્સ દ્વારા રાજકોટ, ભાવનગર, પાટણ અને ભુજની અંદર રીજીયોનલ સાયન્સ પણ વિકસાવવામાં આવી રહ્યા છે. બાયોટેકનોલોજી યુનિવર્સિટીની વાત કરું તો સમગ્ર વિશ્વમાં બાયોટેકનોલોજી યુનિવર્સિટી સૌથી ઝડપી વિકાસ પામી રહી છે તે બનાવવાનો નિર્ણય કર્યો છે અને શાહપુર, ગાંધીનગર ખાતે એની જમીન નક્કી કરવામાં આવી છે અને યુનિવર્સિટીનું આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથેનું જોડાણ થશે જેનાથી શ્રેષ્ઠ શૈક્ષણિક વાતાવરણ અને સંશોધનાત્મક પદ્ધતિઓ રાજયમાં અમલી બનશે અને આ માટે બજેટની અંદર રૂપિયા ૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજીકલ મિશન અને ગુજરાત બાયોટેકનિકલ રિસર્ચ સેન્ટરની ડીટેઇલમાં વાત નથી કરતો પણ એક મહત્વનું પાસુ પણ આની અંદર છે અને ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઇન્ફર્મેટીક બાયસેગની વાત કરું તો માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામાં ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની મિટિંગની અંદર બાયસેગને ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટીટયૂટ ફોર સ્પેસ એપ્લીકેશન અને જીઓ ઇન્ફર્મેટીક તરીકે રાષ્ટ્રીય સંસ્થાનો દરજજો આપેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ આઠમી વાર આ ગૃહમાં બજેટ રજૂ કર્યું છે અને જે વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર છે. દર વર્ષે સરકાર રાજયની જે કોઇ આવક આવે છે એ આવક પૈકી જુદા જુદા વિભાગોને બજેટ ફાળવણી કરીને રાજયમાં રહેતા લોકોની સુખ સુવિધામાં વધારો થાય તેના માટે કામગીરી કરે છે અને પ્રયત્નો કરે છે. આંકડાઓની ફાળવણી, આપણે અહીંયા ૩૧મી માર્ચે બજેટ મંજૂર કરીશું. એ બજેટ મંજૂર થયા પછી જે તે વિભાગ દ્વારા તેનું અમલીકરણ કરવામાં આવશે અને આ અમલીકરણ કર્યા પછી મંજૂર આપણે અહીંયા કરીએ છીએ તે પછી લોકો સુધી પહોંચે છે કે કેમ આ સવાલ છે? ઘણી બધી ચર્ચાઓ થાય છે અને અહીંયા વારંવાર કહેવામાં આવે છે કે તમારા વખતમાં આમ થતું હતું. સ્વ. રાજીવ ગાંધી ૧ રૂપિયો મોકલે છે અને ૧૫ પૈસા ત્યાં પહોંચે છે. અરસપરસ વાત કરવાને બદલે આપ છેલ્લાં ૨૪ વર્ષથી રાજ્યમાં સત્તા સ્થાને છો, ત્યારે વારંવાર, અનેકવાર કોંગ્રેસની સરકારનો ભૂતકાળ યાદ કરાવડાવીને વહીવટી નિષ્ફળતા ઢાંકવાનો તમે પ્રયાસ કરો છો. એ વહીવટી નિષ્ફળતા છે, એના ઉપર તમારે રાજ્ય સરકારે ધ્યાન આપવું જોઇએ. અંદાજપત્રની અંદર જનરલ બે-ચાર બાબતો ઉપર નાણાં મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે બંદરોની તમામ નીતિ બનાવી છે, એમાં ખાસ કરીને નાના બંદરો છે, એનો ડેવલપ અને એનો વિકાસ કરવા માટે આ અંદાજપત્રની અંદર જે જોગવાઇઓ કરવામાં આવી છે એ સંપૂર્ણપણે અપૂરતી છે. માંગરોળ નવા બંદર વેરાવળ, માઢવાળ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્ય બંદરોના વિકાસ અને હયાત મત્સ્ય બંદરોના નિભાવ અને સુવિધા વિકસાવવા રૂપિયા ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારે નાણામંત્રીશ્રીને યાદ કરાવવાનું કે વર્ષ ૨૦૧૭માં માંગરોળ ખાતે ભારતના રાષ્ટ્રપતિના વરદહસ્તે તમે જે બંદરોનું કામ થયું છે, એના લોકાર્પણ અને

નવા બંદરોના કામ માટે શિલાન્યાસ કરાવડાવ્યો. એ શિલાન્યાસ કરાવડાવ્યા પછી આજે વર્ષ ૨૦૨૦ આવ્યા પછી ભારતના રાષ્ટ્રપતિના વરદહસ્તે તમે ખાતમુહૂર્ત કરાવો અને ત્યાર પછી આજ સુધી આ કામ શરૂ કરવામાં ન આવે તો મને લાગે છે કે ગુજરાત સરકારે સરકારી કાર્યક્રમ કરી *(xxx) તેવું સ્પષ્ટપણે લાગે છે. રાષ્ટ્રપતિના વરદ હસ્તે કર્યા પછી એનો અર્થ એવો થાય કે તમે તમામ પ્રકારની વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી છે. એના કારણે આ કામગીરી...

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ડીલે થયું છે, એનાં અનેક કારણો હશે. એમાં  *(xxx) તે વાત સાચી નથી.

અધ્યક્ષશ્રી : મહામહિમ રાષ્ટ્રપતિની ચર્ચા જ ન થઇ શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : સરકારનો ભાવ એવો ન હોય, પણ મોડું થયું છે. હું કહું છું કે મોડું થયું છે.

અધ્યક્ષશ્રી : આપની વાત સાથે સંમત થાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : વહીવટી કારણો હશે.

અધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે. બંધારણીય વાત છે, એટલે એ શબ્દ હું કાઢી નાખું છું. માનનીય પુંજાભાઇ, તમને એક મિનિટ ટાઇમ વધારે આપીશ. સાંભળો તો ખરા.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**
**સભાગૃહમાં સભ્યોની હાજરી અંગે**

અધ્યક્ષશ્રી : મને રંજ થાય છે કે આ વિધાનસભા ગૃહ છે. એમાં આપણે અઢી–ત્રણ ત્રણ લાખ લોકોના પ્રતિનિધિ તરીકે છીએ. ઘણી મુશ્કેલીઓ સામે ચૂંટાઇને આવીએ છીએ. મંત્રીશ્રીને બાદ કરતા ૧૮૨ માંથી માત્ર ૪૦ વ્યક્તિઓ હાજર છે. કોંગ્રેસ પક્ષે આની ચિંતા કરવી જોઇએ. ભાજપે પણ આની ચિંતા કરવી જોઇએ. અપક્ષની તો વાત જ ન થાય. તો દરેક માટે આ ચિંતાનો વિષય છે. હું ફરીવાર ગૃહના ધ્યાન ઉપર મૂકું છું. બધા સભ્યો મહેનત કરીને અભ્યાસપૂર્ણ રજૂઆત કરતા હોય છે અને રજૂઆત સાંભળનાર નથી. ખાસ્સો ટાઇમ જતો રહ્યો. રિસેસ પડવાનો થોડોક સમય છે, તો એટલું ન બેસી શકાય? વિધાનસભામાં આવવાનો અર્થ શું છે? પ્લીઝ, ગો અહેડ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ :  માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા કોઇપણ પ્રકારના કામને નાણાં મંત્રી કે  અન્ય દ્વારા શિલાન્યાસ કરવામાં આવે એનો અર્થ એ થાય કે સંપૂર્ણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને કામ શરૂ કરવાનું છે. હું વાત કરું છું તે મારા વિસ્તારના નવા બંદરનું ટેન્ડર પણ બહાર પાડવામાં આવેલ છે. ટેન્ડરો બહાર પાડ્યા પછી આજની તારીખે ટેન્ડર ખોલવામાં આવ્યા નથી. વહીવટી પ્રક્રિયા સ્વીકારી છે. મોડું થયું તો ખાતમુહૂર્ત કરવાની ઉતાવળ શા માટે કરી? આની ગંભીરતા રાજ્ય સરકારે લેવી જોઇએ અને આવાં કામ કર્યા છે. એ તમામ કામની વહીવટી મંજૂરી તાત્કાલિક અસરથી આપવામાં આવે અને એ કામ શરૂ કરવામાં આવે એ નાણામંત્રીશ્રી મારફત વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું છે કે, પ્રાથમિક શાળાઓમાં નવા ૭ હજાર વર્ગખંડોના નિર્માણની જોગવાઇ કરવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રીને થોડાક ભૂતકાળમાં લઇ જવા માગું  છું. વર્ગખંડોની ઘટને પૂરી કરવા માટે ભૂતકાળમાં આપણે પૂર્વ શિક્ષણ મંત્રી અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન વખતે સિન્ટેક્ષના રૂમો મંજૂર કરવામાં આવેલા. આ રૂમો મંજૂર કરવામાં આવ્યા ત્યારે મોટાભાગના જે રૂમો બનાવવામાં આવ્યા હતા તે રૂમો આજની તારીખે સંપૂર્ણપણે જર્જરિત હાલતમાં છે અને જગ્યા રોકે છે. સ્થાનિક કક્ષાએ જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત તેનો નિકાલ કરવા માટેની મંજૂરી આપતા નથી. એટલે સરકાર કક્ષાએ આવા કેટલા રૂમો જર્જરિત છે? મોટાભાગના રૂમો જર્જરિત છે. નાણામંત્રીશ્રીનું એ પણ ધ્યાન દોરવા માગું છું  કે, આ રૂમો જે તે વખતે મંજૂર થયા છે અને તમે જે તે વિભાગને આની ગ્રાન્ટ ફાળવો છો તે ગ્રાન્ટ ફાળવ્યા પછી આપણી સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર મુજબ તેની ખરીદી કરવાની હોય છે. આમાં જે તે વિભાગ ઠરાવ કરીને કાર્યપદ્ધતિ મુજબ તેના ટેન્ડરો બહાર પાડીને ખરીદી કરવાની હોય છે. આ સિન્ટેક્ષના રૂમો માટે જે તે વખતે શિક્ષણ વિભાગે જે ઠરાવ કર્યો છે તે ઠરાવ વિધાનસભાના ફ્લોર ઉપર મૂકું છું અને માનનીય મંત્રીશ્રીને કહેવા માગું  છું કે, વિભાગો આમાં શું કરે છે. પ્રાથમિક શાળાના કુલ ૬૩૪૫ વર્ગખંડો માટે સન ૨૦૦૩–૦૪ના વર્ષમાં રૂપિયા ૧૦૧.૨૮ કરોડની નવી બાબતની વિભાગ તરફથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી તથા ગુજરાત નાણાકીય નિયમોના નિયમ–૧૮ પ્રમાણે જાહેર ટેન્ડર દ્વારા ભાવો મેળવીને એજન્સી નિયત કરવા સૂચવવામાં આવેલ હતું. પરંતુ આ પ્રક્રિયા લાંબી હોય સમય મર્યાદામાં કામો પૂર્ણ થઇ શકે તેમ ન હોય પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન એક ઓરડાદીઠ દોઢ લાખ રૂપિયા ફાળવી સીધે સીધું સિન્ટેક્ષ કંપનીને વગર ટેન્ડરે કામ આપી દેવામાં આવ્યું છે. નાણામંત્રીશ્રીનું મારે એ બાબત તરફ ધ્યાન દોરવું છે કે, આ સિલસિલો આજે પણ ચાલે છે. ગ્રામ પંચાયતનો સરપંચ વગર ટેન્ડરે પાંચ હજાર રૂપિયાની ખરીદી કરે તો આપણે તેને ઘરભેગો કરીએ છીએ, સસ્પેન્ડ કરીએ છીએ. લાખો અને કરોડો રૂપિયાના ખરીદી વગર ટેન્ડરે જયારે કરવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે તેમાં કયાંકને કયાંક શંકાઓ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે હું કોઇ શબ્દપ્રયોગ કરીશ તો પાછું કારણ વિનાની સરકારને તકલીફ થાય અથવા મુશ્કેલી થાય તેવા શબ્દપ્રયોગ નહીં કરું પણ વગર ટેન્ડરે ખરીદી કરવાનો મતલબ શું? વગર ટેન્ડરે ખરીદી કરવાનો મતલબ એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

થાય છે કે, આપણે કોઇ કંપનીને સીધે સીધી મદદ કરવી છે. આમાં પણ લાખો રૂપિયાની નાણાકીય ગેરરીતિ થઇ છે તેવું બહુ સ્પષ્ટપણે છે. એટલા માટે જે સિન્ટેક્ષના દોઢ લાખ રૂમો બનાવવામાં આવ્યા છે તેનો આજે સ્થળ ઉપર વપરાશ થતો નથી. બીજી એક વાત મહિલા અને બાળ વિકાસ વિભાગમાં માનનીય મંત્રીશ્રીએ જે જોગવાઇ કરી છે તેમાં વજનકાંટા માટે વર્ષ ૨૦૧૨થી દરવખતે જોગવાઇ કરીએ છીએ. કરોડો રૂપિયાના વજનકાંટા કુપોષિત બાળકો માટે ખરીદવામાં આવ્યા છે. મેં મારા ગ્રામ્ય વિસ્તારમાં ગામડાઓનો પ્રવાસ કર્યો છે, આંગણવાડીઓની મૂલાકાત લીધી છે અને તે આંગણવાડીઓની મૂલાકાત લીધા પછી એકપણ વજનકાંટો આજની તારીખે ચાલુ નથી. કરોડો રૂપિયાના ખર્ચે જે વજનકાંટા લીધા છે તે સંપૂર્ણપણે બંધ છે.

અધ્યક્ષશ્રી : આપના વક્તવ્ય માટે ઘડિયાળનો કાંટો હવે પૂરો થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં મારી વાત પૂરી કરીશ. જે વજનકાંટા ખરીદવામાં આવ્યા છે તેમાં મોટાભાગે નાણાકીય પ્રકારની ગંભીર ગેરરીતિ આચરવામાં આવી છે. આની પણ નાણામંત્રી તપાસ કરાવડાવે. હું એક વાત કરીને મારી વાત પૂરી કરીશ. ત્યાર પછી આરોગ્ય વિભાગે હમણાં એક ઠરાવ બહાર પાડ્યો છે. તે ઠરાવ બહાર પાડીને ગ્રાન્ટની ફાળવણી કરી દીધી. તેમાં પાછા રૂપિયા ૩૦૦ કરોડ પરત લઇ લીધા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ આદેશ કર્યો અને તેમાં કહ્યું છે કે, રૂપિયા ૩૦૦ કરોડ એનેક્ષર–એકસમાં દર્શાવ્યા મુજબના કામો માટે મળેલ ગ્રાન્ટમાંથી પરત કરેલ છે. જેથી હવે એનેક્ષર–એકસમાં દર્શાવેલ કામો માટે ચૂકવણું કરવાનું થાય તો ઉક્ત બાબત ધ્યાનમાં રાખી ગ્રાન્ટની ઉપલબ્ધિ મુજબ કરવું. આમાં શંકા જાય છે કે ગ્રાન્ટ આપ્યા પછી તમે પાછી શા માટે લો છો? હવે સ્થાનિક કક્ષાએથી બિલો બનાવવા માટે રાજય સરકાર પાસે મંજૂરી લેવા આવવું પડશે અને એનો અર્થ એ થાય કે રાજય સરકાર પાસે મંજૂરી લેવા આવવાનું થાય તો શું થાય એ મારે કહેવાની જરૂરિયાત માનનીય નાણા મંત્રીશ્રી છે નહીં. સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ નાણાં વિભાગના પરામર્શમાં સૂચના અનુસાર માનનીય સચિવશ્રી, આરોગ્યના વંચાણમાં લીધેલ ઠરાવ, આ ઠરાવની કોપી મારી પાસે છે. ૩૦૦ કરોડ રૂપિયા ગ્રાન્ટની ફાળવણી કર્યા પછી માર્ચના એન્ડમાં તમે પરત શા માટે લો છો? સ્થાનિક કક્ષાએ તમે ચૂકવણું કરવા દો. આનો અર્થ એ થાય છે કે જે એજન્સીએ કામ કર્યું છે એ એજન્સીએ પોતાના બિલ મંજૂર કરાવવા માટે છેક સરકાર સુધી આવવું પડશે. આવું શા માટે? આમ કરવાનું કારણ શું?

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ શરુ કરે એ પહેલા એક નોંધ લઉં છું હું કે, આ સભાગૃહમાં મેં ધારાસભ્ય તરીકે પાંચ વર્ષ પૂરાં કર્યા ત્યારે અને અત્યાર સુધીમાં મેં જોયું છે કે, વિપક્ષના સિનિયર સભ્ય મોહનસિંહજી રાઠવાને જ્યારે એમનું વક્તવ્ય પણ નથી છતાં તેઓ સવારથી અડીખમ બેઠાં છે અને આ બાજુ અન્ય ઘણાં મિત્રો છે તેમાં માનનીય ભૂપેન્દ્રસિંહજી મંત્રી તરીકે કંઇ એમને એવું વિશેષ જવાબદારીમાં આજે નિવેદન કરવાનું છે એવું પણ નથી અને આજે જ નહીં કાયમથી બેઠેલા હું જોઉં છું આપણે બધાએ આનો ઘડો લેવો જોઇએ, તમે પાટલી થપથપાઓ તો જોરથી થપથપાઓને આ બધા માટે લાગુ પડે છે. માનનીય સભ્યશ્રીઓ, જેટલું સાંભળશો તો સારો જવાબ પણ આપી શકશો. ઓન રેકોર્ડ હું આની નોંધ લઉં છું.

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે સૌને સાથે રાખી ગુજરાત રાજયનો વિકાસ કર્યો અને વિકાસના આધારે ગુજરાતની જનતાને વિશ્વાસ બેઠો અને એ વિશ્વાસના કારણે પ્રજાએ આજે સર્વોત્તમ પાર્ટી તરીકે ભારતીય જનતા પાર્ટીને છેલ્લા ૨૨ વરસથી શાસનમાં બેસાડી છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ આજે ગુજરાતની પ્રજા સર્વોત્તમ છે, શાસન સર્વોત્તમ છે, અમારી સરકાર દ્વારા લેવાતા નિર્ણયો સર્વોત્તમ છે અને એટલે જ આજે ગુજરાત ઉત્તમમાંથી સર્વોત્તમ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નામમાં જ ગુણ સમાયેલા હોય એવો આ વિભાગ એટલે શ્રમ અને રોજગાર. શ્રમિકોના શ્રમને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કાચા સોના તરીકે જુએ છે. દેશના વિકાસમાં તેમનો શ્રમ કાચા સોના જેટલો મહત્વનો છે આ નાતે શ્રમિકોને તેમના શ્રમનું યોગ્ય વળતર મળે, તેમની રોજગારી સુરક્ષિત રહે એ માટે ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ જ સજાગતાથી કાર્ય કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે ઉદ્યોગો, હમણાં વાત થઇ એમ ગુજરાતમાં સૌથી વધારે ઉદ્યોગોનું મૂડી રોકાણ અહીંયા આવી રહ્યું છે. એના કારણે જ રોજગારી પણ ગુજરાતમાં છેલ્લાં અઢાર વરસથી સૌથી મોખરે છે. એક વખતનો સમય એવો હતો કે લગભગ વર્ષ ૨૦૦૮ કે ૨૦૦૯માં આખા દેશમાં ગુજરાતમાં સૌથી વધુ ૭૧ ટકા નોકરી આપવામાં આવતી હતી અને છેલ્લાં અઢાર વરસના આંકડા જોઇએ તો આજે પણ ગુજરાત સૌથી મોખરે રહેલ છે અને શ્રમ અને રોજગાર ૪૫ ટકાથી ઉપર અત્યાર સુધી રહ્યું છે અને એક વખતના સમયે વર્ષ ૨૦૦૮–૨૦૦૯માં ૭૧ ટકા. રોજગાર નિર્માણ કરતા એક અખબારમાં છપાયેલું કે ઇસ્ટ ઓર વેસ્ટ ગુજરાત એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ ઇઝ ધ બેસ્ટ. (સમયસૂચક ઘંટડી) બસ સાહેબ, આ તો બહુ ઓછું કહેવાય.

અધ્યક્ષશ્રી : મારો કાંટો અહીંયા બગડેલો નથી ચાલે જ છે.

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ વાંધો નહિ. પણ શ્રમિકોના આત્મસન્માનથી, સ્વાભિમાનથી અને ગૌરવભેર પોતાનું જીવન જીવી શકે તે માટે આ સરકાર કટિબદ્ધ છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તાજેતરમાં જે બજેટ રજૂ કર્યું છે એની ઉપર હું ધ્યાન દોરવા માગું છું.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

વૈશ્વિક કક્ષાના અને ઉદ્યોગની માગ આધારિત કૌશલ્ય નિર્માણ માટે ગાંધીનગર નજીક નાસમેદ ખાતે ૨૦ એકર જમીનમાં પીપીપી ધોરણે ટાટા ગ્રૂપના સહકારથી ઈન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્કીલ્સના નિર્માણનું કાર્ય શરૂ કર્યું છે. રાજ્યના યુવાનો માટે રોજગારીની તકો વધારવાનું આ સ્તુત્ય પગલું અમારી સરકારે લીધું છે. કદાચ એટલે જ ગુજરાત રાજ્ય સર્વોત્તમ છે. આભાર.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ, પાંચ મિનિટ છે આપની. ૨–૧૨ થી ૨–૧૭ સુધીની.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : આઠ મિનિટ છે સર, માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : અહીંયા તો બધી કપાયને.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર: માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રીએ આઠમી વખત બજેટ રજૂ કર્યું છે ત્યારે આપના મારફતે આ ગૃહમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મને એવું હતું કે, આ બજેટ ગુજરાતના અર્થતંત્રને ઓક્સિજન આપશે. શ્રી નીતિનભાઇ ઓક્સિજન પૂરો પાડવા માટે પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ વચમાં કોઇક નાઇટ્રોજન નાંખી દે છે અને એના કારણે આ ગુજરાતને ઓક્સિજન મળતો બંધ થતો જાય છે. ઘણા પ્રયાસો પછી આઠમું બજેટ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આ નાઇટ્રોજન અને ઓક્સિજનના સંયોજનથી શું બને?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એ થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : ખાતર બને.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ખાતર થઇ ગયું છે. એટલે તો કહું છું.

અધ્યક્ષશ્રી : એટલે ખેડૂતો માટે આ તમે તૈયાર કરી રહ્યા છો એમ લાગે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ખાતર થઇ ગયું છે એવું હું કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : ઉપયોગી કહેવાયને, ખાતર તો કેટલું ઉપયોગી. આ તો સાયન્સનો સ્ટુડન્ટ છું અને કેમેસ્ટ્રી જાણું છું એટલે મને ખબર છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇએ આ વખતે બજેટ રજૂ કર્યું ત્યારે ઘણી મુખમુદ્રા સાથે કવિતાઓ બોલતા હતા ત્યારે અગાઉ બોલતા નહોતા અને આ વખતે બોલ્યા, મેં સાંભળ્યું એટલે મને ગમ્યું. કામ કરતા આવ્યા છીએ, કામ કરતા રહીશું. ધન્ય ગુજરાતના ચરણ ચૂમતા રહીશું. કામ કરતા પચ્ચીસ વરસમાં ઉત્તમ અને સર્વોત્તમ કરજી(દેવાળીયું) ગુજરાત બનાવ્યું છે એનું અમને ગૌરવ છે. કેટલું કરજ કર્યું છે ગુજરાત ઉપર? આજે બાળક જન્મે છે ત્યારે માથે બોજા સાથે જન્મે એ પ્રકારનું કરજી ગુજરાત પચ્ચીસ વરસથી બનાવ્યું છે. હું ગઇકાલે એક ટી.વી. ન્યૂઝ જોતો હતો. મોહન ભાગવતજી બોલતા હતા. હું નથી કહેતો. એમનું વકતવ્ય બરાબર મેં સાંભળ્યું છે, સતત ટી.વી.માં જોયું છે મેં કે સકસેસરોને અત્યાર સુધી આપણે દોષિત બનાવતા આવ્યા છીએ. અંગ્રેજો માટેની વાતો કરી કરીને આ દેશને બરબાદી તરફ લઇ જવા માટેની પરિસ્થિતિ નિર્માણ થઇ છે તેમાં જવાબદારી આપણી પણ બને છે. માત્ર સકસેસરોને કહેવામાં આવે કે કોંગ્રેસે કંઇ કર્યું નથી. કોંગ્રેસની સરકાર કેટલા વખત રહી છે એ બાબતે માનનીય નીતિનભાઇ ક્યારેક હિસાબ માંડજો. શ્રી માધવસિંહ સોલંકીની સરકાર હતી એ લાંબા સમય સુધી ચાલી ત્યાર પછી લાંબા સમય સુધી કોઇ સરકાર ચાલી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલી છે. મારા મિત્ર વાત કરતા હતા એટલા માટે હું સુધારો કરું છું કે પચ્ચીસ વરસથી તમે બેઠાં છો. પચ્ચીસ વરસથી તમારી નિષ્ફળતા ઢાંકવા માટે હજી સતત કોંગ્રેસને યાદ કરવી પડે છે. કોંગ્રેસે કંઇ કર્યું નથી. કોંગ્રેસે મહારાષ્ટ્રમાંથી અલગ કરી ગુજરાત રાજ્ય બનાવ્યું. વર્ષ ૧૯૬૦માં મહારાષ્ટ્રમાંથી જુદા પડયા ત્યાર પછી ગુજરાતને જે મહત્વ આપ્યું છે તે ધન્ય ધરતી આ ગુજરાત માટે બની છે આવડી મોટી વિધાનસભા, આવડું મોટું સચિવાલય! એક નાનો માણસ આવે અને પોતાની રજૂઆત કરી શકે તેના પ્રશ્નોનો નિકાલ કરાવી શકે તે પ્રકારની પરિસ્થિતિ જો ગાંધીનગરમાં કોઇએ કરી હોય તો કોંગ્રેસે કરી છે તેનો તમે જશ આપી શકતા નથી અને *(xxx)બેઠાં છો ત્યારે મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની ૨૫ વર્ષની નિષ્ફળતાના કારણે આજે યુવાન મરી રહ્યો છે. હું ધૂળેટીમાં શનિ–રવિમાં મારા વિસ્તાર અમરેલીમાં ગયો લાઠીમાં ગયો તો એક દલિતનો દીકરો ઝેર ગટગટાવી ગયો. એક ચોવીસ વરસનો યુવાન ગળે ફાંસો ખાઇને લટકાઇ ગયો. મેં પૂછયું કારણ શું ? તો કહે તે ગ્રેજ્યુએટ થયો હતો, નોકરી શોધતો હતો, નોકરી શોધી શકયો નહીં અને તેના કારણે પોતાને લાગી આવ્યું. ૨૧ વીઘાની જમીન ધરાવતો દલિત પાણીથી તેનો પાક સૂકાઇ ગયો, સરકાર તરફથી કોઇ સગવડ તો ના મળી તેના કારણે તેણે જીવન ટૂંકાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એક મિલ માલિક દેસાઇ પરિવાર હું તેમને ત્યાં ખરખરે ગયો, બેસવા ગયો. ૪૦ વર્ષના જુવાને પોતાના બે દીકરા, દીકરીને મૂકીને ઝેર ગટગટાવી દીધું. મેં પૂછયું કારણ શું ? મગફળી વેચાતી નહોતી. ચણાનું ઉત્પાદન આવે પણ ખરીદવા માટેનો કોઇ ધણી નથી. તેલના ભાવ કૂદકે અને ભૂસકે વધતાં જાય છે. ખેડૂતની મગફળી વેચાતી નથી અને તેલના ભાવ કૂદકે અને ભૂસકે વધતાં જાય છે ત્યારે આ સરકારે તેના ૨૫ વર્ષમાં આપેલા જે વચનો છે તે બધા જ વચનો માત્ર રૂપકડાં બન્યાં છે. કોંગ્રેસની જે સરકારની યોજનાઓ હતી તેને રૂપકડાં નામ આપી દેવામાં આવ્યા છે અને એ રૂપકડાં નામ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપી દીધા પછી આજે સિંચાઇ ક્ષેત્રે શું થયું ? માત્ર ખાતમુહૂર્ત થાય, ચેકડેમો માટેની યોજનાઓ માટે આજે શ્રી નીતિનભાઇ સરસ મજાનો જવાબ આપતા હતા. બજેટમાં કેટલી જોગવાઇ કરી છે ? બજેટમાં માત્ર રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરી છે એમાં મહેસૂલી ખર્ચ કેટલું અને કેટલા ચેકડેમો બનાવ્યાં છે ?

અધ્યક્ષશ્રી : આપ એક શબ્દ બોલ્યા *(xxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટની ચર્ચામાં વિકાસના કામો અંગે માગણીઓ કરેલી છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના આજ સુધીના ઇતિહાસમાં સૌથી વધારે કામો મંજૂર કરી અને આ ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ખેડૂતોની ચિંતા કરી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના જે લાવ્યા તેની અંદર નોન પ્લાન રસ્તા જે વર્ષોથી અગાઉની સરકારની અંદર કોંગ્રેસના મિત્રો દરેક ગામે ગામે, ચૂંટણીએ ચૂંટણીએ જઇ અને એવું કહેતા કે આ વખતે તમારો આ નોન પ્લાનનો રસ્તો અમે મંજૂર કરીશું તે આજ સુધી ૪૦ વર્ષમાં નહોતો થયો અને આ સરકારે ખેડૂતની ચિંતા કરી અને ગામની અંદર પરુ હોય, પરાની અંદર ૫૦૦ની જનસંખ્યા હોય, ૨૫૦ની જનસંખ્યા હોય એની પણ ચિંતા કરી અને નાના નાના નોન પ્લાન રસ્તાઓ મંજૂર કરી અને દરેકને હાલ તેનો લાભ મળી રહ્યો છે. આપ સૌ ધારાસભ્યો તરીકે આપણે ૪૦ થી ૮૦ ધારાસભ્યો એવા ગ્રામ્ય વિસ્તારના છીએ કે આપણે તેના ખાતમુહૂર્ત અર્થે જવાનું થતું હોય છે ત્યારે પણ આપણે ખાતમુહૂર્ત કરીએ ત્યારે આપણને એવું થતું હોય છે કે અગાઉની કોઇ સરકાર વખતે નહોતા થયા પણ આપણે એટલા નસીબદાર છીએ કે આ રોડનું ખાતમુહૂર્ત આપણે કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના ડામર રોડ ઓછાં હતા અને વર્ષો જતાં અત્યારે હાલ વ્યવહારો વધ્યાં છે. દરેક તાલુકાને જોડતાં રોડની પણ જરૂર હોય તેથી સરકારે ધારાસભ્ય તરીકે આપણે રજૂઆત કરીએ એટલે સાત મીટર જે રોડ પહોળો હોય તેને પણ દસ મીટર પહોળો કરવાની સરકારશ્રી મંજૂરી આપે છે. સરકારશ્રીએ મારા મત વિસ્તારમાં ખૂબ રોડો આપ્યાં છે. ચાલુ વર્ષની અંદર પણ નીતિનભાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનુ છું કે રૂપિયા ૩૬ કરોડના ખર્ચે મારા મત વિસ્તારની અંદર નોન પ્લાન રસ્તા હોય, નવો પુલ હોય તે પણ આ સાહેબે આપ્યો છે તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. બીજી સાહેબ, જો વાત કરીએ તો મેઇન રોડથી ગામમાં જતા રોડ હતા. એ રોડ ગામ નજીક વરસાદના કારણે પાણી ભરાઇ જવાથી આ રોડ ધોવાઇ જતા હતા.

અધ્યક્ષશ્રી : વિરૂદ્ધમાં બોલવાનો બધાને હક્ક છે. તમે પણ વિરોધમાં જ બોલો છોને. ટ્રેઝરી બેન્ચની વિરૂદ્ધમાં નથી બોલતા? તો એ પણ બોલે, પ્લીઝ.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : સાહેબ, આ સરકારે એની ચિંતા કરી છે. ડામર રોડ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપેને અભિનંદન, તમે પણ આપોને કોણ ના પાડે છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ડામરના રોડ હોય તો વરસાદના પાણીના લીધે તૂટી જતા હતા. પરંતુ વિકાસ પથની અંદર સી.સી. રોડ દરેક મત વિસ્તારમાં આપ્યા, તેના કારણે આ સી.સી.રોડ ખૂબ જ સરસ થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારની નજીક માનનીય શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમાનો મત વિસ્તાર ધોળકા ચાલુ થાય છે. એને પણ ખૂબ સરસ એમણે મહેનતથી અને અમારા સંસદસભ્યશ્રી દેવુસિંહ ચૌહાણની મહેનતથી રસિકપુરના ખૂબ નાનો પુલ હતો, જે મોટો પુલ મંજૂર કરી અને સાહેબે, અત્યારે આ પુલનું કામ ચાલુ છે, વહેલી તકે કામ પૂરું થશે. ખેડા- હરિયાણાનો પુલ હોય એ પણ પુલનું કામ ચાલુ છે. હૈદરાબાદથી મગનપુરાને જોડતો રોડ હતો એના માટે પણ સાહેબ રૂ.૧૦ કરોડ મંજૂર કર્યા તે બદલ એમનો હું આભાર માનું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વની અંદર એક કોરોના નામનો વાયરસ આવ્યો છે, તેની ચિંતા સૌ કોઇ કરે છે. હું એક ખેડૂતના દિકરા તરીકે અને હમણાં બે દિવસ પહેલાં જયારે હોળીનો તહેવાર ગયો ત્યારે પણ અને વિશ્વના નિષ્ણાતોએ પણ સાબિત કર્યું છે કે ગીર ઓલાદની ગાયના ઘીની આહુતિ આપવામાં આવે અથવા એનો યજ્ઞ કરવામાં આવે અથવા તો એને ઘર-ઘર સુધી બે ચમચી ઘીનો અગ્નિ પ્રગટાવીને એમાં ઘી નાંખવામાં આવે તો કોરોનાનો વાયરસ છે એ દૂર રહે છે, તે નાશ પામતા હોય છે. હું આ નથી કહેતો વિશ્વના નિષ્ણાત વૈજ્ઞાનિકો કહે છે. હમણાં વાત કરેલી છે કે ગીર ઓલાદની ગાયની. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગાયની આટલી સરસ વાત કરે છે તો કોઇ પાટલી તો થપથપાવો. ગાય માતાની વાત છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : આભાર સાહેબ. મારા સ્નેહી એવા ભાઇશ્રી પુંજાભાઇ અમારા બંદરો વિશેની વાત કરતા હતા. ઘણા વર્ષોની અમારી સમસ્યાઓ છે. ઘણા વર્ષોની સૂત્રાપાડા, નવાપરા, વેરાવળ કે માંગરોળ હોય તો જયાં માછી સમાજ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જે માછીમારીનો ધંધો કરે છે તેઓ નાના–નાના બંદરોની અંદર રહે છે. એમને પોતાની બોટ લાંગરવા માટે પોતાનું ફિશીંગ લઇને કાંઠા પર આવવા માટે, એમનો વ્યવસાય કરવા માટે જેટીની ખરેખર જરૂરીયાતો હોય છે. ઘણા વર્ષથી અમે માગણી કરીએ છીએ. સરકારશ્રીએ બજેટની અંદર ફાળવણું કર્યું, ગયા વર્ષનું બજેટ પણ હું જોવું છું, તેની અંદર પણ ૨૧૦ કરોડ રૂપિયાનું ફાળવણું કરવામાં આવ્યું હતું. બંદરોની સંખ્યા કેટલી તો કહે કે પાંચ, બજેટની અંદર ફાળવણું કેટલું તો ૨૧૦ કરોડ રૂપિયા, એક જેટી બનાવવા જઇએ તો કમસે કમ ઓછામાં ઓછા ૩૦૦ કરોડ રૂપિયાની જરૂરિયાત ઉભી થાય. ત્યારે મને સમજાતું નથી કે બંદરો માટેના ગયા વર્ષના બજેટની અંદર અમલવારી તો થઇ નથી અને આ વખતના બજેટની અંદર પણ જે ફાળવણું કરવામાં આવ્યું છે તે ૧૫૦ કરોડ રૂપિયા. ૨૧૦ કરોડ રૂપિયાની અમલવારી થઇ નથી અને આ વખતના બજેટમાં જેટી બનાવવા માટેનું ફાળવણું ૧૫૦ કરોડ રૂપિયાનું ત્યારે મને એ સમજાતું નથી કે ૧૫૦ કરોડ રૂપિયામાં કયા બંદરની જેટી બનાવવા માગે છે? ત્યારે માનનીય નાણામંત્રીશ્રી પાસે એ વાતનો જવાબ માગવા માટે વિનંતી કરું છું. બંદરો પર જેટી બનાવવા અને તેના બજેટની જોગવાઇની વાત સમજાવે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં–હમણાં તો ખેડૂતોની માઠી બેઠી છે. બાપુ, ગયા વર્ષે અમારે ત્યાં ૩–૩ વાવાઝોડાઓ આવ્યા. એક વાવાઝોડાનું નામ આવે, થોડા દિવસ થાય, ભગવાનને પ્રાર્થના કરીએ, સોમનાથ ભગવાનને પ્રાર્થના કરીએ, કૃષ્ણને, કાળીયા ઠાકોરને પ્રાર્થના કરીએ અને વાવાઝોડું સમી જાય એના સમાચાર આવે, પંદર દિવસ થાય અને બીજું વાવાઝોડું દરિયામાં ડેવલપ થતું હોય છે. તે વખતે પણ આ શ્રી ભુપેન્દ્રસિંહ બાપુ પણ ત્યાં હાજર હતા અને રાતના ૧૨ વાગ્યે રીવ્યુ મિટિંગ લેતા હતા. ત્યારે બધા ચિંતા કરતા હતા. ચિંતા કરી એટલે બાપુએ કહ્યું કે શું થવાનું છે? ત્યારે અમે બધાએ ભગવાનને પ્રાર્થના કરી હતી કે આ વાવાઝોડું ટળી જાય અને સવારે સમાચાર આવ્યા કે વાવાઝોડું ટળી ગયું છે. ત્યારે અમે બાપુને વાત કરી કે જો આ વાવાઝોડું આવે તો અમારા કોસ્ટલ બેલ્ટ ઉપર અને સૌરાષ્ટ્રમાં ખાસ કરીને કેસર કેરીના બગીચાઓ અને નાળિયેરીના બગીચાઓનું ખૂબ મોટું વાવેતર થાય છે અને મોટા પ્રમાણમાં એ બગીચાઓ આવેલા છે. જો એ વાવાઝોડાની અસર ઉભી થાય અને વાવાઝોડું આવે તો એ નાળિયેરી અને કેસર કેરીના બગીચાઓ બધા નાશ પામે અને એ ખેડૂત દસ વર્ષ સુધી પાછો બેઠો ન થઇ શકે. એટલે અમે બાપુને એ વિનંતી પણ કરી હતી કે આપ સરકારમાં એ રજૂઆત કરજો અમારા વતી પણ આ વાત કરો અને આ બગીચાઓનો વીમામાં સમાવેશ કરવામાં આવે એવી દરખાસ્ત કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવે તો આજે કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે તો આવા વાવાઝોડા આવે ત્યારે એ ખેડૂતોને એનો લાભ મળી શકે. તે દિવસે અમે બધાએ બાપુને આ વિનંતી કરી હતી. પણ એની અમલવારી આ બજેટમાં કયાંય જોવા મળતી નથી. એ જ રીતે બંદરોની કોઇ અમલવારી પણ જોવા મળતી નથી. ખેડૂતોની તો આજે પણ દશા ખરાબ છે. આજે પણ કમોસમી વરસાદની આગાહી છે, બે દિવસ પહેલા પણ ત્યાં કમોસમી વરસાદ હતો. અઠવાડિયા પહેલા પણ હતો. ગઇ કાલે પણ ખેડૂતોની એટલી ફરિયાદ હતી અને પરમ દિવસે પણ એટલી જ ફરિયાદ હતી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય ઝંખનાબેન.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.

અધ્યક્ષશ્રી : શ્રી ભગાભાઇ, ખેડૂતની વાત છે તો જલદી બોલો અને પૂરું કરો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખેડૂતોને ડબલ ભાવ આપવાની વાત કરીએ છીએ કે વર્ષ ૨૦૨૨માં ખેડૂતોને ડબલ ભાવ અપાવીશું. આજે ખેડૂતોની પરિસ્થિતિ એ છે કે પોતે યાર્ડમાં ટેકાના ભાવે માલ, તુવેર દાળ વેચવા જાય છે ત્યારે ૫૦ ખેડૂતો તુવેરદાળ લઇને જાય તો બે ખેડૂતનો માલ મંજૂર કરે છે અને ૪૮ ખેડૂતને એમના પાકને હવા લાગી ગઇ છે એવું કહી ને નામંજૂર કરે છે. ત્યારે આ વાતમાં પણ સરકાર ધ્યાન આપે તેવી મારી વિનંતી છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય છે મત્સ્યોદ્યોગ, મત્સ્યોદ્યોગ અંગેના વિચારો રજૂ કરવા માટે હું ઉભી થઇ છું. જયારે સભાગૃહની બહાર અમે સભાગૃહના સભ્યો સાથે ચર્ચા કરતા હોઇએ કે તમારે કયા વિષય પર બોલવાનું છે, ત્યારે મારો વિષય જાણીને ઘણા લોકો એવું કહેતા હોય છે કે આમાં તો શું નવું થયું કે તમે સભાગૃહના ધ્યાને મૂકો છો? માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ એ ઝડપી વૃદ્ધિ પામતી ખેતી વાડી સંલગ્ન પ્રવૃતિ છે. જે સ્વરોજગારીની તકો ઉભી કરી માછીમારોને વધારાની આવક ઉભી કરવાનું મોટું ક્ષેત્ર છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે આ સન્માનનીય સભાગૃહના સભ્ય હતા ત્યારે પણ આ મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપતા હતા અને જયારે આ દેશના વડાપ્રધાન તરીકે છે ત્યારે પણ પ્રોત્સાહન આપે છે. એટલે જ આ વર્ષના કેન્દ્રના બજેટમાં તેમણે રૂપિયા ૭૫૨૨ કરોડનું બજેટ એકવાકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આપ્યું છે. તેઓ જાણતા હતા અને આપણે સૌ જાણીએ છીએ કે દુનિયાનો પાંચમા ભાગનો દરિયા કિનારો ગુજરાત પાસે આવેલો છે અને એ ૧૬૦૦ કિલોમીટર લાંબો પથરાયેલો છે. જયારે આપણા નાણા મંત્રીશ્રી દ્વારા મત્સ્યોદ્યોગ માટે રૂપિયા ૫૯૧ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે ત્યારે હું આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું. હું પહેલા પણ આ સભાગૃહમાં કહી ચૂકી છું અને ફરીવાર આ સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે મત્સ્યોદ્યોગ એ એવો વેપાર છે કે જેમાં કોઇ પણ જાતની ડીગ્રીની જરૂર પડતી નથી. આમાં શિક્ષિતથી લઇને અશિક્ષિત લોકો અને મહિલાથી લઇને યુવા ધન જોડાતું જઇ રહ્યું છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ બપોરના ૩ વાગ્યે ફરી મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : (ક્રમશ) માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત રાજયમાં હજારો જિંગાના તળાવો આવેલા છે જેને shrimp farming તરીકે ઓળખવામાં આવે છે એ એક જિંગાની જાતિ છે ટાઇગર પ્રાંત shrimp farming જિંગાની જાતિ ગણવામાં આવે છે. એક હેકટરનું એક તળાવ ભરવામાં આવે છે તેના માધ્યમથી ૩૦ જેટલા લોકોને સીધી કે આડકતરી રીતે રોજીરોટી ઉભી થાય છે.

હું સભાગૃહને જણાવતા ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું કે ગયા વર્ષમાં સ્પ્રીંગ ફાર્મીંગ દ્વારા ૪૫ હજાર હેકટર ટન જિંગાનું ઉત્પાદન થયું હતું અને એના માધ્યમથી ૨૧૦૦ કરોડ રૂપિયાનું વિદેશી હુંડિયામણ આપણા દેશમાં અને ગુજરાતમાં આવ્યું છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું એક લક્ષ્યાંક છે કે દર વર્ષે એક લાખ કરોડનું વિદેશી હુંડિયામણ ભારત દેશમાં આવે તેના દ્વારા આપણે રૂપિયા બાવન હજાર કરોડના લક્ષ્યાંક પર પહોંચી ગયા છીએ. માત્રને માત્ર shrimp farming થી ૭૦ ટકા જેટલું વિદેશી હુંડિયામણ આ દેશમાં આવ્યું છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે ગુજરાત રાજયના જિંગાને સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ કવોલિટીના જિંગા તરીકે ગણવામાં આવ્યા છે. ગયા મહિને દરેક પત્રકાર મિત્રોએ એની નોંધ લીધી છે. ગુજરાત પાસે ઘણી એવી shrimp zone વાળી જગ્યા છે જયાં ભરતીના પાણી ફરી વળે છે એવી જગ્યાને જો ગામ દીઠ ગામના એક એક ઘર દીઠ ફાળવવામાં આવે તો રોજગારીનો મોટો પ્રશ્ન હલ થઇ શકે તેમ છે.

વધુ ન કહેતા આપણા વીજળીના દર બીજા રાજયોની સરખામણીમાં ઘણો વધારે હોવાના કારણે આપણા માછીમારો આપણા જે ફાર્મરો છે એને ઘણી મુશ્કેલીઓ આવે છે. આંધ્ર પ્રદેશ પાસે ૮૦૦ કિલોમીટર દરિયા કિનારો છે જયારે આપણી પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. ત્યાં વીજળીનો દર ૧.૫ રૂપિયા હોવાથી એ લોકો ૭૦ ટકા વિદેશી હુંડિયામણ ઉભું કરે છે. આપણી પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો હોય તો વીજળીના દર ઘટાડવામાં આવે તો મને લાગે છે કે આનાથી ખૂબ મોટી ક્રાંતિ આવશે એવું મારું માનવું છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સન ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું લઇને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

અંદાજપત્ર દિશાવિહિન ગણાય કેમ કે સરકારનું આયોજન જુદા જુદા ક્ષેત્રોમાં કરેલી ફાળવણી તથા એ ક્ષેત્રે ખરા અર્થમાં ફંડની જરૂરિયાતમાં તફાવત સ્પષ્ટ કરે છે. જેમ કે કૃષિ ક્ષેત્રે કમોસમી વરસાદ, પાક નુકસાન, મોંઘા બિયારણ તથા કૃષિ ક્ષેત્રે રોજગારી ઉભી કરવા માટેનું આયોજન મોટા પાયે જરૂરિયાત હતી. પરંતુ બજેટની ફાળવણી માત્ર રૂપિયા ૭૪૨૩ કરોડ કરીને સરકારે ગ્રામીણ ક્ષેત્રના કિસાનો, યુવા બેરોજગારો સાથે મજાક કરેલ છે. જે કોઇ યોજનાઓ સરકાર દ્વારા આપવામાં આવી છે એ સિમીત ખેડૂતો પૂરતી કરવામાં આવી છે. જેનાથી કૃષિ ક્ષેત્રે જોડાયેલા અન્ય ખેડૂતોને લાભ મળવાની શકયતા નહિવત રહેશે જેનાથી વર્ગવિગ્રહ ઉભો થશે. જેમ કે માત્ર ૨૯ હજાર ખેડૂતો માટે વિવિધ ઓજારો અને ટ્રેકટર ખરીદી માટેનું જ આયોજન કરેલ છે. એ જ પ્રમાણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટેના લાભાર્થી માત્ર ૫૦ હજાર લોકો માટે જ આયોજન કરવામાં આવેલ છે. તો સાડા ત્રણ કરોડ ગ્રામ્ય ક્ષેત્રે વસતા તથા કૃષિ ક્ષેત્રે જોડાયેલા લોકો માટે આયોજન કેમ નહીં ? એ જ પ્રમાણે કિસાન પરિવહન યોજનામાં પણ માત્ર પાંચ હજાર ખેડૂતોને લાભાર્થીઓ બનાવવામાં આવેલ છે. તો માત્ર સિમિત ખેડૂતોને લાભ આપવાનો ઉદેશ્ય સ્પષ્ટ થતો નથી. લઘુત્તમ ટેકાના ભાવના અભાવે પિડાતા ગુજરાતના ખેડૂતો માટે આ બજેટમાં સમૂચિત આયોજન ન હોવાના કારણે ખેડૂતોની આશા પડી ભાંગી છે અને કૃષિ ક્ષેત્રે આર્થિક બેહાલી વધવાની શક્યતાઓ છે. કૃષિ ક્ષેત્રે થતા અન્યાયના કારણે ગુજરાતના ખેડૂતો કૃષિ ક્ષેત્રથી અળગા થઇ રહ્યા છે. જેનાથી ગુજરાતનું અનાજનું ઉત્પાદન ઘટી રહ્યું છે. સને ૨૦૧૩-૧૪માં અનાજનું ઉત્પાદન ૧૦૦.૭ લાખ ટન હતું જે ઘટીને વર્ષ ૨૦૧૮-૧૯માં ૬૬.૯૧ જેટલું થયું છે. જયારે તેલીબિયાંનું ઉત્પાદન વર્ષ ૨૦૧૩-૧૪માં ૭૪.૭૦ હતું જે ઘટીને માત્ર ૬૪.૩ લાખ થવા જઇ રહ્યું છે. (સમય સૂચક ઘંટડી) ત્યારે નર્મદા યોજનામાં પણ ૬૬.૪ લાખ પિયતનું આયોજન કરવાનું હતું. પણ મારે કહેવું છે કે, અમારા વિરમગામ, સાણંદ અને બાવળાના તેત્રીસ ગામોને કમાન્ડ એરિયાની બહાર રાખીને, હજી પણ પિયતનું પાણી સિંચાઇ માટે આપવામાં આવતું નથી. ગયા બજેટની ચર્ચામાં જ મેં કહેલું કે, મારો વિરમગામ મત વિસ્તાર એટલે સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર છે. એમાં આવેલું અમારું બોળસર તળાવ હોય કે નળ સરોવર હોય, હમણાં જ મહામહિમ ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીએ પણ મુલાકાત લીધી છે ત્યારે એને પ્રવાસન સ્થળ તરીકે ડેવલપ કરીને અમારા વિરમગામ મત વિસ્તારના લોકોની આજીવિકાનું સાધન જે બની શકે એમ છે (સમય સૂચક ઘંટડી) તો એના માટે પ્રવાસન ક્ષેત્રે એની યોજના કેમ નથી લાવવામાં આવતી ? એ પણ એક સવાલ છે.

મારા વિસ્તારનો કટોસણ રોડ જે છે એની આજુબાજુમાં બાવીસ ગામો એવા છે કે, એમને કોઇ સારવાર લેવી હોય, મારી બહેનોને કોઇ ડિલીવરી હોય ત્યારે લગભગ કડી જવા માટે બાવીસ કિલો મિટર છે અને મહેસાણા જવું પડે છે. તો કટોસણ રોડની આજુબાજુમાં કોઇ પી.એચ.સી. સેન્ટર થાય અથવા સારી હોસ્પિટલ થાય તો આ બાવીસ ગામના લોકોને દૂર જવું ના પડે. બીજું કે, જ્યારે આપણે યુવાનોને બેરોજગારીમાંથી ઉગારવાની વાત કરીએ છીએ અને સરકારશ્રીની નીતિ પણ રહેલ છે

ત્યારે મારા વિસ્તારમાં ખૂબ ઉદ્યોગો સ્થપાયા છે. ઉદ્યોગ સ્થપાય ત્યારે એક નીતિ રહી છે કે, ૮૫ ટકા સ્થાનિક યુવાનોને રોજગારી આપવી. ત્યારે સરકારશ્રીને મારી તો વિનંતી છે કે, ટેકનિકલ પર્સનને નોકરી આપવી જોઇએ.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ): માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી આ સન્માનીય ગૃહમાં જે બજેટ લઇને આઠમીવાર આવ્યા છે, એમને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જનારું આ બજેટ સૌનો સાથ અને સૌના વિકાસની સાથે આ બજેટને આવકારતા હું હર્ષની લાગણી અનુભવું છું. અમારા માનનીય પંડિત દિન દયાળજીના વિચારો, એકાત્મ માનવવાદ અને છેવાડાના માનવી સુધી સરકારની સેવાઓ પહોંચે એ વિચારોને ચરિતાર્થ કરનારું આ બજેટ, માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાણાં મંત્રીશ્રી લઇને આવ્યા છે એમને હું લાખ–લાખ, કોટિ–કોટિ અભિનંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની ચિંતા અને ગરીબો માટે સરકારની સેવાઓ જણાવતાં મને આનંદ થાય છે કે, બજેટમાં બાંધકામ ક્ષેત્રે જોડાયેલા જે શ્રમિકો છે એમના માટે અન્નપૂર્ણા યોજના હેઠળ રૂપિયા દસમાં એમને ભોજન અપાય છે. એ સરકારની યોજનામાં વધારો કરીને હવે આ યોજના નીચે જે યુવિન કાર્ડ ધરાવનારા બાંધકામ સાથે સંકળાયેલા જે શ્રમિકો છે અથવા તો અન્ય જગ્યાએ. એ લોકોને પણ આમાં આવરી લીધા છે ત્યારે આ સંવેદનશીલ નિર્ણયના કારણે લાખો મજૂરોને આનાથી ફાયદો થવાનો છે. આ સરકારની સેવા કરવાની તત્પરતા છે એ આ બજેટમાં પ્રતિત થાય છે. આ યોજના માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. તેના કરતા આગળ વધીને કહું તો શ્રમજીવી ભાઇઓ હોય છે તેમના પત્ની અથવા તો એકલા બહેનો હોય તેમના માટે રૂ.૭૫૦૦ની સહાય જે અત્યાર સુધી આપવામાં આવતી હતી. તેની જગ્યાએ હવેથી તેમાં વધારો કરીને રૂપિયા ૨૭,૦૦૦ જેટલી રકમ આ સગર્ભા બહેનો માટે આમાં આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, રૂપાણી સાહેબની સરકારનું મન ગરીબો માટે કેટલું ખુલ્લું છે એ આ બજેટથી પ્રતિત થાય છે. હમણાં જે વાત થઇ કે આ સરકારની અંદર ભ્રષ્ટાચાર બાબતે મારા પ્રતિપક્ષના સભ્યશ્રીઓ જે વાત કરતા હતા. હું નાનો હતો ત્યારે મેં મારી સગી આંખે જોયેલું છે કે રેશર્નીંગની દુકાનોમાંથી જે રીતે ખાંડની બોરીઓ, કેરોસીનના આખાને આખા બેરલ કઇ જગ્યાએ જતા હતા, કેવી રીતે જતા હતા અને જતા હતા તો કોઇ આમ પબ્લિક બોલી શકતી નહોતી. આ પરિસ્થિતિ કોંગ્રેસના શાસન દરમ્યાન હતી. તેમાંથી આપનું દીધેલું ત્યારથી માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે અધિકારીઓની જે નિમણૂક કરી છે, એ.સી.બી.ને જે જવાબદારી સોંપી છે અને જે પ્રકારના કેસો કરવામાં આવ્યા છે. અમારું ભારતીય જનતા પાર્ટીનું મન ખુલ્લું છે. આના માટે જે તે સમયે કેસ કે ફરિયાદ કરવા જઇ શકાતું નહોતું. જે પ્રકારના અસામાજિક તત્વો હતા એ લોકો જ આડા ઉભા રહેતા અને એ કયા પક્ષના હતા એ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે. તેના લીધે ૨૫–૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલી આવે છે. એના ઉપર લોકોએ વિશ્વાસ મૂકયો છે ત્યારે આગળની બનેલી ઘટનાઓ લોકો ભૂલી શકતા નથી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી માનનીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સને ૨૦૨૦–૨૧ના વર્ષનું રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ.૧૧,૨૪૩ કરોડની જોગવાઇ કરેલી છે. પહેલું સુખ તે જાતે નરવા. રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની કાળજી રાખવા, આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ કરવા જરૂરિયાતમંદ નાગરિકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય વિષયક સેવાઓ ઝડપી અને નજીવા દરે મળે એ માટેનો સરકારશ્રીનો આશય છે ત્યારે મારે આણંદ જિલ્લાની વાત કરવી છે. આણંદ જિલ્લો ગુજરાતમાં ખૂબ મહત્વનો જિલ્લો છે. આણંદની અમુલ ડેરીનું નામ છે. શ્વેતક્રાંતિ લાવવામાં પણ અમુલનો સિંહફાળો છે. ત્યારે મને કહેતા દુઃખ થાય છે કે આણંદ જિલ્લો બૃહદ ખેડા જિલ્લાથી ૨૨ વર્ષથી છૂટો પડ્યો છે. પરંતુ આજ દિન સુધી આણંદ જિલ્લાની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી નથી. લોકો આરોગ્યની દ્દષ્ટિએ ખૂબ જ વલોપાત કરે છે. પરંતુ મોંઘીદાટ ખાનગી હોસ્પિટલોની અંદર એમને સેવાઓ લેવી પડે છે. આ ગૃહમાં સિવિલ હોસ્પિટલ બનાવવા માટે ગયા વખતે પણ મેં વાત કરી હતી. મારો વિધાનસભા મત વિસ્તાર આણંદમાં બાકરોલ, આણંદ નાવલી ગામે ખાતમુહૂર્ત કરવામાં આવેલું પરંતુ આજ દિન સુધી ત્યાં આગળ કોઇ સિવિલ હોસ્પિટલનું નિર્માણ થયું નથી. ગયા વખતે મેં માનનીય નીતિનભાઇ સાહેબને વાત કરી હતી કે આણંદમાં વ્યાયામશાળાની અંદર સો ગુંઠા જગ્યા ફાળવી હતી અને સો કરોડ રૂપિયા પણ ફાળવ્યા હતા પણ મને કહેતા દુઃખ થાય છે કે આજ દિન સુધી વ્યાયામશાળાની અંદર સિવિલ હોસ્પિટલનું નિર્માણ થયું નથી. કયા કારણોસર થયું નથી એનો ખ્યાલ આવતો નથી. આણંદ વ્યાયામશાળાની અંદર ૨૦ એકર જમીન આવેલી છે આ જમીનમાંથી ફકત સો જ ગુંઠા જમીન ફાળવવામાં આવેલી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી અને સરકારને કહેવું છે કે જયારે મેં કલેકટરશ્રીને સંકલનમાં પ્રશ્ન કર્યો ત્યારે કહે કે જો સરકાર વધારે જગ્યા માગશે તો ફળવાશે. માટે મારે શ્રી નીતિનભાઇ સાહેબને ખાસ વિનંતી કરવી કે આ લોકો માટેની માગણી છે. આજે ૨૨–૨૨ વર્ષથી સિવિલ હોસ્પિટલની વાત ટલ્લે ચડેલી છે એના માટે આપને હું વિનંતી કરું છું કે આણંદ શહેરની અંદર જિલ્લાની હોસ્પિટલ બને. ત્યાં આગળ સરકારશ્રી દ્વારા નકશા, પી.આઇ.એના બનાવ્યા છે, દસ માળ અને નર્સિંગ કોલેજ સાથેના, ૩૦૦ બેડની પથારી સાથેના નકશાઓ બન્યા છે

ત્યારે માનનીય નીતિનભાઇને વિનંતી કરું કે ઝડપથી આણંદ શહેરની અંદર સિવિલ હોસ્પિટલ બને એટલા માટે કે આણંદ એ આખા જિલ્લાનું હાર્દ છે. આખા જિલ્લાના ૮ તાલુકા એની અંદર બોરસદ ચોકડીથી વ્યાયામશાળાએ જવા આવવા માટે તદ્દન નજીક પડે. ગરીબ વર્ગનો માણસ ચાલીને પણ જઇ શકે એમ છે. માટે મારી ખાસ વિનંતી છે કે આ લોકઉપયોગી કામ કરવામાં આવે. બીજી વાત શહેરી વિકાસની કરું તો આણંદ શહેરની અંદર આવવા માટે સામળખા ચોકડી, નેશનલ હાઇવે નંબર-૮ અને એકસપ્રેસ હાઇવેથી સામળખાથી જે ભાલેજ ઓવર બ્રિજ રોડ આવેલો છે. એ જે રેલવેવાળો ઓવર બ્રિજનો રોડ છે એ ખૂબ જ સાંકડો છે જેના કારણે ટ્રાફીકની સમસ્યા ખૂબ જ મોટી થાય છે. આ ટ્રાફીકની સમસ્યાનો હલ કરવા માટે માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને પણ વિનંતી કરું કે જે ભાલેજવાળો ઓવર બ્રિજ છે એ વહેલામાં વહેલી તકે મોટો કરવામાં આવે તો આણંદની અંદર અમદાવાદ બાજુથી, ગાંધીનગર, ઇન્દોર, ગોધરા, ડાકોર બાજુથી જે લોકો આવે છે એમને સરળતા પડે છે. મારે આણંદ શહેરની વાત કરવી છે. આણંદ શહેરની અંદર ભૂગર્ભ ગટર યોજના આજે પણ અસ્તિત્વમાં નથી. ઘણા બધા પૂર્વપટ્ટીના વિસ્તારો છે, ખોડિયાર માતાનો વિસ્તાર છે, ગંગદેવનગર વિસ્તાર છે, ઇસ્માઇલ નગર, મિલ્લતનગર, રાજોરપુરા, મંગળપુરા છે, રૂપાપુરા, સોંગોડપુરા વિસ્તાર છે, બાકરોલનો કોલોની વિસ્તાર છે, આ વિસ્તારોની અંદર આજે પણ ગટરની સુવિધાઓ નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગટરની પણ વ્યવસ્થા થાય અને સમાવેશ કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માર્ગ અને મકાન વિભાગની વર્ષ ૨૦૨૦-૨૧ની જે બજેટની માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. આ વિભાગ દ્વારા દર વર્ષે બજેટની અંદર વધારો કરવામાં આવે છે. આ વખતે પણ રૂપિયા ૧૦,૨૦૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી છે. હું આ ગૃહને કહેવા માગું છું કે ભારત દેશની અંદર આટલું મોટું બજેટ કોઇપણ રાજયમાં આ વિભાગ દ્વારા ફાળવવામાં નથી આવ્યું. માત્ર અને માત્ર ગુજરાત એવું રાજય છે કે જેમાં રૂપિયા દસ હજાર કરોડનું આટલું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ વિભાગ માર્ગ અને મકાન બંને વિભાગ સંભાળે છે. મકાનની અંદર આપણે જોઇએ તો આજે ગુજરાતની અંદર જિલ્લા સેવા સદન હોય, તાલુકા સેવા સદન હોય કે મામલતદાર કચેરી હોય આ તમામ બિલ્ડીંગો આજે કોર્પોરેટ ઓફીસ જેવા બિલ્ડીંગો બન્યા છે. સમગ્ર ગુજરાતની અંદર નમૂનારૂપ આ બધા બિલ્ડીંગો બન્યા છે. અત્યારે પણ જેટલા જેટલા નવા તાલુકાઓ બન્યા છે ત્યાં પણ બધા નવા મકાનોના નિર્માણ કરવામાં આવ્યા છે. આ વિભાગ દ્વારા કોરીડોર, પ્રગતિપથ, બંદરોને જોડતા રસ્તા હોય, ઔદ્યોગિક રીતે જોડતા રસ્તા હોય કે જિલ્લાઓને જોડતા રસ્તાઓને ૧૦ મિટર પહોળા કરવાના હોય, કિસાનો માટે કિસાનપથ યોજનાના રસ્તા હોય આ તમામ લોકોને આવરી લેવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે હું રૂરલમાંથી ધારાસભ્ય તરીકે આવું છું. અમારા વધુમાં વધુ પ્રશ્નો પરાઓ અને બે ગામોને જોડતા રસ્તાઓના હોય છે. સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત કરી અને અમારી વર્ષો જૂની માગણી સંતોષવાનું કામ આ શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આપે કર્યું છે. એટલા માટે સામે બેઠેલા મિત્રોને પણ કહેવા માગું છું કે, માર્ગ અને મકાન વિભાગની માગણીમાં તમારે સમર્થન કરવું જોઇએ. ખેતી માટેના બે ગામને જોડતા રસ્તાઓ કે જેનો ઉપયોગ બધા કરતાં હોય છે અને રૂરલના ધારાસભ્ય પાસે વધારેમાં વધારે માગણી આવા રસ્તાઓની આવતી હોય છે. મહત્તમ રસ્તાઓના કામો આ ગ્રામ્ય રસ્તાના થયા છે. આપને અભિનંદન આપું છું કે આ વર્ષે પણ તમે ૩૮ કરોડ રૂપિયાના રસ્તા મારા મત વિસ્તારમાં આપ્યા છે.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટમાંથી બે મિનિટ અભિનંદનમાં જ ગઇ છે. સારું સારું કામ બોલોને?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં કીમથી માંડવી જતો રસ્તો ૪૨૦૦ લાખ રૂપિયાના ખર્ચે બનાવ્યો છે. મારા ઓલપાડમાં જેટલા રેલ્વે આર.ઓ.બી. છે એ તમામ મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે અમે દક્ષિણ ગુજરાતથી આવીએ છીએ ત્યારે ભરુચ ગોલ્ડન બ્રિજ ઉપર કલાકો સુધી લાઇનમાં ઉભા રહેવું પડતું હતું એમાંથી આ ભા.જ.પ.ની સરકારે છૂટકારો અપાવ્યો છે. ખાતમુહૂર્ત પણ ભા.જ.પ.ની સરકાર કરે છે અને એનું લોકાર્પણ પણ ભા.જ.પ.ની સરકાર કરે છે. અત્યારે રૂપિયા ૪૨૦૦ લાખના ખર્ચે ભરુચના ગોલ્ડન બ્રિજનું નિર્માણ થઇ રહ્યું છે. લગભગ ૭૦ ટકા કામ પૂરું થયું છે. આગામી વિધાનસભા સત્ર દરમિયાન અમે એ બ્રિજ ઉપરથી આવતા થઇશું. અંકલેશ્વરથી ભરુચનું ૨૫ કિલોમિટરનું અંતર છે એ ફરીને જવું પડતું હતું એ અંતર પણ ટૂંકું થઇ જવાનું છે. મારા મત વિસ્તારમાં સુવાલી આવેલું છે અને દરિયા કિનારાનો વિસ્તાર હોવાથી સુરતના લોકો ત્યાં બીચ પર ફરવા જાય છે. રૂપિયા ૧૧૦૦ લાખના ખર્ચે એ રસ્તાને ડબલ કરવાનું કામ પરિપૂર્ણ કર્યું છે. એ જ રીતે મારા મત વિસ્તારના ઓલપાડ અને ચોર્યાસી એ બે તાલુકાને જોડવાનું કામ રૂપિયા ૯૩ કરોડના ખર્ચે આ વિભાગે પૂર્ણ કર્યું છે. મારી એક માગણી છે કે દેલાસાથી કપાસીને જોડતો માર્ગ છે એના ઉપર પુલ થાય તો અમારા કાંઠા વિસ્તારના ગામો જોડાઇ જાય એ માટે મારી આપને વિનંતી છે.

શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રતાપભાઇને બોલવા આપો એ પહેલા મારે એક વિનંતી કરવાની હતી.

અધ્યક્ષશ્રી : પછી રાખો. આપને માનનીય પ્રદિપસિંહની હાજરીમાં ચોક્કસ સમય આપીશ.

ફાલ્ગુન ૨૧, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, મિત્રોને બાળપણ યાદ આવ્યું એમ મને પણ બાળપણ યાદ આવે છે. ગામડા ગામની અંદર નાટક કરવા માટે, ભવાઇ કરવા માટે એક જમાનામાં ભવાઇ થતી હતી અને હું બાળપણમાં જોવા જતો હતો. ભવાઇ ચાલતી હોય ત્યારે ગામના પટેલ બાપા બેઠા હોય અને એ એમ કહે કે કોઇએ એક ગાય આપી, કોઇએ ભેંસ આપી, કોઇએ રૂપિયા આપ્યા. સવારે નાટક કરવાવાળા લોકો ઘેર ઘેર જઇને ઉઘરાણી કરવા જતા હોય. પટેલ બાપા પાસે જ્યારે ગાયની ઉઘરાણી કરવા આવે ત્યારે પટેલ બાપા એમ કહે કે અમે નાચવાવાળીને પૈસા આપ્યા હતા. પેલો ભાઇ ચોખવટ કરે કે બાપા, એ નાચવાવાળી હું જ હતો. એ ખોટુકલું હતું. એ પ્રમાણે આ બજેટ પાસ થાય છે. બજેટની અંદર એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે, ચોપડાની અંદર બજેટના આંકડા બહુ મોટા દેખાય છે પણ જમીન ઉપર પરિસ્થિતિ બહુ કપરી છે. શ્રી મુકેશભાઇ રોડ રસ્તાની વાત કરતા હોય તો વર્ષ ૨૦૧૬–૧૭ના રસ્તા દાસા નામની એજન્સી મારા મત વિસ્તારમાં ત્રણ રોડ ખોદીને જતી રહી. આજે ત્રણ વર્ષ થયા પણ રોડ રસ્તા પૂર્ણ થતા નથી. રાજ્ય સરકાર ભા.જ.પ.ની, કેન્દ્ર સરકાર ભા.જ.પ.ની, આજે માં પીરસનારી અને મોસાળે જમણવાર. મારા બાયપાસની અંદર વર્ષ ૨૦૧૨–૧૩ની અંદર સાવરકુંડલામાં ત્યારના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આહવાન કરી ગયા હતા. ત્રણ વર્ષથી મારો બાયપાસ અદ્ધરતાલ રેલવેની મંજૂરી વગર અટકીને ઊભો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર નાના શહેરો માટે કોઇપણ યોજનાના લાગુ પડતા લાભોમાં નાના શહેરો માટે જી.આઇ.ડી.સી. આપવાની વાત હોય, વડાપ્રધાને મારા વિસ્તારમાં ડીકલેર કર્યું હતું કે જી.આઇ.ડી.સી. આપીશું. મારો વિસ્તારનો સૌથી મોટો કાંટા ઉદ્યોગ જી.આઇ.ડી.સી.ના કારણે મૃતપાયે છે. એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે છતાં જી.આઇ.ડી.સી. આપવામાં આવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમે શેત્રુંજી કાંઠેથી આવીએ છીએ ત્યારે મારા વિસ્તારમાં કડિયા–કુંભાર જ્ઞાતિના લોકો મોટા પ્રમાણમાં રોજગારી મેળવતા હોય ત્યાં ઇકોઝોન લાગું પાડવામાં આવ્યો. ઇકોઝોનના કારણે રેતીની પરિસ્થિતિ એટલી કપરી થઇ છે કે તેના કારણે લોકો બેરોજગાર બન્યા છે. જો આ ઇકોઝોન હઠાવવામાં આવે અને રેતી સસ્તી મળે એવું આયોજન લઇને આવે તો અભિનંદન ૧૦૦ ટકા આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિક્ષેત્રે જે બજેટ લઇને આવ્યા છે ગૌદાન માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું એનો ભાગાકાર કરવામાં આવે તો આ ૩૦,૦૦૦ રૂપિયાની સહાય અને રૂપિયા ૩૦૦ કરોડનું બજેટથી લાખ લોકોને લાભ મળી શકે. આજે ૫૩ લાખ ખેડૂતો છે ત્યારે ખેડૂતની આવક બમણી કરવાની વાત આપણે કરતા હોય ત્યારે ખેડૂતને આમાં બિલકુલ તાર–ફેન્સીંગના ઉપયોગની વાત આ બજેટમાં નથી આવી. ખેડૂતને સૌથી મોટો ત્રાસ રોઝ–ભૂંડથી થતો હોય ત્યારે આ બજેટમાં જો તાર–ફેન્સીંગ માટે જોગવાઇ કરવામાં આવે અને ખેડૂતોને રોઝ–ભૂંડથી મુક્તિ આપવામાં આવે તો ૧૦૦ ટકા ખેડૂતોની બમણી આવક થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા યોજના જે યુ.પી.એ. સરકાર વખતે લોંચ કરવામાં આવી હતી અને જે એનું બજેટ હતું એને દિન–પ્રતિ–દિન ઘટાડતાં જાય છે. એ બજેટની રાશી એટલી ઘટાડવામાં આવી છે અને આજે આપણા બજેટમાં પણ એટલો ઘટાડો થયો છે. જો બજેટમાં વધારો થયો હોત તો ગરીબ માણસને મનરેગાથી ૧૦૦ ટકા લાભ મળી શકે અને ફરજિયાત અધિકારીઓ મારફત બજેટ લાગુ પાડવામાં આવે તો મનરેગાનો લાભ છેવાડાના માનવીને મળી રહે એના માટે કાંઇક પ્રયાસ આપણે કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રે જે વાત લઇને આવ્યા છે એમાં આજે ગુજરાતની અંદર શિક્ષણનું સ્તર સદંતર નીચે જતું જાય છે. ત્યારે રાજ્યની ૫૦૦ શાળાઓ વિકસિત શાળાઓ તરીકે વિકસાવવાની વાત છે ત્યારે ગામડાની અંદર છઠ્ઠા ધોરણ પછીની જે દહેશતનું વાતાવરણ ઊભું કર્યું છે એના કારણે સ્કૂલના ઓરડા બંધ કરવાની વાત છે ત્યારે એક બાજુ શિક્ષણની વાત કરે છે અને એક બાજુ ઓરડા બંધ કરવાની વાત કરીએ એ પરિસ્થિતિ ઘણી કપરી થવા જઇ રહી છે ત્યારે આ બજેટની અંદર ગરીબ માણસ, મધ્યમ વર્ગ અને ખેડૂત વિરોધી આ બજેટ દેખાઇ રહ્યું છે ત્યારે આ બજેટને અમે અનુમોદન ના આપી શકીએ. આ બજેટ ગરીબ માણસ અને ગામડા વિરોધી બજેટ છે એવું દેખાઇ રહ્યું છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય અરવિંદભાઇ રાણા, શ્રી પ્રતાપભાઇએ તમને ૩૦ સેકંન્ડ વધારે આપી છે.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે રજૂ કરેલ અંદાજપત્ર પર મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ દેશમાં વહીવટમાં તો ઉત્તમ છે જ. પરંતુ એને સર્વોત્તમ તરફ લઇ જનારું આ બજેટ સર્વગ્રાહી, સર્વસ્પર્શી, સૌના સાથ અને સૌના વિકાસને ધ્યાનમાં રાખીને તમામ લોકોને પોતાનું બજેટ લાગે એવું લાગણીસભર બજેટ રજૂ કરવા બદલ હું રાજ્યની ભાજપ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ''**કીડીને કણ અને હાથીને મણ**''ના ઉદ્દેશને ધ્યાનમાં લઇને વિકાસલક્ષી બજેટ દ્વારા તમામ વર્ગના લોકોને અ બજેટમાંથી કંઇક ને કંઇક મળવાનું છે. ગુજરાતના ઇતિહાસમાં છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. છેલ્લા ઘણા વર્ષોથી એકપણ પાઇનો વેરામાં વધારો કર્યા વગર આ વર્ષના બજેટની અંદર વીજળી વેરામાં રૂ.૩૩૦.૧૬ કરોડ જેટલી માતબર રકમની રાહત આપવામાં આવી છે. આ રાહતના લીધે રાજ્યના નાના વેપાર, ઉદ્યોગ, વ્યવસાય ચલાવનાર ૩૦ લાખ લોકોને વેરામાં રાહત મળવાથી રાજ્યના દુકાનદારો, વેપારીઓ, કારીગરો, નાની ઓફિસ ધરાવનારાઓને ફાયદો મળવાનો છે તે બદલ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે વર્ષ ૨૦૧૯–૨૦નું જે બજેટ રજૂ કર્યું હતું એ રૂપિયા ૨,૦૪,૮૧૫ કરોડનું હતું અને તેમાં

તેમણે જણાવ્યું હતું કે વર્ષના અંતે રૂપિયા ૨૮૫.૧૨ કરોડની પૂરાંત રહેવાની છે. પરંતુ હાલમાં વર્ષના અંતર વર્ષ ૨૦૧૯–૨૦ની વધારાની પૂરક માગણી અને પૂરક વિનિયોગ વિધેયક વર્ષ ૨૦૨૦ મુજબ રૂપિયા ૯,૪૫૬/– કરોડની કુલ ૪૩ વિભાગની માગણી ગૃહે મંજૂર કરી. છતાં પણ વર્ષના અંતે રૂ. ૫૩૮૮ કરોડની પૂરાંત રહેવાની છે જે ગતિશીલ ગુજરાતનો વહીવટ દર્શાવે છે. રેવન્યૂ સરપ્લસ બજેટ એ કાર્યક્ષમ સરકાર હોવાનો દાવો રજૂ કરે છે. હાલના વર્ષમાં ૨૦૨૦–૨૧નું બજેટ રૂ.૨,૧૭,૨૮૭ કરોડના બજેટની અંદર ૧૦૮ અલગ અલગ વિભાગોની કુલ રૂપિયા ૧,૭૫,૦૦,૧૬૦ કરોડની માગણી રજૂ કરવામાં આવી છે છતાં પણ વર્ષના અંતે ૬૦૫.૪૩ કરોડ રૂપિયાનું પૂરાંતવાળું બજેટ રજૂ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે વર્ષ ૨૦૧૯–૨૦માં રૂ.૧૦,૮૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી જેમાં વધારાના રૂપિયા ૨૧૦ કરોડની પૂરક માગણી મંજૂર થયેથી ૧૧,૧૦૦ કરોડ રૂપિયાની માતબર રકમનો ખર્ચ કરીને આ રાજયની ૬,૩૦,૦૦,૦૦૦ જનતાની તમામ પ્રકારની આરોગ્યની ચિંતા આ ભા.જ.પા. સરકારે કરી છે. હાલના વર્ષમાં ૨૦૨૦–૨૧ના બજેટમાં રૂ.૧૧,૨૪૩ કરોડ જેટલી જંગી રકમની જોગવાઇ કરી છે. રાજયના નાગરિકોને ગુણવત્તાયુકત ઝડપી આરોગ્ય વિષયક સેવાઓ વિનામૂલ્યે અથવા ખૂબ નજીવા દરે પૂરી પાડવાની આ સરકારની નેમ છે. રાજય સરકાર દ્વારા ૬,૫૦,૦૦,૦૦૦ જનતાની તમામ પ્રકારની આરોગ્યની સુવિધા આપવામાં આવે છે જયારે રાજયના ૧,૭૦,૦૦,૦૦૦ બાળકોના આરોગ્યની પણ ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર રાખે છે. દેશનું ભવિષ્ય સશકત અને તંદુરસ્ત રહે તે હેતુથી રાજય સરકારે અમલમાં મૂકેલ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ એ સૌથી મોટા સમયગાળા માટેનો કાર્યક્રમ છે. વર્ષ ૨૦૦૭–૦૮થી પ્રાથમિક શાળાના બાળકો ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન ૨૧ ડિસેમ્બર, ૨૦૧૮થી ૨૦ ફેબ્રુઆરી, વર્ષ ૨૦૧૯ સુધી જે કાર્યક્રમ હાથ ધરાયો હતો તેમાં નવજાત શીશુથી માંડીને ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ–૧૨ સુધીના તમામ બાળકો અને ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જૂથના જે બાળકો શાળાએ જતા ન હતા તેવા તમામ બાળકોને આવરી લઇને ૧,૫૮,૩૨,૦૦૦ જન્મેલા બાળકોની આરોગ્યની તપાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૨,૦૪,૦૦૦ બાળકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી હતી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો વિશે મારા વિચાર રજૂ કરવા માગું છું. આ બજેટ ગુજરાતની જનતાને જેટ ગતિએ આગળ વધારનારું બજેટ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું. આપણો દેશ, આપણું ગુજરાત ૭૦ વર્ષ પહેલા ખેતીપ્રધાન હતો. દેશની અંદર વસ્તી ઓછી હતી. ખેડૂતો પાસે ૧૦૦ વિઘા જમીન હતી તે ઘટીને આજે પાંચ વિઘા થઇ ગઇ છે. કારણ કે એના કુટુંબના સભ્યો વધ્યા છે. આવા સમયમાં ઇન્ડસ્ટ્રીના વિકાસ વગર રસ્તો નથી. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિચાર્યું કે ઉદ્યોગકારોને આપણા રાજયમાં રોકાણ કરવા માટે લાવવા હોય તો શું કરવું? એટલે એમણે રાજયમાં વાઇબ્રન્ટ ગુજરાત મારફતે આપણા ગુજરાતમાં શું છે એ ઉજાગર કરીને ઉદ્યોગ સ્થાપવાવાળાને માહિતી પૂરી પાડી. ગુજરાતમાં શાંતિ, સારા રસ્તા, સારી વીજળી, રાજયમાં માલ નિકાસ કરવા માટે સારા બંદરો આ બધી સગવડતાથી પ્રભાવિત થઇ અત્યારે હાલની સ્થિતિએ ગુજરાત કોઇને ફેકટરી કરવી હોય તો પહેલી પસંદગી છે પણ મારા મિત્રો વાઇબ્રન્ટ ગુજરાતને ફતવા કહે છે. મારે કહેવું છે કે આપણી જે યોગ્યતા હોય એ સમાજ સામે મૂકવી એ શું ફતવા કહેવાય? વાઇબ્રન્ટ ગુજરાતનો આ સિલસિલો માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની જોડી આગળ વધારી રહી છે અને તે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. એટલા માટે વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં રૂપિયા ૭,૦૧૭ કરોડની જોગવાઇ કરી ઉદ્યોગકારોને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ખૂબ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૧૮–૧૯માં ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧૨,૬૧૮ કરોડનું થયું હતું. તેની તુલનાએ વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૨૪,૦૧૨ કરોડનું થયું છે. જે વર્ષ ૨૦૧૮–૧૯ કરતા લગભગ બમણું થયું છે. જે ઇન્વેસ્ટમેન્ટમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં ઇન્વેસ્ટમેન્ટ આવેલ છે, તેમાં છેલ્લાં ૩ વર્ષમાં દેશની અંદર ૨,૫૭૪ નવા ઉદ્યોગો આવ્યા, એમાંથી ૭૩૫ મોટા એકમો ગુજરાતમાં આવેલ છે, તેથી નવી રોજગારી ઉભી થશે. આ બધું વાઇબ્રન્ટ ગુજરાતના કારણે શકય બન્યું છે. તેમજ નવા ઉદ્યોગો આવે જેવા કે પ્લાસ્ટિક, એરસ્પેસ, ડિફેન્સ માટે પ્રોત્સાહન માટે બજેટમાં રૂપિયા ૯,૯૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માત્ર ઉદ્યોગોનું ધ્યાન રાખ્યું નથી. તેમણે મારા અગરિયા ભાઇઓની મુશ્કેલીને પણ ધ્યાને લીધી છે. તેમના માટે મીઠાના ઉદ્યોગ માટે ડીઝલ એન્જિનની જરૂર પડે. તેમને ડીઝલ લેવા માટે સિટિમાં જવું પડે, પૈસા ચૂકવવા પડે. તેના વિકલ્પ તરીકે સરકારે સોલાર પંપની યોજના કરી અને રૂપિયા ૧૫ કરોડની સબસિડી જાહેર કરી છે, જેનાથી સુરેન્દ્રનગર જિલ્લાના મારા અગરિયા ભાઇઓને ખૂબ જ મોટી રાહત થશે. બીજી વાત કરું તો આપણી ફેકટરીઓની બહાર સરસ ગાર્ડન હોવા જોઇએ. ફેકટરીની બાજુમાં એકાદ મીટરની અંદર ગાર્ડનિંગ કરવામાં આવે તો સારું લાગે અને હવામાન પણ સારું થાય. ચીન અને યુરોપ જેવા દેશોમાં એકાદ મીટરમાં ગાર્ડનિંગ હોય છે. જો આવી વ્યવસ્થા ઉભી થાય તો સારું. તેનું કન્ટ્રોલિંગ પોલ્યુશનવાળા કરે. બીજું, ગુજરાતમાં કોઇ બેકારી નથી. કોઇ શોર્ટેજ નથી. ફેકટરીઓની બહાર માણસોની જરૂર છે તેવા બોર્ડ

લાગેલા હોય છે. જે ભણેલા, ડિગ્રી હોલ્ડર છે, તેની પાસે પુસ્તકનું નોલેજ છે, પણ વર્ક ફીલ્ડનું નોલેજ નથી, એના માટે યુરોપ અને અમેરિકાની જેમ જો કોઇ એવી યોજના કરવામાં આવે કે ધોરણ ૧૨ પછી ડિગ્રી મેળવે ત્યારથી ૪ થી ૬ કલાક ઉદ્યોગમાં અથવા ઓફિસમાં ટ્રેનિંગ આપવામાં આવે તો તેમને રોજગારી શોધવા જવું ન પડે. એ ટ્રેઇન થઇ જાય. અહીંયા લોકલ માણસોને ૮૫ ટકા રોજગારી દેવાની વાત છે, જે વ્યાજબી છે. ઉદ્યોગમાં લોકલ લેવલે સસ્તું પડે છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને અભિનંદન પાઠવું છું. પશુપાલન ક્ષેત્રમાં મારા વિચારો રજૂ કરું છું. સૌ પ્રથમ તો ઓલાદોની જાળવણી પશુ સંવર્ધન સવલતો ઉપલબ્ધ કરવા અને પશુધન વિકાસના કાર્યક્રમમાં શોધ અને અમલીકરણ અને દૂધ ઉત્પાદનમાં અદભૂત વધારાની સાથે છેલ્લા કેટલાક વખતથી પશુ રોગોના નિષ્ણાંત ક્ષેત્રમાં અથાગ પરિશ્રમથી ગુજરાત રાજ્યે ખૂબ મોટી નામના પ્રાપ્ત કરી છે. તે બદલ રાજ્ય સરકારને આપના માધ્યમથી અભિનંદન પાઠવું છું. રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને ગામના નિષ્ણાંત પશુ ચિકિત્સકની ટીમ દ્વારા ઝુંબેશ સ્વરૂપે પશુ સારવાર મળી રહી છે. તે માટે આરોગ્ય મેળા યોજવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વ્યાજબી પશુ આરોગ્ય મેળા અભિયાન હેઠળ ખૂબ મોટા પાયા ઉપર પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી પશુઓને નિઃશુલ્ક પશુ સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧માં આવા ૪૫૦૦ જેટલા પશુ આરોગ્ય મેળા આયોજન કરીને કુલ રૂપિયા ૪.૫૦ કરોડની જોગવાઇ કરી છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર રાજ્યમાં અમલમાં આવેલા મુખ્યમંત્રીશ્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ અત્યાર સુધીમાં લાખો પશુઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવી છે. તેમજ વર્ષ ૨૦૧૫-૧૬થી પશુપાલન વિભાગ દ્વારા રાજયમાં દસ ગામદીઠ એક ફરતા પશુ દવાખાનાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની યોજના હેઠળ કુલ ૪૬૦ ફરતા પશુ દવાખાના મંજૂર કરેલા છે. જેમાં પશુપાલકોને ગામમાં જ પશુ સારવાર મળી રહે છે. નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે આશરે રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ તથા ૪૬૦ ફરતા પશુ દવાખાના માટે સૂચવેલ રૂપિયા ૩૬ કરોડની જોગવાઇથી રાજયમાં ખૂબ મોટી સંખ્યામાં પશુપાલકોને લાભ થવાનો છે. આ બંને જોગવાઇઓ માટે હું નાયબ મુખ્યમંત્રીશ્રીને સમર્થન આપું છું. રાજ્યમાં પ્રવર્તમાન ૩૭ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની સેવાઓ ચાલુ રાખવાની અને ૧૦ નવી કરુણા એનિમલ એમ્બ્યુલન્સ શરૂ કરવા માટે માનનીય નાયબ મુખ્યમંત્રી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં બજેટ પ્રવચનમાં કુલ રૂપિયા ૧૩ કરોડની જોગવાઇ કરી છે તેને સમર્થન કરું છું. આપણા દેશના અને ગુજરાતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું સાકાર કરવા અને પશુનું દૂધ ઉત્પાદન વધારવા તથા પશુપાલકોની આવકમાં વધારો કરવા માટે શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સંવેદનશીલ સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં મુખ્યમંત્રી પશુધન સહાય યોજના માટે સૂચવેલ કુલ રૂપિયા ૨૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ માટે સમર્થન આપું છું. રાજ્ય સરકાર દ્વારા રાજયકક્ષાના દૂધ ઉત્પાદકોની હરિફાઇનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. જેમાં ગાય અને ભેંસની વિવિધ ઓલાદના પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આવનારને ઇનામ આપવામાં આવે છે. આમાં સામેલ થનાર પ્રત્યેક પશુપાલકને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવે છે. આ પ્રકારની હરિફાઇની ઉત્તમ પશુ રાખતા પશુપાલકોને પ્રોત્સાહન મળે છે. આના માટે રાજયના પશુપશુપાલકો વૈજ્ઞાનિક અભિગમ અપનાવી રહ્યા છે. પશુપાલકો દ્વારા રાજયના પશુપાલન પ્રભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તરણેતર મેળામાં પશુ દર્શનનું આયોજન કરવામાં આવે છે. તેમાં વિવિધ કેટેગરીની સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં પશુપાલકો ભાગ લે છે. તેમાંથી ઉત્તમ પશુપાલકોને ઇનામ વિતરણ પણ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સુમનબેન આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય ગેનીબેન શું કહેવા માગતા હતા? પ્લીઝ.

**શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન નંબર-૭માં સવારે ચર્ચા થતી હતી. બેન દીકરીઓના સામે કેસ બન્યા હોય અને તેની તપાસ ગૃહ વિભાગ કરે છે તેવી ચર્ચા થતી હતી. તેમાં મેં મારો હાથ ઉંચો કર્યો હતો પણ સમય ન હોવાને કારણે આપ તક આપી શકયા નથી. ગઇકાલે રાત્રે દસ વાગે હું ભાભરથી ગાંધીનગર આવતી હતી. પાટણ જિલ્લાની હદમાં કાંસા પાટીયા પાસે ચાર-પાંચ લોકો રોડ ઉપર આવી ગયા અને એક ભાઇએ છરી લઇને ગાડી રોકાવવા માટેનો પ્રયત્ન કર્યો. ડ્રાઇવરે સમયસૂચકતા સાચવી ગાડી સાઇડમાં લઇ પાટણ તરફ આગળ જવા માટેનો પ્રયત્ન કર્યો. મેં તરત જ મારી પાસે એસ.પી. સાહેબનો નંબર હતો એટલે તેમને ફોન કર્યો, ફોન નો-રીપ્લાય મળ્યો અને ઉપાડયો નહીં. તે પછી સુજનીપુરના પાટીયા પાસે અમે આવ્યા ત્યારે ત્યાં ત્રણ-ચાર ગાડી પોલીસની પડી હતી. મેં ડ્રાઇવરને કહ્યું કે, આ જે ઘટના બની છે તેના માટે કરીને આપણે પાટણ જિલ્લાની પોલીસનું ધ્યાન દોરી દો. કોઇક સોરઠીયા કરીને હતા તેમનું ધ્યાન પણ દોર્યુ. મારો આપના માધ્યમથી ગૃહમંત્રીને કહેવાનો અર્થ એટલો જ છે કે, કોઇ ધારાસભ્ય આ રીતે ફોન કરીને આવી ઘટનાની અંદર પોલીસની મદદ માગતા હોય અને તેની કોઇ ગંભીરતા લેવામાં ન આવતી હોય તો સામાન્ય કોઇ દીકરી હોય અને તેની પાસે નંબર ન હોય તો આવી ઘટનાને પોલીસ ગંભીરતાથી લે અને તેના માટે જે કંઇ કાર્યવાહી કરવાની થતી હોય તે કરે. આવું થયું ત્યારે મેં ત્રણ વખત વાત કરી તો પણ હજી સુધી એસ.પી. સાહેબનો કે પોલીસ તંત્રનો કોઇ ફોન પણ આવ્યો નથી કે આ બનાવ પાછળ અમે કોઇ કાર્યવાહી કરી

છે કે અમે આની પાછળ જે કાંઇ કરવાનું હશે એ કાર્યવાહી કરીશું અને તમારી સાથે જે કાંઇ બન્યું એના માટે થઇને અમે ગંભીર બનીશું. એટલે માનનીય ગૃહ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, પાટણ એસ.પી.ને સૂચના આપીને માહિતી મેળવે. એમનો જે નંબર હતો એના ઉપર અમે ફોન કર્યો હતો એ નંબર ૯૯૭૮૪૦૫૦૭૮ છે. એટલે આ બાબતને થોડી ગંભીરતાથી લે એવી મારી માનનીય ગૃહ મંત્રીસાહેબને વિનંતી છે.

**શ્રીપ્રદિપસિંહ ભ. જાડેજા(રા.ક.ના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગેનીબેને જે રજૂઆત કરી છે એને હું એકદમ ગંભીરતાથી લઉં છું. કોઇ પણ ધારાસભ્ય હોય કે કોઇ પણ બહેન દીકરી હોય જ્યારે પણ આવા સંજોગોમાં પોલીસ મદદ માગતી હોય એમાં કોઇ કચાસ નહીં રાખવી જોઇએ. ગઇ કાલના બનાવના સંદર્ભમાં કયાં કયાં કોણ રોકાયા હતા અને કેમ એમની સાથે આ થયું? એની ઝીણવટપૂર્વક તપાસ કરી અને પોલીસ તંત્ર આખા રાજયમાં આ પ્રમાણેના ટેલિફોન એટેન્ડ કરે એને માટે હું તાત્કાલીક ગંભીરતાથી ચોક્કસ સૂચના આપીશ.

**અધ્યક્ષશ્રી** : મારી સમજ મુજબ માનનીય ગેનીબેન એવું કહેવા માગે છે કે, ડી.એસ.પી.સાહેબને રાત્રે ૧૦.૦૦ વાગ્યે ફોન કર્યો, રીંગ વાગી, ફોન એટેન્ડ ન કર્યો, કારણો હોઇ શકે. પણ અત્યાર સુધી એમના તરફથી કોઇ ફોન સામેથી આવેલ નથી એટલે આપણા કોઇ પણ ધારાસભ્યશ્રી કોઇ પણ અધિકારીને ફોન કરે એટલે ત્યાર પછી જ્યારે સમય મળે ત્યારે પણ બને એટલી વહેલી ત્વરાએ સામેથી અધિકારીશ્રીએ ફોન કરવો જોઇએ.

**શ્રી ગોવિંદભાઇ ર. પરમાર(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં વિવિધ વિભાગો અને વિવિધ વિસ્તારો માટે જે પ્રકારે જોગવાઇઓ કરવામાં આવી છે એના કારણે સમગ્ર ગુજરાતના લોકો, ગરીબો, પીડિતો અને છેવાડાના માનવીઓ આ બજેટના કારણે ખુશ છે તેથી હું સરકારને અભિનંદન પાઠવું છું. જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી જ્ઞાતિ, જાતિ, ધર્મથી પર રહીને વિકાસની રાજનીતિ કરવાનું શરૂ કરેલ છે. આ વખતના બજેટમાં જે પ્રકારે રાજયના ખેડૂતોની વિવિધ યોજનાઓ તથા ખેડૂતોની સમૃદ્ધિ માટે આ બજેટમાં બાગાયતી પાકોના વિકાસ માટે ૪૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની સંસ્કૃતિ કૃષિ અને ઋષિની છે. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. ગુજરાતના ખેડૂતોની ચિંતા આપણી આ સરકાર તથા આપણા રાજયના પનોતા પુત્ર અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કરી રહ્યા છે. ખેતીમાં આધુનિકરણ આવે અને ખેડૂત સમૃદ્ધ થાય તે દિશામાં આપણી સરકાર ખરા અર્થમાં કામ કરી રહી છે અને અનેક ખેડૂતલક્ષી યોજનાઓ જો યાદ કરું તો મને ગર્વ થાય છે. દુનિયામાં કૃષિ ક્ષેત્રે ક્રાન્તિ આવી છે. જે દેશે કૃષિ બાગાયત ક્ષેત્રે પ્રગતિ કરી છે તેણે વૈશ્વિકરણના યુગમાં સફળતા હાંસલ કરી છે. આજે બાગાયતી ખેતી ફકત આજીવિકાનું સાધન જ નહીં પણ એક ઉદ્યોગ તરીકે અપનાવાઇ રહી છે ત્યારે બાગાયતી ખેતી એકમ દીઠ ઓછા ખર્ચે ઉપલબ્ધ સાધન–સામગ્રીનો કાર્યક્ષમ ઉપયોગ કરી વૈજ્ઞાનિક ભલામણો અપનાવી લાંબાગાળા માટે વધુ ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવું જરૂરી છે. ગુજરાતમાં બાગાયતી વાવેતર વિસ્તાર અને ઉત્પાદન વર્ષ ૨૦૧૮–૧૯માં અનુક્રમે વધીને ૧૫.૮૪ લાખ હેકટર અને ૨૨૭.૮૫ લાખ મેટ્રિક ટન થયેલ છે. આ બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં ૩.૩૦ ગણો અને ઉત્પાદનમાં ૫.૨૯ ગણો વધારો થયેલ છે. વર્ષ ૨૦૧૮–૧૯માં ગુજરાત રાજય રાષ્ટ્રીય કક્ષાએ ફળ પાકોના ઉત્પાદનમાં ૯ ટકા, શાકભાજીના ઉત્પાદનમાં ૮ ટકા, કુલ પાકોના ઉત્પાદનમાં તેમજ મસાલા પાકોના ઉત્પાદનમાં ૧૨ ટકા હિસ્સો ધરાવે છે. બાગાયત ક્ષેત્રે ગુજરાત રાજયની કેસર કેરીને વૈશ્વિક ઓળખ મળેલ છે. વરિયાળી અને જીરુના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. પપૈયાના વાવેતરના વિસ્તારમાં પ્રથમ અને ઉત્પાદનમાં દ્વિતિય સ્થાન ધરાવે છે.

**શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને વાહનવ્યવહારના મંત્રી આદરણીય શ્રી ફળદુ સાહેબના નેતૃત્વમાં વાહન વ્યવહાર વિભાગમાં સરકારની કામગીરી ખૂબ જ પ્રસંશનીય રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના નેતૃત્વમાં વાહન વ્યવહાર વિભાગ ભ્રષ્ટાચારમુક્ત બને અને વિભાગમાં પારદર્શક વહીવટ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ રહી છે. મને કહેતા આનંદ થાય છે કે, આર.ટી.ઓ. કચેરીમાં વાહન સંબંધિત ૪૮ અને લાયસન્સ સંબંધિત ૩૨ એમ મળીને કુલ જુદી જુદી ૮૦ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે મારા વિસ્તારના મહીસાગર જિલ્લામાં અંદાજે ૯૦થી ૧૦૦ કિલોમીટર દૂર આર.ટી.ઓ. ઓફિસ હતી તે મહિસાગર જિલ્લાના લુણાવાડા મુખ્ય મથકે આપી છે ત્યારે આજના દિવસે તે માટે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. વાહન વ્યવહારની આવકમાં પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નીતિનભાઇ પટેલ સાહેબના કાર્યકાળમાં ખૂબ જ પ્રશંસનીય વધારો થયો છે. વર્ષ ૨૦૦૧માં વાહન વ્યવહાર ખાતાની આવક રૂપિયા ૬૮૭ કરોડ હતી, જે

આજે વર્ષ ૨૦૧૮–૧૯ની આવક રૂપિયા ૪૧૦૦ કરોડ થવા પામી છે. જે આંકડાને નજર અંદાજ કરી શકાય નહિ. વર્ષ ૨૦૦૧–૦૨માં વાહનોની સંખ્યા ૫૫.૭૬ લાખ હતી જે વર્ષ ૨૦૧૯–૨૦માં ૨.૬૦ કરોડ થયેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦ સુધીમાં કુલ આવક ૩૧૭૦ કરોડ રૂપિયા થઇ હતી, જેમાં વાહનોની નોંધણી ૧૩.૫૦ લાખની હતી. પ્રજાલક્ષી કામગીરીમાં ડ્રાઈવીંગ લાયસન્સ ૧૪.૧૮ લાખ જેટલા ઇસ્યુ કરવામાં આવ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ૩ ઐતિહાસિક નિર્ણયો દ્વારા ભ્રષ્ટાચારની નાબૂદી, જનસેવાઓનું વિકેન્દ્રીકરણ અને કચેરીમાં રૂબરૂ આવ્યા સિવાય આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. કચેરીની કુલ ૧૪ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબના નેતૃત્વમાં તારીખ ૧૯–૧૧–૧૯થી ૧૬ ચેકપોસ્ટો કાયમી ધોરણે નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે એ રીતે ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય સમગ્ર દેશમાં પ્રગતિશીલ ગુજરાત રાજ્યે કરેલો છે. આ નિર્ણયથી ઝડપ વધશે, કાર્યક્ષમતા વધશે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની દિશામાં મહત્વપૂર્ણ કદમ ગણાશે. મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની અમારી સરકાર દ્વારા ટેકનોલોજીના માધ્યમથી આંગળીના ટેરવે દેશના ગમે તે ખૂણામાંથી વાહન ચાલક પરવાનગી મેળવી શકે તેવી વ્યવસ્થા કરેલ છે અને દેશના ૩૭ રાજ્યોમાંથી ૩૬ રાજ્યોએ આ વ્યવસ્થા અને સેવાઓનો લાભ લીધેલ છે. તેના દ્વારા ૭૪.૫૭ કરોડ રૂપિયાની આવક થયેલ છે. એકપણ અધિકારી, કર્મચારી ચેકપોસ્ટ ઉપર ફરજ ન બજાવે તો પણ સરકારે પ્રજામાં મૂકેલ વિશ્વાસ અને ઓનલાઇન સિસ્ટમ દ્વારા આ કામગીરી સારી રીતે ચાલે છે.

શ્રી અજમલજી વ. ઠાકોર**(**ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સન ૨૦૨૦–૨૧નું ખેડૂતો, યુવાનો, મહિલાઓ, ગરીબ અને મધ્યમવર્ગની આકાંક્ષાઓ પૂર્ણ કરનારું સર્વ વ્યાપી, સર્વ હિતકારી, રૂડું, રૂપાળું બજેટ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા રજૂ કરવા બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત અને ગ્રામ વિકાસ અંગે મારા વિચારો રજૂ કરું છું. ભારતીય જનતા પાર્ટીની સરકારે ૯૦૯૧ કરોડ રૂપિયાની પંચાયત અને ગ્રામ વિકાસ વિકાસ માટેની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત રાજ ખરા અર્થમાં ભાજપ સરકારમાં સાર્થક થયું છે એ પહેલાં સરપંચશ્રીને કોઇ ઓળખતું પણ ન હતું. આજે મહામહિમ રાષ્ટ્રપતિ અને સરપંચની સહીથી વહીવટ ચાલે છે આવું ભાજપ સરકારમાં જ બની શકે તેનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકો દેશ અને વિદેશમાં વસે છે. તેમના પોતાના વતન પ્રેમને લઇને કંઇક કરી છૂટવાની ભાવના હોય છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતીઓ માટે પોતાના વતનમાં મોટા પ્રમાણમાં દાન આપતા હોય છે ત્યારે તેમના માટે અમારી રાજ્ય સરકાર ગામડાના દાનવીરોને પ્રોત્સાહન આપવા ગામડાંમાં સારી સગવડો ઉભી કરવાના આશયથી માદરે વતન યોજના લઇને આવી છે. આ માદરે વતન યોજના બજેટમાં લાવવા બદલ અમારી રાજ્ય સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માદરે વતન યોજનાથી દુનિયામાં વસતા ગુજરાતીઓ પોતાના વતનમાં દવાખાનું, પીવાના પાણીની ટાંકી, લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર, શૌચાલય, આંગણવાડી, સ્મશાન, શાળાના રૂમ, સ્માર્ટ કલાસ વગેરે જેવી સગવડો ઉભી કરવામાં દાનની ૫૦ ટકા જેટલી રકમ રાજ્ય સરકાર તરફથી ઉમેરવામાં આવશે. આમ, માદરે વતન યોજના માટે સરકારે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરેલી છે. રાજ્યની મહિલાઓના ઉત્કર્ષ માટે જૂથ બનાવી એક લાખ રૂપિયાનું ધિરાણ મેળવ્યુ હતું. રાજ્ય સરકાર તેમના ખાતામાં સીધે સીધું વ્યાજ આપવામાં આવશે. મહિલાઓના ઉત્કર્ષ માટે રૂપિયા ૧૯૩ કરોડની અમારી રાજ્ય સરકારે જોગવાઇ કરેલી છે. ઉત્પાદિત ચીજ–વસ્તુઓનું સ્થાનિક મેળાઓમાં વેચાણ કરવા માટે સ્ટોલ ઉભા કરવા માટે રૂપિયા ૩ કરોડની જોગવાઇ રાજ્ય સરકારે કરેલી છે. ગ્રામિણ વિસ્તારની બહેનોને કાયમી રોજગારીનું નિર્માણ થાય તે માટે મુખ્યમંત્રી ગ્રામ સ્વનિર્ભર યોજનામાં સ્વસહાય જૂથોની બહેનોને અનાજ, મસાલા દળવાની ઘંટી ખરીદવા માટે સહાય આપવામાં આવે છે જે માટે સરકારશ્રીએ રૂપિયા ૭ કરોડની જોગવાઇ કરેલી છે. આપણાં લોકલાડિલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇના આશય મુજબ ગ્રામ વિસ્તારના કુટુંબોને સૌને પોતાનું ઘર મળે તે માટે ૩ લાખ ૧૧ હજાર ઘરોના લક્ષ્યાંકની સામે ૨ લાખ ઘરોનું બાંધકામ પૂર્ણ કરેલ છે અને ૮૫ હજાર ઘરોનું બાંધકામ કરવામાં આવશે જેના માટે રૂપિયા ૧૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ અંતર્ગત રૂપિયા ૮૦૩ કરોડની જોગવાઇ કરેલી છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સીમાબહેન અને માનનીય અભેસિંહ તડવી બન્ને ધારાસભ્યશ્રીઓ જયારે એમનું પ્રવચન ચાલુ હતું ત્યારે તમે વચ્ચેથી ક્રોસ થઇને ગયા. આને કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે લે તો લઇ શકાય અને મારું ધ્યાન હતું એટલે મેં આપનું ધ્યાન દોર્યું ફરી વખત આવી ભૂલ ના થવી જોઇએ.

**શ્રી કિશોર બા. ચૌહાણ**(**વેજલપુર**) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦–૨૧નું જે બજેટ લઇને આવ્યા છે તેમાં શિક્ષણ વિભાગ પર મારા મંતવ્યો રજૂ કરવા માટે અને બજેટને સમર્થન આપવા માટે મારી વાત રજૂ કરું છું.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની અંદર પ્રાચીનકાળથી જ શિક્ષણને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે અને પ્રાચીનકાળની અંદર પણ આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે નાલંદા અને તક્ષશીલા વિશ્વ વિદ્યાલય પણ આપણે ત્યાં હતા. તે જ પ્રમાણે ગુજરાતની અંદર આ વખતના બજેટની અંદર શિક્ષણની અંદર વિદ્યાર્થીઓને સારું શિક્ષણ અને ગુણવતાયુકત શિક્ષણ પ્રાપ્ત થાય તેના માટેની ઘણી જોગવાઇઓ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને વિદ્યાર્થી શાળામાં જાય તેના માટે શાળા પ્રવેશોત્સવ જેવી પ્રવૃત્તિ, કન્યા કેળવણી માટેની પણ પ્રવૃત્તિ, સ્માર્ટ કલાસરૂમ, કોમ્પ્યુટર લેબ, સ્ટેન્ડ લેબ, રમત ગમતની સુવિધા માટે રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ૩૫ હજાર પ્રાથમિક શાળા અને ૬૫૦૦ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ૭૦ લાખ વિદ્યાર્થીઓ અને ૨.૫૦ લાખ શિક્ષકો જયારે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કાર્ય કરી રહ્યા છે. તો એની અંદર સ્કૂલ ઓફ એક્સલન્સ દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તારવીને ઉચ્ચ નિષ્ણાત શિક્ષકો દ્વારા તેમને શિક્ષણ આપવામાં આવે તો શ્રેષ્ઠ શિક્ષણ એમને પ્રાપ્ત થઇ શકે. સાત હજાર નવા વર્ગખંડો પણ બનાવવામાં આવ્યા છે. ઓન લાઇન રિઅલ મોનેટરીંગ દ્વારા કમાન્ડ કંટ્રોલરૂમ જે બનાવવામાં આવ્યો છે એના માટે ૧૮૮ કરોડો રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જેના દ્વારા શિક્ષણ અને શાળાની અંદર શિક્ષકોની સંખ્યા પણ વધી છે, ટાઇમ ટુ ટાઇમ શાળાની અંદર સમય આપતા હોય છે. શૈક્ષણિક માળખાકિય સુવિધાના મૂલ્યાંકન માટે સ્કૂલ ઓફ કવોલિટી એક્રેડિસે એક્રેડિટેશન કાઉન્સીલ માટે પાંચ કરોડ રૂપિયાની જોગાવાઇ કરવામાં આવી છે. રાઇટ ટુ એજયુકેશન દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ભણવા માટેની જે સુવિધા પ્રાપ્ત થાય એના માટે સરકારે સારી શાળાઓમાં જયારે એને અભ્યાસ કરવો હોય તો એવા વિદ્યાર્થીઓ માટે ૫૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી  છે. ૧૫ હજાર પ્રાથમિક શાળાના વર્ગખંડ અને ૬ લાખ બાળકો માટે વર્ચ્યુઅલ કલાસ રૂમ અને જ્ઞાન કુંજ સવલત માટે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. અંતરિયાળ વિસ્તારોમાં કન્યાઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા માટે રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલની પણ જોગવાઇ કરવામાં આવી છે અને તેના માટે ૮૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગામથી બે કિલોમીટર દૂર જો વિદ્યાર્થીએ ભણવા જવાનું હોય તો તેના માટે બસની પણ સુવિધા પ્રાપ્ત કરવામાં આવી છે અને તેના માટે ૬૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે, તેને હું બિરદાવું છું.

ઉચ્ચ શિક્ષણથી વિદ્યાર્થીને સારી સુવિધા પ્રાપ્ત થાય એના માટે યુનિવર્સિટીમાં અને પોલિટેનિકમાં ટેબ્લેટ વિતરણ થાય એના માટે વિનંતી કરું છું.

**શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

મારો વિધાનસભાનો  મત વિસ્તાર રેલવે અને હાઇવેને જોડતો મત વિસ્તાર છે. મારા મત વિસ્તારમાં એક તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. હાલમાં રેલવે કોરિડોર, બુલેટ ટ્રેન તેમજ હાઇવે, એક્સપ્રેસ હાઇવે, આ ત્રણ ભારત સરકારના જે પસાર થઇ  રહ્યા છે. એવા સંજોગોમાં મારા મત વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર પણ આવેલું છે તેને અપગ્રેડ કરીને સો પથારીની આધુનિક હોસ્પિટલ બનાવવામાં આવે તેમજ તેમાં એમ.આર.આઇ જેવી સુવિધાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ થાય એવી સરકારશ્રીને મારી ખાસ વિનંતી છે.

વડોદરા અને ભરૂચ વચ્ચે કરજણ તાલુકા મથકે એક વિશ્રામ ગૃહ બનાવવામાં આવે જેથી કોઇ પદાધિકારી કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય તેમને વિશ્રામ કે આરામ કરવો હોય તો તેનો ઉપયોગ તેઓ કરી શકે એવી એક મારી માગણી છે.

ગુજરાતમાં નવાગામ ડેમ તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટિની લાખો લોકો મુલાકાતે આવે છે. આ ઉપરાંત મારા મત વિસ્તારમાં પવિત્ર યાત્રાધામોથી જોડાયેલું છે. આજે પણ મોટી કોરલ અને ભાલોદ અથવા નારેશ્વર અને વેલુગામ જેવા યાત્રાધામો વડોદરા, નર્મદા અને ભરૂચ જિલ્લાને જોડતો નર્મદા નદી પર એક બ્રિજ બનાવવામાં આવે તો આજે સામે કિનારે જવા માટે જે સો–સો કિલોમીટર ફરીને આજે વડોદરા સુધી આવવું પડે છે તેમાં રાહત થાય. તો તેના માટે એક સીધો રસ્તો થાય અને નર્મદા બ્રિજ પર ટ્રાફિકની સમસ્યાઓ વારંવાર ઉભી થાય છે, તો એનું પણ નિરાકરણ લાવવા માટે એક બ્રિજ બનાવવામાં આવે એવી મારી લાગણી છે.

ભરૂચ અને વડોદરા નેશનલ હાઇવે એલ.એન્ડ ટી. ટોલ ટેક્સ પૈસા ઉઘરાવે છે, પરંતુ નેશનલ હાઇવે પર ભરૂચ અને વડોદરા વચ્ચે ઘણા વર્ષો પહેલાં બનેલા સાંકળા બ્રિજ બનેલા છે, જયારે ફોર લેન હાઇવેથી ટુ લાઇન બ્રિજને કારણે ઘણા બધા અકસ્માતોના બનાવો બનેલા છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ઘણા લોકોએ જાન ગુમાવ્યા છે. તો આપણા ગુજરાત રાજયના વિકાસની સાથે સાથે આ બ્રિજ મોટા બનાવવામાં આવે તેવી અમારા પ્રજાના હિત માટેની લાગણી અને માગણી છે. આ ઉપરાંત નેશનલ હાઇવે પર સર્વિસ રોડ બનાવવામાં આવે તો ઘણા અકસ્માત થતા અટકાવી શકાય. તેમજ કલાકો સુધી જે ટ્રાફિક જામના દ્રશ્યો થાય છે તેને પણ અટકાવી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં નર્મદા નદી અવિરત વહેતી રહે છે. ત્યાં નર્મદા નદીની પરિક્રમાનું ખૂબ ધાર્મિક મહત્વ છે. તો સરકારશ્રી દ્વારા નર્મદાની પરિક્રમા માટે મધ્યપ્રદેશે જે રીતે રસ્તો બનાવવા માટેનું અલગ બજેટ ફાળવ્યું છે તેવી રીતે ગુજરાત સરકારને પણ મારી વિનંતી છે કે નર્મદા નદીની પરિક્રમા માટે પરિક્રમા પથ બનાવવા માટે થોડીક જોગવાઇ કરવામાં આવે તો આવનારા દિવસોમાં ઘણા લોકોને રોજી રોટી તેમજ પદયાત્રીઓ માટે સહાયરૂપ બનશે. વાયબ્રન્ટની વાતો

થતી હોય, નવા ઉદ્યોગો આવવાની આપણે વાતો કરતા હોઇએ ત્યારે મારા વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે. પરંતુ સ્થાનિક યુવાનો અને લેન્ડ લૂઝરને નોકરી મળતી નથી. તો આ બાબત સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આમાં પણ સરકારશ્રીનું કોઇ નિયંત્રણ આવે અને સ્થાનિક લોકોને રોજગારી આપે અને આવી ઇન્ડસ્ટ્રી ઉપર આપણી નજર રહે તેવી મારી માગણી છે. શિક્ષણની વાત કરીએ તો મારા વિધાનસભા મત વિસ્તારમાં એક પણ સરકારી સ્કૂલ નથી. આજે કરજણ તાલુકા મથકે પણ સરકારી અગિયાર–બાર ધોરણ માટેની સ્કૂલ નથી. સરકારી સાયન્સ કોલેજ પણ નથી, અમારા વિસ્તારમાંથી આજે છોકરાઓને ભણવા જવું હોય તો સાઇઠથી સિત્તેર કિલોમીટર દૂર વડોદરા સુધી અપડાઉન કરવું પડે અથવા ત્યાં કોઇ જગ્યાએ હોસ્ટેલ કે ભાડાનું મકાન રાખીને ભણવું પડે છે. એટલે તેના માટે પણ જોગવાઇ કરી અને એક કોલેજ અને એક સારી સ્કૂલ બનાવવામાં આવે. મારા વિસ્તારમાં આવેલા કરજણ તાલુકા મથક અને શિનોર તાલુકા મથકે એક પણ સ્પોર્ટસ્ કોમ્પ્લેકસ નથી. રમત ગમતનું કોઇ મેદાન નથી. તો મારી માગણી છે કે બાળકોને રમત ગમત માટે અને ખેલ–કૂદ માટે મેદાન અને બગીચાની જોગવાઇ કરવામાં આવે.

રેલવે ફાટક પર ઓવર બ્રિજ અથવા અન્ડર બ્રિજ બનાવવા માટે ગુજરાત સરકારે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હોય, તો મારા વિસ્તારમાં આવેલ પાલજ પાસે વલણ ફાટક પાસે તેમજ પોર પાસે ઇટોલા ફાટક છે ત્યાં આજે કલાકો સુધી લોકોને ટ્રાફીકમાં ઉભા રહેવું પડે છે રેલવે ફાટક બંધ હોય છે. એટલે એ વિસ્તારમાં અન્ડર બ્રિજ કે ઓવર બ્રિજ બનાવવામાં આવે તો દરેક તાલુકાને જોડતો રૂટ થાય એવું છે.

**શ્રી પ્રવિણભાઇ  મ. ઘોઘારી(કારંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીના શાસનકાળ દરમ્યાન પ્રજાજનોની સુખાકારી માટે ગુજરાતના સમતોલ અને સર્વાંગી વિકાસ સંદર્ભે તથા કુદરતી અને કૃત્રિમ પડકારો વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ભાજપ સરકાર મક્કમતાથી નિર્ણય લઇ અને આગળ વધી રહી છે તેને માટે તેમને હું અભિનંદન પાઠવું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી સમગ્ર ભારતના નગરો અને મહાનગરોને આધુનિક સુવિધાથી સજ્જ બને એ ઉમદા હેતુથી પ્રજાની સુખાકારી માટે અનેકવિધ યોજનાઓ ઘોષિત કરી રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ માનનીય પ્રધાનમંત્રીની ભારત વિકાસલક્ષી યોજનાઓમાં પૂરક બની બજેટમાં કરેલી જોગવાઇ આવકારદાયક છે. ભારત સરકાર દ્વારા દેશના શહેરોમાં સ્માર્ટ સીટી બનાવવાની યોજનાઓને પ્રાધાન્ય આપી શરૂઆત કરવામાં આવી છે તેમજ નગરોને સ્માર્ટ ટાઉન બનાવવા માટે પણ બજેટમાં કરેલ જોગવાઇ આવકારદાયક છે. આ પ્રકારના અભિગમ અને સાથોસાથ અનેકવિધ સવલતોથી પ્રજાલક્ષી સુખાકારીમાં વધારો થશે. ગુજરાતના શહેરો અને નગરો માટે લોકપ્રિય અને પ્રજાલક્ષી સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે આ બજેટમાં રૂપિયા ૪૫૪૪ કરોડની જોગવાઇ કરી તેને આવકારું છું અને સરકારને અભિનંદન પાઠવું છું. ખાસ મારે એ કહેવું છે કે આ બજેટમાં સી.સી.ટી.વી. કેમેરા, સ્માર્ટ સીટી મિશન અંતર્ગત જે રૂપિયા ૫૯૭ કરોડના ખર્ચે જોગવાઇ કરેલી છે તેને પણ આવકારું છું. ખાસ મારે બીજી વાત કરવી છે કે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી શહેરી વિસ્તારમાં જે સી. સી. ટી. વી. કેમેરાની કામગીરી કરવાની છે.  મેં મારા મત વિસ્તારમાં ગયા વર્ષે એટલે કે સન ૨૦૧૮–૧૯ના બજેટમાં મારી એમ.એલ.એ.ની ગ્રાન્ટમાંથી ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી જેનું કામ ચાલુ થઇ ગયું  છે. એક ધારાસભ્ય તરીકે મારી ગ્રાન્ટમાંથી મારા વિસ્તારમાં સીસીટીવી કેમેરા લાગી રહ્યા છે. છેલ્લે એટલી જ વાત કરીશ કે આ બજેટ પ્રજાલક્ષી અને વિકાસને વેગ આપશે જેના લીધે પ્રજાની આશા આકાંક્ષાઓ ચરિતાર્થ  કરશે એવા આ બજેટને હું આવકારું છું.

**શ્રી સંજયભાઇ જે. સોલંકી(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

જંબુસર તાલુકામાં નર્મદાની કેનાલો આવેલી છે જે જર્જરિત હાલતમાં થઇ ગઇ છે તેથી તાત્કાલિક આ કેનાલો રિપેરીંગ કરવી જરૂરી છે. આજે કેનાલો બની છે ત્યાં હજુ સુધી પાણી પહોંચ્યું નથી એટલે જયાં નથી પહોંચતું ત્યાં કેનાલો નીચે ઉતારવી જોઇએ જેથી ખેડૂતોને પાણી મળે અને પાકને બચાવી શકાય.

જંબુસર શહેરને છેલ્લા પંદર વર્ષથી પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. આજે આ શહેરની ૫૦ હજાર જેટલી વસતિ આવેલી છે એ આજે ક્ષારવાળું પાણી પીવે  છે એના લીધે એના આરોગ્યને નુકસાન પહોંચ છે તેથી શુદ્ધ પાણી  મળે તેના માટે વ્યવસ્થા કરવા સરકારશ્રીને વિનંતી કરું છું.

મારા મત વિસ્તાર જંબુસર તાલુકામાં મીઠાનો ઉદ્યોગ અને ઓ.એન.જી.સી. કંપની આવેલી છે એના લીધે ભારે વાહનોની અવરજવર  થતી હોય છે. આ રસ્તા ઉપર  શૈક્ષણિક સંસ્થાઓ, માધ્યમિક શાળા અને કોલેજ મળીને કુલ ૬ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે અને ખાસ કરીને કન્યા વિદ્યાલય પણ આજ રસ્તા ઉપર આવેલ છે. તેથી જંબુસરથી વાહનો બાયપાસ અથવા તો રીંગરોડ બનાવવામાં આવે જેથી ટ્રાફિકની સમસ્યા હલ થઇ શકે એમ છે. પાતાળીથી જંબુસર રોડ પહોળો બનાવવાની ખાસ જરૂર છે. આ રોડ પહોળો ન હોવાને કારણે અવારનવાર અકસ્માતો થાય છે તેથી એ નિવારવા માટે આ રોડ પહોળો કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

જંબુસર અને આમોદ તાલુકામાં જેલની સુવિધા ન હોવાને કારણે કાચા કામના કેદીઓને ભરૂચ લઈ જવા પડે છે. તેથી જંબુસરમાં જેલનું મકાન બનાવવામાં તેવી મારી વિનંતી છે. મારા મત વિસ્તારમાં અપૂરતો પોલીસ સ્ટાફ આવેલો છે તો એ ભરવામાં આવે તેવી મારી વિનંતી છે. અમારા જંબુસર ડેપોમાં જૂની બસો થઇ ગયેલ છે મોટા ભાગની આઠ લાખ કિલોમીટર ફરી ગયેલી છે એના લીધે વિદ્યાર્થીઓને અને મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે. તેથી જે એસ.ટી. બસના કિલોમીટર પૂરા થઇ ગયા છે એની જગ્યાએ નવી બસો ફાળવવામાં આવે તેવી વિનંતી છે.

મારા જંબુસર તાલુકામાં યુવાનો માટે રમત ગમતનું વાતાવરણ ઉભું થાય તે માટે તાલુકા કક્ષાએ રમત ગમતનું મેદાન અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે એક હોલ બનાવવામાં આવે તેવી વિનંતી છે. મંગળાત ગામે ચેકડેમ આવેલો છે ત્યાં બ્રિજ બનાવવામાં આવ્યો છે ત્યાંથી ખેડૂતો પાણી પણ લે છે અને અવરજવર પણ કરે છે. ત્રણ તાલુકાના લોકો સિંચાઇનું પાણી લઇ શકે છે. આ બ્રિજ થોડા દિવસ પહેલા તૂટી ગયો છે. સરકારના ભાગ્ય સારા કે કોઇ અકસ્માત સર્જાયો નથી. આના માટે અવારનવાર રજૂઆતો કરેલી છે. મંગળાત ગામે ભણવા માટે વિદ્યાર્થીઓ આવે એના પહેલા આ બ્રિજ તૂટી ગયેલ હતો તેથી વિદ્યાર્થીઓનો બચાવ થયેલ છે. આ ચેકડેમ છેક ૧૯૭૦માં બનેલ હતો એના દ્વારા ૩૦થી ૩૫ ગામોને સિંચાઇનું પાણી મળે છે. ખેડૂતોને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે તેથી સદર ચેકડેમ ચોમાસા પહેલા બનાવવામાં આવે જેથી દરિયાનું ખારુ પાણી નદીમાં ન આવે તેવી મારી લાગણી અને માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ઉનાળાની શરૂઆત થતાં જ પીવાના પાણીની સમસ્યા ઉભી થવા પામે છે. નર્મદા નદીમાં દરિયાનું પાણી ભળી જવાના કારણે પાણી પીવાલાયક રહેતું નથી. પરંતુ માનનીય મંત્રીશ્રીએ અમારી વાતની ચિંતા કરીને જંબુસર પીવાના પાણીની યોજના હેઠળ રૂપિયા ૬૦ કરોડની રકમ ફાળવી છે અને ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે. જેથી જંબુસર અને આમોદ તાલુકામાં એક વર્ષમાં આ પીવાના પાણીની સમસ્યા હલ થશે. પરંતુ જંબુસર શહેરને વહેલું પાણી મળે એ માટે વિનંતી છે.

**શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ):** માનનીય અધ્યક્ષશ્રી, નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સને ૨૦૨૦–૨૧નું અંદાજ પત્ર લઇને આવ્યા છે તેને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ આવાસ યોજના વર્ષ ૧૯૯૭માં શરૂ કરવામાં આવેલ, રૂપિયા ૪૫,૦૦૦ની રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં લાભાર્થીઓ દ્વારા ૮,૯૩,૭૫૨ આવાસો બાંધવામાં આવેલ છે. આ યોજના વર્ષ ૨૦૧૪–૧૫માં શરૂ કરવામાં આવેલ છે જેમાં કાચા મકાન ધરાવતા બી.પી.એલ. સિવાયના કુટુંબોને પાકા મકાનની સુવિધા આપવામાં આવે છે. જે હેઠળ નવા પાકા મકાન આવાસ માટે યુનિટ કોસ્ટ રૂપિયા એક લાખ સામે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૪૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં જાન્યૂઆરી, ૨૦૨૦ અંતિત ૩,૦૫,૨૬૮ આવાસો બાંધવામાં આવેલ છે. કુલ રૂપિયા ૧,૧૨,૪૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦માં જાન્યૂઆરી, ૨૦૨૦ અંતિત રૂપિયા ૨૫૨ લાખના ખર્ચે ૨,૫૫૩ આવાસો બાંધવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં શહેરો જેવી આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે વર્ષ ૨૦૦૯–૧૦માં આ યોજના હેઠળ દસ હજાર કે તેથી વધુ વસ્તી ધરાવતા, આદિજાતિ વિસ્તારમાં સાત હજારની વસ્તી ધરાવતા તાલુકા મથકના ગામોને આવરી લઇ અર્બન ગામ પૈકી પ્રથમ તબક્કે ૭૯ ગામોમાં ભૂગર્ભ ગટર શરૂ કરવામાં આવેલ છે. તે પૈકી અત્યાર સુધીમાં ૬૯ પ્રોજેક્ટોની કામગીરી પૂરી કરેલ છે અને કુલ રૂપિયા ૭૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી સહાયમાં વિવિધ વિભાગોની યોજનાઓમાં વચેટિયાઓને નાબૂદ કરી, લાભાર્થીઓને સીધો લાભ મળે એ માટે પ્રત્યેક જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું વર્ષ ૨૦૦૯–૧૦થી આયોજન કરવામાં આવેલ. અત્યાર સુધીમાં તમામ તબક્કામાં કુલ ૧,૫૩૦ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા. તેના અંતર્ગત રાજ્યના જુદા જુદા વિભાગોની વિવિધ યોજનાઓ અંતર્ગત ૧૪૭ લાખ અને ૮ હજાર લાભાર્થીઓને કુલ રૂપિયા ૨૬,૨૭૬ કરોડ, ૮૨ લાખની નાણાકીય સહાય આપવામાં આવી છે. ગ્રામજનોને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે આવકના દાખલાની મંજૂરી માટે તાલુકા કક્ષાએ ન આવવું પડે તે માટે આવકનો દાખલો કાઢવાની સત્તા તલાટી કમ મંત્રીને સોંપવામાં આવેલી છે. અત્યાર સુધીમાં ૨,૫૬,૫૪૧ આવકના દાખલાઓ ઇસ્યુ કરવામાં આવેલા છે. ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૪,૨૯૨ ગ્રામ પંચાયતોને કમ્પ્યુટર અને અન્ય સાધન સામગ્રી આપવામાં આવેલ છે. (સમય સૂચક ઘંટડી) અને ૧૪,૦૦૬ ગ્રામ પંચાયતોને વી–સેટ આધારિત ઇ–કનેકટિવીટીથી જોડવામાં આવેલ છે. આનાથી મહત્વની સેવાઓ જેવી કે, જન્મ અને મરણના દાખલા, આવકનો દાખલો, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ. યાદી, સાત x બાર, ૮–અના ઉતારા, કરવેરા ભરે એની પહોંચ, વીજળી બિલ, જી.એસ.પી.સી.ના ગેસ બિલ, સસ્તા અનાજની કૂપનો, વિવિધ યોજના માટે અરજીપત્રોના ફોર્મ, ધોરણ દસ અને બારના રિઝલ્ટ, મોબાઇલ રિચાર્જ વગેરે જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે.

**શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. માનનીય નાણામંત્રીશ્રી સન્માનનીય સભાગૃહ સમક્ષ નાણાકીય વર્ષ–૨૦૨૧નું બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જ્યારે પણ બજેટ ગૃહ સમક્ષ લઇને આવે, હંમેશા એ પૂરાંતવાળું બજેટ છે. આવી વાત સતત આ ગૃહ સમક્ષ થાય છે. હકીકતે આ વાત છે તે અર્ધસત્ય છે. સરકાર જે પૂરાંત બતાવે છે તે ખાલી મહેસૂલી પૂરાંત બતાવે

છે. સુધારેલા અંદાજ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ મુજબ ચાલુ વર્ષે જી.એસ.ડી.પી.ના ૦.૧૭ ટકા મહેસૂલી પૂરાંત બતાવી છે. આ જ આંકડાઓ મુજબ મૂડી ખાતે જી.એસ.ડી.પી.ના ૧.૮૪ ટકા ખાધ બતાવી છે. બજેટમાં માત્ર મહેસૂલી ખાતુ નથી હોતું મૂડી ખાતુ પણ હોય છે. બન્ને ખાતા ભેગા કરીએ તો આ બજેટમાં કુલ ૨૬ હજાર અને ૫૭ કરોડ રૂપિયાની રાજકોષીય ખાધ ચાલુ વર્ષે થવાની છે અને આવતા વર્ષે આ રાજકોષીય ખાધમાં વધારો થતાં આગામી વર્ષે ૩૩,૫૩૬ કરોડ રૂપિયા કુલ ખાધ થવાની વાત દસ્તાવેજમાં ક્યાંય ઉપસીને આવે છે. રાજ્યમાં સતત અને સતત રાજકોષીય ખાધ વધતી જાય છે. આવતા વર્ષના અંતે આ ખાધ રૂ.૩૩,૫૩૬ કરોડ થવાનો સરકારે અંદાજ મૂક્યો છે. બીજી તરફ મારી પાસે જે પર્યાપ્ત આંકડાઓ છે. રાજ્ય સરકારે નાણાકીય દસ્તાવેજમાં કહ્યું છે કે ચાલુ વર્ષના અંતે ૨,૬૭,૦૦૦ કરોડ રૂપિયાનું કુલ દેવું થવાનો અંદાજ છે. આ રૂપિયા ૨,૬૭,૦૦૦ કરોડની અંદર સરકારી કર્મચારીઓની ભવિષ્યનિધિના રૂ.૪૫,૫૧૩ કરોડ સહિત કુલ ૩,૨૩,૭૯૨ કરોડ રૂપિયાની નાણાકીય જવાબદારીઓ ચાલુ નાણાકીય વર્ષના અંતે આ રાજ્ય ઉપર થવાની છે. વર્ષ ૧૯૯૫માં જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ગુજરાતનુ સુકાન સંભાળ્યું, રીઝર્વ બેંકના અહેવાલ મુજબ ૧૨,૯૯૯ કરોડ રૂપિયાનું કુલ દેવું હતું. માનનીય નરેન્દ્રભાઇએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું, વર્ષ ૨૦૦૨માં ૪૭,૯૧૯ કરોડ રૂપિયાનું દેવું હતું અને આ જ રીઝર્વ બેંકના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે ૨,૮૮,૯૧૦ કરોડ રૂપિયાનું દેવું છે અને ચાલુ વર્ષના અંતે આ દેવું રૂપિયા ૩,૨૩,૭૯૨ કરોડને આવતી ૩૧મી માર્ચે આંબી જવાનું છે. એક તરફ સતતને સતત ગુજરાતની જનતાને ગીરવે મૂકવાનું કામ થઇ રહ્યું છે. વર્ષ ૧૯૯૮માં ગુજરાતની અંદાજીત ૪ કરોડની જનતા પ્રતિદિન એક રૂપિયો વ્યાજ ભરતી હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની નાણાકીય અણઆવડતના કારણે આજે ૬ કરોડ કરતા વધુ ગુજરાતીઓ પર પ્રતિદિન ૧૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ વ્યાજનો બોજ આવે. આવી ગંભીર કટોકટીની સ્થિતિનો ગુજરાત સામનો કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જે આંકડાઓ ઉપલબ્ધ કરાવ્યા છે એ મુજબ ગુજરાત સરકારનું દેવું ૩,૨૩,૭૯૨ કરોડ રૂપિયા થવાનું અને આમાંય સરકારે રૂપિયા ૨ કરોડ ૬૭ લાખનો જે આંકડો આપ્યો હતો તેમાં ૪૫,૫૧૩ કરોડ રૂપિયા જે કર્મચારીઓની ભવિષ્યનિધિ છે એ જવાબદારીને ક્યાંયને ક્યાંય છૂપાવી છે અને સરકારે આપેલા આંકડા મુજબ અંદાજપત્રના પ્રોજેક્શન મુજબ આગામી વર્ષે ૨ લાખ ૯૬ હજાર કરોડ રૂપિયા થવાનો અંદાજ મૂક્યો છે. આ દેવામાં રૂપિયા ૨૯,૦૦૦નો વધારો થયો એટલે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૩ લાખ ૩૫ હજાર કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે આ રૂપિયા ૩ લાખ ૭૧ હજાર કરોડનો સરકારી અંદાજ છે. પણ એમાં કર્મચારીઓની ભવિષ્યનીધિની જવાબદારીઓ સ્વીકારવામાં આવે તો મને લાગે છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારને વર્ષ ૨૦૨૨ સુધી ગુજરાતની જનતાએ એને મેન્ડેન્ટ આપ્યો હતો ત્યાં સુધી સલામત રહે તો સારું પણ જયારે આ સરકાર વર્ષ ૨૦૨૨માં વિરોધપક્ષે બેસશે ત્યારે અમારી ઉપર રૂપિયા ચાર લાખ કરોડ કરતા વધુ દેવું મૂકીને આ સરકાર જવાની છે. સરકારે જણાવ્યા મુજબ ચાલુ વર્ષે રૂપિયા ૪૩ હજાર કરોડ દેવું લીધું છે. આગામી વર્ષે રૂપિયા ૪૪,૫૦૦ કરોડનું નવું દેવું લેવાની છે. એનો મતલબ એવો થયો કે રાજ્ય સરકાર જૂના દેવાની ચૂકવણી અને એના ઉપરના વ્યાજની ચૂકવણી દેવું કરી અને સરકાર દેવું અને વ્યાજ ચૂકવે એવી ગંભીર કટોકટીની સ્થિતિથી આ ગુજરાતને કયાંક ગીરવે મૂકવાનું પાપ તો નથી થઇ રહ્યુંને એ દરેક ગુજરાતીના મનમાં આ ચિંતા છે. એક તરફ રાજયનું દેવું વધતું જાય છે અને બીજી તરફ સરકારના આંકડાઓ મુજબ વર્ષ ૨૦૦૨-૦૩માં રાજયની કરની આવકો રૂપિયા ૯૫૨૯ કરોડ, સેન્ટ્રલ ટેકસની આવક રૂપિયા ૧૩૫૫ એટલે કે રાજયની કરની આવકો અને સેન્ટ્રલમાં આપણા હિસ્સા સહિત કુલ રૂપિયા ૧૦,૮૮૪ કરોડની કુલ આવક હતી. આજે વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે રાજય સરકારના દસ્તાવેજ મુજબ આ આવક રૂપિયા ૧,૨૬,૧૭૨ કરોડ. એક તરફ સરકાર સતત કર વધારતી જાય છે, સરકારી જવાબદારીઓ નિભાવવામાં પાછું પગલું કરી રહી છે અને બીજી તરફ સામાન્ય માણસના પરસેવાની કમાણી ઉપર મુષકવેરો મૂકવાનો જ બાકી રાખ્યો છે. આજે સવા લાખ કરોડની ચાલુ વર્ષે કરની આવક થઇ અને તેમ છતાં આ રાજયનું દેવું સતત અને સતત વધતું શું કામ જાય છે એ સમગ્ર ગુજરાત માનનીય નાણામંત્રીશ્રીને સવાલ પૂછે છે. ઘણી બધી વાતો કરવી છે. સમયની મર્યાદા છે. એક તરફ કરની આવકો વધી, બીજી તરફ રાજયનું દેવું દિનપ્રતિદિન વધતું જાય છે તો આ રૂપિયો જાય છે કયાં એ હું સરકારને પૂછવા માગું છું? મારી પાસે જે ઉપલબ્ધ આંકડાઓ છે એ મુજબ રાજય સરકારે મુખ્યત્વે છ જેટલા વિભાગોની અંદર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી ફાળવણી કરી છે. શિક્ષણ વિભાગમાં રાષ્ટ્રની ૧૫.૯ ટકાની નાણાકીય ફાળવણીની સામે માત્ર ૧૪.૩ ટકા જ, ખેતીવાડીમાં રાષ્ટ્રની ૭.૧ ટકાની નાણાકીય ફાળવણી સામે માત્ર ૪.૬ ટકા જ, ગ્રામીણ વિકાસમાં રાષ્ટ્રની ૬.૨ ટકાની નાણાકીય ફાળવણી સામે માત્ર ૩.૬ ટકાજ, રોડ અને બ્રિજમાં રાષ્ટ્રની ૪.૨ ટકાની નાણાકીય ફાળવણી સામે માત્ર ૪.૧ ટકા જ, ગૃહ વિભાગમાં રાષ્ટ્રની સરેરાશ ૪.૧ ટકાની નાણાકીય ફાળવણી સામે માત્ર ૩.૨ ટકાની જ ફાળવણી કરી છે. મુખ્ય વિભાગોની અંદર સરકાર ફાળવણી ઘટાડાતી જાય છે. એમાં પણ મારી પાસે ઉપલબ્ધ આંકડાઓ મુજબ વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ના ત્રણ નાણાકીય વર્ષમાં રાજય સરકારે જે રૂપિયા ફાળવ્યા હતા એમાં પણ વણવપરાયેલા રૂપિયા સામાજિક ન્યાય વિભાગમાં ત્રણ વર્ષમાં ૧૮ ટકા વણવપરાયેલા રહ્યા, ઈરીગેશન અને ફલડમાં ૧૬ ટકા, અર્બન ડેવલપમેન્ટમાં ૧૬ ટકા, રૂરલ ડેવલપમેન્ટમાં ૧૫ ટકા, હાઉસીંગમાં ૧૦ ટકા, એજયુકેશનમાં ૯ ટકા, ખેતીવાડીમાં ૮ ટકા, આરોગ્યમાં ૮ ટકા, વોટર સપ્લાય અને સેનિટેશનમાં ૭ ટકા, રોડ અને બ્રિજમાં ૪ ટકા રૂપિયા બજેટમાં ફાળવ્યા પછી પણ વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ના છેલ્લા ત્રણ વર્ષમાં વણવપરાયેલા રહ્યા છે. એક તરફ કર વધતો જાય છે. બીજી તરફ દેવું વધતું જાય છે અને અત્યારે જે ઉપલબ્ધ આંકડાઓ છે એ મુજબ જો મારી ભૂલ ન થતી હોય તો ચાલુ વર્ષે રાજયે

જે અંદાજો મૂકયા હતા એની સામે કુલ વેરાની આવકોમાં ડિસેમ્બર અંતિત ૪૨ ટકા ઘટાડો થયો છે અને એમાં પણ રાજ્યની જી.એસ.ટી.ની આવકમાં ૪૯ ટકા જેટલો ઘટાડો થયો છે. ત્રણ ક્વાર્ટરમાં કુલ આવકમાં ૪૨ ટકા અને જી.એસ.ટી.ની આવક ૪૯ ટકા ઘટી. મને લાગે છે કે ક્યાંક ગુજરાતના વિકાસને પેરાલિસિસ, લકવો લાગી ગયો છે. પરિણામે આજે સમગ્ર ગુજરાતની અંદર (સમયસૂચક ઘંટડી) બે–ત્રણ મિનિટમાં વાત પૂરી કરી દઇશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઇ સાહેબ તમને આપે તો મને વાંધો નથી.

**શ્રી પરેશ ધાનાણી** : ગૃહનો સમય થોડો વધારી દેજો. હું મુદ્દા આધારિત વાત કરું છું.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : હું બોલવા ઉભો થઉં પછી જ બધું નક્કી થાય છે એટલે હું ન કહી શકું કે મારે કેટલો સમય જોઇશે.

**અધ્યક્ષશ્રી** : બીજી ત્રણ મિનિટ આપું છું.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો હતી. મારે તો આપના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રીને કહેવું છે કે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૯–૨૦ સુધીમાં ૧૧૦૦ ટકા દેવું વધાર્યું, એક હજાર ટકા કર વધાર્યો, લોકો ઉપર કરનું ભારણ વધાર્યું અને તો પણ આજે ગુજરાતના દરેક વ્યક્તિએ દરરોજ માથાદીઠ ૧૦ રૂપિયા વ્યાજ ભરવું પડે એવી સ્થિતિ છે. સરકારના આંકડા મુજબ વર્ષ ૨૦૧૮–૧૯માં રૂપિયા ૨૦,૧૮૩ કરોડનું વ્યાજ ગુજરાતે ચૂકવ્યું હતું. એ જ આંકડો સુધારેલા અંદાજમાં વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૨૧,૫૦૯ કરોડ થયો. અંદાજો સુધાર્યા એમાં રૂપિયા ૨૨,૫૬૩ કરોડ વ્યાજ થયું અને આજે વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં ૨૩,૮૭૧ કરોડ રૂપિયા તો ખાલી વ્યાજમાં ચૂકવવાના. સરકાર જે નવું રૂપિયા ૪૩ હજાર કરોડનું દેવું કરી રહી છે એ પૈકી જૂની લોન ચૂકવવાની રૂપિયા ૧૭,૮૮૫ કરોડ અને એનું વ્યાજ ચૂકવવાનું ૨૩,૮૭૧ કરોડ રૂપિયા. ગુજરાતની કુલ મહેસૂલી આવક છે એના ૪૮ ટકા રૂપિયા તો ફક્ત આપણું જે કમિટેડ એક્સપેન્ડિચર છે એમાં જઇ રહ્યું છે. પ્રાપ્ત આંકડા મુજબ પગાર, પેન્શન અને વ્યાજ ચૂકવણીમાં આપણી જે રેવન્યૂ રિસિપ્ટ છે એના ૪૮ ટકા રૂપિયા જાય છે. એટલે માત્ર ૫૨ ટકા રૂપિયામાં બધી જવાબદારીઓ સરકારે નિભાવવાની થાય છે. આજે રાજ્યમાં દેવાના ભારણની વચ્ચે સતત વ્યાજ વધતું જાય છે. જે રૂપિયા ફાળવ્યા હતા, ભૂતકાળમાં વિકાસલક્ષી ખર્ચ અને બિન વિકાસલક્ષી ખર્ચના અલગ પેરામિટર્સ હતા. આ વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી ખર્ચની ભેદરેખા સરકારે ભુંસી નાખી અને આ ગૃહ પાસેથી પ્રજાના વિકાસ માટે નાણામંત્રીશ્રી પૈસા માગે છે અને વિકાસના નામે પૈસા માગે અને મેળાવડાઓમાં *(xxx) પ્રજા ઓળખી ગઇ છે.

**અધ્યક્ષશ્રી** : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આપનું વકતવ્ય પૂરું થાય છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંકજભાઇ, દંડકશ્રીને વિનંતી કરું છું કે ૫ મિનિટ સમય વધારો. ભૂતકાળમાં પણ જ્યારે મંત્રીશ્રી જવાબ આપતા હોય અને સમય ખૂટતો હોય અને આપે કહ્યું હોય ત્યારે અમે હા પાડી છે. હું દંડકશ્રીને વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : બે મિનિટ, પણ સમય વધારવાની શરતે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનો જવાબ, સભાગૃહનું બાકીનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, દેવું વધાર્યું, કર વધાર્યો એમ છતાં સમસ્યાઓ ઘટવાના બદલે વધતી રહી છે. આજે ગુજરાતનો યુવાન પરસેવો પાડીને રોજગારી માટે દર દર ઘટકે છે. એને તક મળતી નથી. નિષ્ફળ ઉદ્યોગ નીતિના કારણે નાના, મધ્યમ અને લઘુ ઉદ્યોગો પૈકી ૫૫ હજાર કરતા વધુ ઉદ્યોગ બંધ પડ્યા છે. બેરોજગારી ૪૫ વર્ષની ઐતિહાસિક ઉંચાઇએ છે. બીજી બાજુ ૫૫ વર્ષની ઉંચાઇએ મોંઘવારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ ક્ષેત્રે અન્યાયના કારણે ક્યાંયને ક્યાંય ખેડૂતનો દીકરો ખેતીથી દૂર થતો જતો હોય એવી સ્થિતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩–૧૪માં અનાજનું ૧૦૦.૦૭ લાખ ટન હતું એની સામે વર્ષ ૨૦૧૮–૧૯માં ૬૬.૯૧ ટકા જ ઉત્પાદન રહ્યું છે. તેલીબિયાનું ઉત્પાદન વર્ષ ૨૦૧૩–૧૪માં ૭૪.૭૦ ટકા હતું એના બદલે વર્ષ ૨૦૧૮–૧૯માં માત્ર ૬૧.૪૩ ટકાએ રહ્યુ છે. ખેડૂતનો દીકરો દેવાના બોજ નીચે દબાતો જાય છે. ક્યાંયને ક્યાંય ખેત ઓજારો, ખાતર, બિયારણ, દવા એની અંદર વેરો વધ્યો અને પરિણામે ખેત ઉત્પાદન ખર્ચ વધ્યું છે અને સામે પોષણક્ષમ ભાવનો અભાવ છે. માનનીય અધ્યક્ષશ્રી, પાડોશી બધાય રાજ્યોએ દેવા માફ કર્યા પણ આ બજેટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ જીવવા માટે સંઘર્ષ કરી રહેલા ખેડૂતને દેવા માફીની જાહેરાત કરી હોત તો અમે એને આવકારત પણ આવું થઇ શક્યું નથી. નર્મદા યોજનાનું ૧૬.૧૧ લાખ હેકટર તમામ કમાન્ડ વિસ્તાર હતો. આટલા લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા પછી પણ અત્યારે ૬.૭૩ લાખ હેકટરમાં જ હજી આપણે સિંચાઇનું પાણી પહોંચાડી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મોંઘા શિક્ષણના કારણે આજે વાલીઓના બાળકોનું ભવિષ્ય એ ક્યાંય શિક્ષણ ફીના બોજા નીચે દબાઇ ના જાય એની ગુજરાતના વાલીને ચિંતા છે. માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ ક્ષેત્રે મજૂરી કરતા જે મજૂરો છે એ બાંધકામ મજૂરો માટે થઇને જે આપણે શેષ વસૂલી ૨૧૦૦ કરોડ રૂપિયા હજુ આજે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ વણવપરાયેલા પડ્યા છે. ગુજરાતને આપવામાં આવતો કેરોસીનનો જથ્થો વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૬,૧૧૮ લાખ કિલો લિટર હતું એ ઘટીને વર્ષ ૨૦૧૯-૨૦માં માત્ર ૨૮,૭૩૫ લાખ કિલો લિટર. એટલે કે ૫૦ ટકાનો ઘટાડો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટમાં આયોજન સામે હકીકતમાં ઓછો ખર્ચ થયો છે. કુલ બજેટની જોગવાઇમાંથી ૯,૧૩૬ કરોડ રૂપિયા આજે પણ વણવપરાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દાઓ જ કહું છું અને સાહેબ મારી વિનંતી છે કે મને થોડોક સમય આપો.

**અધ્યક્ષશ્રી :** મને તો વાંધો જ નથી. તમે નક્કી કરી લો. ત્રણ મિનિટ પહેલા આપી, ત્રણ મિનિટ ફરીથી.

**શ્રી પરેશ ધાનાણી** : સરકારે ૫૦ લાખ મકાનોનો વાયદો આપ્યો હતો એની સામે આજ સુધીમાં માત્ર ૩,૧૧,૦૦૦ આવાસનું જ આયોજન કર્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, માનનીય પરેશભાઇ, માનનીય પરેશભાઇ (અંતરાય)...

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગની જરૂરિયાતને કાયદાની ગૂંચવણમાંથી મુક્તિ આપવાનું આયોજન કર્યું હોત તો સારું હતું. એના અભાવે આજે ગુજરાતમાં ડાયમંડ, ટેક્સટાઇલ, બ્રાસ પાર્ટસ, મોટર પાર્ટસ, હેન્ડી ક્રાફ્ટ અને અન્ય મજૂર આધારિત રોજગાર ઉત્પન્ન કરતા ઉદ્યોગો છે એની હાલત ખૂબ કફોડી થઇ છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૧૯ સુધીના આટલા વાયબ્રન્ટ મહોત્સવમાં લાખો કરોડ રૂપિયાના રોકાણની વાત કર્યા પછી પણ ત્રીજા અને ચોથા તબક્કાના રોકાણ સુધી માત્ર ૧૨ ટકા એમ.ઓ.યુ. આપણા સુધી પહોંચી શક્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઇ..

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુદ્દાસર ટૂંકી વાતો છે, હમણાં ફટાફટ પૂરું થઇ જશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની ૭ મિનિટ વધારી દીધી છે.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આટલા લાખ કરોડ રૂપિયા ખર્ચાણા પછી કર વધ્યો, દેવું વધ્યું તો આ રૂપિયો ઉગવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજામાં ક્યાંય રૂપિયો ઉગતો દેખાતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી આંકડા મુજબ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨માં ૫૮૦માંથી ૨૮૦ જગ્યા ખાલી છે. પશુધન નિરીક્ષકની ૧૩૧૪માંથી ૭૭૯ જગ્યાઓ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ચોપડે નોંધેલા આંકડા મુજબ ૪.૫૮ લાખ બેરોજગારો અને એ પૈકી ૨,૨૨૩ લોકોને જ સરકારી નોકરી આપી છે. રાજ્યમાં બે વર્ષમાં ૨૦૩૪ ખૂનના બનાવો એટલે કે દરરોજ બે-ત્રણ ખૂન થાય છે. રાજ્યમાં બે વર્ષમાં ૨,૭૨૦ બળાત્કાર એટલે કે દરરોજ ત્રણ-ચાર બળાત્કાર થાય છે. રાજ્યમાં ૧૪,૭૦૨ આત્મહત્યા, ૨૯,૨૯૮ આકસ્મિક મૃત્યુ, ૪૪,૦૮૧ અપમૃત્યુ એટલે કે ૮૮,૦૮૧ અકુદરતી મૃત્યુ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઇ.. (અંતરાય)

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, દરરોજ ૧૨૦ લોકો અકુદરતી મૃત્યુ પામે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે આપ બજેટની બહાર જઇ રહ્યાં છો. (અંતરાય)

**શ્રી પરેશ ધાનાણી** : આ સરકારને સવાલ થાય છે (અંતરાય) શ્રી સૌરભભાઇ, તમે કીધું એટલે તૈયાર કરીને આવ્યો છું. અરે, રાજ્યના હિતમાં વાત કરું છું. કલાક સમય વધારોને વાંધો શું છે?

**શ્રી પંકજભાઇ વિ. દેસાઇ** : સાહેબ, ૯ મિનિટ થઇ ગઇ.

**શ્રી પરેશ ધાનાણી** : બે મિનિટમાં મારી વાત પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ જોઇ લ્યો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટ્રેઝરી બેંચ તૈયાર નથી એક પણ મિનિટ વધારવા માટે, એ આપ જાણો અને આપના દંડક જાણે. માનનીય પરેશભાઇ આપનો સમય પૂરો થયો છે. આપના વકતવ્ય કરતા ૯ મિનિટ વધારે આપી છે. આપની ૯ મિનિટ હતી એની ડબલ આપીને ૧૮ મિનિટ કરી છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને તો એ નવાઇ લાગે છે.

**અધ્યક્ષશ્રી** : મારી સામે અવિશ્વાસની દરખાસ્ત નથી લાવ્યા એટલે મેં ડબલ મિનિટ આપી પણ તમારી, દંડકની મદદથી આપી.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને તો એ નવાઇ લાગે છે કે વર્ષોથી ગૃહની પ્રણાલિ છે કે અંદાજપત્ર ઉપરની ચર્ચા જયારે ચાલુ થાય ત્યારે હંમેશા આપ રેકર્ડ જોઇ લેજો સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ઓપનીંગ એલ.ઓ.પી. કરતા હોય છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનસિંહભાઇ સહીત સિનિયરો, શ્રી જોષિયારાજી, શ્રી પુંજાભાઇ એ બધાને ખબર હશે કે ઓપનીંગ હંમેશા વિરોધપક્ષના નેતા કરતા હોય છે પણ આજે શી ખબર કેવો સમય આવ્યો છે કે પહેલાને છેલ્લા બોલવું પડે એવું જે ચાલી રહ્યું છે અને એટલા બધા ટેન્શનમાં છે કે પાંચ મિનિટ અંદર આવે છે અને પાંચ મિનિટ બહાર જાય છે. ઠરીને બેસી પણ શકતા નથી અને અત્યારે ઉભડક, ઉભડક બધું બોલી નાખ્યું. જે વારંવાર બોલ્યા છે. આ કશું પહેલીવાર નથી બોલાયું. આ આંકડા, આ વાકયો એ બધું વિપક્ષના નેતાશ્રી, એમના સૌ માનનીય સભ્યશ્રીઓ અનેક વખત બોલ્યા છે. વિપક્ષના નેતા હોય તો એમ થાય કે કંઇક માહિતિપ્રદ, તાજગીસભર, નવીનતાવાળું, એવું એમનું પ્રવચન હશે પણ આજે મને નિરાશા પ્રાપ્ત થઇ છે કે આમ તો શ્રી પરેશભાઇ અમારા મિત્ર છે સાહેબ. વિરોધપક્ષના નેતા પણ શી ખબર

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

આજે કેમ આટલા બધા, આ સત્રથી હું જોઇ રહ્યો છું સાહેબ, આજનો નહીં પણ આ તો અમારા શ્રી સૌરભભાઇએ કંઇક કીધું હશે એટલે તૈયાર કરીને છેલ્લે છેલ્લે આવ્યા નહીંતર આવવાના પણ નહોતા એવી મને ખબર પડી. પક્ષના પ્રમુખશ્રી પણ ઉપસ્થિત નથી. મોટા મોટા સિનિયર નેતાઓ ઉપસ્થિત નથી છતાં હું તો લોકશાહીને વરેલો છું. લોકશાહીની પરંપરા પ્રમાણે હું બધાના જવાબ આપીશ પણ મેં શરૂઆત પ્રવચનની કેટલીક કવિતાની પંક્તિઓની કરેલી એટલે આજે અહીંયા મને બેઠાબેઠા જ વિચાર આવ્યો સાહેબ. છાપવા આપવાનું હતું એટલે પેલું તો તૈયારી કરીને બોલ્યો હતો પણ આ શ્રી પરેશભાઇ બોલ્યા કે નજર લાગી વગેરે વગેરે એટલે મેં હાલ જ અત્યારે મનમાં આવ્યું એ ગીત કહેવાય કે કવિતા જે કહેવાય એ મને ખબર નહીં પડે કે શું કહેવાય પણ એ મેં બનાવ્યું છે શાંતિથી સાંભળવા બધાને વિનંતી.

'' નજર લગાડનાર નજર લગાડયા કરશે, ટીકા કરનારા ટીકા કર્યા કરશે,
રાજકારણ કરવાવાળા રાજકારણ કર્યા કરશે, સ્વપ્ના જોનારા સ્વપ્ના જોતા રહેશે,
કોઇને અમારું દેવું ચૂકવવાનું નથી, અમે જ છીએ બધું.
ગુજરાતની જનતાએ અમારા ભા.જ.પ. ઉપર વિશ્વાસ કર્યો છે તે વધતો રહેશે.
ગુજરાત દેશમાં અગ્રણી છે અને અગ્રણી રહેશે.
રાજયને ઉત્તમ બનાવ્યું છે, હવે સર્વોત્તમ બનાવીને રહીશું. ''

માનનીય પરેશભાઇ સાહેબ સલાહ આપતા હતા પ્રવચનમાં કે હવે દેવું વધારશો નહીં અમારે કયાંથી લાવીને ભરવું એ ચિંતા થશે. આવી જો ચિંતા એમણે કેન્દ્રમાં કરી હોત તો આપણા દેશની સ્થિતિ આજે આઝાદીના સાત દાયકા પછી આવી ન હોત. બધા મૂળમાં જોઇએ સાહેબ, અમે ભલે ૨૫ વર્ષથી અહીંયા છીએ પણ દેશ એ દેશ છે. દેશની ગંગોત્રીમાંથી નીકળેલી નદીઓ છે એનું પાણી ગુજરાતને મળે છે એમ તમારે ત્યાંથી જે નીકળ્યું બધું એ અત્યાર સુધી બરાબર ના નીકળ્યું, ઉપયોગી ના નીકળ્યું. દેશને વિકાસકારક ન નીવડયું અને અમારા શ્રી વાસણભાઇ કહે છે કે બધું દરિયામાં જાય, ખારું થઇ જાય એવું ખારું થઇ ગયું. કોઇ એનું આચમન પણ ન લઇ શકયું. આ તો અમારા વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ આવ્યા. સાહેબ, આપણા ધર્મમાં કહ્યું છે કે વ્યક્તિનો દશકો હોય, ધંધાનો દશકો હોય, બધાના દશકા હોય છે એમ રાજકારણમાં લાંબો સમય હોય. કોંગ્રેસના દાયકાઓ હતા. દાયકો નહીં દાયકાઓ પણ એ દાયકાઓનો સદઉપયોગ કોંગ્રેસ ના તો ગુજરાતમાં કરી શકી કે ન તો દેશમાં કરી શકી અને ગુજરાત જે શિરમોર ગણાય. પૂજય મહાત્મા ગાંધીજીનું ગુજરાત, પૂજય સરદાર વલ્લભભાઇનું ગુજરાત, પૂજ્ય રવિશંકર મહારાજનું ગુજરાત આવા અનેકે અનેક મહાનુભાવોનું ગુજરાત. એ આ મિત્રોના શાસનમાં એટલું બધું બદનામ થઇ ચૂક્યું હતું કે છેલ્લે છેલ્લે શ્રી પરેશભાઇએ વાત કરી. મારે કહેવું નહોતું. આટ આટલા ગુના બન્યા વગેરે. વધુ શબ્દ નથી વાપરતો, પણ ભૂતકાળ એવો હતો કે એ જમાનામાં ટ્રેઇન કે ફ્લાઇટો આટલી બધી હતી નહિ. ઉત્તર પ્રદેશથી, બિહારથી, કર્ણાટકથી, તામિલનાડુથી કોઇને ટ્રેઇનમાં બેસીને ગુજરાત આવવું હોય તો સગાવ્હાલાને, મિત્રોને પહેલા ત્યાંથી પૂછે કે ગુજરાત મારે આવવું છે તો અવાય એવું છે? કારણ કે અમદાવાદનું આપણું મેઇન રેલ્વે સ્ટેશન એક નાજુક વિસ્તારમાં છે. ત્યાં ૧૨ મહિનામાંથી ૬ મહિના જેટલો કરફ્યુ રહેતો હતો. મંદિરો ઉપર હુમલા થતા હતા. નિર્દોષ નાગરિકો ઉપર હુમલા થતા હતા. ગાયોની કત્લ થતી હતી. રથયાત્રા નીકળી શકતી નહોતી. રથયાત્રામાં ભગવાનને પણ લશ્કરનું બુલેટપ્રુફ જેકેટ પહેરાવવું પડતું હતું. એ પરિસ્થિતિ તમારા વખતમાં હતી. આજે દરેક ધર્મ હિન્દુઓનો ધાર્મિક ઉત્સવ હોય, મુસલમાન ભાઇઓનો તાજીયાનો ઉત્સવ હોય, ક્રિશ્ચિયન ભાઇઓની નવા વર્ષની ડિસેમ્બરની ઉજવણી હોય તો કોઇ જગ્યાએ કોઇ પ્રશ્ન થતો નથી અને દરેક ગુજરાતીઓ આનંદથી, ઉત્સાહથી આપણા ગુજરાતમાં રહેવાનો લાભ અને આનંદ મેળવે છે. આ બધું એમને એમ થતું નથી. એના માટે તો પહેલા નૈતિક હિંમત જોઇએ. મત લેવાની ભૂખ્યા રાજકારણ જેવી જેને મત બેન્ક કહે છે, એને સાચવવા માટે ભલે મારા ગામનું જે થવું હોય તે થાય, મારા રાજનું જે થવું હોય તે થાય, મારા દેશનું જે થવું હોય તે થાય, પણ મારું રાજકારણ ચાલી જવું જોઇએ. મારી વોટબેન્ક ભલે ભૂખી કરે, ભલે અભણ રહે, ભલે બેરોજગાર રહે, ભલે વસતિ વધારો કરવો હોય તેટલો કરે, પણ દેશની ચિંતા મારે કરવાની નહિ, પણ સાહેબ, અમે બધા ભાજપના ધારાસભ્યો છીએ. અમારો સિદ્ધાંત છે કે પહેલો દેશ પછી પક્ષ. તમારો સિદ્ધાંત છે પહેલા એક પરિવાર, પછી પક્ષ અને છેલ્લે દેશ. આટલું ઉલટ સૂલટ થયું છે. વધારે થયું નથી. તમે પ્રાયોરિટી બદલી નાખો. આ બધું જવા મંડ્યું છે. હું તો આખો દિવસ અહીંયા છું. મેં આજનું ટીવી નથી જોયું. અહીંયા ખબર નથી. પણ કહે છે કે બધું લૂંટાવા મંડ્યું છે. બધુ ખલાસ થવા મંડ્યું છે. મોટા મોટા સિંહો અમારા ભાજપના પક્ષમાં ગુજરાતની અને દેશની સેવા કરવા માટે જોડાવા માંડ્યા છે. આજે નથી કહેવું. શ્રી પરેશભાઇ ન બોલ્યા હોત તો ન કહેત. મને આનંદ છે કે આપે જે સૂચારું રીતે આ સન્માનનીય ગૃહનું સંચાલન કર્યું છે અને કરી રહ્યા છો. એના કારણે અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં લગભગ ૯૦ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ આ ૪ દિવસમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા, ટીકાઓ કરી, સૂચનો કર્યાં, માગણીઓ કરી. મેં બધા જ માનનીય ધારાસભ્યોના બધા પક્ષોની લાગણીઓની માનસિક નોંધ લીધી છે. કેટલાક હૃદયસ્પર્શે તેવા મુદ્દા હતા, તો તેની મેં હૃદયસ્પર્શી નોંધ લીધી છે. જે મેઇન અમારા અધિકારીઓ અહીંયા બેસે છે. દરેક વિભાગની માગણીઓ ચર્ચા ઉપર આવી છે એની નોંધ લીધી છે. આપે પણ સૂચના આપેલ છે કે મંત્રીશ્રીઓ આની નોંધ કરે. એ પ્રમાણે કર્યું છે. બજેટ દર વર્ષે આવે. લોકશાહીમાં બજેટ એ એક વર્ષનું આયોજન છે. આ બજેટનું અમે રૂપિયા ૨,૧૭,૦૦૦ કરોડનું જે આયોજન કર્યું છે. એનું પ્રવચન મેં પ્રથમ દિવસે જ વાંચ્યું હતું. ગયા વર્ષે પણ આવી રીતે કહ્યું હતું અને આજે પણ કહું છું. દર

વર્ષે કહું છું. વિપક્ષના ધારાસભ્યશ્રીઓ, મિત્રોને પણ કહ્યું હતું. આજે કહું છું. એને વાંચવાનો, અભ્યાસ થોડો ઓછો થયો છે. તમે સીધે સીધા મેદાનમાં ઉતરી પડો, ના બોલીંગની પ્રેકટીસ કરી હોય, ના બેટીંગની પ્રેકટીસ કરી હોય, ના ફિલ્ડીંગની પ્રેકટીસ કરી હોય તેવું તમારું દ્રશ્ય આ જે પ્રવચનો થયા તેમાં મેં બધાનું જોયું છે. હાથમાં આવેલા કેચ છોડી દે છે. જયાં સિક્સર મારવાની હોય ત્યાં બોલ્ડ થઇ જાય છે, જયાં બોલ રોકવાનો હોય ત્યાં હાથે કરીને બાઉન્ડરીની બહાર કાઢી નાખે છે પછી ભલે ને તે છગ્ગો થઇ જતો. અંદરો અંદર ખુશ થાય છે બધા કે આ છગ્ગો બરાબર છે. આ રીતના તમારા જે સૂચનો આવ્યા છે. અમારા મંત્રી મંડળ તરફથી સરકાર પક્ષે અને આપણી પદ્ધતિ છે કે, ધારાસભ્યશ્રીઓ જે દિવસે પ્રવચન કરી દે તે પછી મંત્રીશ્રીઓ તેનું સમીંગઅપ કરતા હોય છે. પ્રથમ દિવસે અમારા સિનિયર મંત્રી માનનીય ભુપેન્દ્રસિંહજીએ એ દિવસની ચર્ચા હતી તેની સુંદર છણાવટ કરી. બીજા દિવસે અમારા મંત્રીશ્રી માનનીય ગણપતસિંહભાઇ કે જેઓ આદિવાસી સમાજ, દક્ષિણ ગુજરાત અને અનેક વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે, અનુભવી છે તેમણે ઇન્ટરવીન કરી ખૂબ સુંદર રીતે બધી જ વાતો વિધાનસભા સમક્ષ સરકાર તરફથી મૂકી હતી. ત્રીજા દિવસે માનનીય સૌરભભાઇ કે જેઓ પૂર્વ નાણામંત્રી છે, અનુભવી છે અને ખૂબ અભ્યાસ કરે છે. આ દેવા માટેની વાત છે, નાણાકીય શિસ્તની વાત છે તેમણે કરી હતી. એક નાગરિકના માથે આટલું દેવું છે. જન્મે ત્યારે આટલું દેવું લઇને આટલા ભરવાની શરતે જન્મે છે આવું બધુ લોકો કહેતા હતા. આમાં સાહેબ, કોઇક બિચારો નવો માણસ હોય તો મૂંઝવણમાં મૂકાઇ જાય કે મારો છોકરો આવશે તો આવું થશે. કેટલીક બહેનો બિચારી તકલીફમાં મૂકાતી હતી. જયારે શ્રી સૌરભભાઇનું પ્રવચન બધાએ સાંભળ્યું, ટીવી ઉપર જોયું એટલે બધા નિશ્ચિંત થઇ ગયા કે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. આ ગુજરાતની શ્રી વિજયભાઇ રૂપાણીની ભાજપ સરકાર, શ્રી નીતિનભાઇ પટેલનું નાણામંત્રી તરીકેનું બજેટ આનાથી વધુ સારું કોઇ હોઇ શકે નહીં તેવું બજેટ અમારી સરકારે રજૂ કર્યું છે. શ્રી સૌરભભાઇએ વાત કરી પરંતુ તેમને બિચારાને ઘણા લોકો શાંતિથી બેસવા જ નથી દેતા. શ્રી સૌરભભાઇ, એમનો વાંક નથી. હું શ્રી પરેશભાઇનો વાંક નથી જોતો. આ શ્રી અમિતભાઇ અત્યારે નથી. કેટલી બધી જવાબદારી એમના ઉપર છે. એક સાંધે અને તેર તૂટે છે. કેટલા સાંધે અને કેટલા તૂટે, પણ આપણે કોઇના રાજકારણમાં જવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટની વાત કરું છું. અમારા થોડા સભ્યશ્રીઓએ આજે પણ કહ્યું અને પહેલાં પણ કહ્યું હતું. નવી નવી યોજનાઓ જે અમલમાં મૂકી છે તેમાં વિપક્ષનું કામ સરકારને જાગૃત રાખવાનું છે તે હું સ્વીકારું છું. વિપક્ષનું કામ સરકારને સાચી હકીકતો આપવાનું છે તે પણ અમે સ્વીકારીએ છીએ. વિપક્ષનું કામ સરકારે કોઇ યોજનામાં, કોઇ નીતિ નિયમમાં, કોઇ કાયદા ઘડતરમાં કયાંય ભૂલ કરી હોય, કયાંય વધારે પડતું કર્યું હોય, કયાંય જરૂરિયાત કરતાં ઓછું કર્યું હોય તો તેની સમજ આપવાની, માર્ગદર્શન આપવાની વિપક્ષની સત્તા છે. એકની એક વાતો, આના પહેલાંના દસ બજેટ પ્રવચનો વિપક્ષના સભ્યોના જોઇ લો તો લગભગ ૯૦ ટકા આની આસપાસ જ વિગતો નીકળશે. નવી બાબતો અમે જે દાખલ કરી છે, કેટલી સુંદર આપણી ગુજરાતની સંસ્કૃતિ છે. આપણા ગુજરાતીઓ દેશમાં રહે, વતન બહાર ગુજરાતમાં ગમે ત્યાં રહે, વતન બહાર દેશમાં ગમે ત્યાં રહે કે પરદેશમાં રહે. તેમની માતૃભૂમિને તેઓ કદી ભૂલતા નથી. મને ખબર છે અને હું સેંકડો ઉદ્‌ઘાટનોમાં ગયો છું. હોસ્પિટલો હોય, સ્કૂલો હોય, બીજી ધાર્મિક, સામાજિક સેવાકીય સંસ્થાઓ હોય, પાંજળાપોળ હોય, ગૌશાળાઓ હોય, વોટર કુલરથી માંડીને પીવાના પાણીના આર.ઓ. પ્લાન્ટ નાંખવાના હોય ત્યાં ગયો છું. આપણા ગુજરાતીઓ પછી ગામની બહાર ગમે ત્યાં રહેતા હોય, સૌરાષ્ટ્રવાળા સુરતમાં રહે, ઉત્તર ગુજરાતવાળા અમદાવાદમાં રહે, મધ્ય ગુજરાતવાળા વડોદરામાં રહે, રાજકોટમાં આખું સૌરાષ્ટ્ર રહે. જેને જયાં રહેવું હોય ત્યાં રહે પણ પોતાનું વતન આપણા ગુજરાતીઓ ભૂલતા નથી. આપણા સંસ્કાર એવા છે, આપણા મા–બાપની કેળવણી એવી છે કે કોઇ માતા પિતાની સ્મૃતિમાં, કોઇ ભગવાનની સ્મૃતિમાં કથા બેસાડે પૂજ્ય સાધુ સંતો–મહાત્માઓ કથા કહે, ડાયરાઓ થાય અને કેવા ડાયરાઓ? મેં ગયે વખતે પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે સાહેબ, પહેલા તો બહારના લોકોને ખબર જ નથી પડતી, ડાયરો ચાલતો હોય એ પાંજરા પોળ, ગૌશાળાના ફંડફાળા માટે ડાયરો થયો હોય, ડાયરો કરનાર કલાકાર એક રૂપિયો લેવાના ન હોય, એક રૂપિયો અડવાના ન હોય, લોકો–દાતાઓ નોટોનો વરસાદ કરે તો કેટલાક નેશનલ મિડીયાવાળા એવું બતાવતા હતા કે, આ ગુજરાતમાં નોટો ઉછાળે છે. એમને તો પેલો મુંબઇનો બાર યાદ આવતો હોય કે પેલી બાર ડાન્સર ઉપર પૈસા લૂંટાવતા હોય, એ મેં પિક્ચરમાં જોયું છે એટલે કહું છું બીજી કોઇ રીતે નથી કહેતો. (અંતરાય) મેં પિકચરમાં જોયું છે મને ખબર હતી કે તમારા વિચારો ક્યાં જાય એટલે મેં પાણી પહેલા પાળ બાંધી દીધી. એટલે કહે આ ગુજરાતમાં નોટોની રેમલછેલ છે, પણ આવું નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમે બધાએ વિચાર કર્યો કે, આપણા ગુજરાતીઓની આવી દાન વૃત્તિનો, દાન ભાવનાનો ગુજરાતના હિતમાં કેવી રીતે ઉપયોગ કરવો? વાત સાચી છે શાળાના રૂમો જૂના છે, અમારું ગાયકવાડી સ્ટેટ હતું, શ્રી પરેશભાઇ, શ્રી વિરજીભાઇ અને અમે બધા એક જ ગાયકવાડી સ્ટેટના નાગરિકો હતા. અમે એટલે અમારા બાપ દાદા, અમે તો લોકશાહીમાં જન્મ્યા છીએ. તો જે વખતે રાજા–રજવાડા હતા, જામનગરના મહારાજા, ભાવનગરના મહારાજા, રાજકોટના મહારાજા બધા પ્રગતિશીલ હતા. એમના જમાનામાં જે બેસ્ટ થાય એ બેસ્ટ કરવાનો એમણે પ્રયત્ન કર્યો છે અને મોટા ભાગનું બેસ્ટ થયું છે અને આપણને આનંદ છે કે અંગ્રેજોના વખતમાં અંગ્રેજોએ જે કર્યું એના કરતા આપણા રાજા–મહારાજાઓએ આપણને સારું આયોજન ભેટ આપ્યું છે. આજે પણ સારું ટાઉન પ્લાનિંગ જોવું હોય તો મોટા મોટા નિષ્ણાતો સદીઓ પહેલા થયેલું એ ગોંડલનું ટાઉન પ્લાનિંગ જોવા જાય છે, ભાવનગરની વ્યવસ્થા જોવા જાય છે, પીવાના પાણીની વ્યવસ્થા કેવી હતી, કેવી રીતે

જળસંચય થતો હતો એ જોવા જાય છે. તો અમે વિચાર કર્યો કે આવી પરોપકારવૃત્તિ ગુજરાતીઓની છે ત્યારે અને અહીંયા તમે બધાએ રજૂઆત કરી છે, ઘણી સાચી છે. શાળાના રૂમ જૂના થઇ ગયા હોય, નવા બનાવવાના થાય, વિદ્યાર્થીઓની સંખ્યા વધી હોય, વર્ગોની સંખ્યા વધી હોય ત્યારે એક સાથે સરકાર કરે તો બજેટમાં તબક્કાવાર થાય. તો અમને જે વિચાર આવ્યો કે ગુજરાતીઓની દાન વૃત્તિને પ્રોત્સાહન આપીએ અને આપણે માદરે વતન યોજના અમલમાં મૂકી. બહુ સીધી–સરળ અને ખૂબ ઉપયોગી હું માનું છું કે, અત્યારે નહીં દેખાય પણ આવનારા સમયમાં જેમ અમારી જ્યોતિગ્રામ યોજના લોકપ્રિય થઇ, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના લોકપ્રિય થઇ, સુજલામ–સુફલામ લોકપ્રિય થઇ, સૌની યોજના લોકપ્રિય થઇ, તળાવો ઉંડા કરવાનું અને ચેકડેમો બનાવવાનું લોકપ્રિય થયું, પ્રધાન મંત્રી જન આરોગ્ય મા વાત્સલ્ય યોજના લોકપ્રિય થઇ ગઇ એમ આવનારા સમયમાં લખી લેજો ગુજરાતીઓ એટલો બધો આ યોજનાનો લાભ લેવાના છે, કોઇ પણ ગુજરાતી જ્યાં રહેતો હોય પોતાના વતન માટે ૧૫–૨૦ આઇટેમોના કામો જાહેર હિતના એ અમે વિચારી રાખ્યા છે એમાં અમે ઉમેરો કરીશું. મેં ગયે વખતે પણ કહ્યું હતું એ કામોમાં કોઇ વ્યક્તિ પોતાના માતૃશ્રીના નામે, પિતાશ્રીના નામે કે કોઇ પણના નામે જે દાન આપશે, દાખલા તરીકે સમજી લો કોઇએ પોતાના ગામની પ્રાથમિક શાળામાં નવા વર્ગખંડો બનાવવા ૧૦ લાખ રૂપિયાનું દાન આપ્યું તો સામે બીજા ૧૦ લાખ રૂપિયા અમારી ભારતીય જનતા પાર્ટીની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર આપશે. એટલે અમે રૂપિયા ૧૦ લાખ ઉમેરી આપીશું એટલે રૂપિયા ૨૦ લાખમાંથી નિશાળ બનશે. કોઇ જગ્યાએ પીવાના પાણીની ટાંકી બનાવવી હોય, ગામો મોટા થઇ ગયા છે ત્યારે કોઇ જગ્યાએ પાણીની ટાંકી ૫૦ હજાર લિટરની છે તે મોટી કરીને ૨ લાખ લિટરની કરવી છે કે ૫ લાખ લિટરની કરવી છે તો એના માટે કોઇ દાતા એમ કહે કે મારે પાણીની ટાંકી માટે ૫ લાખ દાન આપવું છે કે રૂપિયા ૧૦ લાખ દાન આપવું છે તો અમે એમાં સામે ૧૦ લાખ રૂપિયા ઉમેરી આપીશું. એવી રીતે કોઇ પી.એચ.સી. બનાવવા માગે તો અમે અમે પી.એચ.સી.માં દાન ઉમેરીશું. કોઇ સી.એચ.સી.માં કરવા માગે તો અમે ઉમેરીશું. પ્રજા અને સરકાર બન્ને સાથે મળીને, અમે જે સૂત્ર કહીએ છીએને, એમને એમ નથી કહેતા, સૌનો સાથ સૌનો વિકાસ. લોકો સાથ આપશે. સહકાર આપે એટલે આ માદરે વતન યોજના એ લોકપ્રિય બનવાની છે. મેં સાંભળ્યું છે ત્યાં સુધી, (સમયસૂચક ઘંટડી) સાહેબ, હું તો સમય વધારે માંગીશ.

અધ્યક્ષશ્રી : બન્ને દંડકશ્રીએ દસ મિનિટની વાત કરી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું તો નવી યોજનાઓની જ વાત કરું છું. જૂની યોજનાઓની કશી જ વાત કરતો નથી. આ યોજનાનો લાભ આપણે લેવાના છીએ. (અંતરાય) મને નથી લાગતું કોઇ વિપક્ષના સભ્યશ્રીએ માદરે વતનની યોજનામાં કોઇ સૂચન કરેલ હોય. (અંતરાય) એકલા શ્રી બ્રિજેશભાઇ બોલ્યા હતા એની મેં નોંધ પણ લીધેલ છે. હવે યાદ રાખજો. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ઘણી વાત થઇ છે, ખેડૂતોનો માલ.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ બધું જ યાદ રાખે છે, ભુલી જતા નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એ બોલ્યા હતા એ મને યાદ છે.

અધ્યક્ષશ્રી : મને પણ યાદ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થેન્ક્યુ સાહેબ. એટલે ખેડૂતોનો માલ ના બગડે. ખેતરમાં માલ પડ્યો હોય. આપણે બધા એના માટે ચિંતાતુર છીએ. માલ મૂકવાની વ્યવસ્થા નહોતી. અમે વ્યવસ્થા આપી. કોઇપણ ખેડૂત પોતાના ખેતરમાં ઉગેલો માલ સંગ્રહ કરે, બિયારણ, ખાતર સંગ્રહ કરે એના માટે નાનું ગોડાઉન બનાવે તો ગોડાઉન દીઠ રૂપિયા ત્રીસ હજાર રૂપિયાની સબસિડી અમારી સરકાર આપશે. માલિકી ખેડૂતની, ખેડૂતના ખેતરમાં બનાવવાનું તોય પણ પૈસા કોણ આપશે? ગુજરાતની ભા.જ.પ. સરકાર સબસિડી આપશે. આ વિચાર કોઇને ભૂતકાળમાં નહોતો આવ્યો. બીજું, અમે કર્યું કે ખેડૂતોએ રજૂઆત કરી, કિસાન સંઘે રજૂઆત કરી કે તમે આપો છો ખરા પણ એન.એ. ના કરાવવું પડે એવું કરો તો અમારા શ્રી કૌશિકભાઇએ એ પણ નિર્ણય કરી દીધો કે ખેડૂતો પોતાના ખેતરમાં ગોડાઉન બનાવવા માટે બાંધકામ કરશે તો એને જમીનની એન.એ. કરાવવાની રહેશે નહિ. આ અમારી લીન્ક જૂઓ. પૈસાય આપ્યા અને સરળતા પણ કરી આપી. એ જ રીતે ખેડૂતોને ૨૯૦૦૦ નવા ટ્રેક્ટરની સહાયમાં ૪૫ થી ૬૦ હજાર રૂપિયાની સબસિડી. હજારો ખેડૂતોને ખેતીના સાધનો ખરીદવા માટે કરોડો રૂપિયાની સબસિડી. એ આપણે કર્યું. શ્રી લાખાભાઇ અહીં બોલ્યા ગાય વિશે.

મારે માનનીય સભ્યશ્રીઓ સમક્ષ થોડીક સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. આ ગાયદીઠ રકમ આપણે નથી આપવાના શ્રી લાખાભાઇ. આપણી શરત છે, પ્રવચનમાં પણ છે. હું અત્યારે નથી કહેતો. જે ખેડૂત પ્રાકૃતિક ખેતી કરે, જેને ઝીરો બજેટ ખેતી દેશભરમાં કહેવામાં આવે છે. ગાયના ગૌમૂત્રનો ઉપયોગ કરે, એમાંથી રસાયણ બનાવે અને એનો ખેતરમાં ઉપયોગ કરે. રાસાયણિક ખાતર ના વાપરે, જંતુનાશક દવા ના વાપરે એ શરતે એક ખેડૂતને એક ગાય દીઠ મહિને રૂપિયા ૯૦૦ અમારી સરકાર સબસિડી આપશે, જેથી ગૌમાતાની સેવા પણ થઇ ગણાશે. ગાયો રાખવાનું પ્રોત્સાહન ખેડૂતોને મળશે અને જે રાસાયણિક ખાતરથી આરોગ્ય ઉપર જે જોખમ છે. લોકો જાતજાતની વાત કરે છે. હું અધિકૃત રીતે તો નહિ કહું કે યુરિયા વાપરવાથી ઉગેલું અનાજ ખાવાથી કેન્સર થાય છે વિગેરે વિગેરે. પણ આવી લોકવાયકા છે. જો એમાંથી બચવું હોય તો કુદરતી ખાતર વાપરવું જોઇએ. પહેલાં આ યુરિયા અને બીજું બધું નહોતું. આપણા બાપદાદા ત્યારે આ કુદરતી ખાતર વાપરતા હતા એ તરફ આપણે ફરી જઇએ તે માટે આ પ્રાકૃતિક ખેતીની યોજના કરી છે. એના વિશે પણ મને લાગે છે કે કોઇએ કોઇ સૂચન કર્યા હોય એવું મારા ધ્યાનમાં નથી. પશુપાલનની વાત કરું તો ગુજરાતમાં દરરોજ બે કરોડ લિટર દૂધ આપણા પશુપાલકો સહકારી

ડેરી અને થોડીક ખાનગી ડેરી મારફતે વેચે છે. આપણે ખેડૂતોને તો રકમની દૃષ્ટિએ જોઇએ તો અબજો રૂપિયાની સહાય આપીએ છીએ. એના માટે આપણે અનેક કાયદા સુધારી દીધા. ખેડૂતોને ચારેય બાજુ સરળતા કરી દીધી. પણ પશુપાલકો માટે આપણે વિચાર ઓછો કર્યો હતો. આપણે એમ માનીએ છીએ કે ખેડૂત અને પશુપાલન એ બન્ને ભેગો વ્યવસાય છે. પણ અમે નક્કી કર્યું કે જે પશુપાલકો છે એમને જેઓ પશુ રાખે એ પશુ જ્યારે વિયાય ત્યારે પશુને પૌષ્ટિક આહાર મળે. તો એ સારું ફેટવાળું દૂધ આપે અને તેની તંદુરસ્તી જળવાય એટલા માટે મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના અમલમાં મૂકી. શ્રી લાખાભાઇ, ૧૫ લાખ પશુપાલકોને આપણે મદદ આપવાના છીએ બજેટમાં જોગવાઇ એ બધી આંકડાની હોય છે જરૂર પડયે અમે રકમ વધારીએ છીએ અને દરેક પશુપાલકને ૧૫૦ કિલો પશુદાણ સરકાર સબસિડીથી આપશે. એટલે નાના, ગરીબ પશુપાલકને ઓછામાં ઓછાં ૩ થી ૪ હજાર રૂપિયા આ સબસિડીના રૂપે તે પશુદાણ સહાય મળશે અને પશુપાલકોને પણ તેનાથી ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જીવદયાવાળા છીએ પાંજરાપોળ અને ગૌશાળા તે ગુજરાતની સંસ્કૃતિનો એક ભાગ છે. પાંજરાપોળોને, ગૌશાળાઓને અછત વખતે આપણે મદદ આપીએ છીએ બે રૂપિયે કિલો ઘાસ એવું બધું ઘણું ઘણું આપીએ છીએ પણ તેના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે સહાય નહોતા આપતા. આ વખતે અમે પાંજરાપોળોની મદદ માટે દરેક પાંજરાપોળ દીઠ ૧ કરોડ રૂપિયા એક વખત તેને શેડ બનાવવો હોય પશુઓ રાખવા, ઘાસ સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવું હોય, ટ્યુબવેલ બનાવવા હોય, સોલાર વીજળી ઉત્પન્ન કરવી હોય, ઘાસચારા ફાર્મનો વિકાસ કરવો હોય જે ઘાસચારો ગૌશાળામાં જ વપરાવાનો છે તો એવી ગૌશાળાઓને પણ મદદ આપવાની યોજના અમે કરી છે. માછીમારો માટે અમારા શ્રીમતી ઝંખનાબહેન અને શ્રી મુકેશભાઇ બન્ને બોલ્યા છે તે પ્રમાણે માછીમારો માટે પણ અમે સહાય કરી રહ્યા છીએ. તેમના બોટના એન્જિન નવા લાવવા માટે સબસિડી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, નાના ગરીબ માણસ મેં પ્રવચનમાં કહ્યું હતું, ઉલ્લેખ કર્યો હતો કે ૬૦–૭૦ હજાર જેટલા અંદાજે ઉનાળામાં, ઠંડીમાં, વરસાદમાં ગમે તેવી સિઝનમાં તેઓ શાકભાજી, ફળફળાદી આવું બધું વેચતા હોય છે. તેમને કોઇ છત્ર નથી હોતું, કોઇ રક્ષણ નથી હોતું અમે પહેલી વખત આવા ૬૦ હજાર લોકોને મોટી છત્રી, વિશાળ છત્રી કે જેમાં લારી પણ ઢંકાઇ જાય, તેના એક બે ગ્રાહકો પણ ઢંકાઇ જાય અને એ પોતે પણ ઢંકાઇ જાય અને તેનો માલ–સામાન બગડે નહીં તે માટે ૬૦ હજાર છત્રીઓ આપવાનું નક્કી કર્યું છે. નાના માણસનું કામ છે સાહેબ, કોઇ રકમની દ્રષ્ટિએ મોટું નથી પણ અમારી સંવેદનશીલતા, અમારી લાગણી, અમારી નજર તમે જુઓ કે, **"જયાં જયાં નજર અમારી પડે, ત્યાં ગુજરાતીઓને સમૃદ્ધિ મળે"** આ અમે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની વાત થઇ. કચ્છ આપણો છેલ્લો જિલ્લો છે, બોર્ડર જિલ્લો છે. કચ્છને પણ એક મિલિયન એકર ફીટ પાણી ફાળવ્યું છે તેના માટે પણ રૂપિયા એક હજાર કરોડથી વધુ રકમની નર્મદાના કામો માટેની જોગવાઇ કરી છે. ૭ હજાર નવા રૂમ બનાવવાના છે. ૭ હજાર વર્ગો એક વર્ગમાં ૩૦ થી ૫૦ છોકરા બેસતા હોય તો વિચારી લો કેટલા બધા વિદ્યાર્થીઓને આપણે સુંદર, પાકા નિશાળના રૂમો આપીશું. મધ્યાહન ભોજન ચાલુ જ છે. લગભગ ૪૩ લાખ બાળકોને આપણે જમાડીએ છીએ અને ૯૮૦ કરોડ રૂપિયા બાળકોને જમાડવામાં આપણે વાપરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજી પણ અમે આગળ વધારી છે. આ વર્ષે પણ અમારા શ્રી ભુપેન્દ્રસિંહે ત્રણ વર્ષ પહેલાં શરૂઆત કરી કે કોલેજના વિદ્યાર્થીઓને, એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને, આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવું. આ વખતે પણ આ ટેબ્લેટ આપવાના છીએ. સાહેબ, આ ગૃહમાં તો હવે કોઇ ભૂલવાનું નથી બધાને યાદ રહી ગયું છે. આ ટેબ્લેટ માનનીય પરેશભાઇ, આ વર્ષે પણ નક્કી કરેલી પદ્ધતિથી (અંતરાય) અમે નવા ૩ લાખ ટેબ્લેટ વિદ્યાર્થીઓને આપવાના છીએ એટલે એ પણ આપણાં ગુજરાતના દરેક વર્ગના વિદ્યાર્થીઓને તેનો ફાયદો થશે. (અંતરાય) હવે ટેન્ડર ખુલે પછી ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇ વિશ્વકર્માની વાત સાચી છે આપણે તો કરી દીધું વિપક્ષના નેતાશ્રીએ અને તેમણે ના પાડી કે ના અમારે તો મોટાં પુસ્તકો જોઇએ જ. હવે વાંચશે અને ૧૨ મહિના વાંચી લે ત્યારે આવતી સાલ વાત.

અધ્યક્ષશ્રી : નેતા તે વખતે હાજર નહોતા પણ નેતા વતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમના વતી સાહેબ એ તો તેમનો પક્ષ જ ગણાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રી નીતિનભાઇની સરકાર ૨૫ વર્ષથી વિકાસની ટેબ્લેટની દે છે પણ બીજી બાજુ એની તો ખો નિકળી ગઇ છે. એની કોઇ વાત નથી કરતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જો હજુ બધાને કહું કે વિભાગવાર ચર્ચા તો બાકી છે. બધા જ માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપવાના છે. તો બધું અહીંયાં ન પૂછશો. વિભાગવાઇઝ ઘણું કરવાનું છે હજુ, કાલથી જ ચાલુ થવાનું છે, તમને દરેકને છૂટ છે.

અમારી આ બધી યોજનાઓ– અમે બહેનો માટે યોજના કરી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના. આ પણ નવો અને સુંદર વિચાર છે. અમે વિચાર્યું કે ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે રૂપિયા ૩૯ હજાર કરોડ આપીએ છીએ, તો ગુજરાતમાં લાખો બહેનો આ સખી મંડળમાં સભ્ય છે તો તેમને આપણે અત્યાર સુધી ૫ હજાર રૂપિયા રિવોલ્વીંગ ફંડની મદદ આપતા હતા. આ વખતે

મુખ્યમંત્રીશ્રીએ સૂચન મૂક્યું, માનનીય વિભાવરીબેન અને માનનીય ગણપતભાઇએ પણ એમના વિભાગ તરફથી સૂચન કર્યું, મહિલાઓને પણ શા માટે ઝીરો ટકા વ્યાજે સરકાર સખી મંડળોને મદદ ના કરે?. અમે નાણાં વિભાગે તેનો અમલ કર્યો. હવે મહિલા ઉત્કર્ષ જૂથ બનાવીને જે મહિલાઓ ૧ લાખ રૂપિયા સુધીનું ધિરાણ બેન્કોમાંથી મેળવશે, એનું પૂરેપૂરું વ્યાજ અમારી ભાજપની સરકાર મહિલાઓ વતી જેમ ખેડૂતો માટે અને બીજા ઘણા લોકો માટે અમે વ્યાજ ભરીએ છીએ, વિદ્યાર્થીઓ માટે વ્યાજ ભરીએ છીએ એમ હવે સખી મંડળની બહેનોને પણ વિના વ્યાજે એક લાખ રૂપિયા સુધીની સહાય, લોન અપાવીશું અને એનું વ્યાજ અમારી સરકાર ભરશે. આનો પણ કોઇ ઉલ્લેખ અહીંયાં થયો નથી, કેટલા બધા ઉલ્લેખો કર્યા પણ મને નથી લાગતું આનો કોઇ વિપક્ષના સભ્યશ્રીઓએ ઉલ્લેખ કર્યો હોય.

સ્વચ્છતા– ગામડાની વાત કરી. નાની વાત હતી સાહેબ. ગામડાની વસતિ દીઠ બે રૂપિયા આપતા હતા એના ચાર રૂપિયા કર્યા, આમાં પણ કોઇ બોલ્યું નહીં, જે રકમ આપીએ છીએ એમાં ટેક્સ જેટલો ઉઘરાવે એટલી સરકાર એમને મદદ કરે છે, એના અંગે પણ કોઇએ કોઇ વાત ન કરી. શ્રી પરેશભાઇએ બેસતા બેસતા આવાસની વાત કરી. પહેલાં તો ઇન્દિરા આવાસ કેવા બનતા હતા આપણને બધાને ખબર છે. પહેલાના જૂના મકાનો ખાસ કરીને ગરીબો અને આદિવાસીઓના બેસી જાય, પહેલાં વાંસના બનતા હતા, હોડીઓના બનતા હતા, એક ચોમાસું જાય એટલે લબડી પડે બીજા ચોમાસાએ ખોવાઇ જાય, એના બદલે પાકા આર.સી.સી.ના મકાનો આપવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને બે લાખ આવાસોનું કામ પૂરું કર્યું છે અને બાકીના આ વખતે પૂરા કરીશું. દરેક ગુજરાતી પાકા મકાનમાં રહે, સ્વચ્છ વિસ્તારમાં રહે, એના બાળકો અને માતા–પિતાને રાખી શકે એના માટે પણ અમે જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષમાંથી કોઇએ કહ્યું હતું કે નાની નગરપાલિકાઓને કોઇ મદદ નથી કરી, જેમ ભારત સરકારે સ્માર્ટ સીટીનું આયોજન કર્યું છે એમ આપણે હવે નાની નગરપાલિકાઓની પણ હરિફાઇ રાખીશું અને એમના માટે પણ સ્માર્ટ ટાઉન મિશન આ નાની નગરપાલિકાઓ સારી કામગીરી કરે એને આપણે ૧૦૦ કરોડ રૂપિયાના ઇનામ આપવાના છીએ, તો એની પણ વ્યવસ્થા આપણે કરી છે.

અમારો માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ એ જયારે વિભાગની ચર્ચા આવશે ત્યારે હું વિગતવાર વાત કરીશ. બધા જ મંત્રીશ્રીઓ વિગતવાર વાત કરશે, ફરીથી કહી દઉં કે વિપક્ષમાંથી જે આવ્યું છે એમાં કશું નોંધપાત્ર કે મારા ખુલાસા કરવા પડે, સ્પષ્ટતા કરવી પડે એવી કોઇ બાબત નોંધ ઉપર આવી નથી માટે અત્યારે હું મારું પ્રવચન અહીંયાં પૂર્ણ કરું છું અને બધા મંજૂર કરે તેવી વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મારે ધ્યાન દોરવું છે, આપે કહ્યું કે વિપક્ષે ધ્યાન દોર્યું નથી, કશું વાંચ્યું નથી એના ભાગરૂપે જ કહું છું આપને. સાહેબ, મારા પ્રવચનમાં જ મેં નાણાં મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું એમની જે બજેટની બુક છે, એ બુકની અંદર એસ.ટીના જે વિદ્યાર્થીઓ છે. એસ. ટી.ના જે વિદ્યાર્થીઓ છે એ છાત્રાલય અને આશ્રમશાળાઓમાં ભણે છે તેની નિભાવ ગ્રાન્ટ પણ રૂપિયા ૧૫૦૦માંથી રૂપિયા ૨૧૫૦નો વધારો કર્યો છે. એમાં એસ. સી. અને ઓ. બી. સી.ના છાત્રો છે અને એમની છાત્રાલયો અને આશ્રમશાળાઓ આવેલી છે. એમની નિભાવ ગ્રાન્ટમાં કોઇ વધારો કર્યો નથી એ માનનીય મંત્રીશ્રી મેં મારી સ્પીચમાં પણ કહ્યું છે અને આપનું ધ્યાન પણ દોર્યું છે એટલે હું અપેક્ષા રાખું છું કે વર્ષોથી સમાંતર ચાલતી આવેલી પ્રથા છે કે આ નિભાવ ગ્રાન્ટ છે એ એસ.ટી. ના ધોરણે એસ. સી. અને ઓ. બી. સી. ને મળે તેવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પૂરી થાય છે.

## અડધા કલાકની ચર્ચા (નિયમ–૯૨)

ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતીના પાકોમાં થયેલ નુકસાન અંગે તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૩૨૨૧ (અગ્રતાક્રમ–૩૩)ના લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મેં નિયમ ૯૨ નીચે અરધા કલાકની ચર્ચા માગેલી અને આપે તે મંજૂર કરેલી છે. તા.૨૬–૦૨–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૩૨૨૧ (અગ્રતાક્રમ–૩૩) ઉપર ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતીના પાકોમાં થયેલ નુકસાન અંગેના જવાબ ઉપરથી મેં મુદ્દા ઉપસ્થિત કરેલા. એમાં પહેલો મુદ્દો મારો હતો કે તા.૨૯–૧૦–૨૦૧૯થી તા.૩૧–૧૨–૨૦૧૯ દરમિયાન થયેલ કમોસમી વરસાદથી ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખેતીના કયા પાકોનું કેટલું નુકસાન થયેલ છે? બીજામાં જણાવેલું હતું કે ઉકત નુકસાન અન્વયે ઉકત તાલુકાવાર પાકવાર કેટલી રકમની સહાય રાજય સરકાર દ્વારા તા.૨૭–૦૨–૨૦૨૦ની સ્થિતિએ ચૂકવવામાં આવી? પાકવાર કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને ઉકત જિલ્લામાં પાકવાર તાલુકાવાર નુકસાનની સામે ખરેખર કેટલું નુકસાન થયું છે અને ઉકત બાકી રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે? આ મુદ્દાઓ મેં ઉપસ્થિત કરેલા અને આપે એમને મંજૂરી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે તે પ્રશ્નોમાં વધારાની માહિતી સરકાર તરફથી સાચી હકીકત ધારાસભ્યોને મળે એના માટે ધારાસભ્યો દ્વારા પ્રશ્ન પૂછવામાં આવતા હોય અને વિભાગ દ્વારા તૈયાર કરીને સરકારશ્રી એ લેખિતમાં જવાબ આપે છે અને જે અગ્રતાક્રમમાં આવે છે એ આપણા નિયમો પ્રમાણે ચર્ચામાં આવે છે અને

સરકાર તેનો જવાબ આપતી હોય છે. બાકીના લેખિતના જવાબમાં જે જવાબ આપવામાં આવે છે તે ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નો અને આપના દ્વારા મંજૂર કરવામાં આવેલા પ્રશ્નો અને મંજૂર કર્યા પછી વિભાગ દ્વારા જે જવાબો તૈયાર કરવામાં આવે તે ધારાસભયોએ જે પ્રશ્નો પૂછ્યા હોય તે પ્રમાણે તેના જવાબ આપવા જોઇએ. પરંતુ આમાં જે જવાબ આપવામાં આવ્યો છે એમાં વિભાગે, મંત્રીશ્રીએ લેખિત જવાબ આપ્યો છે પણ એ લેખિત જવાબની અંદર તાલુકાવાર અને તાલુકાવાર જે પાકો જે ખેડૂતોએ વાવ્યા છે એ પાકવાર કેટલું નુકસાન થયું છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી દ્વારા લેખિત જવાબની અંદર આપવામાં આવ્યો નથી. એટલે ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને કયા પાકોનું કેટલા હેકટરમાં કેટલું નુકસાન થયું છે તે રેકર્ડ ઉપર આવ્યું નથી અને એ માહિતી મળી નથી એટલા માટે મેં પ્રશ્ન ઉપસ્થિત કરેલો. પાકવારમાં પાકોની અંદર એવું છે કે રાજયમાં અલગ અલગ પાકોનું વાવેતર થતું હોય છે. એમાં ડાંગર છે, બાજરી છે, જુવાર છે, મકાઇ છે, ધાન, તુવેર, મગ, મઠ, અડદ, અન્ય કઠોળ, મગફળીમાં મગફળી તેલ, દિવેલા, સોયાબીન, કપાસ, તમાકુ, ગવાર, શાકભાજી, ઘાસચારો આમ જોવા જઇએ તો સમગ્ર રાજયની અંદર ૮૫૮૭૮૨૬ હેકટર જેટલું નુકસાન થવા જાય છે. એ નુકસાન પાકોનું વાવેતર થયા પછી કમોસમી વરસાદને કારણે આ ૮૫ લાખ હેકટરમાં જે વાવેતર કર્યું હતું તે બધા પાકોને નુકસાન થયું છે અને એ એ નુકસાનનો અંદાજિત આંકડો ગણવા જઇએ તો તેની પાછળ ખેડ, ખાતર, બિયારણ, દવા, લાઇટ, પાણી, મજૂરી આ બધું જો ગણવામાં આવે તો સરેરાશ લગભગ રૂપિયા ૨૫ હજાર કરોડ કરતા વધારે નુકસાનનો અંદાજ આવે છે. હમણાં પાછો તાજેતરમાં વરસાદ પડ્યો છે તો ખેડૂતોને ઉપરા ઉપરી માર પડે છે ત્યારે રાજય સરકારે જે ૩૭૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે એ પેકજ પૈકી ખેડૂતોને જનરલ જો ગણવા જઇએ તો એને પૂરી સહાય મળવી જોઇએ એ આજે પણ ચૂકવવામાં આવી નથી. એનો આંકડો બહુ ઓછો છે જયારે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો, માહિતી આપવામાં આવી ત્યારે રાજયના તમામ જિલ્લાની વાત નથી કરતો પણ હું માત્ર મારા ગીર સોમનાથની વાત કરું ત્યારે મારા જિલ્લાના છ તાલુકા આવેલા છે એમાં વેરાવળ તાલુકામાં ઓન લાઇન અરજી ૧૦૯૪૪ આવેલી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપે ચાર મિનિટ વકતવ્ય કર્યું છે એ ખરેખર ટૂંકું હોવું જોઇએ. હવે સીધા પ્રશ્ન ઉપર જ આવો. જે વિસંગતતા આવતી હોય એના ઉપર જ આવો. આની ગંભીરતાને લીધે જ મેં નિયમ-૯૨ નીચે દાખલ કરી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જી, બિલો બનાવ્યા ૯૩૦૫ અરજીના જયારે તા.૧૭-૨-૨૦ તારીખ સુધીમાં ૧૬૩૯ બાકી હતા. સુત્રાપાડામાં ઓન લાઇન અરજી ૧૦૬૩૭ થઇ હતી બિલો બનાવ્યા ૮૪૬૧, જયારે ૨૧૭૬ બાકી રહ્યા. કોડીનારની અંદર ૧૪૫૮૨ ઓન લાઇન અરજી થઇ બિલો બન્યા ૭૧૭૫ જયારે ૭૪૦૭ ખેડૂતો બાકી. ઉનાની અંદર ૧૫૨૫૪ ઓન લાઇન અરજી થઇ ૯૭૨૧ બિલો બનાવ્યા ૫૫૩૩ ખેડૂતો બાકી રહ્યા. ગીર ગઢડાની અંદર ૧૨૪૭૨ અરજીઓ થઇ એમાં ૧૨૦૧૫ના બિલો બનાવ્યા અને ૪૫૭ બાકી. તાલાળાની અંદર ૯૨૫૪ અરજી થઇ જેની સામે ૭૯૯૨ બિલો બનાવ્યા અને એમાં ૧૨૬૨ ખેડૂતો સહાય ચૂકવવાની બાકી છે. એટલે માનનીય મંત્રીશ્રીનો જવાબ છે એ આપના દ્વારા સરકારશ્રીને જણાવવામાં આવે કે જે પાકવાર જે નુકસાની થઇ છે એની મંત્રીશ્રી વિગત આપે અને જે ગીર સોમનાથ જિલ્લામાં જે ખેડૂતોની મેં વિગત આપી છે એ આજની તારીખે હવે કેટલાને ચૂકવાઇ ગયા છે અને કેટલાને હજી ચૂકવવાના બાકી છે અને જે બાકી છે એને કેટલા સમયની અંદર ચૂકવવામાં આવશે? હજી ગયા વર્ષના મગફળીના બિલો પણ બાકી છે, ગયા વર્ષના તુવેરની જે ખરીદી કરવામાં આવી છે તેના પૈસા પણ હજી બાકી છે અને સહાયના પણ બાકી છે. આ રકમ બાકી છે ત્યારે મેં જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે એના અનુસંધાને આજની સ્થિતિ જે છે એ અંગે મંત્રીશ્રી જણાવે અને હવે પછી આપના દ્વારા પ્રશ્ન મંજૂર કરવામાં આવે એનો લેખિતમાં સ્પષ્ટ અને વિગતવાર જવાબ આપવામાં આવે એવું આપના દ્વારા સરકારશ્રીને કહેવામાં આવે. આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી આર. સી. ફળદુ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇ વંશ નિયમ-૯૨ હેઠળ જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે અને એમાં એણે છણાવટપૂર્વક પેટા પ્રશ્નો ઉભા કર્યા હતા એની પણ વાત કરી અને કેટલાક સરકારવતી જવાબ પણ આપી દીધા છે એટલે મારા માટે ઘણું હળવું પણ કરી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર આ વર્ષે વરસાદ ખૂબ સારો થયો અને ચારેય રિજિયનમાં સારી મોલાત હતી. પાક તૈયારી ઉપર હતો અને કમોસમી વરસાદ થયો. થોડે અંશે સમગ્ર રાજયમાં નુકસાન હતું એને ઘ્યાનમાં લઇને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના વડપણ હેઠળ આ બાબતે ખૂબ ચર્ચા થઇ અને પ્રથમ આના અંદાજે નુકસાન આવતા હતા એ પ્રમાણે જે અંદાજો આવ્યા એ પ્રમાણે નાયબ મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ ફરી બેઠક થઇ અને મુખ્યમંત્રીશ્રીના ઘ્યાને મૂકયું ત્યારે નાણામંત્રીશ્રીએ પ્રેસના માઘ્યમથી સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે ૭૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર થયું પરંતુ જેમ જેમ સરવેની કામગીરી આગળ વધતી ગઇ. તેમ તેમ ગુજરાતના સમગ્ર વિસ્તારની અંદર કમોસમી વરસાદની થોડે ઘણે અંશ અસર તો હતી જ અને એવું લાગ્યું કે, ખરેખર નુકસાન વધારે છે અને સરકારે મોટું મન રાખવું પડશે. આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં બેઠક થઇ અને તા.૧૫-૧૦-૨૦૧૯થી તા.૨૦-૧૧-૨૦૧૯ દરમિયાન જે કમોસમી વરસાદ પડ્યો અને આમાં ગુજરાતના ઇતિહાસમાં ક્યારેય ખેડૂતોને નુકસાની થઇ હોય અને આટલી મોટી રકમ સહાયતા સ્વરૂપે આપવી એવું રાહત પેકેજ ગુજરાતના ઇતિહાસમાં ક્યારેય જાહેર નહતું થયું એવડું મોટું, ગુજરાતના

૫૬,૩૨,૦૦૦ ખેડૂત ખાતેદારોને સીધી રીતે સ્પર્શ કરે, રાજ્ય સરકાર અને ભારત સરકારના એસ.ડી.આર.એફ.ના ફંડ હેઠળ આવડી મોટી ૩,૭૯૫ કરોડ રૂપિયાની સહાયતા પ્રાપ્ત થાય, એવો ઐતિહાસિક નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં લેવાયો. એ માટે હું ફરી એક વખત બન્ને નેતાઓને ગુજરાતના ૫૬ લાખ ખેડૂતો વતી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં કેટલીક સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે. આ જે પેકેજ જાહેર કર્યું એ રાજ્યના ૧૨૫ તાલુકાઓ એવા હતા કે, જેમાં એક ઇંચથી વધારે વરસાદ પડ્યો હોય એવા ૧૨૫ તાલુકાના ખેડૂતોને પ્રતિ હેક્ટર ૬,૮૦૦ રૂપિયા લેખે બે હેક્ટરની મર્યાદામાં સહાયતા કરવી એવો ઠરાવમાં નિર્ણય કર્યો. ત્યાર પછી આગળ વધીએ તો ૪૨ તાલુકા એવા હતા કે જેની અંદર એક ઇંચથી વધુ વરસાદ થયો હોય એવા તાલુકાઓના મામલતદાર કચેરીના જે વરસાદ માપક યંત્રની અંદર નોંધણી થઇ હોય એવા ગામો જે ૪૨ તાલુકાઓના ગામો જેને ૬,૮૦૦ રૂપિયા લેખે બે હેક્ટરની મર્યાદામાં સહાયતા આપવાનું નક્કી થયું. એ ૪૨ તાલુકાઓમાં એવા પણ ગામો હતા કે જેમાં એક ઇંચથી ઓછો વરસાદ થયો હોય એને ૪,૦૦૦ રૂપિયા સહાયતા આપવી એવો નિર્ણય થયો. એવા ૮૧ તાલુકાઓ હતા, રાજ્યની અંદર કે જેમાં એક ઇંચથી ઓછો વરસાદ થયો હોય એમને પણ ૪,૦૦૦ રૂપિયા સહાયતા તરીકે આપવા. આમ, ગુજરાત રાજ્યના ૨૫૧ તાલુકાઓમાંથી ૨૪૮ તાલુકાઓમાં આ ૩,૭૯૫ કરોડ રૂપિયાનું ખૂબ મોટુ પેકેજ જાહેર કરીને, મને કહેતાં આનંદ થાય છે કે આ જ્યારે જાહેરાત કરી એના માત્ર ત્રણ દિવસની અંદર એનું પોર્ટલ ઉભું કરી દેવામાં આવ્યું અને એ પોર્ટલ કાર્યાન્વિત કરવા માટે એ જ દિવસે કામગીરી શરૂ કરી દીધી અને જોત જોતામાં આ રાજ્યની અંદર ચારેય બાજુથી ખેડૂતો આ સહાયતા મેળવવા માટે અરજીઓ કરવા લાગ્યા. આ અરજીઓ છે એ દરેક ગ્રામ પંચાયત કચેરી ઉપર સીધી આપવાની હતી અને ત્યાં આગળ આપણો જે કમ્પ્યુટર ઓપરેટર હોય છે એના મારફતે ઓન–લાઇન રજિસ્ટ્રેશન થવા લાગી અને માનનીય પુંજાભાઇ જે વાત કરતા હતા કે, આ પેકેજ છે, એમાં પાકવાર સહાયતા આપવાનું પેકેજ નથી, આ વરસાદ આધારિત આ સહાયતાનું પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું અને પાકવાર તો જ્યારે છાશવારે ક્યાંય વરસાદ, ઓછા વિસ્તારની અંદર પડ્યો હોય ત્યારે પાકવાર, બધી જ સરવેની, મોજણીની કામગીરી કરવામાં આવતી હોય. સમગ્ર રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં જ્યારે નુકસાન થયું હોય એવા વખતે આવું એકે–એક પાકવાર, એક–એક ગામ વાર, એક–એક ખેડૂત વાર સરવે કરવું અસંભવિત હોય છે. અને માટે બહુ વ્યાપક વિચારણાના અંતે આ રાજ્યની અંદર પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકારે ઠરાવ એવો કર્યો કે જેમાં વરસાદ આધારે નિર્ણય કરવાનો. એક ઇંચથી ઓછો વરસાદ અને એક ઇંચથી વધુ વરસાદ, એમ જુદું પાડવામાં આવ્યું. એના આધારે તાલુકા નક્કી થયા, એના આધારે જિલ્લાઓ નક્કી થયા અને એ રીતે સમગ્ર રાજ્યની અંદર ૨૪૮ તાલુકાઓમાં આ રાહતનું પેકેજ જાહેર થયું. આ પેકેજ વરસાદના આંકડા આધારિત જાહેર કરવામાં આવ્યું હતું અને જેમાં ખેડૂતો માટે પેકેજ જાહેર કરેલ છે, તેમજ કોઇ પાક મુજબ સહાયના ધોરણો લાગુ કરવામાં આવેલ નથી. તમામ પાક માટે સહાયના સમાન ધોરણો લાગુ પાડવામાં આવેલ છે અને આ તમામ પાકને આ પેકેજની અંદર આવરી લીધા છે અને આ તમામ પાકને આ પેકેજની અંદર આવરી લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇનો બીજો પ્રશ્ન હતો તેનો પણ જવાબ આપી દઉં. તેમનો બે જિલ્લાને લગતો પ્રશ્ન હતો. તેમ છતાં ગીર સોમનાથનું પૂછ્યું છે. ગીર સોમનાથમાં મગફળી, કપાસ, બાજરી અને બીજા અન્ય નાના નાના એવા પાકો ખૂબ જ હોય જે થોડા પ્રમાણમાં વાવેતર થતાં હોય એવા પાકોની અંદર ગીર ગઢડા તાલુકાની અંદર ૨૧,૬૫૧ ખેડૂતોએ અરજીઓ કરેલી હતી. તેમાં ૮–૩ સુધીમાં ૪.૮૧ કરોડ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. હવે સહાય ચૂકવવા માટે માત્ર ૧૦ લાખ રૂપિયા બાકી રહે છે. એ જ રીતે કોડીનાર તાલુકામાં મગફળી, કપાસ, બાજરી મુખ્ય પાક હતા. ૨૩,૩૦૬ ખેડૂતોએ અરજી કરી હતી. ૮–૩ની સ્થિતિએ ૧૦ કરોડ અને ૭૮ લાખ રૂપિયા ચૂકવાઇ ગયા છે. ૧ કરોડ અને ૭૨ લાખ રૂપિયા ચૂકવવાના બાકી છે. એ પ્રમાણે વેરાવળ તાલુકામાં મગફળી મુખ્ય પાક હતો. ૧૭,૪૭૧ હેક્ટર વિસ્તારની અંદર નુકસાન થયું હતું. ૮૪૯ લાખ રૂપિયા ચૂકવાઇ ગયા છે. માત્ર ૯૯ લાખ રૂપિયા બાકી છે. સુત્રાપાડા તાલુકામાં મુખ્ય પાક મગફળી હતો અને ૧૬,૦૧૧ હેક્ટર વિસ્તારની અંદર નુકસાન હતું. ૬ કરોડ અને ૭૫ લાખ રૂપિયા ચૂકવાઇ ગયા છે. ૧.૪૭ લાખ રૂપિયા બાકી છે. તલાલા તાલુકાની અંદર મગફળી, સોયાબીન, શેરડી, જુવાર, બાજરી મુખ્ય પાક હતા. જેમાં ૧૬,૧૦૭ હેક્ટર વિસ્તારમાં નુકસાન થયું હતું. જેમાં ૭ કરોડ અને ૩ લાખ રૂપિયાનું ચૂકવણું થઇ ગયું છે. માત્ર ૧૫ લાખ રૂપિયા બાકી છે. ઉના તાલુકામાં મગફળી, કપાસ, જુવાર મુખ્ય પાક છે. જેમાં ૨૪,૬૫૭ હેક્ટર વિસ્તારમાં નુકસાન થયું હતું. જેની અંદર ૮ તારીખ સુધીમાં ૧૨ કરોડ અને ૩૨ લાખ રૂપિયા ચૂકવાઇ ગયા છે. માત્ર ૧ કરોડ ૧૭ લાખ રૂપિયા બાકી છે. આમ કુલ ૧,૧૯,૨૦૩ હેક્ટર વિસ્તારમાં નુકસાનની સામે ૫૦ કરોડ અને ૧૮ લાખ રૂપિયા ૮–૩ની સ્થિતિએ ચૂકવાઇ ગયા છે. માત્ર ૫ કરોડ અને ૬૦ લાખ રૂપિયા જેવી રકમ બાકી છે. જે ચૂકવવાની પ્રક્રિયા આજની તારીખે ચાલુ છે. આ બધા ખેડૂતોની જે અરજીઓ આવેલી હોય છે તેની ચકાસણીની પ્રક્રિયા ચાલતી હોય છે. ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થયે બધા જ ખેડૂતોના ખાતામાં નાણાં જમા કરવામાં આવતા હોય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ જે હતો કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વરસાદના આંકડા આધારિત પેકેજ જાહેર કર્યું છે. પાકવાર નથી કર્યું, બરાબર છે. ખેડૂતોએ અલગ અલગ પાકો વાવ્યા છે અને આપણે સરકારની

એજન્સી દ્વારા કે સરકારની મશીનરી દ્વારા સરવે નથી કર્યું. ખાનગી કંપનીઓ દ્વારા સરવે કરાવડાવ્યું છે. આ ખાનગી કંપનીઓને ૧૦ કરોડ રૂપિયા કરતા વધારે રકમ આપણે આપી છે. તો ખાનગી કંપનીઓને આટલા પૈસા ખર્ચ કર્યા પછી પાકવાર માહિતી મળવી જ જોઇએ અને એમાં સરકારે મેળવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આમાં જે પૂછવામાં આવ્યું છે તેમાં એવો પ્રશ્ન નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જે પૂછ્યો હતો, પાકવાર કેટલું નુકસાન થયું છે તે માહિતી માગી હતી. એટલે પ્રશ્ન ઉપસ્થિત કર્યો. ન હોય તો સરકારે ભવિષ્યમાં આવું કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, મારી સ્પષ્ટ વાત કે જેમાં જે પ્રશ્નો છે એનો ખુલાસો આજે મંત્રીશ્રીએ કર્યો છે. હવે એમાં પેટા પ્રશ્નો હમણાં નહીં પૂછવા દઉં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સાહેબ, ખાનગી કંપનીને પૈસા ચૂકવ્યા છે.

અધ્યક્ષશ્રી : એ જે હશે તે. અત્યારે એ વિષય નથી. શ્રી દેવાભાઇ, આપને શું કહેવું છે**?**

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૯માં કમોસમી વરસાદ અન્વયે ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતને કેટલી રકમનું કૃષિ ધિરાણ પેકેજ મંજૂર કરી ચૂકવવામાં આવેલ છે**?**

અધ્યક્ષશ્રી : આ તાલુકાવાર લાંબું લિસ્ટ હોય તો અહીં આપી દેજો. લાંબું લિસ્ટ છે**?** કુલ કહી દો. ચાલશે.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ જિલ્લાની અંદર ૧,૧૯,૬૮૧ ખાતેદાર ખેડૂત છે. જેમાંથી ૧,૧૯,૨૦૩ હેક્ટર વિસ્તારમાં નુકસાન થયું હતું. ૭૩૩૯૭ ખેડૂતોએ અરજીઓ કરેલ હતી અને એમાંથી ૭૨૨૯૧ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને તા.૮-૩ની સ્થિતિએ ૬૩૧૨૧ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તા.૮-૩ની સ્થિતિએ ૫૦ કરોડ અને ૧૮ લાખ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. માત્ર ૯૧૭૦ અરજીઓ જ બાકી છે જેની રકમ ૫ કરોડ અને ૬૦ લાખ રૂપિયા જેટલી થવા જાય છે. ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થયે આ બધા જ તાલુકા, ગીર સોમનાથ જિલ્લાના છ એ છ તાલુકામાં ચૂકવાઇ જશે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ જ નક્કી કર્યુ કે ખેડૂતોને નુકસાન થયેલું છે એ તો સરકારે જ નક્કી કર્યુ તો પાક વીમો આપવા માગે છે કે કેમ? પાક વીમા કંપનીઓ પાસેથી આ વીમો અપાવવા માગે છે કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા બાબતે ઘણું બધું બોલી શકાય એમ છે પણ સ્કોપની બહાર જાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ માનનીય સભ્યશ્રી જે ચર્ચા લઇને આવ્યા એનો હેતુ ગયા ખરીફ વર્ષ ૨૦૧૯માં રાજય સરકારે સ્વીકાર્યા મુજબના આકડાઓ કુલ ૮૭ લાખ હેકટરના કુલ વાવેતર પૈકી ૬૭ લાખ હેકટરની અંદર નુકસાન થયું છે એવું સરકારે સ્વીકાર્યું છે. સરકારના આંકડા મુજબ ૨૫૧ પૈકી ૧૭૨ તાલુકાઓમાં સરેરાશ કરતા ૨૦ ટકા વધુ, ૪૦ ટકા વધુ અને ૨૫૦ ટકા કરતા વધુના પણ ત્રણ તાલુકાઓ છે. એટલે સરકારે એ પણ સ્વીકાર્યું છે કે એસ.ડી.આર.એફ.ના ધારાધોરણ મુજબ ૧૭૨ તાલુકામાં પાક નુકસાનનું વળતર મેળવવા માટે ખેડૂત છે એ હકદાર છે. અત્યારે મારો પ્રશ્ન માત્ર એટલો છે કે સરકાર પાસે આંકડા છે કે ૬૭ લાખ હેકટરમાં નુકસાન થયું છે, કયા પાકોમાં નુકસાન થયું, કયા ખેડૂતોને નુકસાન થયું છે? પછી ખેડૂત ફરીયાદ કરવા આવે, અરજી કરે, ઓનલાઇન એપ્લીકેશન કરે પછી જ વળતર ચૂકવવું. આ માનસિકતામાંથી બહાર નીકળીને અસરગ્રસ્ત વિસ્તારના તમામ ખેડૂતોને આપણે પાક નુકસાનીનું ચૂકવણીનું વળતર ચૂકવવા માગીએ છીએ કે કેમ આ મારો સીધો સવાલ છે. ૧૭૨ તાલુકામાં એસ.ડી.આર.એફ.ના ધારાધોરણ કરતા વધુ વરસાદના આંકડાઓ આપણી પાસે ઉપલબ્ધ છે એટલે નુકસાન થયું છે એ તાલુકાના બધા જ ખેડૂતો અસરગ્રસ્ત છે. તો એને વગર અરજીએ બધા જ ખેડૂતોને આપણે વળતર ચૂકવવા માગીએ છીએ કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખાએ પેકેજમાં ૯૦ ટકા સુધી તો ચૂકવણું પૂરું થઇ ગયું છે. હવે માત્ર ૫-૭ ટકા જ બાકી રહ્યું છે. અરજીઓ કરી જ નથી એનો તો કયાં પ્રશ્ન છે? જે ખેડૂતે અરજી કરી છે, ઓનલાઇન

રજીસ્ટ્રેશન થયું છે એ બધી જ અરજીઓની ચકાસણી થઇ છે. જે અરજીઓની ચકાસણી થઇ ગઇ છે એ બધા જ ખેડૂતોના ખાતામાં મળવાપાત્ર રકમ જમા કરી દીધી છે. આ પેકેજમાં જે પ્રકારની જોગવાઇઓ કરવામાં આવી છે એ પ્રમાણે એક પણ ખેડૂતને એક પણ પૈસાની નુકસાની કરી નથી. (અંતરાય)

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને કેટલું કૃષિ સહાય પેકેજ ચૂકવવામાં આવ્યું?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન પૂછયો છે. એમનો પણ શ્રી દેવાભાઇ માલમની જેમ જ પ્રશ્ન હતો. ગાંધીનગર જિલ્લાના એમના જે તાલુકાઓ છે, ગાંધીનગર જિલ્લામાં ૪ જે તાલુકા છે. હું સંપૂર્ણ જવાબદારી સાથે મારા પોર્ટફોલિયોની ચિંતા કરું છું. ગાંધીનગર જિલ્લાના ૪ તાલુકામાં નુકસાન હતું. અહીંયા જે ખાતેદાર ખેડૂતો છે એ ૧ લાખ ૪૪ હજાર ૨૫૬ છે. ૨૯૪ ગામો છે પેટા પરા જુદા. પરંતુ એની અંદર ૬૬,૯૭૬ ખેડૂતોએ સહાયતા માટે અરજી કરી હતી. દરેક તાલુકાનું કહેતો નથી પણ સરવાળો આપું છું. ૬૬,૭૫૮ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાંથી આજની સ્થિતિએ ૫૭,૭૭૭ ખેડૂતોને નાણાં ચૂકવાઇ ગયા છે. રકમ રૂપિયા ૩૨ કરોડ ૩૮ લાખ થાય છે. હવે ૮૯૮૧ ખેડૂતો બાકી છે જે ચકાસણી પૂર્ણ થયે ૫ કરોડ ૧૩ લાખ રૂપિયા ચૂકવાઇ જશે.

## અધ્યક્ષશ્રીની ટકોર

## પૂછાયેલા પ્રશ્નોના યોગ્ય જવાબ આપવા અંગે

અધ્યક્ષશ્રી : જે પ્રશ્નો પૂછાય છે તેનો જવાબ તે જ રીતે આપવો જોઇએ. હું આ વાતને ગંભીરતાપૂર્વક લઉં છું. વિભાગો સતર્ક રહેવા જ જોઇએ. વિધાનસભામાં જે પ્રશ્નોના જવાબ પૂછાયા હોય તેના તેવા જ જવાબો આપવા જોઇએ, જે હમણાં અપાયા. હું આથી આ જવાબો સંબંધે એવું માનું છું કે ગૃહની અંદર જે પ્રશ્ન પૂછાયો હોય એનો જવાબ જો ન આપીએ તો એ ગૃહનું અપમાન છે. જવાબદાર અધિકારી સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી કરવી જોઇએ કે કેમ એ હું ગંભીરતાથી વિચારીશ. જેથી ભવિષ્યમાં આવી ક્ષતિ નિવારી શકાય. જે તે વિભાગ ગંભીરતાથી જવાબ આપવા માટે જવાબદાર રહે. (અંતરાય)એમાં પાટલી થપથપાવવાની કોઇ જરૂરિયાત નથી. આમાં કોઇ જીત કે હાર નથી. આમાં વિભાગની ગંભીરતા વધારવાનો પ્રશ્ન છે. નિયમ–૯૨ની એટલે જ મેં પરમિશન આપેલી. અરધા કલાકની ચર્ચા અહીં પૂરી થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

## ગુરુવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

## ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

## સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું

## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના અન્વયે રસ્તાઓના કામો

*૨૬૩૮૨ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના અન્વયે કેટલા રસ્તાઓને મંજૂર કરવામાં આવ્યા,<br>(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓનું કામ પૂર્ણ થયું,<br>(૩)ક્યા રસ્તાઓનું કામ અધુરું છે, અને<br>(૪)ઉક્ત અધુરું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૧), (૨), (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કરવાપાત્ર તમામ કામો મંજૂર થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી સડક ગ્રામ યોજના હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, કેટલા રસ્તાઓ કઇ તારીખે પૂર્ણ કરવામાં આવ્યા, આ યોજના હેઠળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? સાથે સાથે આણંદ જિલ્લા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી તથા નબળી કામગીરી વાળા રસ્તાઓ બન્યા છે તેના માટે સરકારે શું કાર્યવાહી કરી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને ખૂબ આનંદ છે કે અમારા પક્ષના નેતા પૂર્વ સ્વર્ગસ્થ વડાપ્રધાન માનનીય અટલ બિહારી બાજપાઇજી જયારે વડાપ્રધાન હતા ત્યારે આખા દેશને રસ્તાઓના નેટવર્કથી જોડવા માટે માનનીય બાજપાઇજીના શાસનકાળ દરમિયાન એટલે કે એન.ડી.એ.ની સરકાર દરમિયાન બે અગત્યની યોજનાઓ આખા દેશ માટે સ્વ.બાજપાઇજીએ શરૂ કરેલી. એ પૈકીની ગામડાંને પાકા રસ્તાથી જોડતી નાના પરા હોય, ઓછી વસતિવાળા ગામ હોય, ડામરના રસ્તા ન બન્યા હોય એવા સામાન્ય વસતિ એટલે કે જનરલ વસતિ જયાં રહેતી હોય એવી ૫૦૦થી વધુ વસતિ ધરાવતા ગામડાં અને આદિવાસી વસતિ ધરાવતા ૨૫૦થી ઓછી વસતિવાળા ગામડાં એ બન્નેને અને પરાંઓને પાકા રસ્તાથી જોડવા આખા દેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની સ્વ.બાજપાઇજીએ શરૂઆત કરાવી. મને વિશેષ આનંદ એ પણ છે કે આ યોજનાની શુભ શરૂઆત અમદાવાદના ટાઉન હોલમાં વર્ષ ૧૯૯૮માં શ્રી લાલકૃષ્ણ અડવાણીજી ગૃહ મંત્રી હતા એ વખતે એમના શુભ હસ્તે થઇ અને મને એ પણ બીજું સદભાગ્ય મળ્યું હતું કે તે વખતે પણ હું માર્ગ અને મકાન મંત્રી હતો અને અમદાવાદના ટાઉન હોલમાં આખા દેશની આ યોજનાનો ગુજરાતમાંથી શુભારંભ કરેલો.

બીજી યોજના સ્વ.બાજપાઇજીએ જે બનાવી Golden quadrilateral એટલે કે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ આખા ભારતને જોડવા માટે મોટા હાઇવે, ફોર લેન્ડ, સીકસ લેન, ફલાઇ ઓવર, રેલવેના ઓવર બ્રિજ, આપણે જોઇએ છીએ અત્યારે એ બધું બની ચૂકયું છે. આખા દેશને જોડવાની આ બે યોજના, એક ગરીબોના ગામડાંને જોડવાની, ખેડૂતોના ગામડાંને જોડવાની અને દેશને જોડવાની યોજના સ્વ.બાજપાઇજીએ શરૂ કરેલી અને એ યોજનાને ઘણા વર્ષો થઇ ચૂકયા છે. તેના બે તબક્કા પણ અત્યાર સુધી પૂર્ણ થઇ ચૂકયા છે. એટલે અત્યારે તો એ યોજના પૂરેપૂરી પહેલો અને બીજો તબક્કો એ આપણે પૂર્ણ કરી ચૂકયા છીએ. માનનીય કાંતિભાઇએ જે પ્રશ્ન પૂછયો છે, એ વખતે આણંદ જિલ્લામાં ૧૯૭ પરાંને જોડવામાં આવેલા. જેની લંબાઇ ૩૭૯ કિલોમીટર હતી અને તે વખતે ૭૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલો. એ પછી તો ઘણું ઘણું કામ ભારત સરકારના સહયોગથી ગુજરાત સરકારે પૂર્ણ કર્યું અને હવે તો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ત્રીજો તબક્કો એનો લોંચ કર્યો છે. એ ત્રીજા તબક્કામાં આપણે પ્રવેશ કર્યો છે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે આપણે ગુજરાતના તમામ ગામડાંઓને, એકે એકને પાકા રસ્તાથી જોડી દીધા છે. પરાંઓને જોડી દીધા છે. કોઇ વન વિભાગના નાના મોટા પ્રશ્નો હોય કે બીજી કોર્ટ કચેરી કે કાયદાનો પ્રશ્ન હોય એ જ બાકી છે એ સિવાયના બાકીના જોડી દીધા છે. ત્યાર પછી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો બીજો તબક્કો પૂર્ણ કરવામાં આવ્યો છે અને હવે ત્રીજા તબક્કાની જાહેરાત વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૦થી કરી દીધી છે એનો આપણે લાભ લઇશું. એટલે હું સભાગૃહને ખૂબ આનંદથી કહીશ કે આપણા ગુજરાતમાં બધી જગ્યાએ પ્રધાનમંત્રી

ગ્રામ સડક યોજનાનો પૂરેપૂરો લાભ લીધો છે અને ત્રીજા તબક્કાની યોજનાનો આપણે સંપૂર્ણ લાભ લઇશું અને એમાં આખા ગુજરાતને કવર કરીશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજયમાં પીએમજીએસવાય તળે કેટલી લંબાઇના કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા અને એમાંથી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા? ઉકત કામો પૈકી કેટલા રસ્તાઓ પહોળા કરવાની મંજૂરી મેળવવામાં આવી તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે આણંદ જિલ્લામાં આ યોજના નીચે કેટલા કિલોમીટરના રસ્તા બન્યા અને કેટલા કામો હાથ ઉપર લેવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, આપે જે પ્રશ્નો પૂછ્યા એમાં પાંચ પ્રશ્નોનો સમાવેશ થઇ જાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ફરીથી કહું કે પહેલો તબક્કો આપણે પૂર્ણ કરી દીધો છે ત્યારબાદ બીજો તબક્કો પણ પૂર્ણ કરી દીધો અને હવે ત્રીજા તબક્કામાં કામ કરીશું. આમાં ગુજરાત માટે જરૂર એ હતી કે ગુજરાત સરકારે, ભારત સરકારે આ યોજના અમલમાં મૂકી એ પહેલા ઘણા બધા રસ્તાઓ કરી દીધા હતા. જયારે દેશના બીજા રાજયો છે ત્યાં મોટા પ્રમાણમાં રસ્તાઓના કામ બાકી હતા તેથી તેઓએ આ યોજનાનો ભરપૂર લાભ લીધો છે એમાં કરોડોનું બજેટ થાય છે. આપણે આપણા બજેટ દ્વારા કામ કરી ચૂકયા હતા એટલે ગુજરાત સરકાર તરફથી કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવી કે અમે અમારા ખર્ચે રસ્તાઓ કરી દીધા છે એટલે એમાં કંઇક ઉમેરો કરો. ભારત સરકારે ઉમેરો કરીને રસ્તાઓ પહોળા કરવા તથા અગાઉ થયેલા રસ્તાની મરામત કરવી આ બે બાબતો જોડી દીધી હતી. એટલે આપણે એ કામો પણ પૂર્ણ કરી દીધા છે. હવે ત્રીજા તબક્કો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ તાજેતરમાં જાહેર કર્યો છે એને આપણે અમલમાં મૂક્યો છે.

માનનીય સભ્યશ્રી મહેશભાઇનો પ્રશ્ન છે જૂની યોજનાનું છે એમાં આખા ગુજરાતનું પૂછ્યું છે. આખા ગુજરાતમાં ૪૪૧૦ કામો આપણે મંજૂર કર્યા હતા અને એ ૪૪૧૦ કામો હતા એ જે તે વખતે પૂર્ણ કરી દીધા છે. એવી જ રીતે આણંદ જિલ્લાનું પૂછ્યું છે તો તેમાં ૧૧૮૦ કિલોમીટર લંબાઇના ૧૦૯ કામો મંજૂર કરવામાં આવ્યા હતા અને એ બધા જ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. એટલે સો ટકા લક્ષ્યાંક આપણે ફેઇઝ–૧ અને ૨ ના પૂર્ણ કરી ચૂકયા છીએ. હવે ફેઇઝ–૩ તરફ જઇ રહ્યા છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના સ્વ.બાજપાઇજી વખતે ચાલુ થઇ હતી અને એટલા માટે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની સરકાર આવી ત્યારે પણ આ યોજના ચાલુ રાખીને ખૂબ મોટા પ્રમાણમાં બજેટની ફાળવણી કરવામાં આવી હતી. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ યોજનામાં ૫૦૦ની વસતિ અને ૫૦૦થી નીચેની વસતિનો સમાવેશ કરવા માટેની ગાઇડ લાઇન બની હતી, એમાં એનો સરવે થયો હતો, એનું વેઇટીંગ લિસ્ટ પણ બન્યું હતું, પરંતુ એ પછી માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી એટલે એમણે એ ગાઇડ લાઇન બદલી છે. જે પહેલા બાકી હતા એ આજે પણ બાકી રહ્યા છે. હવે ચાલુ રસ્તાને પહોળા કરવાનું કામ હાથ ઉપર લીધું છે. પરંતુ જે પહેલાની ગાઇડ લાઇન અને એ મુજબ સરવે કરવામાં આવ્યો હતો એમાં પરાઓનો પણ આ યોજના નીચે લાભ મળવાનો હતો એ વિસ્તારના લોકો છેલ્લા દસ વર્ષથી રાહ જોઇને બેઠા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇને હું સ્પષ્ટતા કરું કે, ભારત સરકારની યોજનાની જે ગાઇડ લાઇન હતી એ પ્રમાણે પહેલા ફક્ત ડામર રોડથી જોડવાનો ફેઝ–વન હતો. એ આપણે પૂરો કરી દીધો. પછી વસ્તી, એમાં પણ મેં કહ્યું એમ નોર્મલ વિસ્તાર હોય તો ૫૦૦ની ઉપર વસ્તી ધરાવતા પરાઓને જોડવાના હતા. આદિવાસી વિસ્તાર હોય તો ૫૦૦થી ૨૫૦ની વચ્ચેના પરાઓને જોડવાના હતા. એટલે ૨૫૦થી ઉપર અને ૫૦૦ સુધીમાં આદિવાસી વિસ્તાર, ૫૦૦થી ઉપર નોર્મલ વિસ્તાર એ બંને લક્ષ્યાંકો આપણે પૂર્ણ કરી દીધા છે. હવે આપ જે કહો છો કે, એનાથી ઓછી વસ્તી ધરાવતા હોય (અંતરાય) ૨૫૦થી ૫૦૦ નોર્મલ વિસ્તારમાં એ આવતા હોય એની ગાઇડ લાઇન નહતી. ૨૫૦થી ૫૦૦માં ફક્ત આદિવાસી ગામડાઓ, આપણે બધા જાણીએ છીએ કે, આદિવાસીઓ છૂટાછવાયા રહેતા હોય, ડુંગરોમાં રહેતા હોય એટલે એમના મોટા ગામો ન હોય. એટલે એમને વિશેષ લાભ આપવા આદિવાસી વિસ્તારોને પણ ઇન્ફ્રાસ્ટ્રકચર, રોડ–રસ્તાનો લાભ મળે એટલા માટે ભારત સરકારે એની વસ્તી ૫૦૦થી ૨૫૦ સુધીની રાખી છે એ આપણે પૂર્ણ કર્યું છે.

એમનો ત્રીજો પ્રશ્ન, એ પણ અગત્યનો છે. આપણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ગુજરાતમાં વર્ષ ૨૦૧૬માં શરૂ કરી. એમાં ધારાસભ્ય પોતે પ્લાન અથવા નોન–પ્લાન જે રસ્તાનો જોબ નંબર પ્રાયોરિટીમાં માગે તે પ્રમાણે આપણે આપીએ છીએ. મોટા ભાગના ધારાસભ્યો, સ્વાભાવિક છે કે, મોટી વસ્તી ધરાવતા ગામોને જોડવાનું પસંદ કરતા હોય છે. એટલે નાના ને જોડવાનું પસંદ કરે તો આપણે કરતા હોઇએ છીએ અને અમારું તો લક્ષ્ય છે કે, જ્યાં વસ્તી હોય, વસ્તીની મર્યાદા હજી નક્કી નથી કરી, ત્યાં પાકા રસ્તાઓની લીંક જોડાણ બધાને આપવું એ તરફ પણ અમે જઇ રહ્યા છીએ. એટલે ૨૫૦થી ઓછી આદિવાસી વસ્તી ધરાવતા ગામો અને ૫૦૦થી ઓછી નોર્મલ વસ્તી ધરાવતા ગામોને પણ જોડવાનું આપણે આયોજન કરી રહ્યા છીએ.

## જૂનાગઢ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

*૨૫૫૦૬ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અગ્રતાના ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટેની યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૮૬ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૨૬૪.૫૬ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો હું માનનીય મંત્રીશ્રીને અને સમગ્ર સરકારને અભિનંદન આપીશ કે, છેલ્લા સત્તર-સત્તર, અઢાર-અઢાર વર્ષોથી સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જે વીજ બેક લોડનો ખેંચાતો આવતો હતો એ લગભગ આજે ઝીરો તરફ આગળ વધી રહ્યા છીએ. કેટલાક તાલુકાઓમાં આજે અરજી કરો અને પંદર દિવસમાં કનેકશન મળે, એના માટે અભિનંદન.

બીજો પ્રશ્ન એ છે કે, જે મને જવાબ આપ્યો જૂનાગઢ જિલ્લાનો એમાં કેશોદ અને માણાવદર તાલુકામાં આ યોજના નીચે કેટલા કનેકશનો આપ્યા અને એમાં કેટલો ખર્ચ થયો ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેશોદની અંદર વર્ષ ૨૦૧૮માં ચોસઠ આપ્યા અને કોઇ પણ કનેકશન વર્ષ ૨૦૧૯માં માગવામાં આવ્યું નહતું એટલે વીજ કનેકશન પેન્ડિંગ નથી. માણાવદરમાં વર્ષ ૨૦૧૮માં વીસ કનેકશન આપ્યા, વર્ષ૨૦૧૯માં આઠ કનેકશન આપ્યા એટલે કુલ અઠ્ઠયાવીસ કનેકશનો આપવામાં આવ્યા અને ઓગણચાળીસ લાખ રૂપિયાનો ખર્ચો માણાવદરમાં થયો હતો અને ત્રાંણું લાખ રૂપિયાનો ખર્ચો કેશોદમાં થયો હતો.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુલ કેટલી અરજીઓ આવી અને પેન્ડિંગ કેટલી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં એક પણ અરજીઓ પેન્ડિંગ નથી. પાંચ પેન્ડિંગ હતી એ પાંચે-પાંચને કનેકશન અપાઇ ગયા છે એટલે આજની તારીખમાં આખા જિલ્લામાં કોઇ અરજીઓ પેન્ડિંગ નથી.

**અમદાવાદ અને નર્મદા જિલ્લામાં બાલસખા યોજના**

*૨૬૩૧૪ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી, | (૧) |

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | અમદાવાદ | ૪૫૬૨ | ૫૧૫૨ | ૯૭૧૪ |
| ૨ | નર્મદા | ૧૬૪૧ | ૧૦૦૯ | ૨૬૫૦ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ કેટલી ખાનગી હોસ્પિટલોને ચૂકવવામાં આવી,

(૨)

| ક્રમ | જિલ્લો | ખાનગી હોસ્પિટલોની સંખ્યા | વર્ષવાર ચૂકવેલ રકમ રૂપિયા | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | અમદાવાદ | ૧૧ | ૧,૩૨,૮૧,૬૫૦ | ૩,૬૧,૨૬,૬૦૦ | ૪,૯૪,૦૮,૨૫૦ |
| ૨ | નર્મદા | ૦૧ | ૫૩,૭૫,૦૦૦ | ૭૬,૨૬,૦૦૦ | ૧,૩૦,૦૧,૦૦૦ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષવાર થયેલ મૃત્યુ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | અમદાવાદ | ૫ | ૨૧ | ૨૬ |
| ૨ | નર્મદા | ૮ | ૧૨ | ૨૦ |

| | |
|---|---|
| (૪) નવજાત બાળકોના મૃત્યુ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) જનની સુરક્ષા કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાઓના લાભ દ્વારા પોષણયુક્ત આહાર તેમજ સંસ્થાકીય સુવાવડ થાય તે માટે સરકારી સંસ્થામાં સુવાવડ કરવા માટે પ્રેરીત કરવામાં આવે છે. જે બાળકોનો જન્મ અધુરા માસે થયેલ હોય |

અથવા ગંભીર બિમારી સાથે જન્મેલ હોય તેવા બાળકને બાલસખા યોજનાનો લાભ લેવા જણાંવવામાં આવે છે. ત્યારબાદ જ્યારે બાળકને સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાંથી રજા આપવામાં આવે છે ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તેમજ બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આ બાળકોના ત્રણ પ્રશ્નો છે, મેં જોયા. ત્રણ-ચાર અને પાંચ એમ. એટલે એકમાં જ હું લઇ લઇશ. બધા જવાબો આપ આપો છો જે વિગતવાર એ વિષય એનો એ જ છે, કોઇ સ્પેસિફિક હોય તો પૂછવા દઇશ. બોલો.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બાલસખા અંતર્ગત જિલ્લાવાર કઇ કઇ હોસ્પિટલોને કેટલી રકમ ચૂકવવામાં આવી? જિલ્લાવાર જે બાળકોના મૃત્યુ થયા છે તેમની કુલ સંખ્યા છેતાળીસ બતાવી છે, તેવા બાળકોના મોત કુપોષણથી થયા છે કે કેમ? મારા મત વિસ્તારામાં ધંધુકા, ધોલેરા, રાણપુર અને બરવાળામાં એક પણ બાળ રોગની હોસ્પિટલ નથી. તો મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ધંધુકા, ધોલેરા, રાણપુર અને બરવાળા સરકારી હોસ્પિટલોની અંદર બાળ રોગ નિષ્ણાંત ડોકટરોની નિમણૂક કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આપે કહ્યું તેમ ખૂબ અગત્યનો છે. બધા ધારાસભ્યો પોતપોતાના વિસ્તારમાં બાલસખા યોજનાનો લાભ માં-બાપને, પરિવારોને મળે તે માટે ઉત્સુક હોય છે. આમ તો સરકારી હોસ્પિટલોમાં પ્રસૂતિની વ્યવસ્થા અને પ્રસૂતિ પછી બાળક જો તંદુરસ્ત ન હોય તો તેની સારવારની વ્યવસ્થા રેગ્યુલર કરવામાં આવે છે. પરંતુ કેટલાક વિસ્તારો જે પ્રમાણે શ્રી રાજેશભાઇએ કહ્યું એવા રાજ્યમાં ઘણા વિસ્તારો છે. તેના ઉપર આપણે વારંવાર ચર્ચા કરી પણ ચૂક્યા છીએ કે જે સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો છે એ મોટા પ્રમાણમાં આપણે જોઇએ એટલા પ્રાપ્ત કરી શકતા નથી અને જે પ્રાપ્ત થાય એ મેડિકલ કોલેજોમાં, સિવિલ હોસ્પિટલોમાં કે ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો એટલે કે શહેરોમાં સેવા આપવા માટે સરકારમાં જોડાતા હોય છે. જો દૂરના અંતરિયાળ વિસ્તારમાં તેમની બદલી કરીએ તો મેં અગાઉ કહ્યું છે તે પ્રમાણે તરત રાજીનામું આપીને સરકારમાંથી જતા રહે છે. એટલે આપણે શહેરમાં ડોક્ટર ગુમાવીએ છીએ, જિલ્લા મથકેથી ડોક્ટર ગુમાવીએ છીએ અને બધે નુકસાન થાય છે. એટલા માટે વર્ષ ૨૦૦૯માં એટલે આજથી ૧૧ વર્ષ પહેલાં માનનીય નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આનો ઉપાય કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા બાલસખા યોજના ગુજરાત રાજ્યમાં શરૂ કરી. બાલસખા યોજનાનો હેતુ એ કે ખાનગી ડોક્ટરો જે બાલરોગ નિષ્ણાત છે એ તાલુકા મથકે મોટા સેન્ટર ઉપર પોતાનું પ્રાઇવેટ ક્લિનીક ધરાવતા હોય, બાળકોની સારવાર કરતા હોય તો એવા ડોક્ટરોને આ બાલસખા યોજનાથી આપણે સરકાર સાથે જોડી દીધા. વર્ષ ૨૦૦૯ની વાત કરું છું. ત્યારથી શરૂ કરીને આજ સુધી જે વિસ્તારમાં અથવા જેને યોગ્ય લાગે. લાભાર્થીની જે વ્યાખ્યા છે તેમાં ગરીબીની રેખા નીચે જીવતા બી.પી.એલ. પરિવારો, અનુસૂચિત જનજાતિના પરિવારો અને એ.પી.એલ. પરંતુ આવક વેરો ન ભરતા હોય એવા મધ્યમ વર્ગના લોકો છે કે જેની વર્ષે રૂપિયા ૨ લાખથી ઓછી આવક છે એવા બાળકો માટે ખાનગી બાળરોગ નિષ્ણાતની હોસ્પિટલમાં એ બાળક જન્મ પછી બિમાર પડે તો તેને ત્યાં દાખલ કરવાનું, ત્યાં આ ખાનગી ડોક્ટર સંપૂર્ણ રીતે તેની સારવાર કરે. તેની પાસે આઇ.સી.યુ. હોય, બાળકો માટેનું વેન્ટીલેટર હોય, radiant warmer machine હોય, Infanto meter હોય, foot care therapy યુનિટ હોય, પંપ હોય, Intravenous line હોય, oxygen hood વગેરેની વ્યવસ્થા હોય, આવા સાધનો ધરાવતા, એકલા ડોક્ટર હોય પણ સાધનો ન હોય તો નહીં. સાધનો જોઇએ. આ કહ્યું એ પ્રમાણેના સાધનો ધરાવતી હોસ્પિટલોમાં માતા પિતા બાળકોને દાખલ કરે. બાળકોનો જન્મ ગાયનેક હોસ્પિટલમાં થાય છે. ગાયનેક ડોક્ટર રીફર કરે. ગાયનેક ડોક્ટર પાસે બાળકની સારવાર કરવાનો અનુભવ ઓછો હોય છે. એ બાળરોગ નિષ્ણાત પાસે મોકલે છે. તો એક દિવસના ૭,૦૦૦ રૂપિયા. સાત દિવસ તેને રાખવાનો. ખાનગી ડોક્ટર એક બાળકની એક અઠવાડિયું સારવાર કરે તો એ ગરીબ માં-બાપના સંતાનને બચાવવા માટે આપણી સરકાર તરફથી ૪૯,૦૦૦ રૂપિયા પ્રતિ બાળક આપણે ખાનગી ડોક્ટરને આપીએ છીએ. અત્યારે રાજ્યમાં આ પ્રમાણે લગભગ ૨૫૦ પ્રાઇવેટ ડોક્ટરોને આપણે જોડેલા છે. એ સિવાય સરકારી હોસ્પિટલ, મેડીકલ હોસ્પિટલ ત્યાં તો વિશાળ વ્યવસ્થાનું નેટવર્ક આપણે ઉભું કર્યું છે. આ વર્ષે પણ બજેટમાં એમાં નવા સાધન સામગ્રી, મહેકમના વધારા માટે જોગવાઇ પણ કરી છે. બાળકની જીંદગી બચાવવા માટે, બાળક મૃત્યુ ના પામે એટલા માટે આપણે આ વ્યવસ્થા કરીએ છીએ.

અધ્યક્ષશ્રી:બાકી બધું ઘણું આપે કીધું પણ એમનો કુપોષણથી મૃત્યુ થયું છે કે નહીં એ પ્રશ્ન રહી ગયો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બાળકોના મૃત્યુ એ ફકત કુપોષણથી જ થાય છે એવું નથી.

અધ્યક્ષશ્રી : આમાં થયું છે કે નહીં એટલું જ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે બધા કલબ કર્યા પ્રશ્નો તો આપ પરવાનગી આપતા હોવ તો હું ભેગી માહિતી આપી દઉં, એટલા માટે કે બાળકના મૃત્યુ થવાના અનેક કારણો હોય છે. એમાં અગાઉ પણ આ સન્માનનીય ગૃહમાં મેં જે માહિતી આપી છે એ પ્રમાણે એક તો અધૂરા માસે બાળકનો જન્મ થાય, આમ તો નવ મહિને કુદરતી પ્રસુતિ થતી હોય છે પણ અધૂરા માસે કોઇક કારણસર જન્મ થાય જેને આપણે ગુજરાતીમાં કસુવાવડ કહીએ છીએ તો એનાથી પણ થઇ

શકે. માતાના ગર્ભમાં બાળકની સ્થિતિ બદલાઇ ગઇ હોય તો એ રીતે પણ થઇ શકે, માતા પોતે પૂરતી તંદુરસ્ત ન હોય, લોહીની ખામી ધરાવતી હોય, લોહીની ઉણપ ધરાવતી હોય તો બાળકના જીવનને પણ જોખમ થતું હોય છે. બાળક ગર્ભમાં હોય એ પણ કુદરતી અંદરથી જ કોઇ જાતની ખામી ધરાવતું હોય તો દા.ત. ઘણા બાળકોનું ડો. યુ. એન. મહેતા હોસ્પિટલમાં આપણે ઓપરેશન કરીએ છીએ, મેં નજરે જોયેલું છે. તાજા જન્મેલા બાળકને હૃદયના વાલ્વનું ઓપરેશન કરવું પડે છે. તાજું જ જન્મેલું બાળક હોય તો એ કુદરતી ખામી કહેવાય. આવી બધી કુદરતી ખામી સાથે જન્મેલા બાળકનું પણ મૃત્યુ થવાનું જોખમ વધારે હોય છે. જો બાળકનું વજન દોઢ કિલોગ્રામથી ઓછું હોય તો એવા બાળકને આપણે તાત્કાલિક દાખલ કરવા પડે છે. ત્રણ કિલોની આજુબાજુના વજનવાળું બાળક હોય તો એનું સર્વાઇવલ સારું રહે છે. એટલે ફકત કુપોષણ નહીં, કુપોષણ એ તો બાળક જન્મ પછી મોટો થાય ૫–૧૦ વર્ષનો થાય ત્યારે આવા બધા લક્ષણો દેખાતા હોય છે. ગર્ભમાં કુપોષણ કે સારું પોષણ એવું નથી હોતું. માતાનું કુપોષણ ચોક્કસ જવાબદાર છે. માતા કુપોષિત હોય, ઓછું વજન ધરાવતી હોય, ઓછું લોહી ધરાવતી હોય, સમયસર સુવાવડ ના કરી શકી હોય, માતામાં કોઇ રોગ હોય તો એના બાળકનું જીવન જોખમમાં મુકાતું હોય છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાલસખા યોજના ૧, બાલસખા યોજના–૨ અને બાલસખા યોજના–૩ વચ્ચે શું તફાવત છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેય યોજનાની થીમ મેં અગાઉ કહ્યું એ પ્રમાણે લગભગ સરખી છે. સન્માનનીય ગૃહને માહિતી આપું કે ભૂતકાળમાં દર એક હજાર પ્રસુતિ જે થાય એમાં ૬૦ કરતા વધુ બાળકો વર્ષ ૧૯૯૫ની આજુબાજુના સમયમાં કમનસીબે મૃત્યુ પામતા હતા. એ પણ આંકડા મેં થોડા મહિના પહેલા મીડિયામાં આપેલા છે. સરકારના પ્રયત્ન, આરોગ્ય વિભાગનો પ્રયત્ન, અન્ય સંસ્થાઓનો બધાના પ્રયત્નથી એ ધીમે ધીમે મૃત્યુ દર, બાળ મૃત્યુ દર અને માતા મૃત્યુ દર બન્નેના ઘટાડા તરફ આપણે જઇ રહ્યા છીએ. છેલ્લા સરવે મુજબ દર એક હજાર જીવીત જન્મેલા બાળકોએ ૨૬ બાળકોનું આજે પણ મૃત્યુ થાય છે. દેશમાં ૧૦થી ૧૫ની આજુબાજુ એવરેજ છે. આપણે એને હજી નેશનલ એવરેજથી પણ નીચે લઇ જવાનો પ્રયત્ન કરીએ જ છીએ એટલે આ બાળસખાનો હેતુ જે છે એ આંતરિયાળ વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર જયાં વ્યવસ્થા ના હોય ત્યાં આપણે ખાનગી ડોકટરો મારફત સારવાર અપાવીએ. બીજું, માતા સગર્ભા હોય ત્યારે પણ કન્સલ્ટેશન કરે, ચિરંજીવી યોજના પણ માનનીય નરેન્દ્રભાઇએ શરૂ કરેલી કે ખાનગી હોસ્પિટલમાં તમે બાળકને જન્મ આપો તો ચિરંજીવ યોજના બાલસખાથી જુદી છે. પણ એનો પણ ખર્ચો સરકાર તરફથી એ પરિવારને આપવામાં આવે છે એટલે બાળક જ્યાં પણ જન્મે સારી હોસ્પિટલમાં, સારી વ્યવસ્થા, અનુભવી નર્સ અથવા ડોક્ટરના નેતૃત્વમાં જ જન્મે તે માટે આ બધી વ્યવસ્થા આપણે કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, નવજાત શિશુને જો દાખલ કરે તો આપણે એના શિશુને જુદી જુદી દવા, ઇન્જેકશન વગેરે આપવું પડે તો એના માટે ૮,૦૦૦ રૂપિયા ડોક્ટરને વધારાનો ખર્ચો પણ આપીએ છીએ અને બાળકને બચાવવું એ જ આપણું લક્ષ્ય છે એટલે ત્રણેય યોજનાઓનો મૂળભૂત હેતુ બાળકની જિંદગી બચાવવી એ આપણું પ્રથમ લક્ષ્ય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, સરકાર કુપોષણ માટેના પગલાં ભરી રહી છે એના માટે વિવિધ યોજનાઓ સરકાર દ્વારા અમલમાં પણ છે તો ખાસ કરીને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, જે રીતે સગર્ભા માતા કદાચ બિમાર હોય અને આવા બનાવ બનતા હોય છે. ખાસ કરીને જ્યારે ઓછા વજનવાળા બાળકનો જન્મ થતો હોય છે ત્યારે સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાં એને અડમિટ કરવામાં આવે છે તો રાજ્ય સરકાર દ્વારા સમગ્ર જિલ્લાઓમાં બાળકોનો મૃત્યુ દર પણ વધ્યો છે અને કુપોષણની પણ સંખ્યા એટલી જ છે તો આ જે સીક યુનિટ છે એ રાજ્યના દરેક જિલ્લા મથકોએ કેટલા કેટલા છે? સરકારશ્રી માહિતી આપી શકશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, શ્રી શૈલેષભાઇ, મેં અગાઉ કહ્યું એમ બધી જ મેડિકલ કોલેજ, બધી જ સિવિલ હોસ્પિટલો, બધી જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં આ વ્યવસ્થા છે અને આપણે વધાર્યે જઇએ છીએ. બીજું, સાધન સામગ્રી પણ જેમ મેડિકલ સાયન્સની ટેકનોલોજી એપગ્રેડેશન થાય. પહેલા વેન્ટિલેટર એટલે આપણે એમ કહેતા હતા, સમજતાં હતાં અને હતું કે મોટી પુખ્તવયની વ્યક્તિ માટે જ વેન્ટિલેટર હોય. હવે સમજો કે પુખ્તવયના વેન્ટિલેટરની કેપેસિટી વધારે હોય. હવે તાજા જન્મેલા બાળકને વેન્ટિલેટર પર રાખવું હોય તો એ મોટા વેન્ટિલેટરનો જે ફોર્સ હોય કે હવાનું પ્રેશર હોય એ સહન ના કરી શકે. સાહેબ, મેડિકલ સાયન્સ આગળ વધ્યું એટલે હવે નાના બાળકો માટેના જેને સાદી ભાષામાં કહુ તો મીની વેન્ટિલેટર એ પણ અસ્તિત્ત્વમાં આવી ચૂક્યાં છે. આપણે બધા હવે બાળકોના વોર્ડમાં મીની વેન્ટિલેટર ઘણાં સમયથી વસાવવાનું ચાલુ કર્યું છે. બીજું, બાળકોને વોર્મર જોઇએ. જન્મ્યાં પછી તરત જ એને પૂરતી ગરમી જોઇએ ત્યારે એ બાળકને સારી રીતે સાચવવા આપણે બધી જગ્યાએ વોર્મરો મોટા પ્રમાણમાં ગોઠવ્યા છે અને અમે એક નવી ખરીદી કરવા જઇ રહ્યાં છીએ, ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. સમજો કે બાળક એવી હોસ્પિટલમાં જન્મ્યું કે જ્યાં આગળ કોઇ વ્યવસ્થા નથી તો સાહેબ, જેમ પેલી પ્લાસ્ટિકની મોટી બેગ હોય એમાં બાળકને સૂવડાવી દેવાનું એમાં વોર્મર કમ મીની વેન્ટિલેટર બધું જ સાથે આવી જાય. એટલે જેમ આપણે કોઇ મોટી બેગ લઇને જતા હોઇએ એવી બેગમાં એ બાળકને અંદર રાખવાનું અને એ બાળકને ત્યાંથી એમ્બ્યુલન્સમાં જેમ મોટી એમ્બ્યુલન્સોમાં આપણે વેન્ટિલેટર રાખીએ જ છીએ. સાહેબ, દર્દીને દૂરથી યુ.એન. મહેતા સિવિલ હોસ્પિટલમાં લાવવાનો હોય તો ૧૦૮માં આપણે વેન્ટિલેટર ઘણી એમ્બ્યુલન્સોમાં ગોઠવી દીધા છે. એમ હવે બાળકો માટે પણ મીની વેન્ટિલેટરની અને વોર્મરની વ્યવસ્થા ટેકનોલોજીના અપગ્રેડેશન પ્રમાણે આપણે કર્યે જઇએ છીએ અને સતત ઉમેરો કરીએ છીએ.

**ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

*૨૫૪૩૫ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૪,૬૬,૯૯૯ |
| ૨૦૧૯ | ૪,૬૨,૮૯૪ |
| કુલ | **૯,૨૯,૮૯૩** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૧૯૦ | ૨૩ | ૨૧ |
| ૨૦૧૯ | ૨૨૧ | ૩૧ | ૧૫ |
| **કુલ** | **૪૧૧** | **૫૪** | **૩૬** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

અધ્યક્ષશ્રી : કાંઇ વિશિષ્ટ છે?

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, ના, કાંઇ વિશિષ્ટ નથી.

અધ્યક્ષશ્રી : જવાબમાં આવી ગયું છે. બીજા કોઇને પૂછવું છે. શ્રી દુષ્યંતભાઇ, કાંઇ વિશિષ્ટ હોય તો જ, નહીં તો જવાબ આપવા નહીં દઉં. આ ત્રણેય પ્રશ્ન કલ્બ કર્યા એમાં મારી ૨૯ મિનિટ ગઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, શાળા આરોગ્યની અંદર જો બાળક જન્મથી બહેરું હોય એ બાળક મૂગું પણ હોય છે તો શાળા આરોગ્યમાં સરકાર કોક્લીયર ઓપરેશન કરાવવા માગે છે કે કેમ? અને બીજું, થેલેસેમિયા પણ ખૂબ ગંભીર પ્રકારનો રોગ હોય છે તો થેલેસેમિયાને શાળા આરોગ્યની અંદર સરકાર લેવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કોક્લીયર ઇમ્પ્લાન્ટ અને થેલેસેમિયા પર એમનો બહુ ટૂંકો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા ટૂંકા પ્રશ્નોના લાંબા જવાબ હોય છે.

અધ્યક્ષશ્રી : ના, ના, આમાં ના હોય. એ બીજે હોઇ શકે અહીંયા નહિ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મહાત્મા ગાંધીજી વિષે નિબંધ લખવા (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપને કહેવું હોય તો શ્રી દુષ્યંતભાઇ પ્રશ્ન ફરી પૂછો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, મને ખ્યાલ છે. મને કાલે શું પ્રશ્ન પૂછ્યો હતો એ પણ યાદ છે.

અધ્યક્ષશ્રી : આપને બધું જ યાદ રહે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી દુષ્યંતભાઇની વાત બહુ સાચી છે. ભૂતકાળમાં કોઇ બાળકો કુદરતી રીતે બહેરા અને મુંગા જન્મતા હતા તો એ વખતે કોઇ સાધન સામગ્રી નહોતી સરકાર તરફથી કોઇ યોજનાઓ નહોતી, કોઇ લાભ નહોતો મળતો એટલે એ મુંગું અને બહેરું બાળક આખી જિંદગી મુંગું અને બહેરુ જ રહેતું હતું. મેડિકલ સાયન્સ એવું કહે છે કે બાળક બહેરું હોય, સાંભળતું ન હોય તો એ આપોઆપ બોલી પણ ન શકે કેમ કે એને કંઇ ખબર જ ન પડે. એને પક્ષીઓનો અવાજ, કોઇ બીજો અવાજ, કોઇ સંગીત, કોઇ કવિતા, કશું જ સંભળાય નહીં અને સંભળાય નહીં એટલે એનો કોઇ રીસ્પોન્સ ન આપી શકે.

અધ્યક્ષશ્રી : કવિતા કેમ યાદ આવી, સાહેબ?

## ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કવિતા બે દિવસથી બોલતો થયો છું ને એટલે. બધા પાસેથી થોડું થોડું શીખવું પડેને? એટલે અમે જે શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલુ કર્યો એમાં પણ માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે એક નવી વ્યવસ્થા આપણે શરૂ કરી કે નાના બાળક સ્કૂલમાં ભણતા હોય એની તપાસ થાય. બાળક બહેરું, હોય મુંગું હોય તો એની કોઇ સારવાર નહોતા કરતા એ વખતે સારવારનું કોકલીયર ઇમ્પ્લાન્ટ નામનું એક સાધન આવે છે એની શરૂઆત કરી. સાધન લગભગ ૯ થી ૧૨ લાખ રૂપિયા એ પ્રમાણેનું આજે પણ આવે છે. બાળકને ઓપરેશન કરવું પડે, કમ્પ્યુટરાઇઝ પ્રોગ્રામ સાથે એને બેસાડવું પડે, એને સ્પીચ થેરાપી કરાવવી પડે, એને સતત માર્ગદર્શન આપવું પડે એવા ઓપરેશન જે નહોતા થતા એ ઓપરેશન અમારી ભારતીય જનતા પક્ષની સરકારે ગુજરાત સરકારના પોતાના બજેટમાંથી શરૂ કર્યા અને મને આનંદ છે કે છેલ્લા ૬ વર્ષની અંદર ૧૮૨૬ બાળકોને ગુજરાત સરકારે વિનામૂલ્યે ૯ થી ૧૨ લાખ રૂપિયાનો એક બાળક દીઠ ખર્ચો કરી અને આ કોકલીયર ઇમ્પ્લાન્ટનું ઓપરેશન કરી આપ્યું છે અને બધા જ બાળકો બોલતા પણ થઇ ગયા, સાંભળતા પણ થઇ ગયા અને પરિવારમાં આનંદ અને કિલ્લોલ ભા.જ.પ. સરકારે જેમ આખા ગુજરાતમાં આનંદ કિલ્લોલ કરાવ્યો છે એમ બહેરા મુંગાઓના પરિવારમાં પણ બધાને આનંદ કરાવ્યો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન જે બાળકોને જુદાજુદા પ્રકારની ખોડખાંપણ હોય છે અને એ બાળકની તપાસણી કર્યા પછી ઓપરેશન કરવું ફરજિયાત થાય છે ત્યારે જિલ્લા કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવે, કમિશનર કક્ષાએથી એમને મંજૂરી આપવામાં આવે ત્યાર પછી જે તે હોસ્પિટલમાં એમને મોકલવામાં આવે છે ત્યારે હોસ્પિટલ તરફથી એને ઓપરેશન કરવા માટેનો સમય જે છે એ બહુ લાંબો આપવામાં આવે છે. તેના કારણે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવવા માટે પણ ઘણી બધી મુશ્કેલીઓ પડે છે એટલે ઓપરેશન જો કરવાનું નકકી થાય ત્યારે મંજૂરી આપ્યા પછી સેઇમ ડે અથવા ૧-૨ દિવસમાં દાખલ કરીને ઓપરેશન કરવા માંગો છો કે કેમ? કારણ કે એમને દોઢ, બે મહિનાનો સમય આપવામાં આવે છે, હોસ્પિટલની તારીખ આપવામાં આવે છે એટલે આ બાબતે સરકારે ગંભીરતાથી વિચારીને વહેલી તકે ઓપરેશન થાય તે માટે આપણે શું કરવા માંગીએ છીએ?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૫.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમનો પ્રશ્ન છે ને સાહેબ,

અધ્યક્ષશ્રી : આ કંઇ પ્રશ્ન નથી, એમનું સૂચન છે. પ્રશ્ન ક્રમાંક-૫, માનનીય પ્રદિપભાઇ. (અંતરાય) આવી ગઇ વાત તમારી. તમારા પ્રશ્નમાં જ તમારો જવાબ છે. સરકારે ઝડપથી કરવું એવું કહેવા માંગો છો? બીજું શું છે એમાં? પ્રશ્ન ક્રમાંક-૫.

### જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

*૨૫૪૧૮ **શ્રી પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ-૧૨૮ |
| (૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી? | (૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ કયારથી શરૂ કરવામાં આવેલો છે? તેનો મુખ્ય હેતુ શું છે? આ કાર્યક્રમ શાળામાં કયારે હાથ ધરાય છે?

અધ્યક્ષશ્રી : હેતુ આવી ગયો છે પહેલા કયારે હાથ ધરવામાં આવ્યો છે એટલું જ પૂછે છે. સાહેબ, સાલ કહી દોને ખાલી. બધું, આગળ ઘણું આવી ગયું છે આ સાંભળે છે કે નહીં ખબર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, બધા સાંભળે છે આપણે કોકલીયર ઇમ્પ્લાન્ટ બધાને આપી દીધા છે.

અધ્યક્ષશ્રી : બધા પ્રશ્ન પૂછવાની જ રાહ જુએ છે. જવાબ કોઇ સાંભળતું જ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી આપણે આ કાર્યક્રમ ચાલુ કર્યો અને મને વિશેષ આનંદ એ છે કે માનનીય નરેન્દ્રભાઇ ભારતના વડાપ્રધાન થયા. ગુજરાતની સફળતા જોઇ અને દેશની અંદર આ કાર્યક્રમ એમણે ચાલુ કર્યો, એટલે ગુજરાતમાં જે કાર્યક્રમ ચાલે છે એ જ પ્રમાણેનો શાળાએ શાળાએ જઇ બાળકોને તપાસવાનું કામ અત્યારે સમગ્ર દેશમાં ચાલે છે. ભારત સરકાર ફાયદો થાય એ રીતે ગુજરાતનો જે ખર્ચ થાય તેના ૬૦ ટકા ભારત સરકાર અને ૪૦ ટકા રાજ્ય સરકાર એ ખર્ચ ઉપાડે છે.

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક તપાસમાં થેલેસેમિયા નામનો રોગ પકડાય તો સરકાર એમનો ખર્ચ ભોગવે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થેલેસેમિયા માટે આપણે જુદા જુદા પ્રકારની સહાય આપીએ છીએ. પણ સીધે સીધું કોઇ આની સારવાર વન ટાઇમની સારવાર નથી. કોઇ બાળકને હૃદયનો વાલ્વ નબળો હોય તો વાલ્વ બદલીએ, કોઇ બાળકને કીડનીની તકલીફ હોય તો ઓપરેશન કરીને સારવાર કરીએ. અમુક રોગો લાંબા સમય સુધી ચાલતા રોગો છે. એ પ્રમાણે જુદી જુદી યોજનાઓ મારફત એમને સહાય આપીએ છીએ.

**મહીસાગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

*૨૫૪૮૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૭૦૫ કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૪૧૫૬.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ લુણાવાડા અને ખાનપુર તાલુકામાં કુલ કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે? તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લુણાવાડામાં વર્ષ ૨૦૧૮માં ૫૫૨ કનેકશનો અને વર્ષ ૨૦૧૯ માં ૭૮૮ કનેક્શનો આપવામાં આવેલ છે. આમ કુલ ૧૩૪૦ કનેકશનો પાછળ કુલ ખર્ચ રૂપિયા ૧૪ કરોડ ૯૩ લાખ થયેલ છે. ખાનપુર તાલુકામાં વર્ષ ૨૦૧૮માં ૪૩૧ કનેક્શનો અને વર્ષ ૨૦૧૯માં ૬૪૫ કનેક્શનો આપવામાં આવેલ છે. આમ કુલ ૧૦૭૬ કનેક્શનો પાછળ કુલ રૂપિયા ૧૦ કરોડ ૯૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગૌરવ થાય છે કે ગુજરાતમાં જ્યાં આઇડિયા, વોડાફોન, બી.એસ.એન.એલ. અને જીયોના કિરણો આકાશ માર્ગે નથી પહોંચ્યા, ત્યાં ગુજરાતની આ જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી ગરીબોના ઘરે ઘરે લાઇટો પહોંચાડી છે, તે બદલ ગુજરાત સરકારનો આભાર માનું છું. સાથે સાથે પ્રશ્ન એ છે કે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય છે? તેની સામે ખેડૂતોને કેટલી રકમ ભરવાની થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એવરેજ ૧.૫ લાખ રૂપિયા જેટલો ખર્ચો આખા રાજ્યમાં થતો હોય છે. જુદા જુદા એચ.પી.ના જુદા જુદા રેટ હોય છે. રજિસ્ટ્રેશન ચાર્જ ૨૦૦ રૂપિયા લેવામાં આવે છે અને કુલ આપણે જોવા જઇએ તો ૫ એચ.પી.ની અંદર ૭,૮૫૫ રૂપિયા લેવામાં આવે છે. ૧૦ એચ.પી.માં ૧૪,૫૪૦ રૂપિયા લેવામાં આવે છે અને ૨૦ એચ.પી.માં ૨૫,૫૬૦ રૂપિયા લેવામાં આવે છે. બાકીનો સંપૂર્ણપણે ખર્ચો રાજ્ય સરકાર આ વીજળીના કનેકશન માટે આપે છે. છેલ્લા ઘણા વર્ષોથી જોઇએ તો વર્ષે ૧૬૦૦ થી ૧૮૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને કનેક્શનમાં રાજ્ય સરકારે ગ્રાન્ટ આપી છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણોની તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા જિલ્લામાં ૧૭૮૫ અરજીઓ પેન્ડિંગ છે. એમાં ૫૧૫ લોકોને પેમેન્ટ ચૂકવવા માટે નોટિસ આપી દીધી છે. ૪૧૪ પેન્ડિંગ પેમેન્ટ એ લોકોના કામ ચાલુ છે. આમ જોવા જઇએ તો આખા જિલ્લામાં ૮૨૯ અરજીઓ પેન્ડિંગ છે. જેમાંથી ડિસેમ્બર મહિનાની ૨૨૦ છે, નવેમ્બર મહિનાની ૫૩ છે, ઓક્ટોબર મહિનાની ૮૨ છે, સપ્ટેમ્બર મહિનાની ૮૧ છે, ઓગસ્ટ મહિનાની ૯૦ અરજીઓ પેન્ડિંગ છે, એટલે મોટા ભાગના કનેકશનો પેન્ડિંગ છે. જે છેલ્લા જુલાઇથી ડિસેમ્બર મહિનાના કનેક્શનો છે. બાકીના સંપૂર્ણપણે મહિસાગર જિલ્લાના મોટા ભાગના કનેકશનો આપી દીધા છે. સરકારે વચન આપ્યું છે એ પ્રમાણે આગળ જઇ રહ્યા છીએ.

**દાહોદ જિલ્લાના ડુબાવ પુલની દરખાસ્ત બાબત**

*૨૬૪૦૫ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં દાહોદ શહેર પાસે દૂધીમતી નદીએ નશીરપૂર ગામે આવેલ દૂધેશ્વર સ્મશાન જતા રસ્તા ઉપર આવેલ ડુબાવ પુલની દરખાસ્ત સરકારમાં ક્યારથી પડતર છે, | (૧), (૨) અને (૩) આ રસ્તા પર ડુબાવ પુલની કોઇ દરખાસ્ત પડતર ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત દરખાસ્ત પડતર રહેવાના શા કારણો છે, અને | |
| (૩) ઉક્ત દરખાસ્તો ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે? | |

તારાંકિત પ્રશ્નો

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દાહોદ શહેરને અડીને આવેલ દૂધીમતી નદી ઉપર નશીરપુર ગામ આવેલ છે. દાહોદ શહેરનું આ એક જ સ્મશાન છે. જે અતિભારે વરસાદના કારણે સ્મશાન ઉપર ચોમાસામાં જવાની મુશ્કેલી પડે છે. ૫ કિ.મી. દૂર ફરીને આવવું પડે છે. આ ડુબાવ પુલ બનાવવા માગો છો કે કેમ? હા કે ના?

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ માગ્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બિલકુલ ટૂંકમાં કહી દઉં કે હાલ કોઇ આયોજન નથી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીને પૂછવા માગું છું કે, અમારા ઝાલોદ તાલુકાના સુથારવાસા, આંબા અને સાંસદશ્રીના આદર્શ ગામ મુન્ધાથી લીમડીના રસ્તાને જોડતો પુલ અમારા વિસ્તારના હૃદય સમાન છે. જે પુલની દરખાસ્ત કરવામાં આવી છે કે નહીં? બીજો પ્રશ્ન એ છે કે, કયા કારણોસર ખાતમૂર્હુત કરવા છતાં આ પુલ બન્યો નથી? શું એનો જોબ નંબર ફાળવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નથી જુદો જ પ્રશ્ન છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ચોમાસામાં ભારે વરસાદના કારણે દાહોદ શહેરમાંથી કે દાહોદની આજુબાજુ કોઇપણ વ્યક્તિનું મરણ થાય તો એ વ્યક્તિને કેટલાય કિલોમિટર ફરીને સ્મશાન સુધી પહોંચાડવામાં આવે છે અને આ જે ડુબાવ પુલ છે તે આ સ્મશાનને જોડતો પુલ છે તો તે કયારે બનાવવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બંનેનો આગ્રહ છે એટલે હું કહું છું. હમણાં આપણે બધા ધારાસભ્યશ્રીઓને જોબ નંબર આપવાનું કામ ચાલે છે. તેમાં રસ્તા, પુલ, કોઝવે, ગરનાળા બધું આવી જાય છે. મને લાગે છે ત્યાં સુધી અને મેં આનો અભ્યાસ નથી કર્યો. શ્રી વજેસિંગભાઇએ તેમને જે કોઝવે મળવાપાત્ર છે તેમાં આને પ્રાયોરિટી આપી નથી. આ તો સાહેબ લેવાનું લઇ જાય અને બાકીની માગણી ચાલુ રાખે તે પ્રમાણેનું તેમનું કામ છે. તમને મળ્યું હોય તેમાંથી રજૂઆત કરશો અને વ્યાજબી હશે તો સ્મશાને જવાનો રસ્તો છે એટલે તેને ધાર્મિક રીતે હું સમજું છું. વ્યવહારિક અને સામાજિક દૃષ્ટિએ જરૂરી છે. તમે રજૂઆત કરજો તો હું ચેક કરાવી લઇશ. તેમાં મારી કોઇ ના નથી.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ દાહોદ તાલુકાના નશીરપુર ગામમાં નગરાર એપ્રોચ રોડ પરની જેઝેડ ૨/૮૦ પરનો હયાત પુલ કઇ સાલમાં બનેલ છે તથા હાલમાં પુલની સ્થિતિ કેવી છે તથા ચોમાસા દરમ્યાન કેટલા સમય માટે આ એપ્રોચ રોડ બંધ રહે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ સારો જ છે. કોઇવાર ચોમાસું આવે ત્યારે બેઠા કોઝવે છે તેના પર બે-પાંચ દિવસ પાણી રહેતું હોય છે. બાકી તો રસ્તા ખુલ્લા રહે છે. દાહોદમાં માનનીય વજેસિંગભાઇ અને શ્રીમતી ચંદ્રિકાબેન જાણે છે કે માર્કેટ યાર્ડને જોડતા તથા શહેરમાં આવવા જવાના લગભગ પાંચથી સાત રસ્તા પાછલા પાંચ વર્ષમાં અમે મંજૂર કર્યા છે અને તેના કામ પણ થઇ ગયા છે. એટલે તમને ઘણું આપ્યું છે. એવું નથી કે નથી આપ્યું.

**રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વીજળીનું વેચાણ**

*૨૬૨૯૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| **રાજ્ય** | **વર્ષ ૨૦૧૮** | | **વર્ષ ૨૦૧૯ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂ/યુનિટ** | **મી.યુ.** | **રૂ/યુનિટ** |
| આન્ધ્રપ્રદેશ | - | - | ૫.૪૦ | ૪.૪૪ |
| છત્તીસગઢ | - | - | ૦.૫૦ | ૪.૪૦ |
| તમિલનાડુ | - | - | ૧.૬૦ | ૫.૧૩ |
| ઉત્તરપ્રદેશ | - | - | ૯.૫૪ | ૪.૦૭ |
| મહારાષ્ટ્ર | - | - | ૦.૫૦ | ૪.૦૦ |
| પશ્ચિમ બંગાળ | - | - | ૮.૫૫ | ૩.૭૯ |
| બિહાર | - | - | ૭.૧૩ | ૪.૭૧ |
| ઝારખંડ | - | - | ૩.૩૦ | ૩.૯૧ |
| ઓરિસ્સા | - | - | ૬.૦૫ | ૪.૫૧ |
| મણીપુર | - | - | ૦.૦૪ | ૫.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ઇન્ડિયન એનર્જી એક્ષચેન્જ* | – | – | ૧૩૮.૨૧ | ૪.૧૧ |

*અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા ખરીદવામાં આવી તે વિદીત થતું નથી.

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે?

(૨) વીજળીનો સંગ્રહ શક્ય ન હોવાના કારણે તેનું ઉત્પાદન માંગને આધીન છે. વીજ માંગ અને પુરવઠો જુદા જુદા કારણોસર જેવા કે વરસાદ, રજાના દિવસો, તાપમાનની વધઘટ, તહેવારો, પવન ઉર્જા, સૌર ઉર્જાની ઉપલબ્ધતા વગેરેને લીધે બદલાય છે. આથી જ્યારે–જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે, પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ "રાષ્ટ્રીય સંપત્તિ" કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી જેથી મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટાડવા સારૂ, રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગેને પૂરી કર્યા બાદ વધારાની વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકાર હસ્તકના વીજ મથકોમાં કેટલી વીજ ઉત્પન્ન થઇ અને તેનો રાજયમાં કેટલો વપરાશ રહ્યો? બીજો પ્રશ્ન કે કેન્દ્ર હસ્તકના વીજ મથકોમાંથી રાજ્ય સરકાર દ્વારા શા ભાવે વીજળી ખરીદવામાં આવી અને તેમાંથી કેટલી વીજળી કયા ભાવે અન્ય રાજ્યોમાં વેચવામાં આવી, આ વેચાણથી રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઇ અને આ વધારાની વીજળી ખેડૂતોને રાત્રિના બદલે દિવસના સમયે આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન વીજળી વેચવાનો છે, કેટલી વીજળી રાજ્ય સરકારના એકમો દ્વારા ઉત્પાદન કરી તે પ્રશ્ન નથી એટલે તેના માટે અલગ નોટીસ આપે તેવી વિનંતી કરું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાવર એક્ષચેન્જ શું છે? તેની કામગીરી શું છે? ભારતભરમાં આવા કેટલા પાવર એક્ષચેન્જ કાર્યરત છે. આ પાવર એક્ષચેન્જની નોંધણી કયાં થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને વીજળીના વેચાણ વિશે થોડીક માહિતી આપવા ઇચ્છું છું. આ વીજળી એવી વસ્તુ છે કે જે આપણે સ્ટોર કરી શકતા નથી, આપણે વીજળીનો સંગ્રહ કરી શકતા નથી એટલે જે બાજુ વીજળીનું ઉત્પાદન થાય તેટલો જ વીજળીનો વપરાશ હોવો જોઇએ અને જેટલો વીજળીનો વપરાશ હોય એટલું જ વીજળીનું ઉત્પાદન થવું જોઇએ આ બહુ જરૂરી છે. એટલે આજની તારીખમાં માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે, આવા સંજોગોમાં કે જયારે કોઇ તહેવારની સીઝન હોય દાખલા તરીકે હોળીનો તહેવાર હોય કે બીજો તહેવાર હોય ત્યારે બધા કારખાના એ દિવસોમાં બંધ હતા એટલે આપણી પાસે વીજળીનો વપરાશ ઘટી જાય એવા સંજોગોમાં આપણી પાસે બે ઉકેલ છે એક ઉકેલ એ છે કે, આપણે બહાર બીજા રાજયોને વીજળી વેચીએ અને બીજો ઉકેલ એ છે કે, આપણે આપણા પ્લાન્ટ બંધ કરીએ. એટલે આવા સંજોગોમાં દાખલા તરીકે વરસાદ વધારે પડી ગયો તો આપણે સૌ જાણીએ છીએ કે ખેડૂતોની વીજળીની માંગ ઘટી જાય છે અને એવા સંજોગોમાં આપણે વીજળી વેચવી પડતી હોય છે. બીજું, જયારે હાઇવીંડ જનરેશન હોય એવા સંજોગોમાં પણ આપણે વીજળી વેચવી પડતી હોય છે. આ માટે કેન્દ્ર સરકારે પાવર એક્ષચેન્જો ઉભા કરેલા છે અને એના દ્વારા આપણી વીજળી વેચવામાં આવે છે અને આજની તારીખમાં જે બે પાવર એક્ષચેન્જ છે એમાં એક ઇન્ડીયન એનર્જી એક્ષચેન્જ છે અને એક પાવર એક્ષચેન્જ છે આ બંને પાવર એક્ષચેન્જમાં રેગ્યુલેટરે લાયસન્સ આપેલું છે. આ બંને પાવર એક્ષચેન્જ રેકેનાઇઝ છે અને સી.આર.સી.એ. ટ્રેડીંગ લાયસન્સ ઇસ્યુ કર્યા છે એવા ૩૭ ટ્રેડર્સ છે એ ૩૭ ટ્રેડર્સ દ્વારા આપણે પહેલેથી પાવર એક્ષચેન્જ દ્વારા આપણે વીજળી વેચવાની હોય તો આપણે પાવર એક્ષચેન્જને જાણ કરવી પડતી હોય છે અને એ પાવર એક્ષચેન્જ બીડની અંદર એક પ્રોસેસ હોય છે એ પ્રોસેસ દ્વારા બે પૈસા લઇ આપણી વીજળી જે રાજયોને જોઇતી હોય એ રાજયો કે જે યુટીલિટીને જોઇતી હોય એ એ સામે બીડ કરે અને બીડના આધારે એ લોકોને પાવર આપવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની વાત સાચી છે કે વીજળી સંઘરી શકાતી નથી. પણ આ વીજળી તમે બહારના રાજયોને વેચો, કારણ કે તમારે ફરજ પડે છે પણ તમે આજ વીજળી ખેડૂતોને કેમ વધારે આપતા નથી? જો તમારી પાસે વીજળીની બચત હોય તો ખેડૂતોને ૮ કલાકથી વધારે આપો અને જે બહારના રાજયોને તમે જે વીજળી વેચો છો એની પ્રોડકશન કોસ્ટ તમારી કેટલી છે અને એની પાછળ કેટલો તમને નફો થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આપણી સરકારની નીતિ મુજબ ૮ કલાક વીજળી ખેડૂતોને આપીએ છીએ. જે વીજળી વેચી છે. દાખલા તરીકે આંધ્રપ્રદેશને વીજળી વેચી એ ૯મી જૂને, ૧૩મી જૂને, ૧૭મી જૂને અને ૨૭ ઓગસ્ટે વેચી છે. હું એ સમજાવવા માગું છું કે એની એવરેજ પ્રાઇસ મળી છે, ૪.૧૧ રૂપિયે વેચી છે અને જે એવરેજ પ્રોડકશન કોસ્ટ કરતા આપણને બે પૈસા વધારે મળતા હોય અને આપણને એમ થતું હોય કે આપણે વીજળી મથક બંધ કરવા પડશે અને બંધ કરીશું તો આપણને નુકસાન વધારે થશે એ નુકસાન બચાવવા માટે થઇને પણ આપણે ઘણી વાર વીજળી વેચતા હોઇએ છીએ. બીજું, એ વખતે આપણી સિસ્ટમ સાચવવી જરૂરી છે. દાખલા તરીકે વીજળીની માગ ઘટી જાય અને આપણે વીજળી બહાર ન વેચીએ તો આખા રાજયમાં અંધારપટ થઇ જાય અને અત્યારની પરિસ્થિતિમાં બધા એક્ષચેન્જો સાથે આખો દેશ કનેક્ટેડ છે અને આ આખું લોડ ડીસ્પેચ સેન્ટર દ્વારા બધું ગોઠવવામાં આવ્યું છે એટલે આખા દેશમાં કનેક્ટેડ વીજળી હોય છે અને એ માટે આપણે ફ્રીક્વન્સી મેચ કરવી પડતી હોય છે અગર ફ્રીક્વન્સી આપણે મેચ ન કરીએ અને આપણે બંધ ન કરીએ કે વેચીએ નહીં તો આખા રાજયમાં અંધારપટ થાય અને બીજા રાજયોને પણ એની અસર પડે માટે આ પ્રમાણેની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જવાબમાં આપ્યા મુજબ કેલેન્ડર વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં કુલ ૧૮૦.૮૨ મિલિયન યુનિટ વીજળી આપણે અન્ય રાજયોને વેચી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ જે ૧૮૦.૮૨ મિલિયન યુનિટ વીજળી આપણે અન્ય રાજયોને વેચી એ રાજય ઉત્પાદિત હતી કે ખાનગી લોકો પાસેથી આપણે ખરીદી હતી? બીજો મારો પ્રશ્ન એ છે કે, આપણે ૧૮૦.૮૨ મિલિયન યુનિટ વીજળી અન્ય રાજયોને વેચી છે એ સરેરાશ પર યુનિટ કેટલી રકમથી આપણે વેચી છે અને આપણે જો એ બહારથી ખરીદી હોય તો એ સરેરાશ ક્યા ભાવથી આપણે ખરીદી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે વીજળી મથકો આપણે ચલાવીએ છીએ, આપણું હોય કે ખાનગી હોય, રેગ્યુલેટરી કમિશન અને કાયદાની જોગવાઇ પ્રમાણે સ્પષ્ટપણે નક્કી કર્યું છે કે એ જ વીજળી આપણે ખરીદવી જે સૌથી સસ્તી હોય એટલે રોજે રોજ દરેક જનરેટર એટલે કે વીજ ઉત્પાદક હોય એ એના ભાવો મોકલતા હોય છે કે શું ભાવ છે. દા.ત. આપણી ૧૮૦૦૦ મેગાવોટની ડિમાન્ડ હોય તો પહેલા ૧૮૦૦૦ મેગાવોટ ક્યારે થાય એ લોકોને જ આપણે ઓર્ડર આપીએ છીએ એટલે ખાનગી આવતી હોય તો ખાનગી અને આપણી પોતાની આવતી હોય તો પોતાની એ જ વીજળીનું ઉત્પાદન થતું હોય છે અને જ્યારે વીજ મથકો બંધ કરવાની પ્રોસેસ આવે છે ત્યારે જે મોંઘા વીજ મથક હોય એ પહેલાં બંધ કરવા પડે છે અને એ જ બંધ થાય. એટલે સસ્તા કાયમ માટે ચાલતા હોય અને મોંઘા પહેલાં બંધ થતાં હોય છે અને બીજું, વીજળી ઉપર લેબલ નથી મારતા કે આ કંપનીનું વીજ ઉત્પાદન છે? એવું પણ બને તે ફ્રીક્વન્સી દ્વારા મહારાષ્ટ્રની કંપનીમાં થયેલ વીજ ઉત્પાદન ગુજરાતમાં આવે અને ગુજરાતનું વીજ ઉત્પાદન દિલ્હી જાય એટલે ફ્રીક્વન્સીના આધાર ઉપર આખી વીજળી જતી હોય છે.

અધ્યક્ષશ્રી : હજી જવાબ ચાલે છે મંત્રીશ્રીનો, મંત્રીશ્રી આપનો પ્રશ્ન જે છે એનો જવાબ આપશે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનો બીજો શું પ્રશ્ન છે?

અધ્યક્ષશ્રી : હું ક્યાંથી કહી શકું? એમનો પ્રશ્ન છે કે સરેરાશ જે વીજળી વેચી તે ભાવ અને ખાનગી કંપની પાસેથી ખરીદી તે ભાવ. (અંતરાય) તમે ના બોલો તો મારે શું કરવાનું? (અંતરાય) એ આખી સિસ્ટમ સમજાવી એમણે. એ ખબર પડે જ નહિ, વીજળીમાં વીજળી ભેગી થાય તો ખબર ક્યાંથી પડે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૦.૮૨ મી.યુ. જે વીજળી અન્ય રાજ્યોને આપણે વેચી છે એ પૈકી સરકારી વીજ ઉત્પાદક મથકોએ કેટલી વીજ ઉત્પાદન કરી હતી અને ખાનગી વીજ ઉત્પાદક મથકોએ કેટલી વીજ ઉત્પાદન કરી હતી? મારો બીજો પ્રશ્ન એ હતો કે આપણે જે ખાનગી લોકો પાસેથી ખરીદી તો સરકાર પાસેથી ક્યા ભાવે ખરીદી હતી અને ખાનગી પાસેથી કયા ભાવે ખરીદી હતી? જે વીજળી વેચી છે એ સરેરાશ કયા ભાવે વેચી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખરીદવાનો પ્રશ્ન છે નહિ, આ વેચવાનો પ્રશ્ન છે. હું વેચવાના ભાવ ચોક્કસ આપીશ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૯(અંતરાય) જવાબ આવી ગયોને! કારણ કે આ પ્રશ્ન સ્કોપની બહારનો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલું કહું છું કે, ખાનગી કંપનીઓ પાસેથી જે વીજળી આપણે ખરીદીએ છીએ એ આપણા ઉત્પાદન કરતા સસ્તી છે એટલે આપણે એ વીજળી ખરીદીએ છીએ.

### કચ્છ અને મહેસાણા જિલ્લામાં ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી

*૨૬૨૬૪ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઇસમો/વેપારી એકમો પકડાયા,

**જવાબ**

(૧)

| જિલ્લો | ઇસમો/વેપારી એકમોની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ |
| કચ્છ | ૦ | ૨૧ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઇ, અને

(૨)

| જિલ્લો | ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ |
| કચ્છ | ૦.૦૦ | ૪૬૧૬.૧૯ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી?

(૩) કુલ ૬૮ ઇસમો/વેપારી એકમો પૈકી, ૪૪ વેપારી એકમો પાસેથી રૂ.૧૮૯.૮૩ લાખની વસૂલાત કરેલ છે. બાકી વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

શ્રીમતી સંતોકબેન ભ. આરેઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ અને મહેસાણા જિલ્લામાં જીએસટી અન્વયે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેન છે એ પહેલીવાર પ્રશ્ન પૂછી રહ્યા છે એમને વાંચવા દો. બોલો બહેન, બિલકુલ શાંતિથી.

શ્રીમતી સંતોકબેન ભ. આરેઠિયા : ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઇસમો/વેપારી એકમો પકડાયા અને શું કાયદેસરના પગલાં લેવામાં આવ્યા? વેપારી પાસેથી બાકી રહેતી રકમ વસૂલ કરવા માટે સરકારે શું કાયદેસરની કાર્યવાહી કરીને તેમની સામે કેવા પ્રકારના પગલાં ભરવામાં આવ્યાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંતોકબહેને જે પ્રશ્ન પુછ્યો એ રાજ્યની તિજોરીની આવકનો એક મોટો પ્રશ્ન છે. સ્વભાવિક છે એ વર્ષ ૨૦૧૭માં જીએસટી કાયદો અમલમાં આવ્યા પછી જીએસટીના કાયદાની અમલવારીની પદ્ધતિ પ્રમાણે જે પણ વેપારી કોઇપણ ચીજવસ્તુ પોતાના ઉત્પાદન માટે રો-મટિરિયલ તરીકે ખરીદે કે અન્ય ઉપયોગ માટે તો જ્યારે એ તૈયાર માલ બીજાને વેચે ત્યારે જે ખરીદેલા માલ ઉપર ટેક્સ ભર્યો હોય તે ઇનપુટ ટેક્સ ક્રેડીટ તરીકે એ વેપારી/ઉત્પાદકને બાદ મળતો હોય, પરંતુ કેટલાક લોકો ગેરરીતિ કરી, કેટલાક ભુલથી અથવા તો નિર્દોષતાથી એવી રીતે ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવવાનો પ્રયત્ન કરે છે એને અટકાવવા માટે અમારો જીએસટી વિભાગ મોટા પ્રમાણમાં સરવે કરે છે, ચેકીંગ કરે છે, ઓડિટમાં દેખાઇ આવે, આકારણીમાં દેખાઇ આવે, કોઇ બાતમી મળે તો તેની વિગતવાર ઉંડી તપાસ કરે છે અને તેના આધારે ખોટી રીતે જેમણે ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવી હોય તેમની સામે રકમ, વ્યાજ, દંડ વસૂલવાની કાર્યવાહી કરે છે અને એ પ્રમાણે આ જે પ્રશ્ન પૂછાયો છે તે મુજબ ૨૦૧૮ શરૂઆતનું વર્ષ હતું એટલે કચ્છ કે મહેસાણામાં કોઇ નવા પ્રશ્નો નહોતા. મહેસાણામાં વર્ષ ૨૦૧૮માં ૮ અને વર્ષ ૨૦૧૯માં ૩૯, કચ્છમાં વર્ષ ૨૦૧૯માં ૨૧ કેસ ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવવાના બન્યા અને તે બન્નેની થઇ જે રકમ છે તે વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૧૭ લાખ ૯૯ હજાર અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૪ કરોડ ૫૮ લાખ ૧૭ હજાર તે પ્રમાણેની ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ એકમોએ જે પ્રાપ્ત કરી હતી તેના માટે ૬૮ ઇસમો સામે, વેપારી એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી અને ૪૪ વેપારી એકમો પાસેથી રૂપિયા ૧ કરોડ ૮૯ લાખ ૮૩ હજારની રકમ વસૂલ કરી છે અને બાકીની રકમ વસૂલ કરવાની કાર્યવાહી અત્યારે ચાલુ છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ ઉદ્યોગોથી ધમધમતું થયુ છે. નાના મોટા એમએસએમઇના અનેક એકમો કચ્છની અંદર થયા છે અને કદાચ એમ કહી શકું કે આખા ગુજરાતમાં સૌથી વધારે વાયબ્રન્ટ ગુજરાતનો લાભ જો મળ્યો હોય તો કચ્છને મળ્યો છે. જ્યાં એક પણ ઉદ્યોગ આવતો નહોતો એટલે પહેલા તો હું આ વાયબ્રન્ટ ગુજરાતનો કચ્છ માટે જેટલો આભાર માનું એટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે પ્રશ્ન છે એ અમારા બહેન સંતોકબહેનનો છે. ખરેખર શ્રીમતી સંતોકબહેનને મારે અભિનંદન આપવા છે કે જ્યારે તેમણે શપથ લીધા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે મને વાંચતા આવડતું નથી અને આજે એ સારી રીતે વાંચે છે.

અધ્યક્ષશ્રી : તેમ છતાં તેમણે વાંચીને આજે કહ્યું છે ત્યારે આપણે બધા જ તેમને વધાવીએ.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે પ્રશ્ન પૂછ્યો છે અને તેઓ વાંચી શકયા છે એટલે તેમને ખૂબ ખૂબ અભિનંદન. અહીંયા જે પ્રશ્ન છે તેમાં મારે જાણવું છે કે, જે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ વેપારીઓ લેતા હતા તેમાંથી જે

રૂપિયા ૧૮૯ લાખની જે વસૂલાત થઇ છે અને જે બાકી રહે છે તેને માટે કાર્યવાહી કયા તબક્કામાં છે અને કેટલા સમયમાં આપણે પૂરેપૂરી વસૂલાત કરી શકીશું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેનના પ્રશ્નની રજૂઆત ખૂબ સાચી અને સારી છે કે સરકારની તિજોરીમાં જે ટેક્સ આવવો જોઇએ તે ના આવે તો વસૂલ કરવાનો પૂરો પ્રયત્ન અમારો જીએસટી વિભાગ કરે છે અને મોટા પ્રમાણમાં ખોટાં બિલો, નકલી બિલો છાપી ગેરકાયદેસર ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવતા જો કચ્છ સિવાયના એકમોની વાત કરીએ તો આપે પેપરોમાં બધાયે જોયું હશે કે રૂપિયા એક એક હજાર કરોડના બોગસ બિલો મૂકી દે. ના માલ આવ્યો હોય, ના માલ વપરાયો હોય, ના તેનો કોઇ ટેક્સ ભરાયો હોય અને નકલી બિલોથી, ફોર્જરી બિલોથી ટેક્સ ક્રેડીટ મેળવવાનો કેટલાક લોકો ગોરખધંધો કરે છે. આવા એકમો સામે પણ અમારા જીએસટીએ કડક કાર્યવાહી કરી છે તે પૈકીના કેટલાક અત્યારે જેલમાં છે. નામદાર હાઇકોર્ટ સુધી મેટરો જાય છે અને અમે ખૂબ કાયદાકીય લડત આપી ઓડિટર જનરલ અને સરકારના સિનિયર વકીલોનો સહયોગ મેળવી, ખાનગી વકીલો પણ જીએસટી દ્વારા હાઇકોર્ટમાં રજૂ કરી અને આપણે આ બધું કરીએ છીએ. એટલે આઇટીસ ખોટી રીતે મેળવે તેને પહેલા તો આપણે તેનું રજીસ્ટ્રેશન રદ કરવા સુધીની કાર્યવાહી કરીએ છીએ. તેનું આઇટીસી જે મેળવવાનું સોફ્ટવેર છે તે આપણે બ્લોક કરી દઇએ છીએ કે જેના કારણે કોઇ ખોટી આઇટીસી મેળવી ન જાય અને તેની સામે કાયદેસરની બધી જ કાર્યવાહી કરી મિલકત જપ્તી સુધીનું કોર્ટના નિયમો અને જીએસટીના કાયદાની મર્યાદામાં રહી સખતમાં સખત પગલાં લેવાની આપણે કાર્યવાહી કરીએ છીએ અને કચ્છ હોય કે ઉત્તર ગુજરાત હોય કે આખું ગુજરાત હોય કોઇ પણ વિસ્તારમાં કોઇ વેપારી ગેરરીતિ કરે તો આપણે કડકાઇથી તેની સામે કાર્યવાહી કરીએ છીએ.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

૨૫૪૮૯ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૭૭૭ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૧૪૮૬.૭૮ લાખનો ખર્ચ થયો. |

---------

### મોરબી શહેરમાં મચ્છુ નદી પર બેઠો પુલ બાંધવા બાબત

૨૬૩૨૫ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી શહેરમાંથી પસાર થતી મચ્છુ નદીમાં બેઠો પુલ બાંધી ટ્રાફીક સમસ્યા હલ કરવા કેટલી માંગણીઓ આવી, અને<br>(૨) તે અન્વયે બેઠો પુલ બાંધવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ મળેલ એક રજૂઆત શહેરી વિકાસ વિભાગને લગતી હોય મળેલ રજૂઆત શહેરી વિકાસ વિભાગને તબદીલ કરેલ છે. |

---------

### નાણાં વિભાગમાં નિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક

૨૬૩૬૩ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટેકનીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક બાબતના સામાન્ય વહીવટ વિભાગના તા.૭–૭–૨૦૧૬ના ઠરાવ મુજબ કરાર આધારીત નિમણૂક જે તે કર્મચારી કે અધિકારી ૬૨ વર્ષની વયે પહોંચે ત્યાં સુધી જ આપી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો નાણાં વિભાગમાં આવી પુનઃ નિમણૂકો આપવામાં આવી હોય તો તેવા સંવર્ગવાર કર્મચારી/અધિકારીઓ તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ કેટલા, અને

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| **કરાર આધારીત અધિકારી/કર્મચારીની સંવર્ગવાર યાદી (તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ)** | | |
|---|---|---|
| **ક્રમ** | **સંવર્ગ** | **સંખ્યા** |
| ૧ | અધિક સચિવ | ૧ |
| ૨ | સંયુક્ત સચિવ | ૧ |
| ૩ | ઉપ સચિવ | ૪ |
| ૪ | સેક્શન અધિકારી | ૭ |
| ૫ | નાયબ સેક્શન અધિકારી | ૬ |
| ૬ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૧ |
| ૭ | નાયબ નિયામક | ૧ |

(૩)તે પૈકી ૬૨ વર્ષ કરતાં વધારે ઉંમરના કેટલા છે ?

(૩) ૧ (એક).

---------

**રાજ્યનું જાહેર દેવું**

૨૬૨૮૯ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કુલ કેટલું છે,

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ (સુ.અ.) | **૨,૪૦,૬૫૨** |

(૨) ઉક્ત દેવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વ્યાજ અને મુદ્દલ ચૂકવ્યું, અને

(૨)

| **નાણાકીય વર્ષ** | **ચૂકવેલ વ્યાજ(રૂ.કરોડમાં)** | **ચૂકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૭,૧૪૬ | ૧૩,૭૦૦ |
| ૨૦૧૮-૧૯ (સુ.અ.) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

(૩) આ વ્યાજની રકમ ચૂકવવા સરકારે શું પગલાં લીધાં?

(૩) રાજ્ય સરકારની વાર્ષિક મહેસૂલી આવકમાંથી આ વ્યાજની ચૂકવણી કરવામાં આવે છે.

---------

**ખેડા અને દાહોદ જિલ્લામાં મા અમૃતમ, મા વાત્સલ્ય અને આયુષ્યમાન યોજનાના લાભાર્થીઓ**

૨૬૩૯૪ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર/શહેરવાર મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન યોજના અન્વયે કેટલા લાભાર્થીઓએ સારવાર મેળવી,

(૧) *પત્રક-૧ મુજબ.

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર જિલ્લા/શહેરવાર કેટલી રકમ કઈ હોસ્પિટલને ચૂકવવામાં આવી,

(૨) *પત્રક-૨ થી ૪ મુજબ.

(૩) ઉક્ત યોજનાઓ હેઠળ ખાનગી હોસ્પિટલ લાભાર્થીઓને સમયસર અને પૂરતી સારવાર આપાતી ન હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) હા વાકેફ છે.

(૪)જો હા, તો આવી હોસ્પિટલો સામે શું કાર્યવાહી કરી?

(૪) ખેડા જિલ્લામાં કોઈ ફરીયાદ મળેલ નથી. દાહોદ જિલ્લામાં હોસ્પિટલો સામે કરેલ કાર્યવાહીની માહિતી પત્રક-૫ ના કોલમ-૬ માં સામેલ છે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાવલી તાલુકાના રોડના કામ મંજૂર કરવા બાબત**

૨૫૪૪૭ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનું સામંતપુરા ગોઠડા રોડનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ માટે તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩.૦૦ કિ.મી. લંબાઈ માટે રૂ.૧૯૦.૦૦ લાખ.

---------

**અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણો**

૨૫૪૯૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૮૧૧ ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) રૂ.૪૪.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**હિંમતનગર તાલુકાના એપ્રોચ રોડ મંજૂર કરવા બાબત**

૨૫૪૬૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કડોલી ગામને જોડતો એપ્રોચ રોડનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામ માટે કેટલી લંબાઈ અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૫.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ.૨૫૦.૦૦ લાખ.

---------

**પોરબંદર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૩૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં પોરબંદર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૧,૩૬,૬૦૨ |
| ૨૦૧૯ | ૧,૩૨,૭૯૩ |
| **કુલ** | **૨,૬૯,૩૯૫** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૧૪ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૯ | ૫૬ | ૧૦ | ૦૩ |
| **કુલ** | **૭૦** | **૧૦** | **૦૩** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર

આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૩૪૨ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઈસમો/વેપારી એકમો પકડાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ઈસમો/વેપારી એકમોની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ |
| જામનગર | ૦ | ૪ |

(૨)

| જિલ્લો | ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ |
| જામનગર | ૦.૦૦ | ૧૧૨.૮૨ |

(૩) કુલ–૦૪ ઈસમો/વેપારી એકમો પૈકી, ૦૪ વેપારી એકમો પાસેથી રૂ.૧૧૨.૮૨ લાખની વસૂલાત કરેલ છે.

---------

**ખાણ ખનિજના પરિવહનથી રસ્તાઓને થતાં નુકસાન બાબત**

૨૬૩૬૯ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખાણ ખનિજના પરિવહનથી જે રસ્તાઓને નુકસાન થાય છે તે રસ્તાઓને વધુ/ખાસ મજબૂત બનાવવાની જાહેર સરકાર દ્વારા કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવા ક્યા રસ્તાઓ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે ક્યા રસ્તાઓને ખાસ મજબૂત બનાવવામાં આવ્યા, અને

(૪) તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

હા,જી (૧), (૨), (૩) અને (૪) ખાણ–ખનિજના પરિવહનથી જે રસ્તાઓને નુકસાન થાય છે તેની માહિતી મેળવવામાં આવી રહેલ છે. ત્યારબાદ આનુષંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

---------

**રાજ્યનું જાહેર દેવું**

૨૭૦૬૪ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૮-૧૯ (સુ.અ) | ૨,૪૦,૬૫૨ |

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષમાં દેવા પેટે કેટલી રકમ વ્યાજ પેટે અને કેટલી રકમ મુદ્દલ પેટે ચૂકવવામાં આવી?

(૨)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ (રૂ. કરોડમાં) | ચૂકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૭,૧૪૬ | ૧૩,૭૦૦ |
| ૨૦૧૮-૧૯ (સુ.અ.) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

---------

**પાલનપુર તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી**

૨૭૯૬૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી દરમ્યાન કેટલા બાળકો મેજર થેલેસેમીયા, લીવર, કેન્સર, હૃદયરોગ અને કીડનીની બિમારીથી પીડાતા નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧)

| રોગ | બાળકોની સંખ્યા |
|---|---|
| મેજર થેલેસેમીયા | ૦૦ |
| લીવર | ૦૦ |
| કેન્સર | ૦૦ |
| હૃદય રોગ | ૧૨ |
| કીડની | ૦૧ |
| **કુલ** | **૧૩** |

(૨) સરકાર દ્વારા આ બીમારીથી પીડાતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |

(૩) કુલ ખર્ચ રૂ|. ૩૨,૪૧,૨૩૬/-

---------

**છોટાઉદેપુર જિલ્લામાં વીજ કનેક્શન આપ્યા વગર લાઈટ બિલ આપવા બાબત**

૨૭૫૩૧ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને વીજ કનેક્શન આપ્યા વગર લાઈટ બિલ આપવામાં આવે છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

**જવાબ**

(૧) નામ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સપ્લાય કોર્ડ-૨૦૧૫ની કલમ ૪.૪૨ની જોગવાઈ મુજબ વીજ વિતરણ કંપની દ્વારા નવું વીજ જોડાણનું કામ પૂર્ણ થયા બાદ સલામતીના કારણોસર અરજદારે પોતાના વીજ સ્થાપન પર જોડેલ વીજ ભાગ અને ઈલેક્ટ્રિકલ વાયરીંગની ચકાસણી ૬૦ દિવસમાં લાઈસન્સ ધારક ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાકટર પાસેથી કરવી, ટેસ્ટ રિપોર્ટ મેળવી વીજ વિતરણ કંપનીને રજૂ કરવાનો રહે છે. અને ટેસ્ટ રિપોર્ટ મળ્યાબાદ જ વીજ વિતરણ કંપની દ્વારા મીટર લગાવી કનેક્શન ચાલુ કરવામાં આવે છે. આજ જોગવાઈ મુજબ જો અરજદારે નિયત સમયમર્યાદામાં ટેસ્ટ રિપોર્ટ રજૂ કરેલ ન હોય તો જોગવાઈ અનુસાર અરજદારને લઘુત્તમ બિલ ડિમાન્ડ ચાર્જ અને ન્યૂનતમ માસિક ખર્ચ આપવામાં આવે

છે.

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને વીજ કનેક્શન વગર કેટલી રકમના બિલ આપવામાં આવેલ છે,

(૨) પત્રક–અ મુજબ

(૩) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર ખેડૂતો પાસેથી કેટલી રકમ વસૂલ કરવામાં આવેલ છે, અને

(૩) પત્રક–અ મુજબ

(૪) આવા ખેડૂતોને વીજ કનેક્શન ન આપવાના કારણો શું છે?

(૪) અરજદારો દ્વારા લાઈસન્સ ધારક ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરનો ટેસ્ટ રીપોર્ટ વીજ વિતરણ કંપની સમક્ષ રજૂ ન કરવાના કારણે ખેતીવાડી ગ્રાહકોને મીટર લગાડીને વીજ પુરવઠો આપી શકાતો નથી.

**પત્રક–અ**

**છોટાઉદેપુર જિલ્લો**

| | | **તા.૦૧–૦૨–૨૦૧૮ થી તા. ૩૧–૦૧–૨૦૧૯ દરમ્યાન મીટર જોડાણ વગરના વીજ જોડાણોમાં ખેડૂતોને આપેલ વીજ બિલ** | | | **તા.૦૧–૦૨–૨૦૧૯ થી તા. ૩૧–૦૧–૨૦૨૦ દરમ્યાન મીટર જોડાણ વગરના વીજ જોડાણોમાં ખેડૂતોને આપેલ વીજ બિલ** | | |
|---|---|---|---|---|---|---|---|
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કુલ ગ્રાહકોની સંખ્યા** | **વર્ષ દરમ્યાન આપેલ બિલની રકમ (રૂ. લાખમાં)** | **વર્ષ દરમ્યાન વસૂલ કરેલ રકમ (રૂ. લાખમાં)** | **કુલ ગ્રાહકોની સંખ્યા** | **વર્ષ દરમ્યાન ખેડૂતોને આપેલ બિલની રકમ (રૂ. લાખમાં)** | **વર્ષ દરમ્યાન વસૂલ કરેલ રકમ (રૂ. લાખમાં)** |
| ૧ | બોડેલી | ૧૮૬ | ૩.૧૧ | ૧.૫૪ | ૧૧૮ | ૨.૩૭ | ૦.૮૩ |
| ૨ | કવાંટ | ૩૬૮ | ૫.૯૭ | ૨.૯૧ | ૧૭૨ | ૪.૬૨ | ૧.૮૨ |
| ૩ | છોટાઉદેપુર | ૧૮૩ | ૩.૧૭ | ૦.૯૪ | ૧૪૫ | ૧.૯૭ | ૦.૯૧ |
| ૪ | નસવાડી | ૩૬ | ૧.૦૨ | ૦.૪૧ | ૨૬ | ૦.૭૩ | ૦.૨૬ |
| ૫ | પાવીજેતપુર | ૨૯૫ | ૨.૯૭ | ૧.૨૮ | ૨૨૭ | ૩.૨૮ | ૧.૩૨ |
| ૬ | તેજગઢ | ૩૭૩ | ૪.૨૫ | ૨.૦૩ | ૩૦૧ | ૩.૧૯ | ૧.૪૮ |
| ૭ | સંખેડા | ૧૭ | ૦.૩૬ | ૦.૧૯ | ૧૨ | ૦.૨૯ | ૦.૦૫ |

---------

**કલ્પસર યોજનાની કામગીરી**

૨૬૩૮૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજનાની જાહેરાત ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત યોજના પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજનાની જાહેરાત કરેલ નથી. કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટેના જરૂરી અભ્યાસોની કામગીરી માટે તા.૨૨–૦૧–૨૦૦૩થી સરકારશ્રીએ મંજૂરી આપેલી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ, કલ્પસર યોજના માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **નં.** | **વર્ષ** | **રૂ. લાખમાં** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૩૫૯૦.૯૫ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૨૦૩૬.૦૨ |
| ૩ | ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધી) | ૫૫૯.૫૪ |
| | **કુલ ખર્ચ રૂ. લાખમાં** | **૬૧૮૬.૫૧** |

(૩) પ્રગતિ હેઠળના અભ્યાસો પૂર્ણ થયા બાદ કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરીને, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ

મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલુ વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**પાટણ તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી**

૨૭૯૬૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લાના પાટણ તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી દરમ્યાન કેટલા બાળકો મેજર થેલેસેમીયા, લીવર, કેન્સર, હૃદયરોગ અને કીડનીની બિમારીથી પીડાતા નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧)

| રોગ | બાળકોની સંખ્યા |
|---|---|
| મેજર થેલેસેમીયા | ૦૧ |
| લીવર | ૦૦ |
| કેન્સર | ૧૬ |
| હૃદય રોગ | ૯૫ |
| કીડની | ૩૧ |
| **કુલ** | **૧૪૩** |

(૨) સરકાર દ્વારા આ બીમારીથી પીડાતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |
| મેજર | |

(૩) કુલ ખર્ચ રૂ. ૪૨,૫૪,૧૯૧/–

---------

**ખેડા જિલ્લામાં નર્મદા યોજના હેઠળનો સિંચાઈ વિસ્તાર**

૨૫૪૩૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ યોજના હેઠળ સિંચાઈ માટે ખેડા જિલ્લાના કેટલા હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં નહેરોનું કામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના હેઠળ સિંચાઈ માટે ખેડા જિલ્લાના કુલ ૩૬૯૦૯ હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ ૩૬૯૦૯ હેક્ટરમાં પ્રશાખા સુધી અને કુલ ૩૩૦૮૩ હેક્ટર વિસ્તારમાં પ્રપ્રશાખા સુધી નહેરોનું કામ પૂર્ણ થયેલ છે.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં મા અમૃતમ, મા વાત્સલ્ય અને આયુષ્યમાન યોજનાના લાભાર્થીઓ**

૨૬૪૧૫ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર/શહેરવાર મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન યોજના અન્વયે કેટલા લાભાર્થીઓએ સારવાર મેળવી,

**જવાબ**

(૧) *પત્રક–૧ મુજબ

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર જિલ્લા/શહેરવાર કેટલી રકમ કઈ હોસ્પિટલને ચૂકવવામાં આવી,

(૨) *પત્રક– ૨ થી ૪ મુજબ

(૩) ઉક્ત યોજનાઓ હેઠળ ખાનગી હોસ્પિટલોમાં લાભાર્થીઓને સમયસર અને પૂરતી સારવાર અપાતી ન હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪)જો હા, તો આવી હોસ્પિટલો સામે શું કાર્યવાહી કરી?

(૩) *પત્રક–૫,૬ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ચોર્યાસી તાલુકાના રસ્તાના કામ મંજૂર કરવા બાબત**

૨૫૪૪૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં મોરા સુવાલી મેઈન રોડ તપોવન સોસાયટીથી દામકાનગર ફળીયા સુધીના રસ્તાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

(૨) ૩ કિ.મી.ની લંબાઈ માટે રૂ. ૨૮૫.૭૫ લાખ

---------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલોની કામગીરી બાબત**

૨૬૨૬૮ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કયા પ્રકારની કેનાલોનું કેટલું કામ પૂર્ણ થયું છે અને કયા પ્રકારની કેનાલોનું કેટલું કામ બાકી છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણ થયેલ અને બાકી કેનાલોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પૂર્ણ થયેલ કેનાલની લંબાઈ (કિમી) | બાકી રહેતી કેનાલની લંબાઈ (કિમી) |
|---|---|---|
| મુખ્ય નહેર | ૧૦૧.૧૨ | ૦.૦૦ |
| શાખા નહેરો | ૧૫૨.૩૫ | ૦.૦૦ |
| વિશાખા નહેરો | ૪૮૨.૨૭ | ૦.૯૦ |
| પ્રશાખા નહેરો | ૧૦૯૯.૦૩ | ૯.૫૫ |
| પ્રપ્રશાખા નહેરો | ૪૫૬૧.૬૬ | ૭૪.૮૩ |
| **કુલ** | **૬૩૯૬.૪૩** | **૮૫.૨૮** |

(૨) ઉક્ત પૂર્ણ થયેલ કેનાલો પૈકી કયા પ્રકારની કેટલી લંબાઈની કેનાલોમાં ઉક્ત સ્થિતિએ પાણી છોડવામાં આવે છે, અને

(૨) ઉક્ત પૂર્ણ થયેલ કેનાલો પૈકી નીચે મુજબની લંબાઈમાં પાણી છોડવામાં આવે છે.

| તાલુકો | પાણી છોડવામાં આવે છે તે કેનાલની લંબાઈ (કિમી) |
|---|---|
| મુખ્ય નહેર | ૧૦૧.૧૨ |
| શાખા નહેરો | ૧૫૨.૩૫ |
| વિશાખા નહેરો | ૪૭૩.૯૨ |
| પ્રશાખા નહેરો | ૧૦૧૯.૦૩ |
| પ્રપ્રશાખા નહેરો | ૪૨૧૦.૨૯ |
| **કુલ** | **૫૯૫૬.૭૧** |

(૩) પાણી ન છોડવામાં આવતું હોઈ તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં પાણી છોડવામાં આવશે?

(૩) જમીન સંપાદન અને યુટીલીટી ક્રોસીંગના પ્રશ્નોના કારણે મીસીન્ગ લીન્કનાં કામ બાકી છે તે પૂર્ણ કરી વહેલી તકે પાણી છોડી આપવામાં આવશે

---------

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૫૫૦૪ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અગ્રતાના ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટેની યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલા નવા કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૮૬ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૨૬૪.૫૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ માટે ખેડૂતોને સબસિડી**

૨૪૬૭૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ માટે ખેડૂતોને કેટલી સબસિડી આપવામાં આવે છે, | (૧) રાજ્ય સરકારશ્રી દ્વારા, પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના ના પર ડ્રોપ મોર ક્રોપ - સૂક્ષ્મ સિંચાઈ માટે નીચે જણાવ્યા મુજબ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડ્રીપ ઈરિગેશન પદ્ધતિ માટે ખેડૂતોને નીચે જણાવ્યા મુજબ સબસિડી આપવામાં આવે છેઃ<br><u>૧.૦ સામાન્ય વર્ગના ખેડૂતોઃ</u><br>(A) બે હેક્ટર અથવા વધુ જમીન ધરાવતા ખેડૂતો -<br>ડાર્ક ઝોનને ડાર્ક ઝોન સિવાયના એમ કોઈ પણ વિસ્તારમાં સુ.સિ.પ.ના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ.૭૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે,<br>(B) બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા (નાના અને સિમાંત ખેડૂતો) -<br>ડાર્ક ઝોન સિવાયના વિસ્તારમાં સુ.સિ.પ.ના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા<br>રૂ.૮૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે,<br>ડાર્ક ઝોન વિસ્તારમાં સુ.સિ.પ.ના એકમ ખર્ચના ૮૦% સુધી અથવા હેક્ટરે રૂ.૮૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે,<br><u>૨.૦ અનુસૂચિત જાતિ/જનજાતિ વર્ગના ખેડૂતોઃ</u><br>ડાર્ક ઝોન સિવાયના વિસ્તારમાં સુ.સિ.પ.ના એકમ ખર્ચના ૮૫% સુધી અથવા<br>રૂ.૧,૦૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે,<br>ડાર્ક ઝોન વિસ્તારમાં સુ.સિ.પ.ના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા રૂ.૧,૦૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે, |
| (૨) તે અન્વયે જીએસટી લાગુ થતાં સબસિડીની રકમ ઘટી ગઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) જીએસટી લાગ્યા પછી સબસિડીની રકમમાં કોઈ ફેરફાર થયેલ નથી. |
| (૩) જો હા, તો આ સબસિડીની રકમ વધારવા સરકારે શાં પગલાં લીધાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્ય સરકારની અકસ્માત પેટે સહાય**

૨૬૪૩૧ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્ય સરકારની અકસ્માત ખર્ચ પેટે તાત્કાલિક સારવાર સહાય તરીકે રૂ. ૫૦ હજારની સહાય આપવાની નીતિ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા નાગરીકોને કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે જિલ્લાવાર કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) વર્ષ - ૨૦૧૮

| જિલ્લાનું નામ | નાગરિકોનાં કલેઈમ | ચૂકવેલ કુલ કલેઈમ રકમ (રૂપિયા) |
|---|---|---|
| સુરત | ૬૪૦ | ૧,૩૯,૯૯,૨૯૯ |
| વલસાડ | ૩૧ | ૧,૫૯,૨૫૦ |

વર્ષ - ૨૦૧૯

| જિલ્લાનું નામ | નાગરિકોનાં કલેઈમ | ચૂકવેલ કુલ કલેઈમ રકમ (રૂપિયા) |
|---|---|---|
| સુરત | ૧૯૫૪ | ૩,૮૩,૩૨,૭૫૦ |
| વલસાડ | ૦૭ | ૯૩,૯૪૭ |
| *પત્રક-અ સામેલ છે. | | |

(૨) *પત્રક - અ સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલો તૂટવા બાબત**

૨૬૨૭૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નર્મદાની કઈ કેનાલોના કેટલી વખત તૂટવાના બનાવો બન્યા,

(૨) ઉક્ત કેનાલો તૂટવાથી ખેડૂતોના પાક અને જમીનનું ધોવાણ થાય છે તેનાથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આવા ખેડૂતોને કોઈ સહાય કે લાભ આપવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિશાખા નહેરોના કુલ ૨૯ તથા પ્રશાખા નહેરોના કુલ ૪૦ તૂટવાના બનાવો બન્યા છે.

(૨) હા, જી.

(૩) કેનાલો તૂટવાથી ખેડૂતોના પાક અને જમીનનું ધોવાણ થવાના કિસ્સામાં સર્વે કરી વળતર ચૂકવી આપવામાં આવે છે.

**કલ્પસર યોજનાની કામગીરી**

૨૬૩૬૦ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પ્રોજેક્ટ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજના અંતર્ગત સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય સંબંધિત વિવિધ અભ્યાસો ઉપરાંત કલ્પસર ડેમ બનાવવા માટેના સંલગ્ન પાસાઓ તથા તેની અસરો સહિતના વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવેલ છે. કલ્પસર યોજનાના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૈકી કુલ ૨૫ અભ્યાસો પૂર્ણ થયેલ છે, જ્યારે ૦૮ અભ્યાસો પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત સ્થિતિએ, કલ્પસર યોજના માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નં. | વર્ષ | રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૫૯૦.૯૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૦૩૬.૦૨ |
| ૩ | ૨૦૧૯-૨૦ (તા.૩૧.૧૨.૨૦૧૯ સુધી) | ૫૫૯.૫૪ |
| | **કુલ ખર્ચ રૂ. લાખમાં** | **૬૧૮૬.૫૧** |

(૩) ઉક્ત પ્રોજેક્ટની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) પ્રગતિ હેઠળના અભ્યાસો પૂર્ણ થયા બાદ કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરીને, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૧ **શ્રી ઋષિકેશભાઈ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને

(૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ- ૧૧૦

(૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૪ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૦૦,૫૬૧ |
| ૨૦૧૯ | ૩,૦૧,૮૧૧ |
| **કુલ** | **૬,૦૨,૩૭૨** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૨૪ | ૨૯ | ૬ |
| ૨૦૧૯ | ૬૪ | ૪ | ૫ |
| **કુલ** | **૨૮૮** | **૩૩** | **૧૧** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**વિરમગામ તાલુકાની વિરપુર માઈનોરના બાંધકામ અંગે**

૨૫૪૪૦ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાની વિરપુર માઈનોરના બાંધકામના કામો

**જવાબ**

(૧) હા, જી તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાની વિરમગામ શાખા નહેર-૨ ની વિરપુર (ડાયરેક્ટ) માઈનોર

પૂર્ણ થયેલ છે કે કેમ, અને

જેની કુલ લંબાઈ ૩.૦૪૪ કીમી છે, તેનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને સિંચાઈનો લાભ મળેલ છે?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ આ નહેર દ્વારા વિરમગામ તાલુકાનાં કોકતા ગામના ૬૯૨ એકર જેટલા પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે.

---------

**રાજ્યનું જાહેર દેવું**

૨૬૪૭૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષમાં દેવા પેટે કેટલી રકમ વ્યાજ અને કેટલી રકમ મુદ્દલ પેટે ચૂકવવામાં આવી, અને

(૩) રાજ્યના જાહેર દેવામાં થતો વધારો અટકાવવા શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ (સુ.અ) | ૨,૪૦,૬૫૨ |

(૨)

| **નાણાકીય વર્ષ** | **ચૂકવેલ વ્યાજ (રૂ.કરોડમાં)** | **ચૂકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૭,૧૪૬ | ૧૩,૭૦૦ |
| ૨૦૧૮-૧૯(સુ.અ) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

(૩) રાજવિત્તિય શિસ્તનું પાલન અને તે દ્વારા દેવું , રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરિયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલો તૂટવા બાબત**

૨૬૨૬૫ **શ્રીમતી ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નર્મદાની કઈ કેનાલોના કેટલી વખત તૂટવાના બનાવો બન્યા,

(૨) ઉક્ત કેનાલો તૂટવાથી ખેડૂતોના પાક અને જમીનનું ધોવાણ થાય છે તેનાથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આવા ખેડૂતોને કોઈ સહાય કે લાભ આપવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિશાખા નહેરોના કુલ ૨૯ તથા પ્રશાખા નહેરોના કુલ ૪૦ તૂટવાના બનાવો બન્યા છે.

(૨) હા, જી.

(૩) કેનાલો તૂટવાથી ખેડૂતોના પાક અને જમીનનું ધોવાણ થવાના કિસ્સામાં સર્વે કરી વળતર ચૂકવી આપવામાં આવે છે.

---------

**આણંદ અને ભાવનગર જિલ્લામાં ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૩૮૮ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઈસમો/વેપારી એકમો પકડાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ઈસમો/વેપારી એકમોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| આણંદ | ૦ | ૦ |

(૨)

| **જિલ્લો** | **ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ.લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| આણંદ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | |
|---|---|---|
| ભાવનગર | ૫૪૮.૦૭ | ૧૩૨૭.૫૬ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી ?

(૩) કુલ ૧૧ ઇસમો/વેપારી એકમો પૈકી, ૦૧ વેપારી એકમ પાસેથી અંશતઃ રૂ.૮.૭૧ લાખની વસૂલાત કરેલ છે. બાકી વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**ખેડા અને વલસાડ જિલ્લામાં ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૩૯૧ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઇસમો/વેપારી એકમો પકડાયા,

(૧)

| **જિલ્લો** | **એકમોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| ખેડા | ૦ | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઇ, અને

(૨)

| **જિલ્લો** | **ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| ખેડા | ૦.૦૦ | ૦.૦૦ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી?

(૩) કુલ ૪૪ ઇસમો/વેપારી એકમો પૈકી, ૧૩ વેપારી એકમો પાસેથી રૂ. ૬૫.૮૫ લાખની વસૂલાત કરેલ છે. બાકી વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૬૩૪૫ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ ખાતે આવેલ સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨) *પત્રક–૧ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં સામેલ છે.)

---------

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૪૧૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઇસમો/વેપારી એકમો પકડાયા,

(૧)

| **જિલ્લો** | **એકમોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| વડોદરા | ૧૭ | ૧૦ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઇ, અને

(૨)

| **જિલ્લો** | **ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| વડોદરા | ૧૮૫.૭૬ | ૯૮૮.૪૬ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો/વેપારી એકમો સામે

(૩) કુલ ૨૭ ઇસમો/વેપારી એકમો પૈકી, ૨૦ વેપારી

શું કાર્યવાહી કરી?

એકમો પાસેથી રૂ. ૬૫૬.૬૧ લાખની વસૂલાત કરેલ છે. બાકી વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

### તાપી અને સુરત જિલ્લામાં બાલસખા યોજના

૨૬૪૨૩ **શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી,

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | તાપી | ૭૫૬ | ૭૪૯ | ૧૫૦૫ |
| ૨ | સુરત | ૨૨૮૫ | ૨૪૩૮ | ૪૭૨૩ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ કેટલી ખાનગી હોસ્પિટલોને ચૂકવવામાં આવી,

(૨)

| ક્રમ | જિલ્લો | ખાનગી હોસ્પિટલોની સંખ્યા | વર્ષવાર ચૂકવેલ રકમ રૂપિયા | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | તાપી | ૦૮ | ૬૨૧૩૩૦૦ | ૩૨૬૯૯૪૦૦ | ૩૮૯૧૨૭૦૦ |
| ૨ | સુરત | ૦૮ | ૫૩૬૧૪૭૦ | ૧૦૧૦૧૩૮૦ | ૧૫૪૬૨૮૫૦ |
| | **કુલ** | **૧૬** | **૧૧૫૭૪૭૭૦** | **૪૨૮૦૦૭૮૦** | **૫૪૩૭૫૫૫૦** |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષવાર થયેલ મૃત્યુ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | તાપી | ૬ | ૭ | ૧૩ |
| ૨ | સુરત | ૧૩ | ૬૯ | ૮૨ |

(૪) નવજાત બાળકોના મૃત્યુ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) નવજાત બાળકોના મૃત્યુ ઘટાડવા માતાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાઓના લાભ દ્વારા પોષણયુક્ત આહાર તેમજ સંસ્થાકીય સુવાવડ થાય તે માટે સરકારી સંસ્થામાં સુવાવડ કરવા માટે પ્રેરીત કરવામાં આવે છે. આ ઉપરાંત જે બાળકોનો જન્મ અધુરા માસે થયેલ હોય અથવા ગંભીર બિમારી સાથે જન્મેલ હોય તેવા બાળકને બાલસખા યોજનાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ત્યારબાદ જ્યારે બાળકને સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાંથી રજા આપવામાં આવે છે. ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તેમજ બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

---------

### પોરબંદર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત

૨૫૫૫૬ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૧) ૬૮૧.૩૯ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૮૪૬ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૨૭૧.૨૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વીજળીનું વેચાણ**

૨૬૩૦૪ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| **રાજ્ય** | **વર્ષ ૨૦૧૮** | | **વર્ષ ૨૦૧૯ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂ/યુનિટ** | **મી.યુ.** | **રૂ/યુનિટ** |
| આન્ધ્રપ્રદેશ | – | – | ૫.૪૦ | ૪.૪૪ |
| છત્તીસગઢ | – | – | ૦.૫૦ | ૪.૪૦ |
| તમિલનાડુ | – | – | ૧.૬૦ | ૫.૧૩ |
| ઉત્તરપ્રદેશ | – | – | ૯.૫૪ | ૪.૦૭ |
| મહારાષ્ટ્ર | – | – | ૦.૫૦ | ૪.૦૦ |
| પશ્ચિમ બંગાળ | – | – | ૮.૫૫ | ૩.૭૯ |
| બિહાર | – | – | ૭.૧૩ | ૪.૭૧ |
| ઝારખંડ | – | – | ૩.૩૦ | ૩.૯૧ |
| ઓરિસ્સા | – | – | ૬.૦૫ | ૪.૫૧ |
| મણીપુર | – | – | ૦.૦૪ | ૫.૦૦ |
| ઇન્ડિયન એનર્જી એક્ષચેન્જ* | – | – | ૧૩૮.૨૧ | ૪.૧૧ |

*અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે?

(૨) વીજળીનો સંગ્રહ શક્ય ન હોવાના કારણે તેનું ઉત્પાદન માંગને આધીન છે. વીજ માંગ અને પુરવઠો જુદા જુદા કારણોસર જેવા કે વરસાદ, રજાના દિવસો, તાપમાનની વધઘટ, તહેવારો, પવનઉર્જા, સૌરઉર્જા ની ઉપલબ્ધતા વગેરેને લીધે બદલાય છે. આથી જ્યારે–જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે, પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ "રાષ્ટ્રીય સંપત્તિ" કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી જેથી મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટાડવા સારૂ, રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પૂરી કર્યા બાદ વધારાની વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

---------

**રાજ્યના વીજ મથકોમાં વીજ ઉત્પાદન**

૨૬૪૪૮ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા સરકારી વીજ મથકો વીજ ઉત્પાદનની કામગીરી કરી રહ્યા છે, અને

(૨) ઉક્ત વીજ મથકોની સ્થાપિત વીજક્ષમતા કેટલી

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૯ સરકારી વીજ મથકો કાર્યરત છે.

(૨) ઉક્ત વીજ મથકો પૈકી ગુજરાત ઉર્જા વિકાસ

છે?

નિગમ લિ. સાથે થયેલ લાંબાગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગતની સ્થાપિત વીજક્ષમતા ૯૫૯૯ મે.વો. છે.

---------

**ગાંધીનગર શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર હસ્તકના ઉપલબ્ધ ખાલી પ્લોટો**

૨૫૨૪૯ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર હસ્તક કેટલા ચો.મીના કેટકેટલા રહેણાકના ખાલી પ્લોટ ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિવિધ સેક્ટરોમાં રાજ્ય સરકાર હસ્તકના નીચે મુજબના **કુલ ૮૧૦૬૭૭.૭૦ ચો.મી.ના કુલ–૩૫૬૩** રહેણાકના ખાલી પ્લોટ ઉપલબ્ધ છે.

| ક્રમ | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૫૦ | ૪૧ |
| ૨ | ૭૦ | ૬૯ |
| ૩ | ૮૧ | ૩૯૪ |
| ૪ | ૯૦ | ૯૧૯ |
| ૫ | ૧૩૫ | ૫૬૧ |
| ૬ | ૨૦૦ | ૪૭૧ |
| ૭ | ૨૫૦ | ૯૬ |
| ૮ | ૩૩૦ | ૫૭૬ |
| ૯ | ૫૦૪ | ૩૪૯ |
| ૧૦ | ૭૫૦ | ૫૩ |
| ૧૧ | ૯૫૦ | ૦૨ |
| ૧૨ | ૧૧૫૦ | ૨૭ |
| ૧૩ | ૧૬૫૦ | ૦૫ |

---------

**ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૮ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૧૨,૦૦૦ |
| ૨૦૧૯ | ૩,૧૧,૨૧૮ |
| **કુલ** | **૬,૨૩,૨૧૮** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૮૦ | ૨૭ | ૪ |
| ૨૦૧૯ | ૭૯ | ૪૭ | ૩ |
| **કુલ** | **૧૫૯** | **૭૪** | **૭** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પાડવા બાબત**

૨૬૨૭૭ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પડવાના કેટલા બનાવો નોંધાયા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પડવાના ૬૯ બનાવો નોંધાયા છે. |
| (૨) ઉક્ત ભંગાણ થવાથી પાણીનો કેટલો જથ્થો વહી ગયો, અને | (૨) સામાન્યતઃ નહેરોમાં ભંગાણ પડે ત્યારે વહી જતા પાણીના જથ્થાની માપણી શક્ય નથી. આમ છતાં અંદાજે ૯૬૧૭૮ ઘનમીટર પાણી વહી ગયું હશે. |
| (૩) ઉક્ત ભંગાણ થવાના કારણો શું છે ? | (૩) ઉક્ત કેનાલ તુટવાના કારણોમાં મુખ્યત્વે ખેડૂતો દ્વારા રાત્રે પાણીનો ઉપાડ બંધ કરતાં નીચવાસમાં પાણી વધી જવાથી, ખેડૂતો દ્વારા અવરોધ ઉભો કરતાં કે બીનધિકૃત રીતે પાણી લેતાં, અજાણ્યા ઇસમો દ્વારા ગેટ બંધ કરવાથી કે ખોલવાથી, પૅરેંટ કેનાલમાંથી વધુ પાણી આવતાં, કેનાલ કે સાયફનમાં કચરો ભરાવાથી, ઝમણથી જેવાં છે. |

---------

**પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૧૨ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ–૩૯૦. |
| (૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં બાળકોને હૃદય રોગની સારવાર**

૨૫૪૦૮ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ–૨૦૨. |
| (૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. |

---------

**મહીસાગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૫૪૮૭ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા | (૧) ૩૭૦૫ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |

નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

(૨) રૂ.૪૧૫૬.૯૯ લાખનો ખર્ચ થયો.

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ**

૨૬૦૧૭ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ટી.બી. ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત ટી.બી. ના દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નોંધાયેલ ટી.બી.ના દર્દીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દીઓ |
|---|---|---|
| ૧ | ગોધરા | ૬૧૦૫ |
| ૨ | હાલોલ | ૧૪૮૪ |
| ૩ | કાલોલ | ૭૫૯ |
| ૪ | ઘોઘંબા | ૫૨૯ |
| ૫ | શહેરા | ૧૩૦૨ |
| ૬ | મોરવા હડફ | ૭૯૪ |
| ૭ | જાંબુઘોડા | ૧૫૯ |

(૩) ઉક્ત ટીબીના દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા પંચમહાલ જિલ્લામાં જિલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીક હોસ્પિટલ, સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મફત નિદાન અને સારવાર પૂરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ.ટેક દ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. તાલીમબધ્ધ ડોટ્સ પ્રોવાઈડર (આશા) દ્વારા સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. દર્દીની બિમારીમાં સુધારો થયેલ છે કે નહીં તેની જાણકારી માટે સમયાંતરે ગળફાની તપાસ કરવામાં આવે છે. સરકાર તરફથી નિક્ષય પોષણ યોજના હેઠળ દર્દીને દર મહિને રૂ.૫૦૦/–ની મદદ કરવામાં આવે છે.

---------

**અમદાવાદ સરકારી ડેન્ટલ કોલેજનું મંજૂર થયેલ મહેકમ**

૨૫૩૮૯ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૬૭ |
| વર્ગ–૨ | ૪૮ |
| વર્ગ–૩ | ૮૨ |
| વર્ગ–૪ | ૬૩ |
| **કુલ** | **૨૬૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૩૫ | ૩૨ |
| વર્ગ–૨ | ૩૯ | ૦૯ |
| વર્ગ–૩ | ૫૬ | ૨૬ |
| વર્ગ–૪ | ૬૩ | ૦૦ |

| કુલ | ૧૯૩ | ૬૭ |
|---|---|---|

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડો.કટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોકટરોઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**પોરબંદર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૭ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં પોરબંદર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૧,૩૬,૬૦૨ |
| ૨૦૧૯ | ૧,૩૨,૭૯૩ |
| **કુલ** | **૨,૬૯,૩૯૫** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૧૪ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૯ | ૫૬ | ૧૦ | ૦૩ |
| **કુલ** | **૭૦** | **૧૦** | **૦૩** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ બાબત**

૨૬૩૫૧ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાદ્યપદાર્થ, દૂધ અને દૂધની બનાવટોમાં ભેળસેળ અંગે કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર ક્યા પ્રકારના ખાદ્ય પદાર્થોના કેટલા નમૂના વાંધાજનક જણાયા, અને

**જવાબ**

(૧) ૩૫૮ નમૂનાઓ (પત્રક સામેલ છે.)

(૨) ખાદ્યપદાર્થના ૧૯ નમૂનાઓ વાંધાજનક જણાયા છે, જેની વર્ષવાર, તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૮ | | વર્ષ ૨૦૧૯ | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **ખાદ્યપદાર્થનો પ્રકાર** | **તાલુકાનું નામ** | **ખાદ્યપદાર્થનો પ્રકાર** |
| જૂનાગઢ મહાનગર પાલિકા | હળદર પાવડર | વિસાવદર | રીફાઈન્ડ કપાસીયા તેલ |
| | વેજીટેબલ ફેટ સ્પ્રેડ | મેંદરડા | પેકેઝેડ ડ્રીંકીંગ વોટર |
| | મિક્સ મિલ્ક | કેશોદ | સીંગતેલ |
| જૂનાગઢ | મિક્સ મિલ્ક | જૂનાગઢ | પેકેઝેડ ડ્રીંકીંગ વોટર |

| | | | |
|---|---|---|---|
| માંગરોળ | ઘી | પાલિકા | ભેંસનું ઘી |
| માળીયા–હાટીના | મિક્સ મિલ્ક | જૂનાગઢ | ભેંસનું દૂધ |
| | મિક્સ મિલ્ક | ભેંસાણ | દેશી ઘી |
| ભેંસાણ | મિક્સ મિલ્ક | વંથલી | પેશ્ચ્યુરાઈઝડ ટોન્ડ મિલ્ક |
| | મિક્સ મિલ્ક | | ગોલ્ડ પેશ્ચ્યુરાઈઝડ ફુલ ક્રીમ મિલ્ક |

(૩) તે અન્વયે તાલુકાવાર સંબંધિતો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ હેઠળ સંબંધિતો સામે નિયમોનુસારની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક–અ**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮ | | | ૨૦૧૯ | | | છેલ્લા બે વર્ષમાં લીધેલ કુલ નમૂનાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ખાદ્ય પદાર્થના નમૂના | દૂધ અને દૂધની બનાવટોના નમૂના | કુલ નમૂના | ખાદ્ય પદાર્થના નમૂના | દૂધ અને દૂધની બનાવટોના નમૂના | કુલ નમૂના | |
| ૧ | જૂનાગઢ | ૧૪ | ૨૦ | ૩૪ | ૧૨ | ૩ | ૧૫ | ૪૯ |
| ૨ | માંગરોળ | ૪ | ૫ | ૯ | ૦ | ૩ | ૩ | ૧૨ |
| ૩ | માળીયા હાટીના | ૪ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૧૫ |
| ૪ | ભેંસાણ | ૩ | ૨ | ૫ | ૦ | ૨ | ૨ | ૭ |
| ૫ | વંથલી | ૧ | ૫ | ૬ | ૧ | ૬ | ૭ | ૧૩ |
| ૬ | વિસાવદર | ૧ | ૧ | ૨ | ૫ | ૧ | ૬ | ૮ |
| ૭ | મેંદરડા | ૨ | ૩ | ૫ | ૧૧ | ૨ | ૧૩ | ૧૮ |
| ૮ | માણાવદર | ૯ | ૨ | ૧૧ | ૭ | ૦ | ૭ | ૧૮ |
| ૯ | કેશોદ | ૧૭ | ૧૪ | ૩૧ | ૧૨ | ૩ | ૧૫ | ૪૬ |
| ૧૦ | જૂનાગઢ મહાનગરપાલિકા | ૫૭ | ૧૯ | ૭૬ | ૭૪ | ૨૨ | ૯૬ | ૧૭૨ |
| | **કુલ** | **૧૧૨** | **૭૫** | **૧૮૭** | **૧૨૭** | **૪૪** | **૧૭૧** | **૩૫૮** |

---------

**અમદાવાદ કેન્સર હોસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ**

૨૫૩૯૫ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કેન્સર હોસ્પિટલ, અમદાવાદને સને ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૧૫૬૭.૯૭ |
| ૨૦૧૯–૨૦ | ૧૨૭૬૮.૪૪ |
| **કુલ** | **૩૪૩૩૬.૪૧** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૭૨૫૮.૫૫ |
| ૨૦૧૯–૨૦ | ૧૩૭૯૮.૦૨ |
| **કુલ** | **૩૧૦૫૬.૫૭** |

---------

**નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૩ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|

કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

| | |
|---|---|
| ૨૦૧૮ | ૩,૦૦,૫૬૧ |
| ૨૦૧૯ | ૩,૦૧,૮૧૧ |
| **કુલ** | **૬,૦૨,૩૭૨** |

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૨૪ | ૨૯ | ૬ |
| ૨૦૧૯ | ૬૪ | ૪ | ૫ |
| **કુલ** | **૨૮૮** | **૩૩** | **૧૧** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

---------

## રાજ્યમાં ડોકટરો પાસે બોન્ડની રકમની વસૂલાત

૨૫૧૯૪ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી કેટલા ડોકટરો તબીબી શિક્ષણ પુરું કર્યા બાદ નિયત સેવા મર્યાદાનો ભંગ કરીને રાજ્ય બહાર અથવા વિદેશ ગયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આવા ડોકટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલ કરવામાં આવી, કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૯૩

(૨) બોન્ડની કુલ રૂ.૨,૬૩,૩૦,૦૦૦/–ની રકમ વસૂલવામાં આવી. બોન્ડની કોઈ રકમ વસૂલવાની બાકી રહેતી નથી.

---------

## નાણાં વિભાગમાં નિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક

૨૬૩૫૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ટેકનીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વય નિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક બાબતના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭–૦૭–૨૦૧૬ના ઠરાવ મુજબ કરાર આધારીત નિમણૂક જે તે કર્મચારી કે અધિકારી ૬૨ વર્ષની વયે પહોચે ત્યાં સુધી જ આપી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો નાણાં વિભાગમાં આવી પુનઃનિમણૂકો આપવામાં આવી હોય તો તેવા સંવર્ગવાર કર્મચારી/ અધિકારીઓ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કેટલા, અને

**જવાબ**

(૧) હા, જી

(૨) પત્રક મુજબ

**પત્રક**

| **કરાર આધારીત અધિકારી/કર્મચારીની સંવર્ગવાર યાદી (તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ)** | | |
|---|---|---|
| **ક્રમ** | **સંવર્ગ** | **સંખ્યા** |
| ૧ | અધિક સચિવ | ૧ |
| ૨ | સંયુક્ત સચિવ | ૧ |

| | | |
|---|---|---|
| ૩ | ઉપ સચિવ | ૪ |
| ૪ | સેક્શન અધિકારી | ૭ |
| ૫ | નાયબ સેક્શન અધિકારી | ૬ |
| ૬ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | ૧ |
| ૭ | નાયબ નિયામક | ૧ |

(૩) તે પૈકી ૬૨ વર્ષ કરતાં વધારે ઉંમરના કેટલા છે? (૩) ૧(એક)

---------

**ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા બાબત**

૨૬૩૩૧ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, લાંબાગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગત, વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવ ની વિગત નીચે મુજબ છે.

| **કંપનીનું નામ** | **૨૦૧૮** | | **૨૦૧૯ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|
| | **મી.યુ** | **રૂ./યુનિટ** | **મી.યુ** | **રૂ./યુનિટ** |
| સી.એલ.પી. ઈન્ડીયા પ્રા.લી.* | ૩૬૫ | ૫.૦૦ | – | – |
| એસ્સાર પાવર ગુજરાત લિમિટેડ | ૪૮ | ૩.૩૦ | ૨૮૦૭ | ૩.૧૬ |
| અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ | ૬૫૦૧ | ૩.૩૬ | ૧૩૦૫૩ | ૪.૦૨ |
| એ.સી.બી (ઈન્ડીયા) લી. | ૧૫૧૧ | ૨.૧૦ | ૧૧૬૫ | ૨.૨૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ | ૧૨૧૦૭ | ૨.૭૦ | ૧૨૨૧૮ | ૨.૮૯ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત, કરારની શરતો મુજબ ફિક્સ્ડ કોસ્ટ પણ ચૂકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૮માં રૂ.૩૮૨ કરોડ છે. વધુમાં જણાવવાનું કે, સી.એલ.પી. ઈન્ડીયા પ્રા.લી. સાથે થયેલ વીજ ખરીદ કરારની

---------

**ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૧૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હ્રદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને

(૨) હ્રદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ–૭૯

(૨) રાજ્ય સરકાર દ્વારા હ્રદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૫૪૯૪ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૯૮૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) રૂ.૨૪૯૬.૩૬ લાખનો ખર્ચ થયો

---------

**મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૦૯ **ડો.. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હ્રદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને

(૨) હ્રદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ-૧૧૦

(૨) રાજ્ય સરકાર દ્વારા હ્રદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**જામનગર સરકારી ડેન્ટલ કોલેજનું મંજૂર થયેલ મહેકમ**

૨૫૩૯૦ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૩૯ |
| વર્ગ-૨ | ૪૧ |
| વર્ગ-૩ | ૪૭ |
| વર્ગ-૪ | ૦૧ |
| **કુલ** | **૧૨૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૩ | ૨૬ |
| વર્ગ-૨ | ૨૮ | ૧૩ |
| વર્ગ-૩ | ૨૨ | ૨૫ |
| વર્ગ-૪ | ૦૧ | ૦૦ |
| **કુલ** | **૬૪** | **૬૪** |

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડો.કટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોકટરોઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**ડાંગ જિલ્લામાં નવા કૃષિ વીજ જોડાણ**

૨૫૪૮૫ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ૮૮૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ.૧૩૨૫.૮૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૨૬ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૪,૬૬,૯૯૯ |
| ૨૦૧૯ | ૪,૬૨,૮૯૪ |
| **કુલ** | **૯,૨૯,૮૯૩** |

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૧૯૦ | ૨૩ | ૨૧ |
| ૨૦૧૯ | ૨૨૧ | ૩૧ | ૧૫ |
| **કુલ** | **૪૧૧** | **૫૪** | **૩૬** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૩૪ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૧૨,૦૦૦ |
| ૨૦૧૯ | ૩,૧૧,૨૧૮ |
| **કુલ** | **૬,૨૩,૨૧૮** |

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૮૦ | ૨૭ | ૪ |
| ૨૦૧૯ | ૭૯ | ૪૭ | ૩ |
| **કુલ** | **૧૫૯** | **૭૪** | **૭** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**સોલાર પાવર પોલિસી ૨૦૦૯ અન્વયે ખોટ / સબસિડી ભરપાઈ કરવા બાબત**

૨૬૨૮૩ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સોલાર પાવર પોલિસી – ૨૦૦૯ અન્વયે વીજ ઉત્પાદકો પાસેથી ખરીદાતા વીજ જથ્થાના વેચાણ સામે જતી ખોટ/સબસિડી રાજ્ય સરકાર ભરપાઈ કરે છે તે હકીકત સાચી છે, | (૧) ના. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ સોલાર પાવર ખરીદ–વેચાણના ભાવફરક સામે પ્રાપ્ત કરાઈ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ભાવફેર અન્વયે રાજ્ય સરકારે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ભરપાઈ કરી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**શિનોર તાલુકાની માઈનોર દ્વારા સિંચાઈનું પાણી આપવા બાબત**

૨૫૪૪૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિનોર તાલુકાની સમારી વિશાખામાંથી નીકળતી ફતેપુરા–સામરા–સનીયાદ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિનોર તાલુકાની સમારી વિશાખામાંથી નીકળતી ફતેપુરા–સામરા–સનીયાદ માઈનોર દ્વારા ૧૬૮ એકર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) તેની યુજીપીએલ સબમાઈનોરની કામગીરી સ્થિતિ શું છે? | (૨) ફતેપુરા–સામરા–સનીયાદ માઈનોરની કુલ ૯ યુ.જી.પી.એલ સબમાઈનોરમાંથી ૮ યુ.જી.પી.એલ સબમાઈનોરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને ૧ યુજીપીએલ સબમાઈનોરની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

**ઝાલોદ તાલુકામાં ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુના દર્દીઓ**

૨૬૪૦૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુના કેટલા દર્દી નોંધાયા, | (૧) ડેન્ગ્યુઃ ૫૧<br>સ્વાઈન ફ્લુઃ ૨ |
| (૨) તે પૈકી સ્વાઈન ફ્લુના રોગચાળામાં કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) કોઈ પણ દર્દીનું મૃત્યુ થયેલ નથી. |
| (૩) સ્વાઈન ફ્લુના રોગને કાયમી ધોરણે અટકાવવા સરકારે શા પગલાં લીધાં? | (૩) સ્વાઈન ફ્લુ અટકાવવા માટે લીધેલ પગલાં નીચે મુજબ છે.<br>• ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે કેટેગરી અનુસાર રોગના દર્દીનું સર્વેલન્સ અને નિદાન.<br>• આઈસોલેશન વોર્ડ તૈયાર કરી રોગના દર્દીની સારવાર.<br>• આરોગ્ય શિક્ષણની કામગીરી, જનજાગૃતિ. |

**આણંદ અને ખેડા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ મેળવવા બાબત**

૨૬૩૭૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા વીજ કનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા વીજ કનેક્શન આપવાના બાકી છે તે ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૧) અને (૨) **પત્રક-અ** મુજબ

(૩) કૃષિ વિષયક વીજ જોડાણ-

ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઇ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

તત્કાલ વીજ જોડાણ-

તત્કાલ વીજજોડાણ આપવાના બાકી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| જિલ્લો | તાલુકો | કૃષિ વિષયક વીજજોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ ૩૧.૧૨.૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજજોડાણો મેળવવા મળેલ અરજીઓ | તે પૈકી આપેલ વીજ જોડાણો | આપવાના બાકી વીજ જોડાણો | તારીખ ૩૧.૧૨.૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજજોડાણો મેળવવા મળેલ અરજીઓ | તે પૈકી આપેલ વીજ જોડાણો | આપવાના બાકી વીજ જોડાણો |
| આણંદ | આણંદ | ૩૯૫ | ૨૨૪ | ૧૫૨ | ૦ | ૦ | ૦ |
| | બોરસદ | ૧૮૩ | ૧૦૬ | ૬૦ | ૦ | ૦ | ૦ |
| | આંકલાવ | ૧૫૭ | ૯૧ | ૫૭ | ૦ | ૦ | ૦ |
| | ઉમરેઠ | ૩૪૯ | ૧૮૯ | ૧૫૨ | ૧ | ૦ | ૦ |
| | પેટલાદ | ૧૮૬ | ૭૬ | ૯૫ | ૨ | ૧ | ૦ |
| | ખંભાત | ૮૮ | ૪૦ | ૩૯ | ૦ | ૦ | ૦ |
| | સોજીત્રા | ૧૯૪ | ૧૦૭ | ૭૩ | ૦ | ૦ | ૦ |
| | તારાપુર | ૧૧૧ | ૫૧ | ૫૩ | ૦ | ૦ | ૦ |
| ખેડા | ગલતેશ્વર | ૧૪૪ | ૧૦૯ | ૨૭ | ૦ | ૦ | ૦ |
| | ખેડા | ૨૦૦ | ૭૫ | ૧૧૭ | ૦ | ૦ | ૦ |
| | મહુધા | ૧૭૯ | ૧૦૧ | ૬૩ | ૧ | ૧ | ૦ |
| | માતર | ૨૩૭ | ૧૬૩ | ૬૨ | ૦ | ૦ | ૦ |
| | નડીયાદ | ૨૯૮ | ૨૦૫ | ૬૪ | ૦ | ૦ | ૦ |
| | ઠાસરા | ૪૧૪ | ૨૧૭ | ૧૪૩ | ૦ | ૦ | ૦ |
| | વસો | ૮૨ | ૫૪ | ૨૮ | ૦ | ૦ | ૦ |
| | મહેમદાવાદ | ૩૫૮ | ૧૨૮ | ૨૨૧ | ૨ | ૨ | ૦ |
| | કઠલાલ | ૩૯૫ | ૧૨૨ | ૨૭૨ | ૧ | ૧ | ૦ |
| | કપડવંજ | ૯૬૨ | ૩૨૫ | ૬૧૪ | ૩ | ૩ | ૦ |

---------

**જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૫૫૫૫ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ-પૂર્વ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૧) ૭૫૭.૬૮ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૦૭૦ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૩૧૧.૩૯ લાખનો ખર્ચ થયો.

---------

**મહિસાગર અને નવસારી જિલ્લામાં બાલસખા યોજના**

૨૬૩૯૯ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | મહિસાગર | ૩૯૭ | ૭૭૪ | ૧૧૭૧ |
| ૨ | નવસારી | ૧૩૯૧ | ૯૭૬ | ૨૩૬૭ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ કેટલી ખાનગી હોસ્પિટલોને ચૂકવવામાં આવી,

(૨)

| ક્રમ | જિલ્લો | ખાનગી હોસ્પિટલોની સંખ્યા | વર્ષવાર ચૂકવેલ રકમ રૂપિયા | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | મહિસાગર | ૪ | ૯૬,૪૬,૦૦૦ | ૨,૭૪,૧૨,૦૦૦ | ૩,૭૦,૫૮,૦૦૦ |
| ૨ | નવસારી | ૭ | ૭૭,૯૩,૦૦૦ | ૯૦,૬૯,૦૦૦ | ૧,૬૮,૬૨,૦૦૦ |
| | **કુલ** | **૧૧** | **૧,૭૪,૩૯,૦૦૦** | **૩,૬૪,૮૧,૦૦૦** | **૫,૩૯,૨૦,૦૦૦** |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષવાર થયેલ મૃત્યુ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | મહિસાગર | ૧૯ | ૪૫ | ૬૪ |
| ૨ | નવસારી | ૫ | ૧૪ | ૧૯ |

(૪) નવજાત બાળકોના મૃત્યુ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) નવજાત બાળકોના મૃત્યુ ઘટાડવા માતાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે જનની સુરક્ષા કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાઓના લાભ દ્વારા પોષણયુક્ત આહાર તેમજ સંસ્થાકીય સુવાવડ થાય તે માટે સરકારી સંસ્થામાં સુવાવડ કરવા માટે પ્રેરીત કરવામાં આવે છે. આ ઉપરાંત જે બાળકોનો જન્મ અધુરા માસે થયેલ હોય અથવા ગંભીર બિમારી સાથે જન્મેલ હોય તેવા બાળકને બાલસખા યોજનાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ત્યારબાદ જ્યારે બાળકને સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાંથી રજા આપવામાં આવે છે ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તેમજ બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

---------

**રાજકોટ-અમદાવાદ રસ્તાને સીક્સ લેન બનાવવા બાબત**

૨૬૩૨૨ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ-અમદાવાદ રસ્તાના સીક્સ લેન બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી અને

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ ૧૯૦.૯૧ કિ.મી.ની લંબાઈમાં કામગીરી પ્રગતી હેઠળ છે, જે જાન્યૂઆરી-૧૮ માં શરૂ કરવામાં આવી અને ડીસેમ્બર-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ૧૧.૦૯ કિ.મી.ની લંબાઈની

કેટલા સમયમાં પૂર્ણ કરવાની છે?

કામગીરી અંદાજો બનાવવાના તબક્કે છે. જે વહીવટી પ્રક્રિયા પૂરી કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામોને પાકા રસ્તાથી સુવિધા**

૨૫૨૦૭ **ડો.. અનિલ જોષીયારા** (ભિલોડા ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના આદિવાસી વિસ્તારમાં ૨૫૦ થી ઓછી અને ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામ–ફળીયાઓને બારમાસી પાકા રસ્તાની સુવિધા નથી.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારને કેટલી રજૂઆતો મળી છે, અને

(૩) ઉક્ત બાબતે ક્યા સુધીમાં આ વિસ્તારના ગામોને રસ્તાની સગવડો આપવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના આદિવાસી વિસ્તારમાં ૨૫૦ થી ઓછી અને ૫૦૦ વધુ વસ્તી ધરાવતા તમામ ગામ પાકા રસ્તાથી જોડાયેલ છે. અને ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ૬ ફળીયાને પાકા રસ્તાથી જોડવાના બાકી છે.

(૨) કોઈ રજૂઆત મળેલ નથી.

(૩) તમામ ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે.

---------

**રંઘોળા–વલ્લભીપુર પાસે પુલના કામ બાબત**

૨૬૩૬૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રંઘોળા–વલ્લભીપુર–ધોળા (જ) પાસે મંજૂર થયેલ આર.ઓ.બી. (પુલ)નું કામ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા પૂરું કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) ધોળા જંકશન પાસે ધોળા–રંઘોળા રોડ પર મંજૂર થયેલ રેલ્વે ઓવર બ્રિજની કામગીરી સ્થળ ફેરફાર કરી ધોળા બાયપાસ પર રેલ્વે ઓવર બ્રિજ બનાવવાની મંજૂરીની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં રસ્તાઓની મંજૂરી બાબત**

૨૬૨૭૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકાવાર ૨૫૦ થી વધુ આદિવાસી વસ્તી ધરાવતા ગામ–ફળીયાઓના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે,

(૩) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત બાકી રસ્તાઓના કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) પરિશિષ્ટ મુજબ

**પરિશિષ્ટ**

| **તાલુકોઃ દાંતા** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **યોજના** | **મંજૂર** | **પૂર્ણ** | **બાકી કામો** | **થયેલ ખર્ચ** |
| ૨૦૧૮ | નવા | – | – | – | – |
| | સમારકામ | ૬ | ૬ | – | ૧૬૪.૧૬ |
| ૨૦૧૯ | નવા | – | – | – | – |
| | સમારકામ | ૪ | – | ૪ | – |
| | **કુલ** | **૧૦** | **૬** | **૪** | **૧૬૪.૧૬** |
| **તાલુકોઃ અમીરગઢ** | | | | | |
| **વર્ષ** | **યોજના** | **મંજૂર** | **પૂર્ણ** | **બાકી કામો** | **થયેલ ખર્ચ** |
| ૨૦૧૮ | નવા | – | – | – | – |
| | સમારકામ | – | – | – | – |
| ૨૦૧૯ | નવા | ૨ | – | ૨ | – |
| | સમારકામ | ૫ | – | ૫ | ૨૧.૨૦ |
| | **કુલ** | **૭** | **–** | **૭** | **૨૧.૨૦** |

બાકી રહેલા કામો પૈકી પ્રગતિવાળા ૮ કામો બનતી ત્વરાએ, **૨** કામો નકશા અંદાજ તબક્કે તથા **૧** કામી ડી.ટી.પી. મંજૂરી હેઠળ હોઈ જે વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું

**રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૧૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને

(૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ–૨૦૨

(૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.

---------

**જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૧૩ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને

(૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ–૧૨૮

(૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**દેવભૂમિ–દ્વારકા અને જામનગર જિલ્લામાં બાલસખા યોજના**

૨૬૩૪૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભુમિ–દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | દેવભુમિ–દ્વારકા | ૨૦૯૨ | ૧૮૦૬ | ૩૮૯૮ |
| ૨ | જામનગર | ૫૬ | ૭૭ | ૧૩૩ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ કેટલી ખાનગી હોસ્પિટલોને ચૂકવવામાં આવી,

(૨)

| **ક્રમ** | **જિલ્લો** | **ખાનગી હોસ્પિટલોની સંખ્યા** | **વર્ષવાર ચૂકવેલ રકમ રૂપિયા** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | દેવભુમિ–દ્વારકા | ૦૭ | ૧,૧૫,૧૬,૦૦૦ | ૨,૧૨,૧૯,૦૦૦ | ૩,૨૭,૩૫,૦૦૦ |
| ૨ | જામનગર | ૦૭ | ૨૩,૭૩,૦૦૦ | ૩૪,૯૨,૫૦૦ | ૫૮,૬૫,૫૦૦ |
| | **કુલ** | **૧૪** | **૧,૩૮,૮૯,૦૦૦** | **૨,૪૭,૧૧,૫૦૦** | **૩,૮૬,૦૦,૫૦૦** |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૩)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષવાર થયેલ મૃત્યુ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દેવભુમિ–દ્વારકા | ૧ | ૨ | ૩ |
| ૨ | જામનગર | ૯ | ૧ | ૧૦ |
| | **કુલ** | **૧૦** | **૩** | **૧૩** |

(૪) નવજાત બાળકોના મૃત્યુ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) જનની સુરક્ષા કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાઓના લાભ દ્વારા પોષણયુક્ત આહાર તેમજ સંસ્થાકીય સુવાવડ થાય તે માટે સરકારી સંસ્થામાં સુવાવડ કરવા માટે પ્રેરીત કરવામાં આવે છે. જે બાળકોનો જન્મ અધુરા માસે થયેલ હોય અથવા ગંભીર બિમારી સાથે જન્મેલ હોય તેવા બાળકને બાલસખા યોજનાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ત્યારબાદ જ્યારે બાળકને સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાંથી રજા આપવામાં આવે છે. ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તેમજ બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

---------

## પંચમહાલ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

૨૫૪૯૨ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૯૮૦ કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) રૂ. ૨૪૯૬.૩૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## ધોળકા તાલુકાની નર્મદાની શાખાના કામ

૨૫૪૪૧ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં નર્મદાની શાખા, પ્રશાખા તથા પ્રપ્રશાખા નહેરોનું કામ કયા તબક્કે છે, અને

(૨) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધોળકા તાલુકામાં નર્મદા યોજનાની શાખા, પ્રશાખા અને પ્રપ્રશાખા નહેરોની વિગત નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ અંદાજીત લંબાઈ (કિ.મી.) | તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ પૂર્ણ થયેલ કુલ લંબાઈ (કિ.મી.) | કેનાલ નેટવર્કનું બાકી કામ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| શાખા નહેર | ૭૩.૩૪ | ૭૩.૩૪ | ૦.૦ |
| પ્રશાખા નહેર | ૩૨૯.૪૨ | ૩૨૪.૬૪ | ૪.૭૮ |
| પ્રપ્રશાખા નહેર | ૮૦૮.૭૭ | ૭૭૮.૮૫ | ૨૯.૯૨ |
| **કુલ** | **૧૨૧૧.૫૩** | **૧૧૭૬.૮૩** | **૩૪.૭૦** |

(૨) અમદાવાદ જિલ્લાનાં ધોળકા તાલુકામાં પ્રશાખા નહેરોની બાકી રહેતી ૪.૭૮ કિ.મી લંબાઈની કામગીરી જમીન સંપાદન અને ખેડુતોના વિરોધના પ્રશ્નોના ઉકેલ આવ્યેથી તેમજ પ્રપ્રશાખા નહેરોની બાકી રહેતી ૨૯.૯૨ કિ.મી.

લંબાઈની કામગીરી ખેડુતોની સંમતિ મળ્યેથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૩૪૯ **શ્રી હર્ષદભાઈ રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઈસમો/વેપારી એકમો પકડાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ઈસમો/વેપારી એકમોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| જૂનાગઢ | ૦ | ૦ |

(૨)

| **જિલ્લો** | **ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| જૂનાગઢ | ૦.૦૦ | ૦.૦૦ |

(૩) ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા ઈસમો/વેપારી એકમો જણાયેલ હોઈ તેઓ સામે કાર્યવાહી કરવાની રહેતી નથી.

---------

**નર્મદા કેનાલના કામ પૂર્ણ તથા બાકી બાબત**

૨૬૩૧૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નર્મદાની કયા પ્રકારની કેનાલ નેટવર્કની કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયું અને કેટલી લંબાઈનું કામ બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ

- નર્મદા યોજનાની મુખ્ય નહેરનું સંપૂર્ણ ૪૫૮.૩૨ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને કોઈ લંબાઈ બાકી નથી.
- શાખા નહેરની કુલ ૨૭૩૦.૫૮ કી.મી. લંબાઈ પૈકી ૨૬૨૮.૭૦ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૧૦૧.૮૮ કી.મી. લંબાઈમાં કામ બાકી છે.
- વિશાખા નહેરોમાં કુલ ૪૫૬૯.૪૧ કી.મી. પૈકી ૪૩૭૩.૩૯ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૧૯૬.૦૨ કી.મી. લંબાઈમાં કામ બાકી છે.
- પ્રશાખા નહેરોમાં કુલ ૧૫૬૬૯.૯૪ કી.મી. પૈકી ૧૪૦૮૯.૯૫ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૧૫૭૯.૯૯ કી.મી. લંબાઈમાં કામ બાકી છે.
- પ્રપ્રશાખા નહેરોની કુલ ૪૮૩૧૯.૯૪ કી.મી. લંબાઈ પૈકી ૩૯૮૫૯.૪૯ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૮૪૬૦.૪૫ કી.મી. લંબાઈમાં કામ બાકી છે.

*અંદાજીત લંબાઈમાં વધ-ઘટ થવા સંભવ છે.

(૨) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ જમીનસંપાદન, જંગલ અને અભયારણ્ય માંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપા લાઇન, ટેલીફોન/ઈલેક્ટ્રીક લાઈન વિગેરેની સંબંધિત વિભોગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજના છે.
પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લામાં નર્મદાની કેનાલો તૂટ્યા બાબત**

૨૬૨૫૯ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નર્મદાની કઈ કેનાલોના કેટલી વખત તૂટવાના બનાવો બન્યા.

(૨) ઉક્ત કેનાલોમાં ગાબડા પડવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ગાબડા પડવાથી કેનાલમાંથી કેટલું પાણી વહી ગયું?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફક્ત કચ્છ શાખા નહેર તૂટવાના બે બનાવો બન્યા છે.

(૨) ઉક્ત ગાબડાં કેનાલમાં પાઈપીંગ થવાના કારણે પડેલ છે.

(૩) સામાન્યતઃ કેનાલમાં ગાબડું પડે ત્યારે વહી જતા પાણીના જથ્થાની માપણી શક્ય નથી. આમ છતાં અંદાજે ૪૨૯૫૦૦ ઘનમીટર જેટલું પાણી વહી ગયું હશે.

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી**

૨૬૩૧૬ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર જીએસટી અન્વયે ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા કેટલા ઈસમો/વેપારી એકમો પકડાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી રકમની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો/વેપારી એકમો સામે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **એકમોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| સુરેન્દ્રનગર | ૦ | ૩ |

(૨)

| **જિલ્લો** | **ઉક્ત એકમોમાં સંભવિત ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટની ધ્યાને આવેલ રકમ (રૂ.લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૫૨.૪૨ |

(૩) કુલ–૦૩ ઈસમો/વેપારી એકમો પૈકી, ૦૧ વેપારી એકમ પાસેથી રૂ.૪૮.૦૭ લાખની વસૂલાત કરેલ છે. બાકી વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૬૦૦૬ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) **: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો કેટલા સમયથી આપવાના બાકી

**જવાબ**

(૧)

| **તાલુકો** | **વર્ષવાર કુલ પડતર અરજીઓ (નોંધાયેલ + અંદાજપત્ર આપેલ હોય, નાણાં ભરપાઈ** |
|---|---|

છે,

| | થવાના બાકી + અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ હોય) ની સંખ્યા | | |
|---|---|---|---|
| | **વર્ષ ૨૦૧૮** | **વર્ષ ૨૦૧૯** | **કુલ** |
| કોડીનાર | ૫ | ૨૯૨ | ૨૯૭ |
| ગીર ગઢડા | ૦ | ૨૯૪ | ૨૯૪ |
| સુત્રાપાડા | ૦ | ૪૬૮ | ૪૬૮ |
| તાલાલા | ૦ | ૧૬૧ | ૧૬૧ |
| ઉના | ૮ | ૪૯૩ | ૫૦૧ |
| વેરાવળ | ૪૫ | ૩૩૫ | ૩૮૦ |

(૨) આ બાકી રહેતા કૃષિવિષયક વીજજોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે, અને

(૨) ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

(૩) કૃષિવિષયક વીજજોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ માટે ખાસ કોઈ મેરીટ જાળવવામાં આવે છે કે કેમ?

(૩) કૃષિવિષયક વીજ જોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા અનુસૂચિત જાતિ પેટા યોજના અમલમાં મૂકેલ છે. સદર યોજનામાં રાજ્યમાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને અગ્રતાનાં ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવે છે.

---------

**જામનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજળીકરણ કરવા માટે ગ્રાન્ટ**

૨૬૩૩૮ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના (એસ.સી.એસ.પી.) અંતર્ગત ખાસ અંગભૂત પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ ના વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ વિસ્તારોમાં વીજળીકરણ કરવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૧) રૂ.૫૦૦.૦૦ લાખ

(૨) તે પૈકી જામનગર જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) વિભાગ કક્ષાએથી ગ્રાન્ટની રકમ નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, વડોદરા મારફત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને ફાળવવામાં આવે છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા વીજ વિતરણ કંપનીઓવાર મળતી અરજીઓને ધ્યાને લઈ ખર્ચ કરવામાં આવતો હોય છે. તદ અનુસાર જામનગર જિલ્લામાં રૂ. ૮.૬૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલી રહી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના**

૨૫૫૧૫ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ કુટીર જ્યોતિ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વીજ

(૧) ૭૩૩ વીજ જોડાણો આપવામાં આવ્યા.

જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? (૨) રૂ. ૫૮.૮૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**સાવરકુંડલા અને લીલીયા તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી**

૨૭૯૬૧ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકાની શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી દરમ્યાન કેટલા બાળકો મેજર થેલેસેમીયા, લીવર, કેન્સર, હૃદયરોગ અને કીડનીની બિમારીથી પીડાતા નોંધાયા,

(૧)

| **રોગ** | **બાળકોની સંખ્યા** | |
|---|---|---|
| | **સાવરકુંડલા** | **લીલીયા** |
| મેજર થેલેસેમીયા | ૦૦ | ૦૦ |
| લીવર | ૦૧ | ૦૦ |
| કેન્સર | ૦૩ | ૦૨ |
| હૃદય રોગ | ૬૨ | ૧૫ |
| કીડની | ૧૫ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૨) સરકાર દ્વારા આ બીમારીથી પીડાતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| **રોગ** | **હોસ્પિટલનું નામ** |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| લીવર | |

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે?

(૩)

| | |
|---|---|
| સાવરકુંડલા | રૂ. ૨૪,૫૩,૮૩૯ |
| લીલીયા | રૂ. ૩,૯૪,૪૫૮ |

---------

**રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો બાબત**

૨૬૪૧૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે,

(૧) ૦૫

(૨) તે પૈકી કેટલી સરકારી છે અને કેટલી ખાનગી છે,

(૨) રાજ્યમાં ૦૫ સરકારી અને ૭૧ ખાનગી ફીઝીયોથેરાપી કોલેજો છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને

(૩)

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર થયેલ કોલેજોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૦૩ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૦૧ |

(૪) નવી મંજૂરી આપવામાં આવેલ કોલેજો પૈકી કેટલી ખાનગી અને કેટલી સરકારી કોલેજોનો સમાવેશ થાય છે ?

(૪) ૦૪ ખાનગી કોલેજોનો સમાવેશ થાય છે. સરકારી એકપણ નહીં.

---------

**ડાંગ જિલ્લામાં નવા કૃષિ વીજ જોડાણ**

૨૫૪૮૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

(૧) ૮૮૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

વર્ષમાં ડાંગ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૩૨૫.૮૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**પ્રાંતિજ તાલુકામાં પુલ બનાવવા બાબત**

૨૫૪૫૪ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લાલપુર જેનપુર રોડ પર હયાદ બેઠા કોઝવેની જગ્યાએ પુલ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી

(૨) રૂા. ૨૭૦.૦૦ લાખ

---------

**રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વીજળીનું વેચાણ**

૨૬૩૨૦ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| **રાજ્ય** | **વર્ષ ૨૦૧૮** | | **વર્ષ ૨૦૧૯ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂ/યુનિટ** | **મી.યુ.** | **રૂ/યુનિટ** |
| આંધ્રપ્રદેશ | - | - | ૫.૪૦ | ૪.૪૪ |
| છત્તીસગઢ | - | - | ૦.૫૦ | ૪.૪૦ |
| તમિલનાડુ | - | - | ૧.૬૦ | ૫.૧૩ |
| ઉત્તરપ્રદેશ | - | - | ૯.૫૪ | ૪.૦૭ |
| મહારાષ્ટ્ર | - | - | ૦.૫૦ | ૪.૦૦ |
| પશ્ચિમ બંગાળ | - | - | ૮.૫૫ | ૩.૭૯ |
| બિહાર | - | - | ૭.૧૩ | ૪.૭૧ |
| ઝારખંડ | - | - | ૩.૩૦ | ૩.૯૧ |
| ઓરિસ્સા | - | - | ૬.૦૫ | ૪.૫૧ |
| મણીપુર | - | - | ૦.૦૪ | ૫.૦૦ |
| ઇન્ડિયન એનર્જી એક્ષચેન્જ* | - | - | ૧૩૮.૨૧ | ૪.૧૧ |

*અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા

(૨) વીજળીનો સંગ્રહ શક્ય ન હોવાના કારણે તેનું ઉત્પાદન માંગને આધીન છે. વીજ માંગ અને પુરવઠો જુદા જુદા કારણોસર જેવાં કે વરસાદ, રજાના દિવસો, તાપમાનની વધઘટ, તહેવારો, પવનઉર્જા, સૌરઉર્જાની ઉપલબ્ધતા વગેરેને

લીધે બદલાય છે. આથી જ્યારે–જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે, પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ "રાષ્ટ્રીય સંપત્તિ" કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી જેથી મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટાડવા સારૂ, રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પૂરી કર્યા બાદ વધારાની વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

---------

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ બાબત**

૨૬૩૭૨ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર માર્ગ અને મકાન (પંચાયત) ના પ્લાન અને નોનપ્લાનના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પરિશિષ્ટ–૧ મુજબ

| **ક્રમ** | **તાલુકો** | **પ્લાન રોડ** | **નોન પ્લાન રોડ** |
|---|---|---|---|
| ૧ | ઉમરાળા | ૩ | ૭ |
| ૨ | ગારીયાધાર | ૧૦ | ૫ |
| ૩ | ઘોઘા | ૧૪ | ૧૩ |
| ૪ | જેસર | ૮ | ૭ |
| ૫ | તળાજા | ૫ | ૯ |
| ૬ | પાલીતાણા | ૧ | ૫ |
| ૭ | ભાવનગર | ૧૭ | ૧૯ |
| ૮ | મહુવા | ૧૩ | ૨૪ |
| ૯ | વલ્લભીપુર | ૦ | ૫ |
| ૧૦ | શિહોર | ૧૪ | ૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું ?

(૨) ૧૮ રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે.

---------

**ડાંગ અને વલસાડ જિલ્લામાં બાલસખા યોજના**

૨૬૪૨૬ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | ડાંગ | ૫૫૦ | ૩૮૬ | ૯૩૬ |
| ૨ | વલસાડ | ૫૦૬ | ૧૨૨૩ | ૧૭૨૯ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ કેટલી ખાનગી હોસ્પિટલોને ચૂકવવામાં આવી,

(૨)

| **ક્રમ** | **જિલ્લો** | **ખાનગી હોસ્પિટલોની સંખ્યા** | **વર્ષવાર ચૂકવેલ રકમ રૂપિયા** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | ડાંગ | ૦૩ | ૨૪૩૨૭૦૦ | ૧૩૪૩૮૫૦ | ૩૭૭૬૫૫૦ |
| ૨ | વલસાડ | ૦૬ | ૯૭૦૫૨૦૦ | ૧૩૩૫૦૮૦૦ | ૨૩૦૫૬૦૦૦ |
| | **કુલ** | **૦૯** | **૧૨૧૩૭૯૦૦** | **૧૪૬૯૪૬૫૦** | **૨૬૮૩૨૫૫૦** |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૩)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષવાર થયેલ મૃત્યુ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૨ | વલસાડ | ૨૪ | ૬૮ | ૯૨ |
| | **કુલ** | **૨૪** | **૬૮** | **૯૨** |

(૪) નવજાત બાળકોના મૃત્યુ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) નવજાત બાળકોના મૃત્યુ ઘટાડવા માતાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાઓના લાભ દ્વારા પોષણયુક્ત આહાર તેમજ સંસ્થાકીય સુવાવડ થાય તે માટે સરકારી સંસ્થામાં સુવાવડ કરવા માટે પ્રેરીત કરવામાં આવે છે. આ ઉપરાંત જે બાળકોનો જન્મ અધુરા માસે થયેલ હોય અથવા ગંભીર બિમારી સાથે જન્મેલ હોય તેવા બાળકને બાલસખા યોજનાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ત્યારબાદ જ્યારે બાળકને સીક ન્યૂ બોર્ન કેર યુનિટમાંથી રજા આપવામાં આવે છે ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તેમજ બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં હોસ્પિટલ/આરોગ્ય કેન્દ્રોમાં આઉટસોર્સિંગથી ભરતી**

૨૭૩૦૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કઈ જગ્યાઓ આઉટસોર્સિંગ, કરાર આધારીત અને વીઝીટીંગ ધોરણે ભરવામાં આવેલ છે, અને | (૧) *પત્રક–૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કેટલા પગારથી ઉક્ત વ્યક્તિઓને નિમણૂક આપવામાં આવેલ છે ? | (૨) *પત્રક–૨ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**મહેસાણા જિલ્લામાં ઓવરબ્રિજની નબળી કામગીરી**

૨૬૨૮૬ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મોઢેરાથી ધારીયાલ તરફ જતા રસ્તા પર ઓવરબ્રિજનું કામ નબળું અને સમય મર્યાદામાં પૂર્ણ ન થયું હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,<br>(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે કોના મારફતે તપાસ કરાવી,<br>(૩) તપાસ દરમિયાન કેવા પ્રકારની ક્ષતિઓ ધ્યાને આવી, અને<br>(૪) નબળું કામ કરનાર અને સમય મર્યાદામાં કામ પૂર્ણ ન કરવા બદલ જવાબદારો સામે શા પગલાં લીધા ? | (૧), (૨), (૩) અને (૪)<br>ઉક્ત સ્થિતિએ મોઢેરાથી મીઠીધારીયાલ રસ્તા પર પુષ્પાવતી નદી પર પુલની કામગીરી પ્રગતિમાં છે. આ કામમાં ગુણવત્તા તથા સમય મર્યાદા બાબતે ફરીયાદ મળેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ચોર્યાસી તાલુકામાં પુલ સાથેના કામ મંજૂર કરવા બાબત**

૨૫૪૪૪ **શ્રીમતી ઝંખનાબેન પટેલ** (ચોર્યાસી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં લાજપોર કનસાડ | (૧) હા, જી. |

રોડ રેલ્વે ફાટકથી કનકપુર સુએઝ પ્લાન્ટ સુધીનો રસ્તો તથા ખાડીના પુલ સાથેનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

(૨) ૩ કિ.મી. ની લંબાઇ માટે રૂ. ૩૬૦.૬૦ લાખ.

---------

**અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણો**

૨૫૪૯૮ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૮૧૧ ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) રૂ. ૪૪.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**અમદાવાદમાં સરકારી મેડીકલ કોલેજનું મંજૂર થયેલ મહેકમ**

૨૫૩૮૮ **ડો.. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ માં સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફિક્સ પગાર આધારીત, માનદ વેતનથી ભરાયેલ છે, અને

(૪) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદમાં સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૩૪૩ |
| વર્ગ–૨ | ૧૦૫ |
| વર્ગ–૩ | ૨૪૬ |
| વર્ગ–૪ | ૧૬૪ |
| **કુલ** | **૮૫૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૨૬૮ |
| વર્ગ–૨ | ૮૭ |
| વર્ગ–૩ | ૧૮૮ |
| વર્ગ–૪ | ૧૬૪ |
| **કુલ** | **૭૦૭** |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કરાર આધારીત, ફિક્સપગાર આધારીત, માનદ વેતનથી ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | કરાર આધારીત | ફિક્સ પગાર આધારીત | માનદ વેતન |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૦૫ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૩ | ૦૭ | ૬૬ | ૦૦ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૨** | **૬૬** | **૦૦** |

(૪) તે પૈકી સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૭૫ |
| વર્ગ–૨ | ૧૮ |
| વર્ગ–૩ | ૫૮ |
| વર્ગ–૪ | ૦૦ |
| **કુલ** | **૧૫૧** |

નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડો.ક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડો.ક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઇ ભરવામાં આવશે.

---------

**ધોળકા તાલુકાનું રોડનું કામ મંજૂર કરવા બાબત**

૨૫૪૫૭ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના પાલડી થી ભેટાવાડા રોડનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી લંબાઇ અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૩.૮૦ કી.મી. લંબાઇ માટે રૂ. ૨૫૦.૦૦ લાખ |

---------

**અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણો**

૨૫૪૯૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૮૧૧ ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૪.૦૦ લાખનો ખર્ચ થયો. |

---------

**ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૨૫૪૧૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ–૭૯ |
| (૨) હૃદય રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૨) રાજ્ય સરકાર દ્વારા હૃદય રોગ ધરાવતા બાળકો માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

**પાલીતાણા તથા મહુડીના જૈન પદયાત્રિકો માટે પગદંડી બનાવવાની કાર્યવાહી બાબત**

૨૬૩૭૫ **શ્રી પ્રવિણભાઇ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પાલીતાણા પવિત્ર ધામના જૈન પદયાત્રિકો માટે અમદાવાદથી | (૧) અને (૨) સોનગઢ થી પાલિતાણા સુધીના ૨૨ કિ.મી. ના રસ્તા પર અલગથી પગદંડી બનાવવામાં આવેલ |

પાલીતાણા, અમદાવાદથી મહુડીના રસ્તાઓ પર પગદંડી બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

છે.

અન્ય રસ્તાઓ પર કામગીરી મંજૂર થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૫૪૯૩ **શ્રી રમેશભાઇ કટારા** (ફતેપુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૯૮૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) રૂ.૨૪૯૬.૩૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પડવા બાબત**

૨૬૨૮૦ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પડવાના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત ભંગાણ થવાથી પાણીનો કેટલો જથ્થો વહી ગયો, અને

(૩) ઉક્ત ભંગાણ થવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ભંગાણ પડવાના કુલ ૪૧ બનાવો નોંધાયા છે.

(૨) સામાન્યતઃ કેનાલમાં ભંગાણ પડે ત્યારે વહી જતા પાણીના જથ્થાની માપણી શક્ય હોતી નથી. આમ છતાં અંદાજે ૫૭૮૧૭ ઘનમીટર પાણી વહી ગયું હશે.

(૩) ઉક્ત ભંગાણ થવાના મુખ્ય કારણોમાં મુખ્યત્વે ખેડૂતો દ્વારા અન–અધિકૃત રીતે પાણી લેતાં, રાત્રે પાણી લેવાનું બંધ કરતાં કેનાલમાં પાણી વધી જવાથી, પૅરેંટ કેનાલમાંથી વધુ પાણી આવતાં, લીલ કે કચરો ભરાઇ જવાથી, ગેટના અનિયમિત ઓપરેશનથી, ઝમણથી જેવાં છે.

---------

**રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વીજળીનું વેચાણ**

૨૬૨૯૫ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| **રાજ્ય** | **વર્ષ ૨૦૧૮** | | **વર્ષ ૨૦૧૯ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂ/યુનિટ** | **મી.યુ.** | **રૂ/યુનિટ** |
| આંધ્રપ્રદેશ | – | – | ૫.૪૦ | ૪.૪૪ |
| છત્તીસગઢ | – | – | ૦.૫૦ | ૪.૪૦ |
| તમિલનાડુ | – | – | ૧.૬૦ | ૫.૧૩ |
| ઉત્તરપ્રદેશ | – | – | ૯.૫૪ | ૪.૦૭ |
| મહારાષ્ટ્ર | – | – | ૦.૫૦ | ૪.૦૦ |
| પશ્ચિમ બંગાળ | – | – | ૮.૫૫ | ૩.૭૯ |
| બિહાર | – | – | ૭.૧૩ | ૪.૭૧ |
| ઝારખંડ | – | – | ૩.૩૦ | ૩.૯૧ |
| ઓરિસ્સા | – | – | ૬.૦૫ | ૪.૫૧ |
| મણીપુર | – | – | ૦.૦૪ | ૫.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ઇન્ડિયન એનર્જી એક્ષચેન્જ* | – | – | ૧૩૮.૨૧ | ૪.૧૧ |

*અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા ખરીદવામાં આવી તે વિદીત થતું નથી.

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે?

(૨) વીજળીનો સંગ્રહ શક્ય ન હોવાના કારણે તેનું ઉત્પાદન માંગને આધીન છે. વીજ માંગ અને પુરવઠો જુદા જુદા કારણોસર જેવા કે વરસાદ, રજાના દિવસો, તાપમાનની વધઘટ, તહેવારો, પવનઉર્જા, સૌરઉર્જા ની ઉપલબ્ધતા વગેરેને લીધે બદલાય છે. આથી જ્યારે–જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે, પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ "રાષ્ટ્રીય સંપત્તિ" કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી જેથી મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટાડવા સારૂ, રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પૂરી કર્યા બાદ વધારાની વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

---------

## ગરબાડા તાલુકાના ગાંગરડા ગામના આયુર્વેદિક દવાખાનાનું મંજૂર મહેકમ

૨૬૪૦૮ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં ગાંગરડા ગામે ચાલતા સરકારી આયુર્વેદિક દવાખાનામાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ–૨ | ૧ |
| ૨ | વર્ગ–૩ | ૦ |
| ૩ | વર્ગ–૪ | ૧ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૨ | ૦ | ૧ |
| ૨ | વર્ગ–૩ | ૦ | ૦ |
| ૩ | વર્ગ–૪ | ૧ | ૦ |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી ભરાયેલ છે ?

(૩) સંવર્ગવાર હાલમાં વર્ગ–૪ ની એક જગ્યા આઉટસોર્સથી ભરાયેલ છે.

---------

## નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

૨૫૪૩૧ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૦૦,૫૬૧ |
| ૨૦૧૯ | ૩,૦૧,૮૧૧ |
| **કુલ** | **૬,૦૨,૩૭૨** |

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને

(૨)

સારવાર આપવામાં આવી, અને

| વર્ષ | હ્રદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૨૪ | ૨૯ | ૬ |
| ૨૦૧૯ | ૬૪ | ૪ | ૫ |
| **કુલ** | **૨૮૮** | **૩૩** | **૧૧** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી ?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદય | યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

---------

**રાજ્ય સરકાર દ્વારા ઘરભાડા ભથ્થું ૩૦ ટકા કરવા બાબત**

૨૬૩૦૭ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૯-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૮૦૨ (અગ્રતા-૧૩૭) ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થુ ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧-૭-૨૦૧૫ના સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય સમયે નિર્ણય લેવાનો હતો, આથી તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સરકારે કોઈ પાસાઓનો વિચાર કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તે અન્વયે ક્યા પ્રકારની વિચારણા ક્યારે કરી અને શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમનો ક્યારે અમલ કરવામાં આવશે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. સદરહું બાબત પરત્વે મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી, સરકારને અહેવાલ રજૂ કરવામાં આવશે, ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ બાબતમાં વિચારણા કરવામાં આવશે.

---------

**રાજ્ય સરકાર સંચાલિત હોસ્પિટલોમાં સુવિધાઓ આપવા બાબત**

૨૬૩૯૬ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૫-૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્ય સરકાર સંચાલિત દવાખાના/સિવિલ હોસ્પિટલોમાં આરોગ્ય વિષયક યોગ્ય અને પૂરતી સુવિધાઓ જેવી કે પ્રસુતિ વોર્ડની પાસે જ નિયોનેટલ આઇસીયુ હોવો જોઈએ તે વાત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ખેડા અને આણંદ જિલ્લામાં રાજ્ય સરકાર સંચાલિત કેટલા દવાખાના/હોસ્પિટલોમાં આ મુજબની વ્યવસ્થા નથી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

**મહીસાગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૫૪૮૮ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

| (૩) ઉક્ત યોજનાઓ હેઠળ ખાનગી હોસ્પિટલમાં લાભાર્થીઓને સમયસર અને પૂરતી સારવાર આપતી ન હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૩) હા જી. |
| (૪) જો હા, તો આવી હોસ્પિટલો સામે શું કાર્યવાહી કરી? | (૪) પાટણ જિલ્લામાં કોઈ ફરીયાદ મળેલ નથી. અને મહેસાણા જિલ્લામાં કુલ ૧૦ (દસ) ફરીયાદ મળેલ, જે વિષયને લગતી ન હોવાથી કાર્યવાહી કરવાની થતી નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં દિવાનીચાવડ ગામે કોતર પર બ્રિજ બનાવવા બાબત**

૨૬૪૧૦ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કતવારા-સામળીયાખુર્દ-ગાંગરડા રોડ પર દિવાનીયાવડ ગામે કોતર પર બ્રિજ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) હયાત ડુબાઉ પુલ હોય તથા આ રસ્તો ઓવરટોપીંગથી બંધ રહે ત્યારે અન્ય વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોય હાલ આયોજન નથી.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં મા અમૃતમ, મા વાત્સલ્ય અને આયુષ્યમાન યોજનાના લાભાર્થીઓ**

૨૬૩૦૯ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર/ શહેરવાર મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન યોજના અન્વયે કેટલા લાભાર્થીઓએ સારવાર મેળવી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર જિલ્લા/શહેરવાર કેટલી રકમ કઈ હોસ્પિટલને ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત યોજનાઓ હેઠળ ખાનગી હોસ્પિટલમાં લાભાર્થીઓને સમયસર અને પૂરતી સારવાર આપતી ન હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૪) જો હા, તો આવી હોસ્પિટલો સામે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ થી ૪ મુજબ

(૩) હા જી.

(૪) *પત્રક-૫ ના કોલમ-૫ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ બાબત**

૨૬૩૯૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકાર સંચાલિત દવાખાના/હોસ્પિટલોમાં ગાયનેક વોર્ડ તથા પીડીયાટ્રીક્સ વિભાગમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) કુલ ૦૯ જગ્યા ખાલી છે.
(વિગતવાર પત્રક-અ સામેલ છે.)

(૨)

- વર્ગ-૧ તજજ્ઞોની જગ્યા ભરવા માટે દર સોમવારે તેમજ તબીબી અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોકઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.
- વર્ગ-૩ ની નર્સીંગ, પેરામેડીકલ, ટેકનિકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા સ્ટાફનર્સ સ્પર્ધાત્મક પરીક્ષા સમિતી દ્વારા સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.

**પત્રક-અ**

| અ.ન | સંસ્થાનું નામ | વોર્ડનું નામ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ગાયનેકવોર્ડ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | પીડીયાટ્રીશીયન વોર્ડ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૧ | ૧ |
| | | | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૬ | ૪ | ૨ |
| ૨ | જનરલ હોસ્પિટલ આણંદ | ગાયનેકવોર્ડ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | પીડીયાટ્રીશીયન વોર્ડ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| ૩ | જનરલ હોસ્પિટલ પેટલાદ | પીડીયાટ્રીશીયન વોર્ડ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૪ | જનરલ હોસ્પિટલ ખેડા | ગાયનેકવોર્ડ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૪ | ૨ | ૨ |
| | | પીડીયાટ્રીશીયન વોર્ડ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૫ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર ડાકોર | ગાયનેકવોર્ડ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | પીડીયાટ્રીશીયન વોર્ડ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | | | **૨૩** | **૧૪** | **૯** |

---------

**વ્યારા તાલુકાના ડોલવણ કોતર પર પુલ બનાવવા બાબત**

૨૬૪૨૨ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ડોલવણ તાલુકાના કલમુંડી આમનિયા કોતર પર પુલ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પુલ મંજૂર કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ હોઈ ખર્ચનો કે એજન્સીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી અને તાપી જિલ્લામાં મા અમૃતમ, મા વાત્સલ્ય અને આયુષ્યમાન યોજનાના લાભાર્થીઓ**

૨૬૪૩૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને તાપી જિલ્લામાં જિલ્લાવાર/શહેરવાર મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન યોજના અન્વયે કેટલા લાભાર્થીઓએ સારવાર મેળવી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર જિલ્લા/શહેરવાર કેટલી રકમ કઈ હોસ્પિટલને ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત યોજનાઓ હેઠળ ખાનગી હોસ્પિટલમાં લાભાર્થીઓને સમયસર અને પૂરતી સારવાર આપતી ન હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૪) જો હા, તો આવી કઈ હોસ્પિટલો સામે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ થી ૪ મુજબ

(૩) હા જી.

(૪) *પત્રક-૫ ની કોલમ-૬ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્ન અન્ય વિભાગને તબદીલ કરવા અંગે**

શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમ-૪૭ (૩) મુજબ પોઈન્ટ ઓફ ઓર્ડર જે વખતે સભાગૃહ સમક્ષ જે કામકાજ ચાલતું હોય...

અધ્યક્ષશ્રી : તમને મેં એલાઉ કર્યા, હવે આગળ બોલો.

શ્રી બ્રિજેશ મેરજા : તેના અનુસંધાને અને સ્કોપમાં જ બોલું છું. મારો પ્રશ્ન ક્રમાંક-૧૧ પ્રાયોરિટીમાં હતો, પણ ચર્ચામાં ન આવી શક્યો. ત્યારે માર્ગ અને મકાન મંત્રીશ્રીને મેં પ્રશ્ન પૂછલો હતો કે મોરબીમાં મચ્છુ નદીની અંદર બે કાંઠાને જોડતો

કોઝવે પુલ કરવા માગો છો કો કેમ અને મંત્રીશ્રીએ એનો જવાબ એવો આપ્યો છે કે ભૂતકાળમાં શહેરી વિકાસ વિભાગને આ પ્રશ્ન તબદીલ કરેલો છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર હવે શું છે તે કહો.

શ્રી બ્રિજેશ મેરજા : મારો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : જે ચર્ચામાં નથી આવ્યો. એટલે હવે એની ચર્ચા ન થાય તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે જે રીતે માર્ગ અને મકાન વિભાગે શહેરી વિકાસ વિભાગને તબદીલ કર્યો છે તેની સામે મારો પ્રશ્ન છે. ભૂતકાળમાં માર્ગ અને મકાન વિભાગે એ જ નદી પર...

અધ્યક્ષશ્રી : માનનીય બ્રિજેશભાઇ, આપનો જે પ્રશ્ન હતો તેનો જવાબ આવી ગયેલો છે. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું, પ્લીઝ, બેસી જાઓ.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિના ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત**

શ્રી મહેશભાઇ રાવલ (સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી મહેશભાઇ રાવલઃ (સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિના ચોથા અને પાંચમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઈ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સન ૨૦૨૦-૨૧ના વર્ષના અનુદાન માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજ્યપાલશ્રીની *સિફારસ વાંચી સંભળાવીશ.

**ગૃહ વિભાગ**
**માગણી ક્રમાંક.૪૨**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **(**રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૯,૯૫,૫૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૨૦-૨૧ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૪૩**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૮,૩૩,૪૦,૧૦,૦૦૦ ની માગણી ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૪,૯૭,૭૪,૦૦૦ની માગણી ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપદરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપદરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરવામાં આવી.**

ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**સન ૨૦૨૦–૨૦૨૧**ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **ગુરૂવાર, તા.૧૨–૦૩–૨૦૨૦ (પહેલો દિવસ)** ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અ. નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૨** | | |
| ૧ | ૨૦૫૨– સચિવાલય...સેવાઓ ૦૯૦– સચિવાલય ૦૧–GES-23 ગૃહ વિભાગ રૂ.૧૬,૫૮,૯૫,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | પોલીસ તંત્રની સોશિયલ મીડીયામાં ખાસ કરીને ટીકટોકની વધતી જતી પ્રવૃત્તિઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં ૧૯૬૦થી દારૂબંધી અંગેના કડક કાયદાઓ હોવા છતાં દારૂ વેચાય છે તે અંગે યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં દારૂબંધીના કાયદા અન્વયે સખ્ત કેદની જેલ અને ભારે દંડની જોગવાઈ હોવા છતાં આવી કલમો દારૂ વેચનાર કે પીનાર સામે લગાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનલાલ વાળા (મોહનસિંહ રાઠવા) |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | જવાબદાર પોલીસ અધિકારીઓ જાહેરમાં દારૂ પીને તોફાન કરે છે ત્યારે તેઓની ધરપકડ કરી પોલીસ સ્ટેશનમાંથી જ જામીન અપાય છે તે ગંભીર બાબત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઈ કોળીપટેલ |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં રાજકારણીઓના સબંધીઓ સામે પોલીસ સ્ટેશનમાં કરેલ ફરિયાદો બાદ એફ.આઈ.આર. નોંધાતી નથી તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષભાઈ ડેર |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | ભારે પૂર અને વરસાદમાં માનવતાભરી કામગીરી કરી આમ જનતાની જીંદગી બચાવનાર પોલીસ કર્મીઓને પ્રોત્સાહિત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્રમાં હોર્સ રાઈડીંગ કલબ શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નૌશાદ સોલંકી |
| ૮ | ૨૦૫૨– સચિવાલય...સેવાઓ ૦૯૦– સચિવાલય ૦૧–GES-23 ગૃહ વિભાગ રૂ.૧૬,૫૮,૯૫,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | પોલીસ અશ્વદળમાં ઘોડાઓની અછત નિવારી તેની સંખ્યા વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | ક્રાઈમ બ્રાન્ચ અને એ.ટી.એસ.માં લાંબા સમય સુધી પોલીસ કર્મીઓની બદલીઓ જ કરવામાં આવતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓ અને દારૂના બુટલેગરો વચ્ચે થતા નાણાકીય લેવડ–દેવડના વિડીયો વાયરલ થવા છતાં અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં સાયબર ક્રાઈમના ગુન્હાઓમાં થતો વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઈ ભરવાડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | બુટલેગરો સામે થતી ફરિયાદ તેમજ ફરિયાદી અંગેની માહિતી પોલીસ કંટ્રોલરૂમમાંથી જ બારોબાર બુટલેગરોને મળી જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં ચાઈલ્ડ પોનોગ્રાફીનું વધતું જતું દુષણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મીઓને વીકલી ઓફ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૫ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગ દ્વારા કસ્ટોડીયલ ડેથ અંગેના વાર્ષિક અહેવાલો સમયસર રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | ઈન્ડીયન કરપ્શન સર્વે–૨૦૧૯ના રીપોર્ટ મુજબ રાજ્યમાં પોલીસ તંત્ર સૌથી વધુ ભ્રષ્ટ છે તેવા તારણ પછી પણ કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્રમાં પુરા પગારથી ભરતી ન કરાતાં, ભ્રષ્ટાચારને મળતું ઉત્તેજન નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| *૧૮ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મીઓની ઘટને લીધે તંત્રની કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | મહાનુભાવોની સુરક્ષા માટે અનેક પોલીસ કર્મીઓ તૈનાત રહે છે પરંતુ સામાન્ય જનતાના રક્ષણ માટે પર્યાપ્ત પોલીસ સ્ટાફ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મીઓ દારૂની હેરાફેરી કરતા કે પીધેલી હાલતમાં પકડાય છે ત્યારે તેને નોકરીમાંથી કાયમી રીતે છુટા કરવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા |
| ૨૧ | ૨૦૫૨–<br>સચિવાલય...સેવાઓ ૦૯૦–<br>સચિવાલય<br>૦૧–GES-23 ગૃહ વિભાગ<br>રૂ.૧૬,૫૮,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | રાજ્યમાં બળાત્કાર, ખૂન–લૂંટના વધતા જતાં બનાવો અટકાવવા માટે અસરકારક કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | અસામાજીક તત્વો ખુલ્લેઆમ હથિયારો સાથે તોડફોડ કરતા હોય છે ત્યારે આવા તત્વોને કાયમી રાજ્ય બહાર તડીપાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મીઓના પડતર પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | પુરતો સ્ટાફ ભરી વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | નવા સ્માર્ટ પોલીસ સ્ટેશનો બનાવવાની સાથોસાથ હયાત પોલીસ સ્ટેશનોમાં પ્રાથમિક સુવિધાઓ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રઘુભાઇ દેસાઇ |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા બેફામ માર મારી ગુનેગાર પાસેથી ખોટી રીતે કરાવવામાં આવતી કબૂલાત માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | એ.સી.બી. દ્વારા અપ્રમાણસર મિલકતના કેસોની તપાસ લાંબા સમય સુધી પૂર્ણ થતી નથી કે આગળ કોઈ કાર્યવાહીઓ પણ થતી નથી તો આવા કેસો પૂર્ણ કરવા જરૂરી સમય મર્યાદા નક્કી કરવામાં | શ્રી લલીતભાઇ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ મહિલા બેન્ડ બનાવવા ગૃહ વિભાગે સન–૨૦૧૬માં ૩૪ લાખ રૂપિયાનું બજેટ અને ૧૮ જગ્યાનું મહેકમ મંજૂર કરવા છતાં આજદિન સુધી તેનો અમલ થયો નથી તે સંદર્ભે કાર્યવાહી ન કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| *૨૯ | _ _ " _ _ | ૧૦૦ | પાસા હેઠળ પકડાયેલા ઇસમો એક યા બીજી રીતે બોર્ડમાંથી નિર્દોષ છુટી જાય છે તેની ઊંડી તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી |
| | | | **માગણી નં. ૪૩** | |
| ૩૦ | ૨૦૫૫– પોલીસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP-30 પોલીસ..<br>મહાનિરીક્ષક<br>રૂ. ૩૦,૪૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓએ પોલીસ મહાનિર્દેશકશ્રીને લખેલ ફરિયાદો બાબતના પત્રોના સાચા જવાબો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | એફ.એસ.એલ.માંથી જરૂરી અહેવાલો આવી ગયા પછી પોલીસ મુદ્દામાલ પાછો લાવતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૩૨ | ૨૦૫૫– પોલીસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP-30 પોલીસ..<br>મહાનિરીક્ષક<br>રૂ. ૩૦,૪૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | કામના ભારણ તેમજ માનસિક ત્રાસથી પોલીસ કર્મીઓ આત્મહત્યા કરવા મજબુર બને છે તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા માનવ અધિકારનો ખુલ્લે આમ ભંગ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | સરકારમાં રજૂઆત કરવા આવતા પ્રર્દશનકારીઓ ઉપર અમાનુષીભર્યુ વર્તન અને લાઠીચાર્જ કરનાર પોલીસ કર્મીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઇ પટેલ |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | લેડી ડોન અને માફીયાઓ દ્વારા પોલીસ તંત્રને અપાતી ધમકી પર અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | વિદેશથી આવતા નાગરિકો–પરિવારોની એરપોર્ટ બહાર તપાસના નામે હેરાનગતિ કરનાર જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ મહાનિર્દેશકશ્રી અને નાયબ પોલીસ મહાનિર્દેશકશ્રી દ્વારા રાજ્યના પોલીસ સ્ટેશનોનું અચાનક ચેકીંગ કરી, કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| ૩૮ | ૨૦૫૫– પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૧–MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ.૩૨,૮૪,૨૮,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | જનતાની ભીડ વધુ હોય તેવા જાહેર સ્થળોએ પોલીસ પોઇન્ટ આપી થતી ગુન્હાઇત પ્રવૃત્તિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઇ પરમાર (કનુભાઇ બારૈયા) |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કંટ્રોલ રૂમની ડાયલ ૧૦૦ રૂટની બધી જ લાઇનો ભ્રષ્ટ છે તેવી આમ જનતા ઉપર પડેલ | શ્રી સુખરામભાઇ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ખરાબ છાપ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | (અનંતકુમાર પટેલ) |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | કોઇપણ ગુન્હામાં પકડાયેલ શંકાસ્પદ વ્યક્તિ હાર્ટએટેક, કીડની જેવા ગંભીર રોગથી પીડાતો હોય તેમ છતાં તેને ઢોરમાર મારનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | દારૂનું જાહેરમાં વેચાણ થાય છે તેવા ટીવી ચેનલોના પ્રસારણ પછી પણ તાકીદે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગુલાબસિંહ રાજપૂત (ભરતજી ઠાકોર) |
| ૪૨ | ૨૦૫૫- પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧-MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ.૩૨,૮૪,૨૮,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં શિસ્તના નામે પોલીસ કર્મીઓને દબાવવામાં આવે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ગેનીબેન ઠાકોર (કાન્તીભાઇ ખરાડી) |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | સતત નોકરી અને કામના ભારણથી પોલીસ કર્મીઓના સ્વાસ્થ્યને ગંભીર અસરો ન પડે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સંજયભાઇ સોલંકી (અક્ષયકુમાર પટેલ) |
| ૪૪ | _ _ " _ _ | ૧૦૦ | સતત પોલીસ પેટ્રોલીંગ ન થવાના કારણે ગુન્હાઓનું પ્રમાણ વધતું જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (શીવાભાઇ ભુરીયા) |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | અસામાજિક તત્વો નિર્દોષ ઉપર જુલ્મ ગુજારે ત્યારે પોલીસ લાચાર બની જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા (પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૪૬ | _ _ " _ _ | ૧૦૦ | ગુનેગારને પકડવા માટે દબાણ લાવવા ખોટી રીતે પત્ની, બાળકો, મા-બાપ જેવા કુટુંબીજનોને પકડીને યાતનાઓ આપે છે તે માટે જવાબદારો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા (કાંતિભાઇ સોઢાપરમાર) |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ ખોટી રીતે ગુનાની કબૂલાત કરાવવા આરોપીઓ ઉપર થર્ડ ડીગ્રીનો ઉપયોગ કરે છે અને તેથી આરોપીઓને ગંભીર ઇજા થાય છે કે મૃત્યુ પામે છે. તે માટે જવાબદારો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઇ કાલરીયા (મહમદજાવીદ પીરઝાદા) |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | પેટ્રોલીંગ માટે ફાળવેલ વાહનોનો ઘણોખરો અંગત ઉપયોગ થાય છે તો દરેક પોલીસ સ્ટેશનની તે અન્વયે જરૂરી ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (પુનાભાઇ ગામીત) |
| ૪૯ | _ _ " _ _ | ૧૦૦ | દારૂનો મોટો જથ્થો પકડયા બાદ પણ પોલીસ તેના મુળ સપ્લાયર સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યુ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર (સંતોકબેન આરેઠીયા) |
| ૫૦ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ જાપ્તામાંથી કેદીઓ ભાગી જાય છે ત્યારે તેની યોગ્ય તપાસ કરી જવાબદારો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નથાભાઇ પટેલ (રાજેશભાઇ ગોહિલ) |
| *૫૧ | ૨૦૫૫-પોલીસ<br>૧૧૬- ન્યાય...વિજ્ઞાન<br>૦૧- MEP-10 ન્યાય....<br>પ્રયોગશાળા<br>રૂ.૫૩,૪૬,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૫૬ અને ૫૭ | ૧૦૦ | લાંબા સમયથી પોસ્કો કેસના એફ.એસ.એલ. સમયસર પરીક્ષણ નહી કરાતા સેમ્પલો નાશ પામે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | એફ.એસ.એલ.માં આવતા કેસોનું ઝડપી પરીક્ષણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| **માગણી નં. ૪૪** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩ | ૨૦૫૬–જેલ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– MEP-22 જેલ મહાનીરીક્ષક<br>રૂ.૩૬,૦૧,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૬૨ અને ૬૩ | ૧૦૦ | જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા, મેટલ ડીટેક્ટર સહીતના ઉપકરણોથી કડક ચેકીંગ કરવા છતાં જેલમાં ગેરકાયદેસર વસ્તુઓ પહોંચતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | જેલોમાં કેદીઓને અપાતી વસ્તુઓના ભાવ બજાર કિંમત કરતાં અનેકગણાં વસૂલાય છે તે રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૫૫ | _ _ " _ _ | ૧૦૦ | જેલોમાં કેદીઓને ખાનગી ટીફીન દ્વારા ગેરકાયદેસર વસ્તુઓ પહોંચાડવામાં આવે છે તે રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | જેલોમાં કેદીઓ ગેરકાયેદસર રીતે મોબાઇલો પર વાતો કરે છે તે સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૫૭ | _ _ " _ _ | ૧૦૦ | જેલોમાં ખુંખાર કેદીઓ દ્વારા નેટવર્ક ઉભુ કરીને ખંડણીની ઉઘરાણીઓ કરાય છે તે બાબતે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| ૫૮ | _ _ " _ _ | ૧૦૦ | જેલ મહાનિરીક્ષકની નબળી કામગીરીને લીધે જેલોમાં વારંવાર પ્રતિબંધિત વસ્તુઓ પકડાય છે ત્યારે આ માટે જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | જેલોમાં અનધિકૃત વસ્તુઓ કેદીઓ સુધી પહોંચી જાય છે તેની સામે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯૦મી દાંડીયાત્રા પ્રસંગે હું સૌને શુભેચ્છા પાઠવું છું. રાજય સરકાર દ્વારા બજેટ રજૂ થયા પછી ગૃહ વિભાગની માગણી નંબર–૪૨, ૪૩ અને ૪૪ જેની કુલ રકમ ૬૦,૪૮,૩૩,૪૨,૦૦૦ રૂપિયા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

રાજયમાં સુખ, શાંતિ અને સલામતી જળવાઇ રહે એ પોલીસ તંત્રની જવાબદારી હોય છે. પોલીસ જો જાગતી હોય તો નાગરિકો શાંતિથી સુતા હોય છે. હું પ્રવચન કરી રહ્યો છું એ પ્રવચનમાં પોલીસના મનોબળને તોડવા માગતો નથી. પોલીસની કામગીરીના બે પાસા છે એક ખૂબ સારી કામગીરી જે જગ્યાએ કરે છે એ જગ્યાએ પોલીસ તંત્રને વાહ–વાહ પણ મળતી હોય છે. અમુક કિસ્સામાં અમુક પ્રસંગે એવા બનાવો બનતા હોય છે એના લીધે પોલીસ તંત્ર ઉપર માછલા પણ ધોવાતા હોય છે. જે રાજયની અંદર પોલીસ વિભાગ દ્વારા કડકાઇથી કાયદાકીય રીતે પગલાં ભરવામાં આવે છે અને એના કારણોસર ગુજરાતની અંદર ભાઇચારા અને સલામતીનું વાતાવરણ આજે ગુજરાતમાં જોવા મળે છે.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, આપ કયારના કંઇક ચાવી રહ્યા છો તેથી બહાર જઇને એ થૂંકી આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કયાંક એને ડહોળાવવાના પ્રયત્નો થતાં હોય ત્યારે પોલીસ તંત્ર સજાગ થઇને એની સામે પગલાં ભરે છે. જે રીતે પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ દ્વારા કામગીરી થઇ રહી છે એ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે આ સભાગૃહ સમક્ષ થોડા આંકડા રજૂ કરું છું. રાજયમાં આઇ.પી.સી.ના ક્રાઇમ કેસો જે વર્ષ ૨૦૧૭માં ૧,૨૮,૭૭૫ હતા એ સન ૨૦૧૮ની અંદર ૧,૪૭,૫૭૪ થયા છે. એટલે કે ૧૮૭૯૯ કેસોનો વધારો થયો છે. આ ક્રાઇમ રેટના આધારે આપણે જોઇએ તો સન ૨૦૧૮માં આંધ્રપ્રદેશમાં ક્રાઇમ રેટ ૧ ટકો હતો, છત્તીસગઢમાં ૧.૯ ટકા હતો, જયારે ગુજરાતની અંદર ૪.૭ ટકા છે. આવી જ રીતે રાજયમાં આઇ.પી.સી. અને એસ.એલ.એલ.ના કેસોનું સંપૂર્ણ વર્ષ ૨૦૧૬–૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮નું સરવૈયુ જોઇએ તો એ સરવૈયાના આધારે ભારત દેશની તુલનાએ સો ટકા ગુજરાત એ સલામત રાજ્ય છે. તેમ છતાં પણ જે રીતે અન્ય રાજ્યોની સરખામણીમાં જો આપણે ગુજરાતની સરખામણી કરીએ તો છત્તીસગઢમાં ક્રાઇમ રેટ ૧.૯ ટકા છે, બિહારનો ક્રાઇમ રેટ ૫.૨ ટકા છે જ્યારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૭.૭ ટકા છે. આ રીતે કેસોમાં વધારો થવાના કારણે ક્રાઇમ રેટમાં પણ વધારો થતો જાય છે.

## તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

જે રીતે કેન્દ્ર સરકાર દ્વારા મેટ્રો શહેરો, સ્માર્ટ સિટીઓની જે વાતો થઇ રહી છે અને રચના પણ થઇ રહી છે. શહેરોમાં સુવિધાઓ વધે એટલે સામે સલામતીનું પણ એટલું મોટું કવચ એ નાગરિકો માગતા હોય છે. હું ખાસ કરીને અમદાવાદ શહેર અને સુરત શહેરની વાત કરીશ. ખાસ કરીને અમદાવાદમાં વર્ષ ૨૦૧૬ની અંદર જે કેસો થયા હતા એ ૧૬,૩૮૩ એની સામે વર્ષ ૨૦૧૮માં ૨૮,૭૬૪ કેસો થયા છે. એટલે આઇ.પી.સી. ક્રાઇમમાં ૧૨,૩૮૧ કેસોનો અમદાવાદ શહેરની અંદર વધારો થયો છે. સુરતમાં આપણે જોઇએ તો વર્ષ ૨૦૧૬માં ૧૯,૮૪૪ કેસો થયા હતા એની સામે વર્ષ ૨૦૧૮માં ૩૧,૧૬૬ કેસો થયા છે. એટલે કે, ૧૧,૩૨૨નો વધારો થયેલો છે.

ગઇ કાલે હું અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે મેં જોયું, દેશના તમામ જે મેટ્રો સિટી છે, જે મોટા શહેરો છે એનો ક્રાઇમ રેટ જોઇ રહ્યો હતો ત્યારે લખનૌનો ક્રાઇમ રેટ ૩.૨ ટકા, કલકત્તાનો ૩.૬ ટકા, ચેન્નાઇનો ૩.૭ ટકા, અમદાવાદનો ૫.૩ ટકા અને સુરતનો ૫.૭ ટકા છે, એ આ ચિંતાનો વિષય છે. કારણ કે, મેટ્રો સિટી બન્યા પછી જો ક્રાઇમ વધે તો એ સ્વાભાવિક છે કે, એ ચિંતાનો વિષય છે. રાજ્યના તમામ મેટ્રો શહેરો છે અને ખાસ કરીને દેશના તમામ મેટ્રો શહેરોમાં આઇ.પી.સી. અને એસ.એલ.એલ.ના કેસોનો જો આપણે ક્રાઇમ રેટ જોઇએ તો અમદાવાદ શહેર અને સુરતની અંદર એમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૬માં અમદાવાદ શહેરમાં જે પ્રમાણ હતું ૩૧,૭૬૨ એની સામે વર્ષ ૨૦૧૮માં ૫૨,૪૮૪ કેસો નોંધાયા છે. એટલે ૨૦,૭૨૨ કેસોનો વધારો થયો છે. એવી જ રીતે સુરતમાં વર્ષ ૨૦૧૬માં ૫૬,૯૪૩ હતા એની સામે વર્ષ ૨૦૧૮માં ૬૦,૩૮૪ થયા છે. (સમય સૂચક ઘંટડી) આમ ૩,૪૪૧ કેસોનો વધારો થયો છે. આ મેટ્રો ક્રાઇમ રેટ આઇ.પી.સી. અને એસ.એલ.એલ.નું પ્રમાણ બેંગ્લોરમાં ૫ ટકા છે, અમદાવાદમાં ૬.૫ ટકા અને સુરતમાં ૭.૫ ટકા છે.

મહિલાઓની સુરક્ષાની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. પણ જે રીતના બનાવો રાજ્યની અંદર બની રહ્યા છે એનો જો આપણે ક્રાઇમ રેટ વર્ષ ૨૦૧૮ પ્રમાણે જોઇએ તો પંજાબમાં ૧.૪ ટકા, તામિલનાડુમાં ૧.૫ ટકા, ઝારખંડમાં ૧.૯ ટકા અને ગુજરાતમાં ૨.૨ ટકા છે અને એ જ રીતે મેટ્રો સિટીમાં મહિલાઓના અત્યાચારની વાત કરીએ તો મેટ્રો સિટીમાં ચેન્નાઇમાં ૧.૮ ટકા, પટનામાં ૨.૩ ટકા, અમદાવાદમાં ૩.૪ ટકા અને સુરતમાં ૩.૫ ટકા છે. આ રાજ્યના બાળકોની આપણે ચિંતા કરીએ પણ આ બાળકો ઉપરના અત્યાચાર પણ આ રાજ્યમાં વધી રહ્યા છે અને એના કારણે સમગ્ર દેશના રાજ્યો સાથે જો ગુજરાતની આપણે સરખામણી કરીએ તો ઝારખંડમાં ફક્ત ૧ ટકા છે, આંધ્રમાં ૧.૯ ટકા, પંજાબમાં ૧.૬ ટકા અને ગુજરાતમાં ૩.૫ ટકાનો ક્રાઇમ રેટ નોંધાયો છે. રાજ્યની અંદર લૂંટના બનાવોની વાત કરીએ. છેલ્લા બે વર્ષમાં તો રોજ ત્રણથી ચાર લૂંટના બનાવો બને છે. ચોરીની જો આપણે વાત કરીએ તો રોજ ૩૫ બનાવો ચોરીના બને છે. અપહરણની વાત કરીએ તો રોજ ૮ બહેનો–દિકરીઓના અપહરણો થાય છે અને બીજી બાજુ ઘરફોડ ચોરીની વાત કરીએ તો રોજના ૧૦થી ૧૧ ઘરફોડ ચોરી થતી હોય છે. આમ ઓવર ઓલ જોઇએ તો રાજ્ય સરકારે આમાં ચિંતા કરીને વધુ કડક પગલાં ભરવા જોઇએ એવી મારી માગણી છે. વર્ષોથી મારી માગણી રહેલી છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે એટલા માટે રાજ્ય સરકારે પોલીસ આયોગની રચના કરવી જોઇએ. જેથી કરીને પોલીસના પ્રશ્નોને હલ કરી શકીએ. રાજ્ય સરકાર એક બાજુ કેન્દ્ર સરકારને વાત કરે છે. મારે દુઃખ સાથે કહેવું પડે કે રાજ્યને પોલીસ આધુનિકરણ માટે ભારત સરકાર દ્વારા જે ગ્રાન્ટ મળે છે, જે વર્ષ ૨૦૧૩માં રૂપિયા ૭૮ હજાર ૪૩ લાખ કરોડની ગ્રાન્ટ મળી હતી. આપણે જોવા જઇએ તો વર્ષ ૨૦૧૮–૧૯માં ફક્ત રૂપિયા ૨૭.૭ લાખ કરોડની ગ્રાન્ટ મળી. એટલે ૫૧ લાખ ૩૬ હજાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ મોસાળમાં માં પીરસનાર છે તેમ છતાં ગુજરાતને ઓછી મળેલી છે. ખાસ કરીને હોમગાર્ડના જવાનો જે ફરજ બજાવે છે એ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા પછી તેના ફરજના ભથ્થામાં દૈનિક ૩૦૦ રૂપિયાનો વધારો થવો જોઇએ જે વધારો કરવામાં આવ્યો નથી. એમને તાલીમ દરમ્યાન જે ભથ્થું આપવામાં આવે છે એ ફક્ત ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. જે આ મોંઘવારીના જમાનામાં પોસાતું નથી. બજેટમાં ગૃહ વિભાગ દ્વારા ૪૫૨૮ હોમગાર્ડ જવાનોનો વધારો કરવામાં આવ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા હોમગાર્ડની ભરતી પારદર્શક રહે એટલા માટે હોમગાર્ડ ભરતી બોર્ડની પણ રચના કરવી જોઇએ આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર(ભરવાડ)(શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણી નં. ૪૨, ૪૩, ૪૪ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એ માગણીઓમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષાના હેતુથી આજે ગુજરાતના પોલીસ અધિકારીઓ અને ગુજરાતના ગૃહમંત્રી અને માનનીય મુખ્યમંત્રીને હું અભિનંદન આપું છું કે ખૂબ જ સારી રીતે ગુજરાતમાં કાયદો, વ્યવસ્થા અને સલામતી સચવાઇ રહી છે. જેલમાં કેદી કલ્યાણ પ્રવૃત્તિઓ માટે કેદીઓને તાલીમ આપવાની, કેદીઓને સારું એવું શિક્ષણ મળી રહે, કેદીઓ ત્યાં મેડિટેશન વગેરે કરીને કાયમની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા રહે તેમાંથી પરિવર્તન કરીને બહાર આવે તો એક સારા નાગરિક બની શકે એની વ્યવસ્થા પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર, રાજ્યના ગૃહ મંત્રી અને પોલીસ ડિપાર્ટમેન્ટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેલોની ખૂબ સારી વ્યવસ્થા કરીને ઓપન જેલોની પણ વ્યવસ્થા ગુજરાત રાજ્યની અંદર કરવામાં આવેલી છે. વ્યવસ્થાના ભાગ રૂપે મહિલાઓ માટે પણ ખૂબ સરસ રીતે વ્યવસ્થા કરીને મહિલાઓને પણ સારું શિક્ષણ મળી રહે, ત્યાંથી પરીક્ષા આપવી હોય તો પણ આપી શકે એવી વ્યવસ્થા આજ સુધી પહેલાં ગુજરાતમાં નહોતી. દેશમાં પણ નહોતી. ગુજરાત રાજ્યના માનનીય ગૃહ મંત્રી અને મુખ્યમંત્રીએ આ જે વ્યવસ્થા કરી છે તેનાથી ક્રાઇમની અંદર પણ ખૂબ

મોટો ઘટાડો થવાની શક્યતાઓ છે. મારે એ કહેવું છે કે મહિલાઓ માટે ગુજરાત સરકારે જે ૧૮૧ અભયમની વ્યવસ્થા કરી. જેના કારણે તા. ૩૦-૧૧-૨૦૧૯ સુધી લગભગ ૫૬,૦૦૦ મહિલાઓના કોલ આવ્યા હતા અને મહદઅંશે પરિણામલક્ષી મદદ મળી છે. મહિલાઓનો ખૂબ સારી રીતે બચાવ થાય તેના માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે. સ્માર્ટ ફોનમાં એપ ડાઉનલોડ કરીને મહિલાઓને સારી રીતે લાભ મળે, ચેઇન સ્નેચીંગના ગુના ન બને, ઘરફોડીના ગુના ન બને તેના માટે ગુજરાત પોલીસમાં અદ્યતન વ્યવસ્થા કરીને ગુનાઓ ડિટેક્ટ કરવા માટે ગુજરાત પોલીસે જે પ્રયત્નો કર્યા છે તેને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસની અંદર આજ સુધીનો મને પણ જે અનુભવ છે એ અનુભવ હું કહેવા બેસું તો અત્યારના સંજોગોમાં કહેવાય એમ નથી. કારણ કે ગુજરાત પોલીસની અંદર હંમેશા એક જ વસ્તુ હોય છે, વિરોધપક્ષ હોય એ હંમેશા ગુજરાત પોલીસને બદનામ કરવાનું જ કામ કરતા હોય છે. આજ સુધી ગુજરાત પોલીસે જે રીતે કામ કર્યું છે, જેની સરકાર હોય એને વફાદાર હોય છે. કોઇ અધિકારીઓ કોઇ પાર્ટીના હોદ્દેદારો નથી હોતા પણ કંઇ પણ બનાવ બને તો પોતાના વોટોની રાજનીતિ કરવા માટે દરેક પક્ષ પોતપોતાની રીતે અલગ અલગ જઇને પોલીસને બદનામ કરવાનું જે કાવતરું ચાલે છે, પોલીસનું મોરલ તોડવાનું કાવતરું ચાલે છે એ વ્યાજબી નથી. આ ન થવું જોઇએ. જેના કારણે ગુજરાત પોલીસનું મોરલ ઉચું રહે. (અંતરાય) ગુજરાત પોલીસની અંદર મેં પણ નોકરી કરેલી છે એટલે ગુજરાત પોલીસની જે કહાની છે એ મારાથી સવિશેષ કોઇ ધારાસભ્યશ્રી નહીં જાણી શકે. પણ પહેલી વખત ગુજરાતના મુખ્યમંત્રીએ આની અંદર પારદર્શકતા લાવવાનો જે પ્રયત્ન કર્યો છે, એ.સી.બી.ના અધિકારીઓ જો કરપ્શન કરતા હોય તો એમને પકડીને પૂરી દે અને ૧૫-૧૫ દિવસ સુધી રીમાન્ડ લઇને આ ગુજરાત પોલીસે જે કામ કર્યું છે એ અભિનંદનને પાત્ર છે. હું આજે પણ કહેવા માગું છું કે પારદર્શકતા આને કહેવાય. સરકાર જે પારદર્શકતાથી કામ કરે છે એને પારદર્શકતા કહેવાય.

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, આપનું વકતવ્ય બપોરના ૧-૨૬ કલાકે પૂરું થાય છે અને આપે જે કીધુંને કે પોલીસ ખાતામાં હતા એટલે જ તમારા સિવાય કોઇ ધારાસભ્યશ્રી ના જાણે, હું પણ એક ધારાસભ્ય છું. બધા વકીલ જેમણે પ્રેક્ટીસ કરી હોયને એ પોલીસની બાબતમાં સૌથી વધારે જાણે. થેંક યું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. અહીંયા કહેવાયું એ પ્રમાણે કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાઇ રહે, લોકો સુખ અને શાંતિથી રહી શકે એ ગૃહ વિભાગની જવાબદારી છે. છેલ્લા વર્ષોમાં જો જોઇએ તો વહીવટી તંત્ર ઉપર સરકારનો જે કંટ્રોલ હોવો જોઇએ એ કંટ્રોલ રહ્યો નથી. વહીવટીતંત્ર પોતાની અનુકૂળતા મુજબ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇઓ હોવા છતાં પણ પોતાની ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારીઓ દાખવીને જે રીતે કામગીરી થઇ રહી છે તેના કારણે કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાવી જોઇએ એ જળવાતી નથી. રાજયમાં ગુંડાગીરી અને માફીયાગીરીમાં છેલ્લા વર્ષોમાં વધારો થયો છે. (અંતરાય) શ્રી જેઠાભાઇ, મુઠ્ઠી ખોલીએ તો એમાંથી શું નીકળે એ કહેવાની જરૂર નથી. આ જે હકીકત છે એ રેકર્ડ ઉપરની વાત છે. ગૃહમંત્રીશ્રી અહીંયા વારંવાર ગૃહની અંદર કાયદો અને વ્યવસ્થા અસરકારક છે, અસરકારક જળવાય છે. માનનીય શૈલેષભાઇ, અમારા ઉપનેતાએ કીધું એ પ્રમાણે બન્ને બાજુ છે. જે અધિકારીઓ સારી રીતે કાયદાને ધ્યાનમાં રાખીને પોતાની ફરજ છે એ નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકપણે અને તટસ્થ, નિષ્પક્ષ રીતે જયાં બજાવે છે ત્યાં કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાય છે એમાં કોઇ શંકાને સ્થાન નથી પણ મોટે ભાગે જે અધિકારીઓ કાયદાની વિરુદ્ધમાં જઇને તટસ્થ અને નિષ્પક્ષ રીતે કામ કરતા નથી ત્યાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે છે અને એના કારણે આમ પ્રજાને વધારે નુકસાન સહન કરવાનું આવે છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું જણાવવા માગું છું. ગુજરાત હાઇકોર્ટે પણ ટિપ્પણી કરી છે કે વારંવાર ૧૪૪ની કલમો શા માટે લાગુ પાડવામાં આવી રહી છે? અને ૧૪૪ની કલમ લાગુ પાડ્યા પછી પણ આ બાબતે સ્પષ્ટતા કરવા માટે તમારી માનસિકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે તાજેતરમાં છાપાઓ, ટી.વી.માં અને અહીંયા આંકડાકીય માહિતી આપી છે એમાં ગુજરાત છે એ દારૂબંધીને વરેલું છે ત્યારે મહાત્મા ગાંધીનું ગુજરાત છે. દારૂબંધીના કાયદાનો કડક રીતે અમલ કરવામાં આવે છે. કડક અમલ કરવાની વાત તો એક બાજુ રહી પણ રાજ્યની અંદર બહારના રાજ્યોમાંથી ખૂલ્લમ ખૂલ્લા દારૂ આવી શકે એ પ્રકારની વ્યવસ્થા તાજેતરમાં રાજ્ય સરકારે, ગૃહ વિભાગે જે ચેકપોસ્ટો હતી એ ચેકપોસ્ટોને નાબૂદ કરી તેના કારણે આજે ના કલ્પી શકાય એ પ્રકારનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાઇ રહ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આજે પણ ગુજરાતમાં દેશી દારૂના અડ્ડાઓ વ્યાપક પ્રમાણમાં છે. અગાઉ ભૂતકાળની અંદર ઘણા આગેવાનોએ સરકારને લિસ્ટ આપ્યું છે કે આટલી આટલી જગ્યાએ દારૂના અડ્ડાઓ ચાલે છે. ત્યારે માનનીય મંત્રીશ્રી આ બાબતે પણ ગંભીરતાપૂર્વક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી અમારે ઊના ખાતે ડી.વાય.એસ.પી. કચેરી આપવા માટે ડી.વાય.એસ.પી.ની પોસ્ટ ઊભી કરવા માટે અગાઉ રજૂઆત કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએથી દરખાસ્ત પણ કરવામાં આવી છે તો એ બાબતે વહેલી તકે સરકાર નિર્ણય કરે. નવ રચિત ગીર-ગઢડા તાલુકો નવો બન્યો છે તો ગીર-ગઢડા તાલુકામાંથી કોડીનાર તાલુકાના અમુક ગામો જેવા કે, હડમતિયા છે, ઉમેદપુરા છે, પીછવી ગામો જે છે એ કોડીનાર પોલીસ સ્ટેશનમાં છે અને એકસૂત્રતા જળવાય એ માટે જિલ્લા કક્ષાએથી એસ.પી. કચેરીએ દરખાસ્ત પણ ગૃહ વિભાગને કરી છે. આ

ગામો કોડીનાર તાલુકામાંથી લઇને ગીર–ગઢડા તાલુકાની અંદર સમાવેશ કરવામાં આવે. કારણ કે, એ ગામોનો રેવન્યૂ રીતે પણ ગીર–ગઢડા તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હેડ કોન્સ્ટેબલો છે, પોલીસ કોન્સ્ટેબલો છે એની બદલી કરવા માટે ગૃહ વિભાગની જે પદ્ધતિઓ છે એ બદલીઓ થયા પછી એક જગ્યાએ વારંવાર લાંબા સમય સુધી એ ફરજ બજાવતા હોય છે અને ત્યાર પછી પટો રિન્યૂ કરવા માટે એની ટ્રાન્સફર કરવામાં આવે અને એ બે મહિના, ત્રણ મહિના સુધી ત્યાં રહે અને ત્રણ મહિના પછી પુન: પછી એ જ જગ્યા ઉપર મૂકવામાં આવે છે ત્યારે મને લાગે છે કે કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં, કામગીરી કરવામાં થોડીક મુશ્કેલીઓ પડતી હોય છે તો બદલીઓ જે કરવામાં આવે છે એ નીતિ–નિયમો પ્રમાણે ત્રણ વર્ષ કે જે જોગવાઇ છે એ પ્રમાણે પોલીસ કોન્સ્ટેબલોની કે હેડ કોન્સ્ટેબલોની બદલીઓ થાય તો મને લાગે છે કે આપણે કાયદો અને વ્યવસ્થા સારી રીતે જાળવી શકીશું. આઉટ પોલીસ સ્ટેશનો જે છે એ આઉટ પોલીસ સ્ટેશનોને અદ્યતન કરીને વધારે સુચારું રીતે બનાવવામાં આવે એના માટે પણ આપના મારફત વિનંતી કરું છે.

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ સંઘવી, દંડકે ચાર મિનિટ ફાળવેલી છે.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનની અધ્યક્ષશ્રી, આપણે સૌ ગુજરાતીઓ ઘણા નસીબદાર છીએ કે આપણી પાસે અભેદ કિલ્લા જેવું સુરક્ષિત ઘર છે. આ સલામત ઘર એટલે આપણું ગૌરવવંતુ ગુજરાત. આ ઘરની મજબુત દિવાલો એટલે ગુજરાત સરકારના નેતૃત્વમાં આપણા બાહોશ અને સક્ષમ ગૃહ મંત્રાલય દ્વારા ઘડવામાં આવેલી સુરક્ષાની વિવિધ યોજનાઓ છે. એ પછી સી.સી.ટી.વી. કેમેરા હોય કે ગુનેગારોને સજા તક પહોંચાડવા ઘર સમા ગુજરાતને સુરક્ષિત રાખવા જે કોઇ પણ અભૂતપૂર્વ યોજનાઓ અમલમાં મૂકીને પગલા લેવામાં આવેલ છે તે બદલ સજાગ અને સિંહ જેવા આપણા ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબનો હું ગુજરાતની સૌ જનતા વતી આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજ્યની સરખામણીએ સુરક્ષા અને સલામતિમાં આપણે આજે પણ અવલ્લ નંબર પર છીએ. આ સૌ વ્યવસ્થાઓ બદલ હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ હમણાં અનેક વાતો કરી. ગુજરાતના ગુનાની વાતો થઇ. ગુજરાતની જનતા આજે પણ ગુજરાતનો ભૂતકાળ ભૂલી શકી નથી. ગુજરાતના અનેક શહેરો એની વિશિષ્ટતાથી નહોતું જણાતું પણ આ શહેરો પોતાના શહેરમાં જે લોકો અડ્ડો જમાવી રાખેલા ગુંડાઓના નામથી આ શહેરો જાણીતા હતા. મારે એ નામોમાં નથી પડવું પરંતુ ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત થયેલી એક બુકની અંદર અનેક આંકડાઓ આપેલા છે. માનનીય શૈલેષભાઇની અનેક વાતો સાચી છે કે ગુજરાત ગગડી રહ્યું છે. ગુજરાતના આંકડાઓ ગગડી રહ્યા છે પરંતુ એ આંકડાઓ કયાં ગગડી રહ્યા છે એ ધ્યાન ઉપર મૂકવા માગું છું. હિંસાત્મક ગુનાઓમાં ગુજરાત દેશભરમાં ૨૮મા ક્રમે છે. મિલકત વિરુદ્ધના ગુનાઓમાં આજે ગુજરાત દેશભરમાં ૨૩મા ક્રમે છે. બાળકો વિરુદ્ધના ગુનાઓમાં ગુજરાત આજે ૨૭મા નંબરે ગગડી રહ્યું છે. આર્થિક અને અપહરણના ગુનાઓમાં ગુજરાત આજે ૨૭ અને ૨૮મા ક્રમે ગગડી રહ્યું છે, ગગડી રહ્યા છીએ. પરંતુ અમે લોકો ગુનાના આંકડામાં ગગડી રહ્યા છીએ. અનેક રાજયો આ બાબતે વિકાસ કરી રહ્યા છે. આપણું પડોશી રાજય રાજસ્થાનના મુખ્યમંત્રી મારા અને મારા ગુજરાતીઓ વતી અનેકવાર અપમાનજનક સ્ટેટમેન્ટ આપી રહ્યા છે પરંતુ એ લોકો વિકાસ કરી રહ્યા છે. વિકાસ કયાં કરી રહ્યા છે? આ ગુનાઓના આંકડામાં વિકાસ કરી રહ્યા છે. હું સુરતથી ચૂંટાયેલો ધારાસભ્ય છું. મારા સુરત શહેરની જનતાએ અમારા ગૃહમંત્રીશ્રીને અનેકવાર મળીને, સુરતના અનેક પ્લાનીંગ માટે મળ્યા. સુરત શહેરના અનેક યુવાનો દેશભરમાં અને દુનિયાભરમાં ફરી રહ્યા છે. આ દેશ અને દુનિયાભરમાં ફરતા ફરતા કયાંકને કયાંક સમાજ જીવનના અમુક વર્ગની અંદર ડ્રગ્સની લત લાગી. આ ડ્રગ્સની લતને દૂર કરવા માટે ગૃહમંત્રીશ્રીએ અમારા પોલીસ વિભાગ દ્વારા સુરત શહેરની અંદર એક અસરકારક કામ કરવામાં આવ્યું તો છેલ્લા બે મહિનામાં સાતથી વધારે ડ્રગ્સના રેકેટો પકડીને એનો નાશ કરવાનું જે કામ કર્યું છે એ બદલ હું માનનીય ગૃહમંત્રીશ્રીનો આભાર માનું છું. સુરત શહેર ખૂબ વિકસિત થઇ રહ્યું છે. જે પ્રકારે સુરત શહેરની અંદર માઇગ્રેશન વધી રહ્યું છે એ પ્રકારે સુરત શહેરને આદરણીય ગૃહમંત્રીશ્રીએ પોલીસના...

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વનો મુદ્દો છે ખાલી અડધી મિનિટ જોઇએ છે. માનનીય ગૃહમંત્રીશ્રીએ સુરત શહેર માટે અલગ અલગ વ્યવસ્થા કરેલી છે. જેમ સુરત શહેરને વડોદરા, રાજકોટ અને અમદાવાદની સરખામણીમાં પોલીસનો સ્ટાફ આપવાની જે વ્યવસ્થા કરેલી છે એ આવનારા દિવસોમાં જો એ જલદીથી આપી દેવામાં આવે તો સુરત શહેરને ખૂબ ફાયદો થશે.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમંત્રીશ્રી માંગણી નં. ૭૨,૭૩ અને ૭૪ લઇને આવ્યા છે એના વિશે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ભગવાન સ્વામિનારાયણે કીધું છે કે શસ્ત્રધારી, સત્તાધારી અને રાજાના માણસ સાથે વિવાદ ન કરવો. આપ શસ્ત્રધારી છો, આપ સત્તાધારી છો અને આપ દિલ્હીના રાજાના માણસ છો એટલે આપની સાથે વિવાદ ન કરવો જોઇએ તેમ છતાંય હું દુઃસાહસ કરી રહ્યો છું. રામાયણમાં ભગવાન રામને મર્યાદા પુરુષોત્તમ કહ્યા છે અને ભગવાન રામે જયારે શ્રીલંકામાં ચડાઇ કરી ત્યારે વિભીષણ, રાજા રાવણનો ભાઇ આપણે બધા એને રામભકત તરીકે ઓળખીએ છીએ પણ રાવણની દ્રષ્ટિએ જુઓ તો એ વિભીષણ ભાઇ માટે કુટુંબનો હત્યારો કહી શકાય, એ ગદ્દાર કહી શકાય, એ ત્રાસવાદી કહી શકાય અને એને દેશદ્રોહી પણ આજની ભાષામાં કહી શકાય.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, આપણે રામાયણ ઉપર કયાં આવી ગયા?

શ્રી લલીતભાઇ કગથરા : સાહેબ, ગૃહ માટે જ બોલું છું. એના ઉપર જ જઇ રહ્યો છું. હું ગૃહમાં જ લઇ આવું છું. હું એ કહેવા માગું છું કે તમારી દ્રષ્ટિએ તમે જેને દેશદ્રોહીઓના થપ્પા મારી દો છો, તમે આજના યુવાનોને આ ગૃહ ખાતાનો ઉપયોગ કરીને દેશદ્રોહીના થપ્પા માર્યા એવા હાર્દિક હોય, અલ્પેશ કથીરયા હોય એ અમારી દ્રષ્ટિએ આંદોલનકારીઓ હતા તમારી દ્રષ્ટિએ કદાચ એ દેશદ્રોહી હશે, મારી ના નથી. મારો કહેવાનો મતલબ એ છે કે આવા યુવાનોને તમારા ગૃહ ખાતાનો ઉપયોગ કરીને દેશદ્રોહીઓના જે થપ્પા મારો છો એ મહેરબાની કરીને બંધ કરો અને આ ગૃહમંત્રીશ્રીને મારી હાથ જોડીને ગૃહમાં નમ્ર વિનંતી છે કે આ યુવાનો ઉપર જે કેસ છે એને વીડ્રોઅલ કરી અને એને સ્ટ્રીમલાઇન ઉપર લઇ આવો. હું માનનીય ગૃહમંત્રીશ્રીને એ કહેવા માગું છું. અહીંયા બેઠા હોય ત્યારે એ ભ્રષ્ટાચારી હોય, અહીંયા બેઠા હોય ત્યારે તમે એને કૌભાંડકારી ગણો અને આ જ વ્યક્તિઓ જગ્યા બદલે, ત્યાં આવે એટલે પવિત્ર થઇ જાય! આવી રીતે ગૃહ ખાતાનો ઉપયોગ કરવા માટે માગણી લઇ આવ્યા છો. હું ગૃહ સમક્ષ એ કહેવા માગું છું કે આપ છાછવારે ૧૪૪ની કલમ લગાડો છો. છાછવારે રાષ્ટ્રીય કોંગ્રેસ સામે કે રાજકીય દળ સામે આંદોલન કરવા માટે આપ *(xxx) અને દેશદ્રોહી, રાષ્ટ્રદ્રોહીની જેમ કલમો ઉમેરો છો, તેની સામે ગૃહખાતાને કહેવા માગું છું કે અમે ઘણીવાર શ્રી નીતિનકાકાને સાંભળીએ છીએ. અમારા કાનના પડદા તૂટી ગયા. તમે શું કર્યું, તમે શું કર્યું? આટલાં વર્ષોથી તમે શું કર્યું? શ્રી નીતિનભાઇ, સાવ સાચી વાત છે. અમે કાંઇ નથી કર્યું. જેઓ ટ્રેઝરી બેન્ચ ઉપર બેસતા હતા એ બધાનો મને અફસોસ છે કે એમણે કાંઇ ન કર્યું. એમણે જો તમારી જેમ ગૃહ ખાતાનો ઉપયોગ કર્યો હોત તો નવ નિર્માણના આંદોલનમાં તમે અત્યારે દેશદ્રોહી હોત. નીતિનભાઇ,આ ગૃહના નેતા આપણે કહીએ છીએ કે આંદોલનકારી હતા, નવ નિર્માણમાં જેલમાં ગયા હતા. આજે એની વિશિષ્ટતા માણીએ છીએ, કારણ અમારા વડીલોએ કઇ ન કર્યું. તમે ૨ માંથી ૩૦૦ થયા. માનનીય નીતિનભાઇ, તે દિવસે ગૃહખાતાનો ઉપયોગ કર્યો હોત તો ભાજપનું અસ્તિત્વ ન વધ્યું હોત. હું એ કહેવા માગું છું કે તમને મન પડે ત્યારે, તમને છાછવારે જરૂર લાગે ત્યારે ગૃહખાતાનો ઉપયોગ કરી રાજકીય માણસોને અહીથી ત્યાં ફેરવો છો. અહીંયા બેઠેલા ઘણા લોકો આમ બરાડા પાડી પાડીને કહેતા હતા અને આજે અહીંયા બેઠા છે ત્યારે વખાણ કરે છે.(અંતરાય) સ્થળની વાત છે. સ્થળનો પ્રશ્ન છે. હું એ કહેવા માગું છું કે ત્યાં બેઠા હોય તેને છગડો દેખાય, અમને નવડો દેખાય. આજે સવાલ સ્થળનો છે. માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે અત્યારે પાટીદાર યુવાનો ઉપર જે જે આંદોલનો કર્યા છે, અથવા એની ઉપર દેશદ્રોહીની કલમો કરીને આજે કોર્ટમાં ધક્કા ખાય છે. એમાંથી એમને મુક્ત કરો તેવી મારી હાથ જોડીને નમ્ર વિનંતી છે. મારે ખાસ તો કહેવું છે કે જ્યારે દિવાળી હોય, હોળી હોય, સાતમ, આઠમ હોય ત્યારે પોલીસ ખાતાવાળા ડ્યૂટી બજાવતા હોય છે. તેમને સેલ્યુટ કરવાનું મન થાય છે. એને કુટુંબ છે, એને કુટુંબ ભાવના છે. કાલે ટીવીમાં જોયું કે પોલીસ ડિપાર્ટમેન્ટે બીજા દિવસે વાસી હોળી ઉજવી. તહેવારમાં કે કોઇપણ પ્રસંગે તે દિવસનું મહત્વ હોય છે. તેમ છતાં એમને સેલ્યુટ કરીને કહું છું કે આવા અધિકારીનું મોરલ ઉંચું થાય એને ફ્રી હેન્ડ કામ કરવા દો, તો કયાંક સતીષ વર્મા થશે અને આ દેશમાં અને રાજ્યમાંથી ગુંડાગીરી નાબૂદ થશે, તેવી અભ્યર્થના અને વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આપના પ્રવચનમાંથી *(xxx) ગૃહ ખાતા તરફથી થાય છે તે શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મારા નામનો ઉલ્લેખ કર્યો એટલે કહું છું. નવ નિર્માણમાં તમારી કોંગ્રેસ સરકારે અમને મારી મારીને તોડી નાંખ્યા હતા. લોહીલુહાણ કરી નાંખ્યા હતા. મારા માથાના વાળ તોડી નાખ્યા હતા. અયોધ્યા મંદિર વખતે પણ, રામ શિલાન્યાસ પૂજન વખતે પણ તમારી કોંગ્રેસ સરકારે અમારા હજારો કારસેવકોને એવો મારા માર્યો હતો કે હજુ શિયાળામાં યાદ આવે છે. શ્રી લલીતભાઇ, હજુ શિયાળામાં યાદ આવે છે. પોલીસ પોલીસ જ છે. તમારા વખતમાં બહુ જુલમ કર્યો છે. તમે એમ ન કહેતા કે તમે બહુ માયાળું, સારા પોલીસવાળા હતા.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. કોઇપણ સંજોગોમાં પોલીસનું મનોબળ તૂટવું ન જોઇએ. પક્ષાપક્ષીથી દૂર રહીને પણ પોલીસને આપણે પ્રોત્સાહિત કરવી જોઇએ, એટલા માટે પોલીસને રાત–દિવસ કામ કરવું પડતું હોય છે. જ્યારે રાત–દિવસ કામ કરે છે, ત્યારે ઘણી વખત પગાર ઓછો હોય છે. ઘણી વખત આપણે તેને ફીકસ પગારમાં મૂકતા હોઇએ છીએ. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા જે કર્મચારીઓ કે જેઓ ચોવીસ કલાક ડયૂટી કરે છે તેમને પૂરો પગાર આપવો જોઇએ. ખાસ જે કર્મચારીઓ ચોવીસ કલાક ડયૂટી કરે છે તેમની ડયૂટી પણ ફીકસ થવી જોઇએ. અમારો વિસ્તાર ટ્રાયબલ અને બોર્ડરવાળો વિસ્તાર છે. તેમાં દારૂની હેરાફેરી એટલી બધી થાય છે અને તેમાં હું ઘણી વખત આપને વિનંતી કરું છું કે આને રોકવી ખૂબ જરૂરી છે, પરંતુ કોઇ સંજોગોમાં તે રોકાતી નથી. હવે તો મુશ્કેલી એ થઇ ગઇ છે કે, અત્યારે આપણે બોર્ડરો બધી ખુલ્લી કરી દીધી છે. પહેલાં બોર્ડર ખુલ્લી કરી ત્યારે બાજુના રસ્તે આવતા હતા. હવે દારૂવાળા છે તે બધા સીધે સીધા આવી જાય છે અને તેમને કોઇ રોકતું પણ નથી. આવા સંજોગોમાં એવી વ્યવસ્થા ગોઠવો કે આવા જે માણસો આવે છે તે રોકાય. આપણે કાયદામાં ખાસ જોગવાઇ કરી છે કે, જે બુટલેગરો છે તેમની સંપતિ છે તે ટાંચમાં લેવી જોઇએ. કાયદામાં આપણે પ્રોવિઝન કરેલ છે. પરંતુ મારા ધ્યાન પર છે કે, આવા એકપણ માણસની અને એવા ઘણા માણસો હશે કે તેઓ કદાચ કલાસ–

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

૧ સુપર કલાસ-૧ અધિકારી હશે તેમના કરતાં વધારે સંપતિ ધરાવતા હશે. તેમના સાધનો કઇ રીતે આવે છે, તેની ગાડીઓ કયાંથી આવે છે તે કોઇ પૂછતું નથી. તેમની સંપતિ છે તેને કયારેય ટાંચમાં લેવામાં આવતી નથી. ખાસ કરીને અત્યારે સાયબર ક્રાઇમનો રેટ છે તે રેટ દિવસેને દિવસે વધતો જાય છે. તેમાં કોઇકની વેબસાઇટ હેકીંગ થાય છે, કોઇકના ઇમેઇલ હેકીંગ થાય છે, ઓનલાઇન બેન્કીંગ ફ્રોડ થાય છે. ગુજરાતમાં ઘણા બધા માણસોના બેન્કમાં મૂકેલા પૈસા ગમે તે રીતે જતા રહે છે. અડધી રાત્રે પૈસા જતા રહે છે. આપણે જોગવાઇ કરી છે. અધિકારીઓ અને કર્મચારીઓને ટ્રેનિંગ આપવાની વાત ચાલે છે. આ સાયબર ક્રાઇમમાં જે લોકો જોડાયેલા છે તેમની યોગ્ય રીતે તપાસ કરી તેમાં નિરાકરણ આવે તે ખૂબ જરૂરી છે. આપણે જેલ સુધારણાની ઘણી વાતો કરી. આજે જ પેપરમાં હતું કે જેલમાં બધી જ વસ્તુ મળે છે. બેઇલની સુવિધા વધી ગઇ છે. જે વસ્તુ બહાર નથી મળતી તેના કરતાં વિશેષ ત્યાં મળે છે. એટલે આવા સંજોગોમાં જેલ છે તેમાં આવી વસ્તુઓ ન મળે અને તેના ઉપર કડકમાં કડક હાથે કામ લેવું જોઇએ. અમારા મોડાસા તાલુકાના સાયરા ગામે જે ગુન્હો બન્યો અને તે ગુનામાં જે બાળકી પર રેપ થયો અને ત્યારબાદ તેને મારીને લટકાવી દેવામાં આવી. આજ દિન સુધી એક માણસ પકડાયો નથી. મારી વિનંતી છે કે, આને વહેલામાં વહેલી તકે પકડી તેની સામે એકશન લો. ગઇકાલે જ રેપના કેસીસનો આંકડો આપ્યો હતો. તેમાં અમારા સાબરકાંઠા અને અરવલ્લીનો છેલ્લા બે વર્ષનો આંકડો ખૂબ ઉંચો છે. તે આંકડો ૮૦ જેટલો છે. આવા સંજોગોમાં આવી બાળકીઓ ઉપર જે રેપ થાય છે તેના માટે આરોપીઓને જે કંઇ સજા કરવી પડે તેમાં ફાંસીની સજા કરવાની હોય છે પણ કરતા નથી. તમે દસ વર્ષ સજા વધારી છે તેવી શિક્ષા હજી સુધી કોઇને થઇ નથી. આવા સંજોગોમાં શિક્ષાઓ થાય અને ગુનાઓ અટકે તેમાં આપણને રસ છે. ગુનાઓ કેમ અટકે તે ખૂબ અગત્યનું છે. અમારો બોર્ડરનો વિસ્તાર હોવાના કારણે ચોરીઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. ઘણી વખત માણસો સીસીટીવી ફૂટેજ આપે છે છતાં પણ...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બોલી રહે પછી કહો.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, સીસીટીવી ફૂટેજ આપવા છતાં પણ પોલીસ તેની કાર્યવાહી કરતી નથી. હમણાં એક ત્રિવેદીભાઇનું બાઇક ચોરાઇ ગયું અને તે બાઇકને જોવા માટે ત્રણ વખત માણસો આવ્યા તેના સીસીટીવી ફૂટેજ પોલીસને આપ્યા, પોલીસે ફરિયાદ લીધી પણ તેમાં કોઇ કાર્યવાહી થઇ નથી. આજની તારીખ સુધી તે બાઇક નથી મળ્યું. આવા તો કેટલાય બાઇક જતા રહ્યા છે. આવી ચોરીઓ થાય છે તેમાં કોઇ કાર્યવાહી થતી નથી. અમારે ત્યાં મકાન બંધ રહ્યું એટલે તે તૂટ્યું સમજવું. ખાસ કરીને દારૂની સાથે સાથે ગાંજો અને ચરસ આવવા માંડયા છે. અમારો બોર્ડરનો વિસ્તાર છે એટલે આ બધી પ્રવૃતિઓ ફૂલીફાલી છે. એટલે અમે આપને વિનંતી કરીએ છીએ અને અમે ડીએસપી સાહેબ સાથે ચર્ચા કરી છે પણ તેમનું એવું કહેવાનું થાય છે કે, અમારી પાસે મહેકમ ખૂબ જ ઓછું છે. આવા જે બોર્ડરના વિસ્તારો છે તેમાં નવું મહેકમ ઉભું કરો. અત્યારે જે મહેકમ છે તે જે તે વખતની વસતિના ધોરણે ઉભું કરેલ હશે. પણ હવે જ્યારે વસતિ વધી છે ત્યારે વસતિ પ્રમાણે પણ મહેકમ હોવું જોઇએ એટલે અમારા વિસ્તારમાં જે બોર્ડરના જિલ્લાઓ છે એમાં મહેકમ વધારો એટલી જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે,

અધ્યક્ષશ્રી : કયા નિયમ હેઠળ?

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૪૭ મુજબ. સાહેબ, જે ધારાસભ્યશ્રી ડો.અનિલ જોષીયારા એક ડોકટર હોવા છતાં અને એક સિનિયર ધારાસભ્ય હોવા છતાં જે એમણે અરવલ્લીની વાત કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, બેસી જાવ. આપનો પોઇન્ટ ઓર્ડર નામંજૂર કરું છું. બેસી જાવ. પ્લીઝ, બેસી જાવ. તમે પણ સિનિયર ધારાસભ્ય જ છો. માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ, શ્રી પુંજાભાઇ, શ્રી લલીતભાઇ, શ્રી જેઠાભાઇ, ડો.જોષીયારાજી, શ્રી હર્ષભાઇ સંઘવી આ બધા જ લોકોએ ગૃહ વિભાગની માગણીઓના સંદર્ભમાં જે ચર્ચાઓ કરી છે એ ચર્ચાના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે તમારા દ્વારા જે હકારાત્મક સૂચનો કરવામાં આવ્યા છે એ સૂચનો હું ચોક્કસ સ્વીકાર કરું છું અને આપણું ગુજરાત સલામત ગુજરાત, સુરક્ષિત ગુજરાત અને આપણા ગુજરાત મૉડેલની જે દેશ અને દુનિયામાં ચર્ચા થાય છે એની અંદર કાયદો અને વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે એના માટે રાજયના ગૃહ વિભાગ અને પોલીસ તંત્રમાં જ્યાં આવશ્યકતા હશે ત્યાં આપના સજેશનો હું ચોક્કસપણે સ્વીકારીશ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ એન.સી.આર.બી.ના આંકડામાં ગુનામાં વધારો થયો છે એમ કહ્યું છે ત્યારે મારે બહુ સ્પષ્ટ કહેવું છે કે, આ સરકાર માને છે કે જે ગુનો થયો હોય એ ગુનો અમે નોંધવા માટે પોલીસને સૂચના આપી છે એટલા માટે સૂચના આપી છે કે ગુનો નોંધાય, ગુનેગાર પકડાય અને ગુનેગારને સજા થાય તો એ ગુના કરતા અટકે આ અમારી થિયરી છે. એના કારણે ક્યાંક તમે અમને આંકડા બતાવશો કે આટલા ગુના વધ્યા તો અમને એનો કોઇ વાંધો નથી. અમે બહુ કલેરીટીથી આગામી વર્ષો સુધી આપણું ગુજરાત સલામત ગુજરાત બની રહે એના માટે અમે ગુના નોંધણીની અંદર કોઇ સમસ્યા ઉભી કરતા નથી. આ વખતે માનનીય નાણાં મંત્રીશ્રીએ હોમગાર્ડઝની અંદર પણ વધારો કર્યો છે અને પ્રધાનમંત્રીશ્રીનું જે સ્વપ્ન હતું ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી આજે એ દેશના સીમાડાઓ ખોલીને આપણી ફોરેન્સીક સાયન્સ

યુનિવર્સિટી આજે વિશ્વ કક્ષાની બની જવાની છે અને આગામી દિવસોમાં ગુજરાતની આ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની વિશ્વના અનેક દેશોમાં બ્રાન્ચો થવાની છે. આપણી રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં દેશના અનેક રાજ્યોના લોકો અહીંયા ટ્રેનીંગ માટે આવવાના છે અને આ બંને યુનિવર્સિટીને નેશનલ કક્ષાનો દરજ્જો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આપવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇએ કહ્યું કે, સરકારનો કન્ટ્રોલ નથી. શ્રી પુંજાભાઇ, છેલ્લા વીસ વરસથી ગુજરાતમાં જે કરફ્યુ મુક્ત શાસન છેને એ કરફ્યુ મુક્ત શાસનનો યશ કોઇને આપવાનો હોય તો ગુજરાતના જવાંમર્દ પોલીસ તંત્રને આપવાનો થાય છે. શ્રી પુંજાભાઇ તમે જે વિસ્તારમાંથી આવો છો અને એ વિસ્તારમાં પહેલા શું સ્થિતિ હતી એનો મારે પુનરોચ્ચાર કરવો નથી. પરંતુ પૂરી નિષ્ઠાથી ગુજરાતની ૬ કરોડની પ્રજાની શાંતિ–સલામતી અમારો નિર્ધાર છે અને એના માટે અમારી પાસે પૂરતા કાયદાઓ છે અને આગામી દિવસોમાં પણ ગુજરાતના ગુંડાઓ ફફડી ઉઠે એવો કડકમાં કડક ગુંડાઓ સામેનો કાયદો માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ હું આ સભાગૃહમાં લઇને આવવાનો છું. માનનીય અધ્યક્ષશ્રી, એક નવા પ્રકારના ગુના બને છે કે ગમે તેની જમીનમાં કોઇ કાગળ નાંખીને જમીન પચાવી પાડવી. સામાન્ય ગરીબ ખેડૂત એ બિચારો નિઃસહાય થાય, કોર્ટના ચક્કરમાં પડે અમારા મહેસૂલ મંત્રી પણ એ દિશાની અંદર પ્રયત્ન કરીને આગામી દિવસોમાં કોઇ ગરીબની જમીન કોઇ ઝુંટવી ન જાય તેના માટે કડકમાં કડક કાયદો લાવી રહ્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યમાં પાસાનો કાયદો છે અને આ પાસાના કાયદામાં પણ ક્યાંક નાની મોટી ત્રૂટિઓ છે, એનો દુરૂપયોગ કેટલાક ગુનેગારો કરી રહ્યા છે તો આ રાજ્યની શાંતિ, સલામતિ અને સુરક્ષા માટે પાસાનો કાયદો કડક કરીને તમામ ચમરબંધીઓને જેલના હવાલે કરવા માટેનું કામ અમે કરી રહ્યા છીએ. એટલે શ્રી પુંજાભાઇ, તમે ગુંડાગીરી કે માફિયાગીરીથી ગભરાશો નહિ, ગુજરાતની મર્દ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં સત્તા સ્થાને બેઠી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવામાં આવ્યું છે કે, ચેકપોસ્ટો નાબૂદ થઇ ગઇ. આ સરકાર, આ મહાત્મા ગાંધીજીનું ગુજરાત દારૂબંધીની નીતિને વરેલું ગુજરાત, તમે આંકડા બતાવો છો કે આટલો દેશી દારૂ પકડયો, આટલો વિદેશી દારૂ પકડાયો, અમે સ્વીકાર કરીએ છીએ. અમે ડંકાની ચોટ ઉપર કહીએ છીએ કે ગુજરાતમાં કડકમાં કડક દારૂબંધીની નીતિનો અમલ અમે કરવાના છીએ. અમે અમારી અવિરત ઝુંબેશ ચાલુ રાખવાના છીએ. અમે આ પકડવાના છીએ. ચેકપોસ્ટો બંધ ચોક્કસ કરી છે. એ ચેકપોસ્ટ નાગરિકોની સુવિધા વધારવા માટે બંધ કરી છે. એ ચેકપોસ્ટ ઉપર નાનો મોટો ભ્રષ્ટાચાર થતો હતો એના કારણે કરી છે, પરંતુ ગુજરાતની અંદર અમે દારૂ માટેના દરવાજા ખુલ્લા મૂક્યા નથી. તાકાત હોય તો દારૂ લઇને અંદર આવે પછી તમે જુઓ કે એના ઉપર કેવા કડક પગલાં અમે લઇ શકીએ છીએ! તમે પોલીસ સ્ટેશનના ગામો બદલવા માટેની વાતો કરી એ હકારાત્મક વાતનો હું સ્વીકાર કરું છું. આપણે ત્યાં દરેક પ્રાંત હેઠળ એક ડી.વાય.એસ.પી. માટે અમે વિચાર કર્યો હતો પરંતુ એના સંદર્ભમાં હાલ વિચારણા ચાલુ છે.

એવું કહેવામાં આવ્યું કે, ૧૪૪ની કલમના સંદર્ભમાં તમે દુરૂપયોગ કરો છો. આ ૧૪૪ની કલમ અંગેની મેટર કોર્ટમાં સબજ્યુડીશ છે છતાં પણ તમારો સમય ના બગડે એટલે વચ્ચે હું ન બોલ્યો. આમાં કોઇપણ રીતે હાઇકોર્ટનું કોઇ ડાયરેક્શન આવ્યું નથી. શ્રી લલીતભાઇએ કહ્યું કે ભૂતકાળની અંદર તમે કેવું કરતાં અને અમે કેવું કરીએ છીએ. શ્રી લલીતભાઇના પત્ની અમારા ભારતીય જનતા પાર્ટીના જ કોર્પોરેટર હતા અને શ્રી લલીતભાઇની આખી રાજકીય કેળવણી અમારા શ્રી ચીમનભાઇ શુક્લ પાસે જ થયેલી છે. એમનો ભૂતકાળ તો ભારતીય જનતા પાર્ટીનો છે. પણ મને યાદ છે કે નવનિર્માણના આંદોલન વખતે ૧૨૫ કરતા વધારે યુવાનોને છાતીની અંદર ગોળી મારવાનું કામ કોણે કર્યું હતું? તો તે સ્વ. ચીમનભાઇ પટેલની કોંગ્રેસની સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. સન ૧૯૮૫માં મહેસાણાની અંદર એક ટ્રકમાં જુતા ભરીને, ખેડૂતો ઉપર લાઠીચાર્જ કોણે કર્યા હતા આ કોંગ્રેસની સરકાર દ્વારા કરવામાં આવ્યા હતા. શ્રી જોષીયારા સાહેબ, આ તેનપુરમાં પાંચ જેટલા ખેડૂતોની છાતીમાં ગોળી કોણે ધરબી હતી ? તમને યાદ છે. ત્યારે તમે અમારી જોડે હતા એ કોંગ્રેસના કાળની અંદર બનેલ હતું. આજે અમદાવાદ શહેરની અંદર જ્યાં જ્યાં જઇએ છીએ ત્યાં ચારેયબાજુ ખાંભીઓ જોવા મળે છે એ ખાંભીઓ કોંગ્રેસના શાસનની અંદર કરવામાં આવી હતી. શ્રી જોષીયારા સાહેબને કહેવાનું કે સાયબર ક્રાઇમના સંદર્ભમાં અમે કટિબદ્ધ છીએ. અનેક દુષ્કર્મ કરવાવાળાને અમે ફાંસીના માંચડે લટકાવવાના છીએ. આગામી દિવસોમાં પણ આવા ગુનામાં કડકમાં કડક સજા થાય એના માટે અમે કટિબદ્ધ છીએ.

આપણું ગુજરાત છે. એમાં માત્ર બોલવાથી નહિ પણ એમાં મેન પાવર વધારવા માટે ચાલુ વરસે નાણામંત્રીશ્રીએ ૧૧૦૦૦ જેટલી નવી જગ્યાઓની જાહેરાત કરી છે. અમે નવ વરસમાં ૪૮૯૩૫ જેટલી ભરતી રાજ્યની અંદર કરી છે. કેટલીક જાહેરાત હું કરવા માગું છું. ગુજરાતના પોલીસતંત્રમાં જે પોલીસ કર્મચારીઓ નોકરી કરે છે એને યોગ્ય મકાન મળી રહે. તેના માટે આગામી ત્રણ વર્ષમાં ૧૩,૮૫૧ મકાનો બનાવીને ગુજરાતનો આ પોલીસનો જવાન તેને રહેવા માટે મકાન મળી રહે તેના માટે અમે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કીલ ડેવલપમેન્ટ માટે રાજયના પોલીસ તંત્ર દ્વારા ખલાલની અંદર અઢી હજાર પોલીસ તાલીમાર્થી માટે નવું સેન્ટર બનાવ્યું છે અને આપણું ગાંધીનગર પાટનગર છે અને આ પાટનગરમાં આજે મહાત્મા મંદિરમાં દેશ

અને દુનિયાના નવા પ્રકારના સેમિનાર થાય છે તો આ ગાંધીનગરની કાયદો અને વ્યવસ્થા વધારે સંગીન બનાવવા માટે ગાંધીનગરને નવો પોલીસ કમિશનરનો દરજ્જો આપવાનું પણ રાજય સરકારે નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડના જવાનોમાં પણ ૪૫૨૮નો વધારો કરવામાં આવ્યો છે આ ઉપરાંત આપણે જાણીએ છીએ કે હમણાં હોળી ગઇ. હોળી પહેલાં ડાકોરની અંદર આપણી પદયાત્રા ગઇ, જૂનાગઢની યાત્રા ગઇ તેમ ગુજરાત એ લોકઉત્સવવાળું આપણું રાજય છે અને આ તમામે તમામ લોકઉત્સવની અંદર આપણે સારી રીતે બંદોબસ્ત પૂરો પાડીએ છીએ. ગુજરાતને ગૌરવ થાય એવી જો ઘટના હમણાં બની હોય તો અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ જયારે ગુજરાત આવ્યા હતા અને ટ્રમ્પ જયારે ગુજરાત આવ્યા ત્યારે આપણા પોલીસ તંત્ર ઉપર, રાજય ઉપર અનેક પ્રકારના ઓછાંયા હતા કે શું આપણે સિકયુરીટીની દ્રષ્ટિએ ઉત્તમ પ્રકારે વ્યવસ્થા કરી શકીશું ? એ વખતે આપણે કન્ટ્રોલ રૂમ ઉભો કર્યો Secret Service, SOG, NSG, IS, Modern Security Force અને આ બધાના સંયુકત રીતે કરીને Gujarat Police has proved himself કે બેસ્ટમાં બેસ્ટ બંદોબસ્તના માધ્યમથી વિશ્વની બે મહાન વિભૂતિને સવા લાખ કરતા વધારે લોકોની ઉપસ્થિતિમાં ઉત્તમ કાર્યક્રમ કર્યો હોય તો એ ગુજરાતના પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગૌરવ થાય, ગુજરાતની પોલીસને ગૌરવ થાય, ગુજરાતની પ્રજાને ગૌરવ થાય એવું દેશની અંદર ગુજરાત એક આઠમું રાજય બન્યું છે જેને પ્રેસિડેન્ટ કલર એટલે નિશાન પ્રદાન થયું છે. અને આ નિશાન પ્રદાનના માધ્યમથી આજે ગુજરાતના પોલીસ અધિકારી, કર્મચારી એનું મોરલ ઉંચું થયું છે. ક્રાઇમ રેઇટના સંદર્ભમાં માનનીય શૈલેષભાઇએ જે વાત કરી મારી પાસે પણ N C R B છે મેં પણ એમાં ડેટા જોયા. શા માટે ગુજરાતની બહેન–દીકરીઓ રાત્રીના ૧૨ વાગ્યે પણ સ્કૂટી ઉપર ગરબામાં જઇ શકે છે ? તેનું એક માત્ર કારણ હોય તો આપણી ગુજરાતની શાંતિ છે. મારી પાસે આંકડા છે તેમાં આખા દેશમાં જે ઓછાં ક્રાઇમ રેઇટ ધરાવતા છે તેમાં હિંસાના ગુનામાં આપણે સૌથી ઓછાં ચોથા નંબરે છીએ, શરીર સંબંધીમાં આપણે પાંચમા નંબરે છીએ, અપહરણમાં આપણે પાંચમા નંબરે છીએ, મહિલાના ગુનામાં આપણે ચોથા નંબરે છીએ અને આખા દેશમાં જે ખૂન થાય છે તે ખૂનની અંદર પણ આપણે ચોથા નંબરે છીએ. આમ, આપણે નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના માધ્યમથી જે આંકડા પ્રસિદ્ધ થાય છે તેમાં ગુજરાતની સ્થિતિ અત્યંત સારી છે અને આ સ્થિતિનું જતન કરવું તે રાજયના પોલીસ તંત્રની અને આપણી બધાની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં સંયુકત રાષ્ટ્ર યુએન દ્વારા વૈશ્વિક સ્તરે ૧૭ ધ્યેય નક્કી કરવામાં આવ્યા તેમાં જે sustained development goal અને એની અંદર ૧૬ નંબરનો ક્રમાંક છે તેમાં peace, justice and stern institution અને એ આંકડાનું એનાલીસીસ કરીએ તો ગુજરાતમાં કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોવાના કારણે આખા દેશની અંદર એ ગુજરાતને પ્રથમ નંબર યુએન દ્વારા આપવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ મેં જે પ્રમાણે ઉલ્લેખ કર્યો કે ફોરેન્સીક અને એ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. ગત પાંચ વર્ષમાં ૨૦૧૨થી ૨૦૧૭માં ગુજરાતની પ્રજાને, ગુજરાતના યુવાનોને ઉશ્કેરીને અનેક જાતના જાતિ જાતિ, કોમ કોમ વચ્ચે તોફાનો કરાવીને ગુજરાતમાં કોઇ પણ હિસાબે સત્તા સ્થાને બેસવા માટે અનેક આંદોલનો કર્યા. તમામ આંદોલનોમાં ગુજરાતની પ્રજાએ સંયમ રાખીને એ દિશામાં કામ કર્યું છે અને સાથે સાથે કડકમાં કડક અને ઝીરો ટોલરન્સની નીતિ અખત્યાર કરીને પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર પર ગુજરાતની પ્રજાની શાંતિનું જતન કર્યું છે. આ પોલીસ તંત્રએ કડકાઇથી, સખ્તાઇથી અને પ્રેમથી પણ કામ કર્યું છે. વાવાઝોડા અને પૂર જેવું હતું ત્યારે મને ગૌરવ થાય છે કે મોરબી જિલ્લાનું કલ્યાણપુર આખું ગામ ટાપુમાં ફેરવાઇ ગયું હતું ત્યારે ત્યાંના એક પોલીસ કોન્ટેબલે એક દિકરો અને દિકરીને છાતી સરસા પાણીમાં પોતાના ખભે લઇને એ દિકરા–દિકરીને સલામત રીતે પહોંચાડવાનું કામ કર્યું હતું. એ જ રીતે વડોદરાના એક પી.એસ.આઇ. ચાવડા દોઢ વર્ષની દિકરીને માથે ટોપલાની અંદર મૂકી અને એને સહી–સલામત લઇ જવાનું કામ કર્યું હોય તો એ આ પી.એસ.આઇ.એ કર્યું છે. આના સિવાય વાવાઝોડા વખતે પણ ગુજરાતની પોલીસે સંવેદનાપૂર્ણ રીતે શાંતિ અને સલામતીનું જતન કરે છે. અમે પોલીસનું કદ અને કુશળતા વધારી છે. ગુજરાતની પોલીસ માત્ર સ્માર્ટ પોલીસ નહીં પરંતુ શાર્પ પોલીસ બનાવવા માટે પણ અમે અમારા તમામ સંસ્થાનોનું સંવર્ધન કરવા માટેનું કામ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સમય સમય પર કાયદાઓ બદલવા પડતા હોય છે. આ રાજય નશાબંધીને વરેલું રાજય છે અને એટલા માટે નશાબંધી માટે અમારી કડકાઇ છે, હજી પણ કયાંક કોઇ ત્રૃટિઓ હશે તો અમે સો ટકા એનું નિવારણ કરીશું, પરંતુ ગુજરાતનું યુવાધન કોઇ હુક્કાબારમાં જઇને બરબાદ ન થાય એના માટે અમે કોકટા એકટમાં સુધારો કર્યો, નશાબંધીમાં પણ સુધારો કર્યો, નારકોટિકસ એકટ અને ગુજરાતની મહિલા, બહેન અને દિકરી જયારે ચેઇન પહેરીને ઘરની બહાર જાય ત્યારે એના ગળામાં હાથ નાંખવા માટેનો પ્રયત્ન કરે તો એને ચેઇન સ્નેચીંગના કાયદાના માધ્યમથી એને ૧૦ વર્ષની સજા આપવા માટેનું કામ કર્યું.

આગામી દિવસોમાં અમે ગુજરાત પોલીસ એકટ, એસ.આર.પી. એકટ અને ગુજરાત પોલીસ મેન્યૂઅલની અંદર અમે સુધારો કરવા માટે જઇ રહ્યા છીએ. ગાય અમારી માતા છે અને ત્રેત્રીસ કરોડ દેવતાઓનો એમાં વાસ છે. ગાયની જો કોઇ દયા ન ખાતું હોય તો સરકાર એની દયા ખાવા માટે હરગીજ તૈયાર નથી. આજીવન કેદની સજા સાથેનો કાયદો લાવીને, માત્ર કાયદો નથી લાવ્યા, પહેલાં પારખી નહોતું શકાતું કે આ માંસ ગાયનું છે કે અન્ય છે. આપણે ફોરેન્સિક લેબોરેટરીના યુનિકના માધ્યમથી એની પરખ કરવાની અંદર આપણે સફળ રહ્યા છીએ. આના કારણે ગેરકાયેદસર કતલખાના અને કસાઇઓને

અંકુશમાં લાવીને ગુજરાતની ગાયોનું જતન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું યુવાધન નારકોટિકસના દ્રવ્યના કારણે એનો કોઇ શિકાર ન બને એના માટે આખા રાજયની અંદર અમે મોહીમ ઉપાડી છે. હું ગુજરાતની એટીએસને અભિનંદન આપું છું કે પોરબંદરમાં રૂપિયા ૫૦૦ કરોડનું ડ્રગ્ઝ પકડયું, જખાઉ ખાતે રૂપિયા ૧૭૫ કરોડનું ડ્રગ્ઝ પકડયું, દ્વારકા ખાતે ૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્ઝ પકડયું. આ ડ્રગ્ઝ અહીંયાંથી ટ્રાન્સપોર્ટ થતું હતું પણ ગુજરાતનો ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગ કરે અને આખા દેશની અંદર કયાંય પણ પહોંચે એ અમે કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતા નથી. રાજયના પોલીસ તંત્રમાં અનેક અમે સારા કેસ ડિટેકટ કર્યા છે. સુરતની અંદર ૧૨ કરોડ રૂપિયાના હીરા ચોરાઇ ગયા હતા જે સુરતની પોલીસે ડિટેકટ કર્યું છે. જૂનાગઢની અંદર સાડા પાંચ કરોડનું સોનું એ પરત લાવ્યા. સાયબર ક્રાઇમની અંદર ૪૦ લાખ રૂપિયા ફ્રિઝ કરાવીને આર્થિક નુકસાનીમાંથી બચાવ્યા. સુરત લિંબાયતની અંદર નવ માસમાં દુષ્કર્મ કરવાવાળા આરોપીને ફાંસીની સજા અપાવવામાં સફળ રહ્યા. સાબરકાંઠાના ઢુંઢરની અંદર પણ દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સજા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાની અંદર એક સિરિયલ કિલર હતો અને એણે ત્રણ જેટલા મર્ડર કર્યા હતા. એટીએસની પોલીસ દ્વારા એને પકડવાની અંદર સફળ થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીટ કોઇન અને ક્રીપ્ટો કરન્સીના ગુનામાં રૂપિયા ૧૯ કરોડની મિલકતો ટાંચમાં લીધી છે. આના ઉપરાંત અનેક ગુનાઓ, જેમાં ગાંધીનગરના રૂપિયા ૩૭ લાખના આંગડીયા લૂંટના ગુના, આણંદમાં પણ રૂપિયા ૪૫ લાખ રોકડના ગુના, આમ અનેક ગુનાઓ ઉકેલવામાં ગુજરાતનું પોલીસ તંત્ર સફળ રહ્યું છે. એક નવા પ્રકારની સમસ્યા સાયબર ક્રાઇમના માધ્યમથી ઉભી થઇ છે, તમને ખબર ન હોય અને તમારા કાર્ડમાંથી પૈસા જતા રહે, ગુજરાતે એમાં અગ્રીમતા દાખવી છે, મહાનગરોમાં પોલીસ સ્ટેશનો બનાવ્યા છે. ૯ રેન્જમાં સાયબર સેલ છે, આગામી દિવસોમાં ૮૨૨ જેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. ૨૪ બાય ૭ ટેલીફોનની લાઇન, ૧૫૫ ૨૬૦ નંબરની હેલ્પલાઇન છે, તાલીમના સંદર્ભમાં પણ પ્રયત્ન કર્યો છે. પોર્નોગ્રાફીના માધ્યમથી આજના યુવા ધનને બરબાદ કરવાની સામે પણ રાજય સરકારે નિર્ણય કર્યો છે કે આગામી દિવસોમાં આઇ.ટી. એકટમાં કેન્દ્ર સરકારની મદદથી જે સાઇટ ઉપર આ પ્રકારના પોર્નોગ્રાફી ફિલ્મના માધ્યમથી ચાઇલ્ડ પોર્નોગ્રાફીના માધ્યમથી બાળકોનું જીવતર ખરાબ કરવા માટે જે લોકો પ્રયત્ન કરે છે અને આવી ૧૬ ફરિયાદો અત્યાર સુધીમાં મળી છે અને આગામી દિવસોમાં આને પણ અગ્રીમતા આપવામાં આવશે.

આ ઉપરાંત રાજયની અંદર ક્રાઇમ રેટ, એનો મેં અગાઉ આપની સમક્ષ ઉલ્લેખ કર્યો છે, આ દેશના જે આંકડાઓ હતા એની અંદર મેં જોયું કે, નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના ભારતના ક્રાઇમનો ડિટેકશન રેટ ૬૮ ટકા છે, ગુનો થાય, ગુનેગાર પકડાય અને સજા થાય, અમે કન્વીકશન રેટ વધે તેના માટે તો પ્રયત્ન કરીએ જ છીએ પણ ગુજરાતમાં ડિટેકશન રેટ પણ ૮૮ ટકા છે અને આખા દેશની અંદર આપણે ચોથા નંબરનું સ્થાન ધરાવીએ છીએ. આમ ક્રાઇમ ડિટેકશનની અંદર પણ આપણે અસરકારકતાથી કામ કરી રહ્યા છીએ. આ ઉપરાંત રાજયની અંદર નશાબંધીના અમલ ઉપરાંત વિશ્વાસ પ્રોજેકટના માધ્યમથી આપણે આખા રાજયની અંદર રૂપિયા ૩૨૯ કરોડના ખર્ચે રાજયના તમામ જિલ્લાના મુખ્ય સ્થાનો ઉપર ૬ યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વિશ્વાસ પ્રોજેકટના માધ્યમથી દરેક જગ્યાએ સી.સી.ટી.વી.ના નેટવર્કના માધ્યમથી કયાંય કોઇ ગુનો કરીને અકસ્માત કરીને કોઇ બહેન દીકરીની ઇજ્જત લૂંટીને આ પ્રમાણેના જે ગુનાઓ બનતા હોય એની અંદર ગુનેગારોને પકડવા માટે અને લો એન્ડ ઓર્ડર જાળવવા માટે ગુનેગાર સુધી પહોંચી શકાય તેના માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ લીધો છે, એના માટે એફ.આઇ.આર. અને તપાસની ગુણવત્તા માટે કોલ સેન્ટર બનાવ્યું છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના માધ્યમથી ડિટેકશનમાં મદદ લેવામાં આવે છે. ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની જગ્યા ભરી દેવામાં આવી છે. પેરવી ઓફિસરની પણ નિમણૂક કરવામાં આવી છે અને આ ક્રાઇમ કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ માટે રાજયના ચીફ સેક્રેટરીના નેતૃત્વ હેઠળ એનો રીવ્યુ કરવામાં આવે છે. આપણું ગુજરાત એ સમૃદ્ધ રાજય છે અને એ સમૃદ્ધ રાજયની અંદર ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે રાજયમાં ૪૮ ઇન્ટરસેપ્ટર વાહન, ૪૨ હાઇવે પેટ્રોલીંગ કાર, ૫૧૧ બુલેટ મોટર સાયકલ, એક નવા પ્રકારની ટેકનોલોજી સાથે બોડી વોર્મ કેમેરા, સ્પીડ ગન, બેરીકેટ, આ પ્રમાણેની વ્યવસ્થાના કારણે રાજયની અંદર અકસ્માતોની જે સંખ્યા હતી, મને જણાવતા આનંદ થાય છે કે એ અકસ્માતોની સંખ્યા વર્ષ ૨૦૧૮માં ૧૮૦૦૦ જેટલી હતી તે વર્ષ ૨૦૧૯માં ૧૭૦૦૦ થઇ છે. એમાં ૧૭૦૦નો ઘટાડો થયો છે. અકસ્માતમાં થયેલા મૃત્યુ જે ૭૯૯૬ હતા તે ૭૩૯૦ થયા છે. એટલે અકસ્માતમાં થતા મૃત્યુની અંદર પણ ૬૦૬ જેટલા મૃત્યુ ઘટાડવામાં આપણે સફળ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આર.ટી.ઓ. વિભાગ, માર્ગ અને મકાન વિભાગ સાથે સંયુકત રીતે સંકલન કરીને black spot identify કરીને આની અંદર સફળતા મળેવી છે અને રાજય એ પ્રગતિ ડેસ્ક બોર્ડની અંદર સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરે છે. પોલીસ દળના મોર્ડનાઇઝેશન માટે પણ અગત્યની કામગીરી કરી છે. એમાં ૯ હજાર જેટલા body worn camera ખરીદવાના છે. આ body worn camera પોલીસ કોન્સ્ટેબલના શરીર ઉપર લાગેલા હશે એટલે જયારે સામેવાળા વ્યકિતની સાથે કોઇપણ પ્રકારની વાતચિત હોય કે ગુનાહિત કૃત્ય થાય તો એનો રેકોર્ડ કરી શકે. એક હજાર કેમેરા બોડી વોર્ન એવા છે કે જેની અંદર સીમકાર્ડ રાખવાનું એ સીમકાર્ડનો ડાયરેક કન્ટ્રોલરૂમ સાથે કનેકશન હોય એટલે એના લીધે ગુનાના પરિક્ષણ માટે ઉપયોગી થશે.

ટેસ્ટર ગન પણ આપણે લાવ્યા છીએ. એ ગન એવી છે કે કોઇપણ વ્યકિત ઉપર ફાયરીંગ કરવામાં આવે ત્યારે એને કોઇપણ પ્રકારની ગંભીર ઇજા ન થાય પરંતુ આ બુલેટ મારફતે એને કરન્ટ આવે અને એ આવે એટલે આખે આખો ત્યાંને ત્યાં નીચે પડી જાય જેથી કરીને એનો જાન બચે અને લો એન્ડ ઓર્ડરને અંકુશમાં લાવી શકાય.

એન્ટી ડ્રોન સિસ્ટમ હમણાં જયારે અમેરિકાના પ્રેસિડન્ટ શ્રી ટ્રમ્પ આવ્યા હતા. આજકાલ જે હુમલા થશે એ ડ્રોનના માધ્યમથી થશે. એ ડ્રોનની સામે આપણે સિસ્ટમને સજ્જ કરવા માટે એન્ટી ડ્રોનની પણ આવશ્યકતા છે. આ એન્ટી ડ્રોનના માધ્યમથી પણ પોલીસ તંત્રને સજ્જ કરવાનું છે. મેં કહ્યું તેમ હવે પોલીસમાં કેટલું મહેકમ છે એ અગત્યનું નથી. તમારી પોલીસ પાસે કેટલી ટેકનોલોજી છે એ અગત્યનું છે. એ ટેકનોલોજીના માધ્યમથી જેમ સીસીટીવીની વિશ્વાસની વાત કરી. રાજયની અંદર ૩૬૩ ગુના ચોરી, અકસ્માત, અપહરણ, મેળા અને વી.આઇ.પી. મોનિટરીંગ આ બધાની અંદર આ વિશ્વાસ પ્રોજેકટ અત્યંત ઉપયોગી છે. અમે ટ્રાફિક નિધિની અંદર જે દંડ કરીએ છીએ એ સરકારની તિજોરીમાં નથી લાવતા પરંતુ એ માર્ગ સુરક્ષા નિધિનો દંડ એ જયાં જયાં આવા અકસ્માતો નિવારી શકાય એની અંદર વાપરીએ છીએ.

હમણાં રેલવે મોબાઇલ એપ સુરક્ષિત સફર ચાલુ કરી એમાં આ એપના માધ્યમથી રેલવે મુસાફરી દરમિયાન કોઇને મુશ્કેલી થાય તો એના સંદર્ભમાં પણ ઉપયોગી થાય છે. અમદાવાદ યુનિટના ૪૯૧ અને વડોદરા યુનિટના ૪૫૧ એમ ૯૪૨ ચોરાયેલા મોબાઇલો પકડીને એના મૂળ માલિક સુધી અમે પરત આપ્યા છે. આગામી દિવસોમાં ૪જી એલ્ટી કોમ્યુનિકેશન સિસ્ટમ એક નવા પ્રકારની સિસ્ટમ ગત બજેટમાં રાજકોટમાં હતી. જયારે આ વખતે રૂપિયા ૩૦ કરોડની વ્યવસ્થા કરીને સુરતમાં કરવાના છીએ. કોઇપણ જાતના પોલીસના સંદેશાની ગુપ્તતા જળવાઇ રહે એનું લાઇવ સ્ક્રીનિંગ થાય, ટ્રેકિંગ સિસ્ટમ થાય અને ઇમેજ મોકલી શકાય તેવું આપણે અપડેટ કરી રહ્યા છીએ. જીસ્વાનના માધ્યમથી ઇ–ગુજકોકનો પણ આપણે બેસ્ટ રીતે ઉપયોગ કરી રહ્યા છીએ. ૪૯૦૦ જેટલા પોલીસ કમર્ચારી અધિકારીઓ અને પોકેટ કોપના માધ્યમથી તહોમતદારોના બધા જ પોર્ટ અંદર હોય છે, વાહન સર્ચ, missing person search. પહેલા પાસપોર્ટ માટે અઠવાડિયું દસ દિવસ થતાં હવે પોકેટ કોપ લઇને પોલીસ કર્મચારી ત્યાં જાય બેથી ત્રણ દિવસની અંદર આ પ્રક્રિયા પૂરી થાય છે.

આમ, રાજયની અંદર જેલ તંત્રની અંદર પણ અમે અસરકારકતાથી સુધારા કર્યા છે અને જેલની અંદર માત્ર ઓવર ક્રાઉડીંગની સમસ્યા ઘટાડવા માટે નહિ પરંતુ એની સાથે જેલ અને કોર્ટને વિડિયોથી ઇન્ટરલીંક કરીને ગુનેગારોને ટ્રાન્સપોર્ટેશન ઘટે એમના ભાગી જવાના કિસ્સા ઘટે અને એમાં ઝડપ થાય, પોલીસનો પણ મેન પાવર બચાવી શકાય એના માટે અમે અનેક આવા નાના મોટા પ્રયત્નો કર્યા છે. મેં કહ્યું તેમ પહેલા અમારી પાસે ગુજસીટોક નહોતો અને આજ વિધાનસભાની અંદર વર્ષ ૨૦૦૪, વર્ષ ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૫ એમ ત્રણ ત્રણ વખત ગુજસીટોકના કાયદા માટે કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી પરંતુ ગુજરાતની ૪.૫ કરોડની પ્રજાના લાભાર્થે કેન્દ્રમાં ભાજપની સરકાર આવી અને શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રી બન્યા અને ગુજસીટોકનો કાયદો આવ્યો. જેના કારણે આતંકવાદીઓ સામે કડકમાં કડક કાર્યવાહી આપણે કરી શકીશું. ખંડણીવાળા સામે કડકમાં કડક કાર્યવાહી કરી શકીશું અને એના કારણે જે વિશાલ ગૌસ્વામી, જે મોટામાં મોટો બૂટલેગર હતો એની સામે કર્યું છે. અમરેલીની અંદર પણ અમે આ ગુજસીટોક કાયદાનો અમલ કર્યો છે. આ સરકાર કોઇ પણ હિસાબે ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે કટિબદ્ધ છે (સમયસૂચક ઘંટડી) અને એ કટિબદ્ધ હોવાના નાતે હું આજના પ્રસંગે એટલું કહું છું કે, આ ગુજરાતની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર, ગુજરાતની સાડા છ કરોડની પ્રજાના લાભાર્થે ચાલે છે. તમારા વખતની અંદર આખે આખા નગરો એ ગુંડાઓના નામથી ઓળખાતા હતા. તમારા વખતની અંદર ભગવાન જગન્નાથને બૂલેટ પ્રુફ રથની અંદર લઇ જવામાં આવતા હતા. તમારા વખતની અંદર ગોળીઓથી નિર્દોષ લોકોની કત્લેઆમો થતી હતી. પરંતુ જ્યારથી ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને મારે છેલ્લે એટલું કહેવું છે હમણાં જ આંકડા પ્રસિદ્ધ થયા કોમર્શિયલ ડિપાર્ટમેન્ટના, એમાં લોકોએ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયા ગુજરાતની ધરતી ઉપર ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે એમ.ઓ.યુ. કર્યા, સંમતિ દર્શાવી. બીજા ક્રમે મહારાષ્ટ્ર છે એમાં ૧.૫ લાખ કરોડ રૂપિયા. હું એટલું કહેવા માગું છું કે, શું ગુજરાતના રસ્તા સારા છે એટલા માટે? શું ગુજરાતની ઇલેક્ટ્રિસિટી સારી, ગુજરાતનું શિક્ષણ સારું, ગુજરાતનું આરોગ્ય સારું, ગુજરાતનું પીવાનું પાણી સારું, ગુજરાતની રેલવે કનેક્ટિવિટી, એર કનેક્ટિવિટી સારી એટલા માટે ? આ બધું તો છે જ પરંતુ જો ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉત્તમ ન હોય તો કોઇ ઇન્વેસ્ટમેન્ટ ન કરે. આ ગુજરાતના ઇન્વેસ્ટમેન્ટની અંદર જો કોઇને યશ આપવાનો હોય તો એ મારા ગુજરાતના પોલીસ તંત્રને આપું છું કે એની રાત–દિવસની મહેનતના કારણે આજે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉત્તમ છે અને કેટલાક પોલીસ અધિકારીઓ સખ્તાઇથી કામ લઇ રહ્યા છે અને હું એને આશ્વસ્ત કરાવવા માગું છું કે, કોઇ પણ નેતા તમારી પાસે ખોટું કરાવવા માટે પ્રયત્ન કરે તો આપણે કાંઇ ખોટું કરવાનું નથી. ગુજરાતની પ્રજાનું રક્ષણ કરવું એ આપણી જવાબદારી છે અને આવા કોઇ પણ નેતાથી ગભરાવવાની કોઇ આવશ્યકતા નથી. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર તમારા માટે બેઠી છે. એટલા માટે માનનીય વિપક્ષના ત્રણ સભ્યોને હું વિનંતી કરું છું કે, આપના હકારાત્મક સૂચનોનું અમે ચોક્કસપણે અમલીકરણ કરીશું, કાપ દરખાસ્તો પાછી ખેંચે અને અમારી આ વાતને સમર્થન કરે એવી આપને અપીલ કરું છું.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહના માધ્યમથી એક વિનંતી કરવા માગું છું કે, મારા વિસ્તારમાં રાજપોર જેલ છે તેમાં ૧૧૦ની આસપાસ બહેનો છે. તો એના માટે દર અઠવાડિયે એક ગાયનેક ડોકટરની જો

વ્યવસ્થા થઇ શકતી હોય અને ગયા વર્ષમાં બે બનાવો એવા બન્યા કે કેદીને એટેક આવવાના લીધે તેમને હોસ્પિટલ લઇ જવાનું અંતર ૪૫થી ૫૦ મિનિટનું છે, તો એમાં બે કેદીઓના મૃત્યુ થઇ ગયા. તો જ્યાં આવી મોટી જેલો હોય ત્યાં જો એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવે એવું મારું સૂચન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, કલોલ તાલુકાની અંદર એક જેલનો ખૂબ પ્રોબ્લેમ છે. એના કારણે તમામે તમામ તહોમતદારોને છેક સાબરમતી જેલમાં મોકલવા પડે છે, તો જેલ બનાવે એવું એક સૂચન છે.

બીજું કે, કલોલ તાલુકાની અંદર પાછલા ચાર વર્ષની અંદર એક જ વ્યક્તિ ઉપર ૩૦૭ના ગુનાઓ થયેલા છે. એક ગુનો તો ડી.વાય.એસ.પી. કક્ષાના પોલીસ અધિકારી ઉપર ગાડી ઊંધી નાખી તેની ગાડી બાળી મૂકેલ છે અને છતાંય આજે ખુલ્લેઆમ ફરે છે. આટલી બધી જોરદાર ચર્ચા કરી. સમગ્ર ગુજરાત રાજ્યની અંદર અમે કોઇ ચમરબંધીને છોડીશું નહીં એવી બધી ચર્ચાઓ કરી. તો તેના પર ગુનો હોવા છતાં એ ગુનેગાર પકડાતા નથી. તો તેને પકડવા માગો છો કે કેમ?

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, અમારી નગરપાલિકામાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની પરમિશન સરળીકરણથી મળતી નથી તો આમાં ખૂટતું પૂરું કરાવડાવે એવી વિનંતી અને બીજું, પોલીસ તંત્ર ઉપર કોઇ ગુનેગાર હુમલો કરે તેના માટે સ્પેશિયલ કોઇ કાયદો એવો બનાવીએ કે પોલીસ તંત્રનું રક્ષણ થઇ શકે. કારણ કે ગુનેગારો બેફામ બની અને પોલીસો ઉપર પણ અમારા જિલ્લામાં હુમલા કર્યા છે એવા બનાવો બન્યા છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી જે વાત કરતા હતા તેના ઉપર મારું એક સૂચન છે કે તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર જે કોર્પોરેશનનો ઢોર પૂરવાનો ડબ્બો છે તેમાંથી ૯૬ ગાયો..

અધ્યક્ષશ્રી : ના, ના. એ વાત અત્યારે નથી. કોઇ સૂચન હોય તો બોલો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સૂચન જ છે. એ ગુનેગારો પકડાયા નથી. તો તેના પર એફ.આઇ.આર. દાખલ કરવામાં આવે એવું મારું સૂચન છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. મારા મતવિસ્તારનું થાનગઢ શહેર. એશિયા ખંડની અંદર પ્રથમ નંબરનું માથાદીઠ આવક ધરાવતું શહેર હતું, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખંડણી, ખનીજ અને દારૂ આ ત્રણેનો અતિશય ત્રાસ છે. છેલ્લા એક મહિનાથી એક આરોપી પકડાયો નથી. એકના એક કર્મચારીઓ વારંવાર બદલી થઇને ત્યાં આવે છે. બદલી થઇ ગયાના ઓર્ડર થવા છતાં છૂટા કરવામાં આવતા નથી. આવા અનેક પ્રશ્નો છે. તો તેમાં કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી ખૂબ સારું કામ કરે છે. મારા દિયોદરની અંદર જેલ નથી. જિલ્લા કક્ષાની કોર્ટો ચાલે છે. જેલ માટે ત્યાં એક આરોપી હોય તો ૧૦૦ કિલોમીટર સવારમાં ગાડી લઇને જાય અને બીજે દિવસે ૧૦૦ કિલોમીટર ગાડી લાવે. કેટલીક ગેરરીતિ થતી હશે. એટલે જેલ ખંડેર હાલતમાં પડી છે તો રિપેરીંગ કરી અને તાત્કાલિક વ્યવસ્થા કરી આપે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પાછા તમારા વખાણ કર્યા છે. (અંતરાય) હવે જવાબ નથી આપવાના. જવાબ આપવો છે? સમય નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, પોઝીટીવ વાત છે.

અધ્યક્ષશ્રી : એકદમ શોર્ટમાં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જે શ્રીમતી ઝંખના બહેને કહ્યું, અમે જેલની અંદર સિવિલ હોસ્પિટલ જોડે લાજપોર જેલને એટેચ કરી અને મહિલા માટે ત્યાં વીકમાં એકથી બે વખત ડોક્ટર આવે એવી વ્યવસ્થા કરીશું. કલોલની જેલ માટે ત્રણેક વર્ષથી શ્રી બળદેવજી પ્રયત્ન કરે છે. એમાં આ વખતે અમે પણ એ દિશામાં થોડા આગળ વધીશું. સી.સી.ટી.વી. મેં અગાઉ પણ કહ્યું હતું કે ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી સી.સી.ટી.વી. આપી શકે. જેટલા સી.સી.ટી.વી. વધારે થાય એટલું લો એન્ડ ઓર્ડર માટે સારું છે.

**સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્ર ઉપર કોઇ પણ હુમલો કરે એ અમે કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતા નથી. આપણી પાસે કાયદાઓમાં પણ પ્રોવિઝન છે અને મેં જે જાહેરાત કરી કે આગામી દિવસોમાં નવા કાયદા લાવી રહ્યા છીએ. એમાં વધારે પડતી સખ્તાઇ કરીશું. તમારો અમરેલીનો ભૂતકાળ શું હતો અને આજે શું છે? તમારે તો કહેવું જોઇએ, ભલા માણસ.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇ દૂધાત ઉભાં થતાં)

અધ્યક્ષશ્રી : ના, ના. હવે નથી કહેવું. પહેલાં કહેવું જોઇતું હતું. શ્રી પ્રતાપભાઇ, હવે ન હોય.

બિન–સરકારી વિધેયકો

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શ્રી ઇમરાનભાઇ, ઢોરવાડાના ઘટેલા ઢોરના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આની તપાસ કરી અને જેણે આ કર્યું છે તેને બક્ષવાના મતમાં અમે નથી.

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, તમે ગાયમાતા માટેનો પ્રશ્ન કર્યો. સારો પ્રશ્ન છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, થાનગઢની વાત કરી. તમે જોયું હશે કે બે દિવસમાં પોલીસ ઇન્સપેક્ટરની પણ ત્યાં નિમણૂક થઇ ગઇ છે. એ પણ હું તમને કહું કે આખા રાજ્યમાં ત્રણ વર્ષ કરતા વધારે ક્યાંય કોઇ પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ બદલી કર્યા પછી ફરી ત્યાંને ત્યાં આવતા હોય તો રાજ્યના ડી.જી.પી. દ્વારા આની સંપૂર્ણ ચકાસણી કરી ફરીથી એ સ્થાન ઉપર ન આવે એવી ચોક્કસ અમે સરકાર તરીકે ચિંતા કરીશું. જેલોમાં પણ કેટલીક મામલતદારની જેલો છે. કેટલીક અમારી જેલો છે. આ બધી જેલોને સંકલિત કરીને જ્યાં ઓછાં કેદીઓ છે. ખખડધજ હાલત છે. તેનું ઇન્ટીગ્રેટ કરી અને જેલ વિભાગ, ગૃહ વિભાગ સંયુક્ત રીતે બેસીને આગામી દિવસોમાં આની અંદર કરવાનું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે જે સ્પીચ કરી એમાં ખૂબ વિગતો આપી છે. મેં ટૂંકમાં નોંધી તો પણ બે પાના થયા. હું એ જોતો હતો કે આપણા સભાગૃહમાંથી બીજા કેટલા નોંધે છે? ધારાસભ્યશ્રીઓમાંથી એક જ જણ મને નોંધતું જણાયું. સચિવશ્રીને સૂચના આપું છું કે આપની સ્પીચ તમામ ધારાસભ્યશ્રીઓને પીજીયન બોક્સમાં મૂકવામાં આવે કારણ કે એ ઘણી ઉપયોગી છે. એમાં ઘણી બધી માહિતી છે એનો આપણે ઉપયોગ કરીએ.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૪૨, ૪૩ અને ૪૪ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨–૩૧ થી ૩–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિન–સરકારી વિધેયકો

### સન ૨૦૧૮ નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૨૦

### સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક, ૨૦૧૮

### ગુજરાત રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોના જીવન (જાન), મિલકત અને હિતના રક્ષણ માટે ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા માટેનું વિધેયક

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા ઘણી વધારે છે અને મોટાભાગના વરિષ્ઠ નાગરિકો એકલવાયું જીવન જીવે છે એના પરિણામે એમની એકલતાનો લાભ લઇને અસમાજિક તત્વો ચોરી, લૂંટફાટ, ધાડ, ચેઇન સ્નેચિંગ વગેરે કારણસર તેમના ઉપર અવારનવાર હુમલાઓ કરતા રહે છે જેના કારણે તેમનું જીવન, મિલકત અને હિતના રક્ષણ માટે તેઓને સલામતિ પૂરી પાડવા માટે ખાસ જરૂરિયાત જણાય છે તેથી વરિષ્ઠ નાગરિકોને જરૂરી સુરક્ષા પૂરી પાડવા તેઓને પુરતું રક્ષણ મળે એ માટે પોલીસને પગલા સૂચવવા માટે અને આદેશો આપવા માટે અલગ પોલીસ દળની રચના કરવી જરૂરી જણાય છે અને એ માટે આ બિન સરકારી વિધેયક લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વરિષ્ઠ નાગરિકોમાં મોટાભાગે વકિલો, સરકારી નિવૃત્ત કર્મચારીઓ, ખેડૂતો અને ઘણા બધા વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી એમનો અનુભવ આપણા સમાજ માટે પણ ઘણો ઉપયોગી રહે છે અને એ દ્રષ્ટિએ એમની સલામતિ જોવી એ આપણી ફરજનો એક ભાગ બને છે ત્યારે આના માટે સરકાર દ્વારા રાજપત્રમાં જાહેરનામું બહાર પાડી વરિષ્ઠ નાગરિકોના રક્ષણ માટે પોલીસ ઇન્સ્પેકટર અથવા સબ–ઇન્સ્પેકટરની આગેવાનીમાં ઓછામાં ઓછા ૨૫ વ્યક્તિઓનો સમાવેશ થાય એવી વિશિષ્ઠ નાગરિક સંરક્ષણ પોલીસ દળની ખાસ રચના કરીને ગુજરાત રાજ્યના દરેક તાલુકામાં સ્થાપના કરવામાં આવે અને રાજ્ય સરકાર દરેક તાલુકામાં આ દળને સહાય કરવા માટે સાત સભ્યોની સલાહકાર સમિતિ બનાવે અને એમાં બે મહિલા સભ્યો પણ રહે જેથી આમાં નાગરિકોના કલ્યાણ માટે રાજ્યના કોઇપણ વરિષ્ઠ નાગરિકના જીવનને જોખમરૂપ

* વિધેયક તા. ૮ મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રહેલા હોય એવા લોકોની અટકાયત કરવા માટેની પણ સત્તા આપવામાં આવે. આના લીધે સરકારની અનેક વિશિષ્ઠ યોજનાઓ છે એનો પણ લાભ આ નાગરિકોને મળી શકે એ પણ આના ઉદ્ધેશ્યમાં લઇ શકાય અને જીવનના બીજા ઉદ્ધેશ્યોનો પણ આમાં સમાવેશ થઇ શકે. રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોની નોંધપાત્ર વસ્તી છે જેની સલામતિ અને સુરક્ષા કરવા માટે વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના કરવાનું જરૂરી જણાયું છે. આથી વરિષ્ઠ નાગરિકોના જીવન, જાન અને હિત સલામત રહે એવા દળની સ્થાપના કરવી અત્યંત જરૂરી અને અનિવાર્ય છે. આમ રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોની નોંધપાત્ર વસ્તીને ધ્યાનમાં લઇ સલામતિ અને સુરક્ષાને હલ કરવા માટે મારા આ વિધેયક બાબતે કાર્યવાહી કરે એવી હું સભાગૃહને વિનંતી કરું છું. આભાર.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય આદરણીય કનુભાઇ દેસાઇ જે ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક ૨૦૧૮ લઇને આવ્યા છે. હાલ જ મને વિધેયકની કોપી મળી, હજી વાંચી નથી. પરંતુ એ વિષે મારા જે પણ વિચારો હોય એ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી કનુભાઇને અભિનંદન આપીશ.

અધ્યક્ષશ્રી : જે પ્રોફેસર હોય એ હંમેશા સક્ષમ હોય એટલે વાંચ્યા વગર પરીક્ષા આપી શકે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : શ્રી કનુભાઇને અભિનંદન આપીશ કે એમેણે ગુજરાતના સિનિયર સિટિઝન એટલે કે વરિષ્ઠ નાગરિકોની ચિંતા કરી. સિનિયર સિટિઝન માટે કેન્દ્ર અને રાજય દ્વારા  ઘણા બધા કાયદા બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૭ની અંદર ધ મેઇન્ટેનન્સ એન્ડ વેલફેર ફોર પૅરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન્સ એકટ, ૨૦૦૭ પસાર કરવામાં આવ્યો એની અંદર સુધારો કરી વર્ષ ૨૦૧૯ની અંદર ધ મેઇન્ટેનન્સ એન્ડ વેલફેર પૅરેન્ટસ્ એન્ડ સિનિયર સિટિઝન એમેન્ડમેન્ટ એકટ એની અંદર સુધારો કરવામાં આવ્યો. આપણે જોઇએ છીએ કે ઘણીવાર સિનિયર સિટિઝન જે વડીલો હોય એને ઘણી બધી વેદનાઓ, યાતનાઓ ભોગવવી પડે છે અને આ યાતનાઓ ન થાય, સિનિયર સિટિઝનનું માન સન્માન સચવાય, એમને વિવિધ જરૂરિયાતો પૂરી પાડવાની થાય એના માટે કાયદા બનાવવામાં આવ્યા છે. કોઇપણ કાયદો બને એ, કાયદો બનાવવો એ મહત્વનો નથી પણ ઇમ્પ્લીમેન્ટેશન ઓફ ધ લો ઇઝ વેરી ઇમ્પોટન્ટ એનો અમલ કેટલો થાય છે એ મહત્વનું છે. જે પ્રમાણે આ કાયદાની અંદર જોગવાઇ કરી છે એ પ્રમાણે એમને ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના કરવા માટે ઓછામાં ઓછા ૨૫ વ્યક્તિઓનો સમાવેશ હોય એના માટે જોગવાઇ કરી છે. મારું માનવું એવું છે કે ૨૫ વ્યક્તિ શા માટે? એક જ વ્યક્તિ સિનિયર સિટિઝન હોય એનું માન સન્માન સચવાવું જોઇએ એટલે ૨૫ વ્યક્તિનું દળ નહીં પણ એક વ્યક્તિ કે બે વ્યક્તિ સિનિયર સિટિઝન હોય અને એમની મિલકતનું રક્ષણ થાય એના માટે જોગવાઇ કરવી જોઇએ. ગુજરાત પોલીસને પણ હું અભિનંદન આપીશ બાપુને કે સિનિયર સિટિઝન માટે ખાસ પ્રકારની સ્પેશિયલ એક સેવા શરૂ કરી છે અને એ સેવાનો વધુમાં વધુ ઉપયોગ થાય તો આ કાયદો લાવવાની જરૂર નહીં પડે એટલા માટે જે રાજય સરકારે ગેઝેટ પ્રસિદ્ધ કરીને પરિપત્રથી પોલીસને જે સૂચનાઓ આપી છે એ પોલીસને કડક રીતે સૂચના આપવામાં આવે અને જે નિયમો છે એનું પાલન કરવામાં આવે તો ગુજરાતની અંદર જ વડીલોનું અને સિનિયર સીટીઝનોનું સન્માન સચવાશે. ઘણીવાર સિનિયર સિટિઝન એકલા રહેતા હોય, એમનો પરિવાર દૂર રહેતો હોય અને ઘણીવાર પોલીસને જાણ કરવામાં આવે તો પોલીસ દ્વારા સિનિયર સિટિઝનને સમન્સ મોકલી અને ઘણીવાર ઘરે બોલાવવામાં આવે છે એમને ૨–૨ કલાક સુધી બેસાડી રાખવામાં આવે છે એ ન થાય અને સિનિયર સિટિઝન હોય તો પોલીસ દ્વારા એમના ઘરે જઇ, સિનિયર સિટિઝન જો મહિલા હોય તો મહિલા પોલીસ દ્વારા એમના ઘરે જઇ અને એમના નિવેદનો લેવામાં આવે. ઘણીવાર સિનિયર સિટિઝન કૃત્ય બીજાએ કર્યું હોય પરિવારના સભ્યોએ અને ૧૨૦(બી)ની અંદર એવા સિનિયર સીટીઝનોને ઘણી વખત લઇ લેવામાં આવે છે એટલે સિનિયર સીટીઝનોને હેરાનગતિ થાય છે. જેલોની અંદર પણ ઘણા બધા સિનિયર સીટીઝનો હોય છે. મેં પાટણ જેલની મુલાકાત લીધી એમાં ૫ થી ૬ જણા જેમની ઉંમર ૬૫ વર્ષથી ઉપરની હતી. રાજય સરકારને, માનનીય બાપુ, સત્તા છે આપણે જયારે સિનિયર સિટિઝનની, વરિષ્ઠ નાગરિકોની ચિંતા કરતા હોઇએ તો આવા સિનિયર સિટિઝન માટે કોઇ ખાસ જોગવાઇ કરી અને એમની સજા મોકૂફી કરી અથવા એમની સજા માફ કરી અને એમના પરિવારના સભ્યો સાથે એમને મોકલવામાં આવે તો સિનિયર સિટિઝન અને વડીલોની સેવા ગણાશે. બીજી બાબત કે સલાહકાર સમિતિની વાત કરી છે તો સલાહકાર સમિતિની અંદર અત્યાર સુધીમાં ઘણીવાર એવું બન્યું છે કે સરકારે ઘણી બધી કમિટીઓ બનાવી છે, સલાહકાર સમિતિ પણ બનાવી છે અને એ સલાહકાર સમિતિઓની અંદર કોઇપણ પ્રકારનું કવોલીફીકેશન ન હોય, કોઇ લાયકાત ન હોય કે કોઇ અનુભવ ન ધરાવતો હોય એવા લોકોને રાખવામાં આવે છે એટલે એના લીધે કાયદાનું ઇમ્પ્લીમેન્ટેશન, એનો અમલ સારી રીતે થતો નથી એટલે આની અંદર જે પણ કમિટી બનાવવામાં આવે એની અંદર જે સમાજની અંદર વર્ચસ્વ ધરાવતા હોય. સમાજની અંદર સારું માન હોય, અનુભવ હોય, સારી પ્રતિષ્ઠા ધરાવતા હોય એવા લોકોને જો કમિટીની અંદર સ્થાન આપવામાં આવશે તો આ જે કાયદો લઇને આવ્યા છે અને એના ઉદ્ધેશો છે એ ઉદ્ધેશો સફળ થશે, તેવું મારું માનવું છે. એટલે આ જે શ્રી કનુભાઇ દેસાઇ જે વિધેયક લઇને આવ્યા છે, એને મારું સમર્થન કરું છું અને અમારી પાર્ટી નહિ, પણ સમગ્ર આ ગૃહના સભ્યો જે પણ બેઠેલા છે, તેમને વિનંતી કરું છું કે ભવિષ્યની અંદર વડીલ, વરીષ્ઠ નાગરિકોનું સન્માન સચવાય, એટલા માટે જે કાયદો, રૂલ્સ લઇને આવશે, એમાં અમે હંમેશા પોઝિટિવ રીતે સહયોગ આપીશું. જય હિંદ, જય ભારત.

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

બિન-સરકારી વિધેયકો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર સભ્યશ્રી કનુભાઇ દેસાઇ સિનિયર સિટિઝન પ્રોટેક્સન બિલ લઇને આવ્યા છે, તેમને એક સિનિયર સિટિઝન સભ્ય તરીકે હું આવકારું છું અને સમર્થન કરું છું. શ્રી કનુભાઇએ જે સિનિયરોની ચિંતા કરી છે અને બિલ લાવ્યા છે તે સમયની માંગ છે. રાજ્યમાં અને દેશમાં જેમ જેમ વસતિ વધે તેમ તેમ સિનિયરોની વસતિ પણ વધતી જ જાય છે. ભારત દેશ જ્યારે આઝાદ થયો ત્યારે ૩૩ કરોડની વસતિ હતી. આજે ભોળાનાથની દયાથી ૧૩૦ કરોડની વસતિ થઇ છે, કારણ કે વસતિ વધે એમાં સિનિયરોની વસતિ પણ વધે છે. ગુજરાત રાજ્યમાં ભાજપની સરકાર આવ્યા પછી રાજ્યમાં આરોગ્યની સારી એવી સેવા મળે છે. જેમ કે મા વાત્સલ્ય યોજના, આયુષ્યમાન ભારત જેવી યોજના લોકોની તંદુરસ્તી માટે ખૂબ જ આવકાર-દાયક સેવા હોવાના કારણે લોકો સુખી સંપન્ન થયા છે. રહેણી-કરણીમાં બદલાવ આવ્યો છે. રહેણી-કરણીમાં બદલાવ આવવાના હિસાબે ઉંમરમાં વધારો થયો છે. સિનિયરો વધ્યા. આપણા સંસ્કાર છે કે માતા પિતા વૃદ્ધ થાય, ત્યારે તેમના દીકરાઓએ તેમને સાચવવાની જવાબદારીવાળી એક સંયુકત કુટુંબ પ્રથા હતી. હાલ આધુનિક યુગની આંધળી દોટમાં અમે બે અને અમારા બે સ્વતંત્ર રહેવા લાગ્યા છે, જેથી સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતી જાય છે, જેથી વડીલો એકલા પડતા જાય છે. હું ગામડામાંથી આવું છું. અત્યારે ગામડાની અંદર રસોડા શરૂ થઇ ગયા છે. પણ જ્યારે બંનેમાંથી એક માણસ એક્સપાયર્ડ થઇ જાય તો રસોઇની તકલીફ પડે છે. બંને માણસ જો હોય તો રસોઇ કરી લે. જો બહેન એકલી હોય તો પણ એ રસોઇ કરી લે. પણ ભાઇ એકલો હોય તો રસોઇની મુશ્કેલી પડે છે, ત્યારે ગામડામાં બહારના લોકો આવીને રસોડું શરૂ કરે છે. જેથી આવા વડીલોને રસોઇની ચિંતા ન થાય. મને યાદ છે કે પહેલા ગામડામાં જ્યારે આ સંયુક્ત કુટુંબ પ્રથા હતી. ગામડામાં રહેતા લોકો કોઇક સાજા-માંદા હોય તો ગામમાંથી જ્યારે ઘરમાં બેસવા માટે લોકો આવતા હોય તો કુટુંબના સભ્યોને ચિંતા ન પડે તેવી વ્યવસ્થાઓ હતી. બાપાની અને માડીની ખબર અંતર પૂછતા. આ હિસાબે હૂંફ પણ મળતી હતી. અત્યારે ગામડા, શહેરોમાં વડીલો એકલા રહેતા હોય ત્યારે એકલતાનો લાભ લઇ લોકો બ્લેકમેઇલ કરતા હોય છે. જ્યારે ચોરી અને લૂંટફાટનો ભય રહેતો હોય છે. આ સિનિયર સિટિઝન એ આપણા દેશની અને રાજ્યની ધરોહર છે, એસેટ પણ છે. તેમની રક્ષા કરવી એ રાજ્યની અને આપણા સૌની જવાબદારી અને ફરજ બને છે. આ સિનિયર સિટિઝન અંગેની બે પંક્તિ કહેવા માગું છું.

''બુઢાપા ગુજરતે વક્ત કી બંજાવાના હૈ, જો જાકર ન આયે વો જવાની હૈ,

અગર જિંદાદિલી હૈ તો બુઢાપા ભી જવાની હૈ, ઓર જાકર ન આયે વો બુઢાપા હૈ.''

"જિને શક હો વો કરે ઓર ખુદા કી તલાશ, હમ ઓર હમારી સરકાર વડીલો કો ખુદા માનતે હૈ."

આ બિલ લઇને આવ્યા છે એમને હું સમર્થન કરું છું અને આભાર માનું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના...

અધ્યક્ષશ્રી : એમનામાંથી ત્રણ મિનિટ વધી છે. એટલે એલઓપી બોલશે, બોલો હવે.

શ્રી બ્રિજેશ મેરજા : થૅન્ક યુ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સિનિયર સભ્યશ્રી કનુભાઇ દેસાઇ એક સરસ મજાનું સિનિયર સિટિઝનોની ચિંતા વ્યક્ત કરતું વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું મારા કોંગ્રેસ પક્ષના સભ્ય તરીકે હૈયાના ઉમળકાથી વધાવું છું. જન્મ, જરા અને મૃત્યુ કુદરત આધીન છે. માણસને કયાં જન્મ લેવો, કયારે મૃત્યુ થાય અને જરા એટલે વૃદ્ધત્વ એ આપણા હાથમાં નથી. ત્યારે વૃદ્ધોની આ ચિંતા આપણે સૌએ આ ગૃહમાં કરી છે અને તેમાં મને ભાગ લેવાનું સૌભાગ્ય મળ્યું છે તે માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. મેં આ બિલના ઉદ્દેશો જોયા, તેમાં જે વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ સ્થાપવા પાછળનો જે ઉદ્દેશ છે તે નાગરિકોના જીવન, મિલકત અને હિત જોખમાય છે તે અટકાવવાનો છે. આ ખૂબ સારી બાબત છે. દળના કાર્યોની જે સૂચિ આપી છે તેમાં અને નાણાકીય યાદી આપી છે તેમાં જોઇએ તો આ ઝીરો અવર્સમાં થાય છે. શ્રી પ્રદિપસિંહજીને તેમાં વધારાનો કોઇ ખર્ચો બજેટમાં મંજૂર કરાવવો પડે તેમ નથી. અત્યારનું પોલીસદળ છે તેમાં તાલુકા મથકે સમિતિ બનાવી, તાલુકા મથકે આવા વેલફેર સેન્ટર બનાવીને આગળ વધવાની વાત છે ત્યારે પોલીસને ડેપ્યુટેશન ઉપર મૂકીને વૃદ્ધોની સેવા કરી શકાશે તે દૃષ્ટિએ પણ આવકારવાદાયક છે. આપ તો બંધારણીય નિષ્ણાત છો. ભારતીય બંધારણની કલમ-૩૬થી ૫૧માં રાજ્ય નીતિ માર્ગદર્શક સિદ્ધાંતો મુકરર કરવામાં આવ્યા છે. તેમાં રાજ્ય કેમ વધુને વધુ કલ્યાણકારી બને તેની જોગવાઇ કલમ અનુચ્છેદ-૪૧માં એવું સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને કામનો, શિક્ષણનો, બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગતા પ્રસંગે વગર વાંકે વેચવી પડતી તથા તંગીના અન્ય પ્રસંગે જાહેર સહાયનો હક્ક મળી રહે તે માટે આવી જોગવાઇ કરવી જોઇએ. આ ફરજિયાત નથી પણ જો રાજ્ય કલ્યાણકારી હોય, રાજ્ય સમૃદ્ધ હોય તો આ કરી શકે છે. તેમાં ગુજરાત સમૃદ્ધ છે અને ગુજરાત કલ્યાણકારી છે તેવું ગૌરવ લેતા હોય તો ગુજરાતમાં આનો અમલ સુપેરે થાય તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. અમારા સિનિયર સાથીદાર વલ્લભભાઇએ કહ્યું અને એક કવિતા ટાંકી. સુરેશ દલાલની એક કવિતા છે કે, એક ડોસો ડોસીને પ્રેમ કરે છે. ગુજરાત સરકાર પણ ડોસા ડોસીને પ્રેમ કરતું આ વિધેયક લઇને આવી છે તેને હું આવકારું છું. હમણાં વાત થતી હતી કે, સંયુક્ત કુટુંબની પ્રથા ઉત્તરોત્તર નાશ પામતી જાય છે અને વિભક્ત કુટુંબો વિકસતા જાય છે ત્યારે જે સિનિયર સિટિઝનો છે તેની એકલતા, પરવશતા, તેની મજબૂરીને જોતાં તેમને કોઇપણ પ્રકારની સુરક્ષા મળી રહે, આજકાલ વૃદ્ધોને, વિધવાઓને છેતરવાના સાયબર ગુનાઓ બને છે તેમાંથી પણ આપણે તેમને સંરક્ષણ આપવું જોઇએ. ઓટોરિક્ષામાં સિનિયર સિટિઝનોનું શોષણ થતું હોય છે. વિધવા પેન્શનમાં પણ તેમનું પેન્શન

બીજા લઇ જતા હોય છે તેવું બને છે. આ બધુ અટકાવવું જોઇએ. અમારે મોરબીમાં સિનિયર સિટિઝનો માટે લીલા લહેર નામની એક સરસ સંસ્થા છે. લીલા લહેર સ્વૈચ્છિક સંસ્થા મોરબીમાં સિનિયર સિટિઝનો ત્યાં કેવો નિજાનંદ માણે છે તે જોવા જેવું છે. હું ખુદ ત્યાં જઇને સિનિયર સિટિઝનોને મળીને મારો રાજીપો વ્યક્ત કરી આવ્યો છું. આ બિલ લઇને શ્રી કનુભાઇ આવ્યા છે ત્યારે તે પણ સિનિયર સિટિઝન છે, શ્રી વલ્લભભાઇ જેવા સિનિયર સિટિઝને તેને ટેકો આપ્યો છે ત્યારે પારોઠના પગલાં નહીં ભરે. સરકાર આમાં ના પાડતી હોય તો મારી આપશ્રી મારફતે સરકારશ્રીને વિનંતી છે કે, હું કયાં કહું છું કે આપની હા હોવી જોઇએ, પણ ના કહો તેમાં વ્યથા હોવી જોઇએ. પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા મરજી મુજબની થોડી મજા હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ માનનીય નીતિનભાઇ મજા લઇ રહ્યા છે એમના વેવાઇ શ્રી ધનજીભાઇ અમારા વડીલ છે, શ્રી નીતિનભાઇ અને શ્રી ધનજીભાઇ વેવાઇ થાય છે એટલે શ્રી ધનજીભાઇનો ફોન આવ્યો કે આજકાલ મારા વેવાઇ નીતિનભાઇ સ્વપ્નમાં પણ શાયરી બોલે છે. આ એક હળવાશથી વાત લીધી છે અને સિનિયરો જો આ રીતે શાયરી બોલતા થાય તો જીવનમાં એક લિલાશ આવે.

અધ્યક્ષશ્રી : એવું સ્વપ્નું એમને આવ્યું એમ કહે છે, સ્વપ્નમાં આ બધું જોયું હતું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણની કલમ ૫૧ મુજબ આપણે એમાં આગળ વધીએ અને બેન્કોમાં જે દિન–પ્રતિદિન ગોટાળાઓ થતા હોય છે અને સિનિયર સિટીઝનના નાણાંની ઉચાપત થઇ જતી હોય છે એની સામે પણ એમને આપણે રક્ષણ આપવું જોઇએ. મોટી ઉંમરની બહેનો રસ્તા પર ચાલતી જતી હોય ત્યારે એમના ગળામાંથી ચેઇન સ્નેચીંગની ઘટનાઓ બને છે એમાં પણ થોડી વધારે સતર્કતા દાખવવી જોઇએ. મારે શ્રી નીતિનભાઇને અભિનંદન આપવા છે કે, હમણાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલમાં સિનિયર સિટીઝનો માટે એમણે અલગ લાઇન રાખીને એમને ઓ.પી.ડી. વગેરેમાં પ્રાયોરીટીમાં સુવિધા આપી છે તો સિનિયર સિટીઝનો માટે આપણે એસ.ટી. બસમાં પણ આવી રીતે સીટો રીઝર્વ રાખો એવી માનનીય આર.સી.ફળદુ સાહેબ પાસે અપેક્ષા સેવું છું અને અંતે એટલું જ કહીશ કે સિનિયર સિટીઝન વેલ્ફર સેન્ટર વધુને વધુ સારું કામ કરે અને જે રીતે આ વિધેયકમાં જે એનો હાર્દ છે, જે વિભાવના છે એ સાર્થક થાય એ માટે સરકાર યોગ્ય પગલાં લે એવી વિનંતી કરું છું.

**શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. ગૃહના માનનીય સભ્યશ્રી કનુભાઇ દેસાઇ ગૃહ સમક્ષ ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક–૨૦૧૮ લઇને આવ્યા છે ત્યારે અંતરમનથી એને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો જે હાર્દ છે, આ દેશની સંસ્કૃતિ માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ જ્યાં માતા–પિતાની પુજા કરવાના સંસ્કારો વારસામાં મળ્યા હતા ત્યાં માતા–પિતાની ચિંતા કરવી પડે, વરિષ્ઠોની સુરક્ષાની ચિંતા કરવી પડે એ આપણા સૌ માટે આવતા દિવસોમાં ખૂબ ગંભીર પડકાર છે. સંયુકત કુટુંબની ભાવના ક્યાંયને ક્યાંય ઓસરતી જાય છે, પેટે છોટિયા લઇને બાળકને ભણાવનારી એક માં એ દીકરાને ભણાવી ગણાવીને ડોકટર–એન્જિનિયર કરે કે આઇ.એ.એસ., આઇ.પી.એસ. કરે અને પછી એના બુઢાપામાં જ્યારે લાકડીરૂપી ટેકો જોઇતો હોય ત્યારે દીકરાઓ એના જીવનમાં મસ્ત હોય છે અને બીજી બાજુ ગામડાની અંદર ઘરડાઓને એના જીવનનું ભરણ પોષણ કરવું પણ ખૂબ મુશ્કેલ હોય એવા કેટલાય દાખલાઓ આ ગૃહના બધા જ સભ્યો સામાન્ય જન સાથે જોડાયેલા છે ત્યારે આપણી સામે આવે છે. શ્રી વલ્લભભાઇએ ખૂબ સારી વાત કરી, અભ્યાસ કરીએ તો આજે દરેક ગામડામાં ઓછામાં ઓછા ૪૦–૫૦ એવા સિનિયર સિટીઝન હોય છે કે જેમના દીકરાઓ કાં તો અમદાવાદ હોય, સુરત હોય કે વિદેશમાં હોય અને એવા સંજોગોમાં માત્ર ત્યાં ગામમાં કારણ કે શહેરમાં ગમતું નથી કારણ કે શહેરમાં માન–સન્માનનો અભાવ છે અને ગામડે સોરવે છે પણ ત્યાં એને ગદરાવવાવાળું કોઇ નથી. સમય નથી લેવો પણ મારી આપના મારફત સરકારશ્રીને વિનંતી છે કે, આ વૃદ્ધોને સલામતી પૂરી પાડવી પડે એવી સ્થિતિ ગુજરાતમાં ઉભી થઇ છે, જે લોકોની પાછળ કોઇ નથી એવા લોકોની જમીન–મિલકત માફિયાઓ આવા લોકોનું પહેલા ભાડેથી મકાન રાખે અને પછી ક્યાંયને ક્યાંય આખી મિલકત પચાવી પાડે એવા દાખલાઓ સામે આવી રહ્યા છે ત્યારે મિલકત સલામતી માટે સરકારે કયાંયને ક્યાંય ચિંતા કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, વૃદ્ધાવસ્થા પેન્શન યોજના ચાલે છે, ઘરડો માણસ નોકરી કરી શકતો નથી, કમાણીનું કોઇ સાધન નથી, પરિવારમાં પાછળ કોઇ એને હુંફ આપનારું કોઇ નથી અને આવા લોકોને બે ટાઇમ ખાવાના ફાંફા પડે એવી દયનીય સ્થિતિ ગુજરાતના ગામડાઓમાં આપણે સૌ નજરે જોઇએ છીએ ત્યારે તેઓ આત્મ–સન્માન સાથે બે ટંક પૂરતું ખાઇ શકે એની ચિંતા સરકારે કરવી જોઇએ. જે આપણી વૃદ્ધાવસ્થા પેન્શન યોજના છે આયુની સાથે દરેક વ્યક્તિને એનો લાભ મળે એ માટે એના દરવાજા સરકારે ખોલવા જોઇએ. ખાસ કરીને વૃદ્ધાવસ્થા, ઉંમરની સાથે ક્યાંયને ક્યાંય રોજ એનો પીછો કરતી હોય છે, સૌથી વધુ એની જરૂરિયાત જ્યારે વૃદ્ધ હોય ત્યારે એને આરોગ્યની સારવાર પૂરતા પ્રમાણમાં સમયસર મળે પણ સારવારના અભાવે જે રોગ સામે પ્રતિકારક શકિત ઘટતી હોય, સામે જે સુવિધાઓ ઉપલબ્ધ થવી જોઇએ એની પણ ઉણપ સમગ્ર ગુજરાતમાં ક્યાંયને ક્યાંય દેખાય છે. સારા – નરસા પ્રસંગે ક્યાંક જવું હોય, કોઇક સગાવ્હાંલાને મળવા જવું હોય, ઘરડાઓ માટે તો ઘર જેલ બનીને રહી ગઇ છે. તો આવા લોકોને સરકારી પરિવહનની અંદર મફતમાં મુસાફરીની યોજના લાગુ થાય તો એના જીવનના પાછલા દિવસો ક્યાંક યાત્રાધામમાં ક્યાંક ધાર્મિક સ્થળોમાં એ લોકોના દિવસો પસાર થાય એના માટે

આપણે મફત પરિવહનની સુવિધા પણ કરવી જોઇએ. પરિવારની હુંફ માટે પણ કાયદાની જરૂર છે જે મા એ નવ મહિના દીકરાને પેટમાં પાળીને મોટો કર્યો, અઢાર વરસ મા બાપે એના જીવનના પરસેવાની કમાણી એના ભવિષ્યને નિખારવા માટે રોકાણ કર્યું અને દીકરો ભણી ગણીને મોટો થાય અને ઘરડાંઘરની અંદર ઘરડાઓને પોતાનું પાછલું જીવન વ્યતિત કરવું પડે આવી સ્થિતિ છે. ત્યારે જે વારસાઇ મિલકતની અંદર દીકરાઓ અને દીકરીઓ અધિકાર માગે છે એને માટે કોર્ટ ચડે છે પણ એના મા બાપને સાચવવાની ફરજ ચૂકનારા એવા જે નપાવટ લોકો હોય તો એને મિલકતમાં હિસ્સો જોઇતો હોય તો જીવનપર્યંત એના માબાપની સારસંભાળ કરે એવી કોઇ કાયદાકીય વ્યવસ્થા કરીશું તો મને લાગે છે કે, જે આપણી સૌની ચિંતા છે એમાંથી ક્યાંક સામાજિક જવાબદારીના સ્વરૂપે નવી પેઢીના છોકરાઓને પણ કાન પકડીને એની જવાબદારી નિભાવતા શીખવાડવું પડશે. આ સંસ્કારોની પાઠશાળાની ક્યાંયને ક્યાંય ઉણપ છે અને એ નવી પેઢીને આપણા વારસાઇ સંસ્કારો માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ એની પુજા થાય, એના આત્મસન્માનનું રક્ષણ થાય, એની માલ મિલકતની સુરક્ષા થાય, એને માટે માનનીય સભ્યશ્રી કનુભાઇ દેસાઇ આ બિલ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તો સરકારને પણ હું વિનંતી કરું છું કે આ બિલને સર્વાનુમતે સ્વીકારે અને આ ગૃહના સભ્યશ્રીઓએ જે ચિંતા વ્યક્ત કરી છે એમાં સૂર પૂરાવતા શ્રી કનુભાઇના આ બિલને અંતરના ઉમળકાથી આવકારું છું અને સમર્થન કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપણે બધા જ વરિષ્ઠ નાગરિક થવાના છીએ અને વરિષ્ઠ એક્સ એમ.એલ.એ.ની ચિંતા કરવાનું આમાં લખ્યું હોત તો? માનનીય મંત્રીશ્રી,

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક, ૨૦૧૮ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય ધારાસભ્યશ્રી કનુભાઇ દેસાઇ લઇને આવ્યા છે તેના સમર્થનમાં માનનીય ધારાસભ્યશ્રી કીરીટભાઇ, માનનીય વલ્લભભાઇ, માનનીય બ્રિજેશભાઇ અને માનનીય વિપક્ષના નેતા પરેશભાઇ ધાનાણીએ પણ બહુ વિસ્તૃત વિષય મૂક્યો છે. શ્રી કનુભાઇની લાગણી એટલા માટે કે સિનિયર સિટિઝન જ્યારે એકલવાયું જીવન જીવતા હોય ત્યારે કોઇ એની એકલતાનો લાભ લઇ અને એને હેરાનગતિ ન ઉભી કરે એટલા માટે એક અલગ પોલીસદળ થાય, જેમાં પી.આઇ., પી.એસ.આઇ., પચ્ચીસ (૨૫) લોકોનું એક દળ હોય અને એમની મિલકતોના હક્કોના રક્ષણ માટે જ્યારે આવશ્યકતા હોય ત્યારે આ સિનિયર સિટિઝનને મદદ કરે એવી એમની લાગણી છે. સ્વાભાવિક જે સૂર ઉભો થયો એમાં સિનિયર સિટિઝનો પ્રત્યે સમાજનું ધ્યાન આકર્ષિત થાય એટલા માટે સભાગૃહના કેટલાય માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વકતવ્યો આમાં રજૂ કર્યાં. મારે એટલું કહેવું છે કે ભારતીય સંસ્કૃતિના મૂળની અંદર જો કોઇ હોય તો એ વડીલોની વંદના છે. એટલે કે એ આપણી સંસ્કૃતિ છે. હજી સુધી તો ભગવાનની કૃપા છે કે આ સંસ્કૃતિમાં એ કક્ષાની વિકૃતિ નથી આવી. કે વડિલો સિવાય જે પોતાના દીકરા રોજગારી માટે કોઇ નગર કે વિદેશમાં ગયા હોય તેના સિવાય દરેક પરિવાર ઇચ્છે કે મારા મા-બાપ મારી સાથે રહે અને આ રાજય સરકાર પણ આવા તમામ વરિષ્ઠોની સેવા કરવી, જતન કરવું, રક્ષા કરવી તે અત્યંત આવશ્યક, અગત્યનું કામ ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય તરીકે આપણે બધા પોતાના મત વિસ્તારમાં જતા હોઇએ છીએ અને દરેકના મત વિસ્તારમાં સિનિયર સિટીઝનોના મંડળ ચાલતા હોય છે. જેમ શ્રી બ્રિજેશભાઇએ કહ્યું કે લીલા લહેર નામની સંસ્થા ચાલે છે. હું પણ વટવા વિધાનસભામાંથી ધારાસભ્ય તરીકે, જો કે અમારે ત્યાં એક મ્યુનિસિપલ કોર્પોરેશનનો બગીચો છે અને તે બગીચાની અંદર રોજ સાંજે આવા ૨૦૦થી ૨૫૦ જેટલા વરિષ્ઠ નાગરિકો તેમા ભેગા થાય. તેમાં ચર્ચાનું જે સ્તર હોય એક વખત તે લોકો સાથે કલાક જેટલો સમય ફાળવીએ તેના ચર્ચાના સ્તર નેશનલ, ઇન્ટરનેશનલ, સરકાર તમારા વખાણ, તમારી આલોચના કરવાની જો કોઇનામાં તાકાત હોય તો આ વરિષ્ઠ નાગરિકોની અંદર હોય છે. જો સરકારનું સાચું માપદંડ કાઢવું હોય તો આ બાંકડા ઉપર બેઠેલાં આ વરિષ્ઠ નાગરિકોના મનમાં ચાલતા વિચારોનું તમે જો માપ કાઢો તો નીકળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ લોકોની સાથે સત્સંગ કરવાની મજા આવે છે. મને યાદ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જે શ્રવણ તીર્થ યોજના શરૂ કરી પછી હું ત્યાં ગયો બધાને સમજાવી અને એ શ્રવણ તીર્થ યોજનામાં બધા લોકોને દર્શન કરવા માટે વ્યવસ્થા કરી. રસ્તામાં તેની નાની મોટી વ્યવસ્થાની ચિંતા કરી અને આવ્યા પછી હું ફરી બધાને મળવા માટે ગયો ત્યારે દરેકની આંખોની અંદર જે અહોભાવ હતો તે ધારાસભ્ય તરીકે મને કામ કરતા ઉત્તમ તેમાં આનંદ થયો અને આવા નાગરિકોની, આવા વરિષ્ઠ નાગરિકોની સેવા કરવી, એની ચિંતા કરવી રાજયની ૧૦૮ના માધ્યમથી એને તાત્કાલિક સારવાર, મુખ્યમંત્રી અમૃતમ, મા વાત્સલ્ય અને સરકારની અનેક યોજના ઢીંચણના ઘસારામાં જે હતા તેની અંદર પણ ઘટાડો કરી અને રાજયના વરિષ્ઠ  નાગરિકોના માટે આપણે અનેક કામ કર્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની જાણકારી અને ગૃહની જાણકારી માટે કહું તો આખા ગુજરાતમાં વડોદરા શહેરની અંદર આ શ્રવણ તીર્થ યોજનામાં એકસામટી ૪૦ અને બીજી ૨૦ એમ ૬૦ બસો તીર્થ યાત્રાએ હું લઇ ગયેલો અને એ ભાવ વરિષ્ઠ નાગરિકોના ચહેરા ઉપર જે જોવામાં આવેલો છે તેના ફોટોગ્રાફસ આજે પણ આપણે વાગોળીએ છીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે આમાં આપણને એક પ્રકારનું પુણ્ય મળે છે અને જો તેના ચહેરા પર આનંદ જોઇને આપણને આનંદ થાય તો આ સરકાર ગુજરાતનો કોઇ વરિષ્ઠ નાગરિક દુઃખી થાય એવું કોઇ પણ કાર્ય આપણે ઇચ્છતા નથી.

બિન-સરકારી વિધેયકો

માનનીય અધ્યક્ષશ્રી, Criminal Procedure Codeની કલમ ૪૧ હેઠળ અને ૧૫૧ હેઠળ આવું કંઇ થાય તો તેમાં નિવારવા માટે પગલાં છે. The Maintenance and Welfare of Parents and Senior Citizens Act, 2007ની અંદર જોગવાઇ છે અને તેમાં સેકસન-૨૧માં જાનમાલની સુરક્ષાની છે. રાજ્યની અંદર જે બેસ્ટ પોલિસીંગ કહેવાય તેમાં તમામ પોલીસ સ્ટેશનની અંદર આ પ્રમાણેના સિનિયર સિટિઝનના નામ સરનામા નોંધવા અને દરેક પોતાના ઘરની અંદર કોઇ નોકર ચાકર રાખે તો તેનું વેરીફિકેશન કરીને રાખવા અને આ ઉપરાંત ૧૦૦, ૧૧૨ કે ૧૮૧ના માધ્યમથી પણ તેને મદદરૂપ થવું. હું અમદાવાદ શહેર પોલીસને અભિનંદન આપું છું, અભિનંદન એટલા માટે આપું છું કે તેણે પોતાના લો એન્ડ ઓર્ડરની સિચ્યુએશનમાં વરિષ્ઠ નાગરિકો માટે એક નમન નામનો કાર્યક્રમ શરૂ કર્યો. ખાલી તેનું નામ જ નમન કે દરેક પોલીસ ઇન્સ્પેકટરને પોતાના વિસ્તારમાં કેટલા સિનિયર સિટિઝન રહે છે તેની નોંધણી થાય, પોલીસ અધિકારી દ્વારા તેની મુલાકાત લેવાય, એક અલગ રજીસ્ટર બને અને આ લોકોને તેના નંબરો આપેલા હોય એટલે તે સિનિયર સિટિઝન અને પોલીસ સ્ટેશન તેની કનેક્ટીવીટી થાય. આ ઉપરાંત કેટલાક પોલીસ સ્ટેશનમાં તો એ લોકોના ગેસ હોય, લાઇટ બિલ હોય, ઇમરજન્સી સર્વિસ હોય તો આ બધાની અંદર આત્મીયતાનો ભાવ ઉભો થાય. તે પરિવારોની સુરક્ષા અને ચિંતા આ પોલીસ સ્ટેશનો કરતા હોય છે. આના ઉપરાંત પોલીસ કમિશનર, અમદાવાદ દ્વારા આ નમન પ્રોજેકટ હેઠળ તેનો રિપોર્ટ મંગાવવામાં આવે છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા સિનિયર સિટિઝન સર્વિસ પોર્ટલ, સિટિઝન સર્વિસ પોર્ટલ, સિટિઝન ફર્સ્ટ ગુજરાત એ શરૂ કરવામાં આવ્યું છે. આપ સૌ જાણીએ છીએ કે, હવે દિન-પ્રતિ-દિન લોકોની ઉંમરમાં વધારો થતો જાય છે. આપે જેમ કહ્યું કે આવતી કાલે આપણે પણ સિનિયર સિટિઝન થવાના છીએ. સરકાર એ બાબતમાં ના કહું છું એમાં વ્યથા હોવી જોઇએ, પણ એ વ્યથાને અમે વ્યવસ્થાની અંદર પરિવર્તિત કરીએ છીએ. જેના કારણે આ સિનિયર સિટિઝનોને આપણા માટે અહોભાવ ઉભો થાય. હવે આ સિનિયર સિટિઝનો એ સોશિયલ મિડિયાના માધ્યમથી પણ કનેકટ હોય છે. આના કારણે આ બધી જ માહિતીથી એ ઇમિજીઇટ જોડાયેલા હોય છે અને અપડેટ અને કનેકટ હોય છે. રાજ્ય સરકાર એ રાજ્યના તમામ વરિષ્ઠોની સેવા કરવી એનું રક્ષણ કરવું એની પ્રાથમિક ફરજ સમજે છે, એટલે હું માનનીય કનુભાઇ દેસાઇને વિનંતી કરું છું કે કાયદાઓમાં જોગવાઇ છે એ જોતાં આના માટે અલગ કાયદો લાવવા માટેની કોઇ આવશ્યકતા નથી, તો તેઓ તેમનું આ વિધેયક પાછું ખેંચે તેવી તેમને વિનંતી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સિનિયર સિટિઝનોની ચિંતા કરીને જે આ બિલ રજૂ કર્યું, તો એમાં ગૃહના સન્માનનીય સભ્યો શ્રી વલ્લભભાઇ, શ્રી કાંતિભાઇ, શ્રી બ્રિજેશભાઇ ગૃહના વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જે રીતે સમર્થન આપ્યું અને જે રીતે આપણા ગૃહમંત્રીશ્રીએ સરકારમાં ચાલતી વિવિધ યોજનાઓ અને એના ઉપરાંત જે રીતે નમન કાર્યક્રમ અમદાવાદમાં પોલીસ સ્ટેશનમાં છે તે ટાઇપના બધા પોલીસ સ્ટેશનોમાં કાર્યક્રમો થાય અને આના લીધે વરિષ્ઠ નાગરિકો પ્રત્યે સમાજનું ધ્યાન ખેંચવાનો મારો ઉદ્દેશ હતો. મને લાગે છે કે આના લીધે આ ઉદ્દેશ સિદ્ધ થઇ રહ્યો છે અને થશે એટલે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે...

અધ્યક્ષશ્રીઃ થોડું માન તો માગો. તમે વરિષ્ઠ નાગરિક છો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૦ સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૩૨**

**ગુજરાત અનુસૂચિત જાતિ પેટા- યોજના અને આદિજાતિ પેટા-યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયક, ૨૦૧૮**

**અનુસૂચિત જાતિપેટા-યોજના અને આદિજાતિ પેટા-યોજના માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વસ્તીના પ્રમાણમાં રાજ્ય યોજના વિષયક ખર્ચ જોગવાઇઓનો ભાગ નિર્ધારીત કરવા માટેની અને પેટા- યોજના તૈયાર કરવા, તેનું અમલીકરણ કરવા અને તેના દેખરેખ માટે સંસ્થાગત માળખું ઉભું કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેની આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

**શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા-યોજના અને આદિજાતિ પેટા- યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

* વિધેયક તા.૨૨મી માર્ચ ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦
## બિન–સરકારી વિધેયકો

શ્રી નૌશાદ ભ. સોલંકી :માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૨ મી માર્ચ છે. પૂજ્ય બાપુએ અમદાવાદના ગાંધી આશ્રમથી વિશ્વ વિખ્યાત મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો તો આજના દિવસે આપણે સૌ પૂજય બાપુના ચરણોમાં વંદન કરીએ. મારા વિધેયક ઉપરની ચર્ચાની શરૂઆત કરતાં પહેલાં હું મહા–માનવ વિશ્વ વિભૂતિ પૂજ્ય બાબાસાહેબના ચરણોમાં પણ વંદન કરું છું.

ભારત દેશમાં સદીઓથી જે પ્રકારે વર્ણ– વ્યવસ્થા હતી એ વર્ણ વ્યવસ્થાના ભાગરૂપે ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિઓ ઉપર જે પ્રકારે વર્ષો અને સદીઓ સુધી જે પ્રકારે જૂલ્મો અને અત્યાચારો થયા અને તેના પરિણામ સ્વરૂપે આ સમુદાયો અસહાય સ્થિતિની અંદર આવી ગયા. એમના જે માનવીય અધિકારો હતા પછી એ શિક્ષણના હોય, ધર્મનું પાલન કરવાના હોય, મંદિર પ્રવેશના હોય કે તળાવ પ્રવેશ કરવાના હોય. આ તમામ પ્રકારના માનવીય અધિકારોને છીનવી લેવામાં આવ્યા. આવા સમયે ભારત દેશની અંદર આપણે યાદ કરવું જોઇએ કે છત્રપતિ શિવાજી મહારાજ હોય, જયોતિબા ફૂલે હોય, મહારાજ સયાજીરાવ ગાયકવાડ હોય અને પૂજય બાબા સાહેબ આંબેડકરના જીવન સંઘર્ષના વિદ્વતાપૂર્ણ એમની પાસે જે જ્ઞાન હતું પ્રજ્ઞા જ્ઞાનના કારણે એમણે આ તમામ સમુદાયોને જે હક્ક અને અધિકાર માટે જે સંઘર્ષ કર્યો તેના પરિણામ સ્વરૂપે ભારતના સંવિધાનના ૧૯૫૦ના આમુખ અને અનુચ્છેદ ૪૬, ૧૫(૪), ૧૫(૫), ૧૬(૪), ૧૬(૪)(ક), ૧૬(૪)(ખ), ૨૭૫ (૧) ના પ્રથમ પરંતુક અને ૧૬૪ (૧)ના પ્રથમ પરંતુક, પ્રકરણ ૧૬ના અનુચ્છેદો અને અન્ય અનુચ્છેદો જેવા ઘણા અનુચ્છેદોમાં પાંચમી અને છઠ્ઠી અનુસૂચિમાં રાજયોને તેના તમામ ભાગોમાં અને તેના તમામ માધ્યમો અને એજન્સીઓ મારફત આ ભેદભાવ અને ગેરલાભને દૂર કરવા માટેના તમામ જરૂરી પગલાં લેવા. જેમાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ન્યાયનો સમાવેશ થતો હોય તેવા સામાજિક ન્યાયના વિવિધ પગલાંઓ દ્વારા સામાજિક સમાનતા લાવવા અને દેશમાં સર્વાંગી સમાનતાનું એક શાસન સ્થાપિત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી પૂર્વની કોંગ્રેસની સરકારોએ નીતિ નિર્ધારણ દ્વારા દલિત સમાજ હોય, આદિવાસી સમાજ હોય કે અન્ય પછાત જાતિ હોય, તેમના જીવનધોરણ ઉંચા લાવવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા. પરંતુ આજની તારીખે વર્ષ ૨૦૨૦ની અંદર વાત કરીએ તો જે ઇચ્છિત પરિણામ આપણને જોવા મળવું જોઇએ તે જોવા મળતું નથી. અનુસૂચિત જાતિઓના વિકાસ અને પછાત વર્ગોના કલ્યાણ સેકટર હેઠળ માત્ર યોજનાઓ ઘડવાથી આ સમુદાયોનું કલ્યાણ થઇ શકે નહીં. આ માટે બહુક્ષેત્રિય, બહુવિભાગીય અભિગમ અપનાવવાની જરૂરિયાત છે. આવો વિચાર સ્વર્ગીય વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ વર્ષ ૧૯૭૫ની અંદર મુખ્યમંત્રીઓની પરિષદને સંબોધન કરતી વખતે વ્યકત કર્યો હતો. ત્યારે એમણે કહ્યું હતું કે રાજયના સામાન્ય પછાત વર્ગ પ્રત્યે બધા જ વિકાસના ખાતાઓ પૂરેપૂરા જાગૃત નહીં હોય ત્યાં સુધી આ સમાજો પ્રત્યે આપણે ન્યાય કરી શકીશું નહીં અને આમાં ઠરાવવામાં પણ આવ્યું કે વર્ષ ૧૯૮૦–૮૫ દરમિયાન જે ૬ઠ્ઠી પંચવર્ષિય યોજના આવી તેમાં ખાસ અંગભૂત, એટલે કે સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન તરીકે આનો અમલ શરૂ થયો અને એમાં ઠરાવવામાં આવ્યું કે કેન્દ્ર અને રાજયની અંદર આ સમુદાયની જન સંખ્યાના સમપ્રમાણમાં નાણાંની જોગવાઇ કરવામાં આવે. પરંતુ છેલ્લા વીસ–બાવીસ વર્ષનો ગુજરાત રાજયનો મેં જે અભ્યાસ કર્યો એની અંદર ગુજરાતમાં અનુસૂચિત જાતિની ૭ ટકા જન સંખ્યા છે અને આદિજાતિની ૧૪ ટકા જન સંખ્યા છે. એના પ્રમાણમાં બજેટની અંદર જે એલોકેશન કરવામાં આવે છે તે અનુસૂચિત જાતિ માટે અઢીથી ત્રણ ટકા સરેરાશ અને આદિજાતિ માટે સાતથી આઠ ટકાની સરેરાશ નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે. આ જે નાની મોટી પણ જે ફાળવણી કરવામાં આવે છે એ ફાળવણીનો પૂરેપૂરો ઉપયોગ પણ જે હેતુ માટે આ નાણાં ફાળવવામાં આવે છે ત્યાં થતો નથી. અને એના કારણે આટ આટલા વર્ષો પછી પણ આ સમાજોને આજે પણ દયનીય અને નિ:સહાય હાલતમાં જીવવું પડે છે. આ સન્માનનીય ગૃહને જાણીને દુ:ખ થશે કે આ જે અનુસૂચિત જાતિ માટે કે આદિ જાતિ માટે જે નાણાં ફાળવવામાં આવે છે તેનો કેવો કેવો ઉપયોગ થાય છે. રાજય સરકાર પાસેથી ખૂબ મહેનત કરીને આ દસ વર્ષની બિલકુલ અધિકૃત માહિતી એકઠી કરી છે. એમાં આ ફંડમાંથી આદિજાતિના પેટા યોજનાના ફંડમાંથી સરદાર સાહેબનું જે સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવ્યું. આપણને સૌને એના માટે ગૌરવ હોઇ શકે. પરંતુ એની જે જાહેરાત થઇ, એની જે ફિલ્મ થઇ, એ ફિલ્મનો ખર્ચ આદિજાતિ પેટા યોજનામાં કરવામાં આવ્યો. વડોદરા ખાતે જે ઇન્ટરનેશનલ એરપોર્ટ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તેનો ખર્ચ આદિજાતિ પેટા વિભાગના ખર્ચમાંથી કરવામાં આવ્યો. આવા અનેક ખર્ચના નેશનલ ગુડ ગવર્નન્સ ડે, ગરીબ કલ્યાણ મેળા, પ્રજાસત્તાક પર્વનો ઉત્સવ, લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી, ગુટકા પર પ્રતિબંધ, વિશ્વ પર્યાવરણ દિવસ, મહિલા સંમેલન, વિશ્વ શૌચાલય દિવસ, સ્વાઇન ફ્લુ માટેની જાહેરાત, ગુજરાતનો સ્થાપના દિવસ, યુવા વર્ગની પડખે સરકાર, મેગા જોબ ફેર, આવા આવા ખર્ચાઓ આદિજાતિ પેટા યોજનાની અંદર માહિતી ખાતા દ્વારા કરવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિનો સબ પ્લાન છે એની અંદરથી વાવાઝોડા સામે રક્ષણ, રાષ્ટ્રીય હસ્તકલા અને સમિટ, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન આવા અનેક પ્રકારના ખર્ચાઓ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ અનુસૂચિત જાતિમાં રૂપિયા ૫૦૦ કરોડ કરતાં વધારે અને આદિજાતિમાં રૂપિયા એક હજાર કરોડ કરતાં વધારે ખર્ચ રસ્તાઓ અને હાઇવે બનાવવામાં કર્યા છે. આ ખર્ચા કરવાથી આટલું અમૂલ્ય ધન વેડફાવાથી આ સમુદાયનો કોઇ જ વિકાસ થઇ શકે તેમ નથી. છેલ્લા અનેક વર્ષોથી ગુજરાતની અંદર અને દેશની અંદર આજે અમૂલ્ય ધન છે એ જે હેતુ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે એ હેતુ માટે જ જો વાપરવામાં આવે તો ૧૦ વર્ષની અંદર આ તમામ સમુદાયોનું કલ્યાણ અને કલ્યાણ થઇ શકે તેમ છે. આ નાણાંને સુરક્ષિત કરવા માટે જે હેતુ માટે ફાળવવામાં આવ્યા છે એ હેતુ માટે જ વપરાય એના માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૧ શાકે

બિન–સરકારી વિધેયકો

આ વિધેયક છ પ્રકરણોમાં વહેંચાયેલું છે અને એની અંદર પ્રકરણ–૨ની અંદર ત્રણ અગત્યની સમિતિઓ બનાવેલ છે. હાલ પણ એવી સમિતિઓ છે, સમિતિઓ છે જ પરંતુ આ સમિતિઓ માત્રને માત્ર એ જે અનુસૂચિત જાતિ પેટા યોજના કે આદિજાતિ પેટા યોજનાનું નાણાંનું એલોકેશન કર્યું છે એનો ખર્ચ થાય છે કે નહિ એટલી જ ચકાસણી કરે છે. પરંતુ એ ખર્ચ કયાં થયો છે એની ચકાસણી કરતાં નથી. એના કારણે જે પ્રથમ રાજય પરિષદ એના અધ્યક્ષ તરીકે આ વિધેયકની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીને રાખવામાં આવ્યા છે જયારે એની નોડેલ એજન્સી બનાવવામાં આવી છે એમાં સામાજિક અધિકારીતાના મંત્રીશ્રી અને આદિજાતિના મંત્રીશ્રીને અધ્યક્ષ અને સહઅધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ત્રીજી ખૂબ મહત્વની સમિતિનું સૂચન કરવામાં આવ્યું છે એ જિલ્લા કક્ષાએ દેખરેખર સમિતિ. આ સમિતિના અધ્યક્ષ તરીકે અનુસૂચિત જાતિના અથવા આદિજાતિના ધારાસભ્યશ્રી એના અધ્યક્ષ બની શકે. એ સમિતિ જ સાચા અર્થની અંદર જે રાજય સરકાર દ્વારા એલોકેશન કરવામાં આવ્યું હોય એ એલોકેશનને સાચા અર્થમાં ગામડાંની અંદર નગરોની અંદર એ પૈસા વપરાય એ સુનિશ્ચિત કરશે. આ વિધેયકની અંદર ખૂબ અગ્રિમ યોજનાઓની અગ્રતાઓને આ વિધેયક પસાર કરવાથી માત્ર અનુસૂચિત જાતિ કે આદિજાતિ નહિ પરંતુ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંનું કલ્યાણ થઇ શકે તેમ છે. એ માટે હું આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોના ચરણમાં વંદન કરું છું. માત્ર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે નહિ પરંતુ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંના કલ્યાણ માટે આપ સૌના ચરણમાં વંદન કરી આપ સૌ આ વિધેયકને સર્વાનુમતે પસાર કરીને ગુજરાતના દોઢ કરોડ લોકો જેમાં ૫૦ અનુસૂચિત જાતિ અને એક કરોડ આદિવાસીભાઇઓના કલ્યાણ માટે આ વિધેયક પસાર કરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના માનનીય સભ્યશ્રી નૌશાદભાઇ સોલંકી જે આ બિન સરકારી વિધેયક લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

અહીંયા બેઠેલા તમામ ધારાસભ્યોના મનમાં એક વસ્તુ ચોક્કસ હશે કે હું પોતાના સમાજ માટે કંઇક કરી છૂટું. સમાજ માટે લાગણી રાખવી એ સ્વાભાવિક છે કે આપણે સમાજના હિત માટે એના વિકાસ અને કલ્યાણ માટે કામ કરીએ, એ ખૂબ સ્વાભાવિક વાત છે. પરંતુ જયારે આપણને પદ અને હોદ્દો મળે છે, આપણે જયારે ધારાસભ્ય બનીએ છીએ ત્યારે એ વિસ્તારની અંદર વસતા તમામ સમાજો હોય છે એ બધાના આપણે પ્રતિનિધિ બનીએ છીએ એટલે આપણે જે કંઇ કામ કરવાના હોય છે, કાર્યો કરવાના હોય છે એ સમાનતાપૂર્વક કરવાના હોય છે કે બધાનો એક સમાન વિકાસ થાય અને ડો.બાબાસાહેબ આંબેડકરે એ સમાનતાની વાત પણ કરી છે અને મારી પાર્ટી ભારતીય જનતા પાર્ટી એ સમાનતાની વાત કરે છે. નેશન ફર્સ્ટની વાત કરે છે. રાષ્ટ્ર અને રાષ્ટ્રના હિતને બધાને સાથે લઇને ચાલીએ. સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસની વાત કરતી હોય છે. એ મારી ભારતીય જનતા પાર્ટી છે. એ જ રસ્તા ઉપર ચાલતા ગુજરાતની આ સરકાર હોય કે કેન્દ્રની સરકાર હોય ગુજરાતની સરકારે અહીંયા ૩૪ જિલ્લાના ૧૮૦૦૦ ગામડાંની વાત કરી છે. સાથે શહેરોની અંદર પાણી, વીજળી, રસ્તા હોય કે પછી યોજનાઓ હોય, આવાસ યોજના હોય કે મા કાર્ડ હોય આ તમામે તમામ વસ્તુઓ ઉપલબ્ધ કરાવી છે. માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર, માનનીય નીતિનભાઇ પટેલની સરકાર અને તમામ મંત્રીશ્રીઓ ખૂબ એમાં મહેનત કરે છે અને અગ્રેસર રહીને કેવી રીતે તમામ લોકો છેવાડાના માણસો સુધી આ બધી જ સુવિધાઓ પહોંચે એના માટે ખૂબ ચિંતા કરે છે. ત્યારે વીજળી મળતી હોય છે એમાં લખેલું નથી હોતું કે પર્ટીકયુલર સમાજને જ વીજળી મળશે, પાણી મળતું હોય છે ત્યારે એમ નથી લખેલું હોતું કે આ અમુક સમુદાયને પાણી મળશે અને રસ્તા ઉપર સડસડાટ ગાડીઓ જતી હોય છે એમાં નથી લખેલું હોતું કે આ પર્ટીકયુલર ધર્મના લોકોને જ આ રોડનો ઉપયોગ કરવા દેવામાં આવશે. મા કાર્ડ હોય છે એનો તમામે તમામ લોકો ઉપયોગ કરતા હોય છે. બધા જ લોકોનો વિકાસ થતો હોય છે. બધા લોકો સાથે રહી વિકાસ કરતા હોય છે. ત્યારે આ સરકાર જો કોઇ ચોક્કસ સમાજ ઉપર અત્યાચાર કરતી હોય કે કોઇ ચોક્કસ સમાજ ઉપર એવું કાંઇ કરતી હોય કે, આનો વિકાસ ના થાય કે એનું કલ્યાણ ના થાય, તો હું જે સમાજમાંથી આવ્યો છું એ સમાજમાંથી ના આવ્યો હોત, તો કદાચ હું આજે ધારાસભ્ય પણ ના હોત અને જો એવો અત્યાચાર થતો હોત તો હું જાતે જ સરકારની વિરુદ્ધ ઊભો રહી જાત, ભલે એ મારો પક્ષ હોય.

સાહેબ, હમણાં વાત કરી કે, આદરણીય શ્રીમતી ઇંદિરા ગાંધીએ કહ્યું હતું વર્ષ ૧૯૭૫માં કે, આ બધા જેટલા પણ અનુસૂચિત જાતિના લોકો છે, અનુસૂચિત જનજાતિના લોકો છે એ બધા લોકો માટે કામ કરવા જોઇએ. આ બધું શું છે ? એમણે કહ્યું હતું કે, માત્ર આ કાયદાઓ ઘડવાથી કશું નથી થવાનું. કાયદાઓ ઘડીને એના ઉપર બજેટ ફાળવવાનું અને બજેટ ફાળવીને એનું અમલીકરણ કરવાનું એ કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે.

ભારત દેશને આઝાદી મળી એના ૫૬ વર્ષ કોંગ્રેસની સરકાર હતી. કોંગ્રેસની સરકારમાં (સમયસૂચક ઘંટડી) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણના અને વિકાસના અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ પ્રશ્નોના ઉકેલ માટે આ જનજાતિઓના કલ્યાણ અને વિકાસ માટે અનુસૂચિત જાતિ કમિશન અને અનુસૂચિત જનજાતિ કમિશન અલગ નહતા. પણ કેન્દ્રમાં જેવી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, અટલ બિહારી બાજપાઇજીની સરકાર આવી અને તરત જ અનુસૂચિત જાતિ કમિશન અલગ કરી, એસ.સી. અને એસ.ટી. સમુદાયો માટે અલગ અલગ નિગમોની સ્થાપના કરી અને નિશ્ચિત સમુદાયનો વિકાસ થાય એ માટે કામ કર્યું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે છેવાડાના લોકો સુધી પહોંચાડી શકે એવી, સરકાર તમારા દ્વારે, ચાલો તાલુકે, સેવાસેતુ એવા કાર્યક્રમો લાવીને લોકો સુધી આ બધી યોજનાઓ પહોંચાડી છે. કોંગ્રેસ પક્ષના શાસનમાં વર્ષ ૧૯૮૫થી ૧૯૯૦ સુધી અનુસૂચિત જાતિ સમુદાય માટે ૨.૮૬ ટકાની બજેટ જોગવાઇ કરવામાં

આવી હતી. એમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉત્તરોત્તર વધારો કરીને વર્ષ ૨૦૧૯-૨૦માં (સમયસૂચક ઘંટડી) ૯.૧૬ ટકા જેટલી જોગવાઈ કરવામાં આવી છે. જેટલા પણ વિદ્યાર્થીઓ હોય, સાક્ષરતા દર તમે જુઓ તો અનુસૂચિત જાતિમાં સાક્ષરતા દર ખૂબ વધ્યો છે. આપણા ગુજરાતનો સાક્ષરતા દર જુઓ તો રાષ્ટ્રીય સાક્ષરતા દર કરતાં શિક્ષણમાં અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર વધ્યો છે. એટલે આ દર્શાવે છે કે, અનુસૂચિત જાતિનું શિક્ષણ બહું સારું છે.

સાહેબ, મારી પાસે સમય ખૂબ ઓછો છે પરંતુ હું એટલું જ કહેવા માગીશ કે, આ તમે જે બિલ લાવ્યા છો શ્રી નૌશાદભાઇ, એ તમે એને પરત ખેંચો અને એના કરતાં વધારે જે અઢળક યોજનાઓ આ સરકાર લોકો સુધી પહોંચાડે છે એની ઝુંબેશ ઉપાડો અને આખા ગુજરાતના એકે એક લોકો સુધી આ યોજનાઓ પહોંચાડો. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના એકે એક માણસને આનો લાભ મળે એવું કાંઇક કરો તો વધારે આ સમાજ તમારો આભારી રહેશે. (અંતરાય) (આ તબક્કે સભ્યશ્રી પ્રવિણભાઇ મારુ તથા શ્રી જીગ્નેશ મેવાણી પોતાના સ્થાન ઉપર ઉભા થઇ કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, પ્લીઝ. ચાળીસ મિનિટમાં જ વાત કરવાની હોય છે. (અંતરાય) પછી કહેજો, પ્લીઝ, બેસી જાઓ. માનનીય પી.ડી.વસાવા (અંતરાય) આપનો સમય જઇ રહ્યો છે. આપ ત્રણ મિનિટ ફાળવવા માગો છો શ્રી જીગ્નેશ મેવાણીને? (અંતરાય) આપનામાંથી ત્રણ મિનિટ શ્રી જીગ્નેશભાઇને આપવા માગો છો?

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : ના,ના.

અધ્યક્ષશ્રી : ગો અહેડ. (અંતરાય) બેસી જાઓ, પ્લીઝ, બેસી જાઓ.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી નૌશાદભાઇ સોલંકી સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું અહીંયા ઉપસ્થિત થયો છું.

ગુજરાતમાં ટ્રાયબલ સબ પ્લાનની શરૂઆત પાંચમી પંચવર્ષિય યોજના દરમિયાન થઇ હતી. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીની દ્રષ્ટિએ વાત કરું તો ગુજરાતની કુલ વસ્તીના ૧૪ ટકા આદિજાતિની વસ્તી છે અને ૭ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી છે. અત્યાર સુધીના જે કાંઇ બજેટો થયા છે, એ બજેટોમાં આ વસ્તી માટે જે કાંઇ ફાળવણી થઇ છે એ ખૂબ ઓછી ફાળવણી થઇ છે. મારી અને અમારા પક્ષની માગણી છે કે, અમારી ૧૪ ટકા વસ્તી છે તો બજેટના ૧૪ ટકા અમને ફાળવી આપો, ૭ ટકા વસ્તી છે તો ૭ ટકા બજેટ અમને આપો કે જેથી કરીને અમારા સમાજના લોકોનો સર્વાંગી વિકાસ થાય, ઉત્થાન થાય, કલ્યાણ થાય. એ જાતનું આયોજન કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. અત્યાર સુધીના બજેટોમાં અમે જોયું છે કે જે સદર માટે બજેટ ફાળવાય એની જગ્યાએ આદિવાસી વિસ્તારમાં નહીં પણ બીજે એનો ઉપયોગ થાય એ જાતના દાખલાઓ ભૂતકાળમાં ઘણા થયા છે. એના માટે શ્રી નૌશાદભાઇ જે બિલ લઇને આવ્યા છે, ખરેખર હું અભિનંદન આપું છું અને સરકારને પણ વિનંતી કરું છું, માનનીય વન મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે આ બિલ તમે સ્વીકારો, તેમાં પક્ષાપક્ષી નહીં કરીને આદિવાસીના સર્વાંગી વિકાસ માટે આ બિલને તમે પણ ટેકો કરો એવી મારી આપને લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નૌશાદભાઇએ બે વસ્તુ બહુ સારી કહી છે. પરિષદની વાત છે અને નોડલ એજન્સીની વાત છે. અત્યાર સુધીમાં જે કંઇ સમિતિઓ થઇ છે તેમાં જે સભ્યો હતા એ સભ્યો સરકારી અધિકારી હતા, તો મંત્રીઓ આ સમિતિમાં નહોતા એવું મને ચોક્કસ લાગે છે. જે નોડલ એજન્સી છે તેનું કામ જે આદિવાસી વિસ્તાર છે, ડુંગરાળ વિસ્તારમાં રહે છે, ભૌગોલિક દૃષ્ટિએ જુદા છે. આર્થિક વિકાસની દૃષ્ટિએ જુદા છે. એની યોજનાઓ ખાસ તૈયાર કરીને પરિષદ પાસે લઇ જવાની છે અને પરિષદ મંજૂર કરે પછી એ સમિતિ છે એ નાણાં ફાળવે, તેનું આયોજન કરે, તેની સમીક્ષા કરે. આ સલાહકાર સમિતિનું કામ એ પરિષદનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારશ્રીને વિનંતી છે કે આપણે આદિવાસી વિકાસની વાત કરીએ છીએ. સર્વાંગી વિકાસની વાત કરીએ છીએ. કલ્યાણની વાત કરીએ છીએ પણ જ્યારે આપણે બજેટ ફાળવીએ છીએ ત્યારે મેં આગળ કહ્યું તેમ વસતિના પ્રમાણમાં આપણે બજેટ ફાળવતા નથી. પરિણામે સરકાર જે કરવા માગે છે એ કરી શકતી નથી. પરિણામ લાવી શકતા નથી અને અસમાનતાની જે ખાઇ છે એ દિવસેને દિવસે ઉંડી થતી જાય છે. આપણો બધાનો ધ્યેય બધાનો વિકાસ થાય, સૌનો વિકાસ થાય, વિશ્વાસ થાય. વારંવાર તમારી સરકાર કહે છે, પરંતુ આમાં મને એમ લાગે છે કે આદિવાસી, એસ.સી. અને એસ.ટી.ને આપણે બજેટ ઓછું ફાળવીને અન્યાય કરતા હોઇએ છીએ. નો ડાઉટ. થોડા થોડા બજેટોથી પણ પ્રગતિ થઇ છે. તેમાં હું ના નથી પાડતો. પણ હજુ પણ ખાસ કરીને બેરોજગારીની વાત છે, શિક્ષણની વાત છે, પાણીની વાત છે, રસ્તાઓની વાત છે, આરોગ્યની વાત છે તેમાં આપણે ઘણું ઓછું બજેટ ફાળવીએ છીએ. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે હવે આ વર્ષે જે બજેટ થયું છે, ગયા વર્ષે ૨૦૧૮-૧૯નું બજેટ અને ૨૦૧૯-૨૦ના બજેટમાં જે આદિવાસીના વિકાસ માટેની યોજનાઓ માટે ફાળવણી કરી હતી તેનો પૂરતો ઉપયોગ માનનીય વનમંત્રીશ્રી, થઇ શક્યો નથી. મેં છેલ્લા આંકડા જોયા તેમાં લગભગ ૫૦ ટકા કરતા પણ ઓછું બજેટ આદિવાસીઓના વિકાસ માટે વપરાયું છે. તેના માટે મારી એટલી જ વિનંતી છે કે જે મોનીટરીંગની આખી વાત આવે છે. સમીક્ષાની વાત આવે છે ત્યાં ધારાસભ્યોને પણ લો કે જેથી કરીને જે તે વિસ્તારમાં તેના વિસ્તારમાં કેટલું કામ થયું છે, ક્યાં એ ખર્ચ થયો નથી, ક્યાં ગેરરીતિ થાય છે એ જોવા માટે પણ એક સમીક્ષા કમિટી, દેખરેખ સમિતિની વાત કરી છે. સારી વાત છે. દેખરેખ સમિતિ દર ત્રણ મહિને નહીં પણ દર મહિને મળે અને એની સમીક્ષા કરે કે ક્યાં ખામી છે? આ જાતની જો તમે વ્યવસ્થા કરશો તો મને લાગે છે કે આદિવાસીનો તમે સર્વાંગી વિકાસ કરી શકશો. શ્રી

નૌશાદભાઇ જે બિલ લાવ્યા છે એ બિલને હું સમર્થન આપું છું અને સરકારને વિનંતી કરું છું કે આ બિલ સર્વાનુમતે આ ગૃહ પસાર કરે એવી વિનંતી સાથે વિરમું છું, અસ્તુ.

અધ્યક્ષશ્રી : માનનીય જીગ્નેશભાઇ, એક મિનિટ એમનામાં બચી છે. બોલી લો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના સમર્થનમાં એટલું જ કહેવા માગું છું કે આપ, હું અને તમામ ધારાસભ્યો ગુજરાતની વિધાનસભાના જે મકાનમાં બેઠાં છીએ એ મકાનના તળિયામાં જે આદિવાસી ગોધરીયા કડીયા મજૂરોનો લોહી અને પરસેવો છે. એ આદિવાસી મજૂરોના હિતના નાણાં એ બીજાં કામમાં ન ખર્ચાય એ સુનિશ્ચિત કરવા માટેનું વિધેયક છે. એટલા માટે પક્ષાપક્ષીથી ઉપર ઉઠી તમામ લોકોએ તેનું સમર્થન કરવું જોઇએ અને મારા સાથી શ્રી હિતુભાઇ કનોડીયા જે રજૂઆત કરી રહ્યા છે, એમનામાં એટલું બધું ખમીર હોય તો અનામત સિવાયની બેઠક પરથી લડીને ચૂંટણી જીતીને બતાવે. તો એમને ખબર પડે કે અનામતનો મતલબ શું છે? આ દેશમાં દલિત હોવાનો મતલબ શું છે? આ દેશમાં આદિવાસી હોવાનો શું મતલબ છે? આજે ગુજરાતની અંદર સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનું સ્ટેચ્યુ બને અને એની પબ્લીસીટી પાછળ નાણાં ખર્ચાય એનો અમને વાંધો નથી પણ દલિત અને આદિવાસીઓના મોંનો કોળીયો ઝૂંટાવો ના જોઇએ એ આ બિલની ડીમાન્ડ છે એટલા માટે અમે બિલને સમર્થન કરી રહ્યા છીએ. આજે ગુજરાતની અંદર રર ટકા દલિત સમાજની, આદિવાસી સમુદાયની વસ્તી છે.  ટોટલ રૂપિયા ર લાખ ૧૭ હજાર કરોડના બજેટમાંથી રર ટકા વસ્તી પ્રમાણે રૂપિયા ૪૫૦૦૦ કરોડનું બજેટ હોવું જોઇએ એના દસ ટકા બજેટ પણ દલિત અને આદિવાસી માટે ખર્ચાતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય જીગ્નેશભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય હિતેશભાઇ, આપને કંઇક જવાબ આપવો હોય તો.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ શ્રી જીગ્નેશભાઇ જન્મ્યા ન હોય એ પહેલાથી મારો કનોડિયા પરિવાર શ્રી મહેશકુમાર કનોડિયા હોય, શ્રી નરેશ કનોડિયા હોય એ લોકોએ આ સમાજ માટે કામ કર્યું છે. પાટણમાં જઇ આવો, અમારા વિસ્તારમાં જઇ આવો, ત્યારથી અમે આ સમાજ માટે સમર્પિત છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ...

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી નૌશાદભાઇ બિનસરકારી વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું. શ્રી નૌશાદભાઇનો હાર્દ સમજાય છે અને જયારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ બિલ લઇને આવવાની જરૂર પડી છે એ સારી બાબત છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી નૌશાદભાઇને યાદ અપાવવું છે, આ બિલ ઉપર ચર્ચા કરું એ પહેલા મારે બીજી પણ થોડી વાત કરવી છે. મેં કદાચ પહેલીવાર જોયું છે કે આ ગૃહની અંદર બિલ આવવાનું હોય એ સરકારી બિલ હોય કે બિન સરકારી હોય પરંતુ એ બિલ આવે એ પહેલા છેલ્લા ૮–૧૦ દિવસથી જે સોશિયલ મીડિયા ઉપર જે વિડીયો વાઇરલ થાય, સમાજને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરે કે ભારતીય જનતા પાર્ટીએ આ સમાજ માટે કશું કર્યું જ ના હોય એ પ્રકારના જે વિડીયો વાઇરલ થયા છે એટલે મારી તમને વિનંતી છે કે આ વિડીયોનો તમે પૂરેપૂરો અભ્યાસ કરો. જો નીતિ નિયમમાં આવતો હોય તો મને કોઇ વાંધો નથી પરંતુ મને એવું લાગે છે કે આ વિડીયો દ્વારા ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં ભૂતકાળના શાસનમાં નથી કર્યું એટલું અમારી સરકારે કર્યું છે. મારી પાસે પણ મિનિટો ઓછી છે. વર્ષ ૧૯૯૦–૯૧થી મારી પાસે આંકડા છે. હું ટકાવારી આધારે, રૂપિયા આધારે બધી વાત કરી શકું એમ છું.  પરંતુ આ જે વિડીયો વાઇરલ થયો છે એનાથી અમારા બધા ધારાસભ્યો એ આદિવાસી હોય કે એસ.સી. સમાજના ધારાસભ્યો હોય એ બધા લોકો ઉપર અનેક પ્રકારના ફોન આવ્યા હતા. અમે જવાબ નથી આપી શકતા એ પ્રકારના ફોન આવ્યા હતા.  (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ.. પ્લીઝ.. શ્રી આનંદભાઇ, આપ બેસી જાવ. એ પોતાની વાત કરે છે. તમને પણ બોલવા દઇશ..પ્લીઝ..

શ્રી નરેશભાઇ મ. પટેલ : અમારા કરતા લાંબુ શાસન એ લોકોએ પણ ભોગવ્યું છે. એ લોકોના શાસનના બજેટના આંકડા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એ લોકોના વચ્ચે એક પણ શબ્દ બોલ્યો નથી. જેટલા વર્ષો રહ્યા એ નહીં પણ અમારા કરતા વધારે શાસન એમણે કર્યું છે. રૂપિયા ૬૫૦૦ કરોડનું બજેટ અમારા આદિજાતિ વિભાગ માટે હતું. મારે આજે ગર્વ સાથે કહેવું પડે કે ૯૪,૫૬૬ કરોડ રૂપિયા અમે ખર્ચ્યા છે. આ ધારાસભ્ય કદાચ નવા છે ભૂલી ગયા હશે પણ શ્રી પી.ડી. વસાવા સાહેબ મારા કરતા સિનિયર છે. અત્યારે એ લોકો જો ચેલેંજ કરતા હોય તો ભૂતકાળના અમારા આદિવાસી ધારાસભ્યો કે એસ.સી. સમાજના ધારાસભ્યો બસમાં આવતા હતા એમાં કેટલા કલાક થતા હતા એ, એ લોકોને ખબર છે. આજે એક પણ ધારાસભ્ય ફોરવ્હીલ વગર આવતા હોય તો મને કહો! મને કહો એ લોકોનો વિકાસ ન થયો હોય તો? (અંતરાય) વાતો કરવી બહુ સહેલી છે. આદિવાસીઓ માટેની વ્યથા, ખાલી વ્યથા કામ નથી આવતી પરંતુ મારે આજે આ સરકારને અભિનંદન આપવા છે, વ્યથાની સાથે વ્યવસ્થા અને વ્યવસ્થાની સાથે આયોજન અને આયોજન ઉપર કેટલું નિયંત્રણ થાય એના માટે આ સચિવાલય, સંસદીય બાબતોના અનેક પ્રકારના નિયમો, વિભાગો એ પૂરું નિયંત્રણ કરી રહ્યા છે. એટલું જ નહીં ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિજાતિ વિભાગનું મંત્રીપદ કોઇ ઉજળીયાતને આપ્યું નથી. શ્રી ગણપતભાઇ સાહેબને અને અમારા આદિવાસી સમાજને મંત્રીપદ આપ્યું છે. એસ.સી. સમાજ, આજે મારા મિત્ર શ્રી ઇશ્વરભાઇ એ પણ એ સમાજમાંથી આવે છે

અને કેબિનેટ મંત્રી છે. એ પણ સમાજમાંથી આવે છે અમે પણ એ સમાજમાંથી આવીએ છીએ. કોઇ બજેટ ગેરમાર્ગે બીજા વર્ગ માટે વપરાય નહીં એની સતત ચિંતા કરવામાં આવે છે અને બજેટમાંથી એક પણ રૂપિયા કોઇ જગ્યાએ બગડવા દેતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી અંબાજી સુધીનો આદિવાસી પટાના અમે રસ્તાઓ જોયા છે. પાણી શું છે એ અમે જોયું છે.

અધ્યક્ષશ્રી : તમે એવી તો કઇ જોરદાર વાતો કહી રહ્યાં છો કે સામેથી બધાથી બેસી રહેવાતું નથી! શાંતિથી સાંભળો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું પણ ૩૦–૩૨ વર્ષથી જાહેર જીવન છે. હું પણ ત્રીજી વિધાનસભા લડ્યો છું. તાલુકા પંચાયતમાં પણ મેં કામ કર્યું છે. મેં એ લોકોના સમયના રસ્તા જોયા છે. મેં પાણીની વ્યવસ્થા જોઇ છે, સાહેબ. મેં આરોગ્યની વ્યવસ્થા જોઇ છે, સાહેબ. શિક્ષણની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા જોઇ છે. શું આદિવાસીની દશા હતી? એનો અમે પોતે અનુભવ કરીને અહીંયા આવ્યા છીએ અને આજે અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે અમારા આદિવાસી સમાજને અમે આરોગ્ય, સારું શિક્ષણ, સારી વીજળી અને સારા રસ્તા આપી શક્યા છીએ. ઉંચા પ્રકારનું જીવન જીવી શકે એ પ્રકારે એમને સ્વમાન આપ્યું છે એમાં કોઇ બેમત નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે દેશનું સર્વોચ્ચ પદ શ્રી રામનાથ કોવિંદજીને આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, એક અમારા ગરીબ ઘરની દીકરી આદિવાસી બહેન રમીલાબેન બારાને રાજ્યસભાની ટિકિટ પણ આપી છે. અમે ચિંતા કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે શ્રી નૌશાદભાઇ, શ્રી આનંદભાઇ, મારી વાત સાંભળો. ડાંગ, ધરમપુર, વાંસદા આદિવાસી એરિયા છે. વર્ષોથી સરકારે ગમે એટલું કામ કર્યું હોય પણ મારે બીજા વર્ગને પણ અભિનંદન આપવા જોઇએ કે અમારા આદિવાસી વિસ્તારમાં આવીને શિક્ષણની ધૂણી ધખાવીને બિનસમાજના લોકો અનેક આદિવાસી બાળકોને ભણાવી રહ્યાં છે. કોઇ જ્ઞાતિવાદ નહીં. કોઇ જ્ઞાતિવાદના ભેદ જોઇએ જ નહીં. જ્ઞાતિ આધારે જો તમે ફંડની વહેંચણી કરવા માગતા હોય તો એ કોઇ સંજોગોમાં નહિ ચાલે. વસ્તી અને વિસ્તારના આધારે આયોજન બનતું હોય છે. વસ્તી, વિસ્તારના આધારે એના માટે યોજનાઓ બને એ પ્રકારે સૌનો સાથ અને સૌનો વિકાસ, તમામને લઇને વિકાસ થઇ શકે છે જેથી શ્રી નૌશાદભાઇ મારા કરતા નાના ભાઇ છે એમને હું વિનંતી કરું છું કે, બરાબર બધા સમજો. ગુજરાતનો એસ.સી. સમાજ હોય કે આદિવાસી સમાજ હોય બધા સાથે મળીને વિકાસમાં જોડાય જઇએ. તમે બધા આવો યોજનાને સમજો અને લોકો સુધી લઇ જાવ. પરંતુ ગેરમાર્ગે દોરવાના ક્યારેય પ્રયત્નો નહીં કરો જેથી આ બિલને હું સમર્થન આપતો નથી. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ આપનું વકતવ્ય પુરું થયું. માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર. (અંતરાય) (આ તબક્કે ડો. અનિલભાઇ જોષીયારાએ ઊભા થઇ બિલ અંગે બોલવા માટે પ્રયત્ન કરતા) ટાઇમનો સવાલ નથી. અમારી પાસે કોઇ નામ નથી. આપનું કોઇ નામ આપવામાં આવ્યું નથી. મારી પાસે બે જ નામ હતા એટલે સમય એ રીતે ફાળવી દીધો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નૌશાદભાઇ સોલંકી સને ૨૦૧૮નું બિન સરકારી વિધેયક ક્રમાંક– ૩૨ ગુજરાત અનુસૂચિત જાતિ પેટા–યોજના અને આદિજાતિ પેટા–યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયક સને ૨૦૧૮ લઇને આવ્યા છે. એમાં શ્રી નૌશાદભાઇ સોલંકી, શ્રી હિતુભાઇ કનોડિયા, શ્રી પી.ડી. વસાવાજી અને શ્રી નરેશભાઇ પટેલે એમના પોત પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નૌશાદભાઇએ શૈક્ષણિક, આર્થિક, સામાજિક વાતો કરી અને સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીજીની વર્ષ ૧૯૭૫ની પણ એમણે વાત કરી. એમણે પંચવર્ષિય યોજનાની પણ વાત કરી. છઠ્ઠી પંચવર્ષિય યોજના એ વર્ષ ૧૯૮૦–૮૫ની વાત કરું તો તે સમયે કોંગ્રેસના શાસનના કુલ બજેટના માત્ર ૩.૭૯ ટકા એમાં જોગવાઇ હતી. ત્યાર પછીની સાતમી પંચવર્ષિય યોજનાની વાત કરું તો ૩.૭૯માંથી પણ ૦.૯૦નો ઘટાડો કરીને ૨.૮૮ ટકા જેટલી જોગવાઇઓ થઇ હતી. માનનીય સભ્યશ્રીના બિનસરકારી વિધેયકનો મુખ્ય ઉદ્ધેશ રાજયમાં અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના માટે જરૂરી નાણાંની રાજય સરકાર દ્વારા ફાળવણી કરી તેના ઉપયોગ માટે યોગ્ય આયોજન કરવાનો તથા અનુસૂચિત જાતિ તથા આદિજાતિ વિકાસ માટે રાજય પરિષદની રચના કરવાનો તથા અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના સબંધે નીતિ વિષયક બાબતો ઉપર રાજય સરકારને સલાહ આપવાનો છે પરંતુ આ તબક્કે હું આ સન્માનનીય ગૃહનું ઘ્યાન દોરવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના કલ્યાણ, સંરક્ષણ અને તેઓના હિતોનું રક્ષણ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. આ બિન સરકારી વિધેયકમાં સૂચવવામાં આવેલ આયામોને સબંધ છે ત્યાં સુધી રાજય સરકારે અનુસૂચિત જાતિ અને આદિજાતિના ઉત્થાન માટે ભારતના બંધારણની જોગવાઇને ઘ્યાને લઇને અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકેલી જ છે. પરંતુ આવી યોજનાઓનો વ્યાપ વર્ષોવર્ષ વધારી અને તેનું યોગ્ય દિશામાં અમલીકરણ થાય તે દિશામાં પણ આ રાજય સરકારે યોગ્ય પગલાં લીધાં છે. રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલ કરવામાં આવેલ યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિઓના લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓના નિવારણ અંગે કાર્ય કરવા માટે અનુસૂચિત જાતિઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને વિસ્તારની પ્રગતિ થાય તે હેતુસર સરકારશ્રીના જુદાજુદા વિભાગોની વિવિધ યોજનાઓમાં અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના અંતર્ગત નાણાં ફાળવી લાભ આપવામાં આવે છે. ચોક્કસ પ્રકારની સેવા અને વિસ્તાર વિકાસલક્ષી કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વિભાગોમાં માત્ર જાતિ આધારિત જ નહીં પરંતુ વિસ્તારના વિકાસ આધારિત યોજનાઓ બનાવવામાં આવે છે અને તેનો અમલ પણ થાય છે ત્યારે અનુસૂચિત

જાતિના લોકોને આવા વિકાસના લાભોથી વંચિત રહેવા માટેનું કોઇ કારણ નથી અને આવા વિભાગોની હું વર્ષ ૨૦૧૯–૨૦ની કુલ જોગવાઇ રૂ.૧૬૮૭૮,૯૮,૦૦,૦૦૦ જેટલી થાય છે. આંતર માળખાકીય સુવિધાઓ કે જે અવિભાજિત હોય છે એટલે કે રાજયની સર્વે પ્રજાને લાભ મળતો હોય છે તેવા વિભાગોમાં અનુસૂચિત જાતિ પેટા યોજનાઓ હેઠળની જોગવાઇઓ પણ રાખવામાં આવે છે અને આવા વિભાગોની વર્ષ ૨૦૧૯–૨૦ની કુલ જોગવાઇ રૂ.૩૧૮૨૭,૬૧,૦૦,૦૦૦ની છે. આમ બંને જોગવાઇઓ મળીને વર્ષ ૨૦૧૯–૨૦માં કુલ રૂ.૪૮૭૦૬,૫૯,૦૦,૦૦૦ની જોગવાઇ રાજયની કુલ જોગવાઇમાંથી બાદ કરીએ તો અનુસૂચિત જાતિની પેટા યોજનાની જોગવાઇ ૯.૧૬ ટકા જેટલી થાય છે. જે અનુસૂચિત જાતિની વસ્તીની કરવાની થતી ૭ ટકા જોગવાઇ કરતા ૨.૧૬ ટકા જેટલી જોગવાઇ વધારે છે. એ જ રીતે આદિજાતિ વિભાગની હું વાત કરું તો ચોક્કસ પ્રકારની સેવા અને વિસ્તાર વિકાસલક્ષી કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વિભાગોની વર્ષ ૨૦૧૯–૨૦ની કુલ વિકાસલક્ષી જોગવાઇ રૂ.૬૦૬,૫૨,૦૦,૦૦૦ જેટલી થાય છે અને અવિભાજિત આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડતા વિભાગોની વર્ષ ૨૦૧૯–૨૦ની વિકાસલક્ષી જોગવાઇ રૂ.૧૮૮૪૮,૪૯,૦૦,૦૦૦ની થાય છે. આમ રાજયની વિકાસલક્ષી કુલ જોગવાઇ રૂ.૧૦૬૩૦૫ કરોડમાંથી વિસ્તાર વિકાસ આધારિત અને અવિભાજિત આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડતી જોગવાઇ રૂપિયા ૧૯,૪૯૫ કરોડ ૧ લાખની રાજયની કુલ વિકાસલક્ષી જોગવાઇમાંથી બાદ કરતા અનુસૂચિત જનજાતિ પેટા યોજનાની માનનીય પી.ડી.વસાવાએ વસતિ આધારિત વાત કરી. તે બાબતે હું વાત કરવા માગું છું કે કુલ વિકાસલક્ષી જોગવાઇ બાદ કરતા અનુસૂચિત જનજાતિ પેટા યોજનાની જોગવાઇ ૧૬.૭૮ ટકા જેટલી થાય છે. જે અનુસૂચિત જનજાતિની વસતિના ૧૪.૭૫ ટકા કરતા ૨.૦૩ ટકા જેટલી વધારે જોગવાઇ છે. સમયાંતરે અમારા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષસ્થાને અને આદિજાતિ વિકાસના સચિવશ્રીના અધ્યક્ષસ્થાને પણ આ ખર્ચની સમીક્ષા કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ પેટા યોજનામાં છેલ્લાં ૧૦ વર્ષની ખર્ચની વાત કરું તો બજેટની જોગવાઇ કરતા લગભગ ૮૨ ટકાથી વધારે ખર્ચ કરવામાં આવેલ છે. તે જ રીતે આદિજાતિ પેટા યોજનામાં છેલ્લાં ૫ વર્ષની બજેટ જોગવાઇના સરેરાશના ૯૬ ટકાથી વધારે ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧માં ભારત દેશનો સાક્ષરતા દર ૭૩ ટકા હતો. ગુજરાતનો સાક્ષરતા દર ૭૮ ટકા હતો. એમાં ગુજરાતમાં અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર ૭૯.૧૮ ટકા જેટલો છે. ગુજરાત રાજ્ય અને ભારત દેશ કરતા પણ આ સાક્ષરતા દર અનુસૂચિત જાતિમાં વધુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પૂરું કરી દો. ૩૦ સેકન્ડ છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : આ તમામ વિગતોને ધ્યાને લેતા મને એમ લાગે છે કે માનનીય નૌશાદભાઇ સોલંકીના બિનસરકારી વિધેયકમાં સૂચવવામાં આવેલ અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના માટે નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ માટે તમામ બાબતોનો યોગ્ય ઉપયોગ થઇ શક્યો છે. ત્યારે શ્રી વિજયભાઇ રૂપાણી..

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદજી. માનનીય મંત્રીશ્રી આપના પ્રવચનનો સમય પૂરો થાય છે. મારી પાસે સમય નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર માનનીય હિતુભાઇ કનોડિયા, માનનીય નરેશભાઇ પટેલ, માનનીય જિગ્નેશભાઇ મેવાણી, માનનીય પી.ડી. વસાવા અને માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબે એમના મંતવ્યો રજૂ કર્યા. શાસક પક્ષ તરફથી, ટ્રેઝરી બેંચ તરફથી વિધેયકનો વિરોધ કરવામાં આવ્યો છે, પરંતુ જે પ્રકારની રજૂઆત થઇ એ પ્રકારે મને લાગે છે કે અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ, આદિજાતિ કલ્યાણ વિભાગ જ બંધ કરી દેવાની જરૂર છે. કેમ કે એટલો બધો વિકાસ થઇ ગયો હોઇ, હવે આ બે વિભાગની જ જરૂરિયાત રહેતી નથી.

અધ્યક્ષશ્રી : આપ પરત લેવા માગો છો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : એટલે વધારે વાત ન કરતા...

અધ્યક્ષશ્રી : આપ પરત લેવા માગો છો? મારી પાસે સમય નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : અડધી સેકન્ડમાં. કન્કલુડ કરીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ, આપ પરત લેવા માગો છો? મારી પાસે ટાઇમ નથી. હા કે ના કહોને?

શ્રી નૌશાદ ભ. સોલંકી : ના. માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : પરત ખેંચવા માગતા નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : ભારતના ૫ રાજ્યમાં આ કાયદો પસાર થઇ ગયો છે અને ગુજરાતમાં આ કાયદો પસાર થાય તે માટે ફરીથી બધાને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે. (આ તબક્કે વિરોધપક્ષના હાજર રહેલા સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) નેકસ્ટ, માનનીય ઇમરાન ખેડાવાલા. (અંતરાય) મને બિનજરૂરી લાગે તો નામંજૂર કરી શકું છું અને નામંજૂર કર્યું છે. વધારે કંઇ હોય નહીં. એમની રિકવેસ્ટ નામંજૂર કરી છે. ભાઇ, શ્રી અમિતભાઇ ચાવડાનું માઇક ચાલુ કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નિયમની જોગવાઇઓને ટાંકીને આપની પાસે ડિવિઝનની માગણી કરે છે.

અધ્યક્ષશ્રી : મેં સાંભળ્યું, તરત જ નામંજૂર કરી.

શ્રી અમિત ચાવડા : હવે સાંભળો તો ખરા.

અધ્યક્ષશ્રી : હવે શું સાંભળવાનું, કશો સમય જ નથી. મારે ચાલીસ મિનિટમાં પૂરું કરવું પડે. ચાલીસ મિનિટથી એક મિનિટ વધારે નથી.

શ્રી અમિત ચાવડા : તો મંત્રીશ્રી વધારે બોલ્યા. ડિવિઝન તો તેમને હા કે ના થી વોટીંગ કરીએ કે ડિવિઝન કરીએ. માગણી તો કરે.

અધ્યક્ષશ્રી : નામંજૂર થઇ ગઇ પછી તેમાં કશું ન હોય.

શ્રી અમિત ચાવડા : એમણે ઉભા થઇને માગણી કરી છે.

અધ્યક્ષશ્રી : એમાં કશું ના હોય. માનનીય ઇમરાનભાઇ,... માનનીય ઇમરાનભાઇ, આપનું બિલ મૂવ કરો છો? એ તો આપે જ કરવાનું છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે.., (સતત સૂત્રોચ્ચાર તથા અંતરાય)

અધ્યક્ષશ્રી: માનનીય નૌશાદભાઇ, માનનીય પ્રવિણભાઇ, શ્રી આનંદભાઇ, શ્રી મહેશભાઇ, પ્લીઝ વેલમાંથી, આપ વોકઆઉટ કરો તો જઇ શકો પણ વેલમાંથી આપ... (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, (સતત સૂત્રોચ્ચાર તથા અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે, વેલમાંથી તે લોકો ખસી જાય. માનનીય ધારાસભ્યશ્રી વેલમાં આવું ન કરશો. જોર અજમાઇશ ના કરશો. ભાઇ, સાચવીને લઇ જજો. સાચવીને લઇ જજો. પ્લીઝ, તેમને સાચવીને લઇ જજો, મારા મિત્ર છે. મારા મિત્ર છે, સાચવીને લઇ જજો. (સતત અંતરાય તથા સૂત્રોચ્ચાર) આ કોઇ મિલ કામદારના યુનિયનના નેતાઓ નથી. આપણો વિરોધ રેકર્ડ પર આવ્યો છે. આપે વિરોધ દર્શાવી લીધો. હું તમામ માનનીય ધારાસભ્યોને વિનંતી કરું છું કે, પ્લીઝ, વેલમાંથી ઉભા થઇ જાઓ. આપનો વિરોધ રેકર્ડ પર આવેલો છે. આપને વારંવાર વિનંતી કરું છું. માનનીય વિક્રમભાઇ, માનનીય રાજેશભાઇ ગોહિલ, છૂપે રૂસ્તમ આપ જરા, પ્લીઝ. કોઇ ન બોલતું હોય તો માનનીય રાજેશભાઇ બોલતા હોય. આ દસ મિનિટથી વધારે મિનિટ થઇ ગઇ. આખી ધારાસભાને બાનમાં ન લઇ શકાય, આ યોગ્ય નથી. પ્લીઝ, આપને સૌને વિનંતી. માનનીય બળદેવભાઇ. મારો નિર્ણય છે, અધ્યક્ષનો નિર્ણય છે પછી તેની ચર્ચા ન હોય. તે માગી લીધો, તે તેમણે માગી લીધો, તેમણે માગી લીધો, તે મારે નક્કી કરવાનું. (આ તબક્કે કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સિવાયના હાજર રહેલા તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા વોકઆઉટ કરી ગયા)

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૪**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક, ૨૦૧૮**

**(ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતો) ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ રદ કરવા બાબત વિધેયક**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંકઃ૩૪-સન ૨૦૧૮ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા)બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતોની તબદીલી પર પ્રતિબંધ ધારા રદ કરવા અંગેનું વિધેયક લઇને હું આવ્યો છું. અશાંત ધારો કેમ રદ કરવો જરૂરી છે તે અંગેની વાત કરું તો અશાંત વિસ્તારોમાં સ્થાવર મિલકતોની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો સૌ પ્રથમ સન ૧૯૯૧માં ઘડવામાં આવ્યો હતો, તે પહેલા આવો જ કાયદો વર્ષ ૧૯૮૬માં પણ ઘડવામાં આવ્યો હતો પરંતુ તે કાયદો ફકત અમદાવાદ શહેર પૂરતો જ હતો અને કોઇ એક ચોક્કસ સમય પૂરતો હતો એટલે કે કોમી તોફાનો બંધ થઇ ગયા, શાંતિ સ્થપાઇ ગઇ અને બંને કોમો વચ્ચે સહ અસ્તિત્વની પરિસ્થિતિ ઉભી થઇ એટલે તરત એ કાયદાનો અમલ બંધ થઇ ગયો. પરંતુ વર્ષ ૧૯૮૬ પછી થોડાક નાના પાયે તોફાનો થયા એ સમયમાં આ સભાગૃહના સભ્ય સ્વ.અશોક ભટ્ટસાહેબ અને બીજા સભ્યોની રજૂઆતો હતી કે અશાંત વિસ્તારોમાં મકાનો સસ્તા ભાવે પડાવી લેવામાં આવે છે. આવી રજૂઆતોને ધ્યાનમાં લઇ સરકારે વર્ષ ૧૯૯૧માં આ કાયદો કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૮૬માં કાયદો કર્યો ત્યારે ચોક્કસ સમય મર્યાદા માટે આ કાયદો કર્યો હતો પરંતુ વર્ષ ૧૯૯૧માં આ કાયદો કરવામાં આવ્યો ત્યારે કેટલી સમય મર્યાદા માટે આ કાયદો અમલમાં રહેશે તે નક્કી કરવામાં આવ્યું ન હતું. પરંતુ આ કાયદાની દીર્ઘસંજ્ઞા વિધેયકના નામની નીચે ઇટાલિક ભાષામાં છાપેલું હોય છે તેમાં કાયદો બનાવવા પાછળનો

* વિધેયક તા.૨૨મી, માર્ચ,૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હેતુ બતાવવામાં આવેલો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એનો મતલબ એમ થાય છે કે આ કાયદો કામચલાઉ એટલે કે હંગામી ધોરણે હતો અને થોડા સમય માટે જ ઘડવામાં આવ્યો હતો. આ કાયદો કાયમ માટે નથી આ રીતે જોઇએ તો વર્ષ ૧૯૯૧માં હંગામી–ટેમ્પરરી ધોરણે ઘડાયેલો આ કાયદો આજે વર્ષ ૨૦૨૦ની સાલ થઇ ગઇ એટલે કે ૩૯ વરસ થઇ ગયા છતાં આજ સુધી આ કાયદાનો અમલ અત્યારે ચાલુ છે. લઘુમતિ કોમના લોકો બહુમતિ કોમના લોકોના મકાનો ખરીદે છે અને તેના કારણે તે વિસ્તારની અંદર લઘુમતિ કોમના લોકોની વસતિ વધી જશે. એવી કેટલાક સંકુચિત વિચારધારાવાળા લોકોની રજૂઆતો હતી અને તેમના વિચારોને આધીન સરકારે તેમની માગણીઓને સંતોષવા એપીસમેન્ટ માટે આ કાયદો ચાલુ રાખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં ૨૦ વરસથી પણ વધારે વરસથી શાસન કરી રહી છે અને અને વારંવાર મોટે મોટે અહીંયા ગૃહમંત્રીશ્રી કહે છે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ કહે છે કે ગુજરાતમાં શાંતિ છે. કોમી એકતા સ્થપાઇ ગઇ છે એ ખરેખર સાચી જ વાત છે, પરંતુ અહીંયા શાંતિનું વાતાવરણ છે. જો કોમી તોફાનો અહીંયા ગુજરાતમાં ખરેખર બંધ થઇ ગયા હોય અને કોમી એખલાસનું વાતાવરણ હોય તો આજની તારીખે સરકાર રાજ્યના જુદા જુદા ગામો અને શહેરોમાં નવા નવા અશાંત વિસ્તાર કેમ જાહેર કરે છે? હમણાં ચાલુ વરસમાં અમદાવાદ શહેરની અંદર જ ૭૪ વધારાના વિસ્તારોને ડિસ્ટર્બ એરિયા તરીકે આ સરકારે જાહેર કરેલ છે. ગુજરાતમાં છેલ્લાં વીસ વરસથી તોફાનો કે હુલ્લડો થતાં નથી અને શાંતિ સ્થપાયેલી છે સરકાર આવા દાવા કરે છે, તો પછી અમદાવાદ શહેરમાં અરધા કરતા વધારે શહેરો વિસ્તારની અંદર સરકારે ડિસ્ટર્બ એરિયા કેમ જાહેર કરેલ છે? આનો મતલબ એમ થાય છે કે સરકાર શાંતિના જે દાવા કરી રહી છે તે દાવા ખોટા છે અથવા તો સરકાર લઘુમતિઓને તેમની નજીકના વિસ્તારોમાં કોઇ સ્થાવર મિલકત ખરીદવા દેવા માગતી નથી. સરકાર આ બાબતમાં સ્પષ્ટતા કરે. ભારતના કોઇપણ ભાગમાં મિલકત ખરીદવાનો દરેકને કાનૂની અધિકાર છે. ભા.જ.પ.ની સરકારે આ કાનૂની અધિકાર ઉપર તરાપ મારી છે. (અંતરાય) કાશ્મિરમાં ૩૭૦ની કલમ હટાવી છે એટલે ત્યાં પણ લોકો ખરીદી શકે છે. ત્યાં લોકો મકાન ખરીદી શકતા હોય મિલકત ખરીદી શકતા હોય તો ગુજરાતમાં કેમ ના ખરીદી શકે? ગુજરાતમાં અમે એ જ કહેવા માગીએ છીએ કે ગુજરાતમાં બહુમતિ કે લઘુમતિના લોકો મકાન– મિલકત ખરીદવા માગે છે તો કેમ ખરીદવા નથી દેતા. કેમ અશાંત ધારો લગાવો છો? (અંતરાય) અશાંત ધારો કેમ લગાવો છો? અશાંત ધારો કેમ લગાવો છો? ગુજરાતની અંદર શાંતિ નથી? આપ કહી શકો છો કે ગુજરાતમાં શાંતિ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૩૭૦ની કલમ દૂર થઇ અને કાશ્મિરમાં લોકો મિલકત ખરીદી શકે છે તો ગુજરાતમાં કેમ ના ખરીદી શકે? મારી વાત એ છે.

અધ્યક્ષશ્રી :૩૦ સેકન્ડ છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, મારી દસ મિનિટ અગાઉ ખરાબ થઇ ગઇ છે. દસ મિનિટમાં હું પૂરું કરું.

અધ્યક્ષશ્રી : એ તો બન્નેની કાપી છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા :દસ મિનિટમાં હું પૂરું કરું છું સર.

અધ્યક્ષશ્રી : એ તો બન્નેમાં ઓછી થઇ છે.

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા : સાહેબ, હું મુદ્દા ઉપર જ છું. કોઇપણ એવી બાબત હું કહું તો દૂર કરી દેજો સર. સાહેબ, મને બોલવા દો. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે બંધારણ સુધારીને ૩૭૦ની કલમ હટાવીને ત્યાં એક કાયદો આખો બનાવી દીધો છે. ગુજરાતમાં બિલકુલ ઉલ્ટું છે. અહીંયા અશાંત ધારાનો અમલ કરાવીને કોઇ ગુજરાતી અમદાવાદ શહેરમાં કે ગુજરાતમાં મિલકત ખરીદી ના શકે એવા કાયદા અશાંતધારો લગાવીને બનાવવામાં આવ્યા છે. આ ગાંધીજીનું ગુજરાત છે. સરદાર પટેલનું ગુજરાત છે. નરસિંહ મહેતાનું ગુજરાત છે. ગુજરાતમાં આવી અન્યાયકારી નીતિ ચાલુ રહે તે જરા પણ ઇચ્છનીય છે? ભા.જ.પ.ની સરકાર આવી ડબલ સ્ટાન્ડર્ડ નીતિ કેમ અપનાવે છે? કાશ્મિરમાં બીજા લોકોને મિલકત ખરીદવાનો અધિકાર આપે છે અને ગુજરાતમાં જ ગુજરાતમાં રહેતા લોકોને મિલકતો ખરીદતા અટકાવે તે બાબત સામાન્ય ન્યાયના સિદ્ધાંતોથી તદ્દન વિરુદ્ધ છે. લઘુમતિ પોતાના રહેઠાણની નજીકના વિસ્તારમાં મિલકત નહિ ખરીદી શકે તો ક્યાં ખરીદશે? હું એક વાત ખાસ માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું અને આ અંગે એમણે સ્પષ્ટતા કરવી જોઇએ. આ અશાંત ધારો રદ કરવા અંગે બીજા કારણો જણાવું તો અશાંત ધારો ક્યાં લાગુ પડશે, ક્યાં લાગુ નહિ પડે, એ કેટલા સમય માટે હશે એ સરકારે જાહેર કરવું જોઇએ. બીજું કે, અશાંત વિસ્તારમાં મિલકતની તબદીલી અંગે કલેક્ટરશ્રીને પરવાનગી આપી છે અને કલેક્ટર રેવન્યૂ રાહે કામગીરી કરે છે તેથી ઘણો લાંબો સમય જાય છે. બીજું કે, કલેક્ટરને વાજબી લાગે તો જ તબદીલીને સંમતિ આપે છે અને તેનો મતલબ એ થાય છે કે કલેક્ટરશ્રીને ડીસ્ક્રીશનરી પાવર વાપરવાનો અધિકાર છે જેનો ઘણા કેસોમાં દુરૂપયોગ થઇ રહ્યો છે. કલેક્ટરના નિર્ણય સામે રાજ્યની સરકારમાં અપીલ કરવાની જોગવાઇ છે, પરંતુ રાજ્ય સરકારના નિર્ણય સામે કોર્ટમાં જવાનો કાયદામાં અધિકાર આપેલ નથી અને આ કારણે પણ આ કાયદો રદ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે. એક જ સેકન્ડમાં જે કહેવું હોય તે કહી દો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બહુમતિ, લઘુમતિના ઘણાં લોકોને તકલીફ પડે છે. (અંતરાય)

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦

બિન–સરકારી વિધેયકો

અધ્યક્ષશ્રી : એટલા માટે તો હું વોર્નીંગ આપુ છું ત્રણ મિનિટ બાકી, બે મિનિટ બાકી, એક મિનિટ બાકી. શ્રી ઇમરાનભાઇ તમારે રીકવેસ્ટ કરવી હોય તો કરી લો, સભાગૃહને રીકવેસ્ટ કરવી હોય તો કરી લો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મહેસૂલ મંત્રી અને મુખ્યમંત્રીશ્રી આપ સારી પ્રતિષ્ઠા ધરાવતા વ્યકિતઓ છો. આપને હું વિનંતી કરું છું કે અશાંત ધારો રદ કરવા માટેનું જે વિધેયક લઇને આવ્યો છું તેને સ્વીકારી લેવા હું આપને અને આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કરું છું. એક શેર પઢી લઉં કે,

અધ્યક્ષશ્રી : આંગળી આપીએ છીએ તો પોંચો પકડે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપનો પ્રેમ છે.

**"કુછ દેર કી ખામોશી હૈ, ફિર શોર આયેગા,**
**તુમ્હારા વકત આયા હૈ, હમારા ભી દૌર આયેગા."**

થેંક યુ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી વિધેયક જે માનનીય ધારાસભ્યશ્રી ઇમરાનભાઇ લઇને આવ્યા છે તેનો હું વિરોધ કરું છું અને મારા વિચારો રજૂ કરું છું. તેમણે જયારે બે લાઇનથી શરૂ કરી તો હું પણ પહેલાં બે લાઇનથી શરૂ કરું.

**" ભેગાં મળી પી લેજો ઝેર જગતનાં, હવે ફરી શંકર ઝેર પીવા નહીં આવે,**
**ચીર ખેંચાશે સતીઓ તણાં, હવે ફરી શ્યામ ચીર પુરવા નહીં આવે.**
**કૌરવ પાંડવ તણાં મંડાશે મંડાણ યુદ્ધના, હવે ફરી કૃષ્ણ સારથી બની નહીં આવે,**
**આપસી વેરઝેર ભૂલીને એક બનો, ફરી હિન્દુસ્તાનને હિંદુ રાષ્ટ્ર બનાવવા બીજા મોદી નહીં આવે. "**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇમરાનભાઇ જયારે વાત કરતા હતા ત્યારે હું જે વિસ્તારમાંથી આવું છું જયાં મને ખબર છે કે અશાંત ધારો લાવવાથી શું થાય? સરકાર હંમેશા, સુખ, શાંતિ, સમૃદ્ધિ, સદભાવના, કોમી એખલાસ આ ધ્યાને રાખીને કોઇ પણ નિર્ણય કરતી હોય છે. હું ભરૂચમાંથી આવું છું કાશી પછીનું બીજું પુરાણોમાં ભરૂચ સૌથી જૂનું શહેર છે ભૌગોલિક રીતે અને એ વણાયેલું શહેર છે ત્યારે આજની પરિસ્થિતિ શું છે ? કોઇ પણ બકરી ઇદ આવી અને બધા જ જયારે ભેગાં મળીને રહેતાં હોય ત્યારે એ જે આહુતિ અપાય છે કે એ જે કતલ થાય છે કે જેને બકરી હોય કે પાડો હોય તે જાહેર ચોકની અંદર જયાં હિન્દુ–મુસ્લિમ બધા રહેતાં હોય એ આ પ્રકારનું ત્યાં આગળ હંમેશા અમારી વચ્ચે હું તો કોર્પોરેટર પણ દસ વર્ષ સુધી રહ્યો છું એટલે આ જોવા મળ્યું છે. જેનાથી એક જ્ઞાતિવાળા તે લોહી જોઇને કે એ અરેરાટી જોઇને તે રહી શકતા નથી. ત્યાંની અસંખ્ય ફરિયાદો એક વિસ્તારમાં નહીં આખું ભરૂચ આ રીતે વણાયેલું છે. અસંખ્ય ફરિયાદો આની મળે અને જયારે આખું શહેર જે જૂનું ભરૂચ છે અને અત્યારે જે નવો વિસ્તાર થયો છે ત્યાં અમારી ગટર યોજના નથી. તે ગટરમાંથી લોહી જાય અને આ બકરી ઇદ પૂરી થયા પછી દોઢસો કન્ટેનર એ હાડકાં અને ચામડાં લઇ જવાનું અને તે બે–ત્રણ દિવસ સુધી સહન કરવાનું આ તો જે રહેતા હોય તેને ખબર પડે કે અશાંત ધારો લાવવાનો કેમ ? આ વિસ્તારની તમને ખબર નથી આ વિટંબણા એ ત્યાં જે હોય તેને ખબર પડે કે કેવી રીતે નાના બાળકો ઉપર શું અસર થાય, મહિલાઓ ઉપર શું અસર થાય? મારા વિસ્તારની વાત નથી કરવી બીજો મુદ્દો અત્યારનો જે છે તે લવ જેહાદનો છે. પ્રેમ પ્રકરણ થઇ ગયા છે પ્રેમ પ્રકરણને લીધે એક જ્ઞાતિ બીજી જ્ઞાતિની સામે આવી ગઇ છે અને થાય છે શું ? આજે મને કહેતા દુઃખ થાય છે કે કેટલીય એવી દીકરીઓ છે કે જે એમ કહીશ કે પ્રોસ્ટીટયુશનની અંદર જતી રહી છે એવા મારી પાસે ભરૂચના અસંખ્ય દાખલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અવાજનું પ્રદુષણ પછી તે મંદિર હોય કે મસ્જિદ હોય.

શ્રી પરેશ ધાનાણી : આ ગૃહ ખૂબ સારી રીતે શાંતિથી ચાલી રહ્યું છે, આ શ્રી નીતિનભાઇ કયારના અશાંતિ ઉભી કરે છે એટલે એના ઉપર અશાંત ધારો લાગુ પાડો.

અધ્યક્ષશ્રી : આપ બન્ને જણા સમાધાન કરી લો તો બધું પતી જાય.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અવાજનું પ્રદુષણ એ મંદિરનું હોય કે મસ્જિદનું હોય, એ મસ્જિદની અજાન હોય કે સાંજે મંદિરમાંથી પણ અવાજ થતો હોય. બન્ને પક્ષે હોય છે ત્યારે આનું પણ હંમેશાં પ્રજાવતી કે અમને આ નડે છે તે નડે છે. આમાં સૌથી મોટો રોલ જો કોઇ પ્લે કરતું હોય તો તે જમીન માફિયાનો છે. નાના –નાના લોકોની મિલકત પડાવી લેવી, હવે જો ભાવ વધ્યા હોય તો એ મિલકત પડાવીને ત્યાં હાઇરાઇઝ બિલ્ડીંગ બનાવવા આ સૌથી મોટું જો કોઇ દુષણ હોય તો તે જમીન માફિયાઓનું છે, આવી રીતે પૈસા વધારે આપીને એક બીજાની મિલકત લેવી, આવા અનેક અનેક કાયદા છે. હું એમ કહું કે ભરૂચ અંદર ૪૦ કેસ કલેકટરની પાસે પડ્યા છે. નવની પરવાનગી આપી દીધી છે. ૩૧ હજુ રિજેકટ નથી કર્યા, હજુ આપવાની પેરવીમાં છે પણ એની સહમતિ છે. એ મિલકત લેનાર અને વેચાનારની સહમતિ જોઇએ. એની પ્રોપર કિંમત મળી છે કે નહીં, આજુબાજુના વિસ્તારના લોકોને પણ પૂછવાનું હોય છે કે આ મિલકત આ જગ્યાએ આમને આ કોમને વેચીએ છીએ તો તમને વાંધો છે કે નહીં, આ પ્રકારનો આ કાયદો છે. આ અધિકાર કલેકટરને એટલા માટે આપ્યો છે કે એ નિષ્પક્ષ રીતે એની તપાસ કરાવે પછી નિર્ણય આપે છે. વર્ષ ૧૯૯૨ પછી ભરૂચમાં ૧૧૪ વખત આવી કોમી લડાઇઓ થઇ. ત્યાર બાદ જયારે આ નિર્ણય લેવાયો છે ત્યારે ખરેખર સરકાર જે બિલ લાવી છે એનાથી શાંતિ પેદા થઇ છે, લોકો સલામતી અનુભવે છે અને જે

લોકોનો ભય છે, તે ભય આની અંદરથી દૂર થાય છે. તો હું માનનીય મિત્રને કહીશ કે આવા બધા અનેક કારણો છે. આપે મને એક મિનિટનો ઇશારો કર્યો એટલે બાકીના બધા મુદ્દાઓ બાજુ પર મૂકી વાત કરું છું.

અધ્યક્ષશ્રી : તમને ભૂલથી એક મિનિટ વધારે આપી દીધી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : તો સાહેબ, હું એમને કહું છું કે એ બિલ પાછું ખેંચે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા જે બિલ લઇને આવ્યા છે, તેના સમર્થમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જો જોહુકમી થતી હોય અને બળજબરીપૂર્વક મકાનો પડાવી લેવાતા હોય, ધાક–ધમકી થતી હોય અને ઓછા પૈસે મકાન લેવાતા હોય તો સો ટકા એમની સામે પગલાં લેવાં જોઇએ અને એમની સામે કાનૂની રાહે કાર્યવાહી કરવી જોઇએ. હું સરકારને પૂછવા માગું છું એવા કેટલા કિસ્સા કે એફ.આઇ.આર નોંધાઇ છે કે જેની અંદર બળજબરીપૂર્વક ધમકી આપીને મકાન પડાવી લીધા હોય? મારું એક જ મંતવ્ય છે કે આપણે ત્યાં છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ગુજરાતમાં છે. જયારે આપણે શાંતિ અને સલામતીની વાત કરતા હોઇએ તો આજે આપણે એવું વાતાવરણ નિર્માણ નથી કરી શકયા કે બન્ને સમાજ સાથે હળી–મળીને રહી શકે. માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુ–મુસ્લિમની વાત તો દૂર રહી પણ આપણે સમરસતાની વાત કરીએ છીએ ત્યારે ઘણી બધી સોસાયટીઓ અને ઘણા બધા વિસ્તારો આજે જાતિ આધારિત રીતે ઓળખાઇ રહ્યા છે. ત્યાં કોઇ ગરીબ પછાત જાતિની વ્યક્તિ લેવા જાય તો એને પણ મકાનો મળતા નથી, ત્યાં પણ બોર્ડ મારેલાં હોય છે ફકત આ સમાજ પૂરતું જ આ છે. હું માનું છું કે જેનાથી આ સમરસતા જળવાતી નથી. સમાજમાં સમરસતા જળવાય, ભાઇચારો રહેવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ભરૂચના ધારાસભ્યશ્રીએ જે વાત કરી કે બકરી ઇદ વખતે જે પરિસ્થિતિ થાય છે, તેમની સાથે હું સંમત છું કે એ ના થવું જોઇએ. દરેક લોકોને પોતાની ધાર્મિક ભાવના રાખવાનો અધિકાર છે પણ સાથે સાથે બીજા ધર્મના લોકોનું પણ ધ્યાન રાખવું જોઇએ. એવી કોઇ માન હાનિ કે લાગણી દુભાતી હોય તો તેનું ધ્યાન રાખવું જોઇએ. આના પરિણામો છે જે અશાંત ધારાને લીધે બીજા કેટલાક પેટા પ્રશ્નો પણ એનિ અંદરથી ઉભા થઇ રહ્યા છે. અમારા શ્રી કૌશિકભાઇ મારા મત વિસ્તારના જ છે. પહેલાં મારા વિસ્તારમાંથી જ આવતા હતા. આજે ત્યાં સરદાર પુંજ હોય કે બીજી સોસાયટી હોય તો એ લોકો કહે છે કે ભાઇ અમારે અહીંયાં માંગા આવતા નથી, અમે અહીંયાં રહીએ તો અમને કોઇ છોકરી આપવા કે છોકરી લઇ જવા તૈયાર નથી. અમારે નથી રહેવું, ભેગા થઇને આપવું છે. એ લોકો મારી પાસે આવ્યા. તો મેં કહ્યું કે ના, આ પાપમાં અમે ભાગીદાર તમારી સાથે થઇ શકીએ નહીં. આપણે શાંતિથી અને પ્રેમથી અહીંયા રહ્યા છીએ અને આગળ પણ રહીએ. આના કારણે પરિસ્થિતિ એવી થાય છે કે હિન્દુ મુસ્લિમને વેચી નથી શકતો અને મુસ્લિમ હિન્દુને વેચી શકતો નથી. મુસ્લિમને બળજબરીપૂર્વક ના છૂટકે તેના ઓછા ભાવે મુસ્લિમને આપવું પડે છે અને જે હિન્દુ સમાજ છે એને પણ ના છૂટકે અમુક વચેટિયાઓને ઓછી કિંમતે ત્યાં આપવું પડતું હોય છે. એટલે મારી વિનંતી એટલી છે કે આની અંદર જયારે ૨૫ વર્ષ થયાં છે ત્યારે અને અત્યારે શાંતિનું વાતાવરણ ચાલે છે તો એવું વાતાવરણ નિર્માણ કરીએ કે બન્ને કોમોની વચ્ચે ભાઇચારો રહે અને સાથે હળીમળીને રહે. આ કાયદો જયારે હવે શાંતિ થઇ ગઇ છે ત્યારે અને એની મર્યાદા પૂરી થઇ હોય તો એના માટે આપણે વિચારવું જોઇએ. જેનાથી આગળ ચાલીને કોઇ પણ એવી ઘટનાઓ ના બને. એક જ મિનિટમાં મારી વાત પૂરી કરું છું. મારા શાહપુર વિસ્તારની અંદર આંબલીવાળી પોળની અંદર પ્રમુખ સ્વામી મહારાજે દિક્ષાની ચાદર ઓઢી હતી. એ પોળની અંદર જયારે બે મકાન ખરીદવા માટે મુસ્લિમ સમાજે બાનુ આપ્યું હતું, મને ખબર પડી મને કહેવડાવવામાં આવ્યું તો મેં એ બે મકાનનું બાનું પાછું અપાવડાવ્યું અને મને મહંત સ્વામીએ બોલાવીને મારું સન્માન શાહીબાગ મંદિરની અંદર કર્યું હતું. એ જ રીતે જૈન દેરાસર એક નામાંકીત મોટા શેઠીયાએ મને બોલાવ્યો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમય જ નથી તો કેવી રીતે આપું. માનનીય પૂર્ણેશભાઇ મોદી.

**શ્રી ગ્યાસુદ્દીન શેખ** : મારી વિનંતી છે કે બે સમાજ શાંતિથી રહે તે માટે આ ધારો રદ કરીને આ વિધેયક મંજૂર રાખવું જોઇએ.

**શ્રી પૂર્ણેશ મોદી(સુરત પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવાનું બિલ રદ કરવા બાબતનું વિધેયક માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા લાવ્યા છે તેનો હું પ્રચંડ વિરોધ કરું છું. આ બિલનો પ્રચંડ વિરોધ એટલા માટે છે સાહેબ, કે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે અશાંત વિસ્તાર જાહેર કર્યા છે તેવા વિસ્તારમાં સાંપ્રદાયિક શાંતિ અને સલામતી અને સુરક્ષાનુ સુમેળભર્યું વાતાવરણ બને એટલા માટે જાહેર કર્યા છે અને એટલા માટે આ કાયદો ઘડવામાં આવ્યો છે. અશાંત વિસ્તારોના રહીશોની મિલકતના અધિકારોની જાળવણી, અશાંત વિસ્તારના રહીશોની મિલકતોની સલામતી, સુરક્ષા, કોઇના પણ ધાક–દબાણ વગર કોઇ મિલકતની ખરીદ વેચાણ નહીં થઇ શકે અને થાય તો તેને રોકવાનો ઉમદા હેતુ એમાં સમાયેલો છે. આ પ્રચંડ વિરોધ એટલા માટે છે કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સામાજિક સમરસતા, સમાનતા અને સદભાવનાનું વાતાવરણ બને એટલા માટે આ કાયદો લાવ્યા છે અને એટલા માટે હું સુરતનું ઉદાહરણ આપીશ કે, સુરતમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, પારસી, જૈન, યહુદી, બૌદ્ધ, આઠ આઠ જેટલા સમુદાય આવેલા છે. આ ધર્મ સાંપ્રદાયિક તમામ વર્ગ સાથે રહી શકે, મહોલ્લાના મહોલ્લા ખાલી થઇ જતા અટકે. તેના માટે

સમરસતાનો ઉમદા હેતુ આમાં જળવાયેલો છે. આ બિલનો એટલા માટે પ્રચંડ વિરોધ કરુંછું કે ગુંડા મુક્ત વિસ્તાર, તોફાન મુકત વિસ્તાર અને કરફ્યુ મુકત વિસ્તાર જો બનાવવો હોય, સુમેળભર્યું વાતાવરણ કરવું હોય તો આ કાયદો એના માટે જરૂરી છે. અશાંત વિસ્તારોમાં વ્હાઇટ કોલર જબ્બર જસ્તીથી મિલકત ખાલી કરાવે, અશાંત વિસ્તારોમાં મિલકતો હડપ કરી જવાની ભાવનાથી જે ધાક-ધમકી આપવામાં આવે અને ખાલી કરાવવાની સંભાવના વધે એટલા માટે આ કાયદો લાગુ કરવામાં બિલકુલ ગુજરાત સરકારે ખોટું નથી કર્યું પણ સૌથી વધુ ઉમદા કામ કર્યું છે. એક સમુદાયના લોકો બીજા સમુદાયની મિલકત સસ્તામાં પચાવી પાડવાની વાત કરે અને એના માટે તોફાનો થાય, કરફ્યુ થાય, આ બધાથી મુકત રહેવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે કદમ ઉઠાવ્યું છે. આ બિલનો પ્રચંડ વિરોધ એટલા માટે કરું છું કે ગરીબોની મિલકતની સુરક્ષા, મજદૂરોની મિલકતની સુરક્ષા, દલિતોની મિલકતની સુરક્ષા આ કાયદા હેઠળ જળવાઇ રહે છે. અશાંત વિસ્તારના રહીશો એક વ્યક્તિ પોતાના જીવનની સમગ્ર પુંજીમાંથી એક મકાન લે ત્યારે આવી ઘટના ઘટે તો એમનું સ્વપ્ન ચૂર ચૂર થઇ જાય. એટલા માટે કે પૈસાદાર વ્યક્તિ તો બીજે મિલકત લઇ શકે, પરંતુ આ ગરીબ માણસ, મજદૂર, દલિત અને મધ્યમ વર્ગના લોકો માટે આ કાયદો આશીર્વાદરૂપ છે. હાલમાં ખંભાતમાં તોફાન થયા, એક સમુદાયની મિલકતને નુકસાન થયું અને તેના કારણે આ અશાંત ધારો લાગુ પડયો. જેના કારણે એ વિસ્તારના લોકોને રક્ષણ મળ્યું અને એની મિલકતને રક્ષણ મળ્યું અને લોકોને ન્યાય મળ્યો. મારે સુરતની પણ વાત કરવી છે, સુરતમાં આઠ આઠ સંપ્રદાય, ટેક્સટાઇલ સીટી, ડાયમન્ડ સીટી, ઔદ્યોગિક સીટી, સુરતીઓ તો દિલેર વ્યક્તિઓ છે. સુરતી લાલાઓએ બધાને સ્વીકાર્યા છે. સમગ્ર સૌરાષ્ટ્રને સ્વીકાર્યું છે. સમગ્ર દેશના પ્રાંતના લોકોને સ્વીકાર્યા છે. આ એક સાંસ્કૃતિક વિરાસત છે તેના માટે અશાંત ધારો ખૂબ જરૂરી છે. બહુજન હિતાય નહીં પણ સર્વજન પ્રજાને સુખી કરવી હોય તો આ અશાંત ધારો ઉપયોગી છે એટલા માટે કોઇ ગંભીર તોફાનને અવકાશ નથી અને કાયદાની જરૂર છે. વર્ષ ૧૯૮૦ અને ૧૯૯૦નો દાયકો કોમી રમખાણોનો દાયકો હતો. આજે આપણું ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું છે ત્યારે આ કાયદાને રદ કરવાની જે વાત કરે છે તેનો હું પ્રચંડ વિરોધ કરું છું. ઉલટાનું ગુજરાતમાં આ પ્રકારનો કાયદો લાવીને સુમેળભર્યું વાતાવરણ પેદા કરવાનું કામ કરશે તો અમારી આ સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, શ્રી કૌશિકભાઇ અને ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી કે જેઓ આ કામ કરે છે તેને બળ આપવા માટે આ ધારો વધુ લાગુ પાડવા માટે હું વિનંતી કરું છું.

**શ્રી કૌશિકભાઇ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના જમાલપુર વિસ્તારના ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા પ્રાઇવેટ મેમ્બર બિલ લઇને આવ્યા છે. સન ૧૯૯૧થી આ રાજયમાં કાયદો ચાલે છે એને રીપીલ કરવા માટેનું બિલ લઇને આવ્યા છે. એ રીપીલ કરવાના કારણો શું એ મારે સમજવા છે. છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સુલેહ, શાંતિ, અમન અને સલામતી જળવાઇ રહેલ છે એ વિચારધારાવાળી પાર્ટીના શાસનમાં સુલેહ શાંતિ છે એ દેશ નહિ પરંતુ દુનિયા પણ જાણે છે કે અહીંયા શાંતિ અને સલામતી છે એ કહેવાની જરૂર નથી, લોકો જાણે જ છે. આ પરિસ્થિતિ આ રાજયમાં છે એના કારણો બે જ છે. એક ભારતીય જનતા પાર્ટીના અમારા નેતાઓ હોય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હોય કે શ્રીમતી આનંદીબહેન પટેલ હોય કે શ્રી વિજયભાઇ રૂપાણી હોય અને સાથે સાથે ગૃહ ખાતાને અભિનંદન આપીશ કે આજે સવારે જ ગૃહ ખાતાની માગણીઓ હતી. અમારા નેતાઓ આ રાજયમાં શાંતિ, સલામતી અને સુલેહ જળવાઇ રહે એના માટે મક્કમ કાયદાકીય વલણ અને આવા કાયદા બનાવ્યા છે.

અશાંત ધારાનો કાયદો છે એના લીધે ગુજરાતમાં શાંતિ છે એની ના થઇ શકે તેમ નથી. આપણે બંને બાજુ બાજુમાં જ છીએ અને આપણે એકબીજાને જાણતા હશું. છેલ્લા ૨૦-૨૧ વર્ષથી આ કાયદો આપણે ત્યાં છે એનો એમણે અભ્યાસ કર્યો હોત કે એ કોણ લાવ્યા હતા. સન ૧૯૮૫-૮૬માં ગુજરાતમાં મોટે પાયે તોફાનો થયા, હુલ્લડો થયા ત્યારે તે વખતના નેતાઓને ધ્યાનમાં આવ્યું. તે વખતે માનનીય અમરસિંહભાઇ ચૌધરીનું શાસન હતું અને તેઓ મુખ્યમંત્રી હતા. એમને લાગ્યું કે કાયદો લાવવાની જરૂર છે એટલે સન ૧૯૯૧માં કાયદો લાવ્યા. પરંતુ એ સરકારે એના અમલીકરણ કરવામાં કચાશ રાખી બાદમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે એનો સખ્ખતાઇથી અમલ કર્યો એનું અમને ગૌરવ છે અને એટલું આપણે સ્વીકારીએ છીએ કે એના લીધે શાંતિ છે. જમાલપુર અને શાહપુરમાં જૂની પરિસ્થિતિ અને અત્યારની પરિસ્થિતિમાં કોઇ ફેરફાર જણાય છે કે નહિ? જે ફેરફાર છે એ આ કાયદાના કારણે છે. એટલે હું સમજવા માગું છું કે રીપીલ કરવાના કારણો શું? માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ અને માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇએ વાસ્તવિક પરિસ્થિતિની વાત કરી છે. સુલેહ, સલામતી, અમન અને ભાઇચારો રાખવો હોય તો સરકારની પ્રાથમિક ફરજ છે કે આ કાયદા દ્વારા લોકોના સાથ સહકાર દ્વારા આ લાવવું પડે. જે તે વખતના નેતાઓને લાગ્યું કે કાયદો લાવવો પડશે અને લાવ્યા. પરંતુ એનો અમલ ન કર્યો એની વાસ્તવિક પરિસ્થિતિ અમારા બંને ધારાસભ્યશ્રીએ રજૂ કરી છે. માનનીય ગ્યાસુદ્દીનભાઇએ કાયદાની સખ્તાઇની વાત કરી. પરંતુ સખ્તાઇ કરવા માટેનો જ કાયદો છે અને અમે સખ્તાઇ પણ કરવાના છીએ અને કરી રહ્યા છીએ. અમે કોઇને છોડવા માગતા નથી. કાયદાનો અમલ કરવા માટે લાવ્યા છીએ. એમણે જે પ્રશ્ન વ્યકત કર્યો એનો જવાબ અમારી પાસે નથી. આ કાયદામાં ૧૭ જેટલી કલમો છે, ભારતીય જનતા પાર્ટીનો બૈઝિક ઉદ્દેશ છે ન્યાય અને અન્યાય કરવાવાળા, બાન કરવાવાળા ઉપર સખત થવું જોઇએ એટલા માટે કાયદામાં પ્રોવિઝન રાખ્યું. એમાં ૧૭ કલમો દ્વારા સરકારને પરમિશન આપી છે. સરકાર આ કાયદાની અંદર કયાં વિસ્તાર કરવો, (સમયસૂચક ઘંટડી) ઘટાડવો એ બધી સત્તા આપી છે. કલેકટરને સત્તા આપી છે. આ કાયદાની અંદર બે-ત્રણ મુખ્ય જે

બાબતો છે કલેકટર, લેનાર અને વેચનાર બંને પાર્ટીઓ સંમત છે કે નહીં, આ ચેક કરે છે, પૂર્વ મંજૂરી લેવા જાય ત્યારે, મિલકતની કિંમત વાજબી છે કે નહી? આ બધું જુએ છે. પોલીસ વિભાગનો અભિપ્રાય મેળવે છે પછી કલેકટર પૂર્વ મંજૂરી આપે છે, એવા અનેક દાખલાઓ છે. ગુજરાતની અંદર ૮૯,૦૦૦ અરજીઓ આવી છે એમાંથી ૮૨,૦૦૦ અરજીઓનો નિકાલ કર્યો છે. એટલે કાયદાની ફ્રેમ વર્કમાં રહી ન્યાય આપવાનું કામ કર્યું છે. કલેકટર નામંજૂર કરે તો સચિવશ્રી(વિવાદ) પાસે અપીલ કરી શકે, એમને તક આપવામાં આવે છે. પછી પણ એ પરમિશન વગર કરે તો એની ઉપર એકશન લેવાય છે. (સમયસૂચક ઘંટડી) છ માસની સજા, દસ હજાર રૂપિયાથી ઓછો દંડ, આ બધી જોગવાઇઓ છે અને એ મેં કહ્યું એમ, આખી ડિટેઇલ નથી કહેતો, અમારા ધારાસભ્યએ કલમ–૧૭માં ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ કલમની અંદર આ બધી જોગવાઇઓ છે. કલમ–૧૧ પછી વહીવટી જોગવાઇઓ છે. આ બધી જોગવાઇઓ છે, આજે આટલા વર્ષોથી આ કાયદો ચાલે છે એમાં જે જે વિસ્તારો છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા ચોક્કસ કહી શકું કે, શાંતિ પ્રસ્થાપિત થાય એવું વાતાવરણ ચોક્કસ અને ચોક્કસ ઉભું થઇ રહ્યું છે. એટલે હું તો મારા બંને મિત્રોને બહુ નજીકથી એક બીજાને ઓળખીએ છીએ, અમારી બોર્ડર નજીક છે.

અધ્યક્ષશ્રી : પાછું ખેંચવા માટે રિક્વેસ્ટ કરવી હોય તો કરી દો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એટલે બંનેને રિક્વેસ્ટ કરું છું કે કાંઇ આ કાયદાને હજુ મજબૂત કરવા જેવું કાંઇ હોય તો સૂચન કરજો. કાયદાને મજબૂત કરવા સરકારનું મન ખુલ્લું છે. બંને મિત્રો છે, આપણે સાથે મળીને, આપણી તો આ માતૃભૂમિ છે અને આખા ગુજરાતની અંદર આ કાયદા દ્વારા અને પોલીસ વિભાગ દ્વારા કાયદો વ્યવસ્થા દ્વારા અમન–ચમન ગુજરાતમાં રહે, આપણે સાથે મળીને કરીએ. એટલે વિનંતી કરું છું, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને કે, આ બિલ લાવ્યા છો, તમારો જે હાર્દ હોય એ કાયદાને વધુ મજબૂત કરીને સારી રીતે ન્યાય આપવાની બાબત હોય તો ચોક્કસ, આપને ફરીથી વિનંતી કરું છું કે, આ બિલ પાછું ખેંચવા વિનંતી કરું છું.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સિનિયર એવા અમારા સૌના વડીલ એવા શ્રી કૌશિકભાઇએ જે વાત મૂકી છે પરંતુ હું કહેવા માગું છું કે, આ બિલ લાવવાનું, આ વિધેયક લાવવાનું કારણ એ હતું કે, બહુમતિ વિસ્તારમાં રહેતા લોકો માટે જગ્યાઓ હોય છે પણ લઘુમતિ વિસ્તારમાં તેમના માટે જગ્યાઓ સિમિત છે. ગોદરેજ સિટિ હોય, અદાણી સિટિ હોય, બાલાજી સફલ જેવી મોટી મોટી ટાઉન શીપો બહુમતિ સમાજના લોકો માટે છે. અમે જે વિસ્તારો અને પોળોમાંથી આવીએ છીએ ત્યાં અમારી પાસે બીજી કોઇ જગ્યા જ નથી. એ જ જગ્યામાં રહીએ છીએ. આજુબાજુ હિન્દુ–મુસ્લિમ તમામ કોમ્યુનિટીના લોકો આજે પણ સાથે મળીને જ રહે છે. ભાઇચારા સાથે રહે છે પણ બહુમતિવાળા લોકો જે એમની ફેમિલી પણ મોટી થતી જાય છે. એ લોકોની પણ એવી રજૂઆત છે કે, અમે અમારું મકાન વેચીને બીજી કોઇ સારી જગ્યાએ...

અધ્યક્ષશ્રી : પાછું ખેંચી લેવા માગો છો ? માનનીય મંત્રીશ્રીની રિક્વેસ્ટ માન્ય રાખવા માગો છો ?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો અમારી જે વાત છે એના ઉપર કે, જે આ બિલ છે એને તમે સૌ સર્વ સંમતિથી મંજૂર રાખો એવી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી પાછું ખેંચવા માગતા નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **વિધેયક નામંજૂર કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૨૦ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૧૩મી માર્ચ,૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૧૩મી માર્ચ,૨૦૨૦**

**ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

*૨૫૮૨૫ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફુડ સિકિયોરિટી મિશન-ઓઈલસીડ એન્ડ ઓઈલપામ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલી ખેડુત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) ૧૫ |
| (૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) ૪૫૦ ખેડૂતો |
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો? | (૩) રૂ.૩,૫૯,૬૦૦/- |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ફુડ સિક્યોરિટી મિશન- ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ખેડૂત શિબિર થઇ, એમાં કેટલા ખેડૂતોએ લાભ લીધો અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ફુડ સિક્યોરિટી મિશન-ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર તાલીમાર્થીઓની સંખ્યા જોઇએ તો વર્ષ ૨૦૧૮-૧૯માં ગોધરામાં બે તાલીમ શિબિર રાખેલ. જેમાં ૬૦ લાભાર્થીઓ હતા અને એની પાછળ ૪૭,૬૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે. મોરવા હડફમાં એક તાલીમ શિબિર રાખેલ, જેમાં ૩૦ લાભાર્થી હતા, એની પાછળ રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. કાલોલમાં એક તાલીમ શિબિર રાખેલ, એમાં ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ. હાલોલમાં એક તાલીમ શિબિર જેમાં ૩૦ લાભાર્થી અને એની પાછળ રૂપિયા ૨૪ હજાર ખર્ચ, જાંબુઘોડામાં એક તાલીમ શિબિર એમાં ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરેલ છે. ઘોઘંબામાં બે તાલીમ શિબિર એમાં ૬૦ લાભાર્થીઓ અને એની પાછળ રૂપિયા ૪૮ હજારનો ખર્ચ કરેલ છે. આમ સન ૨૦૧૮-૧૯માં ૧૦ તાલીમ શિબિરમાં ૩૦૦ તાલીમાર્થીઓ હતા અને એની પાછળ રૂપિયા ૨, ૩૯,૬૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે. એ રીતે સન ૨૦૧૯-૨૦માં ગોધરામાં એક શિબિર રાખવામાં આવેલ હતી એમાં ૩૦ લાભાર્થી હતા એની પાછળ રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરેલ છે. મોરવામાં કોઇ નથી. કાલોલમાં એક તાલીમ શિબિર જેમાં ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ. હાલોલમાં એક તાલીમ શિબિર એમાં ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરેલ છે. ઘોઘંબામાં એક તાલીમ શિબિર જેમાં ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરેલ છે. શહેરામાં એક તાલીમ શિબિર ૩૦ લાભાર્થી અને રૂપિયા ૨૪ હજારનો ખર્ચ કરેલ છે. આ રીતે જોવા જઇએ તો છેલ્લા બે વર્ષમાં તાલીમની સંખ્યા ૧૫ અને તાલીમાર્થીઓની સંખ્યા ૪૫૦ થઇ છે જેની પાછળ કુલ ખર્ચ ૩,૫૯,૬૦૦ રૂપિયા થયો છે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડૂત તાલીમ શિબિર હેઠળ શું શું જાણકારી આપવામાં આવે છે? આ જાણકારી કલાસરૂમમાં આપવામાં આવે છે કે ફિલ્ડમાં જઇને ખેડૂતોના ખેતરો વચ્ચે પ્રાયોગિક રીતે આપવામાં આવે છે અને આ શિબિર યોજવા માટે કેટલા ખર્ચની જોગવાઇ છે તથા ખર્ચનું બ્રેકઅપ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં ખેડૂતોને તેલિબિયા પાકોની માહિતી માટેની જે તાલીમ શિબિરો સરકાર કરે છે. તેલિબિયા પાકો માટે ખેતીવાડી ખાતાના અધિકારીઓ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો, કૃષિ સાથે સંલગ્ન અન્ય અધિકારીઓ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. જે તે વિસ્તારના ખેડૂતો માટે જે તે વિસ્તારના પાક આધારિત આધુનિક ખેતી પદ્ધતિની જાણકારી આપવામાં આવે છે. નવી ટેકનોલોજીનું નિર્દેશન જેવી કે બીજ માવજત, જંતુનાશક અને નિંદામણનાશક દવાનો છંટકાવ, સ્પ્રે પમ્પ, ફેરોમન ટ્રેપ એન્ડ પી.વી. જેવી જંતુનાશકોનો ઉપયોગ, ફિલ્ડ વિઝિટ કે જેમાં ખેતરમાં ઉપસ્થિત પાકની પરિસ્થિતિ, રોગ જીવાંત અને તેનું નિયંત્રણ વગેરે બાબતે તાલીમ આપવામાં આવે છે જુદા જુદા ઘટકો માટે મળતી સહાય માટે આઇ ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની પદ્ધતિ, સિઝન મુજબ કરવાના થતા ખેતી કાર્યો વગેરેની તાલીમ આપીને માહિતગાર કરવામાં આવે છે. એમણે પૂછ્યું કે કલાસરૂમમાં તાલીમ આપે છે કે બહાર આપે છે? તાલીમાર્થી ખેડૂતો સરળતાથી રાખેલ તાલીમમાં ભાગ લઇ શકે, તેમને અવરજવર માટે

મુશ્કેલી ન પડે તે માટે પ્રગતિશીલ ખેડૂતોના ખેતરે ગ્રામ પંચાયત કચેરી હોય ત્યાં, મેદાન હોય તો ત્યાં, સહકારી ડેરીના મકાનમાં, સમાજની વાડીમાં, મકાનમાં, સાર્વજનિક મંદિરના પટાંગણમાં શિબિરો યોજવામાં આવે છે. એમણે ખર્ચની બાબત પૂછી એમાં કુલ એક શિબિર પાછળ ૨૪ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. એમાં તાલીમ સામગ્રી એમાં તાંત્રિક માહિતી પુસ્તિકા, સ્ટેશનરી, પેન પેડ, સ્થળ ખર્ચ દ્રશ્ય શ્રાવ્ય ઉપકરણો વગેરે એક પ્રતિ તાલીમ માટે ૨૫૦૦ રૂપિયા ફાળવવામાં આવે છે. એવી રીતે રહેવા, પ્રવાસ, પરિવહન વગેરે માટે રૂપિયા ૪૫૦૦ પ્રતિ તાલીમ માટે આપવામાં આવે છે. વિષય નિષ્ણાત વૈજ્ઞાનિક માટે માનદ્ વેતન પણ સરકાર આપે છે. એમાં ૨૫૦/- રૂપિયા પ્રતિ લેકચર, એવા ૮ લેકચર બે દિવસમાં કરવાના હોય છે. એના માટે રૂપિયા ૨,૦૦૦/- અને ખેડૂતો માટે જમવાનું, નાસ્તાની વ્યવસ્થા એ ૨૫૦/-રૂપિયા પ્રતિ દિવસ, આમ ૩૦ ખેડૂત અને બે દિવસના રૂપિયા ૧૫,૦૦૦/-. આમ ૨૪,૦૦૦/-રૂપિયા ખર્ચ કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

*૨૫૮૬૭ **શ્રી ઋષિકેશભાઇ પટેલ** (વિસનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપ સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ૭૯૬ (સાતસો છન્નું) વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને |
| (૨) ઉક્ત સ્થિતિએ કસુરવારો સામે શું પગલાં લેવામાં આવ્યા? | (૨) તે અન્વયે કસુરવારો સામે ગુજરાત કાનુની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૫,૭૨,૧૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ બોતેર હજાર એકસો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે. |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વેપારી એકમ દ્વારા લેવામાં આવતા તોલમાપ તથા માપવાના સાધનોની ચકાસણી અને મુદ્રાંકન કરાવવા એટલે કે સ્ટેમ્પિંગ કરાવવા અને તેનો ઉપયોગમાં લેવા અંગે શું જોગવાઇઓ છે? ગુના અંગે શું દંડકીય જોગવાઇ છે સાથે ગુના માંડવાળ ફીના ધોરણો શું છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વેપારી એકમ દ્વારા વપરાશમાં લેવામાં આવતા તોલમાપ તથા માપવાના સાધનોની ચકાસણીની જોગવાઇ વિશે જણાવું તો, દરેક વેપારી એકમ દ્વારા વપરાશમાં લેવામાં આવતા તોલમાપ તથા માપવાના સાધનો તે વેપારી એકમ દ્વારા વાર્ષિક અને દ્વિવાર્ષિક ધોરણે ચકાસણી અને મુદ્રાંકન કરાવી વેપારી એકમ દ્વારા લેવાના રહે છે.

જો આ વેપારી ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના કાંટા અને વજન માપ અને માપવાના સાધનો ઉપયોગમાં લેવામાં આવતા હોય તો, ગુજરાત કાનુની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ હેઠળ ગુનો બને છે. જે નિયમ-૨૪ હેઠળ દંડને પાત્ર છે. ગુના માંડવાળ ફી વિશે જણાવું તો, જો આ ધંધાનો પ્રકાર કેરોસીન સિવાયના ફેરિયાનો ધંધો હોય તો ગુના માંડવાળ ફી રૂપિયા ૧૦૦/-, સોની, ટેન્કર, વે-બ્રિજ હોય તો ગુના માંડવાળ ફી રૂપિયા ૧,૦૦૦/-, ઇન્ડસ્ટ્રીઝ, પેટ્રોલિયમ વેપારી હોય તો ગુના માંડવાળ ફી રૂપિયા ૨,૦૦૦/- છે. ઉપર દર્શાવ્યા સિવાયના તમામ વેપારી એકમ હોય તો ગુના માંડવાળ ફી ૫૦૦/- રૂપિયાનું ધોરણ છે. ગુના માંડવાળ ફીની સત્તા બધા જિલ્લા અધિકારીઓને સોંપવામાં આવેલ છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જાણવા માગું છું કે, તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પેકેટ પર છાપેલી કિંમત કરતા વધુ કિંમત વસૂલ કરવા અંગે કેટલા વેપારી એકમોની તપાસણી કરવામાં આવી? અને તે પૈકી કેટલા કેસોમાં ગેરરીતિ ધ્યાને આવી અને કેટલી રકમ ગુના માંડવાળ પેટે વસૂલ કરવામાં આવી?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલ કિંમત કરતા વધુ કિંમત વસૂલ કરવા અંગે ૩૪૩ વેપારી એકમોની તપાસણી કરવામાં આવેલ છે. તે પૈકી ૧૮ કિસ્સાઓ ગેરરીતિના ધ્યાને આવેલ છે અને એમાં રૂપિયા ૮૪,૦૦૦/- ગુના માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જાણવા માગું છું કે, જુદા જુદા પ્રકારના પરવાના આપવા અંગે તથા તોલમાપના સાધનોની ખરાઇ કાનૂની કરવાની બાબતે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા પરવાનાવાળાને તકલીફ ન પડે એ માટે શું જોગવાઇ કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : એવું પણ પૂછો ને કે, આ તોલમાપમાં કોને કોને તોલી શકાય એવા છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : સમય આવશે, બતાવશે સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, વેપારીઓને કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે કચેરીમાં ગયા સિવાય પોતાના સ્થળેથી ઓન–લાઇન અરજી કરી, ઓન–લાઇન ફી ભરી, ઓન–લાઇન પ્રમાણપત્રો ઉપલબ્ધ થાય તેમજ તંત્રની કામગીરી ઝડપી, પારદર્શક અને સરળ બને તે હેતુથી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ હેઠળ વિવિધ ૧૦ પ્રકારની કામગીરી ઓન–લાઇન કરવામાં આવેલ છે. લિગલ મેટ્રોલોજી એક્ટ–૨૦૦૯ હેઠળ કાનૂની માપ વિજ્ઞાન તંત્ર પાસેથી મળવાના થતા વજન, માપ સાધનો, ઉત્પાદક, દુરસ્તીકાર અને વિક્રેતાને પરવાના નવા આપવા તથા તાજા કરવા તથા તેમાં સુધારા કરવા તેમજ પેકેટ કોમોટિડી રૂલ્સ ૨૦૧૧ હેઠળ મેળવવાના તથા રજિસ્ટ્રેશનો, પરવાના તથા પ્રમાણપત્રો વગેરે વેપારીઓએ આઇ.એફ.પી. પોર્ટલ ઉપર ઓન–લાઇન અરજી કરી, ઓન–લાઇન ફી ભરી ઓન–લાઇન પ્રમાણપત્ર આપવામાં આવે છે. મને જણાવતાં આનંદ થાય છે કે, હવે ઔદ્યોગિક એકમો, વેપારીઓને વજન માપ સાધનોની ચકાસણી મુદ્રાંકનની કામગીરી પણ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ હેઠળ થાય છે. તાજેતરમાં આઇ.પી. પોર્ટલ પર ઓનલાઇન કાર્યવાહી કરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લાની વાત કરું તો ડીલર લાયસન્સ–૧૧, ડીલર રીન્યુઅલ લાયસન્સ–૧૭, મેન્યુફેક્ચર લાયસન્સ–૩, મેન્યુફેક્ચર રીન્યુઅલ લાયસન્સ–૩, પેકેજ કોમોડીટીઝ રુલ્સ હેઠળ નોંધણી પ્રમાણપત્રો–૩૯, lease license –૧, repairing license –૩, તેમજ વજન અને માપના Stamping બાબતે પ્રમાણપત્ર–૧૫૬ ઓન લાઇન ઇસ્યુ કરવામાં આવેલ છે.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે તોલમાપના સાધનોમાં કયા કયા સાધનોનો સમાવેશ થાય છે તથા તે સાધનોની કેટલા સમયે ખરાઇ કરવાની હોય છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાલ વાણિજય વ્યવહારમાં વપરાશમાં લેવાતા સાધનો, પ્રકાર અને કયા સાધનોની ખરાઇ કરવાના સમયગાળા વિશે જણાવું તો BI Scales માટે ૨૪ માસ, કાઉન્ટર મશીન માટે ૨૪ માસ, તમામ પ્રકારના વજનો માટે ૨૪ માસ, તમામ પ્રકારના માપ અને માપિયાઓ માટે ૨૪ માસ, સ્ટોરેજ ટેંક માટે ૫ વર્ષ તેમજ તમામ પ્રકારના ઇલેક્ટ્રીક balancing equipments તથા ઉપર જણાવ્યા સિવાયના તમામ પ્રકારના તોલમાપના સાધનો જેવા કે પેટ્રોલ, ડિઝલ, dispensing pump, CNG LPG dispensing pump, vehicle tank, flow meter, weigh bridge વગેરે પ્રકારના સાધનો માટે ૧૨ માસનો સમયગાળો ખરાઇ કરવાનો છે.

**અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ**

*૨૬૫૨૩ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી થઈ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

| **ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મળેલ રકમ** | | | | |
|---|---|---|---|---|
| | | | | **રકમ રૂપિયા લાખમાં** |
| **ક્રમ** | **વિગત** | **તા.૦૧–૦૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮** | **તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯** | **કુલ** |
| ૧ | માલસમાન અને મજૂરીની મળેલ કુલ રકમ | ૧૦૦૦૩૬.૭૧ | ૯૩૩૦૯.૫૩ | ૧૯૩૩૪૬.૨૪ |

(૨) રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની રકમ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જિલ્લાવાર રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. તે પૈકી અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ નીચે મુજબ છે.

| **ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ** (રૂપિયા લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાના નામ** | **તા.૦૧–૦૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮** | **તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯** | **કુલ** |
| ૧ | અમદાવાદ | ૧૨૫૦.૧૨ | ૧૨૭૨.૫૪ | ૨૫૨૨.૬૬ |
| ૨ | ભરૂચ | ૯૦૮.૮૦ | ૭૨૯.૭૮ | ૧૬૩૮.૫૮ |

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઊભી થઈ.

| **માનવદિન રોજગારી** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાના** | **તા.૦૧–૦૧–૧૮** | **તા.૦૧–૦૧–૧૯** | **કુલ** |

ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

| | નામ | થી તા.૩૧-૧૨-૧૮ | થી તા.૩૧-૧૨-૧૯ | |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫,૬૨,૭૪૮ | ૫,૧૦,૧૭૦ | ૧૦,૭૨,૯૧૮ |
| ૨ | ભરૂચ | ૩,૧૪,૭૯૬ | ૨,૭૫,૬૨૯ | ૫,૯૦,૪૨૫ |

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ મનરેગા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી? મારા વિરમગામ મતવિસ્તારના વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકામાં કેટલા વ્યક્તિઓને આ યોજના મુજબ રોજગારી આપવામાં આવી? કેટલી ગ્રાન્ટ ફાળવાઇ, તેમાંથી કેટલી વપરાઇ અને કેટલી વણવપરાયેલી રહી? ન વપરાવાના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : આ તમે જે પૂછ્યું છે એ યાદ રાખજો. શું શું પૂછ્યું છે તે યાદ રાખજો.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : યાદ છે સાહેબ. ભરૂચ જિલ્લામાં રૂપિયા ૨ કરોડ જેટલી ઓછી રકમ ફાળવવાના કારણો શા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તેમ તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને રોજગારીની પણ વાત કરી છે. તા.૩૧-૧૨-૨૦૧૮એ બાવળા તાલુકાને ૧૦૩.૭૫ લાખ રૂપિયા અને ૨૦૧૯માં ૬૬.૮૫ લાખ, કુલ ૧૭૦.૮૦ લાખ રૂપિયા ફાળવવામાં આવેલ છે. દસક્રોઇમાં વર્ષ ૨૦૧૮માં ૨,૨૬,૦૧૨ રૂપિયા અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૫૪.૮૨ લાખ, કુલ રૂપિયા ૨૮૦.૯૪ લાખ, દેત્રોજમાં વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૧૧૫.૨૨ લાખ અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૧૧૦.૪૮ લાખ. કુલ રૂ.૨૨૫.૭૦ લાખ. ધંધુકાની અંદર રૂપિયા ૮૫.૨૭ લાખ, રૂપિયા ૫૮.૬૦, રૂપિયા ૧૪૩.૩૪ લાખ. ધોલેરામાં રૂપિયા ૧૯૩.૨૫ લાખ, વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૩૦૨.૨૮ લાખ, રૂપિયા ૪૯૫.૫૩ લાખ, ધોળકામાં વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૮૫.૬૨ લાખ, વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૭૬.૨૦ લાખ, કુલ રૂપિયા ૧૬૧.૮૨ લાખ. માંડલમાં રૂપિયા ૧૬૪.૯૭ લાખ અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૩૦૪.૭૮ લાખ. કુલ રૂપિયા ૪૬૯.૭૫ લાખ. સાણંદમાં રૂપિયા ૨૦૨.૧૯ લાખ, અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૨૧૦.૫૫ લાખ, વિરમગામની અંદર વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૫૪.૧૦ લાખ લાખ, વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૭૧.૧ લાખ. કુલ રૂપિયા ૧૨૫.૧૧ લાખ અને ડી.આર.ડી.એ. રૂપિયા ૧૯.૪૩ લાખ અને આમ કુલ વર્ષ ૨૦૧૮માં ૧૨૫૦.૧૨ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૧૨૭૨.૫૪ લાખ અને કુલ મળીને ૨૫૨૨.૬૬ લાખ રૂપિયા ફાળવવામાં આવેલ છે. એ જ રીતે ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કહું કે સંયુક્ત બોલું?

અધ્યક્ષશ્રી : સંયુક્ત. સિવાય કે એમને કોઇ ખાસ તાલુકો જોઇતો હોય.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : ભરૂચ જિલ્લામાં રૂપિયા ૨ કરોડ ઓછી ફાળવવાના કારણો શું છે**?**

અધ્યક્ષશ્રી : એ ત્રીજો પ્રશ્ન છે. આ બીજા પ્રશ્નનો જવાબ છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાની અંદર તા.૩૧-૧૨-૨૦૦૦એ ૯૦૮.૮૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. એફ.પી.ઓ.થી અને તા.૩૧-૧૨-૨૦૧૯ના રોજ રૂ. ૭૨૯.૭૮ લાખ આમ કુલ ૧૬૩૮.૫૮ લાખ રૂપિયા ફાળવવામાં આવેલ છે અને આ ગ્રાન્ટ આપણે ફાળવતા નથી, ડાયરેક્ટ ભારત સરકારમાંથી એમના માગણા પ્રમાણે એફ.પી.ઓ.થી જનરેટ કરવામાં આવે છે એટલે બચતનો કોઇ સવાલ રહેતો નથી.

અધ્યક્ષશ્રી : એટલે કારણ પણ ખબર ના હોય.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે પણ આપના દ્વારા જાણવા માગું છું કે મનરેગા યોજના હેઠળ ભરૂચ જિલ્લાની અંદર તાલુકાવાર માનવ દિન રોજગાર યોજના કેટલી ઉત્પન્ન થઇ અને છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના ૧૦ તાલુકાની અંદર રૂપિયા ૯૦૮.૮૦ લાખનો ખર્ચ અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૭૨૯.૭૮ લાખ કુલ ૧૬૩૮.૫૮ લાખ રૂપિયા અને એમણે જે માનવ દિનની વાત કરી છે. એમાં ૯ તાલુકાની અંદર તા.૩૧-૧૨-૨૦૧૮એ ૩,૧૪,૭૯૬ માનવદિન અને તા.૩૧-૧૨-૨૦૧૯એ ૨,૭૫,૬૨૯ માનવ દિન કુલ મળીને ૫,૯૦,૪૨૫ માનવ દિન છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે પૂછવા માગું છું કે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે મનરેગા છે એમાં ભરૂચ જિલ્લામાં બે કરોડ રૂપિયા ઓછા આપ્યા છે. મનરેગા છે એમાં કેવા કામ કરવામાં આવે છે, એમાં કેટલું મટીરીયલ અને કેટલી મજૂરી અને જે મજૂરોનું રજિસ્ટર બને છે એ રજિસ્ટરમાં જે મજૂરનું નામ લખવામાં આવે છે તો એની સહી અસલ થાય છે કે નહીં? કોઇપણ કામગીરી મનરેગાની અંદર થાય એ મશીનરીથી કરવામાં આવે છે કે મજૂરો દ્વારા કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કીધું એમ એનો જે રેશિયો છે ૬૦ ટકા માનવ અને ૪૦ ટકા મટીરીયલથી કરવામાં આવે છે અને સભ્યશ્રીએ પૂછ્યું કે કેવા પ્રકારના કામો કરવામાં આવે છે તો એમાં જળસંચયના કામ કરવામાં આવે છે, દુષ્કાળ પ્રેરીત કામો કરવામાં આવે છે, પરંપરાગત જળસ્ત્રોતના કામ, જમીન વિકાસના કામ, ગ્રામ્ય રસ્તાઓ કરવામાં આવે છે, વ્યકિતગત શૌચાલય કરવામાં આવે છે, આંગણવાડીઓ અને રમતગમતના મેદાનોના પણ કામ કરવામાં આવે છે. આ તમામ યોજના મજૂરો આધારીત છે એટલે મજૂરો આની અંદર કામ કરે છે.

## તા.૧૩મી માર્ચ,૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં મનરેગા દ્વારા જે મજૂરોએ કામ કર્યું એનું જે ખર્ચ છે એના ૪૦ ટકા મટીરીયલ કોમ્પોનન્ટમાં વપરાય છે તો કયા કામોમાં ફાળવવામાં આવ્યા અને એના નિયમો શું છે?

અધ્યક્ષશ્રી : આ અમદાવાદ અને ભરૂચનો પ્રશ્ન છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ અમદાવાદ અને ભરૂચ જિલ્લાનો પ્રશ્ન છે. એમના પ્રશ્નની અલગથી નોટીસ આપશે તો જવાબ આપીશું.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉન બનાવવા આવેલ અરજીઓ**

*૨૭૯૮૬ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનાજ સંગ્રહવાના ગોડાઉન બનાવવા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોની તાલુકાવાર અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) **સાબરકાંઠા જિલ્લો :**

તા.૦૧–૦૨–૨૦૧૮ થી ૩૧–૦૧–૨૦૧૯

| અ.નં. | તાલુકો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | તલોદ | ૧ |
| ૨ | વડાલી | ૧ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨ |
| | **કુલ** | **૪** |

તા.૦૧–૦૨–૨૦૧૯ થી ૩૧–૦૧–૨૦૨૦

| અ.નં. | તાલુકો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઈડર | ૨ |
| ૨ | તલોદ | ૨ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨ |
| | **કુલ** | **૬** |

અરવલ્લી જિલ્લો : શૂન્ય

(૨) **સાબરકાંઠા જિલ્લો :**

તા.૦૧–૦૨–૨૦૧૮ થી ૩૧–૦૧–૨૦૧૯

| અ.નં. | તાલુકો | અરજીની સંખ્યા | |
|---|---|---|---|
| | | **કુલ** | **મંજૂર** |
| ૧ | તલોદ | ૧ | ૧ |
| ૨ | વડાલી | ૧ | ૧ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨ | ૨ |
| | **કુલ** | **૪** | **૪** |

તા.૦૧–૦૨–૨૦૧૯ થી ૩૧–૦૧–૨૦૨૦

| અ.નં. | તાલુકો | અરજીની સંખ્યા | |
|---|---|---|---|
| | | **કુલ** | **મંજૂર** |
| ૧ | ઈડર | ૨ | ૨ |
| ૨ | તલોદ | ૨ | ૦ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨ | ૨ |
| | **કુલ** | **૬** | **૪** |

(૩) **સાબરકાંઠા જિલ્લો :**

તા.૦૧–૦૨–૨૦૧૮ થી ૩૧–૦૧–૨૦૧૯

| અ.નં. | તાલુકો | ચુકવેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તલોદ | ૨,૦૨,૦૦૦ |
| ૨ | વડાલી | ૭૫,૫૦૦ |
| ૩ | ખેડબ્રહ્મા | ૪,૨૬,૨૫૦ |
| | **કુલ** | **૭,૦૩,૭૫૦** |

તા.૦૧-૦૨-૨૦૧૯ થી ૩૧-૦૧-૨૦૨૦

| અ.નં. | તાલુકો | ચુકવેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ઈડર | ૩,૫૬,૨૫૦ |
| ૨ | તલોદ | ------ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨,૩૯,૧૨૫ |
| | **કુલ** | **૫,૯૫,૩૭૫** |

અરવલ્લી જિલ્લો : શૂન્ય

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સરકાર ખેડૂતો માટેની યોજનાઓની જાહેરાત અને બજેટમાં જોગવાઇ જરૂર કરે છે પણ જિલ્લા અને તાલુકા લેવલે એની કોઇ વ્યવસ્થા ન હોવાને કારણે ખેડૂતો એનો લાભ લઇ શકતા નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી. એક પણ અરજી આવી નથી, એનો મતલબ એમ થયો કે આ ખેડૂતોને આ જાણકારી નથી તો જયારે વર્ષ ૨૦૧૮માં એક પણ કેસ ના આવ્યો તો વર્ષ ૨૦૧૯માં વિભાગે એની દરકાર કરી કે કેમ? કોઇ ખેડૂતોની અરજી ના આવી? બીજું, મારે એ જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આ ગોડાઉન બનાવવા માટે કેટલી રકમની ફાળવણી કરી? અને એક ગોડાઉન બનાવવા પાછળ કેટલો ખર્ચ થાય છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કૃષિ એ ખેડૂતોનો મુખ્ય વ્યવસાય રહેલો છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવાના કારણે કૃષિનું ઉત્પાદન વધવાના કારણે જે પ્રકારે ખેડૂતોનો જયારે સિઝનનો માલ આવે ત્યારે આ ગોડાઉનની વ્યવસ્થા ન હોવાને કારણે પોતે સસ્તા ભાવે માલ વેચી દેવો પડતો હતો. મને કહેતા આનંદ છે કે તા.૪-૬-૨૦૧૫ના રોજ ખેડૂત પોતે આ રીતે ગોડાઉન બનાવી શકે અને પોતાનો માલ સિઝન પૂરતો રાખીને ઓફ સિઝનમાં વેચે તો ભાવ વધારે મળે આ આશયથી આ યોજના કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી એ મુજબ અરવલ્લી જિલ્લામાં કોઇપણ અરજી ન આવવાના કારણે ત્યાં આ યોજનાનો લાભ મળ્યો નથી. પરંતુ સાબરકાંઠા જિલ્લામાં ૪ જેટલા ખેડૂતોએ આનો લાભ લીધો છે. આ યોજના વર્ષ ૨૦૧૫થી સમગ્ર રાજયમાં એકે એક જિલ્લામાં આની માહિતી ઉપલબ્ધ છે. છતાં પણ ફરીથી ખેડૂતો લાભ લે એના માટે માહિતી પૂરતા પ્રમાણમાં ખેડૂતોને મળે એ પ્રકારનું આયોજન કરવામાં આવશે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કોઇ અરજી ન આવે એનું કારણ શું છે? છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ અરવલ્લી જિલ્લામાં ફાળવી?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે ૨૫ ટકા પ્રમાણે સહાય આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કેમ અરજી ન આવી એ તમને ખબર છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : ખેડૂતો માગણી કરતા ન હોય.

અધ્યક્ષશ્રી : એમનું કહેવું છે કે આ વિસ્તારમાંથી અરજીઓ આવતી નથી. કદાચ માહિતી ન હોય એ આપની વાત સાચી છે. એ વિસ્તારને જાણકારી આપો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં અનાજ સંગ્રહ શક્તિમાં વધારો કરવા માટે, નવા ગોડાઉનો બનાવવા માટેની કેપિટલ સબસિડી યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા કયા ખેડૂતોને સહાયની કેટલી રકમ મંજૂર કરી અને એ રકમ ક્યારે ચૂકવવામાં આવી?

અધ્યક્ષશ્રી : કયા તાલુકાનું જાણવું છે?

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : આખા સાબરકાંઠા જિલ્લાનું.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૧લી ફેબ્રુઆરી ૨૦૧૮થી તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ સુધીના એક વર્ષમાં તલોદ તાલુકામાં પટેલ ગોબરભાઇ કેશાભાઇને સહાય રૂપિયા ૨ લાખ ૨ હજાર તા.૨૧-૧૦-૨૦૧૮ના રોજ મંજૂર કરવામાં આવી અને એનું ચૂકવણું તા.૧૩-૧૧-૨૦૧૮ના રોજ થયેલ છે. વડાલી તાલુકામાં પટેલ પ્રકાશભાઇ ફલજીભાઇ, મોરજને રૂપિયા ૭૫ હજાર ૫૦૦ની સહાય તા.૪-૭-૨૦૧૮ના રોજ મંજૂર કરેલ તથા તેની ચૂકવણી તા.૨૮-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. ખેડબ્રહ્મા તાલુકામાં રામાભાઇ જીવાભાઇને રૂપિયા ૨ લાખ ૫૦ હજારની સહાય તા.૨૭-૧૨-૨૦૧૮ના રોજ મંજૂર કરવામાં આવેલ છે અને તા.૧૧-૧-૨૦૧૯ના રોજ ચૂકવણું કરવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને વર્ષમાં ૧૨ લાખ ૯૯ હજાર ૧૨૫ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬થી ખેડૂતોની દશા પૂરી થઇ ગઇ. એની આર્થિક સ્થિતિ નથી અને સરકારશ્રી એમ કહે છે કે ૨૫ ટકા અમે સહાય આપીએ. પણ ૭૫ ટકા જ નથી તો એના માટે સરકારશ્રી બેન્કો પાસેથી અપાવવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે. બેન્કો પણ લોન આપે છે અને ખેડૂતો કો-ઓપરેટીવ બેન્કો પાસેથી લોન લઇને સહાય મેળવે છે.

## તા.૧૩મી માર્ચ,૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અનાજ સંગ્રહ શક્તિમાં વધારો કરવા માટે નવા ગોડાઉનો બનાવવા માટેની કેપિટલ સબસિડી યોજના હેઠળ ખેડૂતો દ્વારા સહાય મેળવવા કઈ કઈ શરતોનું પાલન કરવાનું રહે છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનાજ સંગ્રહ શક્તિમાં વધારો કરવા માટે નવા ગોડાઉનો બનાવવા માટેની કેપિટલ સબસિડી યોજના હેઠળ ખેડૂત દ્વારા સહાય મેળવવા માટેની જે શરતો છે એમાં આ યોજના અંતર્ગત નાણાકીય સંસ્થા દ્વારા લોન લીધેલ હોવી જોઇએ. રાજ્યનો ખેડૂત પોતાની માલિકીની જમીન ધારણ કરતો હોવો જોઇએ. ગોડાઉન બાંધકામ માટે દરખાસ્તમાં ગોડાઉનના નકશા અને અંદાજો સરકાર માન્ય એન્જિનિયરે તૈયાર કરેલ હોવા જોઇએ તેમજ એમાં જણાવેલ દર જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.ઓ.આર. મુજબના રજૂ કરવાના રહે છે. ગોડાઉન બાંધકામ પાછળ થયેલ ખર્ચનું વેરિફિકેશન સર્ટિફિકેટ સરકાર માન્ય એન્જિનિયરનું હોવું જોઇએ. ગોડાઉનનો ઉપયોગ ખેત પેદાશ તેમજ એગ્રિકલ્ચર ઇનપુટ માટે કરવાનો રહેશે તે મતલબનો ખેડૂતનો બાંહેધરીપત્ર રજૂ કરવાનો રહેશે. ગોડાઉન ઓછામાં ઓછું ૫૦ મેટ્રિક ટન અને વધુમાં વધુ ૧ હજાર મેટ્રિક ટન કેપેસિટીનું હોવું જોઇએ. ગોડાઉન જે સ્થળે બનાવવાનું હોય એ જગ્યા ખેતીની જમીન સિવાયની હોય તો એ અંગે સક્ષમ ઓથોરિટીનું એન.ઓ.સી. અને મંજૂરી લેવાની રહેશે અને આ યોજનાનો લાભ લાભાર્થીને માત્ર એક જ વખત મળવાપાત્ર છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં શૂન્ય અરજી આવી છે. રાજ્ય સરકાર પોતાની યોજનાઓની પાછળ જાહેર પ્રચાર માટે કરોડો રૂપિયાનો ખર્ચો કરે છે અને યોજનાઓનો લાભ છે એ લોકોને ઝીરો મળે છે ત્યારે આ યોજનાની જાહેરાત માટે અરવલ્લી જિલ્લામાં જાહેરાત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? ખેડૂતોને આ યોજનાની જાણકારી આપવા માટે વિભાગ કક્ષાએથી કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ખેડૂત ખાતેદારને ગોડાઉન બનાવવા માટેનો આ પ્રશ્ન છે. માનનીય સભ્યશ્રી અલગ નોટિસથી પૂછશે તો એમને કહીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત પાસે યોજનાની માહિતી હોય તો જ ખેડૂત અરજી કરે, નહીં તો ક્યાંથી અરજી કરે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫થી આ યોજનાનો લાભ રાજ્યના તમામ જિલ્લાના તમામ ખેડૂતો લઇ રહ્યા છે. આ અરવલ્લી જિલ્લાના ખેડૂતો કે જેમણે અરજી જ ના કરી હોય, માગણી જ ના હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, એકદમ ટૂંકમાં પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એટલું જ પૂછ્યું છે કે જાહેરાત કરવામાં આવે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ તમામ માહિતી સહકારી સંસ્થાઓને અને ખેડૂતોને કરવામાં આવે છે.

### અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ

*૨૬૫૮૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

**ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મળેલ રકમ**

**રકમ રૂપિયા લાખમાં**

| ક્રમ | વિગત | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | માલસમાન અને મજૂરીની મળેલ કુલ રકમ | ૧૦૦૦૩૬.૭૧ | ૯૩૩૦૯.૫૩ | ૧૯૩૩૪૬.૨૪ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૨) રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની રકમ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જિલ્લાવાર રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. તે પૈકી અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ નીચે મુજબ છે.

**ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ** (રૂપિયા લાખમાં)

| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી | કુલ |
|---|---|---|---|---|

| | | | તા.૩૧-૧૨-૧૯ | |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૩૪૩.૬૪ | ૧૪૫૨.૭૯ | ૨૭૯૬.૪૩ |
| ૨ | ગીર સોમનાથ | ૯૭૯.૯૫ | ૬૧૪.૫૫ | ૧૫૯૪.૫૦ |

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી થઈ?

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઊભી થઈ.

| માનવદિન રોજગારી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
| ૧ | અમરેલી | ૬,૯૯,૬૫૨ | ૭,૬૨,૦૫૯ | ૧૪,૬૧,૭૧૧ |
| ૨ | ગીર સોમનાથ | ૪,૨૧,૧૧૫ | ૨,૬૪,૭૪૧ | ૬,૮૫,૮૫૬ |

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ આ દેશના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાને કોંગ્રેસની ૬૦ વર્ષની નિષ્ફળ યોજના અમે ચાલુ રાખીશું એવું પાર્લામેન્ટમાં બોલ્યા છે. થપ્પડ મારી મારીને ખેડૂતોની, ગરીબ માણસોની જાહેરાતો અમે સાંભળી છે. આજે હું માનનીય મંત્રીશ્રી પાસે મારા પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ જાણવા માગું છું કે, આ મનરેગા યોજનામાં છેલ્લા બે વર્ષમાં ઓછો ખર્ચ થવાના શું કારણો છે? કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો? તેમજ કેટલું વેતન મળ્યું? ગ્રામ વિકાસ એજન્સી અત્યારે શોભાના ગાંઠિયા જેવી બની ગઇ છે. છેલ્લા ૬ વર્ષમાં કોઇ ગ્રાન્ટ આવી નથી. ડી.આર.ડી.એ. યોજનામાં અમારા કામો પણ અત્યારે પેન્ડિંગ પડ્યા છે. છેલ્લા ૬ વર્ષમાં વધારેમાં વધારે અન્યાય થયો છે. લપાટો મારવાની વાત હતી. અત્યારે તો ચોકમાં ભાંઠા મારવાની વાત થાય એ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે આ ગ્રામ વિકાસ એજન્સીના જે મનરેગા યોજના હેઠળના વિકાસના કામોની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર પાસે મેળવવા સરકાર સક્ષમ છે કે કેમ? અને કેટલા સમયમાં મેળવશે? અને ના મેળવી શકે તો સરકાર ગુજરાતની જનતાની માફી માગે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં છેલ્લા બે વર્ષની અંદર અમે જે વેતન માટે વર્ષ ૨૦૧૮ની અંદર અમરેલી જિલ્લામાં ૧૧૦૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. માલ-સામાનનો ૧૫૩.૮૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને કુલ ૧૩૪૦.૬૩ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને સોમનાથ જિલ્લાની અંદર ૬૧૦.૭૦ લાખ રૂપિયા વેતનમાં ખર્ચો કર્યો છે અને માલ-સામાનની અંદર રૂપિયા ૧૫૯.૯૦ લાખનો ખર્ચ કર્યો છે. કુલ ૮૩૯.૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને જે એમણે માનવ દિનની વાત કરી છે એ અમરેલી જિલ્લાની અંદર તા.૩૧-૧૨-૨૦૧૮ એ ૬,૯૯,૬૫૨ માનવ દિનની રોજગારી આપી છે અને વર્ષ ૨૦૧૯માં ૭,૬૨,૦૫૯ને મંજૂરી આપવામાં આવી છે અને કુલ ૧૪,૬૧,૭૧૧ માનવ દિન ઉત્પન્ન થયા છે. એ જ રીતે ગીર સોમનાથ જિલ્લાની અંદર પણ જે ૪,૨૧,૧૧૫ માનવ દિનની રોજગારી આપી છે અને વર્ષ ૨૦૧૯ની અંદર ૨,૬૪,૭૪૧ને રોજગારી આપી છે. કુલ ૬,૮૫,૮૫૬ માનવ દિન રોજગારી આપીને વળતર ચૂકવ્યું છે આમ, આટલા માનવ દિનની રોજગારી આપી છે. જે બે વર્ષની માનનીય સભ્યશ્રીએ ચૂકવણાની વાત કરી છે એનું ચૂકવણું કરી દેવામાં આવ્યું છે. એમાં છેલ્લા ૬ વર્ષની અંદર ૬,૭૬,૫૦૯.૭૬ લાખ રૂપિયા કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ આપણને આપવામાં આવેલી છે અને વેતન પણ અમે ગઇ ત્રીજી તારીખ સુધીનું પેમેન્ટ પણ ચૂકવ્યું છે અને આ વેતન માટેનું પેમેન્ટ એ અવિરત ચાલતી પ્રક્રિયા છે. આજે તમે મસ્ટર ઇશ્યૂ કરો તો આવતી કાલે એ બાકી બોલતું હશે પણ આ રીતે અમારા ચૂકવણા વેતન અને માલ સામાનની અંદર કરીએ છીએ.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે નાણાકીય વર્ષમાં અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં કેટલા માનવ દિન ઉત્પન્ન થયા અને તે પૈકી મહિલાઓ દ્વારા કેટલા માનવ દિન ઉત્પન્ન થયા?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે અમરેલી જિલ્લાની અંદર મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર કુલ ૭,૩૨,૦૨૦ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ તે પૈકી મહિલા શ્રમિકો દ્વારા ૩,૬૪,૩૨૬ માનવ દિનની રોજગારી ઉત્પન્ન થઇ છે જયારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૬,૯૬,૫૧૯ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે તે પૈકી મહિલા શ્રમિકો દ્વારા ૩,૫૧,૭૭૩ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે. એ જ રીતે ગીર સોમનાથ જિલ્લાની અંદર પણ મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર કુલ ૩,૩૭,૦૩૩ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે તે પૈકી મહિલા શ્રમિકો દ્વારા ૧,૯૬,૦૩૪ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે ત્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૨,૨૭,૪૭૬ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે તે પૈકી મહિલા શ્રમિકો દ્વારા ૧,૩૬,૬૮૬ માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને મંત્રીશ્રીએ હમણાં આ હાઉસની અંદર પણ ડીકલેર કર્યું હતું કે મનરેગા યોજનાનું પેમેન્ટ તમામ જિલ્લાની અંદર કરી દેવામાં આવ્યું છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મારા વિસ્તારનો સુત્રાપાડા તાલુકો છે અને એ તાલુકાનું ધામડેજ ગામ છે મોટી

વસ્તીવાળું બક્ષીપંચનું ગામ છે ત્યાં દોઢ વર્ષથી કામ થયેલું હોવા છતાં સાડા સાત લાખ રૂપિયા જેવી રકમ આજની તારીખે પણ ચૂકવવામાં આવી નથી તો એ હકીકત સાચી છે કે કેમ? અને જો હોય તો કયારે ચૂકવવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ગામની માહિતી મારી પાસે નથી પણ તાલુકાની માહિતી છે. એના ચૂકવણા કરી દેવામાં આવેલા છે.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભગાભાઇના પ્રશ્નનો જવાબ માત્ર એટલો જ છે કે તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ધામડેજ ગામનું પણ ચૂકવણું થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક– ૭ (અંતરાય) ઘણા પ્રશ્નો આવી ગયા. મનરેગાના તો ખૂબ આવી ગયા. આગળ પણ આવી ગયા. (અંતરાય) આટલો આગ્રહ ન હોય, મેં બીજા લોકોને પણ પૂછવા દીધા છે. આ બાજુ તો એકેય સભ્યને મેં પ્રશ્ન પૂછવા નથી દીધો. એક પણ સભ્યને મેં પ્રશ્ન પૂછવા નથી દીધો. તમને બધાને જ આ બાજુથી પૂછવા દીધા છે. (અંતરાય) પ્લીઝ, પ્રશ્ન ક્રમાંક–૭ (અંતરાય) આપને તો આપ્યો, આ પહેલો આપનો જ પ્રશ્ન હતો. હજુ છે, ઘણા પ્રશ્નો છે. પ્રશ્ન ક્રમાંક–૭, માનનીય મુસડીયાજી આપનો પ્રશ્ન મૂવ કરો.

**ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં બીપીએલ યાદીમાં સમાવેશની મળેલ અરજીઓ**

*૨૬૫૫૮ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે કેટલી અરજીઓ મળી, અને

(૧)

| તાલુકા | તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા. |
|---|---|
| ધ્રોલ | ૪૨ |
| જોડીયા | ૧૪૯ |
| કાલાવડ | ૧૭ |
| **કુલ** | **૨૦૮** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

(૨)

| તાલુકા | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ધ્રોલ | ૭ |
| જોડીયા | ૪૮ |
| કાલાવડ | ૧૨ |
| **કુલ** | **૬૭** |

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને કાલાવાડ તાલુકામાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવેશ કરવા માટે છેલ્લા ૨ વર્ષમાં ૨૦૮ અરજીઓ મળી છે અને એમાં ૬૭ અરજીઓ મંજૂર કરી છે તો બાકીની ૧૪૧ અરજીઓ છે એ કયારે મંજૂર કરવામાં આવશે? અને ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે આ અરજી કરવાની અને એમાં નામ દાખલ કરવા માટેની જે જોગવાઇ છે એના ક્રાઇટ એરિયા શું છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે કાલાવાડ તાલુકો ૧૦૪ ગામોનો તાલુકો છે. બીપીએલ યાદીમાં નામ સમાવવા માટેની તેમાં માત્ર ૧૭ અરજીઓ મળી છે. આટલી બધી ઓછી અરજીઓ આવવાનું કારણ શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જે નામો દાખલ કરવાના માપદંડની વાત કરી છે, એમાં ૧૩ જેટલા એના પેરામીટર્સ છે, એના સ્કોર પ્રમાણે ગણતરી કરવામાં આવતી હોય છે. ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સુધીના દાખલ કરવામાં આવે છે. અરજીઓ નામંજૂર કરવામાં આવે છે, એની અંદર આ સ્કોરની અંદર આવતા ન હોય, એને પાકું મકાન હોય, સાઇકલ હોય, પંખા હોય, એને ૨.૫ એકરથી વધારે જમીન હોય આવાં કારણોસર અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : ઓછી અરજીનું કારણ મંત્રીશ્રી ન કહી શકે. કેવી રીતે કહે? કોઇ અરજી ના પણ કરે. એ તમારો પ્રશ્ન બાકી છે, પણ એનો જવાબ બીજો પેલો હોઇ જ ન શકે, પ્લીઝ.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : એટલે કહેવા માગું છું કે ક્રાઇટેરિયાની મને ખબર છે. સાઇકલ હોય..

અધ્યક્ષશ્રી : તો શું કામ પૂછ્યું?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : આ ગરીબોના દુઃખ દર્દની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : એ કરોને? એની કયાં ના છે? તમને ક્રાઇટેરિયા ખબર છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : ક્રાઇટેરિયા બદલવો પડે.

અધ્યક્ષશ્રી : એવી રજૂઆત કરોને?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : મારું ઇનડાયરેક્ટ એમ કહેવાનું છે. સાઇકલ તો સ્કૂલમાં...

અધ્યક્ષશ્રી : એમનું સૂચન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારો પ્રશ્ન એ છે કે એમણે જવાબમાં કહ્યું કે જેની પાસે પંખો હોય એનું નામ આવી શકતું નથી. અત્યારે ગાય, ભેંસ રાખતા હોય તો પંખો રાખવો પડતો હોય છે. આ પંખો બાદ કરી અને પંખો હોય છતાં નામ લેવા માગો છો કે કેમ? બીજું, બી.પી.એલ. કાર્ડ જુદું પડાવીએ એટલે ઓટોમેટિક એ.પી.એલ.માં કરી દો છો. બી.પી.એલ.નું કાર્ડ હોય અને એ કાર્ડ દીકરો જુદું કરાવવા માગતો હોય તો એનું બી.પી.એલ.નું કાર્ડ નીકળે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પંખાવાળો સવાલ એમનું સૂચન છે. બી.પી.એલ. કે એ.પી.એલ. કાર્ડ પુરવઠા વિભાગનો પ્રશ્ન છે. અમને લાગતો નથી.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મ્યુનિસિપાલિટી એરિયામાં બી.પી.એલ.ની નોંધણીનું કામ ચાલુ છે કે કેમ? અમારા ધ્રોલ વિસ્તારમાં વારંવાર રજૂઆત કરી છે અને જવાબ મળે છે કે બી.પી.એલ.ની નોંધણીનું કામ બંધ છે. મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મ્યુનિસિપાલિટી એરિયામાં આ કામગીરી ચાલુ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : તમે જે જાણો છો તે સાચું છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી બી.પી.એલ. નોંધવાની અવિરત કામગીરી છે, એમાં આવે તો સમાવેશ કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે કેટલી અરજીઓ આવી? મંત્રીશ્રીએ કહ્યું છે કે અન્ન નાગરિક પુરવઠા વિભાગનો આ પ્રશ્ન છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાહેરાત કર્યા પછી મકાન સહાય અંગેની બાકીની જે યોજના હતી. એ ઇન્દિરા આવાસ યોજના હોય, સરદાર આવાસ યોજના હોય, આંબેડકર સહાય યોજના હોય, આ બધી યોજના બંધ કરવામાં આવેલ છે. માત્રને માત્ર વર્ષ ૨૦૧૧ની ગણતરી મુજબ યાદીમાં નામો આવે છે. એ પ્રમાણે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો મંજૂર કરવામાં આવે છે, એના કારણે બી.પી.એલ. યાદીમાં જે લોકો મકાન સહાયથી વંચિત રહી ગયા છે, તેને અન્યાય થાય છે, ત્યારે રાજ્યમાં બી.પી.એલ. યાદીમાં જે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ નામો છે અને જે એમાં મકાનથી વંચિત છે, તેવા લોકોને મકાન સહાય આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જામનગર જિલ્લાનો છે અને તેમાંય ત્રણ તાલુકાનો જ પ્રશ્ન છે. આ પ્રશ્ન શ્રી પ્રવિણભાઇએ સ્પેશિફિક પૂછયો છે. શ્રી પુંજાભાઇ જે પૂછી રહ્યા છે તે સ્કોપની બહાર જાય છે. વર્ષ ૨૦૧૧ના સરવે હેઠળ અત્યારે બીપીએલ–એપીએલની યાદી બની છે. ૧૩ પેરામિટર્સ છે તેને ધ્યાનમાં લઇ બીપીએલ–એપીએલ નક્કી થાય છે. ૦ થી ૧૬ સુધી અને ૧૭ થી ૨૦ સુધીના ગુણાંક છે તેના આધારે નક્કી થાય છે. આ જે પેરામિટર્સ છે તે ભારત સરકારે નક્કી કર્યા છે અને તેમની સરકાર વખતે આ પેરામિટર્સ નક્કી થયા છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં વાત કરી કે વર્ષ ૨૦૧૧માં એસીસીસીના ડેટાનો સરવે થયો, આપણી પ્રધાનમંત્રી આવાસ યોજના બહુ સારી છે, પણ આ ડેટાનો વર્ષ ૨૦૧૧માં સરવે થયો છે અને આજે આપણે વર્ષ ૨૦૨૦માં જીવીએ છીએ. આમાં કોઇ નામ અપગ્રેડ થતા નથી. અમે બધા તાલુકા લેવલે સરવે કરી કરીને એક એક તાલુકામાંથી પાંચ–પાંચ હજાર લોકોના સરવે કરેલા પડેલા છે. તેમને ડેટામાં નામ ન હોય તો આપણે લેન્ડ કમિટિમાં જમીન આપી શકતા નથી. તો સરવેને તમે અપલોડ કરવા માગો છો કે નહીં?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય લલીતભાઇ જે વાત કરી રહ્યા છે તેમાં થોડીક રાજકીય છાંટ આપી રહ્યા છે. એમની સરકાર વખતે ગરીબને જે રોજગારી આપવામાં આવતી હતી તેમાં પૂરા ૧૫૦ રૂપિયા આપવામાં ન્હોતા આવતા. અમારી સરકાર આવી તો ૧૯૯ રૂપિયા આપીએ છીએ. ગરીબની મશ્કરી કરનારી એ સરકારની ચિંતા તેઓ કરતા નથી. તેમના પક્ષની સરકાર હતી. આ નોર્મ્સ પણ કોંગ્રેસ પક્ષની કેન્દ્ર સરકારે નક્કી કરેલા છે. એમાં અમે વખતોવખત અને મારે દુઃખ સાથે કહેવું છે કે, વર્ષ ૨૦૧૩–૧૪ની સાલની અંદર ભારત સરકારે ગરીબ, મજદુરને વેતન આપવાના નોર્મ્સ નક્કી કર્યા હતા તેમાં ૧૫૬ રૂપિયા આપતા હતા. શ્રી નરેન્દ્રભાઇ મોદી વર્ષ ૨૦૧૪માં ભારત સરકારમાં પ્રધાનમંત્રી તરીકે આવ્યા ત્યારથી ૧૯૯ રૂપિયા વેતન આપવાનું નક્કી કર્યું છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા સાથે બોલશો?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગરીબ લોકો માટે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સંવેદના છે અને આવનારા દિવસોમાં...

અધ્યક્ષશ્રી : તમે બધા આના પછીનો પ્રશ્ન આવવા દેવા માગતા નથી. પ્લીઝ, પ્લીઝ, મેં ઘણા બધાને પૂછવા દીધું.

## તા.૧૩મી માર્ચ,૨૦૨૦
## તારાંકિત પ્રશ્નો

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ માનવી બીપીએલ યાદીના પેરામિટર્સની બહાર હશે તો શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર આવનારા દિવસોમાં એક-એક ગરીબ માણસોને શોધી આ પેરામિટર્સમાં આવતા હશે તો જરૂરથી બીપીએલ યાદીમાં સમાવશે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ છેલ્લો પ્રશ્ન.

શ્રી શૈલેષ મ.પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ફળદુ સાહેબે રાજકીય રીતે *(xxx) તેમના સંબોધનમાં કહ્યું. શ્રી ફળદુ સાહેબની લાગણી હતી અને તેમણે * (xxx)રાજકીય લીધું કે, તમે કોંગ્રેસ સાથે ગરીબોની સરખામણી કરીને અત્યારે જે વાત કરી રહ્યા છો કે તે વખતે ૩૫ રૂપિયે પેટ્રોલ હતું અને અત્યારે ૭૫ રૂપિયે છે. મારી વાત સાંભળો. મારે એટલું જ જાણવું છે અને માનનીય મંત્રીશ્રી આને રાજકીય અવલોકનમાં ન લે. માનનીય પ્રવિણભાઇથી માંડીને માનનીય પુંજાભાઇએ પણ પ્રશ્ન કર્યો કે, વર્ષ ૨૦૧૧ના થયેલ સરવેને આધીન બીપીએલ યાદીમાં આવતા હોય તેમને આ યોજનાનો લાભ મળે છે. કોંગ્રેસની સરકાર હતી તે વખતે વર્ષ ૨૦૧૧માં સરવે કરાવીને તેના નોર્મ્સ મૂક્યા હતા. આજે ૨૦૨૦ની સાલ છે. તેમાં ઘણા બધા ફેરફાર કરવા પડે તે આપણે જોઇ શકીએ છીએ. બીપીએલ યાદીમાં આ ત્રણ તાલુકામાં માત્ર ૬૭ લોકો ઉમેરાયા. ઘણી વખત એવું થતું હોય છે કે, બીપીએલ કાર્ડ હોય પણ બીપીએલ યાદીમાં તેમનું નામ હોતું નથી એટલે તેમને આ લાભ મળતા નથી. માટે રાજકીય હેતુસર નહીં પણ ગરીબની વાત છે, પ્રધાનમંત્રી આવાસ યોજનાના માનનીય લલીતભાઇએ વખાણ કર્યા છે. ત્યારે વર્ષ ૨૦૧૧માં જે સરવે થયો છે તે સરવેનો ફરીથી રીસરવે કરવામાં આવે તો સાચા ગરીબો છે તેને તેનો લાભ મળી જાય. ઘણી વખત બીપીએલની અંદર....

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન તો આવી જ ગયો. હવે આ પ્રશ્નકાળ છે માનનીય શૈલેશભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોને બીપીએલ કાર્ડની જરૂર નથી તેવા લોકો પાસે પણ આવા કાર્ડ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ આપનો પ્રશ્ન આવી ગયો છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની ચર્ચા થઇ રહી છે એટલે ઉભો થયો છું. પ્રશ્ન બે ભાગમાં છે એક તો જે લોકો બી.પી.એલ. છે અને એને વર્ષ ૨૦૧૧ની યાદીમાં ન હોવાથી આવાસ મળતું નથી એને અપગ્રેડ કરવા માગો છો કે નહીં? અને બીજો પ્રશ્ન એ છે કે બી.પી.એલ.માં સમાવેશ થયા વગર જે લોકો રહી ગયા છે એનો તમે બી.પી.એલ.માં સમાવેશ કરવા માગો છો કે નહીં? આ બંને વાત આપણી ચર્ચામાં છે. સરકાર પહેલા પ્રશ્નના સંદર્ભમાં એવું કહેવા માગે છે કે, યુ.પી.એ.ની સરકાર વખતે, હું રાજકીય રીતે નથી કહેતો પણ ત્યારે બી.પી.એલ.માં પણ એના ક્રાઇટએરીયા નક્કી કર્યા હતા કે વર્ષ ૨૦૧૧ની આખરી યાદી પ્રસિદ્ધ થઇ એના જે ગ્રેડેશન એટલે ૦ થી ૬, ૬ થી ૧૨, ૧૨ થી ૧૮ એ ગ્રેડમાં જે આવતા હોય એને પહેલા આવાસ આપવા અને એના સંદર્ભમાં અત્યારે વર્ષ ૨૦૧૧ની જે યાદી આખરી થઇ એને આપણે આપી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૧ની યાદી વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂરી થશે અને ત્યાર પછી જે રહી ગયા છે, દાખલા તરીકે શૌચાલય તો આપણે અત્યારે પહેલા વર્ષ ૨૦૧૧ સુધીની યાદીને શૌચાલયો આપ્યા. હવે આ વખતે બીજા ૨.૫૦ લાખ શૌચાલયો આપવાના છીએ જેના નામ યાદીમાં પણ નથી અને શૌચાલય પણ નથી એને આપણે આપી રહ્યા છીએ. અત્યારે માત્ર પહેલી પ્રાયોરીટી વર્ષ ૨૦૧૧ની યાદીને અપાઇ રહી છે એ યાદી પૂરી થશે પછી એમાં રહી ગયા હશે એને આપવામાં આવશે. બી.પી.એલ.ની જે વાત છે, બી.પી.એલ.ના નોર્મ્સ એ કેન્દ્ર સરકારે નક્કી કર્યા છે એ નોર્મ્સ મુજબ બી.પી.એલ. અથવા અંત્યોદય કાર્ડ જેને મળતું હશે એને આપીશું. પરંતુ આપણે બધા માનીએ છીએ કે ઘણાં લોકો બી.પી.એલ.માં હોય ન હોય પણ ગરીબ હોય તો એની પણ ચિંતા આપણે બધાએ કરવાની આવશ્યકતા છે અને રાજય સરકાર અગ્રતાના ધોરણે પ્રાયોરીટી આપીને પેલી યાદી ખતમ કરી અને પછી રહી ગયા હશે એનો ભવિષ્યમાં ચોક્કસ વિચાર કરશે.

### ભરૂચ જિલ્લામાં કેળ પાકના વાવેતરમાં સહાય માટે મળેલ અરજીઓ

*૨૫૮૦૬ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેળ (ટીસ્યુ) પાકના વાવેતરમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬૦૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૧૭૧ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) રૂ.૩,૧૮,૭૭,૬૯૭/- |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, કેળ ટીસ્યુ કલ્ચરના સહાયના ધોરણો શું શું છે તે જણાવશો.

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કેળ ટીસ્યુ કલ્ચરના ધોરણો શું શું છે એવો પ્રશ્ન કર્યો છે તો એમાં કેળ ટીસ્યુ કલ્ચર એની યુનિટ કોસ્ટ રૂપિયા ૧.૨૫૦૦૦ પ્રતિ હેકટર છે એમાં સામાન્ય વિસ્તાર માટે ખર્ચના ૪૦ ટકા મુજબ મહત્તમ રૂપિયા ૫૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય મળવાપાત્ર છે. આમાં સામાન્ય ખેડૂતને ખર્ચના ૧૫ ટકા મુજબ રૂપિયા ૧૮૭૫૦ પ્રતિ હેકટર પૂરક સહાય અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતને ખર્ચના ૨૫ ટકા મુજબ મહત્તમ રૂપિયા ૩૧૨૫૦ પ્રતિ હેકટર પૂરક સહાય મળવાપાત્ર છે. આમ સામાન્ય જાતિના ખેડૂત હોય તો રૂપિયા ૬૮૭૫૦ પ્રતિ હેકટર અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂત હોય તો રૂપિયા ૮૧૨૫૦ પ્રતિ હેકટર સહાય મળવાપાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ સબ પ્લાન વિસ્તાર માટે ખર્ચના ૫૦ ટકા મહત્તમ રૂપિયા ૬૨૫૦૦ પ્રતિ હેકટર આમાં સામાન્ય ખેડૂતને ખર્ચના ૧૫ ટકા લેખે રૂપિયા ૧૮૭૫૦ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતને ખર્ચના ૨૫ ટકા મુજબ રૂપિયા ૩૧૨૫૦ પ્રતિ હેકટર પૂરક સહાય પણ મળવાપાત્ર છે. આમ ટ્રાયબલ સબ પ્લાનમાં સામાન્ય જાતિના ખેડૂતને રૂપિયા ૮૧૨૫૦ પ્રતિ હેકટર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતને રૂપિયા ૯૩૭૫૦ પ્રતિ હેકટર સહાય મળવાપાત્ર છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં ટીસ્યુ કલ્ચર માટે સામાન્ય ખેડૂતોને સહાય મળે છે કે અનુસૂચિત જાતિ-જનજાતિના બધા જ ખેડૂતોને લાભ મળે છે? જો હા, તો તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ મહિલા અરજદારોને કેટલાને લાભ આપ્યો અને, કેટલા નાના સીમાંત ખેડૂત તેમજ અન્ય ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે, આમાં મારા જવાબની અંદર મેં બતાવ્યું છે કે, ૧૧૭૧ જેટલી અરજીઓ મંજૂર કરી છે, આ ૧૧૭૧ અરજીમાં નાના સિમાંત ખેડૂત ૫૨૪ છે, અન્ય ખેડૂત ૬૪૭ છે. અનુસૂચિત જાતિના ખેડૂત ૨૧ અને અનુસૂચિત જનજાતિના ખેડૂત ૧૨૦ અને મહિલા ખેડૂત ૧૮૯, આમ આખા જિલ્લાની અંદર આ રીતે લાભ આપવામાં આવ્યો છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે પુછવા માગું છું કે, ઝગડિયા, વાલીયા અને નેત્રંગની અંદર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને જે કેળના ટીસ્યુ કલ્ચર આપવાની વાત છે એમને પાણી માટે ટપક સિંચાઇ પદ્ધતિ માટેની સહાય આપવામાં આવે છે કે નહિ અને બીજો પ્રશ્ન એ છે કે, જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો છે એમને ગોડાઉન – જેને કોલ્ડ સ્ટૉરેજ કહે છે એના માટે સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બે વાત કરી એક ટપક સિંચાઇની, ટપક સિંચાઇ માટે સરકારની જી.જી.આર.સી. આ કામ કરે છે આજનો પ્રશ્ન છે રોપાનો છે એટલે એ સ્કોપની બહાર છે પણ સરકાર એના માટે પણ સહાય કરે છે અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકો માટે એમાં સહાયના ધોરણો વધારે છે. એમણે જે ઝગડિયાની વાત કરી છે એમાં અનુસૂચિત જાતિના જે ખેડૂતોને સહાય આપી એની સંખ્યા ૨૦ છે અને સહાય રૂપિયા ૫,૯૩,૭૬૭ ચૂકવી છે, અનુસૂચિત જનજાતિના ખેડૂતો ૧૧૧ છે અને સહાય રૂપિયા ૩૪,૫૬,૦૧૮ ચૂકવી છે, મહિલા ખેડૂતો ૧૬૭ છે એમાં રૂપિયા ૩૧,૫૩,૩૯૪ની સહાય ચૂકવી છે. એમણે વાલીયાનું પુછ્યું એમાં અનુસૂચિત જનજાતિના ૪ ખેડૂતોને રૂપિયા ૧,૬૨,૯૩૮ની સહાય ચૂકવી છે અને મહિલા ૩ ખેડૂતોને રૂપિયા ૧,૦૨,૬૩૭ની સહાય ચૂકવી છે આમ ત્યાં આગળ નાના ૯ ખેડૂતોને રૂપિયા ૨,૪૮,૦૪૮ની સહાય ચૂકવી છે અને અન્ય ૫૩ ખેડૂતોને રૂપિયા ૧૬,૭૦,૯૭૨ની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં કેળ ટીસ્યુ કલ્ચર માટેની ૧૧૭૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તો એમાં કેટલા હેકટરમાં કેળનું વાવેતર કરવામાં આવ્યું અને કેટલા ટન કેળાનું ઉત્પાદન થયું એ જણાવવા માનનીય મંત્રીશ્રી કૃપા કરે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી કે ભરૂચ જિલ્લામાં કેળ ટીસ્યુ કલ્ચર હેઠળ પાકનો વાવેતર વિસ્તાર કેટલો તો એમાં અંકલેશ્વરમાં વાવેતર વિસ્તાર ૨૮૪૦ હેક્ટર અને ઉત્પાદન ૨,૦૭,૩૨૦ મે.ટન છે. જંબુસરમાં વાવેતર વિસ્તાર ૩ હેક્ટર અને એનું ઉત્પાદન ૨૧૯ મે.ટન, ઝગડિયામાં વાવેતર વિસ્તાર ૮૦૮૧ હેક્ટર અને એનું ઉત્પાદન ૫,૮૯,૯૧૩ મે.ટન, નેત્રંગમાં વાવેતર વિસ્તાર ૨૫૯ હેક્ટર અને ઉત્પાદન ૧૮,૯૦૭ મે.ટન, ભરૂચમાં વાવેતર વિસ્તાર ૭૪૭ હેક્ટર અને ઉત્પાદન ૫૪,૫૩૧ મે.ટન, વાલીયામાં વાવેતર વિસ્તાર ૩૬૯ હેક્ટર અને ઉત્પાદન ૨૬,૯૩૭ મે.ટન, હાંસોટમાં વાવેતર વિસ્તાર ૪ હેક્ટર અને ઉત્પાદન ૨૯૨ મે.ટન છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ જોવા જઇએ તો વાવેતર વિસ્તાર ૧૨૩૦૩ હેક્ટર છે અને ઉત્પાદન ૮,૯૮,૧૧૯ મે.ટન જેટલું છે એટલે એ રીતે કુલ ઉત્પાદન છે.

### અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો

*૨૮૪૧૧ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા | (૧) શૂન્ય, ગ્રામ્ય કક્ષાએ રમતગમતના મેદાનો બનાવવા અંગેની યોજના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક |

ગામોમાં રમત ગમતના મેદાન બનાવવામાં આવ્યા, અને પ્રવૃત્તિઓ વિભાગમાં અમલમાં નથી.

(૨) હાલ ઉપરોક્ત જિલ્લાઓના કેટલા ગામોમાં રમત ગમતના મેદાન નથી? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શું ગ્રામીણ ગુજરાતના યુવાનોને ઓલિમ્પિકનો મેડલ જીતવાનો અધિકાર નથી ? મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે યુવા રમત– ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રાલયમાં એવી કોઇ જ યોજના નથી ચાલતી કે રમત–ગમતના મેદાનો ગ્રામ્ય કક્ષાએ ઉભા કરવામાં આવે. આપણે ખેલ મહાકુંભની પ્રચંડ જાહેરાતો કરીએ છીએ અને રમત–ગમતના મેદાનો જો ગ્રામ્ય કક્ષાએ ના હોય તો કયાંથી રમશે ગુજરાત ? એટલે સવાલ એટલો જ છે કે, આજની તારીખે યોજના નથી કશો વાંધો નહીં આગળ ઉપર શું તાલુકા અને જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સંકુલો કે રમત–ગમતના મેદાનો ઉભા કરવાનું કોઇ આયોજન છે કે કેમ ?

અધ્યક્ષશ્રી : જિલ્લા કક્ષાએ તો છે જ તાલુકા કક્ષાનું પૂછો (અંતરાય) કોઇક જગ્યાએ નહીં હોય પણ મને ખ્યાલ છે (અંતરાય) ના, ના મારી વાત પણ ખોટી હોય તો ચેલેન્જ થાય.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રમત–ગમત વિભાગની જો વાત કરું અને આપશ્રી મારા અગાઉના વર્ષોની અંદર આ વિભાગના મંત્રી તરીકે રહી ચૂકયા છો. હું આ ગૃહ સમક્ષ એક વાત કરવા માગું છું કે, વર્ષ ૧૯૯૦ સુધી આ રમત–ગમત વિભાગ એ શિક્ષણ વિભાગની સાથે જોઇન્ટ હતો એ છૂટ્ટો પડયા પછી વર્ષ ૧૯૯૩–૯૪ની અંદર ૮ કરોડ ૭૨ લાખ રૂપિયાની આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી. વર્ષ ૧૯૯૪–૯૫માં રૂપિયા ૯ કરોડ અને ૧૪ લાખની જોગવાઇ કરવામાં આવી. મને કહેતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર રૂપિયા ૫૭૯ કરોડનું આ બજેટ વિભાગ તરફથી કરવામાં આવ્યુ છે. આ વર્ષ ૨૦૧૦ પહેલાં આપણા આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેલ મહાકુંભની શરૂઆત કરી. આને લઇને જે પ્રકારે તેની અંદર શકિત પડેલી હતી તેને બહાર લાવવાનું કામ આ રાજય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેલમહાકુંભ થકી આપણે જોયું છે કે, કુ.સરીતા ગાયકવાડ, કુ.અંકિતા રૈના, હરમીત દેસાઇ, માનવ ઠક્કર, મુરલી ગાવિત આવા અનેક ખેલાડીઓ કે જેઓએ ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ ગ્રામ્ય કક્ષાના અને છેવાડાના વિસ્તારની દીકરી આપણી સરીતા ગાયકવાડ અને મુરલી ગાવિત આ બેએ આજે જે કામ કર્યું છે તે સમગ્ર દુનિયાની અંદર આ એશિયન ગેમના ૪૫ દિવસની જે હરીફાઇ ચાલે છે તે હરીફાઇની અંદર આ દુનિયાના દેશોની અંદર આ નામ રોશન કરનારી આ દીકરી છે એનું કારણ એ જ છે કે આ ખેલ મહાકુંભને લઇને આ દીકરી–દીકરાઓ આજે ખૂબ આગળ વધ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બીજો જે પ્રશ્ન છે કે, હવે પછીનું આયોજન છે કે કેમ ? અત્યારે આ જિલ્લા કક્ષાની વાત કરીએ ત્યારે જિલ્લા કક્ષાની અંદર ૧૮ જિલ્લાઓની અંદર ૨૧ જેટલા મેદાનો બની ચૂકયા છે એ જ રીતે જે ઇ–સ્કૂલો છે તે ઇ–સ્કૂલોની અંદર પણ ૧ લાખ ૪૭ હજાર ખેલાડીઓ લાભ લઇ રહ્યા છે અને ૪૦ જેટલી જિલ્લા લેવલની સ્પોર્ટ્સ સ્કૂલની અંદર પણ ૫૫૦૦ ખેલાડીઓ લાભ લઈ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ચાલુ વર્ષે આ ૨૦૨૦–૨૧ના બજેટની અંદર ગ્રામ્ય કક્ષાએ રમત–ગમતના મેદાન બનાવવા માટે સ્પોર્ટ્સ ફોર ઓલ આ યોજના અંતર્ગત રૂપિયા ૩૧૦ લાખની જોગવાઇ પણ કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે ફૂટબોલ અથવા તો બાસ્કેટબોલ, વોલીબોલ, ખો–ખો, એથ્લેટીક ટ્રેક અથવા કબ્બડી આમ, આ પૈકી કોઇ એક એવા ૫૦૦ ગામોની અંદર આવું આયોજન કરવામાં આવ્યું છે અને રૂપિયા ૩૧૦ લાખની જોગવાઇ કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇનો જે પ્રશ્ન છે (અંતરાય) પ્લીઝ, કાં તમે અહીંયા આવી જાવ એવું કરો, તેમનો છેલ્લો પ્રશ્ન કે તાલુકા કક્ષાએ કરવા માગો છો કે કેમ? તો ભવિષ્યની વાત હોય તો તેમાં તમારે જે કહેવું હોય તે કહો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં સ્ટેપ બાય સ્ટેપ આગળ વધીને રાજયના તમામ ગામોની અંદર આ યોજનાનો લાભ મળે તે પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેલેગા ગુજરાત, જીતેગા ગુજરાત મગર મૈદાન હી નહીં હોંગા તો કહાં ખેલેગા ગુજરાત? બનાસકાંઠાના દરેક તાલુકા મથકે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવા માગો છો કે કેમ ?

અધ્યક્ષશ્રી : આપના પ્રશ્નનો જવાબ તેમના જવાબમાં જ સામેલ છે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય સરકાર દ્વારા કેટલા ગામોમાં કઇ રમતો માટે મેદાન બનાવવા માટે માળખાકીય સુવિધા ઉભી કરનાર છે ? અને આ મેદાનની દેખરેખ તથા સંચાલનની કામગીરી કઇ રીતે કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કચ્છ જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત

૨૬૪૮૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના કયા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૩) તે પૈકી ઉક્ત પ્રવાસન સ્થળવાર કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના કોઇ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બોટાદ અને ભરૂચ જિલ્લામાં કૃષિ સહાય માટે ઓનલાઈન અરજીઓ

૨૬૫૯૫ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯માં સરકારે જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા બોટાદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોએ ઓનલાઇન અરજીઓ કરી,

(૨) ઉક્ત ઓનલાઇન અરજીઓ કરતી વખતે સર્વર વારંવાર ડાઉન થવાના કારણે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લાના ૬૦૪૮૪ અને ભરૂચ જિલ્લાના ૩૪૭૮૩ ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરી.

(૨) ઓનલાઈન અરજીઓ કરતી વખતે ખેડૂતોને પડતી મુશ્કેલીઓનું સમયસર નિરાકરણ લાવી કામગીરી પૂર્ણ કરેલ છે.

(૩) બોટાદ જિલ્લામાં રૂ.૨૫૯૧.૪૬ લાખ અને ભરૂચ જિલ્લામાં રૂ.૧૧૫૧.૧૮ લાખ રકમની સહાય ચૂકવવામાં આવી તેમજ બાકી રહેતા પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

### સુરત જિલ્લામાં મીનીમલ પ્રોસેસિંગ એકમ સ્થાપવા માટે મળેલ અરજીઓ

૨૫૭૯૩ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં મીનીમલ પ્રોસેસિંગ એકમ સ્થાપવા માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૧

(૨) ૦૧

(૩) સહાય ચુકવવાની કાર્યવાહી ચાલુ છે.

### તાપી અને નવસારી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ

૨૬૬૪૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

**ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મળેલ રકમ**

**રકમ રૂપિયા લાખમાં**

| ક્રમ | વિગત | તા.૦૧–૦૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | માલસમાન અને મજૂરીની મળેલ | ૧૦૦૦૩૬.૭૧ | ૯૩૩૦૯.૫૩ | ૧૯૩૩૪૬.૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | કુલ રકમ | | | |

(૨) તે પૈકી તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની રકમ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જિલ્લાવાર રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. તે પૈકી તાપી અને નવસારી જિલ્લામાં ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ નીચે મુજબ છે.

| ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ (રૂપિયા લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
| ૧ | તાપી | ૫૯૬૩.૬૯ | ૩૫૪૫.૬૩ | ૯૫૦૯.૩૨ |
| ૨ | નવસારી | ૨૯૮૮.૨૮ | ૨૮૯૭.૫૧ | ૫૮૮૫.૭૯ |

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી થઈ ?

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઊભી થઈ.

| માનવદિન રોજગારી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
| ૧ | તાપી | ૨૦,૯૧,૬૬૩ | ૧૦,૩૯,૧૬૭ | ૩૧,૩૦,૮૩૦ |
| ૨ | નવસારી | ૧૧,૫૩,૫૯૬ | ૧૦,૨૪,૩૨૭ | ૨૧,૭૭,૯૨૩ |

---------

**વલસાડ જિલ્લામાં પાવરટીલર માટે મળેલ અરજીઓ**

૨૫૮૧૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ૮ બીએચપીથી વધુ ક્ષમતાના પાવરટીલર માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૮૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૨૫ |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪,૪૩,૬૮,૦૦૦/- |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત**

૨૬૫૮૭ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કયા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કોઈ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પ્રવાસન સ્થળવાર કઈ સુવિધાઓ ઉભી કરવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે કયાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે મળેલ અરજીઓ**

૨૫૭૮૬ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૫ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૧૮,૨૫,૧૦,૦૦૦/- |

ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મંજૂર થયેલ આવાસો**

૨૫૯૦૭ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦માં કેટલા આવાસો બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે, | (૧) બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦ માં **૧૧૬** આવાસો બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ કેટલા આવાસો મંજૂર થયા છે, અને | (૨) તે પૈકી તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ **૮૪** આવાસો મંજૂર થયા છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે ? | (૩) તે પૈકી **૫૭** આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત**

૨૬૫૬૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કોઈ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પ્રવાસન સ્થળવાર કઈ સુવિધાઓ ઉભી કરવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની યોજના માટે મળેલ અરજીઓ**

૨૫૭૯૨ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજમાં સોલર પેનલ સ્થાપવા માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૦૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૪ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ. ૫૬,૬૭,૧૩૫/– |

---------

**ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ**

૨૫૭૯૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૪૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૮૨ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૨,૦૯,૭૪,૪૫૧/– |

**વડોદરા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરિટી મિશન ડાંગર યોજના**

૨૫૮૨૭ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરિટી મિશન ડાંગર યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૨૬૪.૭૫ કિવન્ટલ |
| (૨) તે પૈકી કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી? | (૨) રૂા. ૨૧,૮૦,૪૨૦ |

તા.૧૩મી માર્ચ,૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં મીનીમલ પ્રોસેસિંગ એકમ સ્થાપવા માટે મળેલ અરજીઓ**

૨૫૭૯૪ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં મીનીમલ પ્રોસેસિંગ એકમ સ્થાપવા માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૦૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૧ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) સહાય ચુકવવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ**

૨૫૭૯૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૪૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૮૨ |

**મહીસાગર અને ડાંગ જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત**

૨૬૬૧૯ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કોઈ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પ્રવાસન સ્થળવાર કઈ સુવિધાઓ ઉભી કરવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ**

૨૫૭૯૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૫૩ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૧,૯૨,૪૨,૫૧૦/– |

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં વ્યાપારી એકમો સામે કેસો**

૨૬૬૧૭ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહિસાગર જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપારી એકમો સામે કેસો કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહિસાગર જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબ વ્યાપારી એકમો સામે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી. |

| જિલ્લો | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ખેડા | ૫ | ૧૧ |
| મહિસાગર | ૦ | ૧ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યાપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ધી પેકેજડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ ઉપરોક્ત વ્યાપારી એકમો પાસેથી ખેડા જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૧૦,૦૦૦/- |
| ૨૦૧૯ | ૨૨,૦૦૦/- |
| **કુલ** | **૩૨,૦૦૦/-** |

તથા મહિસાગર જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૦ |
| ૨૦૧૯ | ૨,૦૦૦/- |
| **કુલ** | **૨,૦૦૦/-** |

ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી ?

(૩) શુન્ય.

---------

## બનાસકાંઠા જિલ્લામાં મંડળીઓએ નોટીસ પાઠવવા બાબત

૨૬૪૮૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સમાન હેતુવાળી એક ગામમાં એકથી વધુ મંડળીઓ રજિસ્ટર કરીને ખોટા ધિરાણ આપતી કેટલી મંડળીઓ રદ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી મંડળીઓને ઉક્ત બાબતે નોટીસ પાઠવવામાં આવેલ છે, અને

(૩) બાકી આવી મંડળીઓ સામે ક્યાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (ક) તા.૧/૧/૨૦૧૮ થી
તા.૩૧/૧૨/૨૦૧૮- (૦) શૂન્ય
(ખ) તા.૧/૧/૨૦૧૯ થી
તા.૩૧/૧૨/૨૦૧૯- (૦) શૂન્ય

(૨) શૂન્ય

(૩) હાલ આવી કોઈ બાબત ધ્યાન પર આવેલ ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ અને નર્મદા જિલ્લામાં કૃષિ સહાય માટે ઓનલાઈન અરજીઓ

૨૬૫૩૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯માં સરકારે જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા અમદાવાદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોએ ઓનલાઇન અરજીઓ કરી,

(૨) ઉક્ત ઓનલાઈન અરજીઓ કરતી વખતે સર્વર વારંવાર ડાઉન થવાના કારણે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે જિલ્લાવાર કેટલી રકમની સહાય ચુકવવામાં આવી અને બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ૧૦૯૭૧૩ અને નર્મદા જિલ્લાના ૨૯૬૭૨ ખેડૂતોએ ઓનલાઇન અરજીઓ કરી.

(૨) ઓનલાઈન અરજીઓ કરતી વખતે ખેડૂતોને પડતી મુશ્કેલીઓનું સમયસર નિરાકરણ લાવી કામગીરી પૂર્ણ કરેલ છે.

(૩) અમદાવાદ જિલ્લામાં રૂ.૩૬૬૫.૮૨ લાખ અને નર્મદા જિલ્લામાં રૂ.૧૧૩૪.૫૭ લાખ રકમની સહાય ચૂકવવામાં આવી તેમજ બાકી રહેતા પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

---------

તા.૧૩મી માર્ચ,૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**છોટા ઉદેપુર જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે મળેલ અરજીઓ**

૨૫૮૦૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૭૪૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૧૪ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૫૪,૦૮,૨૨૩/− |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વ્યાપારી એકમો સામે કેસો**

૨૬૪૯૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપરી એકમો સામે કેસો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબ વ્યાપારી એકમો સામે ધી પેકેજડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી.

| જિલ્લો | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| બનાસકાંઠા | ૯ | ૧૩ |
| કચ્છ | ૫ | ૧૧ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યાપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ધી પેકેજડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ ઉપરોક્ત વ્યાપારી એકમો પાસેથી બનાસકાંઠા જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૨૪,૦૦૦/− |
| ૨૦૧૯ | ૩૮,૦૦૦/− |
| **કુલ** | **૬૨,૦૦૦/−** |

તથા કચ્છ જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૧૦,૦૦૦/− |
| ૨૦૧૯ | ૨૬,૦૦૦/− |
| **કુલ** | **૩૬,૦૦૦/−** |

ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી ?

(૩) શુન્ય.

---------

**પંચમહાલ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો**

૨૫૮૨૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફુડ સિકિયોરિટી મિશન ઓઈલસીડ એન્ડ ઓઈલપામ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) ૧૫ |
| (૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, | (૨) ૪૫૦ ખેડૂતો |

અને

| | |
|---|---|
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૩,૫૯,૬૦૦/- |

---------

**ધાનેરા ખાતે મંજૂર કરેલ રમતગમતના મેદાન**

૨૬૪૯૨ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે રમત ગમતનું મેદાન ક્યારે મંજૂર થયેલ છે, | (૧) ધાનેરા ખાતે રમત ગમતનું મેદાન મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મેદાનમાં કઈ રમતો રમી શકાય તે માટે સાધનો વસાવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે મળેલ અરજીઓ**

૨૫૭૮૭ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૦૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૨ |
| (૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૧,૨૧,૦૦,૦૦૦/- |

---------

**દાહોદ જિલ્લામાં એપીએમસીમાં ચાલતા ગેરકાયદેસર કેટલ માર્કેટ**

૨૭૯૯૪ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં એપીએમસી સંચાલિત કેટલ માર્કેટ ચલાવવા પર તા.૧૫-૧૦-૨૦૧૬ના રોજ સરકારએ પ્રતિબંધ મૂકેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ, ઝાલોદ, લીમડી, લીમખેડા, ગરબાડા, જેસાવાડા, કતવારા, રાછરડા તથા દેવગઢ બારીયા ખાતે લાંબા સમયથી એપીએમસીમાં ગેરકાયદેસર કેટલ માર્કેટો ચાલી રહ્યા છે તેના શાં કારણો છે, | (૨) દાહોદ જિલ્લાના દાહોદ, ઝાલોદ, લીમડી, લીમખેડા, ગરબાડા, જેસાવાડા, કતવારા, રાછરડા તથા દેવગઢ બારીયા ખાતે સરકારશ્રીના જાહેરનામા અન્વયે કેટલ માર્કેટ બંધ છે. |
| (૩) સરકારના ઉક્ત આદેશ ભંગ બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત તમામ ગેરકાયદેસર કેટલ માર્કેટો ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે મળેલ અરજીઓ**

૨૫૮૦૦ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૬૮ |

(૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી? (૩) રૂ.૪૯,૩૬,૩૪૯/-

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ મહોત્સવનો ખર્ચ**

૨૫૮૨૪ **શ્રી પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ મહોત્સવના કેટલા કાર્યક્રમો થયા, | (૧) ૧૮ કાર્યક્રમ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીએ ભાગ લીધો, અને | (૨) ૨૨૯૪૮ લાભાર્થીઓ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ.૧,૦૯,૨૭,૪૮૦/- |

---------

**રાજ્યમાં મોટર વ્હીકલ એક્ટ અન્વયે દંડ વસૂલવાની રકમ**

૨૬૫૩૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં મોટર વ્હીકલ એક્ટ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ દંડ પેટે વસૂલવામાં આવી, અને

(૨) ઉક્ત વસૂલવામાં આવેલ રકમ બજેટના કયા હેડ હેઠળ જમા લેવામાં આવી?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ દંડ વસૂલ કરવામાં આવ્યો.

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | કુલ રકમ |
|---|---|---|
| રૂ.૩,૪૬,૪૨,૧૬,૦૪૧ | રૂ.૩,૪૦,૨૭,૮૨,૯૭૨ | રૂ.૬,૮૬,૬૯,૯૯,૦૧૩ |

(૨) ૦૦૪૧

---------

**દાહોદ જિલ્લામાં જિલ્લા મથકે રમત ગમતનું મેદાન ન હોવા બાબત**

૨૬૬૨૪ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લા મથકે રમતગમતનું મેદાન (સ્પોર્ટ્સ કોમ્પલેક્સ) નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે બનાવવામાં આવશે? | (૨) જમીન ઉપલબ્ધ થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લામાં ખેડૂતોને પાક વીમો ચૂકવવા બાબત**

૨૬૫૦૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં અનિયમિત અને કમોસમી વરસાદને કારણે પાક નુકસાની પેટે તાલુકાવાર કેટલા ખેડૂતોને ખરીફ-૨૦૧૯નો પાક વીમો ચૂકવવામાં આવ્યો,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ વિમા કંપની દ્વારા પાટણ જિલ્લામાં તાલુકાવાર દાવા ચુકવાયેલ ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાવાર | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| પાટણ | ૫ |
| રાધનપુર | ૯૯૮ |
| શંખેશ્વર | ૩૪૧ |
| સમી | ૬૫ |
| સાંતલપુર | ૮૧૭ |
| હારીજ | ૧૨૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને પાક વીમો ચૂકવવાનો બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ વિમા કંપની દ્વારા મંજૂર થયેલ દાવા ચૂકવવામાં આવેલ છે. |
| (૩) ક્યાં સુધીમાં તે ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**આણંદ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૨૬૦૦૦ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને | (૧) ૫૫,૦૬૫ |
| (૨) તે અન્વયે કેટલી આવક થઈ? | (૨) રૂ.૫૭.૭૫ કરોડ. |

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ મહોત્સવનો ખર્ચ**

૨૫૮૨૩ **શ્રી જગદીશભાઇ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ મહોત્સવના કેટલા કાર્યક્રમો થયા, | (૧) ૧૮ કાર્યક્રમ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીએ ભાગ લીધો, અને | (૨) ૨૨૯૪૮ લાભાર્થીઓ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ.૧,૦૯,૨૭,૪૮૦/- |

---------

**વડોદરા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન ડાંગર યોજના**

૨૫૮૨૯ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરિટી મિશન ડાંગર યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૨૬૪.૭૫ ક્વિન્ટલ |
| (૨) તે પૈકી કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂા.૨૧,૮૦,૪૨૦ |

---------

**નવસારી અને ડાંગ જિલ્લામાં વ્યાપારી એકમો સામે કેસો**

૨૬૬૫૧ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપારી એકમો સામે કેસો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબ વ્યાપારી એકમો સામે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી.

| જિલ્લો | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| નવસારી | ૭ | ૬ |
| ડાંગ | ૦ | ૨ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યાપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ ઉપરોક્ત વ્યાપારી એકમો પાસેથી

**નવસારી જિલ્લામાં**

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૧૪,૦૦૦/– |
| ૨૦૧૯ | ૧૨,૦૦૦/– |
| **કુલ** | ૨૬,૦૦૦/– |

તથા **ડાંગ જિલ્લામાં**

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૦ |
| ૨૦૧૯ | ૪,૦૦૦/– |
| **કુલ** | ૪,૦૦૦/– |

ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી?

(૩) શૂન્ય.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વ્યાપારી એકમો સામે કેસો**

૨૬૫૨૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપારી એકમો સામે કેસો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબ વ્યાપારી એકમો સામે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી.

| જિલ્લો | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| અમદાવાદ | ૪૩ | ૪૪ |
| ગાંધીનગર | ૩ | ૧૩ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યાપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ ઉપરોક્ત વ્યાપારી એકમો પાસેથી

**અમદાવાદ જિલ્લામાં**

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૧,૨૪,૦૦૦/– |
| ૨૦૧૯ | ૯૨,૦૦૦/– |
| **કુલ** | ૨,૧૬,૦૦૦/– |

તથા **ગાંધીનગર જિલ્લામાં**

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૧૨,૦૦૦/– |
| ૨૦૧૯ | ૪૦,૦૦૦/– |
| **કુલ** | ૫૨,૦૦૦/– |

ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી?

(૩) શૂન્ય.

---------

**અમદાવાદ જિલ્લામાં વિશ્વ યોગ દિનની ઉજવણીનો ખર્ચ**

૨૫૮૮૩ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વિશ્વ યોગ દિવસની ઉજવણી ક્યારથી કરવામાં આવે છે, | (૧) ૨૧, મી જૂન ૨૦૧૫થી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લા કક્ષાએ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૭.૫૦ લાખ |
| (૩) આ ઉજવણી દરમિયાન અમદાવાદ જિલ્લામાં કેટલા લોકોએ ભાગ લીધો? | (૩) ૨૩,૯૯,૫૦૦ |

---------

**ભાવનગર અને પંચમહાલ જિલ્લામાં કૃષિ સહાય માટે ઓનલાઈન અરજીઓ**

૨૬૫૯૩ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯માં સરકારે જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા ભાવનગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરી, | (૧) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લાના ૧૪૬૭૦૧ અને પંચમહાલ જિલ્લાના ૬૨૯૫૯ ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરી. |
| (૨) ઉક્ત ઓનલાઈન અરજીઓ કરતી વખતે સર્વર વારંવાર ડાઉન થવાના કારણે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારે શા પગલાં લીધાં, અને | (૨) ઓનલાઈન અરજીઓ કરતી વખતે ખેડૂતોને પડતી મુશ્કેલીઓનું સમયસર નિરાકરણ લાવી કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૩) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) ભાવનગર જિલ્લામાં રૂ.૨૩૯૫.૫૯ લાખ અને પંચમહાલ જિલ્લામાં રૂ.૨૫૩૫.૨૫ લાખ રકમની સહાય ચૂકવવામાં આવી તેમજ બાકી રહેતા પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે. |

---------

**કચ્છ જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય માટે મળેલ અરજીઓ**

૨૫૮૦૯ **શ્રીમતી માલતીબેન મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતરમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૪૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૨૧ |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩,૩૪,૮૪,૩૫૬/- |

---------

**વિજયનગર અને પોશીના ખાતે એસ.ટી. ડેપો બનાવવાની કામગીરી**

૨૬૫૧૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર અને પોશીના ખાતે એસ.ટી. ડેપો બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) વિજયનગર ડુંગરાળ વિસ્તાર હોવાથી એસ.ટી. ડેપો માટે અનુકૂળ જમીન પ્રાપ્ત કરવા માટે કલેક્ટરશ્રી, સાબરકાંઠા, હિંમતનગરના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. પોશીના ખાતે એસ.ટી. ડેપો બનાવવા જમીન ફાળવવા કલેક્ટરશ્રી, સાબરકાંઠા, હિંમતનગરને તા.૧૯-૧૦-૨૦૧૯ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૨) જમીન મેળવવાની પ્રક્રીયા પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ફાળવેલ રકમ**

૨૭૫૧૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૧૩મી માર્ચ,૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૧) પત્રક-૧ મુજબ

(૨) ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૨) પત્રક-૨ મુજબ

(૩) રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે?

(૩) કામગીરી પ્રગતિમાં હોવાથી, અરજદાર દ્વારા સાધનિક કાગળો રજૂ કરવાના બાકી હોઈ તથા તાંત્રિક કારણોસર.

**પત્રક-૧**

| તાલુકો | ફાળવેલ રકમ (રૂપિયામાં) | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ |
| સુત્રાપાડા | ૨,૭૧,૩૩,૮૬૦ | ૫૪,૦૬,૦૬૦ |
| વેરાવળ | ૧,૨૯,૯૪,૮૭૫ | ૧,૦૬,૦૮,૪૦૦ |
| ગીર-ગઢડા | ૭,૫૭,૩૩૦ | ૧૦,૦૨,૧૬૦ |
| કોડીનાર | ૧,૬૯,૦૫,૧૨૦ | ૪૬,૦૮,૫૩૦ |
| તાલાલા | ૫,૪૪,૫૦૦ | ૧,૦૬,૯૯,૯૯૦ |
| ઉના | ૧૫,૯૮,૦૮૫ | ૧૯,૧૮,૨૩૦ |

**પત્રક-૨**

| તાલુકો | વર્ષ ૨૦૧૮-૧૯ | | વર્ષ ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ | |
|---|---|---|---|---|
| | | | | રકમ રૂપિયામાં |
| | ખર્ચ | વણવપરાયેલ રકમ | ખર્ચ | વણવપરાયેલ રકમ |
| સુત્રાપાડા | ૨,૭૧,૩૨,૧૬૦ | ૧૭૦૦ | ૫૪,૦૬,૦૬૦ | ૦ |
| વેરાવળ | ૧,૨૯,૯૩,૧૭૫ | ૧૭૦૦ | ૭૪,૭૬,૪૦૦ | ૩૧,૩૨,૦૦૦ |
| ગીર-ગઢડા | ૭,૫૫,૭૩૦ | ૧૬૦૦ | ૯,૭૮,૧૬૦ | ૨૪,૦૦૦ |
| કોડીનાર | ૧,૬૯,૦૩,૪૨૦ | ૧૭૦૦ | ૪૫,૬૦,૫૩૦ | ૪૮,૦૦૦ |
| તાલાલા | ૫,૪૨,૯૦૦ | ૧૬૦૦ | ૬,૫૧,૯૯૦ | ૧,૦૦,૪૮,૦૦૦ |
| ઉના | ૧૫,૯૬,૩૮૫ | ૧૭૦૦ | ૧૮,૯૪,૨૩૦ | ૨૪,૦૦૦ |

---------

**ભરૂચ અને સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે મળેલ અરજીઓ**

૨૬૬૩૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ જિલ્લાવાર આવેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તા.૧/૧૨/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ | | તા.૧/૧૨/૧૯ થી તા.૩૧/૧૨/૧૯ | |
|---|---|---|---|---|
| | આવેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | આવેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ |
| ભરૂચ | ૨૮૭૮ | ૭૧૮ | ૨૨૧૭ | ૯૨૧ |
| સુરત | ૨૧૩૬ | ૯૦૧ | ૧૬૪૫ | ૧૧૫૫ |
| **કુલ** | **૫૦૧૪** | **૧૬૧૯** | **૩૮૬૨** | **૨૦૭૬** |

(૩) વર્ષવાર, જિલ્લાવાર અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

**ભરૂચ**

| ક્રમ | નામંજૂરીના કારણો | તા.૧/૧/૧૮ | તા.૧/૧/૧૯ |
|---|---|---|---|

| | | થી<br>તા.૩૧/૧૨/૧૮ | થી<br>તા.૩૧/૧૨/૧૯ |
|---|---|---|---|
| ૧ | લક્ષ્યાંક પૂર્ણ થવાથી | ૨૧૬૦ | ૧૨૯૬ |
| | **કુલ** | **૨૧૬૦** | **૧૨૯૬** |

**સુરત**

| ક્રમ | નામંજૂરીના કારણો | તા.૧/૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ | તા.૧/૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯ |
|---|---|---|---|
| ૧ | લક્ષ્યાંક પૂર્ણ થવાથી | ૧૦૯૩ | ૪૬૦ |
| ૨ | નિયત વય મર્યાદા કરતાં વધુ/ઓછી વય હોવાથી | ૧૫ | ૪ |
| ૩ | અગાઉ લાભ મેળવેલ હોવાથી | ૧૧૯ | ૧૮ |
| ૪ | નિયત આવક મર્યાદા કરતાં વધુ આવક હોવાથી | ૮ | ૮ |
| | **કુલ** | **૧૨૩૫** | **૪૯૦** |

---------

**ભાવનગર જિલ્લામાં કેળ પાકના વાવેતરમાં સહાય માટે મળેલ અરજીઓ**

૨૫૮૦૩ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેળ (ટીસ્યુ) પાકના વાવેતરમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૪૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૭૭ |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૨૩,૬૪,૭૩૯/- |

---------

**અમદાવાદ શહેરમાં શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૪૪૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ,

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરી અને કેટલી નામંજૂર કરવામાં આવેલ, અને

(૩) મંજૂર અરજીઓ પૈકી કેટલા લાભાર્થીઓને કેટલી બેંકે કેટલી રકમ ચૂકવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ અગાઉની પડતર સહિત **૧૨૬૩૨** અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ વર્ષવાર મંજૂર/નામંજૂર કરવામાં આવેલ છે.

| **વિગત** | **૧/૨/૧૮ થી ૩૧/૧/૧૯** | **૧/૨/૧૯ થી ૩૧/૧/૨૦૨૦** | **કુલ** |
|---|---|---|---|
| બેન્કો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૩૪૦૩ | ૩૨૧૫ | ૬૬૧૮ |
| બેન્કો દ્વારા નામંજૂર કરેલ અરજીઓ | ૪૩૧૩ | ૧૫૬૯ | ૫૮૮૨ |

(૩) મંજૂર અરજીઓ પૈકી કુલ ૬૬૧૮ લાભાર્થીઓને મુખ્ય ૧૮ તથા અન્ય નાગરિક બેંકોએ કુલ રૂ.૧૨૬૨૬.૦૪ લાખ ચૂકવ્યા.

---------

**સુરત જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે મળેલ અરજીઓ**

૨૫૮૩૮ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

તા.૧૩મી માર્ચ,૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, — (૧) ૨૯૪

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને — (૨) ૨૮૯

(૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ.૪૫,૫૭,૫૯૮/-

---------

**અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે મળેલ અરજીઓ**

૨૫૭૮૪ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, — (૧) ૦૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને — (૨) ૦૨

(૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ.૧,૨૧,૦૦,૦૦૦/-

---------

**સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ**

૨૬૫૪૧ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

**ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મળેલ રકમ** (રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વિગત | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | માલસમાન અને મજૂરીની મળેલ કુલ રકમ | ૧૦૦૦૩૬.૭૧ | ૯૩૩૦૯.૫૩ | ૧૯૩૩૪૬.૨૪ |

(૨) તે પૈકી સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની રકમ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જિલ્લાવાર રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. તે પૈકી સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ નીચે મુજબ છે.

**ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ** (રૂપિયા લાખમાં)

| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૪૩૨૬.૫૮ | ૩૭૦૫.૦૩ | ૮૦૩૧.૬૧ |
| ૨ | જૂનાગઢ | ૧૩૩૩.૪૫ | ૧૦૬૦.૨૭ | ૨૩૯૩.૭૨ |

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી થઈ?

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઊભી થઈ.

**માનવદિન રોજગારી**

| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૧૫,૨૭,૧૦૭ | ૧૨,૫૧,૯૬૮ | ૨૭,૭૯,૦૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | જૂનાગઢ | ૭,૦૨,૩૭૦ | ૫,૭૪,૬૮૦ | ૧૨,૭૭,૦૫૦ |

---------

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે મળેલ અરજીઓ**

૨૬૬૩૬ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ જિલ્લાવાર આવેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **તા.૧/૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮** | | **તા.૧/૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯** | |
|---|---|---|---|---|
| | **આવેલ અરજીઓ** | **મંજૂર કરેલ અરજીઓ** | **આવેલ અરજીઓ** | **મંજૂર કરેલ અરજીઓ** |
| નર્મદા | ૩૭૦૩ | ૪૬૮ | ૭૬૮ | ૬૦૦ |
| છોટાઉદેપુર | ૨૩૧૦ | ૫૩૪ | ૨૦૬૩ | ૬૮૫ |
| **કુલ** | **૬૦૧૩** | **૧૦૦૨** | **૨૮૩૧** | **૧૨૮૫** |

(૩) વર્ષવાર, જિલ્લાવાર અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

| **ક્રમ** | **નામંજૂરીના કારણો** | **તા.૧/૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮** | **તા.૧/૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯** |
|---|---|---|---|
| ૧ | લક્ષ્યાંક પૂર્ણ થવાથી | ૨૧૪૫ | ૯૨ |
| ૨ | પ્રોજેક્ટ પ્રોફાઈલમાં કીટ રદ થવાને કારણે | ૯૭૬ | ૩૮ |
| ૩ | અગાઉ લાભ મેળવેલ હોવાથી | ૭૬ | ૨૬ |
| ૪ | અરજદારની ઉંમર વધુ/ ઓછી હોવાથી | ૩૮ | ૧૨ |
| | **કુલ** | **૩૨૩૫** | **૧૬૮** |

**છોટાઉદેપુર**

| **ક્રમ** | **નામંજૂરીના કારણો** | **તા.૧/૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮** | **તા.૧/૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯** |
|---|---|---|---|
| ૧ | લક્ષ્યાંક પૂર્ણ થવાથી | ૨૬૧ | ૧૩૩૬ |
| ૨ | પ્રોજેક્ટ પ્રોફાઈલમાં કીટ રદ થવાને કારણે | ૩૭ | ૨૮ |
| ૩ | અરજદારની ઉંમર વધુ/ ઓછી હોવાથી | ૨૫ | ૧૪ |
| | **કુલ** | **૩૨૩** | **૧૩૭૮** |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કૃષિ સહાય માટે ઓનલાઈન અરજીઓ**

૨૬૪૯૯ **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ-૨૦૧૯માં સરકારે જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરી,

(૨) ઉક્ત ઓનલાઈન અરજીઓ કરતી વખતે સર્વર વારંવાર ડાઉન થવાના કારણે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારે શાં પગલાં લીધાં, અને

(૩) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ૨૭૨૧૮૬ અને કચ્છ જિલ્લાના ૧૨૫૩૭૩ ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરી.

(૨) ઓનલાઈન અરજીઓ કરતી વખતે ખેડૂતોને પડતી મુશ્કેલીઓનું સમયસર નિરાકરણ લાવી કામગીરી પૂર્ણ કરેલ છે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં રૂ.૫૩૫૫.૭૮ લાખ અને કચ્છ જિલ્લામાં રૂ.૧૮૩૫.૭૭ લાખ રકમની સહાય ચૂકવવામાં આવી તેમજ બાકી રહેતા પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

તા.૧૩મી માર્ચ,૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય માટે મળેલ અરજીઓ**

૨૫૮૦૮ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતરમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૪૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૨૧ |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩,૩૪,૮૪,૩૫૬/- |

---------

**કચ્છ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૨૫૮૫૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૮૦૯૨૮.૯૭૪ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૧૯થી ડિસેમ્બર-૨૦૧૯ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યકિત દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**વલસાડ અને સુરત જિલ્લામાં હોટલોએ સબસિડી મેળવવાની અરજીઓ**

૨૬૬૫૪ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રવાસનને વેગ મળે તે માટે વલસાડ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી હોટલોએ સબસિડી મેળવવા અરજીઓ કરી,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી ક્યા કારણોસર નામંજૂર કરી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ-૨૦૧૮ | વર્ષ-૨૦૧૯ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૯ | ૧ |
| ૨ | સુરત | ૧૪ | ૨ |

(૨) વલસાડ જિલ્લામાં મળેલ ૧૦ અરજીઓ પૈકી કોઈ અરજી મંજૂર/નામંજૂર કરેલ નથી. સુરત જિલ્લામાં મળેલ કુલ ૧૬ અરજીઓ પૈકી ૪ અરજીઓ મંજૂર કરેલ છે, જ્યારે ૧૨ અરજીઓ નિર્ણય માટે પડતર છે.

(૩)

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ | નિકાલ અંગેની સમયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૦ | ખુટતી વિગતોની પૂર્તતા મળ્યેથી, જરૂરી ચકાસણી કરી પડતર અરજીઓનો |
| ૨ | સુરત | ૧૨ | |

---------

અતારાંકિત પ્રશ્નો

**ગીર સોમનાથ જિલ્લાના મત્સ્યબંદર સુત્રાપાડાના વિકાસ માટે કરેલ ખર્ચ**

૨૬૫૭૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં મત્સ્યબંદર સુત્રાપાડાના વિકાસ માટે ક્યા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ક્યા કામો પૂર્ણ થયા અને ક્યા કામો બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલી બનતી ત્વરાએ અંદાજિત રૂ.૨૩૨.૦૦ કરોડના ખર્ચે. |

---------

**ગીર સોમનાથ જિલ્લાના મત્સ્યબંદર નવાબંદરના વિકાસ માટે કરેલ ખર્ચ**

૨૬૫૭૯ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના મત્સય બંદર નવાબંદરના વિકાસ માટે કયા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા કામો પૂર્ણ થયા અને કયા કામો બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૩) શક્ય તેટલી બનતી ત્વરાએ અંદાજિત રૂ.૨૯૫.૮૫ કરોડના ખર્ચે. |

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ મહોત્સવનો ખર્ચ**

૨૫૮૨૨ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ મહોત્સવના કેટલા કાર્યક્રમો થયા, | (૧) ૧૮ કાર્યક્રમ. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીએ ભાગ લીધો, અને | (૨) ૨૨૯૪૮ લાભાર્થીઓ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ.૧,૦૯,૨૭,૪૮૦/– |

---------

**મહિસાગર જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરીઝ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય**

૨૫૯૧૩ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત લેફ્ટ આઉટ બેનિફિશરીઝના તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત લેફ્ટ આઉટ બેનિફિશરીઝના તાલુકાવાર કુલ ૧૧૧૨૩ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય નીચે મુજબ બનાવવામાં આવ્યા. |

**(સંખ્યામાં)**

| ક્રમ | તાલુકાનું નામ | ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૯૮૨ |
| ૨ | કડાણા | ૧૪૦૯ |
| ૩ | ખાનપુર | ૧૫૫૪ |
| ૪ | લુણાવાડા | ૨૪૯૦ |

| | | |
|---|---|---|
| ૫ | સંતરામપુર | ૧૭૪૧ |
| ૬ | વિરપુર | ૧૯૪૭ |
| | **કુલ** | **૧૧૧૨૩** |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ રૂા.૧૩૩૪.૭૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનેલ વ્યક્તિગત શૌચાલયનો ખર્ચ** |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૨૩૭.૮૪ |
| ૨ | કડાણા | ૧૬૯.૦૮ |
| ૩ | ખાનપુર | ૧૮૬.૪૮ |
| ૪ | લુણાવાડા | ૨૯૮.૮૦ |
| ૫ | સંતરામપુર | ૨૦૮.૯૨ |
| ૬ | વિરપુર | ૨૩૩.૬૪ |
| | **કુલ** | **૧૩૩૪.૭૬** |

---------

## પાલનપુર તાલુકામાં કમોસમી વરસાદથી ખેતીને નુકસાન

૨૭૯૯૯ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૬-૧૦-૨૦૧૯ થી તા.૧૫-૧૧-૨૦૧૯ દરમ્યાન થયેલ કમોસમી વરસાદથી બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં ખેતીના પાકોમાં નુકસાન થયેલ હતું તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૧) હા,

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત તાલુકામાં ખાનગી વીમા કંપની દ્વારા પાકવાર કુલ કેટલી રકમનું લણણી અને કાપણી સમયનું વીમા વળતર ચૂકવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં વિમા કંપની દ્વારા કોઇ દાવા ચૂકવવામાં આવેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શાં છે?

(૩) વહીવટી કારણોસર

---------

## ખેડા અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ

૨૬૬૧૪ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

**ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મળેલ રકમ**

**રકમ રૂપિયા લાખમાં**

| **ક્રમ** | **વિગત** | **તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮** | **તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | માલસમાન અને મજૂરીની મળેલ કુલ રકમ | ૧૦૦૦૩૬.૭૧ | ૯૩૩૦૯.૫૩ | ૧૯૩૩૪૬.૨૪ |

(૨) તે પૈકી ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) રાજ્ય કક્ષાએથી કોઇપણ પ્રકારની રકમ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જિલ્લાવાર રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. તે પૈકી ખેડા અને પંચમહાલ જિલ્લામાં ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ નીચે મુજબ છે.

**ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થયેલ રકમ (રૂપિયા**

| લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
| ૧ | ખેડા | ૩૩૭૮.૧૨ | ૧૧૫૫.૪૦ | ૪૫૩૩.૫૨ |
| ૨ | પંચમહાલ | ૧૧૯૨૫.૮૫ | ૯૦૭૯.૭૨ | ૨૧૦૦૫.૫૭ |

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી થઈ?

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઊભી થઈ.

| માનવદિન રોજગારી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | કુલ |
| ૧ | ખેડા | ૯,૨૧,૪૮૪ | ૪,૧૮,૭૩૯ | ૧૩,૪૦,૨૨૩ |
| ૨ | પંચમહાલ | ૩૭,૯૮,૭૨૯ | ૩૦,૩૩,૦૯૧ | ૬૮,૩૧,૮૨૦ |

---------

## સુરત જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે મળેલ અરજીઓ

૨૫૮૩૭ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી,

(૧) ૨૯૪

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૨૮૯

(૩) તેમાં કેટલી સહાય ચુકવવામાં આવી?

(૩) રૂ.૪૫,૫૭,૫૯૮/-

---------

## સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના

૨૫૮૧૯ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૧) ૨૪૧૧

(૨) તે માટે કેટલી સહાય ચુકવવામાં આવી છે?

(૨) રૂ.૬૭,૮૯,૮૮૫/-

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાપારી એકમો સામે કેસો

૨૬૫૧૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપરી એકમો સામે કેસો કરવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબ વ્યાપારી એકમો સામે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી.

| જિલ્લો | ૨૦૧૮ | ૨૦૧૯ |
|---|---|---|
| અરવલ્લી | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૨ | ૩ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યાપારી એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ ઉપરોક્ત વ્યાપારી એકમો પાસેથી અરવલ્લી

જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૦ |
| ૨૦૧૯ | ૦ |
| **કુલ** | **૦** |

તથા સાબરકાંઠા જિલ્લામાં

| વર્ષ | વસૂલ કરેલ ગુન્હા માંડવાળ ફી |
|---|---|
| ૨૦૧૮ | ૪,૦૦૦/- |
| ૨૦૧૯ | ૧૨,૦૦૦/- |
| **કુલ** | **૧૬,૦૦૦/-** |

ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી ?

(૩) શુન્ય.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ખેડૂતોને પાક વીમો ચૂકવવા બાબત**

૨૭૦૬૧ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં અનિયમિત અને કમોસમી વરસાદને કારણે પાક નુકસાની પેટે તાલુકાવાર કેટલા ખેડૂતોને ખરીફ-૨૦૧૯નો પાક વીમો ચૂકવવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને પાક વીમો ચૂકવવાનો બાકી છે, અને

(૩) પાક વીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શું છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ વિમા કંપની દ્વારા છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર દાવા ચૂકવાયેલ ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાવાર | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| **છોટા ઉદેપુર** | |
| નસવાડી | ૧ |
| સંખેડા | ૧ |
| **વડોદરા** | |
| પાદરા | ૩૮ |

(૨) ઉક્ત સ્થિતિએ વિમા કંપની દ્વારા વડોદરા જિલ્લાના ૨૧૯ ખેડૂતોને દાવા ચૂકવવાના બાકી છે.

(૩) વહીવટી કારણોસર

(૪) શક્ય તેટલી વહેલી ચૂકવણી માટે વિમા કંપનીને જણાવવામાં આવેલ છે.

---------

**પોરબંદર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવા માટે મળેલ અરજીઓ**

૨૫૮૧૩ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૨૪ |
| ૧૯ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧– EDN-7 પ્રાથમિક...બનાવવી<br>રૂ. ૩,૯૬,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાના નં. ૧૭ | ૧૦૦ | કચ્છની પ્રાથમિક શાળામાં કચ્છી ભાષાના જાણકાર પ્રાદેશિક શિક્ષકોની ભરતીની કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| ૨૦ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૧ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ભરતીની કામગીરી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૨૨ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓની ઘટતી જતી સંખ્યાના કારણો તપાસી જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૨૩ | --- " --- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોની શાળામાં પ્રાથમિક સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઇ ભુરીયા |
| ૨૪ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેકટના અભ્યાસક્રમો પ્રમાણે ઈ–કનેકટીવીટી તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાળાભાઇ ડાભી |
| *૨૫ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં ગ્રામજનો દ્વારા શિક્ષિકાઓ ઉપર થતાં હુમલાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| ૨૬ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાના શિક્ષકોના બદલી કેમ્પોમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઇ કગથરા |
| ૨૭ | --- " --- | ૧૦૦ | બિનતાલીમીને બદલે તાલીમી શિક્ષકોની ભરતીની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૨૮ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં મહત્વના વિષયોના શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૯ | --- " --- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ સિવાયની અન્ય કામગીરીઓ કરાવતા જવાબદારો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા |
| ૩૦ | --- " --- | ૧૦૦ | અપૂરતી સુવિધાઓવાળી પ્રાથમિક શાળાઓને મંજૂરીઓ આપનાર સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૩૧ | --- " --- | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવા દેવાની કામગીરી બંધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર |
| ૩૨ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૧૧– સર્વ...અભિયાન<br>૦૧–EDN-146 મહિલા..ગુજરાત<br>રૂ. ૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪,પાના નં. ૧૭ થી ૨૭ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાન હેઠળ બંધાતા સરકારી શાળાના બાંધકામમાં થતી ગેરરીતિઓ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૩૩ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૧૧– સર્વ...અભિયાન<br>૦૧–EDN-146 મહિલા..ગુજરાત<br>રૂ. ૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪,પાના નં. ૧૭ થી ૨૭ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનની નબળી કામગીરીને ચેતનવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા |
| ૩૪ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફીમાં વ્યાપક વધારો કરાંતા | શ્રી બ્રિજેશ મેરજા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૨– ગુજરાત...બનાવવું<br>રૂ. ૫૯,૬૨,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૪,પાના નં. ૩૦ અને ૩૧ | | વાલીઓ ઉપર વધતો આર્થિક બોજ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૫ | --- " --- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ માટે થતાં બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૬ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૧૦૬– પાઠ્યપુસ્તકો<br>રૂ. ૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪,પાના નં. ૩૦ થી ૩૬ | ૧૦૦ | પાઠ્યપુસ્તક મંડળમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (લલીત વસોયા) |
| ૩૭ | --- " --- | ૧૦૦ | સરકારી ગોડાઉનોમાંથી કરોડો રૂપિયાના પાઠ્યપુસ્તકોની ચોરીઓ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર (ઇમરાન ખેડાવાલા) |
| *૩૮ | --- " --- | ૧૦૦ | પાઠ્યપુસ્તકોમાં થતી ગંભીર ભૂલો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (જશપાલસિંહ પઢિયાર) |
| ૩૯ | --- " --- | ૧૦૦ | ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ છાવરવા માટે પાઠ્યપુસ્તકોના ભાવોમાં દર વરસે અસહ્ય વધારો થાય છે તેની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ઋત્વિકભાઇ મકવાણા) |
| ૪૦ | --- " --- | ૧૦૦ | શાળાઓનું નવુ સત્ર શરૂ થયા પછી લાંબા સમય સુધી પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (અજીતસિંહ ચૌહાણ) |
| ૪૧ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૧૦૯– સરકારી...શાળાઓ<br>૦૧–EDN-19 સરકારી...શાળાઓ<br>રૂ઼ા. ૧,૮૪,૦૯,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૪,પાના નં. ૩૦ થી ૩૮ | ૧૦૦ | સરકારી શાળાઓનુ શિક્ષણ સ્તર નીચું જતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (મોહનલાલ વાળા) |
| *૪૨ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિવર્સિટી...શિક્ષણ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૪–અન્ય... અનુદાન<br>રૂ. ૧૩,૧૫,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાના નં. ૪૯ | ૧૦૦ | રાજ્યની યુનિવર્સિટીઓ રાજકીય અખાડો બનતા વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હિંમતસિંહ પટેલ (મંગળભાઇ ગાવિત) |
| ૪૩ | --- " --- | ૧૦૦ | રાજ્યની યુનિવર્સિટીઓમાં વ્યાપક ગેરરીતિઓ ડામવા લોકપાલની નિમણૂક કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મહમદજાવીદ પીરઝાદા) |
| ૪૪ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિવર્સિટી...શિક્ષણ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૪–અન્ય... અનુદાન<br>રૂ. ૧૩,૧૫,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૪૯ | ૧૦૦ | યુનિવર્સિટીઓને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા છતાં વિદ્યાર્થીઓના અભ્યાસના હિતો જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (જે.વી.કાકડિયા) |
| ૪૫ | ૨૨૦૩–તકનિકી શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧– TED-1 તકનીકી...બનાવવુ<br>રૂ. ૨,૯૦,૬૩,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪ | ૧૦૦ | ટેકનીકલ કોલેજોમાં પ્રાધ્યાપકો–આચાર્યોની ખાલી જગ્યાઓ સમયસર નહી ભરાતા તેની અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (પ્રેમસિંહભાઇ વસાવા) |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૮૨ અને ૮૩ | | | |
| ૪૬ | ૨૨૩૬– પોષણ<br>૦૨– પોષણ...વિતરણ<br>૧૦૨– મધ્યાહન ભોજન (કે.પુ.યો.)<br>૦૧–MDM-1 સરકારી...યોજના<br>રૂ. ૪,૯૭,૪૪,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાના નં. ૧૦૭ | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી મધ્યાહન ભોજન યોજના પેટે આવતી રકમમાંથી મોટાભાગની રકમ વણવપરાયેલ રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ (બાબુભાઇ વાજા) |
| ૪૭ | --- " --- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનામાં ખરેખર બાળકો કરતાં ચોપડે વધુ બાળકો નોંધાય છે તેની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (અંબરીષભાઇ ડેર) |
| ૪૮ | --- " --- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના કર્મીઓના પગારમાં વધારો કરવામાં અને શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (ચિરાગભાઇ કાલરીયા) |
| ૪૯ | --- " --- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં દર વર્ષે ૭.૫૦ ટકા રકમનો વધારો કરવાના આદેશો છતાં તેનો અમલ થતો નથી એ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા (વિમલભાઇ ચુડાસમા) |
| ૫૦ | --- " --- | ૧૦૦ | મધ્યાહન ભોજનમાં પ્રોટીનયુક્ત આહાર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ (કાન્તિભાઇ પરમાર) |
| ૫૧ | --- " --- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના પરવાનાવાળી ખાનગી સંસ્થાઓ પર થયેલ નાણાના ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૫૨ | --- " --- | ૧૦૦ | મધ્યાહન ભોજનની ગુણવત્તા/શુધ્ધતાની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત (કનુભાઇ બારૈયા) |
| | | **માગણી નં. ૧૦** | | |
| ૫૩ | ૨૨૦૫– કલા...સંસ્કૃતિ<br>૧૦૧– લલીત...શિક્ષણ<br>રૂ. ૪૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાના નં. ૧૦૨ | ૧૦૦ | સંગીત નાટ્ય ભારતીને અનુદાન આપવા છતાં વિદ્યાર્થીઓને સંગીત શીખવાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે. છેલ્લા બે વર્ષથી હું અહીં બેઠા બેઠા સામેના પક્ષ તરફથી સાંભળું છું કે, અત્યાર સુધી જે પણ કર્યું એ માત્રને માત્ર શ્રી મોદી સાહેબની સરકાર અને રૂપાણી સાહેબની સરકારે કર્યું. અગાઉની કોંગ્રેસની સરકારો હતી, શ્રી કેશુભાઇની સરકાર હતી, શ્રીમતી આનંદીબેનની સરકાર હતી, જાણે કે એમના સમયમાં કાંઇ થયું જ ન હોય. આ તો એવી વાત છે કે, કોઇ એક ગરીબ મા–બાપનો દિકરો હોય અને એને મજૂરી કરીને ભણાવ્યો હોય, એમ.બી.એ. કરાવ્યું હોય અને એના લગ્ન થઇ જાય પછી એના સાસરે જાય એને પછી નોકરી મળે તો એના સાસરામાં એવું જ કહે કે, આ દિકરાને તો મેં જ ભણાવ્યો છે, એવું અહીં થઇ રહ્યું છે. જે પણ કર્યું છે એ બધી સરકારો, જે પણ સરકારો હતી, જે પણ ધારાસભ્યો હતા અને જે પણ મિનિસ્ટરો હતા અને ગુજરાતની પ્રજાના સહયોગથી થયું છે. એટલે ફરીથી મારી વિનંતી કે, કોઇ એવું ના કહે કે, ગુજરાતનો જે વિકાસ થયો છે એ માત્ર કોઇ એક વ્યક્તિના આધારે થયો છે. વ્યક્તિવાદ નહીં, તેની અંદર સમગ્ર જનતાનો અને તમામ સરકારોનો ફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ માનનીય બાપુશ્રી માગણીઓ લઇને આવે છે અને સી.એ.જી.ના રિપોર્ટના પાના–૧૧૪ની અંદર અનુદાન–૯ની અંદર જોઇએ તો અત્યાર સુધીમાં કુલ ૧૭૮૭ કરોડ રૂપિયાની બચત રહી છે. તેમાં મોટા ભાગની બચત રહેવાનું કારણ એવું બતાવ્યું છે કે કેન્દ્ર સરકાર તરફથી નાણાં આવ્યા નથી. જ્યારે કેન્દ્રની અંદર પણ ભાજપની સરકાર હોય ત્યારે હું નાણામંત્રી અને મુખ્યમંત્રીને વિનંતી કરું કે જે રાજ્ય સરકારના ભાગમાં આવતું હોય એ બજેટ ફાળવવામાં આવે. કોઇ પણ રાજ્યનો વિકાસ એ શિક્ષણ ઉપર આધારિત છે એટલે શિક્ષણમાં કેન્દ્ર સરકારની જે પણ યોજનાઓ હોય તેનું પૂરેપૂરું બજેટ ફાળવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સી.એ.જી.ના રિપોર્ટમાં શિક્ષણની વાત કરું તો રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ પ્રમાણે પ્રાથમિક શિક્ષણની અંદર પી.ટી.આર. ૩૦:૧ હોવો જોઇએ. ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક હોવો જોઇએ. અપર પ્રાયમરીમાં ૩૫:૧ હોવો જોઇએ. સેકન્ડરીમાં ૩૦:૧ હોવો જોઇએ અને યુ.જી.સી.ની ગાઇડ લાઇન પ્રમાણે સાયન્સમાં જે પી.ટી.આર. છે એ એક અધ્યાપકે ૨૫ વિદ્યાર્થીઓ હોવા જોઇએ. સોશિયલ સાયન્સમાં ૩૦:૧નો રેશિયો હોવો જોઇએ અને પી.જી. ટીચીંગમાં ૧૦:૧ હોવો જોઇએ. જ્યારે આપણે ક્વોલિટી એજ્યુકેશનની વાત કરતા હોઇએ ત્યારે મારે માનનીય બાપુશ્રીને વિનંતી કરવી છે કે આ જે રેશિયો છે, અત્યારે પ્રાયમરી સ્કૂલો હોય તો એક ક્લાસની અંદર ૬૦-૬૦ વિદ્યાર્થીઓ ભરીએ છીએ. કોલેજોમાં તો ૧૩૫ની સંખ્યા સુધી વિદ્યાર્થીઓ ભરીએ છીએ અને આપણે ક્વોલિટી એજ્યુકેશનની વાત કરીએ. તો યુ.જી.સી. અને આર.ટી.ઇ. પ્રમાણે આ જે રેશિયો છે એ સચવાય તે માટે વિનંતી કરું છું. હમણાં જ છાપામાં મેં સમાચાર વાંચ્યા કે ગુજરાતમાં દર માસે શિક્ષણ પદ્ધતિના લીધે ૪૯ વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. એની પણ આપણે ચિંતા કરીએ. લો કોલેજમાં હમણાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ નોટિફિકેશન બહાર પાડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ લો સાથે સંકળાયેલા છો. અત્યાર સુધીમાં એક લો કોલેજની અંદર ચાર અધ્યાપકોનો રેશિયો હતો. હવે બી.સી.આઇ.એ જે નોર્મ્સ કર્યા છે તેમાં ૮ અધ્યાપક હોવા જોઇએ. એટલે ગુજરાતની એક પણ કોલેજની અંદર ૮ અધ્યાપકો નથી અને બી.સી.આઇ.ના નોર્મ્સ પ્રમાણે અધ્યાપકો નહીં હોય તો એ કોલેજો બંધ થઇ જશે. એટલે બી.સી.આઇ.ના નોર્મ્સ પ્રમાણે સરકારની જે ગ્રાન્ટેબલ કોલેજો છે એની અંદર અધ્યાપકોની ફાળવણી થાય અને એ માટે બજેટમાં જોગવાઇ થાય. આપણે વિકાસશીલ ગુજરાતની વાત કરીએ છીએ. ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક મંડળોએ વારંવાર રજૂઆત કરી છે. તેમને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવતો નથી. હમણાં છેલ્લા બે-ત્રણ મહિનાથી વર્ગ-૩ અને વર્ગ-૪ના જે કોલેજોના કર્મચારીઓ છે એમને પગાર આપવામાં આવ્યો નથી. બજેટમાં તેની ફાળવણી કરીએ અને કોલેજના અધ્યાપકોને અને વર્ગ-૩ના કર્મચારીઓને પૂરતો પગાર મળે અને સમયસર પગાર મળે એ માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ટેકનિકલ કોલેજો જે આઇ.ટી.આઇ., ડીપ્લોમા અને એન્જિનિયરીંગ કોલેજો છે એના અધ્યાપકોએ પણ હમણાં પાટણની અંદર નહીં, બધી સરકારી કોલેજોમાં જુદા જુદા કાર્યક્રમ રાખ્યા એમાં પેપરમાં આવ્યું, મારે ન કહેવું જોઇએ પણ સરકારના બેસણા જેવા કાર્યક્રમો રાખ્યા છે. આના લીધે સમગ્ર સરકારનું, કોંગ્રેસ અને ભાજપ બન્નેનું ખરાબ દેખાય છે એટલે આવું ન થાય અને શિક્ષણની સ્થિતિ સુધરે એના માટે વ્યવસ્થા કરવા માટે વિનંતી કરું છું. પ્રાયમરી શિક્ષકોની વાત કરીએ તો પ્રાથમિક શિક્ષણ એ બહુ મહત્વનું છે. તેના સર્વીસના બદલીના નિયમો હતા. તેમાં દર વર્ષે બદલી કેમ્પ યોજવાની જોગવાઇ હતી. તેનો હેતુ સારો હતો. જેના લીધે શિક્ષકો દૂર છે તેના પરિવારોને લાભ મળે. પણ દર ૫ વર્ષે એ કેમ્પ યોજાય છે એના બદલે દર વર્ષે આ કેમ્પ યોજાય. પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો નથી. વર્ષ ૨૦૧૦ પછી જે શિક્ષકોની ભરતી થઇ છે એમને નવ વર્ષનો પગારનો ગ્રેડ હતો એ રૂપિયા ૪૨૦૦ હતો એ ઘટાડી અને રૂપિયા ૨૮૦૦ કરી દેવામાં આવેલ છે એના માટે પણ આપણે વિચારીએ. ધો.૧ થી ૫, પ્રાયમરીની અંદર જે લાયકાત છે એ ધોરણ-૧૨ પાસ અને પી.ટી.સી. છે એનો ગ્રેડ પે રૂપિયા ૨૪૦૦ છે, ધો. ૬ થી ૮ એની લાયકાત ગ્રેજયુએટ અને બી.એડ છે. એનો પણ ગ્રેડ પે રૂપિયા ૨૪૦૦ છે એટલે એની બન્નેની લાયકાતના ધોરણો અલગ અલગ હોવા છતાં ગ્રેડ પે એક જ છે એટલે એમની શૈક્ષણિક લાયકાત અનુસાર એમને ગ્રેડ પે આપીએ, ધો.૯થી ૧૦ની અંદર પણ સેઇમ કવોલીફીકેશન છે, ગ્રેજયુએટ અને બી.એડ તો એમનો ગ્રેડ પે રૂપિયા ૪૨૦૦ છે તો ધો. ૬ થી ૮ના શિક્ષકો છે એમને રૂપિયા ૨૪૦૦ના બદલે રૂપિયા ૪૨૦૦નો ગ્રેડ પે અપાય અને મહત્વનો પ્રશ્ન ટેટ, ટાટ થયેલા ૩૦ હજારથી વધુ શિક્ષકો, વિદ્યાર્થીઓ છે કે જેમણે ટેટ અને ટાટની પરીક્ષા પાસ કરી છે. ટૂંક સમયમાં એમની ભરતી કરવામાં નહીં આવે તો એમની વય મર્યાદા પૂરી થઇ જશે એટલે આવા હોંશિયાર વિદ્યાર્થીઓ કે જેમણે પરીક્ષા પાસ કરી છે એમને નુકસાન થશે એટલે ટેટ અને ટાટ પાસ થયેલા જે શિક્ષકો છે એમની ઝડપથી ભરતી થાય. માનનીય બાપુ, મેં આપને વિનંતી કરી હતી, અમારી યુનિવર્સિટીનું જે પરીક્ષાનું કૌભાંડ હતું અને પેપરની અંદર માર્કસ સુધાર્યા હતા એની સાચી તપાસ થાય અને એમાં જે જવાબદારો છે એમની સામે કાર્યવાહી થાય એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વની સૌથી મોટી સમસ્યા છે એ કલાયમેટ ચેન્જ છે અને એના માટે ગુજરાત સરકારે જે પગલાં લીધા છે એ અભિનંદનને પાત્ર છે. આજે આપણે સોલાર સિસ્ટમમાં જોઇએ તો સમગ્ર દેશમાં આજે રૂફ ટોપ જે સોલર પેનલ છે એ બેસાડવામાં પ્રથમ ક્રમાંકે ગુજરાત આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં સબસિડી જે આપીએ છીએ ઓલમોસ્ટ ૬૬૦૦૦ જેટલા ઘરોમાં ૨૫૦ મેગાવોટની ક્ષમતાવાળી સોલાર સિસ્ટમ લગાવવામાં આવી છે. ૩૫૦૦૦થી વધુ ઘરોની અંદર આ સિસ્ટમ લગાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે એટલે એમ કહી શકાય કે ગુજરાત રાજ્ય એક હજાર ઘરોમાં સોલાર સિસ્ટમ લગાવવાનો નવો આયામ સર કરશે. આગામી વર્ષમાં પણ લગભગ રૂપિયા ૯૧૨ કરોડની સરકારે જોગવાઇ કરી છે અને ૩ લાખ મકાનોને સોલાર સિસ્ટમ લગાવવાની નેમ છે. નોન કન્વેન્શનલ એનર્જીની વાત કરીએ તો હાલમાં જે વિન્ડ એનર્જી છે એની અંદર એની ક્ષમતા ૭૪૨૧ મેગાવોટ છે અને સોલાર એનર્જી છે એની સ્થાપિત ક્ષમતા ૨૭૯૨ છે. આમ નોન કન્વેન્શનલ એનર્જી જોઇએ તો ૧૦,૪૦૦ મેગાવોટ છે જે રાજ્યની વીજળીની કુલ સ્થાપિત ક્ષમતા ૩૨,૬૩૨ મેગાવોટ છે. આમ કહી શકાય કે ગુજરાત એ

સ્થાપિત ક્ષમતા અને નોન કન્વેન્શનલનો એનર્જીનો જો રેશિયો ગણીયે તો ૩૨ ટકા છે જે નેશનલ એવરેજ કરતા ૨૨ ટકાથી વધુ છે. ખરેખર સરકારને અભિનંદન આપવા પડે, આના કારણે કલાયમેટ ચેન્જ વિભાગ છે એ શું કામ કરે છે એની જો વાત કરું તો બિન પરંપરાગત ઉર્જા એટલે નોન કન્વેન્શનલ એનર્જી છે એ દર વર્ષે અંદાજે બે કરોડ લાખ ટન કાર્બન ડાયોકસાઇડ વાયુ વાતાવરણમાં ભેળવતા અટકે છે અને એટલું જ વીજ ઉત્પાદન એટલે કે એક કરોડ ટન કોલસાની આનાથી બચત થાય છે. સરકારે અનેક અનેક પગલાં લીધાં છે. વાહનોમાં પેટ્રોલની બચત થાય એ માટે શાળા–કોલેજમાં જતા જે વિદ્યાર્થીઓ છે એમને બેટરી ઓપરેટેડ સ્કુટર ખરીદવા રૂપિયા ૧૦૦૦૦ની સબસિડી આપવામાં આવે છે અને મને જણાવતા આનંદ થાય છે કે ૭૯૦૦ વિદ્યાર્થીઓને એ લાભ મળેલો છે અને આગામી વર્ષમાં બીજા ૫૦૦૦ વિદ્યાર્થીઓને આનો લાભ અપાવાનો છે. ઇ–રીક્ષા માટે પણ ૮૦૦ જેટલા લાભાર્થીઓને રૂપિયા ૪૦૦૦૦ની સહાય આપવામાં આવશે અને ઇલેકટ્રીક વાહનોને ચાર્જીંગની વ્યવસ્થા માટેના ચાર્જીંગ પોઇન્ટ ઉભા કરવામાં આવશે. સોલાર આધારિત ટ્રેકટર ખરીદવા માટે ખેડૂતોને ૨ લાખ રૂપિયાની સબસિડી સહાય આપવામાં આવે છે. એમ કહી શકાય કે નિવાસી શાળાઓ, સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી છાત્રાલયો અને સરકારી હોસ્ટેલોમાં સોલાર પેનલ બેસાડીને પાણી ગરમ કરવાની સિસ્ટમ છે એમાં સરકારે ખૂબ કામ કર્યું છે. એમ કહી શકાય કે સરકારે અનેક અનેક પગલાઓ ક્લાઇમેટ ચેન્જ વિભાગમાં લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માહિતી અને પ્રસારણ વિભાગ છે એમાં સૂચન કરવાનું મન થાય છે કે જે રાજ્યના જાહેર સાહસો છે અને જે જિલ્લામાં ઉદ્યોગો વધારે છે એ ઉદ્યોગો જ્યારે ભરતી કરતા હોય ત્યારે એની પેપરમાં જાહેરાત આપતા હોય છે. ધારો કે ભરુચ હોય તો વડોદરા કે અમદાવાદ આવૃત્તિમાં જાહેરાત આપે છે. જેથી કરીને સ્થાનિક જિલ્લાના બેરોજગારોને લાભ મળતો નથી. મારું સૂચન છે કે જે આવા ઉદ્યોગો જ્યાં જ્યાં છે અને જે ઉદ્યોગો નોકરી માટે જાહેરાત આપતા હોય ત્યારે સ્થાનિક પેપર જે જિલ્લામાં પેપર આવતું હોય એમાં જાહેરાત આપવામાં આવે તો ઘણો ફાયદો થાય તેમ છે. મારે ત્યાં ઉદ્યોગો વધારે છે. સ્મોલ અને મધ્યમ અને એમ.એસ.એમ.ઇ. ઇન્ડસ્ટ્રી ભરુચમાં ખૂબ છે. ભારત સરકારના પર્યાવરણ વિભાગે ઇ.સી.ની પર્યાવરણની મંજૂરી લેવા અંગે નોટિફિકેશન બહાર પાડ્યું છે અને એમાં નાના ઉદ્યોગોને સામેલ કર્યા છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે વર્ષ ૧૯૯૪નું નોટિફિકેશન હતું એમાં સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ ન હતા. વર્ષ ૨૦૦૬ના નોટિફિકેશનના લીધે સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને ઇ.સી.ની પરવાનગી લેવા દિલ્હી જવું પડે છે. આમાં ખર્ચ ખૂબ થાય છે અને વહેલી પરવાનગી મળતી નથી. રાજ્ય સરકારે પોલિસી રિ–ઓપન કરીને ગુજરાતનું જી.પી.સી.બી. જો એન.ઓ.સી. અને સી.સી.એ. મેળવે તો હું માનું છું કે સરકાર અને ઉદ્યોગ બન્ને માટે સારી પરિસ્થિતિ થાય. બીજું સૂચન એવું છે કે રુલ લાઇનમાં જે જોખમી કચરાનું વ્યવસ્થાપન અંતર્ગત ઉત્પાદન પ્રક્રિયામાં નીકળતી બાય–પ્રોડક્ટ છે એને આજે જોવા જઇએ તો એ બાય–પ્રોડક્ટ કે જોખમી કચરામાંથી પણ કંઇક પ્રોડક્ટ નીકળે છે. અંકલેશ્વરમાં એની ઘણી બધી ડિમાન્ડ છે. આમ કહેવાય કચરો પણ એમાંથી પણ બાય–પ્રોડક્ટ નીકળે છે તો એવા નીકળતા કચરાને પણ માન્યતા મળે, એની એસ.ઓ.પી. બની છે એમાં પરવાનગી ઝડપથી મળે એવી મારી વિનંતી છે. છેલ્લી વાત છે કે ભરુચ જિલ્લો ઔદ્યોગિક જિલ્લો છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જો એક અદ્યતન ટેકનિકલ સ્કૂલ જો મળે, કારણ કે આજે ઇન્ડસ્ટ્રીઝમાં હાઇ–ટેક મશીનો આવી ગયા છે. આપણા આઇ.ટી.આઇ.માં જૂના મશીનો છે, વેલ્ડીંગ મશીનો પણ જૂના છે. એ.ઓ.સી.પી. થાય તો પણ જે કેમિકલ મશીનો આવે છે, ઇક્વીપમેન્ટ્સ આવે છે એ ખૂબ જૂના છે. એને અપગ્રેડ કરીને જો નવા મશીનો અને ઇક્વીમેન્ટ્સ આપવામાં આવે તો આપણો યુવાન આજના યુગમાં તૈયારી સાથે જઇ શકે. આજની સમસ્યા એ છે કે બહારનો યુવાન નોકરી લઇ જાય છે અને આપણા યુવાનો પાછા પડે છે તો આની અંદર પણ ખૂબ મોટો ફાયદો થાય. આભાર.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટે આમ તો સરકારે પૂરતું બજેટ ફાળવ્યું છે. આટલું વિશાળ બજેટ હોવા છતાં શિક્ષણ અને શિક્ષણ સાથે સંકળાયેલ જે બાબતો છે એમાં ઘણી બધી ખામીઓ છે. એમાંથી થોડી ખામીઓ તરફ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. સૌથી પહેલા તો મારો દેવભૂમિ દ્વારકા જિલ્લો જે જામનગરથી સાત વર્ષથી અલગ થયો છે. ત્યાં શિક્ષણ માટે ખંભાળિયાની અંદર બિલ્ડીંગ માટે મંજૂરી તો મળી ગઇ છે. મને જાણકારી છે ત્યાં સુધી પૈસા પણ ફાળવાઇ ગયા છે. પણ કામ શરૂ થતું નથી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના આશરે ૨૭૫ જેટલા વિદ્યાર્થીઓએ કોલેજ માટે જામનગર સુધી અપ–ડાઉન કરવું પડે છે. ૬૦ થી ૧૪૫ કિલોમિટર જેટલું અંતર કાપીને જામનગરમાં રહેવું પડે છે. પ્રાઇવેટ જગ્યામાં રૂમ રાખીને રહેવું પડે છે અથવા લાંબુ અપ–ડાઉન કરવું પડે છે. સૌથી વધુ દીકરીઓની પરિસ્થિતિ ખરાબ થઇ છે. ઘરેથી મા–બાપ એમને ત્યાં ભણવા માટે મંજૂરી નથી આપતા. દીકરીઓ એકલી અપડાઉન કરે તો અત્યારે રોડ–રોમિયાના શું ત્રાસ છે? તેનાથી શું તકલીફ પડે? એ દીકરીના બાપ તરીકે હું પણ સમજી શકું છું અને જે દીકરીના બાપ છે એ પણ સમજી શકે. એટલે તાત્કાલિક ધોરણે દેવભૂમિ દ્વારકાની અંદર આ શિક્ષણ સંસ્થાઓ સરકારે જે નક્કી કરેલી છે એની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે તો વધુ આનંદ થશે.

બીજી વાત છે કે, શિક્ષણની અંદર જે બદલીના કેમ્પો કરવામાં આવે છે એ બાબતે મેં રૂબરૂ મળીને મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે અને શિક્ષણ અધિકારીશ્રીનું પણ ધ્યાન દોર્યું છે. જગ્યાઓ ખાલી હોવા છતાં પણ કેમ્પોની અંદર દેખાડવામાં આવતી નથી અને જે લોકો વર્ષોથી પોતાના વતનથી દૂર છે. મેં કીધું એમ જામનગરની અંદર પરિસ્થિતિ એવી થઇ છે કે ૭ વર્ષની અંદર

જિલ્લા ટ્રાન્સફર થતા ઘણા લોકો પોતાના વતનમાં આવવા માગતા હોય, આ બદલીના કેમ્પોની કોશિશ કરતા હોય અને ત્યાં બેઠેલા લોકો આ જગ્યા ખાલી દર્શાવે જ નહીં અને કેમ્પો પતી જાય, પાછળથી એ જગ્યાઓ કેવી રીતે ભરાઇ જાય છે? એ હું સમજી શકતો નથી અને આ જે કાંઇ ખોટું–સાચું કરતા લોકો હોય એમના ઉપર કડક પગલાં લઇ દાખલો બેસાડવો જોઇએ, જેથી કરીને આપણે શિક્ષકોને ન્યાય આપી શકીએ. શિક્ષક છે એ સમાજનું ઘડતર કરે છે. આપણી આવતી ભાવિ પેઢી છે એ આજના શિક્ષકોના હાથમાં છે. શિક્ષકો જ સુખી નહિ હોય, શિક્ષકોને જ સંતોષ નહીં મળે, શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો એ શિક્ષકો આવતા દિવસોમાં આપણા બાળકોને કેવું શિક્ષણ આપશે? એ આપણે સમજી લેવાની જરૂર છે. આજના વિદ્યાર્થીઓ છે એ આપણી ભાવિ પેઢી છે અને એના માટે શિક્ષકોને શિક્ષણ સિવાયનું જે કામકાજ સોંપવામાં આવે છે એ કામકાજના ભારણના હિસાબે શિક્ષકો પોતાના કામને ન્યાય આપી શકતા નથી. ગુજરાતનો જે રેશિયો અને નંબર ભૂતકાળમાં હતો એવી પરિસ્થિતિ આજે ગુજરાતની નથી. ગુજરાતનું શિક્ષણ દિન પ્રતિ દિન કથળતું જાય છે. પ્રાઇવેટ શિક્ષણ છે એ અલગ છે. જે સરકાર હસ્તકના શિક્ષણની ટકાવારી દિન પ્રતિ દિન ઘટતી જાય છે. એટલે મારી આપના માધ્યમથી મંત્રીશ્રીને રજૂઆત છે કે શિક્ષકોને પોતાના કામ સિવાયનું ભારણ ના આપીને બાકીનું કામ છે એ બીજા પાસેથી આપ કરાવી લેશો તો એ વધારે સારું રહેશે. રહી ગામડાની વાત. ગ્રામ્ય શાળાઓ બંધ કરવાની એક વાત ચાલી રહી છે. મને એ સમજાતું નથી કે ૧૫–૨૦–૨૫ વિદ્યાર્થીઓ જો શિક્ષણ લેવા માગતા હોય તો શા માટે એને વ્યવસ્થા ના કરી આપીએ? જ્યારે હિન્દુસ્તાનમાં એક નાગરિકને મતદાન કરવું હોય તો ૮–૮ લોકોની વ્યવસ્થા કરીને એક નાગરિક મતદાન કરવા આવી શકતો હોય તો ૧૫–૨૦–૨૫ વિદ્યાર્થીઓને શિક્ષણ જોઇતું હોય તો એક શિક્ષકને ત્યાંથી ઉપાડીને વાડી શાળાઓ બંધ કરવાની વાત આવતી હોય તો હકીકતમાં એ બહુ ગંભીર બાબત છે. આજે પણ ગામડાંની પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની અંદર ગામડાંના ખૂણાની અંદર આ શિક્ષણ શાળાઓ આવેલી છે. જો આ શાળાઓ બંધ થશે તો આ શાળાઓનો કબજો છે એ ત્યાંના માફિયાઓ લઇ લેશે અને ત્યાં ના કરવાની પ્રવૃત્તિઓ કરશે. ગામડાંમાં ક્રાઇમનો રેટ વધશે અને તેના માટે આ જવાબદારી કોની? કાં તો આ બંધ જ ના કરવું જોઇએ અને બંધ કરવું હોય તો આ જે શિક્ષણધામો છે એમાં સારા સારા ગામ લોકોએ સહયોગ આપીને બનાવ્યા છે તેનું જો આપણે ધ્યાન નહીં રાખીએ તો આવતા દિવસોમાં આ ગામડાંની અંદર જે માફિયાઓ આ પ્રવૃત્તિ કરશે એની જવાબદારી પણ સરકારના શિરે રહેશે. મારી પાસે માહિતી છે એ પ્રમાણે ગુજરાતમાં ૧૭૫ તાલુકાઓમાં કોમર્સ કે આર્ટ્સ કોલેજ જ નથી અને એના હિસાબે આ બધા લોકોને મેં વાત કરી એ પ્રમાણે શહેરમાં શિક્ષણ લેવા આવવું પડે છે એ મોંઘું પડે છે એ ગરીબ લોકોને પોષાતું નથી અને આ પરિસ્થિતિની અંદર જો આપણે આ વ્યવસ્થાને કાયમ રાખીને ગામડાંની અંદર આપણે તાલુકા મથકોએ આ વ્યવસ્થા ઊભી કરીએ તો હું એમ માનું છું કે ગ્રામ્ય પ્રજા સારું શિક્ષણ લઇ શકશે. શિક્ષણની અંદર એક વ્યવસ્થા છે કે રમત–ગમતના ગ્રાઉન્ડ હોવા જોઇએ. આજે ઘણી બધી પ્રાઇવેટ શાળાઓ અને કોલેજો પાસે આ વ્યવસ્થા છે જ નહીં. એમને ત્યાં લોકલ લેવલથી મંજૂરી આપતા જ નથી. છતાં, ગાંધીનગર લેવલેથી આવી નવી શાળાઓને શા માટે મંજૂરી આપવામાં આવે છે? એ હું સમજી શકતો નથી. બધા નીતિ–નિયમોને નેવે મૂકીને આ મંજૂરીઓ જ્યારે આપવામાં આવે છે ત્યારે આવી મંજૂરી ના આપવી જોઇએ. હું એક સ્ટેટ લેવલનો સ્પોર્ટસમેન રહી ચૂક્યો છું એટલે મને ખબર છે કે સ્પોર્ટસનું મહત્ત્વ શું છે? સ્પોર્ટસ સાથે વર્ષોથી સંકળાયેલો છું. દરેક શાળા અને કોલેજની પાસે સ્પોર્ટસનું ગ્રાઉન્ડ હોવું જ જોઇએ અને તો જ એમને મંજૂરી મળવી જોઇએ. જો ત્યાંથી મંજૂરી ન મળે તો ગાંધીનગરથી મંજૂરી ન મળવી જોઇએ એવો કડક નિયમ કરવો જોઇએ. થેન્કયુ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિક્રમભાઇની એક વાત નોંધ લેવા જેવી છે કે એમનો સમય પૂરો થાય છે એવું કીધા પછી એક શબ્દ આગળ બોલતા નથી. થેન્કયુ. એ સંસદીય પરંપરાને અનુસરે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપે સંસદીય પરંપરાની વાત કરી તો પરિસ્થિતિ એવી છે કે આપ એકવાર, બે વાર, ચાર વાર કહો કે બેસી જાવ પછી પણ વકતવ્ય ચાલુ રહે છે આપને માહિતી આપવા પૂરતું કહું છું.

અધ્યક્ષશ્રી : એમની પાસે વધારે સમય હોય છે. (અંતરાય) એ હતાને. અહીંની પરંપરા એટલે સંસદીય પરંપરા જ કહેવાય.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે શિક્ષણ વિભાગની ૯ અને ૧૦ માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. શિક્ષણની આ જ્ઞાન વિજ્ઞાનની ૨૧મી સદીમાં હું વિશેષ કરીને ટેકનિકલ શિક્ષણ એ વિષય ઉપર સરકારશ્રીની કામગીરી, સરકારશ્રીનું આયોજન, આગામી વર્ષ અને રાજયના યુવાન, યુવતીઓ જે વિદ્યાર્થીઓ છે. સરકાર એમને ટેકનિકલ શિક્ષણના માધ્યમથી કઇ રીતે આગળ લઇ જવા માગે છે. જે રીતે પહેલા જ ટેકનિકલ શિક્ષણની વાત કરી એટલે હું ટેબ્લેટની જ વાત કરું છું. ટેબ્લેટ માટે તો આમ તો સમગ્ર હાઉસને પૂરતી માહિતી મળી ગઇ છે છતાં પણ રાજય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી આ યોજનાનું અમલીકરણ થયું છે. વર્ષ ૨૦૧૭–૧૮ અને વર્ષ ૨૦૧૮–૧૯ એટલે બે વર્ષમાં ૬ લાખથી વધારે યુવાનોને ટેબ્લેટની વહેંચણી કરવામાં આવી છે. રાહત દરે પણ ટેબ્લેટ આપ્યા છે એ આપણે સૌ જાણીએ છીએ. ચાલુ વર્ષે લગભગ એમાં રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરી છે અને ૩ લાખથી વધારે યુવાન, યુવતીઓ આ ટેબ્લેટનો લાભ લેવાના છે. આ યોજના અંતર્ગત જે વિદ્યાર્થીઓ પાસેથી રકમ લેવામાં આવે છે. એકત્રિત થયેલું જે ભંડોળ હોય છે એનો પણ સરકાર સદઉપયોગ કરી વર્ષ ૨૦૧૭–૧૮માં ડીઝીટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ, ડી.ઇ. અને ડી.એફ. કરીને નકકી કર્યું છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧માં પણ આ યોજના હેઠળ એમાં રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ

પણ સરકારે કરી છે. આ ડી.ઈ. અને ડી.એફ. અંતર્ગત રાજયની જે પ્રથમ તબકકે ૧૦૭ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, ૩ યુનિવર્સિટીઓ અને રાજયની વિવિધ ૧૧૧ અનુદાનિત જે સંસ્થાઓ છે એમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નમો વાઇફાઇની સુવિધાનો લાભ આપવામાં આવે છે. વાઇફાઇનો લાભ મળે છે એટલે આજના હાઇફાઇ જમાનામાં વિદ્યાર્થીઓ અને યુવાનો અને યુવતીઓ જે અભ્યાસ કરે છે એ વિશ્વની દરેક વસ્તુઓ સાથે સંકળાયેલા અને માહિતીસભર હોય છે. આ જ વસ્તુના અંતર્ગત જે ઇજનેરી અભ્યાસ કરતા હોય છે એને વૈશ્વિક સ્તરે સ્વીકૃત અને બહોળો અનુભવ આ એક મેટાલીક સોફ્ટવેરની પણ રાજયની તમામ સરકારી ઇજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે અનલીમીટેડ કેમ્પસ લાઇસન્સ પણ એમાંથી ઉપલબ્ધ કરાવતા હોય છે. એ સિવાય અન્ય એક યોજના જે વર્ષ ૨૦૧૭માં અમલી બનાવવામાં આવી હતી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી(એસ.એસ.આઇ.પી.) એ અંતર્ગત પણ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરીને સરકારે આ પોલિસીનો લાભ એ રાજયના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મળે એના માટે આ પોલિસીને અપગ્રેડ કરી છે. આ જે એસ.એસ.આઇ.પી. પોલિસી છે એના અમલીકરણમાં આજ દિન સુધીમાં ૩૩ યુનિવર્સિટી, ૮૯ સંસ્થાઓને કુલ રૂપિયા ૧૭.૫૭ કરોડ સ્ટાર્ટ અપ અને ગ્રાન્ટ પેટે ફાળવવામાં આવ્યા છે. જેના કારણે કુલ ૧૨૨ સંસ્થાઓને આ પોલિસીનો લાભ મળ્યો છે. એસ.એસ.આઇ.પી. પોલિસીના અમલીકરણના બે જ વર્ષમાં ખૂબ સારા પરિણામો આવ્યા છે. પરિણામોની વિગત આપતા હું આનંદ અનુભવું છું કે એમાંથી લગભગ ૫૬૩ પેટન્ટ ફાઇલ થઇ ગયા છે. આગામી દિવસમાં ૫૬૩ પેટન્ટ ઉપર યુવક, યુવતીઓ કામ કરશે. ૨૩૪૬ પ્રોજેકટ છે જેને પ્રુફ ઓફ કન્સન્ટ આપવામાં આવી છે. જેણે પાયાનું કામકાજ ચાલુ કરેલું છે. ૩૯ સ્ટીકરીંગ લેબ ચાલુ કરી છે. ૪૭ ફેબલેબ ચાલુ થઇ છે. વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ દ્વારા ૧૭૦૦ થી વધુ વર્કશોપ, પરિષદો અને સેમિનારોનું પણ આ અંતર્ગત આયોજન કરવામાં આવ્યું છે. ગઇકાલે પણ એક વિધેયકમાં ટ્રાયબલ વિશે ચર્ચા થતી હતી. ટ્રાયબલમાં શું થાય છે અને ટ્રાયબલને વસ્તી પ્રમાણેના બજેટની વાત કરી. આ ટેકનિકલ શિક્ષણમાં શિક્ષણ વિભાગ દ્વારા ટ્રાયબલ સબ પ્લાન યોજનાના વિકાસ માટે પણ નર્મદા તથા તાપી જિલ્લામાં રાજપીપળા અને વ્યારા ખાતે આવેલ સરકારી પોલિટેકનિક ભવનોને પંચમહાલમાં હાલોલની ટેકનીકલ ભવનોમાં હોસ્ટેલ, બિલ્ડિંગ અને મરામત માટે પણ રૂપિયા ૧,૫૭૮ લાખથી વધુ રકમની જોગવાઇ કરવામાં આવી છે. ટ્રાયબલ એરિયાના સબ પ્લાન હેઠળના જિલ્લાના કુલ ૧૮૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ જેનો લાભ લેતા હોય છે. આ પીપીપી હેઠળની પોલિટેકનિક સંસ્થા માટે પણ રૂપિયા ૫ કરોડ જેવી માતબર રકમ એ ડિગ્રી કોલેજ માટે, એક કરોડ રૂપિયા ટીએસપી વિસ્તાર માટે વ્યારા, રાજપીપળા તથા ડિગ્રી કોલેજ માટે રૂપિયા ૧૦ લાખ એમ કુલ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે ટેકનિકલ શિક્ષણની વાત કરું છું એમાં શિક્ષણ હસ્તકની સંસ્થાઓમાં બાંધકામ માટે પણ રૂપિયા ૧૫૫ કરોડની સુવિધા સભર બધી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. માત્ર શિક્ષણ નહિ, એને આનુષાંગિક એનું મકાન હોય, યંત્ર હોય, એવી વિવિધ જરૂરિયાતો એ બધાની વ્યવસ્થા આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તો આ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. રૂપિયા ૩૦,૦૦૦ કરોડ જેટલી જંગી રકમ શિક્ષણની પાછળ આ રાજ્યમાં ખર્ચાય છે. શિક્ષણ મંત્રી અને દેશ સારો છે. પરંતુ માનનીય મંત્રીશ્રી, "સચ્ચાઇ નહિ છૂપ શકતી બનાવટી ઉસુલો સે, ખૂશ્બુ કભી નહિ આ શકતી કાગઝ કે ફુલોસે." જે ખુશ્બુ આવવી જોઇએ અને સરકારની શિક્ષણની અને આરોગ્યની જવાબદારી છે, એ જવાબદારી પ્રજા સુધી, વાલી સુધી, ઘર ઘર સુધી, વિદ્યાર્થીઓ સુધી પહોંચે એ ખૂબ જરૂરી છે. આજે પ્રાથમિક શિક્ષણમાં ૬,૫૨૮ સરકારી પ્રાથમિક શાળામાં કમ્પાઉન્ડ વોલ નથી. શાળાના ઓરડાઓની ઘટ વર્ષ ૨૦૧૭માં ૧૬,૦૦૦ હતી. ડિસેમ્બર-૨૦૧૮માં ૧૭,૦૦૦ ઓરડાની ઘટ અને ડિસેમ્બર-૨૦૧૯માં ૧૮,૦૦૦ જેટલા ઓરડાની ઘટ ઉપલબ્ધ છે. આ પરિસ્થિતિ છે. ૧૦ વર્ષ પહેલા આ સરકારે શાળાના ઓરડાઓ બનાવવા માટે પ્લાસ્ટિક ક્રાંતિ લઇને આવી હતી. ઔદ્યોગિક ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ એમ પ્લાસ્ટિક ક્રાંતિ. પ્લાસ્ટિકના ઓરડાઓ ગામડે ગામડે બનાવ્યા. એ વખતે અમે કહ્યું હતું કે, પ્લાસ્ટિકના ઓરડાનો ઉપયોગ થશે નહીં. એ ગરમીમાં જે દીવાલ ઉભી કરી હશે તે ગરમ થઇ જશે. એમાં વિદ્યાર્થીઓ બેસી શકશે નહિ, ભણી શકશે નહીં. નહોતા માન્યા. આજે એ ઓરડાઓ ઉપલબ્ધ નથી. એનો ઉપયોગ નથી તેમ કહીએ તો ખોટું નથી. સારી બાબત છે કે આ વખતે ૮,૦૦૦ જેટલા નવા ઓરડા બનાવવાનું આયોજન નાણાકીય બજેટમાં જોગવાઇ થઇ છે. માનનીય મંત્રીશ્રી કાળજી રાખે છે, પરંતુ આજે પણ ૧૭,૦૦૦ ઓરડાઓની ઘટ છે. સત્વરે પૂરી થાય તો બાળકો ઓરડામાં બેસીને તમે જે ટેબ્લેટ આપવાના છો એનો સાચા અર્થમાં ઉપયોગ કરી શકશે. ૭૦૮ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના માટેના ઓરડાઓને શેડ નથી. આ આધારે મધ્યાહન ભોજન યોજના આવી, ત્યારે સામાવાળાના વિચારો શું હતા એ બધા જાણીએ છીએ, પરંતુ આ મધ્યાહન ભોજન યોજના સ્વ. માધવસિંહની કોંગ્રેસની સરકારમાં શરૂ થઇ. શરૂઆતના તબક્કે પછી ભાજપની સરકાર આવી પછી થોડી બંધ કરી. અનાજ આપવાનું શરૂ કર્યું. ફરીથી આધુ પાછું કર્યું. સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે ગુજરાતમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના સમગ્ર દેશમાં લાગુ કરવી જોઇએ. સુપ્રીમ કોર્ટે એટલા માટે કહ્યું હતું કે મધ્યાહન ભોજન યોજનાના લીધે ગરીબ, દલિત, આદિવાસી, બક્ષીપંચના કે કોઇપણ સમાજના ગરીબ બાળકો માત્ર જમવાના વાંકે શાળા છોડીને જતા હતા અને ડ્રોપ આઉટ રેશિયો ૪૦ ટકા, ૩૫ ટકા, ૩૦ ટકા સુધીનો હતો. એ ડ્રોપ આઉટ રેશિયો ઘટે અને

દરેક બાળકમાં કૂપોષણ ન રહે, એના માટેની યોજના હતી. એટલા માટે સુપ્રીમ કોર્ટે આખા દેશમાં લાગુ કરી અને આખા દેશમાં ચાલુ છે, એના કારણે ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. તે યોજનાને આપે મધ્યાહન ભોજન યોજના, સ્વ. માધવસિંહની યોજના કે કોંગ્રેસની યોજના એ રીતે ન લેતાં આપણા બાળકો માટેની યોજના છે તે રીતે લઇને કામ થાય. આમાં જે શેડ બનાવવાના બાકી છે, ઓરડાઓ બનાવવાના બાકી છે, મધ્યાહન ભોજન યોજના માટે જે કર્મચારીઓ કામ કરે છે તેમાં આપણે આંગણવાડી યોજનાની બહેનોના પગાર વધાર્યા, બધાના વધાર્યા તો મધ્યાહન ભોજન યોજનાના જે રસોઇયા છે, સંચાલકો છે કે નાના નાના ગામડાના લોકો છે, વિધવા બહેનો છે તે લોકોના પગારમાં વધારો થાય તેવી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું. યુપીએ સરકારમાં રાઇટ ટુ એજ્યુકેશન આવ્યું, રાઇટ ટુ ઇન્ફર્મેશન, રાઇટ ટુ ફૂડ, રાઇટ ટુ ફોરેસ્ટ, રાઇટ ટુ એમ્પ્લોયમેન્ટ તમને આટલા બધા શબ્દો યાદ પણ નહીં હોય એટલા બધા રાઇટ યુપીએની સરકારમાં આપ્યા. એમાં એક રાઇટ ટુ એજ્યુકેશન આવે છે.

અધ્યક્ષશ્રી : તમે શ્રી નીતિનભાઇને નથી કહેતા ને? માનનીય નીતિનભાઇને યાદ જ રહેશે.

ડો. સી. જે. ચાવડા : સાહેબ, એમને બધા રાઇટ છે. રાઇટ યુ એમ્પ્લોયમેન્ટમાં જે સ્કૂલો છે તેના જે સંચાલકો છે તેમને ગરીબ બાળકોને એડમિશન આપતાં શરમ આવે છે. જો કે સરકાર તેનો અમલ કરવાની દિશામાં છે અને અમલ કરાવે છે પરંતુ હજુ સંચાલકોમાં એ ભાવના ઉભી થવી જોઇએ કે, મારી સ્કૂલમાં નબીરાનો કે કોઇ ધનવાનનો દીકરો ભણતો હોય ત્યાં ગરીબ ઝૂંપડવાસીનો દીકરો પણ ભણવો જોઇએ. આપને સાંભળીને આનંદ થશે કે, રાઇટ ટુ એજ્યુકેશનમાં જે બાળકો ભણવા આવે છે, ગરીબ છે. ગાંધીનગરની ઘણી સ્કૂલો કે જેમાં સેન્ટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, હિલવુડ, ગુરુકુલ કે સર્વ વિદ્યાલયની કડી સ્કૂલ છે જયાં હજારો છોકરાં ભણે છે અને તેમાં રાઇટ ટુ એજ્યુકેશન નીચે જે ગરીબ બાળકો આવ્યા છે તે એકથી દસ નંબરમાં આવે છે. એમને ભણવાની તક ન્હોતી મળી ત્યાં સુધી ભણતા ન હતા. પરંતુ આ મધ્યાહન ભોજન યોજના થઇ, બીજી યોજના થઇ, સાઇકલની યોજના થઇ, આવી વિવિધ યોજનાઓ થઇ તેના કારણે આજે બાળક ભણતું થયું છે અને ગરીબ બાળક પણ પોતાની તાકાત બતાવતું થયું છે તે આનંદનો વિષય છે. રાઇટ ટુ એજ્યુકેશનમાં અમારી કોંગ્રેસની સરકાર આવી હોત તો અમે એજન્ડામાં લીધું હતું તે યાદ દેવડાવું છું. જુનિયર કે.જી. ટુ પી.જી સુધી શિક્ષણ મફત. શિક્ષણ મફત કરવાની દિશામાં અમે હતા. આજે તમે તેનું વ્યાપારીકરણ કરી નાખ્યું છે. આજે ગુજરાતના કોઇપણ વાલીને ખાનગીમાં તમે પૂછજો કે શિક્ષણમાં આ જે ફી લેવાય છે તે વ્યાજબી છે? આપણે એફઆરસી બનાવી. એફઆરસી બનાવ્યા પછી શિક્ષણમાં લૂંટ ચાલે છે. આમાં જે લૂંટ ચાલે છે તેમાં ખાનગીમાં તમે વાલીને પૂછજો તો તમને જવાબ મળશે કે આ બરાબર નથી. શિક્ષણ સરકારે આપવું જોઇએ. શિક્ષણમાં તોતીંગ ફી વધારો કરીને પાછલા બારણે ફી લેવાય છે તેના કારણે વાલીઓ લૂંટાય છે. તમારી સમક્ષ ફરિયાદો કરે છે, એફઆરસીમાં તમે સાંભળો છો. રજૂઆતો કરે છે ત્યારે કોર્ટ અને બીજા, ત્રીજા નિયમો ઘરીને જે ફી વધે છે તેમાં વાલીઓની ચિંતા અને ગુજરાતની પ્રજાની ચિંતા કરવા સિવાય બીજાની ચિંતા કરતા હોય તેવું લાગે છે. માનનીય મંત્રીશ્રી ખૂબ સારા છે. સારા ને સારા અને નબળાને પાડી દેવાનું સ્થાન હોય છે. નબળા માણસોને બહુ સાચવવા જરૂરી નથી. સારા માણસની આગળ નબળા માણસ ફાવી જતા હોય છે. ડીપીએસ સ્કૂલનો પ્રશ્ન આપે સાંભળ્યો છે અને તે આખા ગુજરાતમાં ચર્ચાય છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી અને આખું રાજય જાણતું હોય છે કે, ડીપીએસ સ્કૂલમાં શું બન્યું? ડીપીએસ સ્કૂલ વગર મંજૂરીએ ચાલતી હોય તેના પછી પ્રશ્નો ઉભા થયા. આમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ અટવાઇ ન જાય એટલે આપણે વચ્ચેના રસ્તા કાઢવા પડે. આવું બધુ ન થાય તેના માટે પહેલેથી જ ધ્યાન રાખવું જોઇએ. ડીપીએસ સ્કૂલમાં પોતાની રીતે, પોતાની પેઢી છે તેવું ચલાવતા જેટલા સંચાલકો છે તેમની સામે કડક હાથે પગલાં લેવા જોઇએ. સરકાર હજારો પ્રાથમિક શાળાઓ બંધ કરવા જઇ રહી છે. તે બંધ નહીં થવી જોઇએ. ઓરડાઓ તૈયાર છે, સ્કૂલો તૈયાર છે, શિક્ષકો તૈયાર છે તો શું કામ સ્કૂલ બંધ કરવી જોઇએ?

અધ્યક્ષશ્રી : બાળક ભણતું થયું છે આ તમારી પંચ લાઇન મને ખૂબ ગમી છે. વર્ણાનુપ્રાસ સારો છે. આપનો સમય પૂરો થાય છે. માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું. જયારે હું સાયન્સ અને ટેકનોલોજી ઉપર બોલવા ઉભી થઇ છું ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણે ૨૧મી સદી તરફ પ્રયાણ કરી રહ્યા છીએ. આવા સમયે દરેક ક્ષેત્રમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીનો ખૂબ જ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લોકો સાયન્સ એન્ડ ટેકનોલોજીને સ્વીકારતા પણ થયા છે. ત્યારે કહેવાનું મન થાય છે કે, જીવન વિજ્ઞાન કે પ્રયોગ જેસા હૈ, જીતની બાર પ્રયોગ કરેંગે તો પહલેસે બહેતર સફલતા પાઓંગે. એટલે જ આપણા વિજ્ઞાનશાસ્ત્રીઓ અલગ અલગ પ્રયોગો કરતા આવ્યા છે અને તેમાં સફળતા પણ મેળવતા આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અલગ અલગ જગ્યાઓમાં અને અલગ અલગ વિભાગોમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી થઇ રહી છે. એ પછી મહેસુલ વિભાગ હોય, સામાજીક અધિકારીતા વિભાગ હોય કે શિક્ષણ વિભાગ હોય, પંચાયત વિભાગ હોય કે દરેક જગ્યા ઉપર ટેકનોલોજીનો ખૂબ જ ઉપયોગ કરવામાં આવે છે. ઇ–ગવર્નન્સના માદયમ દ્વારા ગુજરાત આજે યોજનાકીય લાભો પૂરા પાડવામાં દેશભરમાં અગ્રેસર રહ્યું છે. ડીજીટલ ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જે સંકલ્પ કર્યો છે એને પરિપૂર્ણ કરવા ગુજરાતે અનેકવિધ નવા આયામો હાથ પર લીધા છે. આપણા વડાપ્રધાનશ્રી

નરેન્દ્રભાઇ મોદીજીનું એક સ્વપ્નું એ સ્વપ્નું સાકાર કરવા માટે તેઓ ઘણી બધી યોજનાઓ લાવ્યા છે અને એમાં ડીજીટલનો વધારે ઉપયોગ થાય એના માટે એમણે પ્રયાસો હાથ ધર્યા છે. મને કહેતા આનંદ થાય છે કે, ગરીબ છેવાડાના માનવીઓને કલ્યાકારી યોજનાઓના લાભો અને નાણાકીય સહાય સત્વરે મળી રહે એ માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકારની ડી.બી.ટી. ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થીના ખાતામાં સીધે સીધા પૈસા જમા કરવાનો પ્રયાસ કરીને વચેટિયા પ્રથા દૂર કરી છે. ભૂતકાળમાં એવું હતું કે ગણી ગાંઠી યોજનાઓ હતી પણ એનો લાભ જે લાભાર્થીને મળવો જોઇએ એ મળતો ન હતો અને વચેટિયા જ ખાઇ જતા હતા અને એટલે આ પ્રથા દૂર કરવા માટે આ ડી.બી.ટી. યોજના અંતર્ગત ડાયરેકટ લાભાર્થીના ખાતામાં જ પૈસા જાય છે અને એને કારણે લાભાર્થીને લાભ મળે છે. ૨૧મી સદી ટેકનોલોજીની સદી છે ત્યારે ટેકનોલોજીના માધ્યમ દ્વારા ગુડ ગવર્નન્સ થકી પારદર્શીતા માટે રાજય સરકારે મોટા ભાગની યોજનાઓ ઓન લાઇન પદ્ધતિથી અમલી કરી છે જેના લાભો સત્વરે લોકોને મળતા થયા છે. નાગરિકો, ખેડૂતો, મધ્યમ વર્ગના લોકોની અનેકવિધ યોજનાઓનો લાભ સીધે સીધો લોકો સુધી પહોંચાડવામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઇ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇ–ગવર્નન્સના માધ્યમ દ્વારા અમારી સરકારે ઝડપી અને પારદર્શક નાગરિકલક્ષી સેવાઓ પૂરી પાડવા મહત્વના પગલાં લીધા છે. રાજય સરકારે વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂપિયા ૪૯૭ કરોડની જોગવાઇ કરી છે. રાજયના ૬૫૦૦થી વધુ કચેરીઓને જીસ્વાન કનેક્ટિવિટીથી જોડવામાં આવી છે. સાયન્સ સીટીમાં એક્વેટીક્ રોબોનીક્સ સ્પેસ અને એસ્ટ્રોનોમી ગેલેરી જેવી થીમ બેઇઝ ગેલેરીના વિકાસ માટે રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એનાથી ઉપર જઇને બાયોટેકનોલોજી યુનિવર્સિટીના બાંધકામ માટે તથા અન્ય સુવિધાના વિકાસ માટે રૂપિયા ૪૩ કરોડની જોગવાઇ કરી છે. તેમજ રાજયની દરેક ગ્રામ પંચાયતને ઓપ્ટીકલ ફાઇબરથી જોડવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, હું જે શહેરમાંથી આવું છું એ સુરત શહેરમાં પણ એક સાયન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે એમાં ઘણા બધા મુલાકાતીઓ સાયન્સ સેન્ટરની મૂલાકાત લેવા આવતા હોય છે જ્યાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે એમના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ૧૦ લાખથી પણ વધુ મૂલાકાતીઓએ સાયન્સ સેન્ટરની મૂલાકાત લીધી છે એમાં ઘણી બધી સાયન્સના પ્રયોગને લગતી અલગ અલગ થીમ ઉપર ગેલેરીઓ બનાવવામાં આવી છે અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ ત્યાં આવીને એની મૂલાકાત લેતા હોય છે અને વિજ્ઞાનનું જ્ઞાન મેળવતા હોય છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું માહિતી અને પ્રસારણ વિભાગની માગણીની ચર્ચા પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભવ્ય ગુજરાત અને દિવ્ય ગુજરાતના નિર્માણમાં માહિતી ખાતાની ભૂમિકા ખૂબ જ અગત્યની રહી છે. રાજય સરકારના જન માનસને આવરી લેતા નિર્ણયો, વિકાસ કાર્યોની પ્રિન્ટ અને ઇલેકટ્રોનીક મિડિયાના માધ્યમ વડે છેવાડાના માનવી સુધી સાચી માહિતી પહોંચાડી રાજય અને પ્રજા વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવવાનું કામ કરે છે. આપણા વિકાસશીલ ગુજરાતની યશગાથા અને પ્રગતિશીલ ગુજરાતના વિકાસની વિશેષ શ્રેણીને વિવિધ ચેનલો દ્વારા પ્રકાશિત કરીને રાજય સરકારની લોક કલ્યાણની ભાવના ઉજાગર કરાવી સાથે લોકો સમક્ષ મૂકવાનું પણ કામ કરે છે. મને ગૌરવ સાથે જણાવતા આનંદ થાય છે કે, સમાજના આધુનિક યુગમાં જનસમૂહ સુધી માહિતી પહોંચાડવા આપણે સૌ જાણીએ છીએ કે, સોશિયલ મિડિયા ખૂબ જ અસરકારક માધ્યમ બન્યું છે, માહિતી વિભાગ દ્વારા ગુજરાતના વિકાસ મોડેલને વોટ્સએપ, ટ્વીટર, યુ–ટ્યુબ અને વેબસાઇટ જેવા સોશિયલ મિડિયાના માધ્યમ દ્વારા ગુજરાતની વિકાસયાત્રાને વૈશ્વિક ફલક ઉપર મૂકવાનું કામ કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ગુજરાત લોક ભવ્ય બન્યું છે. રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા લોક હિત માટે લેવાતા પગલાંઓ, યોજનાઓ, કાર્યક્રમો અને રાજ્ય સરકારના પ્રોએક્ટીવ અભિગમ ગુજરાતના ખૂણે ખૂણે લોકો સુધી પહોંચાડવામાં ખૂબ જ અસરકારક નિવડ્યો છે.

મને કહેતા આનંદ થાય છે કે માહિતી વિભાગ દ્વારા દર અઠવાડિયે ગુજરાત રોજગાર સમાચાર અંક બહાર પાડવામાં આવે છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ભરતી અંગેની જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવે છે. એ ખરેખર રાજ્યના યુવાનોની કારકીર્દિના ઘડતર માટે ખૂબ જ નિર્ણાયક બન્યું છે. અંકમાં પ્રકાશિત જનરલ નોલજ, ક્વીઝ કોર્નર સ્પર્ધાત્મક પરીક્ષામાં યુવાનોને ખૂબ જ ઉપયોગી પણ બને છે.

પ્રતિ વરસે દિવાળી પર્વે ગુર્જરધરાની ગરિમાને ઉજાગર કરતો ગુજરાત દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવે છે. કલા, સંસ્કૃતિ, સાહિત્ય, ઇતિહાસ સાથે ગરવી ગુજરાતનું પ્રતિબિંબ સર્જનાત્મક સાહિત્યકારોની કલમે પણ આલેખવામાં આવે છે. ગુજરાત રાજ્ય ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ આ દિપોત્સવી અંકે લોકચાહના ખૂબ જ મેળવેલી છે. તેમજ પ્રસંગોપાત અનેક મહત્વના પ્રકાશનો પણ વાચકો માટે લોકભોગ્ય કર્યા છે.

આ ઉપરાંત માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ચલચિત્રો માટે પ્રોત્સાહિત નીતિ હેઠળ સહાય પણ આપવામાં આવે છે. પ્રતિ વરસે નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વ અવસરે ગુજરાતની અસ્મિતાની ઝાંખી કરાવતા ટેબ્લો પણ ખૂબ આકર્ષણના કેન્દ્રો બન્યા છે. વિકસીત ગુજરાતની સિદ્ધિ, નિર્ણયો સાથે સર્વાંગી વિકાસને વિવિધ માધ્યમો વડે જનજન સુધી પહોંચાડી ગુજરાતના ગૌરવવંતા, ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા આ માહિતી વિભાગનો સિંહફાળો રહેલો છે.

માહિતી વિભાગની કચેરી દ્વારા ચાલતી www.gujaratinformation.net વેબસાઇટની આઠ કરોડ ઉપરાંત લોકોએ મૂલાકાત લીધી છે. ગુજરાતની વિકાસગાથાની રોજબરોજની વિડીયો ક્લીપીંગ, ફોટોગ્રાફી દરેક જિલ્લાની કચેરીમાંથી ઇ–મેઇલ દ્વારા વિગતો મેળવી વેબસાઇટ દ્વારા અપલોડ કરવામાં આવે છે. આ ઉપરાંત www.statetender.com ની વેબસાઇટ ઉપર ગુજરાત સરકારના તમામ ખાતાઓ દ્વારા તૈયાર થતી ટેન્ડર નોટિસ પણ અપલોડ કરવામાં આવે છે. પ્રતિદિન નિયમિત રીતે પણ આ અપલોડ કરવામાં આવે છે. વિધાનસભા સત્ર દરમિયાન લોકહિતના ધબકારા શ્રેણી ઇલેક્ટ્રોનિક ચેનલો ઉપરથી પણ પ્રકાશિત કરવામાં આવે છે. મારે આ ગૃહના તમામ આદિવાસી અને એસ.સી. સમાજના ધારાસભ્યશ્રીઓને આપના માધ્યમ દ્વારા જણાવવાનું કે રાજ્યમાં આદિજાતિ વિસ્તાર તેમજ અનુસૂચિત જનજાતિ પેટા યોજનાની કામગીરીની માહિતી પણ કચેરી દ્વારા આપવામાં આવે છે. તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ આ સમાજને પૂરતો લાભ મળે તેવા શુભ હેતુથી આદિવાસી વિસ્તારમાં લોકમેળાઓ, ડાયરા, ભવાઇ, શેરી નાટકો, કઠપૂતળી કાર્યક્રમ, કથા–કિર્તન, લોક સંગીત, લોક નૃત્ય જેવા પરંપરાગત કાર્યક્રમો યોજી આદિવાસીઓના ઉત્કર્ષની યોજનાઓની સમજ પણ આપવામાં આવે છે. જાહેર સ્થળોએ માહિતી વિભાગ દ્વારા હોર્ડિંગ્સ મૂકીને સરકારની તમામ યોજનાઓની પણ માહિતી પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટને હું મારું અનુમોદન આપું છું, જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે, બન્ને પક્ષના દંડકશ્રીની સંમતિથી વિરામનો સમય બપોરના ૧૨.૦૦ થી ૧.૦૦ એમ ૧ કલાકનો કર્યો છે.

**(વિરામ બપોરના ૧૨.૦૦ થી ૧.૦૦)**

**માનનીય સભાપતિ ડો. નીમાબેન ભા. આચાર્ય અધ્યક્ષસ્થાને**

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી આજે જે ડિમાન્ડ લઇને આવ્યા છે ત્યારે હું સાયન્સ અને ટેકનોલોજી એ સમયની માંગનો વિષય છે. જ્ઞાન અને વિજ્ઞાનને કોઇ ક્ષિતિજો હોતી નથી. કાળા માથાનો માનવી આજે અંબરને આંબી ગયો છે અને ચંદ્ર સુધી પહોંચી ગયો છે ત્યારે આપણે આ જેને કહીએ કે ટેકનોલોજી અને સાયન્સના ડેવલપમેન્ટ માટે બજેટમાં જે રકમ ફાળવી છે તે આપણું ગુજરાત પહેલેથી વિકસિત છે અને વધુ ટેકનોલોજી સભર બનાવવા માટે થોડીક ઉદારતા નાણામંત્રીશ્રીએ દાખવી હોત તો આવકારદાયક લેખાત.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દરેક સેવાઓ ઓન લાઇન કરેલી છે અને પ્રાથમિક જરૂરિયાતો હોય છે તે પણ હવે ઓન લાઇન કરેલી છે તે પછી આપણા બીપીએલ કાર્ડ હોય, ખેડૂતોને કોઇ દાખલા જોઇતા હોય પણ કમનસીબે આજે આપણી જે નેટ કનેક્ટીવિટી છે તે વારંવાર ખોરવાતી હોય છે એટલે ગામડાંનો છેવાડાનો માનવી તે મુશ્કેલીમાં મુકાતો હોય છે. તે જોતાં આપણે આ ફ્રિકવન્સીને સ્ટ્રેન્ધ બનાવવી જોઇએ અને નેટવર્ક વધુ સઘન બનાવવું જોઇએ એવી મારી લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કલાઇમેટ ચેન્જની વાત લઇને આવ્યા છે જો આપણે પર્યાવરણ સમતુલા નહીં જાળવીએ તો ભાવિ પેઢી આપણને માફ નહીં કરે અને આપણે સૌને દહેશત છે કે માનસિક અસમતુલા વધુ બળવત્તર બનશે એ જોતા કલાયમેટ ચેન્જ ખૂબ સારો વિષય છે અને આપણે બધાય છેલ્લા ઘણા સમયથી સુનામી, દાવાનળ, વાયુ વાવાઝોડું તેના પ્રકોપનો ભોગ બનતા આવ્યા છીએ ત્યારે આપણે નૈસર્ગિક જીવન તરફ વળીએ અને કુદરતી સંસાધનને વધુ સારી રીતે વિકસાવીએ એની માવજત થાય અને પર્યાવરણ સમતુલા જળવાય. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું તો નીરો એ નૈસર્ગિક પીણું છે તો નીરોને પણ વધુ મહત્વ આપીને આપણે આ પર્યાવરણ સમતુલા અને કલાઇમેટ ચેન્જ તરફ પ્રતિબદ્ધતા દાખવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અગત્યની માગણી માહિતી અને પ્રસારણ વિભાગની પણ છે. આપણે સૌ જાણીએ છીએ કે અખબાર એ ચોથી જાગીર છે અને અખબારના જે પત્રકારો છે તે યુગ પ્રવર્તક છે અને આપણું માહિતી ખાતુ છે તે તેને પુરક બને છે. ત્યારે માહિતી ખાતુ આ પત્રકારોની વેલ્ફેરની અને પત્રકારીત્વને વધુને વધુ આપણી જે સરકારની જે કામગીરી છે તેનું દર્પણ માહિતી ખાતુ છે તે પ્રતિકૃતિત થાય અને એમાં એક સબળ વિરોધપક્ષ તરીકે અમે જે પ્રજાલક્ષી કામગીરી કરીએ છીએ, અમે જે અહીં બેઠાં બેઠાં પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરીએ છીએ ત્યારે માહિતી ખાતુ જે આપણને તેમના જે લોકશાહીના ધબકારા સંભળાવે છે તે તાદશ્ય ધબકારા સંભળાવે અને આનું લાઇવ ટેલિકાસ્ટ થાય એવી અપેક્ષા છે. માહિતી ખાતુ માત્ર પબ્લિક કોન્ટેક નહીં પણ પબ્લિક રીલેશન. Not enough public contact. પબ્લિક કોન્ટેકટ એટલે જનસંપર્ક, પબ્લિક રીલેશન એટલે જનસંબંધ. જનસંબંધ કેળવીને આપણે આ માહિતી ખાતુ આપણી જે વિરાસત છે, આપણાં જે મૂલ્યવાન ગ્રંથો છે તેને પ્રજા સમક્ષ મૂકતું રહે અને માહિતી ખાતાના જે પ્રશ્નો હોય તેના પ્રમોશનના પ્રશ્નો હોય અને ઇલેકટ્રોનિક મિડિયા અને પ્રિન્ટ મિડિયાના જાહેરાતના જે પ્રશ્નો હોય તેમાં સુસંગતતા અપનાવે અને હાડમારી ઓછી થાય એવી અપેક્ષા રાખુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી શિક્ષણનું પણ ધ્યાન દોરું છું કે આપણે સ્વાસ્થ્ય માટે વ્યાયામ ખૂબ જરૂરી છે અને વ્યાયામ માટે શાળાઓમાં સ્પોટ્ર્સ ટીચરો પણ હોવા જોઇએ. આપણે ત્યાં ઘણા લાંબા સમયથી વ્યાયામ શિક્ષકોની ભરતી થતી નથી એ કરવામાં આવે તો આપણો ફીટ ઇન્ડિયાનો જે હેતુ છે તે જળવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કહેવી છે કે, " **सफर में धूप तो होगी, अगर चल सके तो चलो, सभी है भीड में, तुम निकल सको तो चलो, यहॉ कौन किसको रास्ता देता हैं, अगर**

**मुझको गिरा के तुम संभल सको तो चलो.**" આજે માનનીય મંત્રીશ્રી જે ચાર પ્રકારની માગણીઓ લઇને આવ્યા છે તે ચારેય પ્રકારની માગણીઓ ઉપર મેં મારા વિચારો વ્યકત કર્યા છે અને મને શ્રદ્ધા છે કે માનનીય મંત્રીશ્રી જે રીતે મારી વાત સાંભળીને, મન ઉપર લઇને તેને અમલમાં મૂકે એ જ અભ્યર્થના.

શ્રી આર.સી.મકવાણા(મહુવા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમા શિક્ષણ માટેની માગણી ક્રમાંકઃ ૯ અને ૧૦ લઇને આવ્યા છે, તેને સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે હું આપણા નાણાપ્રધાન માનનીય નીતિનભાઇ પટેલનો પણ આભાર માનું છું કે રાજયમાં શિક્ષણ માટે ઉદાર દિલ રાખી સૌથી મોટું બજેટ એ પણ શિક્ષણ પાછળ રૂ.૩૧૯૫૫ કરોડ એટલે કે ૩૨ હજાર કરોડ રૂપિયા જેટલું મોટું બજેટ ફાળવેલ છે એટલા માટે ફરીને હું ઐતિહાસિક બજેટ ફાળવવા બદલ એમનો આભાર માનું છું.

સાહેબ, મને કહેતાં આનંદ થાય છે કે, રાજયમાં અનેક પ્રકારની શિક્ષણ માટેની યોજનાઓમાં આ રાજયની સંવેદનશીલ સરકારે ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે. હું જિલ્લા પંચાયત ભાવનગરની શિક્ષણ સમિતિનો ચેરમેન છું, ત્યારે લગભગ જિલ્લાની બધી જ શાળાઓમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય કે નાના-મોટા કામ સબબ અથવા તો આ શાળાઓને જોવા માટે જાઉં છું ત્યારે હું આનંદ અને હર્ષ સાથે વિધાનસભાના સભ્ય તરીકે ગૃહમાં કહી શકું કે લગભગ કોઇ સગવડતા ઘટતી નથી. અહીંયાં વિધાનસભા ગૃહમાં બેઠેલા સભ્યો જયારે ભણતા હતા તે વખતની સગવડતા, શાળાના ઓરડા હોય કે શાળાના મોટા મોટા મકાનો અત્યારે છે ત્યારે નહોતા, ત્યારે સેનિટેશનની પણ સુવિધા નહોતી, અત્યારે સેનિટેશનની સુવિધા છે. શાળામાં રમત-ગમતના સાધનો પણ પૂરતાં છે. શુદ્ધ પીવાના પાણીની પણ સુવિધા છે. આપણે અને અમે બધા ભણતા હતા ત્યારે એ વખતે આવી સગવડતાઓ નહોતી. મારા મિત્રો એમ કહે છે અમે કાંઇ નથી કર્યું એમ કહે છે તો તમારા જે નળિયાવાળાં જે મકાનો હતા તે અત્યારે અસ્તિત્વમાં નથી. અમે જે કર્યું એ અમે જ કર્યું છે મિત્રો, એટલે અમે ગૌરવ સાથે કહી શકીએ એમ છીએ. જે તે વખતે માત્રને માત્ર એક શાળાનો ઓરડો હતો આજે અમે જયારે ભણતા અને એ વખતે શહેરોની અંદર જે કોલેજો હતી એના કરતાં પણ સારી પ્રાથમિક શાળાઓ અત્યારે ગામડાઓની અંદર અધતન બનાવવામાં આવી છે, એ અમારા માટે ખૂબ ગૌરવની વાત છે. આ સંવેદનશીલ સરકારે શિક્ષણના બધા જ ક્ષેત્રમાં અલગ-અલગ પ્રકારની યોજનાઓ લાવી શિક્ષણનો વ્યાપ કઇ રીતે વધે તેના માટે પૂરતું ધ્યાન રાખ્યું છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે ખાસ કરીને શિક્ષણ માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરી ખૂબ જરૂરી છે, જો શિક્ષણનું સ્તર આપણે ઉંચું લાવવું હોય તો એના માટે ઓન લાઇન કરી અને આખા રાજયમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ હાજર રહે એ પ્રકારની વ્યવસ્થા રાજયની અંદર થઇ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીનું એક સ્વપ્નું છે કે છેવાડાના માનવીનું બાળક પણ શિક્ષણથી વંચિત ન રહે અને પૂરતું શિક્ષણ એ પ્રાથમિક શિક્ષણથી લઇ કોલેજ અને આગળનું શિક્ષણ પ્રાપ્ત થાય તેના માટે પૂરતી વ્યવસ્થા સરકારે કરી છે. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે એ ગરિયાનું કામ કરતા હોય, એમાં કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર અને ભરૂચ જિલ્લાઓમાં ખાસ કરીને મીઠા ઉધોગ એટલે કે અગર સાથે અગરના ધંધા સાથે સંકળાયેલા એ છેવાડાના લોકો છે એ કામ પર ૬ થી ૮ મહિના જતા હોય છે ત્યારે તેમના બાળકોને લઇને સાથે જતા હોય છે. એ સાથે લઇને જતા બાળકોનું શિક્ષણ બગડે નહીં અને એ ત્યાં જઇને પણ ભણી શકે એના માટે સ્કૂલ ઓન વિલ નામની યોજના, હરતી-ફરતી શાળા એ નામની યોજના જે સરકારે દાખલ કરી છે ત્યારે એમના બાળકોનું શિક્ષણ પૂરું કરી શકે એ પ્રકારની યોજના કરી છે.

સત્રાંત અને વાર્ષિક પરીક્ષા જીસીઇઆરટી દ્વારા એના માટે પ્રશ્નપત્રો તૈયાર કરીને એ પરીક્ષા લેવામાં આવે છે. એ પરીક્ષાનું સંચાલન માટે નિરીક્ષકો નિરીક્ષણ કરતા હોય છે જેઓ બહારના હોય છે, એના પેપર પણ એક શાળામાંથી બીજી શાળામાં એટલે કે સ્થાનિક સ્ટાફ કામ કરતો નથી એટલે નિષ્પક્ષપણે કામ થતું હોય છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

રાજયમાં લગભગ ૪૫ હજાર જેટલી પ્રાથમિક શાળાઓ અને ૧૨ હજાર જેટલી માધ્યમિક શાળાઓ કાર્યરત છે. મારે આપની મારફત માનનીય શિક્ષણમંત્રીશ્રી બાપુનું ધ્યાન દોરવું છે કે આ જે પ્રાથમિક શાળાઓ છે, એમાં જે ભણતા બાળકો છે, જે વિદ્યાર્થીઓ છે, એને જે સગવડતા જોઇએ, જે શિક્ષકો જોઇએ છે એ હું જાણું છું ત્યાં સુધી ખાસ કરીને ઉંડાણના વિસ્તારોમાં ઘણી ઓછી સંખ્યામાં શિક્ષકો છે. વિષયવાર શિક્ષકો મળવા જોઇએ એ આજે પણ નથી. એક બાજુ આપણે સરસ મજાનું સૂત્ર આપીએ છીએ કે ભણશે ગુજરાત, વાંચશે ગુજરાત. આમ તો આ સૂત્ર ઘણું રૂડું છે પરંતુ જયાં સુધી આપણે એમને સગવડતા નહિ આપી શકીએ, એમને શિક્ષકો નહિ આપી શકીએ, ત્યાં સુધી બાળકોનું ભવિષ્ય અંધકારમય લાગે છે. ખાસ કરીને આદિવાસી પટ્ટાની શાળાઓ છે એમાં ખાસ કરીને વિશેષ ધ્યાન આપવાની મને જરૂર લાગે છે. આપ તો વિદ્વાન છો, પરિસ્થિતિ સારી રીતે જાણો છો. આપણે ગમે તેટલું બજેટ ફાળવીશું ગમે તેટલી સખ્તાઇ કરીશું પરંતુ જયાં સુધી શિક્ષક પોતે નહિ સમજે કે મારી ફરજ શું છે, મારો ધર્મ શું છે? શિક્ષકનો વ્યવસાય છે એ સામાન્ય વ્યવસાય નથી, એ પવિત્ર વ્યકિત છે જેના થકી આ રાષ્ટ્ર માટે આવતી કાલનું ભવિષ્ય નિર્માણ એ શિક્ષકે કરવાનું છે.

## ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

પ્રાથમિક શાળાઓની વાત કરી, માધ્યમિક શાળાઓની વાત કરી, એમાં શિક્ષકોની જવાબદારી વિશેષ છે. સાથે સાથે શિક્ષણ સંચાલક મંડળ, આચાર્ય અને સમાજ આ ચારેયનું કો–ઓર્ડિનેશન થાય તો શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા માગીએ છીએ એ ગુણવત્તાવાળા શિક્ષણની વાત કરીએ છીએ એમાં ચોક્કસ સુધારો કરી શકીશું.

માધ્યમિક શિક્ષણમાં ગ્રાન્ટની નીતિ પરિણામ આધારિત છે એના પરિણામે જે સંચાલક મંડળો છે એ ખરેખર હાઈસ્કૂલો ચલાવવા માટે ખૂબ જ તકલીફ અનુભવી રહ્યા છે. આ નીતિમાં ચોક્કસ વિચાર કરો. જે જૂની રીત હતી એ પ્રમાણે જ સંસ્થાઓને ગ્રાન્ટ આપો તો ચોક્કસ શિક્ષણમાં પરિણામ મેળવી શકીશું.

કોલેજોમાં પ્રવેશની સંખ્યા છે એમાં યુજીસીએ ધોરણ નક્કી કરેલ છે એમાં એક વર્ગમાં ૮૦નું છે. જયારે યુનિવર્સિટીનું ૧૧૦નું છે. ઘણી વખત છૂટ આપો તો ૧૫૦ની સંખ્યા થાય છે પરંતુ એ ૧૫૦ વ્યકિતઓને બેસવાની કેપેસિટી વર્ગ ખંડમાં છે કે કેમ? એ પણ સમજવા જેવી વાત છે. કોલેજોમાં ગ્રંથાલયો છે. પરંતુ વર્ષોથી ગ્રંથકારની જગ્યા ખાલી છે. તેથી કોલેજના વિદ્યાર્થીઓ એ લાયબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરી શકે એ વિચારવા જેવી બાબત છે. એ લાયબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરે? એટલા માટે યુ.જી.સી.એ જે ભલામણો કરી છે એ ભલામણોનો કડકપણે અમલ થાય એ જોવાની ફરજ પણ આપની છે. બીજી વાત કરું તો, તે દિવસે પણ વાત કરી હતી અને આજે પણ આ વાત કરું છું કે, ભાર વિનાનું ભણતર. આપણું જે બાળક પહેલા ધોરણમાં ભણતું હોય એની ઉંમર છ વર્ષની હોય છે પણ જ્યારે એ સ્કૂલમાં જાય છે. ત્યારે હું તો મારા એક પૌત્રની વાત કરું તો જ્યારે સવારે એ ભણવા જાય ત્યારે પેલા કુંભારની જેમ વાંકુ વળીને જાય છે. આટલો બધો ભાર જો ઘરેથી સ્કૂલ સુધી ભણવા માટે? તો એના માટે એક્સપર્ટ કે નિષ્ણાત જે હોય એને બેસાડો અને ઓછામાં ઓછું વજન થાય અને બાળક ફ્રેટાર થઇને સ્કૂલમાં જાય, ફ્રેસ રહે અને ત્યાં જે ગુરુજી ભણાવે એ સારી રીતે ગ્રહણ કરે એ જાતની પરિસ્થિતિ પેદા કરવાની જવાબદારી આપની છે.(સમયસૂચક ઘંટડી)

બીજી વાત, મધ્યાહન ભોજન યોજનાની કરું તો એ યોજના બહું સારી છે પણ એનો એ રીતે અમલ થાય છે, એની જે કાંઇ વ્યવસ્થા થાય છે, એમાં થોડી ખામી છે. એના માટે સુપરવિઝનની જરૂર છે. એ નહીં કરો ત્યાં સુધી શાળામાં જે મધ્યાહન ભોજન મળે છે એની ગુણવત્તા જળવાતી નથી. યોજના સારી છે અને એ યોજના થકી ડ્રોપ આઉટ રેશિયોની જે વાત કરો છો એમાં ચોક્કસ ઘટાડો થાય છે. કારણ કે, ગામડાઓની શાળાઓમાં જે કોઇ વિદ્યાર્થીઓ ભણે છે એ ગરીબ મા–બાપના બાળકો ભણે છે. શહેરની વાત અલગ છે. પણ જ્યાં ગરીબી છે એવા વિસ્તારોમાં આ મધ્યાહન ભોજન બાળકો લે છે એને ગુણવત્તાયુક્ત ભોજન પૂરું પાડવાની જવાબદારી પણ શિક્ષણ વિભાગની છે, આપની છે. થેન્ક યુ.

ડો. આશાબેન પટેલ(ઊંઝા ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ માગણી ક્રમાંક–૯ અને ૧૦ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આપણે સૌ બધી જગ્યાએ ભાષણ કરતા હોઇએ છીએ કે, એકવીસમી સદી એટલે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી, ત્યારે મારે કહેવું છે કે, દરેકને જીવનની અંદર સમસ્યાઓ હોય છે. પણ સમસ્યા સાથે સમાધાન કરવાની તાકાત એ ભારતીય જનતા પાર્ટીની અંદર છે અને એટલા જ માટે મારે એક શાયરી દ્વારા કહેવું છે કે, ''બદલ જાઓ વક્ત કે સાથ, બદલ જાઓ વક્ત કે સાથ, યા ફીર વક્ત બદલના શીખો, યા ફીર વક્ત બદલના શીખો, મજબુરીઓ કો મત કોસો, મજબુરીઓ કો મત કોસો, હર હાલ મેં ચલના શીખો''.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી એ સક્ષમ છે અને પ્રામાણિક છે. જ્યારે શિક્ષણની વાત આવે છે ત્યારે મારા ભાઇ ભાર વગરના ભણતરનું કહેતા હતા. હું એમ કહું છું કે, સભાગૃહની અંદર જ્યારે આપણે એક સી.ડી. દ્વારા બજેટની પુસ્તિકા આપવાનું નક્કી કર્યું ત્યારે સભાગૃહના અમુક સભ્યોએ વિરોધ કર્યો અને જો એમને જ ભાર ગમતો હોય તો એમને બાળકના ભારની વાત કરવાની એમનામાં તાકાત જ નથી.

મારે સ્વામિ વિવેકાનંદની વાત કરવી છે. યોજનાઓ ઘણી બધી છે. ગણ્યા ગણાય નહીં એટલી બધી છે પરંતુ એનો ઉપયોગ સભાગૃહના સભ્યો છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે અમુક લોકો સક્ષમ નથી. એના કારણે એ લોકો યોજનાઓનો લાભ લઇ શક્યા નથી. બાકી ભારતીય જનતા પાર્ટીના જે જે સભ્યો છે એ લોકોનું વારંવાર જીતવાનું કારણ, એ યોજનાઓ લોકો સુધી પહોંચાડે છે. સ્વામિ વિવેકાનંદ જ્યારે નાના હતા ત્યારે એમણે એવું કહ્યું હતું કે, મા શારદા મારે અમેરિકાના શિકાગોમાં ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર અર્થે જવું છે, શારદા મા મને સફળતા મળશે કે કેમ? ત્યારે શારદા મા એ કહ્યું કે, નરેન્દ્ર તું મને ચાકુ આપ. નાની વાત છે બહેન, પણ બહું સમજવા જેવી છે. નરેન્દ્રએ ચાકુ આપ્યું ત્યારે ધારવાળો ભાગ પોતાની તરફ રાખ્યો અને લાકડાના હાથાવાળો ભાગ મા શારદાને આપ્યો. ત્યારે મા શારદાએ કહ્યું કે, નરેન્દ્ર જા તું ગમે ત્યાં જઇશ, તું સફળ થઇશ. કારણ કે, લો ઓફ ગિવિંગ, અનકોન્શિયસ માઇન્ડની અંદર લો ઓફ ગિવિંગની ભાવના તારામાં પડી છે. તું ગમે ત્યાં વિશ્વના ખૂણે જઇશ, તું સફળ થઇશ. ત્યારે નરેન્દ્ર એટલે કે સ્વામી વિવેકાનંદે કહ્યું કે તમે મારી પરીક્ષા વગર હું સફળ થઇશ એવું કેવી રીતે કહો છો? ત્યારે કહ્યું કે તારા અનકોન્શિયસ માઇન્ડની અંદર ગિવીંગની ભાવના છે, આપવાની ભાવના છે. એવી જ ભાવના ભારતીય જનતા પાર્ટીની છે. એટલા માટે લો ઓફ ગિવીંગ પર આખી ભારતીય જનતા પાર્ટી કામ કરી રહી છે પછી એ શિક્ષણ ક્ષેત્ર હોય કે કોઇ પણ ક્ષેત્ર હોય. એટલે જ અશિક્ષિત કો શિક્ષા દો. અજ્ઞાની કો જ્ઞાન, શિક્ષા સે હી બન સકતા હૈ મેરા ભારત મહાન.

તા.૧૩મી માર્ચ,૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે. હવે યોજનાઓની વાત કરું, નહીં તો એમ કહેશે કે શિક્ષણમાં યોજનાઓ વિશે વાત ન કરી. મારે આપના મારફતે સભાગૃહનું ધ્યાન દોરવું છે કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના. આ યોજના પહેલાં હતી નહીં. અત્યારની વાત કરું તો ઉચ્ચ શિક્ષણ માટે અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લાભ મળે એ માટે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૨૦૫ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨૫૫ કરોડની જોગવાઇ કરી છે.

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટ છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં તો કશું કહેવાશે નહીં. પરંતુ એટલું કહું છું કે ઉચ્ચ શિક્ષણની વાત કરું તો મારા ભાઇએ કહ્યું હતું કે ભરતીમાં કૌભાંડ થાય છે. હું યુનિવર્સિટીમાં ઇ.સી. મેમ્બર હતી. ત્યારે વી.સી. હતા, જે કોંગ્રેસ પાર્ટીએ મૂક્યા હતા. ત્યારે કેટલો ભ્રષ્ટાચાર થયો એ પણ જોવાની જરૂરિયાત છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તો એ પાર્ટીની અંદર પણ સભ્ય રહી ચૂકેલી છું ત્યારે મારે કહેવું છે કે અંદરો અંદર કેટલી અંધાધૂંધી છે એ તપાસ કરો અને પછી શિક્ષણની વાતો કરો. જ્યાં સુધી પ્યોરિટી ભાવ નહીં હોય, જ્યાં સુધી ગિવીંગની ભાવના નહીં હોય અને ફક્ત અજ્ઞાનતાની દૃષ્ટિએ જોઇ અને *(XXX) પાડવાથી શિક્ષણનું સ્તર સુધરવાનું નથી. શિક્ષણનું સ્તર ભારતીય જનતા પાર્ટી સુધારી શકવાની છે અને એટલા માટે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ વધી છે.

સભાપતિશ્રી : *(XXX) શબ્દ રેકોર્ડ પરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા કેટલાક સૂચનો છે એ રજૂ કરવા સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

ગ્રામ્ય વિસ્તારોની અંદર આમ તો પ્રાથમિક શિક્ષણની જવાબદારી જિલ્લા પંચાયતો સાચવતી હોય છે અને શહેરની અંદર વધારે પડતી મ્યુનિસિપલ કોર્પોરેશનની પાસે પ્રાથમિક શિક્ષણની જવાબદારી છે. (અંતરાય) હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમદાવાદ શહેરમાં ૩૭૦ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રાથમિક શાળાઓ આવેલી છે. તેમાંથી લગભગ ૯૦ શાળાઓ હાલ બંધ હાલતમાં છે. પરંતુ છેલ્લા બે-એક વર્ષથી પ્રાથમિક શિક્ષણ આપવા માટેનો એક નવતર પ્રયોગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યો છે. (અંતરાય) ભાઇ, ડિસ્ટર્બ થાઉં છું. મને તો બોલવા દો, નહીં તો બેસી જાઉં.

સભાપતિશ્રી : આપ બધા ક્રોસ ટોકીંગ બંધ કરો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ બાબતમાં મારું જે સૂચન છે એ છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર જે ૯૦ શાળાઓ બંધ છે તેમાંથી અત્યારે થોડી ઇંગ્લીશ મિડિયમની શાળાઓ શરૂ કરી. તેમાં માગણીના આધારે મારા વિસ્તારમાં પણ એક શાળા આપી હતી. તેનો એટલો સારો પ્રતિસાદ મળ્યો કે આજે ત્યાં ૬૫૦ બાળકો ઇંગ્લીશ મિડિયમમાં ભણી રહ્યા છે. પરિસ્થિતિ એવી છે કે અત્યારે જુનિયર કે.જી.માં ૮૦નું વેઇટીંગ ચાલે છે. હું એવું માનું છું કે જે ૯૦ શાળાઓ બંધ છે એ શાળાઓની અંદર જો આપણે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરીએ તો સારો પ્રતિસાદ મળી શકે. કેમ કે આપણી પાસે સારું ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. સવાલ એટલો જ છે કે જે બિલ્ડીંગો બહુ જૂની છે તેને રીનોવેટ કરવામાં આવે અને બહુ સારી રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે અને સ્થાનિક કાઉન્સિલર અને સ્થાનિક ધારાસભ્ય જો રસ લે તો હું માનું છું કે લોકો આજે પણ કોર્પોરેશનની શાળાઓમાં પોતાના બાળકોને ભણવા મોકલી શકે. કાંકરીયા વિસ્તારમાં માનનીય કિરીટભાઇ સોલંકી સાહેબના બજેટમાંથી એક સ્માર્ટ શાળા શરૂ કરવામાં આવી એને પણ બહુ સારો પ્રતિસાદ મળ્યો છે. બીજી એક સ્માર્ટ શાળાની શરૂઆત મારા વિસ્તારમાં આ વર્ષે થવાની છે, તો જે અનુભવ મને થઇ રહ્યો છે, લોકો મને જે રીતે પૂછી રહ્યા છે, જે લોકો રસ દાખવી રહ્યા છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપશ્રી જો થોડો રસ લઇને કરશો તો હું માનું છું કે ૯૦ શાળા છે એ સારી રીતે ચાલુ થઇ શકે એમ છે અને એની અંદર આપણને વિદ્યાર્થીઓ મળી શકે એમ છે. આર.ટી.ઇ. હેઠળ અત્યારે દર વખતે જે વહેલા જાહેરાતો કરીએ છીએ એને સારો પ્રતિભાવ મળે છે, એમાં ફોર્મ ભરવાના હોય છે અને બીજી બધી પ્રક્રિયા કરવાની હોય છે પરંતુ હજી સુધી આર.ટી.ઇ.ના ફોર્મ બહાર પડયા નથી. અત્યાર સુધીમાં રજિસ્ટ્રેશનની વ્યવસ્થા ચાલુ થઇ નથી તો આપને વિનંતી કરું કે એપ્રિલની અંદર જયારે આપણે નવું સત્ર ચાલુ કરવાના છીએ તો એના માટે જો વહેલી તકે આની જાહેરાત કરીએ તો હું માનું છું કે આપણે બહુ સારી રીતે કરી શકીએ. આર.ટી.ઇ.માં શહેરી વિસ્તારમાં તો બાપુ, આપે કડકાઇ બતાવી, એક બે શાળાઓ ના પાડતી હતી પણ આપે જે કડકાઇ બતાવી તો એ લોકોએ આર.ટી.ઇ.ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પડયા છે. પરંતુ એવી જ કડકાઇ જો આપણે ગ્રામ્ય વિસ્તારમાં અને બીજી બધી શાળામાં બતાવીએ તો હું માનું છું કે આર.ટી.ઇ.નું પણ આપણને સારું પરિણામ મળી શકે એમ છે એટલે આપને વિનંતી કે આર.ટી.ઇ.નો લાભ અત્યારે લોકો લેતા થયા છે અને ગરીબ અને મધ્યમ વર્ગના છોકરાઓને સારી ખાનગી શાળાઓની અંદર ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળી રહ્યું છે. તો જો આપણે થોડું વધુ આર.ટી.ઇ. ઉપર ધ્યાન આપી દઇએ તો હું માનું છું બહુ મોટું ભારણ આપની ઉપરથી ઓછું થશે અને આપણે જે ખાનગી શાળાઓને જમીન આપી છે અથવા ઓછી કપાત કરી છે અથવા એમને ગ્રાઉન્ડ વાપરવા આપ્યા છે તો એમની પાસેથી આપણે અપેક્ષા રાખી શકીએ. જો આપણે એ લોકોને સહાય કરતા હોઇએ તો એમણે પણ સામાજિક જવાબદારી નિભાવવી જોઇએ અને આપણા જે ગરીબ શાળાએ જતા બાળકો છે એમાં કોટા કરતા પણ વધુ બાળકોને એમાં લેવા જોઇએ.

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાપુ સાહેબ, મારે આમાં બીજી કોઇ ટીકા ટીપ્પણી કરવી નથી. શિક્ષણનો સબ્જેક્ટ છે, આપ વિદ્વાન છો. આપને વિનંતી છે અમદાવાદનો જે સબ્જેકટ છે ૯૦ શાળાઓ બંધ છે એ હાથ ઉપર લેશો તો હું માનું છું કે સો ટકા અમદાવાદની અંદર બહુ સારું પરિણામ મળશે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સાયન્સ અને ટેકનોલોજીની માગણી ઉપર મારે આજે પ્રજા જીવનની સુખાકારી અને વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા વિજ્ઞાન અને તેના પર આધારીત ટેકનોલોજી અને બાયોટેકનોલોજીમાં આ રાજ્ય સરકારે જે પ્રસંશનીય કાર્ય કર્યા છે તેના તરફ મારે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે. આ દેશના દીર્ઘદ્રષ્ટા અને વિઝનરી લીડર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજયની પ્રજાની સુખાકારી અને વિકાસમાં સાયન્સ અને ટેકનોલોજીનો મહત્વનો રોલ પારખીને વર્ષ ૨૦૦૪માં ગુજરાતમાં સ્ટેટ બાયોટેકનોલોજી મિશનની રચના કરી હતી. જયારે આપણા પ્રધાનમંત્રીશ્રીએ સ્ટેટ બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટની સ્થાપના કરી હતી ત્યારે ત્યારે પહેલું એમનું વાકય હતું, We cannot promise you the moon, but we can promise you the platform from where you can reach the height of success. આપણા દેશના વડાપ્રધાન કાયમી સાયન્સ અને ટેકનોલોજી અને ઇનોવેશન્સને મહત્વ આપે છે. એમણે હાલમાં જ જાન્યુઆરી ૨૦૨૦માં બેંગલુરુમાં ૧૦૭મી સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું અને ત્યાં દેશના યુવાનોને આહ્વાન કર્યું ઇનોવેટ, પેટન્ટ, પ્રોડયુસ અને પ્રોસ્પર એનો મતલબ એ થાય છે કે તમે કંઇક નવું ઇનોવેશન કરો, ઇનોવેશન કર્યા પછી તમે એની પેટન્ટ મેળવો, પેટન્ટ પછી તમે એના પ્રોડકશનમાં લાગો અને પ્રોડકશનમાં લાગ્યા પછી આ દેશ પ્રોસ્પરીટી તરફ વધશે એટલે દેશનો વિકાસ થશે. બાયોટેકનોલોજી રીસર્ચ દ્વારા ઘણા સેકટરમાં એનો ઉપયોગ થાય છે, હેલ્થ સેકટર હોય, એગ્રિકલ્ચર સેકટર હોય, પશુધન સેકટર હોય, યુવાધનને પ્રોએકટીવ કરવા અને જે લોકો રીસર્ચ કરતા હોય એમને પ્રોત્સાહન આપવા અને એ લોકો આગળ જઇને સાયન્ટીસ્ટ બને એવી એક વિચારધારા સાથે આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. આપણા દેશના વડાપ્રધાન યંગ એટ માઇન્ડ, યંગ એટ માઇન્ડ કહેતા એટલા માટે મને આનંદ થાય છે કે આજના યુવાનોની જે જરૂરિયાત છે, આજની દેશની જે જરૂરિયાત છે એ પ્રમાણે ચાલે છે અને ટકનોલોજીને મહત્વ આપે છે. મેં એ પણ જોયું છે કે અમુક લોકોને ટેકનોલોજીનું જ્ઞાન નથી અને એવું પણ નેતૃત્વ જોયું છે જેને ટેકનોલોજીનું જ્ઞાન નથી અને એવી પણ મેં વાતો સાંભળી છે કે, ,''**तुम यहाँ से मशीन में आलू डालो, वहाँ से सोना निकलेगा**'' સાહેબ, આવી ટેકનોલોજી મને નથી ખબર કે કયાંથી આવી છે! એવા સયમ પર યુવાનોને મિસ ગાઇડ ના કરીએ અને ટેકનોલોજીનો શું ખરા અર્થમાં ઉપયોગ છે એ વાત કરીએ. આ રાજ્ય સરકારે રાજ્યમાં બાયોટેકનોલોજીના વિકાસ માટે ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન નામની નોડલ એજન્સીની સ્થાપના કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની અગત્યની વિકાસલક્ષી સમસ્યાઓ કે જે બાયોટેકનોલોજી વડે ઉકેલી શકાય તેમ છે તેના સંશોધન માટે જી.બી.આર.સી.ની સ્થાપના કરવામાં આવેલ છે. જી.બી.આર.સી. દ્વારા મહત્વના પ્રશ્નોનું સંશોધન કરવા ઉપરાંત શેયર્ડ લેબૉરેટરી એટલે કે બધા મળીને એ લેબૉરેટરીમાં એમનું કામ કરી શકે. અલગથી એમને પૈસા ન ખર્ચવા પડે. જે રિસર્ચ કરતા હોય એ બધા મળીને એક એવી જગ્યા પર બેસીને એમનું કોમર્શિયલી કામ કરી શકે એના માટે શેયર્ડ લેબૉરેટરીનું કામ કરવાનું સરકારે ચાલુ કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે વડોદરા જિલ્લામાં સાવલીમાં સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્કયુબેટરની સ્થાપના કરવામાં આવી. રાજ્યના ઉધોગોને કોમર્શિયલ સ્કેલ ઉપર લઇ જવા અને તેમાંથી આર્થિક લાભ મેળવી શકે તે માટે રાજ્ય સરકારે ભારત સરકારની સહાયથી આ કોલેજની સ્થાપના કરી છે. સાથે સાથે બાયોટેકનોલોજી ઇન્ક્યુબેટર પર કેવી રીતે વધારે કામ કરી શકાય એની પણ ચિંતા કરી છે. આજે મારે ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એટલે કે આઇ.એસ.આર. માટે વાત કરવી છે. વર્ષ ૨૦૦૧માં જ્યારે ગુજરાતમાં ભૂકંપ આવ્યો હતો ત્યાર પછી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ ભૂકંપ માટે વધારે સ્ટડી કરી શકાય એના માટે આની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં ભૂકંપની વાતો આવે છે ત્યારે મારે કહેવું છે કે અત્યારે દિલ્હીમાં એવું નેતૃત્વ બેઠું છે કે લોકોના મનમાં ભૂકંપના અંતર અને પ્રવાહને જાણી શકે અને ભૂકંપ આવે એ પહેલા એને જાણ થાય અને એની સામે કેવી રીતે સ્ટેપ્સ લેવા એના માટેની કામગીરી કરી રહ્યા છે. હાલમાં મધ્યપ્રદેશમાં બે દિવસ પહેલા ભૂકંપ આવ્યો. ત્યાં એવું પણ નેતૃત્વ બેઠું છે કે આ ભૂકંપ આવ્યો પછી પણ ખબર પડતી નથી કે કાર્યકર્તાઓના મનમાં શું હલચલ ચાલી રહી છે! એમની પાર્ટીએ થાપ ખાવી પડે છે ત્યારે મારે કહેવું છે કે આવા સિસ્મોલોજીકલ ઇક્વીપમેન્ટ્સ ભૂકંપની સાથે સાથે પોલિટિકલ ભૂકંપ આવે અને જિયોગ્રાફિકલ ભૂકંપ આવે ત્યારે કેવી રીતે કામ લાગે? માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આદરણીય ભુપેન્દ્રસિંહ શિક્ષણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ ગૃહના સૌથી સિનિયર સભ્ય કહી શકાય એવા આદરણીય શિક્ષણ મંત્રીશ્રી ખુદ શિક્ષક પણ છે. આપણે આશા રાખીએ કે ગુજરાતનું શિક્ષણ એક ક્વોલિટીવાળું બને નહીં કે ક્વોન્ટિટીવાળું. ઘણા બધા શિક્ષણ વિભાગમાં કામ પણ થયા હશે પણ હું તો એટલું જ કહેવા માગું છું કે, હજી પણ ઘણા કામ કરવાના બાકી છે. ગામડાના વિસ્તારમાં માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બનાવવાની વાત હોય કે પ્રાથમિક શાળાની અંદર ઓરડા બનાવવાની વાત હોય. મારા જિલ્લાની વાત કરું તો ઓછામાં ઓછા ૧૫૦૦ જેટલા ઓરડા પ્રાથમિક શાળાઓમાં બનાવવાના બાકી છે. એક

વિશાળ મનના માનવી છે ત્યારે અમે આશા રાખીએ કે અમારા બનાસકાંઠાની શાળાઓના ૧૫૦૦ ઓરડા બની જાય. જેથી કોઇ છોકરાને ઝાડ નીચે બેસીને વરસાદમાં પલળવું ન પડે એવી વ્યવસ્થા થાય એવી અપેક્ષા રાખીએ. ગુજરાતમાં તાલુકા શિક્ષણ અધિકારી જે દરેક તાલુકામાં હોવો જોઇએ, આ સભાગૃહમાં દુર્ભાગ્યપૂર્ણ રીતે કહેવું પડે છે કે ગુજરાતમાં કોઇ જગ્યાએ કાયમી ટી.પી.ઓ. નથી. ક્યાંક કરાર આધારિત ટી.પી.ઓ.ના આધારે પ્રાથમિક શિક્ષણનું તંત્ર ચાલી રહ્યું છે. ભરતીની વાત કરીએ તો ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ જેના ઉપર મદાર રાખે છે એવો કોઇ તાલુકામાં કાયમી અધિકારી નથી એ શરમજનક વાત છે. દર વર્ષે ટેટની પરીક્ષા લેવાની વાત હતી પણ ત્રણ વર્ષ થયા હજી લેવામાં આવી નથી. જે પરીક્ષા લેવામાં આવી છે એમને નિમણૂક આપવાની હજી બાકી છે. કોઇપણ શાળામાં જોઇએ તો દરેક જગ્યાએ ક્યાંક ૨ થી લઇને ૧૦ શિક્ષકોની ઘટ છે. હમણાં શ્રીમતી આશાબેન ઉત્તર ગુજરાત યુનિટર્સિટીની વાત કરતા હતા. હું એમને કહેવા માગું છું કે, વી.સી. ભ્રષ્ટાચાર કરતા હતા, તમે ઇ.સી. મેમ્બર હતા. તમે શું કરતા હતા? તમે ભાગીદાર હતા? જે થયું એ તમારા શાસનમાં જ થયું છે. કોઇએ વિરોધ કર્યો હોય એવું મેં સાંભળ્યું ન હતું. હું પણ સેનેટ મેમ્બર હતો. વિરોધ કરવામાં અમે હતા, તમે ન હતા. અમે તમારા વિરોધમાં હતા પણ તમે ન હોતા એટલી અમને ખબર છે કે તમે એમાં ભાગીદાર હતા.

સભાપતિશ્રી : શ્રી ગુલાબસિંહ આપ આપની વાત ચાલુ રાખો. અંદરો અંદર ક્રોસ ટોક ના કરો.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : બાપુ, સૌથી વધુ અગત્યની વાત કરું તો સેમેસ્ટર સિસ્ટમ કોલેજો, ટેક્નિકલ વિભાગમાં હશે કે બીજી યુનિવર્સિટીઓમાં, એના કારણે ગુજરાતની અંદર જેટલા પણ શિક્ષકોનું માત્રને માત્ર એક જ કામ રહી ગયું છે કે પરીક્ષા લેવી અને રિઝલ્ટ જાહેર કરવા. એના કરતા ઇયર્લી સિસ્ટમ હતી એના કારણે પૂરો અભ્યાસક્રમ ચાલતો હતો અને એક જ પરીક્ષાનું એમના ઉપર ભારણ હતું. અત્યારે અમે કોલેજના પ્રોફેસરોને પૂછીએ તો કહે કે, એકઝામની તૈયારી કરવા પેપર બનાવીએ છીએ અને પેપર લઇને રિઝલ્ટ તૈયાર કરીએ છીએ એના સિવાય કંઇ નથી કરતા તો આ સરકારે નિર્ણય લેવો જોઇએ કે, જી.ટી.યુ.ની વાત હોય કે બીજી અલગ અલગ યુનિવર્સિટીઓની વાત હોય એમાં સેમેસ્ટર સિસ્ટમ નાબૂદ કરીને આપણી જૂની પદ્ધતિ ચાલતી હતી એનાથી પરીક્ષા લેવામાં આવે તો કદાચ ક્વોલિટીવાળું શિક્ષણ ત્યાં મળી શકશે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એફ.આર.સી.નો કાયદો લાવી હતી એ સરસ કાયદો હતો પણ ક્યાંકને ક્યાંક એના અમલમાં રૂ.૧૫,૦૦૦ અને રૂ.૨૫,૦૦૦ની વાત હતી. એમાં ગુજરાતમાં સ્કૂલોવાળા ગમે તે બહાનું કાઢીને આજે આપણે જોઇએ તો અમદાવાદ, ગાંધીનગરની કે રાજકોટ જેટલા મહાનગરોમાં સ્કૂલો ચાલે છે એમાં રૂ.૨૫,૦૦૦/- અમલ થાતો નથી અને ખોટા ખોટા બિલો બનાવીને, ખોટી રજૂઆતો કરીને લાખો રૂપિયાની ફી આજે પણ લેવાય છે તો એમાં નિયંત્રણ આવે એવી અપેક્ષા રાખીએ છીએ. કોલેજોની અંદર સ્ટાફની પૂરતી વ્યવસ્થા નથી. સરકારી નવી સાયન્સ કોલેજો બની એમાં લેબોરેટરીની વ્યવસ્થા નથી તો દરેક જગ્યાએ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફની ભરતી થતી નથી તો આપને બાપુ એટલી વિનંતી છે કે, આ વર્ષે ચાહે ગ્રાન્ટેડ કોલેજો હોય કે સરકારી કોલેજોમાં જ્યાં પણ પ્રોફેસરોની ઘટ છે એ પૂરી કરવામાં આવે અને નોન-ટિચિંગ સ્ટાફની ઘટ છે એ પૂરી કરવામાં આવે. બીજું, ખાસ કરીને ગુજરાતની અંદર ઘણાં વર્ષોથી સ્પોર્ટસ્ ટીચર કે કમ્પ્યુટર ટીચરની ભરતી થતી નથી. અલગ અલગ જે પણ વિષયના ટીચરો છે એની ભરતી બંધ કરવામાં આવેલ છે એ તાત્કાલિક ધોરણે શિક્ષણ વિભાગમાં ચાલુ કરવામાં આવે. કારણ કે, છોકરા રમશે જ નહિ તો (અંતરાય)બેન, મને એક મિનિટ સમય આપો.

સભાપતિશ્રી : એક મિનિટ પહેલા મેં આપને વોર્ન કરી દીધા હતા. આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી કનુભાઇ દેસાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકના કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી માગણી નંબર ૧૦૭ જેની રકમ રૂપિયા ૧,૨૫,૭૫,૦૦૦ માટે મારા વિચારો વ્યક્ત કરું છું અને સમર્થન આપું છું અને સમગ્ર ગૃહ સર્વાનુમતે સંમતિ આપે એવી વિનંતી કરું છું. કલાઇમેટ ચેન્જ વિભાગની સાથે બીજા અન્ય ૧૮ જેટલા વિભાગો છે એ વિભાગોના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ગ્રીન બજેટ તરીકે જોગવાઇ કરેલ છે એમાં લગભગ ૬,૦૦૦/- કરોડ જેટલી જોગવાઇ કરેલ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારની કલાઇમેટ ચેન્જ સામે એક પ્રતિબદ્ધતા બતાવે છે. એમાં શહેરી વિકાસ વિભાગ, ઊર્જા વિભાગ, પંચાયત વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ જે સામાજિક વનીકરણ અને બીજા અનેક વૃક્ષો વાવવાના પ્રોજેક્ટો હાથમાં લઇને આ જે કલાઇમેટ ચેન્જની પરિસ્થિતિ ઊભી થઇ છે એને ખાળવાનો પ્રયત્ન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ એ પૃથ્વીનું પર્યાવરણ છે એ પર્યાવરણની પરિસ્થિતિમાં જે ચેન્જ આવે છે એ ઘણા બધા કારણોને લીધે ચેન્જ આવે છે એમાં કુદરતી અને માનવીય પરિબળો હોય છે. જ્યારથી પૃથ્વીનું સર્જન થયું અને માનવ જાતિ માટે જ્યારથી કુદરતી સાધનોનો ઉપયોગ કરવાનું શરૂ થયું ત્યારથી આ પર્યાવરણની અસમતુલા સર્જાય છે અને એના લીધે મનુષ્યના જીવન ઉપર, પ્રાણીઓના જીવન ઉપર તેમજ દરેક સમાજના જીવન ઉપર અસર થઇ છે અને એના લીધે અનેક જાતિઓ પણ લુપ્ત થઇ રહી છે. આ આબોહવા બદલાવાનું ઘણા સમયથી ચાલુતું હતું. પરંતુ છેલ્લી સદીમાં એનો વ્યાપક રીતે અભ્યાસ કરવામાં આવ્યો અને એની આ વ્યાપક અસરના અંતે એવું સાબિત થયું કે આ એક ગ્રીન હાઉસ છે એના લીધે સમગ્ર પૃથ્વી ઉપર જે ઓઝોન વાયુ છે એ ઓઝોન વાયુ સમગ્ર જીવનને એક જીવસૃષ્ટિ આપવાનું કામ કરે છે. એનું લેયર ઓછું થઇ

રહ્યું છે એના લીધે કૃષિ, પાણી અને પુરવઠો, પરિવહન જેવા અન્ય ઘણા બધા વિષયો ઉપર અસર થાય છે અને એના લીધે જ આજે વિશ્વમાં કોરોના વાઇરસ હોય, સ્વાઇન ફ્લુ હોય કે એવા બધા જે વાઇરસ હોય છે એ બધા વાઇરસોનું ઉત્પાદન આ પર્યાવરણની અસમતુલાને લીધે છે અને કલાઇમેટ ચેઇન્જ માટે ખાસ કરીને આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને ખાસ અભિનંદન આપીશ કે સમગ્ર એશિયામાં જયારે ઇવન ભારત સરકાર પાસે પણ કલાઇમેટ ચેઇન્જ વિભાગ નહોતો ત્યારે વર્ષ ૨૦૧૦માં એમણે ગુજરાત સરકારમાં કલાઇમેટ ચેઇન્જ વિભાગ શરૂ કરીને કલાઇમેટ ચેઇન્જને લીધે આપણા ગુજરાતમાં શું અસર થશે એ માટેનું એક વિઝન બતાવ્યું છે એમને વંદન કરું છું, અભિનંદન આપું છું અને ખાસ કરીને એના લીધે જ આપણો ૧૬૦૦ કિલોમીટરનો જે લાંબો દરિયાકિનારો છે એ દરિયાકિનારાની જીવસૃષ્ટિનું પણ રક્ષણ થાય એના માટે ઘણા બધા પ્રયત્નો આપણી સરકારે કર્યા છે. ખાસ કરીને જયારે ઉર્જા ઉત્પાદન થાય ત્યારે આપણે ઇંધણ વાપરીએ છીએ એ બળતણના લીધે પણ અનેક પ્રશ્નો ઉભા થાય છે ત્યારે ત્યારના મુખ્યમંત્રી આપણા શ્રી નરેન્દ્રભાઇ દ્વારા વર્ષ ૨૦૧૦માં એશિયાના પ્રથમ સોલાર પાર્કનો પાયો નાખવામાં આવેલ. આ સોલાર પાર્ક પાટણ જિલ્લાના ચારણકા ગામમાં ૨૦૨૪ હેકટરમાં લગભગ ૩૪૫ મેગાવોટનો પાવર પ્લાન્ટ જે વર્ષ ૨૦૧૨માં એમણે ગુજરાતને અર્પણ કર્યું એ પણ અભિનંદનને પાત્ર છે. જયારે આપણે વીજળી પેદા કરીએ છીએ ત્યારે પણ આપણે જે બળતણ વાપરીએ છીએ એના લીધે કલાઇમેટમાં ઘણા બધા ચેઇન્જ આવે છે અને એના લીધે આપણી સરકારે સૌર ઉર્જા અને પવન ઉર્જાનું ઉપયોગ કરવા માટેનું એક સર્જન કર્યું છે અને મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત રાજય સમગ્ર દેશમાં સૌર ઉર્જા આધારિત રૂફ ટોપ આધારિત ક્ષમતામાં પ્રથમ ક્રમાંકે અને ઉર્જા થકી પાવર ઉત્પાદન સ્થાપિત ક્ષમતામાં ૭૦૦૨ મેગાવોટથી દેશમાં બીજા સ્થાને છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા એના ઉપર હું મારા વિચારો અને મારા પ્રશ્નો રજૂ કરું છું. અમારા વિસ્તારની વાત કરીએ તો અત્યારે શિક્ષણની હાલત એકદમ ખરાબ થઇ ગઇ છે એનું મુખ્ય કારણ જો જોવા જઇએ તો શિક્ષણમાં મળતી ભૌતિક સુવિધા છે. ભૌતિક સુવિધામાં અમારે ત્યાં ઓરડા જર્જરિત થઇ ગયા છે. ઘણા બધા ઓરડાઓની ઘટ છે. સાથે સાથે કમ્પ્યુટર જે સરકારશ્રી તરફથી આપવામાં આવ્યા છે એ અત્યારે તદ્દન ખરાબ પરિસ્થિતિમાં છે. સારું વાતાવરણ મળે નહીં અને શાળમાં હોળી પછી પીવાના પાણીની તંગી જોવા મળે છે. જયારે અમે આ તંગી માટે પાણી પુરવઠાવાળાને વાત કરીએ છીએ ત્યારે એમ કહે છે કે સર્વ શિક્ષા અભિયાનમાંથી પાણીના કામો થશે. જયારે અમારે ત્યાં શિક્ષકોની ઘટ હોવાથી ૧ થી ૩ ની વર્ગની શાળાની અંદર શિક્ષકો મળે નહીં એટલે એક શિક્ષક દ્વારા ભણાવવામાં આવે છે ત્યારે શિક્ષણ માટે ઘણી ચિંતા થાય છે. અમારા વિસ્તારમાં અત્યારની, હાલની વર્તમાન પરિસ્થિતિમાં શાળાના વર્ગખંડો બંધ કરવાની વાત છે ત્યારે અમારા આદિવાસી વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે કે અમારા બાળકોને કયાં ભણવા અમે મોકલીશું? કારણ કે અમારી અહીંની ભૌગોલિક પરિસ્થિતિ જોઇએ તો ડુંગરાળ વિસ્તાર છે, કોતર વિસ્તાર છે, જંગલ વિસ્તાર છે, નદી વિસ્તાર છે એ વિસ્તાર ઓળંગીને એક ૬ વર્ષનું બાળક ભણવા માટે ત્યાં સુધી જઇ શકવાનો નથી અને એને કારણે ડ્રોપ આઉટ રેશિયો સૌથી વધારે અમારા વિસ્તારમાં થશે એવી એક ચિંતાની લાગણી છે. સાથે સાથે અમારા વિસ્તારની અંદર જોવા જઇએ તો મધ્યાહ્ન ભોજન નવાસરી જિલ્લામાં મધ્યાહ્ન ભોજન એક એજન્સી દ્વારા ચલાવવામાં આવે છે અને એ એજન્સી એવું મધ્યાહ્ન ભોજન પીરસે છે જેને કારણે અમારે ત્યાંના બાળકો રોટલી ખાતા નથી અને રોટલી જાણે પેપરની ડીશ હોય તેમ ફેંકીને એક જાતની રમત રમે છે ત્યારે ચિંતા થાય છે. એ એજન્સી જે મધ્યાહ્ન ભોજન અમારા બાળકોને પીરસે છે એ એક જ બરણીમાં દાળ અને શાક બંને મિક્સ આપે છે અને નાનું બાળક થાળીમાં રોટલી ઉપર એ દાળ અને શાક બંને મિક્સ કરેલું ભોજન ખાય છે અને એ એજન્સી નવસારીથી રાત્રે ૧૨-૦૦ વાગ્યે બનાવેલું ભોજન બીજા દિવસે ૧-૩૦ વાગ્યે પીરસે છે. ત્યારે વૈજ્ઞાનિક કારણો પણ એવા બતાવવામાં આવે છે કે વાસી ભોજન કરવાથી સ્વાસ્થ્ય બગડશે. કુપોષણની વાત થતી હોય છે ત્યારે પણ હું કહેવા માગું છું જો મધ્યાહ્ન ભોજન પીરસતી એજન્સી મેનુ પ્રમાણે જો ભોજન નહીં પીરસે તો અમારા અહીંના બાળકોનું શું થશે એ ચિંતાનો વિષય છે. આવી એજન્સીને તાત્કાલીક બંધ કરાવો. સ્થાનિક ગામડામાં જે મધ્યાહ્ન ભોજનની બહેનો છે એ બહેનોને પણ રોજગારી મળે અને બાળકોને પણ ગરમા ગરમ ભોજન મળે એવી વ્યવસ્થા આપણા શિક્ષણમંત્રી કરે તો અમારે ત્યાંના આદિવાસી બાળકો આશીર્વાદ આપશે. સાથે સાથે મારે વાત કરવી છે કે અમારા વિસ્તારમાં સ્માર્ટ ક્લાસીસ નથી. એ સ્માર્ટ ક્લાસીસ હોવા જોઇએ. જેનાથી બાળકો વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડાઇ જાય અને સાથે ટી.પી.ઓ.ની વાત આ સરકારે વર્ષ ૨૦૧૪માં કરેલ હતી. તાલુકા શિક્ષણ અધિકારીની નિમણૂક કરવામાં આવે. અત્યારે કામચલાઉ તાલુકા શિક્ષણ અધિકારીની નિમણૂક કરી છે. સાથે સાથે નવસારી જિલ્લામાં એ.ડી.ઇ.આઇ.ની ૧૪ જેટલી જગ્યાની ભરતી બાકી છે, તો તેની તાત્કાલિક ભરતી કરવામાં આવે. અમારા વિસ્તારમાં કુરેલિયા ગામ છે, ત્યાં માધ્યમિક શાળા બંધ થવાની પરિસ્થિતિમાં છે. ૧૦-૧૫ વિદ્યાર્થી ભણે છે. શાળાનું સંકુલ સારું છે, પરંતુ ત્યાં શિક્ષકોનો અભાવ છે. શિક્ષકો મળે જ નહીં. એક શિક્ષક છે અને એક નોન ટીચિંગ સ્ટાફ છે. તેઓ દ્વારા શાળા ચલાવવામાં આવે છે. મનપુર ગામમાં પણ માધ્યમિક શાળા બંધ કરી દેવામાં આવી હતી. ગુજરાતમાં કહીએ છીએ કે રમશે ગુજરાત, પરંતુ શાળાઓમાં શિક્ષકો નથી. પી.ટી.સી. ટીચર નથી તો કેવી રીતે રમશે? કેવી રીતે બાળકો શીખશે? લગભગ ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલા ૩,૦૦૦ યુવાન બેરોજગારોની ઉંમર વધી જવાથી નોકરી મળવાની નથી એ ચિંતાનો વિષય છે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ગણિત, વિજ્ઞાનના ૮૮૪ જેટલા શિક્ષકોની

ઘટ છે. અંગ્રેજી શાળાના ૪૯૪ જેટલા શિક્ષકોની ઘટ છે એ ચિંતાનો વિષય છે. એક બાજુ સરકાર કહે છે કે વાંચે ગુજરાત, પણ ૪૬૯ જેટલા લાઇબ્રેરિયન, ગ્રંથપાલની નિમણૂક કરવાની બાકી છે. જગ્યા ખાલી છે. તો કેવી રીતે વાંચશે ગુજરાત? સાથે સાથે ચિત્રના શિક્ષકોની ઘટ છે. ૧૦૦ જેટલી ગ્રાન્ટેડ શાળામાં શાળાના આચાર્યની ઘટ છે. આજે શિક્ષણમંત્રીશ્રીનું કહેવું છે કે..

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન્માનનીય બાપુ શિક્ષણ અને શિક્ષણ વિભાગને લગતી અન્ય ખર્ચ ઉપર માગણી નં. ૯, ૧૦ લાવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. સાથે સાથે આ ગૃહમાં જે ચર્ચા થઇ રહી છે. રાજ્યપાલશ્રીના આભાર પ્રવચનમાં વાત થઇ, બજેટ ચર્ચામાં વાત થઇ. અમારા આદિવાસી સમાજની ચિંતા કરનારા કેટલાક મિત્રો પણ અહીં છે. એમને હું એટલું જ કહેવા માગું છું કે વિદ્યાર્થીઓનું ધોરણવાર, વિષયવાર શિક્ષણ થાય તે મહત્વનું છે. આદિવાસી વિસ્તારમાં સ્કૂલો બંધ થવાની છે, એવો ભ્રામક પ્રચાર કરવામાં આવે છે, તેવી ચર્ચા માત્ર વિચારણા હેઠળ છે, પણ બંધ કરવાના છે એ વાત તદ્દન ખોટી છે. રાજ્યમાં ૩૦ કરતા ઓછી વિદ્યાર્થીઓની સંખ્યા હોય અને એવી એક કિ.મી.ના ત્રિજ્યામાં અન્ય પ્રાથમિક શાળા હોય તેવી ૨,૮૧૪ શાળા છે. દા.ત. ૩૦ વિદ્યાર્થી છે. ૧ થી ૮ ની સ્કૂલ છે. આર.ટી.ઇ. પ્રમાણે ૨ શિક્ષકો આપ્યા છે. પહેલા ધોરણમાં ૩ વિદ્યાર્થી હોય, બીજા ધોરણમાં ૪ વિદ્યાર્થી હોય , ત્રીજા ધોરણમાં ૨ વિદ્યાર્થી હોય, ચોથા ધોરણમાં ૩ વિદ્યાર્થી હોય, પાંચમાં ધોરણમાં ૩ વિદ્યાર્થી હોય, છઠ્ઠા ધોરણમાં ૫ વિદ્યાર્થી હોય, સાતમાં ધોરણમાં ૧ વિદ્યાર્થી હોય, આઠમાં ધોરણમાં ૨ વિદ્યાર્થી હોય તો આ ૨ શિક્ષકો પહેલા, બીજા ધોરણના વિદ્યાર્થીને કક્કો-બારક્ષરી શીખવશે. પાંચમાં ધોરણના વિદ્યાર્થીને હિન્દી શીખવશે, ગુજરાતી શીખવશે, અંગ્રેજી કે વિજ્ઞાનનું ભણાવશે. શું ભણાવશે? એટલે આપણા ૧૮૨ વિધાનસભાના સભ્યોને વિનંતી છે કે આપણે આપણા બાળકોને પ્રાથમિક શાળામાં દાખલ કરાવીએ છીએ ખરા? આપણે આપણા બાળકોને કયાં ભણાવીએ છીએ? બાળકોને સારું શિક્ષણ મેળવવા માટે બહાર મૂકીએ છીએ. ગરીબ સમાજના બાળકો જે સ્કૂલોમાં ભણે છે તેને સારું શિક્ષણ આપવા માટે અમારી રાજ્ય સરકાર આવનારા સમયમાં આ બાબત વિચારણા હેઠળ લેવાની છે. આજે માત્ર ચર્ચા થઇ છે.(અંતરાય) મારું કહેવું છે કે તમારા બાળકો માટે બોલ્યો છું. શાંતિ રાખો. મારે એક જ બાબત કહેવી છે કે "જો પહોંચ ચૂકે મંજીલ પર ઉનકો નહિ કુછ ના દે સફર, દો કદમ અભી જો ચલે નહિ, વો રફતાર કી બાતે કરતે " આ રાજ્ય સરકાર સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના સૂત્રને આગળ ધપાવીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પૂરા ગુજરાતના તમામ વાલીઓની આવક મર્યાદાને બાધ રાખીને, તમામ સમાજના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપવા માટે રૂપિયા ૬૫ કરોડની જોગવાઇ કરી છે. કોંગ્રેસના શાસનમાં ન પાઠ્યપુસ્તકો હતા કે ન શિક્ષણ હતું મિત્રો, તે ધ્યાન રાખવાની બાબત છે. તેમાં ૧૯ લાખ વિદ્યાર્થીઓને પૂરા ગુજરાતમાં લાભ મળે છે. વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની યોજના છે તેમાં રાજયની તમામ સરકારી, બિનસરકારી, ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ૩૫ ટકાથી નીચેનો સાક્ષરતા દર ધરાવતા ગામડાંઓની બીપીએલ કાર્ડધારક કન્યાઓને રૂપિયા બે હજાર લેખે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની યોજના પણ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે દાખલ કરી છે. જેનો લાભ સવિશેષ અમારા આદિવાસી સમાજની દીકરીઓને મળે છે. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષ માટે રૂપિયા ૧.૯૯ કરોડની જોગવાઇ કરી છે. જેમાં ૯૯૫૦ વિદ્યાર્થીનીઓને તેનો લાભ મળવાનો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કન્યાઓને મફત શિક્ષણ આપવા માટે, સંવિધાનમાં પણ નારીઓને માન સન્માન આપવાની વાત થઇ હતી. આ દેશના સન્માનનીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અલગ કર્યો. સૌ પ્રથમ તેના માટે ઝેન્ડર બજેટનું આયોજન કર્યું. સાચા અર્થમાં બેટી પઢાવો, બેટી વધાવો, બેટી બચાવો સૂત્રને સાર્થક કરતા મફત શિક્ષણ માટે રૂપિયા ૧૭.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેના માધ્યમથી પૂરા ગુજરાતની ૭ લાખ ૭૭ હજાર દીકરીઓને લાભ મળવાનો છે. રાજ્યની સ્વનિર્ભર નોન ગ્રાન્ટેડ શાળાઓને રાજ્ય સરકાર તરફથી કોઇ આર્થિક સહાય આજ સુધી મળતી ન હતી. વર્ષ ૨૦૧૪ના વર્ષથી પાત્રતા ધરાવતી સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓને રૂપિયા ૭૫૦૦ લેખે પ્રોત્સાહક આર્થિક સહાય આપવાની જોગવાઇ છે. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨૫.૧૦ કરોડની જોગવાઇ કરી છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં બેઠેલા સૌ સન્માનનીય ધારાસભ્યશ્રીઓ, સામે બેઠેલા સૌ સન્માનનીય અધિકારીશ્રીઓ, સન્માનનીય પત્રકારશ્રીઓ, સૌને મારા પરિવાર અને મારા તરફથી વંદન કરું છું. કોઇક કોઇક વાર બોલવાનો મોકો મળે છે. આજે આ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ ચાલુ બજેટમાં રૂપિયા ૩૦ હજાર કરોડનું બજેટ જયારે શિક્ષણ માટે ફાળવ્યું છે ત્યારે માનનીય બાપુશ્રીને મારી નમ્ર અરજ અને વિનંતી છે કે, આટલું મોટું બજેટ ફાળવ્યું છે ત્યારે અત્યારે ગુજરાત રાજ્યના ગામડાઓના પરા વિસ્તારોમાં જે શાળાઓ બંધ કરવાની અને મર્જ કરવાની છે તે ન કરો તો સારું છે. પરા વિસ્તારના જે ગરીબ બાળકો છે, ગરીબ પરિવારના બાળકો છે એક-બે-ત્રણ કિલોમિટર દૂરથી આવે છે. તેમાં નાની નાની બાળકીઓ પણ આવે છે. રસ્તામાં આવતાં એવી ઘટનાઓ ઘટે તો તે આ રાજય અને સરકાર માટે સારી વાત નથી. તો સન્માનનીય ગૃહમાં બેઠેલા સૌ ધારાસભ્યશ્રીઓને મારી નમ્ર અરજ છે કે, આ બાપુ સાહેબને કહે કે જે શાળાઓ મર્જ કરવાની છે તે ન કરે. આપણે આમ તો આખા ગુજરાત રાજયમાં પ્રવેશોત્સવ કરીને પ્રવેશ આપીએ છીએ. બાળકોની સંખ્યા સ્કૂલોમાં વધતી જાય છે તો તેના માટે વધારે શાળાઓ ખોલવાની હોય તેના બદલે આપણે બંધ કરવા જઇ રહ્યા છીએ આ સારી વાત નથી. મારા

ખેડા જિલ્લામાં હમણાં નવા બિલ્ડીંગ માટે રૂપિયા ૧ કરોડ ૩૦ લાખનું બજેટ ફાળવાયું હતું. તેના માટે એક પેકેજ હતું. આ પેકેજમાં જે એજન્સીને કામ મળ્યું છે તે એજન્સીએ જયારે કામ કર્યું ત્યારે તેના કોન્ટ્રાકટરોએ એ મકાનમાં ૪૦ ટકા સિમેન્ટ વાપર્યો છે. નદીનો દળ વાપર્યો છે. મને ગામના લોકોએ કહ્યું કે, ધારાસભ્યશ્રી અહીં મૂલાકાત કરો. મેં મૂલાકાત કરી જોયું તો મેં હાથ લગાવ્યો તો જે બીમ હતા તે તૂટવા લાગ્યા હતા. બે માળનું મકાન બંધાયેલ હતું. ત્યાં જિલ્લામાંથી ટીમ આવી અને એન્જિનિયરે કહ્યું કે આ બાંધકામ સારુ નથી થતું, જે મટિરીયલ્સ છે તે સારું નથી અને આની ક્વોલિટી પણ સારી નથી. ત્યારબાદ ગાંધીનગરથી પણ એક ટીમ આવેલી. તેમણે એવી નોટીસ આપી અને કહ્યું કે આ મકાન બાંધીને જે ૩૦ પોલ ઉભા કરેલા છે તે તોડી પાડીને ફરીથી મકાન બનાવો. આ જે મકાન બાંધેલું છે એમાં જે ૩૦ પોલ ઉભા કરેલા છે એને તોડી પાડીને ફરીથી મકાન બનાવવામાં આવે. એટલે જે પોલ અને સ્લેબ ભરેલો છે એમાંથી પાણી ટપકતું હતું તો સરકાર શિક્ષણ પાછળ આટલો મોટો ખર્ચ કરે છે અને જે તે એજન્સીઓ અને કોન્ટ્રાકટરો અધિકારીઓ સાથે મળીને આવા •(XXX) તે ન થવા જોઇએ. કારણ કે આ સરકાર માટે (અંતરાય)...

સભાપતિશ્રી : *(XXX) શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : સોરી મેડમ, મારા શબ્દો હું પાછા ખેંચું છું. એટલે આવા જે કોન્ટ્રાકટરો હોય, આવી જે એજન્સીઓ હોય એમને સબક શીખવવો જોઇએ જેથી ફરી આવું કામ કોઇ એજન્સી ન કરે. બીજું, મારા મહુધા વિસ્તારમાં આઇ.ટી.આઇ.ની એક સંસ્થા છે હમણાં જ ચાલુ થઇ છે એને પણ નવું મકાન મળ્યું છે. ત્યાં પણ કોન્ટ્રાકટર કામ કરે છે જે મેઇન કોન્ટ્રાકટર છે એણે ૬ એજન્સીઓ બદલી છે છેલ્લે ક્ક્કો જે છે પેટા કોન્ટ્રાકટ એને એ કામ મળ્યું છે અને એ પણ નદીનો દળ વાપરે છે અને મટિરિયલ જે ક્વોલિટી માટે મોકલવાનું હતું એને માટે સ્પેશિયલ એક બોક્સ બનાવીને એમાં એ મટિરિયલ ત્યાં લેબોરેટરીમાં મોકલ્યું અને ચેક કરાવ્યું તો એની પણ તપાસ થાય એવી મારી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે. બીજું, પ્રાથમિક શાળાઓની આજુબાજુ જે પાન–મસાલાના ગલ્લા છે તો એની બાળકો ઉપર ખોટી અસર થાય છે તો એને ૧૦૦ મિટર દૂર ખસેડવાની કોશિશ કરે. પ્રાથમિક શાળાઓમાં શૌચાલયો નથી તો દીકરીઓ માટે શૌચાલયોની પણ સુવિધા ઉપલબ્ધ કરી આપે. બીજું, શિક્ષકો જે છે એને શિક્ષણ સિવાયના બીજા કાર્યોમાં જોડવામાં ન આવે જેથી શિક્ષણ કાર્યમાં એ પ્રવૃતિમય રહે એવી શિક્ષણ મંત્રીશ્રીને મારી નમ્ર અરજ છે. બીજી ખાસ મારી એક વિનંતી છે કે મારા ગામમાં જયારે નદીનું પુર આવે છે ત્યારે વારંવાર એ સ્કૂલ પાણીમાં ડૂબી જાય છે તો એક મહિના સુધી બાળકો સ્કૂલમાં જઇ શકતા નથી તો ત્યાં અમને એક નવું મકાન આપે એવી માનનીય મંત્રીશ્રીને નમ્ર અરજ છે. જય હિન્દ–જય ભારત.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. પ્રાથમિક શિક્ષણ એ દરેક બાળક માટે બહુ મહત્વનું હોય છે અને સરકાર પણ પ્રાથમિક શિક્ષણ મજબૂત કરવા માટેના પ્રયત્નો કરતી હોય છે પરંતુ મારા મત વિસ્તારમાં પ્રી–પ્રાઇમરી ૧ થી ૫ ધોરણ જેમાં ૧૪૪નું મહેકમ છે એમાંથી માત્ર ૧૦૫ શિક્ષકોની ભરતી થયેલી છે ૩૯ જગ્યાઓ ખાલી છે. એમાં પણ અમુક ગામમાં ૫ નું મહેકમ હોય ત્યાં ૨ જ શિક્ષક છે જયારે અમુક ગામમાં પ્રી–પ્રાઇમરીમાં ઝીરો શિક્ષક છે એટલે કે એક પણ શિક્ષક નથી તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ પ્રી–પ્રાઇમરીમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ કરાવે અને મને વિધાનસભાના એક પ્રશ્નના જવાબમાં એવો જવાબ મળ્યો છે કે વિરમગામની અંદર પ્રી–પ્રાઇમરીમાં વધારાનો સ્ટાફ છે, સરપ્લસ છે તો આવા જે કાંઇ સરપ્લસ સ્ટાફ હોય ત્યાંથી ટ્રાન્સફર કરીને પણ જયાં ખાલી જગ્યાઓ હોય ત્યાં મૂકે જેથી જગ્યા ભરાય એના માટે હું વિનંતી કરું છું. તેમજ બાપુ પણ મારા વિસ્તારમાંથી આવે છે અને એમનું ગામ છે, એમનો તાલુકો ધોલેરા છે, એમાં મારું ગામ છે, તો ધોલેરા–ધંધુકા અને રાણપુર બરવાળામાં પણ પ્રાથમિક શાળામાં અંગ્રેજી માધ્યમ ચાલુ કરવામાં આવે. એમાં ધંધુકામાં એક શાળામાં ચાલુ કરવામાં આવ્યું હતું અને બિલ્ડીંગ પણ બનાવ્યું છે પણ એ બંધ થઇ ગયેલ છે તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર હોય તો આવી સ્કૂલમાં અંગ્રેજી મિડિયમ પ્રાઇમરીમાં ચાલુ થાય એવી હું વિનંતી કરું છું. મારા મત વિસ્તારમાં ઘણા ગામોમાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘણી ઘટ છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આવા ઘટતા ઓરડાનું તાત્કાલિક સરવે કરાવી અને પૂરતા થાય. એમાં પણ બાપુ કાસીન્દ્રા ગામની અંદર વરસાદ દરમ્યાન બાળકોને રજા આપવી પડે છે ત્યાં એક પણ રૂમ બેસવાલાયક નથી, એક રૂમ સારો છે તેમાં ઓફીસ ચાલે છે બાકીના બધા રૂમોમાં ચાલુ વરસાદમાં પાણી પડે છે તો એને તાત્કાલિક પાડી અને નવા મંજૂર થાય એના માટે હું વિનંતી કરું છું. ધંધુકા–ધોલેરા–રાણપુર–બરવાળામાં ધંધુકામાં એક આર્ટ્સ અને કોમર્સ કોલેજ છે અને બરવાળામાં એક સરકારી આર્ટ્સ કોલેજ છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા વિસ્તારમાં સરકારી આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ ચાલુ કરવામાં આવે. ધોલેરામાં, ધંધુકામાં અને રાણપુરમાં આવે અને ગયા વરસે પણ અમારે ૩૦૦ વિદ્યાર્થીઓને એડમિશન વગર રઝળવું પડ્યું હતું અને કેટલી બધી રજૂઆત આપની સમક્ષ પણ કરી હતી અને આપે ક્લાસ વધાર્યા હતા પણ સ્ટાફના અભાવે ત્યાં પૂરતું શિક્ષણ મળતું નથી તો સ્ટાફની પણ વધારે ભરતી થાય એના માટે હું આપને વિનંતી કરું છું. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બાળકોને પુસ્તકો આપવામાં આવે છે. તો એ પણ સત્ર ચાલુ થતાં દરમિયાન જ આપવામાં આવે તો સમય મર્યાદાની અંદર એમનો અભ્યાસક્રમ પૂરો થાય અને એમની પરીક્ષા માટેની

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તૈયારી વ્યવસ્થિત થઇ શકે. રાજ્યની મોડેલ અને મોર્ડન ડે સ્કૂલ માટે લેબોરેટરીના સાધનો ખરીદી માટેની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. પરંતુ આવી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સહાય આપવામાં આવે તો પણ શાળામાં શિક્ષણનું સ્તર ઉંચું આવી શકે. ગ્રામ પંચાયત અને નગરપાલિકા સંચાલિત શાળાઓના ઓરડાઓની મરામત માટે પણ ગ્રાન્ટની જોગવાઇ આ વરસે કરવામાં આવી છે. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ગ્રામ્ય કક્ષાની જે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે તેમજ આશ્રમશાળાઓ છે એમાં પણ આવી જોગવાઇ કરવામાં આવે. નવા ઓરડાઓ પણ સરકારની સહાયથી બનાવવામાં આવે તો શિક્ષણનું સ્તર ઉંચુ લાવી શકાય.

મધ્યાહ્‌ન ભોજન યોજના ગ્રામ્ય વિસ્તાર માટે ખૂબ જ મહત્વની છે તો આ મધ્યાહ્‌ન ભોજન યોજનાના સંચાલક અને રસોઇયાના પગારમાં વધારો કરવામાં આવે જેથી તેમને સારો પગાર મળે તો બીજા અન્ય જે કંઇ પ્રશ્નો ઉપસ્થિત થાય છે એના ઉપર અંકુશ આવી શકે. સરકાર દ્વારા જાહેર કરેલ માદરે વતન યોજના અંતર્ગત ગ્રાન્ટેડ અને માધ્યમિક શાળામાં પણ આ લાભ આપવામાં આવે તો માધ્યમિક શાળાઓના નવા મકાનો ઘણા બધા બની શકે.

શ્રી જશુભાઇ શી. પટેલ**(**બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે મારી થોડીક લાગણીઓ અને મારા થોડાક વિચારો રજૂ કરું છું. ભારતીય જનતા પાર્ટીના સદસ્યો જ્યારે પણ ઉભા થાય છે ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસ, ગતિશીલ ગુજરાત એવા વાક્યોથી પ્રભાવિત કરવાની વાતો કરે છે ત્યારે આ સૌનો સાથ અને સૌના વિકાસથી અમારો તાલુકો, વિસ્તાર વંચિત છે ત્યારે માનનીય મંત્રીશ્રીનું હું એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું કે મારા માલપુર તાલુકામાં વારંવાર રજૂઆત કરવા છતાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ નથી. ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ ભણવા માટેની કોઇ સગવડ નથી. ત્યારે અમે ગુજરાતમાં છીએ કે નહિ, અમે ગુજરાતની બહાર વસીએ છીએ તેવું અમને લાગે છે અને એ વાતની અમને ચિંતા થાય છે. માનનીય મંત્રીશ્રીને આ બાબતે વારંવાર કાગળ પણ લખ્યા છે અને મંત્રીશ્રી મને આ ગૃહમાં ખાતરી આપે કે અમારો તાલુકો તમે દૂર રાખતા નથી તમારા હૈયામાં છે એવી વાત તમે કહેશો તો મને જરાક સંતોષ થશે.

હું જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે અરવલ્લી જિલ્લામાં હાલ જવાબદારી સંભાળી રહ્યો છું. માનનીય મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે ત્યારે ત્યાં થોડીક તકલીફો છે તેની વાત કરું તો અમારે ત્યાં અરવલ્લી શિક્ષણ સમિતિમાં માત્ર ત્રણ જ કર્મચારી કામ કરી રહ્યા છે. ડી.પી.ઓ., આસિસ્ટન્ટ ડી.પી.ઓ. અને હેડ કલાર્ક. બાકીના શિક્ષકો પાસે મારે શિક્ષણના બદલે આ શિક્ષકોના પગાર માટે, એમના ઇજાફા માટે, એમની રજાઓ મંજૂર કરાવવા માટે પરાણે કામ કરાવવું પડે છે ત્યારે માનનીય મંત્રીશ્રી મને વહીવટી સ્ટાફ આપે તો હું એમ માનું છું કે એમનું માંગેલું યથાર્થ રહે અને હું એમની માગણીઓને સમર્થન આપું. ત્યારબાદ મેં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે કેટલીક શાળાઓની મૂલાકાત લીધી, નામ સાથે કહી શકું છું કે બાયડ તાલુકાના ગોઢનાલ શાળામાં હું ગયો હતો, બાજુમાંથી નદી જતી હતી, બાળકો પાસે મગરના બચ્ચા આવી જતા હતા ત્યારે એમની સલામતીનો સવાલ છે. તેથી એમના રક્ષણ માટે કમ્પાઉન્ડ વોલ કરવા માટેની વારંવાર રજૂઆત કરી પણ એ મારી વાત કોઇ સાંભળવા તૈયાર નથી. માનનીય મંત્રીશ્રીને હું આજે કહું છું કે ગૃહમાં તેઓ આ બાબતે ખાતરી આપે તેમજ શાળાના ઓરડા જે પડી જવાની તૈયારી છે તેવા ૫૦૦ ઓરડા માટેની માગણીના મેં વારંવાર કાગળો લખ્યા છે. માત્ર નોનયુઝ કરવાના ચેરમેનને અધિકારો આપ્યા છે, નવા બનાવવા માટે અમારી પાસે કોઇ સત્તા કે ભંડોળ નથી. ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ મારી આ વાત સ્વીકારે તો હું એને સમર્થન આપીશ.

મારા મિત્ર પ્રોફેસર કુબેરભાઇ ડિંડોર સાહેબ એક વાત કરતા હતા કે વર્ગશાળાઓ બંધ કરવાથી, એમણે આંકડાકીય માહિતી આપી ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એ વાત જણાવવા માગું છું, કે આ દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબ અમેરીકાના પ્રેસિડેન્ટને અહીંયા લાવે છે, ચીનના પ્રેસિડેન્ટને અહીંયા લાવે છે તેમની સાથે દોસ્તી કરે છે પણ તેમના વિચારોને જો મનમાં લે તો સારી વસ્તુ છે. માનનીય ડીંડોર સાહેબ એમ કહે છે કે આંકડાકીય માહિતીની જરૂર છે બે બાળકો, ત્રણ બાળકો હોય તો શાળા મર્જ કરી દેવી જોઇએ પણ અમેરીકાએ વર્ષ ૨૦૦૨ની અંદર No Child Left Behind Act of 2002 નામનો કાયદો બનાવ્યો. જંગલમાં વસતા મજૂરોના એક બાળક માટે એક શિક્ષક અને ગાડી આપવાનું પ્રોવિઝન થતું હોય તો આપણાં ૩૦ બાળકો માટે માનનીય ડીંડોર સાહેબ, જો બચાવ કરતા હોય તો હું એમ માનું છું કે એ એક ચિંતાનો વિષય છે, શરમની બાબત છે કે આજથી દોઢસો, બસ્સો વર્ષ પહેલાં ગાયકવાડ સરકારે શિક્ષણને ફરજિયાત કર્યું હતું અને આપણે શાળાઓ બંધ કરવાની વાત કરી રહ્યા છીએ ત્યારે તે વાતથી મને શરમ આવે છે કે અમે આ રાજયથી પણ પર છીએ. બીજી બાજુ એન્જિનિયરીંગ કોલેજની વાત કરું તો મારા મોડાસાની અંદર,

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક વિભાગો બંધ થઇ રહ્યા છે કયાંક ઓટોમોબાઇલ બંધ થાય છે, કયાંક ઇલેકટ્રિકલ બંધ થાય છે અને પ્રાઇવેટ ચાલુ રાખ્યું છે અને તેનું પણ કારણ એ છે કે, પૂરતો સ્ટાફ નથી. આવી બધી વાતો જયારે શિક્ષણમાં હોય ત્યારે સ્વભાવિક બાબત છે કે માનનીય મંત્રીશ્રી સાહેબ અમે સમર્થન આપીએ પણ અમારી લાગણીઓ સાંભળે અને જે ખરેખર પાયાની જરૂરિયાત છે કોઇ પણ દેશના વિકાસની વાત હોય તો તેની શરૂઆત માત્ર શિક્ષણથી થાય અને શિક્ષણમાં સુધારો થાય તો જ દેશ આગળ આવે તે વાત ધ્યાનમાં રાખી અને શિક્ષણ તરફ નજર રાખે એટલી મારી વિનંતી છે, જય જય ગરવી ગુજરાત.

## ફાલ્ગુન ૨૩, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની ચર્ચામાં સત્તા પક્ષના ૯ અને વિપક્ષના ૧૧ માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. મેં બધાને એકાગ્રચિતે સાંભળ્યા છે ટીકાઓ ઓછી, સૂચનો વધારે અને સારા છે. ટીકાઓનું પ્રમાણ તેને પણ હું બહું જ ગંભીરતાથી લઉં છું પણ ખૂબ ઓછું વત્તુ તે અમારી સફળતાનું પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમારી ચિંતા એ અમારી ચિંતા આપણાં બધાની સંયુકત ચિંતા. અમે પાયાના શિક્ષણને મજબૂત કરવા માટેના ખૂબ પગલાં લીધા છે. પ્રાયમરી શિક્ષણ મજબૂત હશે તો જ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને હાયર એજયુકેશન મારા આખા પ્રવચનમાં ગુણવત્તાયુકત શિક્ષણ અને તે પણ ટેકનોલોજી આધારિત ગુણવત્તાયુકત શિક્ષણ અને અમે કરેલા તમામે તમામ પ્રયત્નો ઝીણી ઝીણી બાબતોને પણ અમે ધ્યાનમાં રાખીને અમે જે સફળતા મેળવી છે તેનું પરિણામ પણ આવ્યું છે. હું પહેલાં માનનીય ધારાસભ્યશ્રીઓએ જે ચિંતા વ્યકત કરી છે તેનો જવાબ આપી દઉં. ડો.સી.જે.ચાવડાએ આરટીઇની ચિંતા કરી છે અમે અત્યાર સુધીમાં ૩ લાખ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે અને ચાલુ બજેટમાં ૫૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી છે. ડો.સી.જે.ચાવડાએ મધ્યાહ્નન ભોજનની ચિંતા કરી છે તેમાં આ વખતે અમે ૪૦૪ કીચન શેડ બનાવવાની જોગવાઇ કરી છે. સરકારી અને માધ્યમિક ઉચ્ચ ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતીની પ્રક્રિયા અમે સરકારીમાં જ જાહેરાત આપી, પસંદગી કરી અને પછી તા.૧–૮–૨૦૧૮ તે જે સબજયુડિશિયલ મેટર બની છે એટલે રોકાયું છે પછી અમે તરત જ તેની પ્રક્રિયા શરૂ કરી દઇશું. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિક્રમભાઇ માડમે કહ્યું કે બદલીના કેમ્પમાં બધાની હાજરીમાં થાય છે એટલે કોઇ ગેરરીતિ થવાનો કે છૂપાવવાનો કોઇ પ્રશ્ન ઉભો થતો નથી.

સભ્યશ્રી કીરીટભાઇએ કહ્યું કે ઉચ્ચ પગાર માટે રાજય સરકારે શું કર્યું તો અમે તેના માટેની સમિતિની રચના કરી છે. બહુ નજીકમાં જ એનો અહેવાલ આવતાં અમે એનો અમલ કરીશું. શ્રી કીરીટભાઇએ જ એક વાતની રજૂઆત કરી કે આરટીઇ એકટ હેઠળ રાજય સરકાર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી અને શિક્ષકનો રેશિયો, મને એ વાત કહેતાં આનંદ છે કે દેશના બહુ ઓછા રાજયોમાં ૧ જેમ ૨૮ અમે પાળીએ છીએ, આરટીઇમાં ૧ જેમ ૩૦ છે. અમારે ત્યાં, આપણે ત્યાં કહું છું, આજે મારું આખું પ્રવચન અમારા કરતાં આપણા ઉપર રહેવાનું છે, ગુજરાત તરીકે હું બધી વાત કરું છું. ૧ જેમ ૩૦ ના બદલે ૧ જેમ ૨૮. સભ્યશ્રી પી.ડી.વસાવાએ જે વાત કરી છે ૧,૯૨,૪૦૦ મંજૂર મહેકમની સામે ૧,૮૬,૧૭૧ જગ્યાઓ એટલે કે ૯૬.૭૬ ટકા જગ્યાઓ ભરેલી છે. ૧૦ ટકા વિદ્યાર્થીના વજનનું દફતર હોવું જોઇએ, અમે પરિપત્ર પણ કર્યો છે અને રેન્ડમ ચેકીંગ પણ કરીએ છીએ, જયાં પણ એમાં વધારે માલુમ પડે ત્યાં અમે ટકોર પણ કરીને સુધારવા માટે પણ કહીએ છીએ.

શ્રી બ્રિજેશભાઇએ કહ્યું વિરોધપક્ષને પણ સ્થાન મળવું જોઇએ. આ પરિસરમાં તમે જે વાત કરો છો એનું ચોક્કસ ધ્યાન રાખીને, તમે બહાર જે કોઇ કાર્યક્રમમાં જાઓ છો તો ગુજરાત સામાયિક તમને મળતું હશે ને તમે વાંચતો હશો તો આ ગુજરાત સામાયિક એ ગુજરાત સરકારનું સામાયિક છે તેમ છતાં રાજય સરકાર સત્તાધારી પાર્ટીને જેટલું મહત્વ આપે છે એટલું જ મહત્વ વિપક્ષને પણ આપે છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ શાળાઓની વાત કરી. અત્યારે અમદાવાદમાં કુલ ૩૮૭ શાળાઓ કાર્યરત છે. એક જ કેમ્પસમાં આવેલી એક કરતાં વધારે શાળાઓ હોય એનું તો એકત્રિકરણ કરવું જ પડે, એવી શાળાઓ છે કે એક જ કેમ્પસમાં એક કરતાં વધારે શાળાઓ હોય એવી શાળાઓ, બીજી શાળાઓ નથી. આરટીઇ એકટમાં પણ લખ્યું છે કે શાળાઓનું સુદ્રઢીકરણ કરવું જોઇએ અને તેના અનુસંધાનમાં કરીએ છીએ. શ્રી ગુલાબસિંહભાઇએ વાત કરી તો એમને જણાવું કે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યા કરાર આધારિત નથી હોતી, પરંતુ અમે કેળવણી નિરીક્ષકને ચાર્જ આપીએ છીએ. વર્ગ–૩નો એને ચાર્જ આપીએ છીએ. આવતા દિવસોમાં જીપીએસસી દ્વારા એની પ્રક્રિયા ચાલુ છે. શ્રી રાજેશભાઇએ વાત કરી કે વિરમગામમાં આવતા કેમ્પની અંદર વધ–ઘટ તમારી એ બાબતને અમે ધ્યાનમાં રાખીશું અને એની ચોક્કસ પૂરતી કરીશું. બે–ત્રણ મિત્રોએ અને ખાસ કરીને શ્રી ઇન્દ્રસિંહભાઇએ તો આખા ગૃહને અપીલ કરી અને બે– ત્રણ સભ્યોએ પણ વાત કરી, મારા સાથી શ્રી કુબેરભાઇએ થોડી સ્પષ્ટતા કરી છે. તો હું થોડી વધારે સ્પષ્ટતા કરું કે આ બાબતે હજુ રાજય સરકારે કોઇ આખરી નિર્ણય કર્યો નથી. પહેલી વાત, તમે જે ચિંતા વ્યકત કરો છો ને એ ચિંતા અમારી પણ છે. પણ વાસ્તવિક ચિત્ર તમે સમજો. એક ઓરડામાં ૧ થી ૮ ધોરણ, પહેલા ધોરણના ૧૦ વિદ્યાર્થીઓ હોય, બીજા ધોરણના – ૫ હોય, ત્રીજા ધોરણના બીજા પાંચ વિદ્યાર્થીઓ હોય એમ મળીને એક ઓરડામાં ધોરણ–૧ થી ૮ ના ૩૦ વિદ્યાર્થીઓ, શિક્ષક એક કે બે હોય એ શિક્ષક કયા ધોરણને કયો વિષય ભણાવે? એક તરફ આપણે ફરિયાદ કરીએ છીએ કે ત્રીજા ધોરણમાં ભણતા બાળકને વાંચતા– લખતાં નથી આવડતું, આમ બધાની ફરિયાદ છે. એનો ઉપાય શું? એનો એક જ ઉપાય છે, નજીકમાં અને અમે એ પણ હજુ સરવે કરીએ છીએ, હું ફરીવાર કહું છું કે આખરી નિર્ણય લીધો નથી. સરવે કરીએ છીએ એમાં એ સરવેમાં એક કિલોમીટરની અંદર એક શાળામાં ૧૫ વિદ્યાર્થીઓ હોય અને એક શાળામાં પાંચ વિદ્યાર્થીઓ હોય તો તમે જ કહેશો કે પાંચને ૧૫માં લઇ જાઓ અને કવોલિટી શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરો, એમાં પણ આદિવાસી વિસ્તારોના ધારાસભ્યશ્રીઓની ચિંતા વધારે છે. અમે કેસ ટુ કેસ નિર્ણય કરીશું, કોઇને અન્યાય નહીં થાય, તમને કવોલિટી શિક્ષણ પણ મળે અને અન્યાય ન થાય એની અમે તકેદારી રાખીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી નીતિનભાઇનો પણ આભાર માનું છું કે અમને આટલું મોટું બજેટ આપ્યું છે. જે કાંઇ નાની–મોટી ટિકાઓ થઇ છે, અમારે ત્યાં આજે આખા રાજયની અંદર ૫૦ હજાર કરતાં વધારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે. જેમાં અંદાજે ચાર લાખ કરતાં વધારે શિક્ષકો કાર્યરત છે. જયારે ૧ કરોડ કરતાં પણ

વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ઉપરાંત અનેક વિદ્યાશાખાઓ સાથેનું ઉચ્ચ શિક્ષણની વિવિધ શાખાઓમાં કોલેજોમાં લાખો વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરે છે.

જે કંઇ ટીકાઓ થઇ છે એ થોડી માહિતીના અભાવે થઇ છે. હું જે વાત કરું છું એ તમારા સોર્સમાં તમે કન્ફર્મ કરી શકો છો. આટલી બધી ટીકા કે મર્યાદા પણ હું સમજુ છું. કયાંક સ્ટાફ ઘટતો હશે, કયાંક એક ઓરડામાં આઠ વિદ્યાર્થીઓ બેસતા હશે, કયાંક વધારે વિદ્યાર્થીઓ બેસતા હશે આ બધું જ હોવા છતાં શિક્ષણ વિભાગના શિક્ષકોની કર્મઠતા, એમણે કરેલું કામ, હું એ સમાજનો પણ આભાર માનું છું, વાલીઓનો પણ આભાર માનું છું. બધાની સંયુકત મહેનતના કારણે પાંચ વર્ષ પહેલા જે સ્થિતિ હતી એ સ્થિતિ આજે નથી. નેશનલ એચ્યુમેન્ટ સરવે હોય, નીતિ આયોગ હોય કે પીજી આયોગ હોય એ બધામાં ઓવરઓલ આપણે  સાતમાંથી પાંચમાં, પાંચમાંથી ત્રણમાં, ત્રણમાંથી બેમાં અને એકમાં સંયુકત પ્રયત્નોને કારણે આપણે આવ્યા છીએ. એમાં છેલ્લો રિપોર્ટ પરફોર્મન્સ ગ્રેડીંગ ઇન્ડેકસ એમાં ઇન્ડિકેટર છે learning infrastructure facility and quality and ઇકવિટી આ બધામાં આપણને એક હજારમાંથી ૮૭૦ ગુણ મળ્યા છે. મોટા રાજયોની હરિફાઇમાં આપણે પહેલા નંબરે છીએ. આપણાથી આગળ કેન્દ્ર શાસિત પ્રદેશ  ચંદીગઢ છે એને ૮૯૬ ગુણ છે જયારે આપણા ૮૭૦ છે. તમે કોઇપણ એજન્સી દ્વારા આ પીજી આયોગના રિપોર્ટને કન્ફર્મ કરી શકો છો. આજકાલ તમને, મને સમાજમાં ગુણવત્તાયુકત શિક્ષણની ચિંતા છે, ચિંતન પણ એનું છે પણ ઉપાય શું? એના ઉપાયો આપણે બધાએ સાથે મળીને કરવાના છે. એ ગુણવત્તાયુકત શિક્ષણ માટે અમે પગલાં ભર્યા છે. શિક્ષકોની પણ હાજરી હોય અને વિદ્યાર્થીની પણ હાજરી હોય, વિદ્યાર્થી ન આવે, શિક્ષક ન આવે તો શિક્ષણ કાર્ય ન થઇ શકે. શિક્ષણ કાર્ય થાય, ગુણવત્તાયુકત થાય એને ધ્યાનમાં રાખીને આખા દેશમાં પહેલીવાર અમારી દાનત છે, અમારી ઇચ્છા છે, રાજકીય ઇચ્છાશકિત અમારી છે કે આ રાજયમાં પહેલો આરોપ છે કે શિક્ષણ કથળ્યું છે. ત્રીજા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને વાંચતા લખતા નથી આવડતું. શિક્ષણ મંત્રી તરીકે હું એને મેણું માનું છું, આ ટોણો છે. અમે અમારા શિક્ષણ વિભાગ દ્વારા સંકલ્પ કર્યો છે. આ બધા કામોને આધારે કે આવતા દિવસોની અંદર ગુજરાતના એક પણ બાળકને કક્ષા પ્રમાણે  લખતા વાંચતા ગણતા ન આવડતું હોય તેવું એક પણ બાળક તમને નહિ મળે. સવાલ છે, લીધેલા પગલાં, ઉપચાર આપની જાણ માટે અને ગૃહની જાણ માટે કહું. બીજા બધા વિભાગોમાં લીધેલા નિર્ણય અને એનો અમલ તરત થઇ જાય પણ શિક્ષણ એક એવો વિષય છે કે નિર્ણય લીધો હોય એના પછીના પાંચ, દસ પંદર વર્ષે એનો અમલ થાય, એનું પરિણામ મળતું હોય છે. મારી ભાષામાં  it is long and slow process and permanent process. અમે જે પગલાં ભર્યા છે એના પરિણામો હવે આવવાની શરૂઆત થાય છે.

વિદ્યાર્થીની ઓન લાઇન પ્રેઝન્ટસ. ૩૨ હજાર શાળામાં મેં કહ્યું કે આજે મારો વિષય આધુનિક ટેકનોલોજી આધારિત ગુણવત્તાયુકત શિક્ષણનો છે. આ આધુનિક ટેકનોલોજીનો પૂરેપૂરો ઉપયોગ અમે કર્યો છે અને એના આધારે દૈનિક ઓન લાઇન હાજરી પૂરવામાં આવે છે એની અસર પણ થઇ છે. હાજરીમાં ચોક્કસ વધારો થયો છે, ફફડાટ પણ થાય છે એમાં ગુલ્લી મારનારા, કયાંક ગેરહાજર રહેવા ટેવાયેલા શિક્ષકો હોય એવા અત્યાર સુધી સતત ગેરહાજર રહેનારા ૧૧૫ શિક્ષકોને અમે ફરજમાંથી મુકત પણ કર્યા છે. હજુ પણ કંઇક કચાશ લાગે છે તો એમાં બાયોમેટ્રિક સિસ્ટમ કરવા માગીએ છીએ. એમાં ફેસની ઓળખ થાય, ચહેરાની ઓળખ થાય. પ્રોક્સી એક પણ ન થાય. આપણને ક્યાંક ક્યાંક ફરિયાદ મળે છે કે, શિક્ષક ઘરે હોય, પ્રોક્સી જતો હતો. શિક્ષકને રૂપિયા ૩૫-૪૦,૦૦૦ પગાર આપે અને પેલાને રૂપિયા ૫,૦૦૦ આપે. સમાજની આ ફરિયાદ છે અને એમાંથી અમે બોધપાઠ લીધો છે. અમે એનો ઉપાય કર્યો છે. ઓન લાઇન હાજરી અને એમાં પણ એ જ શિક્ષક છે કે બીજા કોઇ આવે છે? ફેસની ઓળખ પણ થાય. હું ટીકાના સ્વરૂપમાં નથી કહેતો, હકીકતના સ્વરૂપમાં કહું છું કે, વર્ષ ૨૦૦૯ની અંદર જે આર.ટી.ઇ.એક્ટ આવ્યો અને એમાં જે એક જોગવાઇ હતી કે, બાળકને પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધી નપાસ નહીં કરવાનો. કોને ચિંતા હોય ? ન શિક્ષકને ચિંતા હોય, ન વાલીને ચિંતા હોય કે ન બાળકને ચિંતા હોય. પહેલા ધોરણમાં બેસાડ્યો, સીધો નવમા ધોરણમાં. નવો નવો શિક્ષણ મંત્રી બન્યો, એક સંગઠનના લોકો આવ્યા, નવમા-દસમાના શિક્ષકો આવ્યા અને મને કહે કે, સાહેબ, બહું પ્રેમ અને નમ્રતાપૂર્વક એક વાત અમારે કરવી છે કે, સાહેબ, અમારે ત્રીજા ધોરણનું ભણાવવાનું કે, નવમા ધોરણનું ભણાવવાનું ? વાસ્તવિક સવાલ હતો. એને ત્રીજાનું નથી આવડતું અને સીધો નવમા ધોરણમાં આવી ગયો છે અને આ કાયદાએ આપણા દસ વર્ષ, હું કહું છું ને કે, ઇટ ઇઝ અ લોન્ગ પ્રોસેસ, સ્લો પ્રોસેસ. હવે એમાં સુધારો કરીએ તો એમાં પણ એટલો જ સમય લાગે. એટલા માટે અમે બાળકને એકમ કસોટી, તમારા વિસ્તારમાં તમે જો જો એકમ કસોટી દર શનિવારે અલગ અલગ વિષયો માટે વિદ્યાર્થીઓની કસોટી થાય. આ વાજબી છે કે નથી? તમારા પ્રવચનમાં ટીકા ઓછી છે એનું કારણ આ છે કે, તમને ફરિયાદો નહીં મળતી હોય. આ અમારા શિક્ષકો અને અમારા વિભાગે આટલી મહેનત કરીને અને બધાની એકસૂત્રતા જળવાય, આખા રાજયની અંદર દરેક ધોરણનું એક જ પેપર નીકળે, દર શનિવારે અલગ અલગ વિષયો ઉપર, એકમ કસોટી, નિદાન કસોટી, સત્રાંત કસોટી. આપણે ભણતા હતા ત્યારે છ માસિક, બાર માસિક હતી, પછી બંધ થઇ ગઇ હતી. હવે અમે ફરીવાર ચાલુ કરી છે સત્રાંત કસોટી. એક સત્ર પૂરું થાય કે તરત જ તે અને એના પછી અમે એને પ્રશ્નવાર, કેટલી ગંભીરતાથી ઝીણી બાબતો ધ્યાનમાં રાખી આટલા બધા વિદ્યાર્થીઓ, પચાસ લાખ વિદ્યાર્થીઓ આઠમા ધોરણમાં છે. એના પેપરનો પ્રશ્ન ડેટા તૈયાર કરીને, કયો વિદ્યાર્થી એકમ કસોટીમાં, કયા વિષયમાં કાચો છે ? અમને ખબર છે, અમારી પાસે રેકોર્ડ છે કે કયો વિદ્યાર્થી કયા વિષયની અંદર કાચો છે. અમે એના મા-બાપને બોલાવીએ છીએ. એના મા-બાપ

પણ રસ લે છે. પછી એ જે એકમ કસોટીમાં કાચો હતો, એક વાર, બે વાર, ત્રણ વાર, શનિવાર તો દર અઠવાડિયે આવે, એનો એ જ વિદ્યાર્થી તૈયાર થઇ જાય છે, અમારો અભુનવ છે અને ભૂલની, વિદ્યાર્થીવાર, પ્રશ્નવાર, અમારી પાસે ડેટા એન્ટ્રી કરવામાં આવે છે. આ ખૂબ ઝીણવટભર્યું કામ છે, મહેનતનું કામ છે પણ મારો વિભાગ આ બધું સમયસર કરે છે, એનો મને આનંદ છે. એને કારણે ચોક્કસ લર્નિંગ આઉટ કમ પણ આવ્યું છે.

